

न्यायविशारद-न्यायाचार्य
महोपाध्यायश्री
यशोविजयविरचित टीका-उपेता श्री

# कर्म प्रकृतिः

## ( कम्मपयडि )

भाग
૪

• વિવેચનકાર • ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા-સુરત

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||
|| શ્રી જિન પ્રવચનાય નમો નમઃ ||
|| શ્રી સરસ્વતી દેવ્યૈ નમઃ ||



પરમ પૂજ્ય શ્રી શિવશર્મસૂરીશ્વરજી કૃત

# કર્મપ્રકૃતિ અર્થાત્ કમ્મપયડિ

## શેષ, ઉદય સત્તા અને પરિશિષ્ટ

પરમ પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત
સંસ્કૃત ટીકાના અનુવાદ સ્વરૂપ ભાવાર્થ સાથે

ભાગ-૪

: વિવેચક :
ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા
(સુઇગામવાળા)

: પ્રકાશક :
શ્રી જૈનધર્મ પ્રસારણ ટ્રસ્ટ
સુરત

**પ્રકાશક : જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ**
એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ, નવયુગ કોલેજ સામે,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯. ગુજરાત, (INDIA)
ફોન : ૦૨૬૧-૨૭૬૩૦૭૦, મો : ૯૮૯૮૩૩૦૮૩૫

**પ્રાપ્તિસ્થાન**

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ,
સુરત-૯, Ph. (0261) 2763070
Mob. : 9898330835

**શ્રી યશોવિજયજી જૈન**
**સંસ્કૃત પાઠશાળા**
સ્ટેશન રોડ, રંગ મહોલના નાકે,
મહેસાણા. (ઉ. ગુજરાત)
Ph. (02762) 222927

**સેવંતીલાલ વી. જૈન**
ડી-૫૨, સર્વોદયનગર, ગ્રાઉન્ડ ફ્લોર,
પાંજરાપોળ, ૧લી લેન,
સી.પી. ટેન્ક રોડ, મુંબઈ-૪
Ph. : (022) 2240 4717
2241 2445

**સરસ્વતી પુસ્તક ભંડાર**
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ.
ફોન : (૦૭૯) ૨૫૩૫૬૬૯૨

**જૈન દર્શન પ્રકાશન મંદિર**
અક્ષત એપાર્ટમેન્ટ, ધરણીધર દેરાસર સામે
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭
Ph. (079) 26614328



**પ્રકાશન વર્ષ**
વીર સંવત ૨૫૪૩
વિક્રમ સંવત ૨૦૭૩
ઈસ્વીસન્ ૨૦૧૬-૧૭

**કિંમત :**
**રૂા. ૩૫૦-૦૦**

મુદ્રક : **ભરત ગ્રાફીક્સ,**
૭, ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬, મો, ૯૯૨૫૦ ૨૦૧૦૬
E-mail : bharatgraphics1@gmail.com

# શ્રુતસહયોગીનો આભાર

પરમ પૂજ્ય ઉપાધ્યાય **શ્રી યશોવિજયજી મ.સાહેબ** કૃત સંસ્કૃત ટીકાના ગુજરાતી વિવેચન સાથે, પરમ પૂજ્ય આચાર્યદેવ **શ્રી શિવશર્મસૂરીશ્વરજી મ.સા.** કૃત **કમ્મપયડિ**માં આવતાં આઠ કરણો, ઉદય અને સત્તા તથા પરિશિષ્ટ વિગેરેનું ગુજરાતીમાં સરળ વિવેચન તૈયાર કર્યું છે. તેનો પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો સારો અભ્યાસ કરી શકે અને સારો લાભ લે, એવા શુભ આશયથી આ પુસ્તકનું પ્રકાશન ચાર ભાગમાં કરેલ છે. ભાગ પહેલામાં **બંધનકરણ**, ભાગ બીજામાં **સંક્રમણકરણ** તથા **ઉદ્વર્તના, અપવર્તનાકરણ**, ભાગ ત્રીજામાં **ઉદીરણા** અને **ઉપશમનાકરણ**, તથા **નિદ્ધતિ-નિકાચનાકરણ**, ભાગ ચોથામાં **ઉદય, સત્તા** અને **પરિશિષ્ટ** એમ ચાર ભાગમાં પ્રકાશન કર્યું છે.

આ પ્રકાશન કાર્યમાં નીચેના શ્રુતદાતાશ્રીઓ તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. શ્રુતદાતાઓની ભૂરિ ભૂરિ અનુમોદના. તેઓશ્રીના સહયોગના કારણે કમ્મપયડિ નામના આ મહા ગ્રંથના ચાર ભાગ રૂપ એક કોપીની પડતર કિંમત અંદાજિત રૂ.૧૪૦૦ જેવી થતી હોવા છતાં દાતાશ્રીઓના સહયોગથી આ સેટ રૂ. ૭૦૦માં (ચાર ભાગ) આપવાનું નક્કી કરેલ છે. સહાયકદાતાશ્રીઓનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

**(૧) જિતેન્દ્રભાઈ શાહ તથા ચેતનાબેન (હુસ્ટન, યુ.એસ.એ.)**

**(૨) રાકેશભાઈ તથા તેમનાં ધર્મપત્ની નેહાબેન (કોલંબસ, યુ.એસ.એ.)**

**(૩) નરેશભાઈ તથા ગિરીશભાઈ તથા રેખાબેન વિગેરે (ફીનીક્ષ, યુ.એસ.એ.)**

**(૪) કોઠારી છગનલાલ પ્રેમાજી આહોરવાળા સુપુત્ર શ્રી ગુલાબચંદજી ભાઈ તથા કુમારપાલભાઈ આદિ પુત્ર-પૌત્ર-પ્રપૌત્ર વિગેરે પરિવાર (એટલન્ટા, યુ.એસ.એ.)**

**(૫) રમાબેન છોટાલાલ દફતરી પરિવાર તથા જયાબેન શાન્તિલાલ કામદાર પરિવાર (વેક્કો, યુ.એસ.એ.)**

(૬) ડોક્ટર સાહેબશ્રી નિખીલભાઈ તથા રૂપાબેન
(કોલંબસ, યુ.એસ.એ.)

(૭) શ્રી કમલેશભાઇ તથા અવનીબેન-ઓર્લેન્ડો (U.S.A.)

(૮) ધીરુભાઇ શાહ તથા કીશોરીબેન શાહ-એલ. એ. (L.A.)

(૯) વર્ધમાનતપોનિધિ પ. પૂ. આ. શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ. સા.ના સમુદાયના પ. પૂ. આ. શ્રી વિજયકલ્પેન્દ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી શ્રી જીરાવલાપૂરમ્ તીર્થ-દસાડા

(૧૦) પ. પૂજ્ય આચાર્યદેવ શ્રી રામસૂરીશ્વરજી (ડહેલાવાળા)ના શિષ્યરત્ન પ. પૂજ્ય આચાર્યશ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સાહેબની આજ્ઞાવર્તિની પૂજ્ય સાધ્વીજી મ.સા. શ્રી પ્રિયદર્શનાશ્રીજી મ.સા.ની શુભ પ્રેરણાથી કતારગામ શ્રાવિકા ઉપાશ્રય'' સુરત

(૧૧) પ.પૂ.શાસનસમ્રાટ આચાર્યદેવ શ્રી નેમિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના સાધ્વીજી શ્રી વિધુત્પ્રભાશ્રીજી-શશિપ્રભાશ્રીજીનાં શિષ્યા પૂ.સા.શ્રી રાજપ્રજ્ઞાશ્રીજી મ.સા.

(૧૨) પૂ.સૌમ્યપ્રભાશ્રીજી મ.સાહેબ શ્રી દેવી કમલ જૈન સ્વાધ્યાય મંદિર-ઓપેરા-પાલડી,અમદાવાદ.

(૧૩) પૂજ્ય પદ્મલતાશ્રીજી મ.સા. તથા તેમના શિષ્યા પૂ.સા. શ્રી પ્રિયદર્શિતાશ્રીજી મ.સા.ની શુભ પ્રેરણાથી મકનજી પાર્ક જૈન સંઘ

(૧૪) પૂજ્ય પ્રિયદર્શનાશ્રીજી મ.સા.નાં શિષ્યા પૂજ્ય સા.શ્રી રાજપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની શુભ પ્રેરણાથી રિવેરા જૈન સંઘ

(૧૫) પ. પૂ. સા. શ્રી અમિતગુણાશ્રીજી મ. સા.ના સદુપદેશથી સુવિધિનાથ બંગ્લોઝમાં આરાધના કરનાર બેનો તરફથી.

(૧૬) શ્રી સમી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ પંચઉ વહિવટ ટ્રસ્ટ-સમી

ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

# આવકાર

કમ્મપયડી-કર્મપ્રકૃતિના કર્તા આચાર્ય શ્રી શિવશર્મસૂરિ પ્રાયઃ દસ પૂર્વધર હતા એવું માનવામાં આવે છે. પંદરસો - સોળસો વર્ષ પૂર્વે થયેલા આ મહાપુરુષ શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના સમકાલીન કે પૂર્વકાલીન હોવાનું ઈતિહાસકારો માને છે

'કર્મપ્રકૃતિ'માં જે ગહન કર્મગ્રંથ સંબંધિ ચિંતન છે એ જોતાં ગ્રંથકારશ્રીની વિદ્વત્તા એમની બહુશ્રુતતા આગળ માથું ઝુકી જાય છે.

પાંચમો કર્મગ્રંથ 'શતક' પણ આચાર્ય શ્રી શિવશર્મસૂરિની જ રચના છે. કેટલાક વિદ્વાનો છઠ્ઠા કર્મગ્રંથની રચના પણ તેઓની જ માને છે.

(બીજા કેટલાક વિદ્વાનોના મતે છઠ્ઠો કર્મગ્રંથ 'સપ્તતિકા' શ્રી ચંદ્રમહર્ષિની રચના છે.)

વ્યાખ્યા સાહિત્ય :

ચૂર્ણિ : 'કર્મપ્રકૃતિ' ઉપર સર્વપ્રથમચૂર્ણિની રચના થઈ છે. ચૂર્ણિકાર શ્રી જિનદાસ ગણિ મહત્તર વિક્રમના છઠ્ઠા સૈકામાં થયા હોવાનું ઈતિહાસકારોનું માનવું છે. ૭૦૦૦ શ્લોકપ્રમાણ ચૂર્ણિ ઉપર ૧૯૨૦ શ્લોકપ્રમાણ ટીપ્પણ આચાર્ય મુનિચંદ્રસૂરિએ વિક્રમના બારમા શતકમાં રચ્યું છે.

કર્મપ્રકૃતિને વિશદતાથી સમજાવનાર પ્રારંભિક સાધન તરીકે ચૂર્ણિ ઘણી મહત્ત્વની વ્યાખ્યા છે.

૧૨મા સૈકામાં કર્મપ્રકૃતિ ઉપરની સંસ્કૃતમાં વિશદ વ્યાખ્યા રચનાર આચાર્ય શ્રી મલયગિરિસૂરિએ પોતે જે કંઈ કહ્યું છે એનો સંપૂર્ણ યશ ચૂર્ણિકારશ્રીને આપતાં જણાવ્યું છે કે, अयं गुणश्चूर्णिकृतः समग्रो यदस्मदादिर्वदतीह किञ्चित्

આચાર્ય શ્રી મલયગિરિસૂરિજી કૃત ટીકા :

આચાર્ય શ્રી મલયગિરિસૂરિજીનું સ્થાન ટીકાકારોમાં શ્રેષ્ઠ છે. એમની વ્યાખ્યા સરળ, સુબોધ હોવાથી 'માના ધાવણ'ની ઉપમા એને અપાય છે. ૮૦૦૦ શ્લોકપ્રમાણ આ ટીકા થકી 'કર્મપ્રકૃતિ'ને સમજવાનું સુંદર સાધન બારમા સૈકામાં પ્રાપ્ત થયું.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત ટીકા :

૧૮ મા સૈકામાં ૧૩૦૦૦ શ્લોકપ્રમાણ વિશદ વ્યાખ્યા રચનાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરનું નામ શ્રીસંઘમાં જાણીતું છે. અનેક ગ્રંથો તેઓશ્રીએ રચ્યા છે કાશી જઈને નવ્યન્યાય વગેરેનો અભ્યાસ કરનારા અને ગ્રંથ રચનામાં નવ્ય ન્યાયની શૈલીનો પ્રયોગ કરનારા તેઓશ્રી પ્રથમ છે.

સામાન્ય રીતે આચાર્ય શ્રી મલયગિરિસૂરિજીની રચના થયા પછી બીજા કોઈને તે ગ્રંથ ઉપર કલમચલાવવાની જરૂર ન રહે. ઉપાધ્યાયજી મહારાજ પણ ટીકાના પ્રારંભમાં આ વાત કરતાં જણાવે છે કે, मलयगिरिगिरां या व्यक्तिरत्रास्ति तस्याः किमधिकमिति भक्तिर्मेऽधिगन्तुं न दत्ते ॥

'કર્મપ્રકૃતિ' ગ્રંથ ઉપરની આવી ભક્તિના કારણે રચના કરી છે. એવું પ્રારંભમાં ઉપાધ્યાયજી લખે છે અને અંતે જણાવે છે કે, प्राक्तनार्थलिखनाद्विन्वतो नेह कश्चिदधिको मम श्रमः वीतरागवचनानुरागतः पुष्टमेव सुकृतं तथाख्यतः ॥ ६ ॥

મને આમાં શ્રમનથી પડ્યો. કારણ કે

इह चूर्णिकृद्ध्वदर्शकोऽमून्मलयगिरिर्व्यतनोदकष्टकं तम् इति तत्र पदप्रचारमात्राद् पथिकस्येव ममास्त्वभीष्टसिद्धिः ॥ ३ ॥ मंगलाचरण ॥

ટીકાકાર મહોપાધ્યાયજી પોતાની લઘુતા બતાવે છે અને બંન્ને પૂર્વ વ્યાખ્યાકારોને જ જશ આપે છે. છતાં તેઓની પ્રતિભાની છાંટ આ ટીકામાં સ્થળે - સ્થળે દેખાય છે. અનેક વિશિષ્ટ બાબતો તેઓએ ટીકામાં આપી છે.

'કર્મપ્રકૃતિ' ના કર્તા તરીકે ગ્રંથકારનો ઉલ્લેખ ચૂર્ણિકારશ્રીએ કે આચાર્ય મલયગિરિજીએ ક્યાંય કર્યો નથી. જ્યારે ઉપાધ્યાયજીએ સ્પષ્ટ ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે, इह हि भगवान् शिवशर्मसूरिः कर्मप्रकृत्याख्यं प्रकरणमारिप्सुर्ग्रंथादौ...

અને આ ગ્રંથ પૂર્વોદ્ધૃત પદાર્થોથી પવિત્ર છે એવા પણ જણાવતાં કહ્યું છે કે, इदं हि शास्त्रं श्रुतकेवलिस्फुटाधिगम्य पूर्वोद्धृतभावपावनम्

આમઅનેક કર્મગ્રંથ વિષયક રહસ્યનું ઉદ્‌ઘાટન કરતી ઉપાધ્યાયજીની ટીકા અભ્યાસીઓ માટે શ્રેષ્ઠ સાધન છે.

ગૂર્જરાનુવાદ :

કર્મપ્રકૃતિ અને અન્ય વ્યાખ્યા આધારિત અનુવાદ પૂર્વે પ્રગટ થયા છે પણ ઉપાધ્યાયજી મહારાજની ટીકા આધારિત અનુવાદ પંડિતવર્ય શ્રી ધીરજલાલ ડાહ્યાલાલ મહેતાએ કર્યો છે. આ અનુવાદ અભ્યાસીઓને ઘણો જ સહાયક થશે. એ નિઃશંક છે.

પંડિતજી છ દસકા જેટલા દીર્ઘકાળથી અધ્યાપન કાર્ય કરાવતા રહ્યા છે. કમ્મપયડિનો અભ્યાસ સેંકડો સાધુ-સાધ્વીજીઓને કરાવ્યો છે એટલે વિદ્યાર્થીઓને કઠીનમાં કઠીન પદાર્થ સરળ-સુબોધ કરી સમજાવવાની હથોટી પ્રાપ્ત થયેલ છે.

બાકીના ગ્રંથનો અનુવાદ પણ પંડિતજી શીઘ્ર આપે એ જ આશા.

અભ્યાસીઓ ઉપાધ્યાયજી મ. ની ટીકાનું અધ્યયન વધુ ને વધુ કરે.

-આચાર્ય મુનિચન્દ્રસૂરિજી



# પ્રસ્તાવના...

અનાદિ કાળથી સંસારી આ આત્મા કર્મોના બોજા નીચે ચાર ગતિરૂપ સંસારમાં ભટક્યા જ કરે છે. સર્વે પણ જીવો કર્મને પરવશ હોવાથી સુખ-દુઃખમય આ સંસારમાં ઉપર-નીચે ગમનાગમન કરે છે. તેમાંથી બચવા માટે કર્મતત્ત્વ અવશ્ય જાણવું જોઈએ.

કર્મનું પ્રાથમિક ઘણું વર્ણન છ કર્મગ્રંથોમાં મહાત્મા પરુષોએ કર્યું છે. પરંતુ તેનાથી વધારે સૂક્ષ્મ વર્ણન હાલ વર્તમાનકાળે કર્મ પ્રકૃતિમાંથી જાણવા મળે છે. ભૂતકાળમાં તો કર્મપ્રવાદ નામના પૂર્વમાંથી ઘણું ઘણું જાણવા મળતું હતું. પરંતુ કાળ પ્રભાવે પૂર્વો વિચ્છેદ જતાં હાલ આ શ્રુત જ આપણને ઘણા આધારરૂપ છે. માટે યોગ્ય અભ્યાસાર્થીએ આવા કઠીન ગ્રન્થોનો પણ અભ્યાસ કરવો અતિશય જરૂરી છે. તેમાં સહાયક થવાની ભાવનાથી જ આ ગુજરાતી વિવેચન લખવાને યત્કિંચિત્ આ પ્રયાસ કર્યો છે.

આત્મા અને પુદ્ગલ આ બન્ને પદાર્થો અનાદિકાળથી સંસારમાં છે અને પરસ્પર જોડાયેલા છે. સ્ત્રી-પુરુષના યુગલની જેમ આ બન્ને દ્રવ્યોનું પણ યુગલ જ બનેલું છે. પુદ્ગલ દ્રવ્યના સંયોગે આ જીવ દુઃખ અને ભૌતિક સુખ પામે છે. અને તે દુઃખ-સુખમાંથી મૂકાય પણ છે. આ બધો ઔદયિકભાવ છે. સુખ મળે તો પણ પર એવા કર્મના ઉદયના કારણે જ મળે છે. માટે સુખ મળે તો પણ પરાધીન જ છે. એટલે જ ઉત્તમ આત્માઓ આવા પરતંત્ર સુખને ન ઈચ્છતાં પોતાના આત્માના ગુણોના અનુભવરૂપ સ્વાભાવિક સુખની સદાકાળ ઈચ્છા રાખતા હોય છે કે જેમાં કોઈ ટેન્શન નહીં, કોઈ કાળે તે સુખ ચાલ્યું જાય નહીં.તથા કોઈ પર પદાર્થની જરૂરિયાત જ નહી.

પ્રગટ થયેલું ક્ષાયિકભાવનું સુખ ક્યારેય પણ જતું નથી. તે સુખ મેળવવા માટે અને પ્રતિબંધક એવા કર્મને કાઢવા માટે આઠકરણનું સ્વરૂપ જાણવું જરૂરી છે.

મિથ્યાત્વાદિ ચાર અથવા પ્રમાદ સાથે પાંચ બંધહેતુઓ વડે આત્માની સાથે જે કાર્મણવર્ગણા બંધાય છે અને આત્માને દુઃખ-સુખ આપવામાં કારણ બને છે તેને કર્મ કહેવાય છે. આ કર્મ પુદ્ગલદ્રવ્ય છે. સૂક્ષ્મ છે, ઈન્દ્રિયથી અગોચર છે. કર્મ એ જડ હોવા છતાં આત્મા ઉપર સામ્રાજ્ય જમાવે છે. માટે તેને દૂર કરવું જ જોઈએ. તે માટે તેનું પણ જ્ઞાન પ્રાપ્ત કરવું અતિશય આવશ્યક છે.

કર્મો કુલ ૮ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. તેના અનુક્રમે ૫+૯+૨+૨૮+૪+૧૦૩+૨+૫=કુલ ૧૫૮ ભેદો છે. તેનું વધારે વર્ણન છ કર્મગ્રંથોમાં આવે જ છે.

કર્મપ્રકૃતિ નામના ગ્રંથમાં આ બંધાયેલા કર્મોમાં બાંધ્યા પછી જે ઉથલ-પાથલ થાય છે. પરિવર્તન થાય છે તેમાં કારણભૂત વપરાતા વીર્યનું જ વધારે વર્ણન છે. કર્મના બંધમાં કારણભૂત જે વીર્ય તે બંધનકરણ, સંક્રમ, થવામાં કારણભૂત જે વીર્ય તે સંક્રમણકરણ એમ કર્મોમાં થતા જુદાં જુદાં જે આઠ કાર્યો છે. તે કાર્યોમાં કારણભૂતપણે વપરાતું જે વીર્ય તે વીર્યને બંધનકરણ, સંક્રમણકરણ ઈત્યાદિ નામે વ્યવહાર થાય છે તેનું જ આ ગ્રંથમાં ઘણા જ વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

કરણ કુલ-૮ (આઠ) છે. (૧) બંધનકરણ, (૨) સંક્રમણકરણ, (૩) ઉદ્વર્તનાકરણ, (૪) અપવર્તનાકરણ, (૫) ઉદીરણાકરણ, (૬) ઉપશમનાકરણ, (૭) નિદ્ધતિકરણ અને (૮) નિકાચનાકરણ. આ આઠ કરણોને સમજાવતો આ કર્મપ્રકૃતિ નામનો ગ્રંથ પૂજ્યપાદ આચાર્યદેવશ્રી શિવશર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબે બનાવેલ છે.

આ ગ્રંથના હાર્દને સમજાવનારાં મુખ્યત્વે ત્રણ આલંબનો છે. (૧) પૂર્વાચાર્ય કૃત ચૂર્ણિ :- જે પ્રાપ્ત થાય છે. તે સૌથી પ્રથમ આલંબન છે. (૨) આ ગ્રંથ ઉપર પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી મલયગિરિજી મહારાજશ્રીએ બનાવેલી સરળ ભાષામય સંસ્કૃત ટીકા આ બીજું આલંબન છે. (૩) તથા પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી વાચકવરે બનાવેલી સંસ્કૃત ટીકા આ ત્રીજું આલંબન છે. જો કે ગુજરાતી ભાષામાં થયેલાં ભાષાન્તરો વિગેરે તો ઘણાં આલંબનો છે. પરંતુ મહાત્મા પુરુષો વડે સંસ્કૃત-પ્રાકૃત આદિ ભાષામાં લખાયેલ ગ્રંથરૂપે તો મુખ્યત્વે આ ત્રણ આલંબનો હાલ મળે છે.

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાએ તથા તેમની પાસે અભ્યાસ કરતા મહાત્મા પુરુષોએ આ ત્રણે ટીકાની સાથે કર્મપ્રકૃતિ નામનો આ ગ્રંથ થોડાક વર્ષો પહેલાં પ્રકાશિત કર્યો છે. જે હાલ ભણવા-ભણાવવાના કામમાં મુખ્યત્વે આધારરૂપે લેવાય છે.

પૂજ્ય ચંદ્રર્ષિ મહત્તરાચાર્યે પણ પંચસંગ્રહ નામના ગ્રંથની સુંદર રચના કરી છે. તેના બીજા ભાગમાં આ જ કર્મપ્રકૃતિમાં આવતાં આઠ કરણોનું જ સુંદર વિવેચન કરેલું છે. પંચસંગ્રહની મૂળગાથાઓની રચના વધારે સરળ ભાષામાં છે. જ્યારે કમ્મપયડિની ગાથાઓની રચના કંઈક અંશે કઠીન રચનાવાળી છે. પરંતુ બન્નેમાં વિષય આઠ કરણો સમજાવવાનો એક જ છે. તેથી એક બીજા ગ્રંથો એક બીજાના પૂરક થાય છે.

હાલ વર્તમાનકાળે આ ગ્રંથો સુધીનું જ લગભગ જ્ઞાન પ્રવર્તે છે. કાળ પ્રભાવે ઘણું ઘણું જ્ઞાન નાશ પામી ગયું છે. હાલ છે તેને ભણનારા જીવોની સંખ્યા પણ ઘણી જ અલ્પ છે આપણે આશા રાખીએ કે પાંચમા આરાના છેડા સુધી આવા ગ્રંથો રચાતા રહે અને ભણાતા રહે.

આઠે કરણોમાં પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશ એમ ચારે પ્રકારે વિષય સમજાવવામાં આવ્યો છે. આ ગ્રંથને સમજાવવામાં પૂજ્ય ગુરુજી શ્રી પુખરાજભાઈ અમીચંદભાઈએ કરેલ પંચસંગ્રહ બીજા ભાગનું વિવેચન ઘણું જ ઉપયોગી થાય તેમ છે. તો ખંતથી આવા મહાગ્રંથોનો અભ્યાસ કરવો જીવનમાં ઘણો જ જરૂરી છે.

કમ્મપયડિ ભણનારા જીવો દિન-પ્રતિદિન ઘટતા જાય છે. તેને ધ્યાનમાં રાખીને આ વિષયને શક્ય બને તેટલો સરળ બનાવવા અમે આ પ્રયત્ન કર્યો છે. પૂજ્ય યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત સંસ્કૃત ટીકાનો આધાર લઈને કમ્મપયડિના વિષયો ચાર ભાગમાં સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

(૧) પ્રથમ ભાગમાં માત્ર બંધનકરણ સમજાવાશે.

(૨) બીજા ભાગમાં સંક્રમણ, ઉદ્વર્તના અને અપવર્તનાકરણ સમજાવાશે.

(૩) ત્રીજા ભાગમાં ઉદીરણા અને ઉપશમનાકરણ સમજાવાશે. તથા

(૪) ચોથા ભાગમાં નિદ્ધતિનિકાચના, ઉદય, સત્તા અને સ્પર્ધક વિગેરે બાકીના તમામ વિષયો સમજાવાશે.

અભ્યાસક વર્ગને મારી ખાસ વિનંતી છે કે ચિત્તને આ વિષયમાં બરાબર પરોવીને આ ગ્રંથ ભણજો. જો સાંગોપાંગ સંપૂર્ણ આ ગ્રંથ સમજાશે તો તમને તથા તમારા દ્વારા શ્રી સંઘને ઘણો જ ઘણો લાભ થશે. કર્મગ્રંથના જ વિષયો છે. કમ્મપયડિ ભણવાથી અને ભણાવવાથી કર્મગ્રંથો વધારે ખીલે છે અને અભ્યાસ મજબૂત થાય છે.

આઠે આ કરણો એક પ્રકારનું જીવનું વીર્ય વિશેષ જ છે. વીર્ય એ કરણ છે અને બંધસંક્રમ વિગેરે આઠ કાર્યો છે. તે આઠ કાર્યો માટે વપરાતા વીર્યનું જ આ વર્ણન છે.

પૂજ્ય શિવશર્મસૂરીશ્વરજી મહારાજશ્રી પૂર્વધર હતા. એટલે આ ગ્રંથ ઘણો જુનો છે. પ્રાકૃત ભાષામાં તેઓશ્રીએ રચ્યો છે.

હાલ વર્તમાનકાળે ભણાતી સંસ્કૃત ટીકાઓ પૂજ્ય શ્રી મલયગિરિજી મ.શ્રીની તથા ન્યાયવિશારદ પૂજ્ય શ્રી યશોવિજયજી મહારાજશ્રીની છે. તેથી પાછલી ટીકાનો આધાર લઈને આ ગુજરાતી વિવેચન તૈયાર કર્યું છે.

ચતુર્વિધ શ્રીસંઘને મારી ખાસ વિનંતી છે કે, શક્ય બને તેટલો વધારે સારો આ ગ્રંથનો અભ્યાસ કરજો અને કરાવજો. પરમાત્મા શ્રી મહારવીરસ્વામી ભગવંતે પ્રગટ કરેલા આ શ્રુતજ્ઞાનરૂપી દીપકમાં ચમચી ચમચી ઘી પૂરવારૂપે કાર્ય કરવાનું ચાલુ રાખજો. તો પાંચમા આરાના છેડા સુધી આ ગ્રંથો ચાલશે અને ઘણા ભવ્ય આત્માઓનું કલ્યાણ પણ થશે.

વિવેચન લખવામાં ઘણી કાળજી રાખી છે, છતાં છદ્મસ્થતાના કારણે કંઈપણ ભૂલચૂક થઈ હોય તો ચતુર્વિધ સંઘ સમક્ષ ક્ષમાયાચના કરું છું.


**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ, સુરત - ૯

**ફોન : (૦૬૧) ૨૭૬૩૦૭૦**
**મો. : ૯૮૯૮૩ ૩૦૮૩૫**

# અમારા અન્ય પ્રકાશનો

૧. **શ્રી જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્ત :-** નવકારથી સામાઇય-વયજુત્તો સુધીનાં સૂત્રો ઉપર વિવેચન. નવતત્ત્વ, ચૌદ ગુણ-સ્થાનકો, કર્મના ૧૫૮ ભેદો, સાત નયો, સપ્તભંગી અને કાલાદિ પાંચ સમવાયી કારણો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૨. **શ્રી જૈન તત્ત્વ પ્રકાશ :-** દેવસી-રાઇઅ પ્રતિક્રમણનાં સૂત્રો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૩. **જૈન ધાર્મિક પ્રશ્નોત્તર માલા :-** પ્રૌઢ બહેનો અને ભાઈઓને ઉપયોગી ચારસો પ્રશ્ન-ઉત્તરોનો સુંદર સંગ્રહ.

૪. **જૈન ધાર્મિક પારિભાષિક શબ્દકોષ :-** જૈન શાસ્ત્રોમાં વારંવાર વપરાતા પારિભાષિક ધાર્મિક શબ્દોના અર્થો, ધાર્મિક શબ્દકોશ.

૫. **યોગવિંશિકા :-** ઉપાધ્યાયજી કૃત ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૬. **યોગશતક :-** સ્વોપજ્ઞટીકા તથા ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૭. **યોગદષ્ટિ સમુચ્ચય :-** પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કૃત સ્વોપજ્ઞ ટીકા સાથે ટીકાનું અતિશય સરળ ગુજરાતી વિવેચન.

૮. **પ્રથમકર્મગ્રન્થ (કર્મવિપાક) :-** સરળ ગુજરાતી વિવેચન.

૯. **દ્વિતીય કર્મગ્રન્થ (કર્મસ્તવ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૦. **તૃતીય કર્મગ્રન્થ (બંધસ્વામિત્વ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૧. **ચતુર્થ કર્મગ્રન્થ (ષડશીતિ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૨. **પંચમકર્મગ્રન્થ (શતક) :-** પૂજ્યપાદ આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા. કૃત સો ગાંથાના શતક નામના પાંચમા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

૧૩. **છઠ્ઠો કર્મગ્રન્થ (સપ્તતિકા) :-** છઠ્ઠા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

१४. **तत्त्वार्थाधिगमसूत्र :-** સૂત્રોનું સરળ, રોચક સંક્ષિપ્ત વિવેચન.

१५. **સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાય :-** ઘણી જ રોચક કથાઓ સાથે તથા સમ્યક્ત્વ સપ્તતિકાની ગાથાઓ સાથે સડસઠ ગુણોનું વર્ણન.

१६. **આઠ દૃષ્ટિની સજ્ઝાય :-** પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સા. કૃત આઠ દૃષ્ટિની સજ્ઝાયના સરળ ગુજરાતી અર્થો.

१७. **સવાસો ગાથાનું સ્તવન :-** પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ.સા. કૃત, શ્રી સીમંધરસ્વામી પરમાત્માને વિનંતિ કરવારૂપે નિશ્ચયનય અને વ્યવહારનય ગર્ભિત સવાસો ગાથાનું સ્તવન ગુજરાતી અર્થ વિવેચન સાથે.

१८. **નવસ્મરણ :-** મૂળ ગાથાઓ, ગુજરાતીમાં ગાથાઓના સરળ અર્થ, ઇંગ્લીશમાં મૂળ ગાથાઓ અને ઇંગ્લીશમાં તે ગાથાઓના અર્થ.

१९. **પૂજા સંગ્રહ સાર્થ :-** પંચકલ્યાણક, અંતરાયકર્મ નિવારણ, પિસ્તાલીસ આગમની પૂજા આદિ પૂજાઓ સુંદર ભાવવાહી અર્થ સાથે.

२०. **સ્નાત્રપૂજા સાર્થ :-** પૂ. વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા અર્થ સાથે.

२१. **શ્રી સમ્યક્ત્વ મૂલ બારવ્રત :-** વિવેચન સહ.૯

२२. **શ્રી વાસ્તુપૂજા સાર્થ :-** પૂ. આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી કૃત વાસ્તુપૂજાનું સુંદર-સરળ તથા જૈન વિધિ સહ ગુજરાતી ભાષાંતર.

२३. **રત્નાકરાવતારિકા(ભાગ-૧) :-** પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતી અર્થ. (પરિચ્છેદ ૧-૨)

२४. **રત્નાકરાવતારિકા (ભાગ-૨) :-** પૂ. વાદિદેવસૂરિજી રચિત પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતીમાં અર્થ. (પરિચ્છેદ ૩-૪-૫)

२५. **રત્નાકરાવતારિકા (ભાગ-૩) :-** પરિચ્છેદ ૬-૭-૮. પૂ. રત્નપ્રભાચાર્ય મ.સા. રચિત ટીકા તથા તેનું સરળ ગુજરાતી વિવેચન.

२६. **દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ :-** પૂ. ઉ. શ્રીયશોવિ. મ. કૃત ગુજરાતી ટબા સાથે તથા ટબાની તમામ પંક્તિઓના વિવેચન અર્થ સાથે.

२७. **અઢાર પાપસ્થાનકની સજ્ઝાય :-** અર્થ વિવેચન સાથે.

૨૮. **સમ્મતિ પ્રકરણ :-** પૂજ્ય આ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી કૃત સમ્મતિ પ્રકરણનું પાઠ્ય પુસ્તકરૂપે ગુજરાતી વિવેચન.

૨૯. **ગણધરવાદ :-** પરમારાધ્ય સિદ્ધાન્તપાક્ષિક પૂજ્યપાદ આચાર્ય શ્રી જિનભદ્રગણિ-ક્ષમાશ્રમણજી વિરચિત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત શ્રી મલધારી હેમચંદ્રાચાર્યજી વિરચિત ટીકાના અનુવાદ રૂપે ''ગણધરવાદ''.

૩૦. **જ્ઞાનસાર અષ્ટક તથા જ્ઞાનમંજરી :-** દ્રવ્યાનુયોગના પ્રખરાભ્યાસી શ્રી દેવચંદ્રજી મ. કૃત જ્ઞાનમંજરી ટીકા તથા ટીકાના વિવેચન સાથે સરળ ગુજરાતી જ્ઞાનસારાષ્ટકનું વિવેચન.

૩૧. **અમૃતવેલની સજ્ઝાય :-** અર્થ સભર સુંદર ગુજરાતી વિવેચન.

૩૨. **યોગસાર :-** પાંચ પ્રસ્તાવ ઉપર અર્થ સભર સુંદર-ભાવવાહી ગુજરાતી વિસ્તૃત વિવેચન છે.

૩૩. **શ્રી દેવચંદ્રજી મ. કૃત સ્તવન ચોવીશી (ભાગ : ૧-૨)** : પ્રથમ ભાગમાં ૧થી ૧૨ ભગવાનના સ્તવનોના ગુજરાતીમાં ભાવવાહી સુંદર અર્થો તેમજ ભાગ ૨માં ૧૩થી૨૪ ભગવાનના સ્તવનોના ગુજરાતી ભાષામાં સુંદર અર્થો લખેલા છે.

૩૪. **કર્મપ્રકૃતિ :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. **(હાલ-બંધનકરણ)**

૩૫. **કમ્મપયડી (ભાગ-૨) :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. **(હાલ-સંક્રમણકરણ, ઉદ્વર્તનાકરણ, અપવર્તનાકરણ)**

૩૬. **કમ્મપયડી (ભાગ-૩) :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. **(હાલ-ઉદીરણાકરણ, ઉપશમનાકરણ)**

૩૭. **કમ્મપયડી (ભાગ-૪) :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. **(હાલ-નિદ્ધતિકરણ, નિકાચના, શેષ)**

૩૮. **નિહ્નવવાદ :-** પૂજ્ય આચાર્યદેવ શ્રી જિનભદ્રગણિકૃત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત ભગવાન મહાવીર પ્રભુની વાત ન સ્વીકારનારા નિહ્નવોની માન્યતા તથા ચર્ચા.

૪૦. **અધ્યાત્મ ગીતા :-** પૂ. શ્રી દેવચંદ્રજી મહારાજ કૃત અધ્યાત્મરસથી ભરેલી ગીતા

૪૧. **પુદ્ગલ ગીતા :-** પૂ.શ્રી. ચિદાનંદજી મહારાજ કૃત (ગુજરાતી અર્થ વિવેચન સાથે)

૪૨. **તીર્થમાલાઃ-** સુઈગામ થઈને ગયેલો અને પાછા વળતાં પણ સુઈગામ આવેલો ૩૦૦ વર્ષ પૂર્વે નીકળેલો શ્રી છ'રિ પાલિત સંઘ. તેનું ગુજરાતીમાં સુંદર અને રોચક વર્ણન

# અનુક્રમણિકા


| | વિષય (ઉદયાધિકાર) | ગાથા નંબર | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | પ્રકૃતિઉદય | ૧ થી ૩ | ૧ થી ૩ |
| ૨ | સ્થિતિઉદય | ૪ | ૪ થી ૬ |
| ૩ | અનુભાગ ઉદય | ૫ | ૬ |
| ૪ | પ્રદેશ ઉદયમાં મૂલકર્મોની સાદ્યાદિ પ્રરૂપણા | ૬ | ૬ થી ૮ |
| ૫ | ઉત્તરકર્મોની સાદ્યાદિ પ્રરૂપણા | ૭ | ૮ થી ૧૧ |
| ૬ | અગિયાર ગુણશ્રેણિનું વર્ણન | ૮ થી ૧૦ | ૧૧ થી ૧૫ |
| ૭ | ઉત્કૃષ્ટ પ્રદેશોદયનું સ્વામિત્વ | ૧૧ થી ૧૯ | ૧૬ થી ૨૫ |
| ૮ | જઘન્ય પ્રદેશોદયનું સ્વામિત્વ | ૨૦ થી ૩૨ | ૨૫ થી ૩૬ |

| | વિષય (સત્તાધિકાર) | ગાથા નંબર | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | મૂળ અને ઉત્તર પ્રકૃતિઓની સત્તાસંબંધી સાદ્યનાદિની પ્રરૂપણા | ૧ થી ૯ | ૩૭ થી ૪૭ |
| ૨ | સત્તાને આશ્રયી પ્રકૃતિસ્થાન પ્રરૂપણા | ૧૦ થી ૧૫ | ૪૭ થી ૫૬ |
| ૩ | સ્થિતિસત્તાને આશ્રયી સાદિ-અનાદિની પ્રરૂપણા | ૧૬ | ૫૬ થી ૫૯ |
| ૪ | ઉત્કૃષ્ટ સ્થિતિસત્તાનું સ્વામિત્વ | ૧૭ થી ૧૮ | ૫૯ થી ૬૪ |
| ૫ | જઘન્ય સ્થિતિસત્તાનું સ્વામિત્વ | ૧૯ | ૬૫ થી ૬૬ |
| ૬ | સ્થિતિભેદની પ્રરૂપણા | ૨૦ | ૬૬ થી ૬૭ |
| ૭ | અનુભાગ સત્તાની પ્રરૂપણા | ૨૧ થી ૨૩ | ૬૮ થી ૭૦ |
| ૮ | અનુભાગસત્તાના સ્થાનભેદની પ્રરૂપણા | ૨૪ થી ૨૫ | ૭૦ થી ૭૩ |
| ૯ | પ્રદેશસત્તામાં સાદ્યાદિની પ્રરૂપણા | ૨૬ | ૭૪ થી ૭૬ |
| ૧૦ | ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનું સ્વામિત્વ | ૨૭ થી ૩૮ | ૭૭ થી ૮૮ |
| ૧૧ | જઘન્ય પ્રદેશસત્તાનું સ્વામિત્વ | ૩૯ થી ૪૩ | ૮૯ થી ૯૩ |
| ૧૨ | સત્તાના સ્પર્ધકોની પ્રરૂપણા | ૪૪ થી ૪૯ | ૯૩ થી ૧૦૯ |

| | વિષય (ભૂયસ્કારાદિનું વર્ણન) | ગાથા નંબર | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | બંધ-ઉદય-ઉદીરણા અને સત્તામાં મૂલકર્મને આશ્રયી ભૂયસ્કારાદિનું વર્ણન | ૫૦ થી ૫૨ | ૧૦૯ થી ૧૧૫ |
| ૨ | બંધ-ઉદય-ઉદીરણા અને સત્તામાં ઉત્તરકર્મને આશ્રયી ભૂયસ્કારાદિનું વર્ણન | ૫૨ થી ૫૩ | ૧૧૫ થી ૧૪૮ |
| ૩ | બંધ-ઉદય અને સત્તાને આશ્રયી સંવેધની પ્રરૂપણા | ૫૪ | ૧૪૯ થી ૩૧૯ |
| ૪ | ક્ષપકશ્રેણિનું વર્ણન | ૫૫ | ૩૨૦ થી ૩૩૯ |
| ૫ | ગ્રંથ સમાપ્તિસૂચક મંગલાચરણ | ૫૬-૫૭ | ૩૪૦ થી ૩૪૧ |






પરમ પૂજ્ય શ્રી શિવશર્મસૂરીશ્વરજી કૃત

# કર્મપ્રકૃતિ અર્થાત્ કમ્મપયડિ

## શેષ, ઉદય સત્તા અને પરિશિષ્ટ

ભાગ-૪






॥ ॐ ह्रीं श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

॥ श्री सरस्वत्यै नमः ॥

॥ महोपाध्यायश्री श्रीकल्याणविजयजीगणि शिष्यगणपण्डित

श्री लाभविजयगणि शिष्यशिरोमणि पण्डित श्रीनयविजय गुरुभ्यो नमः ॥

न्यायविशारद-न्यायाचार्य-महोपाध्यायश्री

यशोविजयगणिविरचित टीका-उपेता

पूज्य श्री शिवशर्मसूरिजी कृता

# कर्मप्रकृतिः (उदयाधिकारः)

*અવતરણ : ઉપર પ્રમાણે આઠ કરણો સમજાવ્યાં. હવે ઉદ્દેશના ક્રમથી પ્રાપ્ત થયેલા ઉદયને કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-*

**उदओ उदीरणाए तुल्लो, मोत्तूण एगचत्तालं ।**
**आवरणविग्घसंजलणलोभवेए य दिट्ठिदुगं ॥ १ ॥**

**आवलिगहिगं वेइंति, आउगाइं पि अप्पमत्ता वि ।**
**वेयणियाणि य दुसमय तणुपज्जत्ता य णिद्दाओ ॥ २ ॥**

**मणुयगइजाइतसबायरं च, पज्जत्तसुभगआइज्जं ।**
**जसकित्तिमुच्चगोयं, चाजोगी केइ तित्थयरं ॥ ३ ॥**

**ગાથાર્થ :** (૪૧) એકતાલીસ કર્મપ્રકૃતિઓને છોડીને બાકીની તમામ પ્રકૃતિઓમાં જે ઉદય છે. તે ઉદીરણાની સાથે તુલ્ય છે. જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચાર, અંતરાય પાંચ, સંજવલન લોભ, ત્રણ વેદ અને સમ્યક્ત્વમોહનીય તથા મિથ્યાત્વમોહનીય એમ દૃષ્ટિદ્વિક આ પ્રમાણે કુલ ૫ - ૪ - ૫ - ૧ - ૩ - ૨ - કુલ (૨૦) વીસ કર્મપ્રકૃતિઓની ઉદીરણા વિના કેવળ એકલા ઉદયથી એક આવલિકા ઉદય હોય છે તથા ચાર આયુષ્યકર્મ પોતપોતાના ભવની અન્તિમ આવલિકામાં ઉદીરણા વિના ઉદયથી વેદે છે. સાતા-અસાતા વેદનીય કર્મને પણ અપ્રમત્ત આદિ ગુણસ્થાનકોમાં વર્તનારા જીવો ઉદારણા વિના ઉદયથી

વેદે છે. તથા નિદ્રા પંચકને શરીર પર્યાપ્તિ સમાપ્ત થાય તેના બીજા સમયથી (ઇન્દ્રિય પર્યાપ્તિ પુરી ન થાય ત્યાં સુધી) નિદ્રા પંચકને ઉદીરણા વિના કેવળ ઉદયમાત્રથી જીવો વેદે છે તથા અયોગિ ગુણઠાણે તીર્થંકર નામકર્મ સાથે નવ નામકર્મની અને એક ઉચ્ચગોત્ર એમ કુલ (૧૦) દસ કર્મપ્રકૃતિઓ ઉદીરણા વિના કેવળ એકલા ઉદયથી જ વેદે છે. મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ ત્રસ નામકર્મ, બાદરનામકર્મ, પર્યાપ્ત નામકર્મ, સૌભાગ્ય નામકર્મ, આદેય નામકર્મ, યશઃ કીર્તિ નામકર્મ, અને ઉચ્ચગોત્ર એમ ૯ કર્મપ્રકૃતિઓ તથા કોઈ કોઈ જીવને આશ્રયી તીર્થંકર નામકર્મ આ પ્રમાણે કુલ ૧૦ પ્રકૃતિઓ ચૌદમા ગુણસ્થાનકે ઉદીરણા વિના કેવલ એકલા ઉદય વડે જ વેદાય છે. ॥ ૧-૨-૩ ॥

**વિવેચન :** હવે ઉદય અધિકાર સમજાવવો છે. પરંતુ તે લગભગ ઉદીરણા પ્રમાણે જ હોય છે જોકે ઉદીરણા પ્રમાણે ઉદય નથી. પરંતુ ઉદય પ્રમાણે ઉદીરણા છે. તો પણ આ કમ્મપયડિ નામના ગ્રંથમાં આઠ કરણોનું પ્રકરણ કહેવાતું હોવાથી અને ઉદીરણા એ કરણવિશેષ છે તેથી આઠ કરણોના પ્રતિપાદનની અંદર જ ઉદીરણા કરણનું સવિસ્તર સ્વરૂપ તેના અધિકાર વખતે સમજાવેલ છે તેથી ગ્રંથકારશ્રીએ આમ કહેલ છે કે જે આ ઉદય છે તે પૂર્વે કહેલા ઉદીરણા પ્રકરની જેમ જાણવો. ફક્ત જે વિશેષતા છે તે હવે કહેવાય છે :-

હવે સમજાવાતો આ ઉદય એ ઉદીરણાની સાથે તુલ્ય છે. ઉદીરણાના પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશ વિગેરે જે ભેદો તથા સ્વામિત્વ વિગેરે પૂર્વે ઉદીરણા કરણ અધિકારમાં કહેલ છે. તથા સાદિ-અનાદિના ભાંગાની પ્રરૂપણા કરી છે. તથા વળી જે સ્વામિત્વ કહેવામાં આવ્યું છે તે સઘળુંય, જરા પણ ન્યૂન નહી અને જરા પણ અધિક નહી એવું અર્થાત્ અન્યૂનાનતિરિક્તપણે આ ઉદય અધિકારમાં જાણી લેવું કારણ કે ઉદય અને ઉદીહરણા લગભગ સાથે જ રહેનાર છે. તે માટે સમાન જાણવું.

**પ્રશ્ન :** જ્યાં જ્યાં ઉદય હોય ત્યાં ત્યાં ઉદીરણા હોય અને જ્યાં જ્યાં ઉદીરણા હોય ત્યાં ત્યાં ઉદય હોય. શું સર્વ સ્થાને આ બન્ને સાથે જ હોય ? આવો નિયમ છે કે તેમાં કંઈ અપવાદ છે ?

**ઉત્તર :** ઘણું કરીને આ બન્ને સાથે જ હોય છે આવો આશય ગ્રંથકારશ્રીનો છે તે માટે આવા આશયને હૃદયમાં રાખીને જ્યાં જ્યાં ઉદય અને ઉદીરણા સમાન નથી. તેવાં વ્યભિચારવાળાં જે જે સ્થાનો છે તેનો વ્યવચ્છેદ કરતાં જણાવે છે કે :-

"मोत्तूण एगचत्तालं इत्यादि" (૪૧) એકતાલીસ કર્મ પ્રકૃતિઓને મુકીને ઉપર કહેલો

નિયમ જાણવો. હવે કહેવાતી (૪૧) એકતાલીસ પ્રકૃતિઓમાં ઉદીરણા વિના પણ કેટલોક કાળ ઉદય હોય છે તેથી તે (૪૧) એકતાલીસ પ્રકૃતિઓમાં ઉદય ઉદીરણામાં કંઈક તફાવત છે. તે હમણાં જ સમજાવવામાં આવશે. તેના વિના બાકીની સર્વપ્રકૃતિઓમાં ઉદય અને ઉદીરણા સમાન જાણવી.

(૪૧) એકતાલીસમાં ઉદય - ઉદીરણાનો જે તફાવત છે તે આ પ્રમાણે જાણવો :- આવરણ શબ્દથી પાંચ જ્ઞાનાવરણીય કર્મ, અને ચાર દર્શનાવરણીય કર્મ એ સ્વરૂપ કુલ (૯) નવ આવરણીય કર્મ, તથા વિઘ્ઘ શબ્દથી પાંચ અંતરાય કર્મ, સંજ્વલન લોભ, ત્રણ વેદ અને બે દૃષ્ટિયુગલ. (સમ્યક્ત્વ મોહનીય અને મિથ્યાત્વ મોહનીય). આ પ્રમાણે સર્વ મળીને (૯ + ૫ + ૧ + ૩ + ૨ = ૨૦) આ (૨૦) વીશ કર્મપ્રકૃતિઓ પોતપોતાના ઉદયના અન્તિમકાળમાં એક આવિકા કાળ ઉદીરણા વિના કેવળ એકલા ઉદયથી વેદાય છે આ (૨૦) કર્મપ્રકૃતિઓને એક આવલિકા કાળ સુધી ઉદીરણા વિના જ કેવળ એકલા ઉદયવડે આ જીવ ભોગવે છે. આટલો તફાવત છે.

ત્યાં ત્રણ વેદ તથા મિથ્યાત્વ મોહનીયનું અંતરકરણ જ્યારે જીવ કરે છે ત્યારે પહેલી સ્થિતિ એક આવલિકા માત્ર બાકી હોય ત્યારે ઉદય હોય છે પરંતુ ઉદીરણા હોતી નથી. અને બાકીની (૧૬) સોળ કર્મપ્રકૃતિઓની પોતપોતાની સત્તા જ્યારે સમાપ્ત થવા આવે છે. ત્યારે છેલ્લી આવલિકામાં માત્ર ઉદય જ હોય છે. પરંતુ ઉદીરણા હોતી નથી.

તથા ચાર આયુષ્યકર્મમાં પોતપોતાના ભવના અન્તિમકાળમાં છેલ્લી એક આવલિકા માત્ર કાળમાં કેવળ એકલો ઉદય જ હોય છે પરંતુ ઉદીરણા હોતી નથી છેલ્લી એક આવલિકા માત્રમાં રહેલું એવું આ સકલ પણ કર્મ ઉદીરણાને માટે અયોગ્ય છે તે માટે ત્યાં છેલ્લી આવલિકામાં આયુષ્યકર્મ આવલિકા માત્ર જ હોવાથી આયુષ્યકર્મની ઉદીરણા સંભવતી નથી.

તથા સાતા અને અસાતા એમ બે વેદનીયકર્મ તથા મનુષ્યનું આયુષ્ય આ ત્રણ કર્મપ્રકૃતિઓને અપ્રમત્ત આદિ ઉપરના ગુણસ્થાનકો વાળા જીવો ઉદીરણા વિના કેવળ એકલા ઉદય માત્ર વડે જ ભોગવે છે.

તથા સર્વે પણ જીવો ઉત્પત્તિસ્થાનમાં આવે ત્યારે શરીર પર્યાપ્તિ સમાપ્ત થાય તેના બીજા સમયથી પ્રારંભીને ઇન્દ્રિયપર્યાપ્તિ સમાપ્ત ન થાય ત્યાં સુધી તથાસ્વભાવે જ ઉદીરણા વિના જ કેવળ એકલા ઉદય માત્ર વડે જ પાંચ નિદ્રાને વેદે છે. તે કાળે પાંચે નિદ્રાનો માત્ર ઉદય જ હોય છે પરંતુ ઉદીરણા હોતી નથી.

તથા મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સૌભાગ્ય, આદેય, યશઃકીર્તિનામકર્મ, અને ઉચ્ચગોત્ર એમ કુલ નવ કર્મપ્રકૃતિઓને અયોગી ગુણસ્થાનકવાળા જીવો પોતાના ગુણસ્થાનકના પ્રથમ સમયથી જ ચરમ સમય સુધી ઉદીરણા વિના કેવલ એકલા ઉદય વડે જ ભોગવે છે. તે માટે તે નવ કર્મપ્રકૃતિઓનો ચૌદમે ગુણઠાણે ઉદય માત્ર જ હોય છે. પરંતુ ઉદીરણા હોતી નથી.

આ પ્રમાણે ૨૦ +૪ + ૩ + ૫ + ૯ એમ કુલ ૪૧ પ્રકૃતિઓમાં ઉદય અને ઉદીરણામાં થોડોક તફાવત છે તથા કેટલાક આત્માઓ અયોગી ગુણઠાણે તીર્થંકર નામકર્મને ઉદીરણા વિના કેવળ એકલા ઉદય વડે જ ભોગવે છે. આટલી ઉદય અને ઉદીરણામાં વિશેષતા જાણવી. ॥ ૧-૨-૩ ॥

*અવતરણ : પ્રકૃતિ ઉદય કહ્યો. હવે સ્થિતિ ઉદય સમજાવે છે :-*

**ठिइउदओवि ठिइखयपओगसा ठिइउदीरणा अहिगो ।**
**उदयठिईइ हस्सो, छत्तीसा एग उदयठिई ॥ ४ ॥**

**ગાથાર્થ :** સ્થિતિ ઉદય પણ સ્થિતિના ક્ષયથી અને પ્રયોગથી એમ બે પ્રકારે હોય છે. ત્યાં ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદય ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણાથી એક સમયની સ્થિતિ વડે અધિક જાણવો તથા જઘન્ય સ્થિતિ ઉદય (૪૧ પ્રકૃતિઓમાંથી) નિદ્રાપંચક વિના શેષ (૩૬) છત્રીસ કર્મપ્રકૃતિઓનો (૧) એક સમયની ઉદયસ્થિતિપ્રમાણ ઉદય જાણવો. ॥ ૪ ॥

**વિવેચન :** પ્રકૃતિ ઉદય કહીને હવે સ્થિત્યુદય સમજાવે છે. સ્થિતિનો ઉદય પણ બે પ્રકારે જાણવો. (૧) ઉદયથી ભોગવાઈને સ્થિતિનો જેમ જેમ ક્ષય થાય તે રીતે, તથા (૨) ઉદીરણા નામના પ્રયોગ વિશેષ વડે (એટલે કે કરણ વિશેષ વડે). એમ ઉદયના બે પ્રકાર જાણવા.

ત્યાં અબાધાકાળરૂપ જે સ્થિતિ છે તેનો દ્રવ્ય-ક્ષેત્ર કાળ અને ભાવરૂપ ઉદયનાં નિમિત્તો પ્રાપ્ત થયે છતે ક્ષય થવાથી સ્વાભાવિકપણે જે ઉદય થાય તે **સ્થિતિ ક્ષયનિષ્પન્ન** ઉદય કહેવાય છે. તથા તે ઉદય પ્રવર્તતે છતે **ઉદીરણાકરણ** નામના પ્રયોગ દ્વારા મોડાં ઉદયમાં આવનારા કર્મનાં દલિકોને ખેંચીને તે ખેંચાયેલા દલિકોનો વહેલો ઉદય લાવવો તે **પ્રયોગોદય** (અથવા ઉદીરણા દ્વારા કરાયેલો ઉદય) કહેવાય છે.

આ મૂળગાથામાં જે અપિ શબ્દ છે તે ગાથામાં નહી કહેલા વિશેષ અંશને બતાવવા

માટે છે. તેથી સ્વાભાવિક ઉદયની સાથે ઉદીરણા દ્વારા થયેલો ઉદય પણ ઉદયની અપેક્ષાએ સમાન છે. તે માટે તેનો સમુચ્ચય કરે છે આ જે સ્થિતિઉદય છે તે સામાન્યથી જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારનો છે ત્યાં જે ઉત્કૃષ્ટ સ્થિત્યુદય છે. તે ઉત્કૃષ્ટ સ્થિત્યુદીરણાની અપેક્ષાએ એક સમયની ઉદયસ્થિતિવડે અધિક જાણવો.

તે આ પ્રમાણે સમજવું :- જ્યારે ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાતી હોય ત્યારે તેનો અબાધાકાળ જરૂર હોય છે. પરંતુ અબાધા કાળમાં હાલ બંધાતીપ્રકૃતિનું બધ્યમાન દલિક ગોઠવાતું નથી. કારણ કે તેનો ત્યાં અબાધાકાળ વર્તે છે પરંતુ પૂર્વે બાંધેલી તે જ પ્રકૃતિનું કર્મદલિક અબાધાકાળમાં પણ ગોઠવેલું છે જ. તેથી કરીને એક બન્ધાવલિકા પસાર થયે છતે જીવ જ્યાં વર્તે છે ત્યાંથી એક ઉદયાવલિકા ઉપરની સર્વ પણ સ્થિતિમાંથી ઉદીરણા આ જીવ કરે છે. ઉદીરણા દ્વારા ઉદયમાં લાવીને અવશ્ય ઉદયથી વેદે છે તે કારણથી બંધાવલિકા અને ઉદયાવલિકા એમ બે આવલિકા સિવાયની તમામ તે સ્થિતિ ઉદયમાં અને ઉદીહરણામાં સમાન પણે જ પ્રાપ્ત થાય છે.

ફક્ત ઉદયાવલિકાના પ્રથમ સમયનું જે કર્મદલિક છે તે ઉદય સ્વરૂપ સ્થિતિરૂપે વેદાય છે. તે માટે તેમાં માત્ર ઉદય જ છે. પરંતુ ઉદીરણા નથી. તેથી વેદાતા પ્રથમ સમયમાં ઉદય માત્ર હોવાથી તે એક સમયનો જ ઉદય, ઉદીરણા કરતાં અધિક જાણવો જેમ કે -

<u>૧-૨-૩-૪-૫</u>-<u>(૬)-૭-૮-૯-૧૦</u>-૧૧-૧૨-૧૩-૧૪-૧૫-૧૬-૧૭-૧૮-૧૯-૨૦

બંધાવલિકા અને ઉદયાવલિકા એમ ૧ થી ૧૦ સમયપ્રમાણ સ્થિતિને છોડીને શેષ સત્તાગતસ્થિતિ જે છે. તેમાં ઉદય તથા ઉદીરણા દ્વારા ઉદય એમ બન્ને પ્રકારનો ઉદય ચાલે છે.

પરંતુ (૬) નંબરવાળા સ્થાનમાં માત્ર ઉદય જ હોય છે. પરંતુ ઉદીરણા હોતી નથી. આ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા કરતાં વેદાતા એક સમય માત્રની સ્થિતિવડે ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદય અધિક જાણવો. આ પ્રમાણે બંધાવલિકા અને ઉદયાવલિકા એમ બે આવલિકા ન્યૂન સ્થિત્યુદય ઉદયબન્ધોત્કૃષ્ટા પ્રકૃતિઓનો જ જાણવો.

બાકીની પ્રકૃતિઓમાં યથાસંભવ સમજવો. ત્યાં પણ ચાલુ ઉદય સમયવાળી એક સમયની સ્થિતિ ઉદયમાં અધિક જાણવી. તથા પૂર્વે કહેલી (૪૧) એકતાલીસ કર્મપ્રકૃતિઓમાંથી નિદ્રાપંચકને વર્જીને શેષ (૩૬) છત્રીસ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિ ઉદય, સમય માત્રની ઉદયસ્થિતિ પ્રમાણ એટલે કે સમય માત્રરૂપ એક સ્થિતિના ઉદય પ્રમાણ જાણવો. જે સમય માત્રની ઉદયસ્થિતિ કહી તે ચરમસ્થિતિ જાણવી. જ્યારે તે તે પ્રકૃતિની જ્યાં જ્યાં સત્તા સમાપ્ત

થાય છે ત્યાં ત્યાં તે તે અન્તિમ સમય પ્રમાણ જે ઉદય, તે જઘન્યસ્થિતિ ઉદય (૩૬ પ્રકૃતિનો) જાણવો.

નિદ્રાપંચકની બાબતમાં શરીર પર્યાપ્તિ સમાપ્ત કર્યા પછી ઇન્દ્રિય પર્યાપ્તિ પૂરી કરતાં પહેલાં નિદ્રાપંચકનો કેવળ એકલો ઉદય જ હોય છે. ઉદીરણા હોતી નથી. આ પ્રમાણે ઉદીરણા વિના ઉદય હોવા છતાં ત્યાં અપવર્તના ચાલુ હોવાથી એકસમયની ઉદયસ્થિતિ પ્રાપ્ત થતી નથી. તેથી તે નિદ્રાપંચકનું વર્જન કરવામાં આવ્યું છે બાકીનો બધો જઘન્ય ઉદય, જઘન્ય ઉદીરણાની તુલ્ય જ જાણવો. ॥ ૪ ॥

*અવતરણ : સ્થિતિ ઉદય સમજાવ્યો, હવે અનુભાગોદય કહેવાય છે.*

**अणुभागुदय जहन्नो वि, णवरि आवरणविग्धवेयाणं ।**
**संजलणलोभसम्मत्ताण य गंतूणमावलियं ॥ ५ ॥**

ગાથાર્થ : અનુભાગનો ઉદય પણ અનુભાગની ઉદીરણાની તુલ્ય જાણવો. પરંતુ જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ, દર્શના વરણીય ચાર, ત્રણ વેદ, સંજવલનલોભ, અને સમ્યક્ત્વમોહનીય આટલી કર્મપ્રકૃતિઓની ઉદીરણા વિચ્છેદ પામ્યા પછી છેલ્લી આવલિકાના ચરમ સમયે જે ઉદય છે તે જઘન્ય ઉદય જાણવો. ॥ ૫ ॥

**વિવેચન :** અનુભાગનો ઉદય પણ અનુભાગની ઉદીરણાની તુલ્ય જાણવો. પરંતુ જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ, દર્શનાવરણીય ચાર, ત્રણ વેદ, સંજવલન લોભ, અને સમ્યક્ત્વમોહનીય એમ કુલ (૧૯) ઓગણીસ કર્મ પ્રકૃતિઓની ઉદીરણા વિચ્છેદ પામ્યા પછી તેનાથી આગળ છેલ્લી એક આવલિકા પસાર કરે છતે તે છેલ્લી આવલિકાના ચરમસમયમાં ૧૯ના સ્વામી જાણવા, કારણ કે તે ચરમ સમયે ઉદીરણા નથી અને સૌથી અલ્પ રસ ઉદયમાં હોય છે તેમાં પણ ચૌદ પૂર્વધર આદિ લબ્ધિવાળો જીવ લેવો કે જેથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય આદિનો રસ ઘણો ઓછો ઉદયમાં હોય. ॥૯॥

*અવતરણ : અનુભાગ ઉદય પણ કહ્યો હવે પ્રદેશોદય કહેવાનો અવસર આવ્યો છે. ત્યાં બે દ્વાર છે. (૧) સાદિ-અનાદિ પ્રરૂપણા અને (૨) સ્વામિત્વ પ્રરૂપણા ત્યાં સાદિ-અનાદિ પ્રરૂપણા બે પ્રકારે છે (૧) મૂલ કર્મપ્રકૃતિ વિષયક, અને (૨) ઉત્તર કર્મપ્રકૃતિ વિષયક.*

ત્યાં પ્રથમ મૂલકર્મ પ્રકૃતિ વિષયક સાદ્યનાદિ પ્રરૂપણા જણાવતાં કહે છે કે :-

**अजहण्णाणुक्कोसा, चउत्तिहा छण्ह चउव्विहा मोहे ।**
**आउस्स साइ अधुवा, सेसविगप्पा य सव्वेसिं ॥ ६ ॥**

**ગાથાર્થ :** મૂલ છ કર્મોનો અજઘન્ય અને અનુત્કૃષ્ટ ઉદય અનુક્રમે ચાર પ્રકારે અને ત્રણ પ્રકારે જાણવો. તથા મોહનીય કર્મનો અજઘન્ય અને અનુત્કૃષ્ટ એમ બન્ને ઉદય ચાર પ્રકારે જાણવો. આયુષ્ય કર્મના ચારે વિકલ્પો સાદિ-અધ્રુવ જાણવા. તથા શેષકર્મોના શેષ વિકલ્પો પણ સાદિ-અધ્રુવ જાણવા. ॥ ૬ ॥

**વિવેચન :** આયુષ્યકર્મ અને મોહનીયકર્મ આ બન્ને કર્મોને વર્જીને શેષ છ કર્મોનો અજઘન્ય પ્રદેશોદય ચાર પ્રકારે જાણવો. તે વિગત આ પ્રમાણે સમજવી. સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકાર જાણવા. ત્યાં કોઈક ક્ષપિત કર્માંશી જીવ સ્વર્ગલોકમાં દેવ તરીકે જન્મ્યો, ત્યાં અત્યન્ત સંક્લિષ્ટ પરિણામવાળો થઈને ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતો છતો ઘણા ઘણા પ્રદેશોની ઉદ્‌વર્તના કરે છે ત્યારબાદ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરવાના અંતે કાળ કરીને એકેન્દ્રિયના ભવમાં ઉત્પન્ન થાય. ત્યાં એકેન્દ્રિયના ભવમાં ઉત્પન્ન થતાં જ ઉત્પત્તિના પ્રથમ સમયમાં જ પૂર્વે કહેલાં છ કર્મોનો જઘન્ય પ્રદેશોદય થાય છે આવા પ્રકારનો આ જઘન્ય પ્રદેશોદય એકસમય માત્ર જ છે તેથી તે સાદિ અને અધ્રુવ છે. આ જઘન્ય વિનાનો બીજો તમામ ઉદય અજઘન્ય પ્રદેશ ઉદય કહેવાય છે. તે ઉદય પણ ઉત્પત્તિના બીજા સમયે થાય છે. તેથી બીજા સમયમાં અજઘન્ય પ્રદેશોદયની સાદિ થાય છે.

તે સ્થાન જે જીવો નથી પામ્યા. તેઓને અજઘન્ય ઉદય અનાદિ થાય છે. ધ્રુવ અને અધ્રુવ ઉદય પૂર્વની જેમ અભવ્ય અને ભવ્યને આશ્રયી સમજી લેવો. તથા તે જ છ કર્મોનો અનુત્કૃષ્ટ પ્રદેશોદય ત્રણ પ્રકારે છે. (૧) અનાદિ, (૨) ધ્રુવ અને (૩) અધ્રુવ.

તે આ પ્રમાણે સમજવો. આ છએ મૂલકર્મોનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય ગુણિતકર્માંશી જીવને પોત પોતાના ઉદયના અન્તે ગુણશ્રેણિના મસ્તક ઉપર વર્તતા જીવને પ્રાપ્ત થાય છે અને તે એક સમય પુરતો જ હોય છે તેથી તે ઉત્કૃષ્ટ પ્રદેશોદય સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારનો જાણવો.

તેનાથી અન્ય સર્વ ઉદય તે અનુત્કૃષ્ટ પ્રદેશોદય કહેવાય. આવો અનુત્કૃષ્ટ પ્રદેશોદય અનાદિ કાળથી ચાલે છે માટે અનાદિ, ધ્રુવ અને અધ્રુવ પૂર્વની જેમ જ અભવ્ય અને ભવ્યને આશ્રયી જાણવા. આ પ્રમાણે છ કર્મોનો અનુત્કૃષ્ટ પ્રદેશોદય ત્રણ પ્રકારનો જાણવો.

મોહનીય કર્મમાં અજઘન્ય અને અનુત્કૃષ્ટ એમ બન્ને પ્રકારના પ્રદેશોદય સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવના ભેદથી ચાર પ્રકારે જાણવા. તે આ પ્રમાણે છે :- ક્ષપિતકર્માંશી જીવને અન્તરકરણ કરે છતે અન્તરકરણમાં છેલ્લા સમય સુધી ગોપૃચ્છાકારે ગોઠવાયેલાં

આવલિકા માત્ર કાળનાં દલિકોના અન્તિમ સમયમાં મોહનીય કર્મનો જઘન્ય પ્રદેશોદય થાય છે. અને તે ત્યાં એક સમયકાળવાળો જ આ ઉદય છે માટે સાદિ અને અધ્રુવ કહેવાય છે.

તેનાથી અન્ય સર્વ પણ ઉદય તે અજઘન્ય પ્રદેશ ઉદય કહેવાય છે તે અજઘન્ય પ્રદેશોદય ત્યાંથી એટલે કે જઘન્ય પ્રદેશોદયથી આગળ જતાં બીજા જ સમયે થાય છે તે માટે ત્યાં અજઘન્ય પ્રદેશ ઉદયની સાદિ, તે જઘન્ય પ્રદેશોદયનું સ્થાન જે જીવો પામ્યા નથી. તેવા જીવોને અજઘન્ય પ્રદેશોદય અનાદિ, ધ્રુવ અને અધ્રુવ તો અભવ્ય અને ભવ્યને આશ્રયી પૂર્વની જેમ જ જાણવો.

તથા ગુણિતકર્માંશી જીવને સૂક્ષ્મસંપરાયના ચરમ સમયે ઉત્કૃષ્ટ પ્રદેશોદય થાય છે તે એક સમય પુરતો જ છે તે માટે સાદિ અને અધ્રુવ જાણવો. તેનાથી અન્ય સર્વ પણ ઉદય અનુત્કૃષ્ટ જાણવો. તે ઉપશમશ્રેણિથી પડતા જીવને દસમા ગુણઠાણે આવે ત્યારે મોહનીયકર્મનો જે ઉદય શરૂ થાય છે. તે કાલે તે અનુત્કૃષ્ટ પ્રદેશોદયની સાદિ, તે સ્થાન ન પામેલા જીવને અનુત્કૃષ્ટ પ્રદેશોદય અનાદિ, ધ્રુવ અને અધ્રુવ પૂર્વની જેમ અભવ્ય અને ભવ્યને આશ્રયી સમજી લેવા. આ પ્રમાણે મોહનીયકર્મના સાદિ-અનાદિ ભાંગા સમજાવ્યા.

આયુષ્યકર્મના તો જઘન્ય અજઘન્ય ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ આ ચારે ભાંગા સાદિ અધ્રુવ જ જાણવા. આ ચારે પ્રકારના પણ પ્રદેશોદયના ભેદો યથાયોગ્ય રીતે પ્રતિનિયતકાલે જ (તે તે આયુષ્યના ઉદય કાળે જ) આવે છે. તેથી આયુષ્યકર્મના ચારે પ્રકારના જઘન્યાદિ ભેદોના સાદિ અને અધ્રુવ એમ બે બે જ ભાંગા થાય છે.

તથા પૂર્વે કહેલા છ મૂલ કર્મોના, તથા મોહનીય કર્મના પણ તથા શેષ સર્વ કર્મના પણ કહ્યા વિનાના શેષ વિકલ્પો સાદિ-અધ્રુવ જાણવા અર્થાત્ ઉત્કૃષ્ટ અને જઘન્ય તે બધા સાદિ અને અધ્રુવ માત્ર જ જાણવા. અને આ સાદિ અધ્રુવ ભાંગા પૂર્વે સમજાવ્યા જ છે. આ પ્રમાણે સાદિ-અનાદિ ભાંગા જાણવા. ॥ ૬ ॥

***અવતરણ : મૂલ કર્મોની સાદિ-અનાદિની પ્રરૂપણા કરી. હવે ઉત્તર કર્મપ્રકૃતિઓની સાદ્યનાદિની પ્રરૂપણા જણાવે છે.***

**अजहन्नो णुक्कोसो, सगयालाए चउत्तिहा चउहा ।**

**मिच्छत्ते सेसा सिं, दुविहा सव्वे य सेसाणं ॥ ७ ॥**

**ગાથાર્થ :** (૪૭) સુડતાલીસ ધ્રુવોદયી પ્રકૃતિઓનો અજઘન્ય પ્રદેશોદય ચાર પ્રકારે, અને અનુત્કૃષ્ટ પ્રદેશોદય ત્રણ પ્રકારે છે તથા મિથ્યાત્વ મોહનીયના અજઘન્ય અને અનુત્કૃષ્ટ

એમ બન્ને પ્રદેશોદય ચાર પ્રકારે છે તે પ્રકૃતિઓના શેષ વિકલ્પો તથા બાકીની પ્રકૃતિઓના સર્વ વિકલ્પો સાદિ-અધ્રુવ માત્ર જ છે. ॥ ૭ ॥

**વિવેચન :** તૈજસ સપ્તક, વર્ણાદિ વીશ, સ્થિર - અસ્થિર નિર્માણ અગુરુલઘુ, શુભ-અશુભ, જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ, અને દર્શનાવરણીય ચાર એમ કુલ (૪૭) સુડતાલીસ કર્મપ્રકૃતિઓનો અજઘન્ય પ્રદેશોદય ચાર પ્રકારે જાણવો. સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવના ભેદથી, તે આ પ્રમાણે સમજવું :-

કોઈક ક્ષપિતકર્માંશી દેવ ઉત્કૃષ્ટ સંક્લેશમાં વર્તતો હોય તથા ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતો હોય તથા ઉત્કૃષ્ટ પ્રદેશોની ઉદ્વર્તના કરતો હોય તેવો દેવ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કર્યા પછી બન્ધના અંતે મૃત્યુ પામીને એકેન્દ્રિયના ભવમાં ઉત્પન્ન થાય. તે એકેન્દ્રિયના ભવના પ્રથમ સમયમાં વર્તતા જીવને ઉપરોક્ત (૪૭) સુડતાલીસ કર્મપ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશોદય થાય છે. પરંતુ અવધિજ્ઞાનાવરણીય અને અવધિદર્શનાવરણીય આ બે કર્મોના જઘન્ય પ્રદેશોદયનો સ્વામી દેવના ભવમાં જ બન્ધાવલિકાના ચરમ સમયમાં વર્તતો દેવનો જીવ જ જઘન્ય પ્રદેશોદયનો સ્વામી જાણવો.

આ પ્રમાણે તે જઘન્ય પ્રદેશોદય એક સમય જ હોય છે. તેથી સાદિ અને અધ્રુવ જાણવો. આ જઘન્ય પ્રદેશોદયથી અન્ય સર્વ પણ ઉદય અજઘન્ય પ્રદેશોદય કહેવાય છે. તે જઘન્ય પછીના બીજા જ સમયે અજઘન્ય પ્રદેશોદય ચાલુ થાય છે. તેથી બીજા સમયે અજઘન્ય પ્રદેશોદયની સાદિ, તે સ્થાન ન પામેલા જીવને અજઘન્યપ્રદેશોદય અનાદિ, ધ્રુવાધ્રુવ પૂર્વની જેમ જાણવો. આ પ્રમાણે આ (૪૭) સુડતાલીસ કર્મપ્રકૃતિઓનો અજઘન્ય પ્રદેશોદય ચાર પ્રકારે હોય છે.

હવે આ જ (૪૭) સુડતાલીસ કર્મપ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ પ્રદેશોદય ત્રણ પ્રકારે જાણવો. તે આ પ્રમાણે સમજવો :- અનાદિ ધ્રુવ અને અધ્રુવ, ત્યાં ગુણિત કર્માંશી જીવને પોત પોતાના ઉદયના અન્તિમ સમયે ગુણશ્રેણિના મસ્તક ઉપર વર્તતા જીવને ઉત્કૃષ્ટ પ્રદેશોદય હોય છે. અને તે ઉત્કૃષ્ટ પ્રદેશોદય તો માત્ર એક સમય જ હોય છે તેથી સાદિ અધ્રુવ છે. તેનાથી અન્ય સર્વ પણ પ્રદેશોદય તે અનુત્કૃષ્ટ પ્રદેશોદય કહેવાય છે. તે અનુત્કૃષ્ટ પ્રદેશોદય અનાદિ કાળથી ચાલતો હોવાથી અનાદિ કહેવાય છે. ધ્રુવ અને અધ્રુવ પૂર્વની જેમ અભવ્ય અને ભવ્યની અપેક્ષાએ જાણવો.

તથા ધ્રુવોદયી કુલ (૪૮) પ્રકૃતિઓમાં (૪૭)ના ભાંગા ઉપર સમજાવ્યા. એક મિથ્યાત્વ મોહનીય બાકી રહી. હવે તેના સાદિ-અનાદિ ભાંગા કહેવાય છે. મૂલ ગાથામાં

"मिथ्यात्वे" શબ્દ છે. ત્યાં ષષ્ઠીના અર્થમાં સપ્તમી છે. તેથી मिथ्यात्वस्य આવો અર્થ કરવો.

મિથ્યાત્વના અજઘન્ય અને અનુત્કૃષ્ટ એમ બન્ને પ્રદેશોદય સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવના ભેદથી ચાર પ્રકારે જાણવા. તે આ પ્રમાણે છે. ક્ષપિત કર્માંશી જીવ જ્યારે પ્રથમ સમ્યક્ત્વ ઉત્પન્ન કરતો હોય ત્યારે કર્યું છે, અન્તરકરણ જેણે એવો તે જીવ ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને ત્યાંથી જ્યારે પડતો હોય અને મિથ્યાત્વે જતો હોય ત્યારે તે જ અન્તરકરણના પર્યન્ત ભાગમાં ભાવિમાં ઉદયમાં આવવાવાળા એવા મિથ્ખ્યાત્વ મોહનીય કર્મના દલિકોની ગોપૃચ્છાકારે રચેલી જે એક આવલિકાના (પ્રથમ સમયમાં ઘણાં પછી થોડાં થોડાં એમ) ચરમ સમયમાં અતિશય થોડાં દલિક રચ્યાં હોય. ત્યાં આવેલા જીવને જઘન્ય પ્રદેશોદય હોય છે આવો આ જઘન્ય પ્રદેશોદય માત્ર એક સમય પુરતો જ હોય છે તેથી સાદિ-અધ્રુવ જાણવો.

આ જઘન્ય પ્રદેશોદયથી અન્ય સર્વ પણ પ્રદેશોદય તે અજઘન્ય પ્રદેશોદય સમજવો. જઘન્ય પ્રદેશોદયના પછીના બીજા જ સમયમાં જે ઉદય થાય છે. તે અજઘન્ય પ્રદેશોદય કહેવાય છે. બીજા જ સમયે થતા એવા તે અજઘન્ય પ્રદેશોદયની સાદિ જાણવી. અથવા ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને મિથ્યાત્વે જતા જીવને મિથ્યાત્વના ઉદયના પ્રથમ સમયે જે પ્રદેશોદય થાય છે તે અજઘન્ય પ્રદેશોદય હોય છે તે કાળે પણ અજઘન્ય પ્રદેશોદયની સાદિ, તે સ્થાન ન પામેલા જીવને અનાદિ, ધ્રુવ અને અધ્રુવ તો પૂર્વની જેમ જ, આ પ્રમાણે મિથ્યાત્વ મોહનીય કર્મના અજઘન્ય પ્રદેશોદયના સાદ્યાદિ ચાર ભાંગા જાણવા.

તથા મિથ્યાત્વ મોહનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય ત્યારે થાય છે જ્યારે કોઈક ગુણિત કર્માંશી જીવ દેશવિરતિ ગુણની ગુણશ્રેણીમાં વર્તતો હોય તેવામાં જ સર્વવિરતિધર્મ સ્વીકાર કરે અને તેના કારણે સર્વવિરતિ ગુણની પ્રાપ્તિકાળે તેના નિમિત્તની ગુણશ્રેણિનો પ્રારંભ કરે તેને કરીને આગળ વધતો આ જીવ દેશવિરતિ ગુણ માટેની ગુણશ્રેણિનો કાળ મોટું અંતર્મુહૂર્ત છે અને સર્વવિરતિ ગુણ માટેની ગુણશ્રેણિના કાળનું નાનું અંતર્મુહૂર્ત છે તેથી બન્ને ગુણશ્રેણિનું મસ્તક (ચરમસમય) સાથે આવવાનો હોય ત્યારે જ પડીને મિથ્યાત્વે જાય. તેવા જીવને મિથ્યાત્વે ગયેલાને પ્રથમ સમયે જ ઉત્કૃષ્ટ પ્રદેશોદય થાય. તે પ્રદેશોદય એક સમય માત્ર જ હોય તેથી તે ઉત્કૃષ્ટ પ્રદેશોદય સાદિ-અધ્રુવ હોય છે તેનાથી અન્ય સર્વ પણ ઉદય, અનુત્કૃષ્ટ પ્રદેશોદય કહેવાય છે.

મિથ્યાત્વે ગયેલા જીવને બીજા જ સમયે તે અનુત્કૃષ્ટ પ્રદેશોદય હોય છે તે માટે ત્યાં અનુત્કૃષ્ટ પ્રદેશોદયની સાદિ થાય છે આ પ્રમાણે વેદક સમ્યક્ત્વ પામેલા જીવને વેદક

સમ્યક્ત્વના કાળથી પડતા જીવને સાદિ, તે સ્થાન ન પામેલા જીવને અનાદિ તથા ધ્રુવ અને અધ્રુવ પૂર્વની જેમ જ જાણવા.

તથા આ ધ્રુવોદયી (૪૭) સુડતાલીસ કર્મપ્રકૃતિઓના તથા મિથ્યાત્વ મોહનીય કર્મના ઉપર કહ્યા વિનાના બાકીના વિકલ્પો એક જઘન્ય અને બીજો ઉત્કૃષ્ટ આ બન્ને સાદિ અને અધ્રુવના ભેદથી બે જ પ્રકારે જાણવા. આ બન્ને ભેદો અજઘન્ય અને અનુત્કૃષ્ટ સમજાવતાં જ સમજાવેલા છે.

શેષ બાકીની અધ્રુવોદયી કર્મપ્રકૃતિઓ (૧૧૦) એકસોહ અને દશ જે છે. તેના જઘન્ય અજઘન્ય ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ એમ ચારે પ્રકારના ઉદયો સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે જ જાણવા. આ સાદિ અધ્રુવતા તો આ પ્રકૃતિઓ અધ્રુવોદયી હોવાથી જ જાણી લેવી. ॥ ૭ ॥

*અવતરણ : સાદિ-અનાદિની પ્રરૂપણા કરી. હવે સ્વામિત્વ કહેવાનું છે. તે સ્વામિત્વ બે પ્રકારનું છે (૧) ઉત્કૃષ્ટ પ્રદેશોદયનું સ્વામિત્વ, અને જઘન્ય પ્રદેશોદયનું સ્વામિત્વ. ત્યાં ઉત્કૃષ્ટ પ્રદેશોદયનું સ્વામિત્વ સમજાવવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી તેના ઉપાયસ્વરૂપ સંભવતી સર્વે પણ ગુણશ્રેણિઓ સમજાવે છે :-*

**सम्मत्तुप्पा सावग, विरए संजोयणाविणासे य ।**
**दंसणमोहखवगे, कसाय उवसामगुवसंते ॥ ८ ॥**

**खवगे य खीणमोहे, जिणे य दुविहे असंखगुणसेढी ।**
**उदओ तव्विवरीओ, कालो संखेज्जगुणसेढी ॥ ९ ॥**

**ગાથાર્થ :** (૧) સમ્યક્ત્વની ઉત્પત્તિની, (૨) શ્રાવકપણાની, (૩) સર્વવિરતિધર સાધુપણાની, (૪) અનંતાનુબંધિ ચાર કષાયના વિનાશની, (૫) દર્શનમોહનીય ત્રણની ક્ષપણાની, (૬) ચારિત્રમોહનીયના ઉપશામકની, (૭) ઉપશાન્તમોહદશાની, (૮) ચારિત્રમોહના ક્ષપકની. (૯) ક્ષીણમોહની, (૧૦) સયોગી કેવલીની અને (૧૧) અયોગી કેવલીની એમ બે પ્રકારના કેવલી ભગવંતની, આમ કુલ (૧૧) અગીયાર ગુણશ્રેણિઓ જાણવી. આ અગીયારે ગુણશ્રેણિઓ અનુક્રમે અસંખ્યાતગણી કર્મોની નિર્જરાવાળી છે. તથા કાળ સંખ્યાતગુણની શ્રેણિએ તેનાથી વિપરીતપણે સમજવો. ॥ ૯ ॥

**વિવેચન :** નવા નવા પ્રાપ્ત થતા સમ્યક્ત્વાદિ ગુણોના કારણે કર્મોને જલ્દી જલ્દી ખપાવવા માટે ઉપરની સ્થિતિમાંથી ઉતારીને નીચે અસંખ્યાત ગુણાકારના ક્રમે દલિકોને જે ગોઠવવાં તે ગુણશ્રેણિ કહેવાય છે આવી ગુણશ્રેણિઓ કુલ (૧૧) અગીયાર છે તે અનુક્રમે

અસંખ્યાતગણાં વધારે વધારે કર્મોની નિર્જરા કરાવનારી છે અને તે તે કર્મોનો નાશ કરવામાં કાળ ઓછો ઓછો લાગે તેવી આ ગુણશ્રેણિઓ છે તે આ પ્રમાણે -

અહીં કુલ (૧૧) અગીયાર ગુણશ્રેણિઓ છે. તે આ પ્રમાણે :- સમ્યક્ત્વના ઉત્પાદમાં પ્રથમ ગુણશ્રેણી, (૧), તથા બીજી ગુણશ્રેણિ શ્રાવકપણાની એટલે કે દેશવિરતિધર્મ પ્રાપ્ત કરતી વેળાએ ૨, ત્રીજી ગુણશ્રેણિ વિરતમાં એટલે કે સર્વવિરતિધર એવા પ્રમત્ત તથા અપ્રમત્ત ગુણસ્થાનકમાં વર્તતા જીવમાં સર્વવિરતિ પ્રાપ્ત કરવાની ૩, ચોથી ગુણશ્રેણિ અનંતાનુબંધી ચારકષાયની વિસંયોજના કરનારા જીવમાં વિસંયોજનાની. ૪, પાંચમી ગુણશ્રેણિ દર્શનમોહનીયનાં ત્રણ કર્મોને ખપાવનારા જીવમાં ૫, છઠ્ઠી ગુણશ્રેણી ચારિત્ર મોહનીય કર્મને ઉપશમાવનારા ૮-૯-૧૦માં ગુણસ્થાનકે વર્તતા જીવોને ૬, સાતમી ગુણશ્રેણિ ઉપશાન્ત મોહ વીતરાગ નામના અગીયારમાં ગુણસ્થાનકે પહોંચી ગયેલા જીવને ૭, આઠમી ગુણશ્રેણિ ચારિત્ર મોહનીયકર્મના ક્ષપક એવા ૮-૯-૧૦ ગુણસ્થાનકવર્તી ક્ષપકશ્રેણિના જીવને ૮ મી ગુણશ્રેણિ, તથા મોહનો સર્વથા જેણે ક્ષય કર્યો છે તેવા ક્ષીણમોહગુણસ્થાનક વર્તી જીવને ૯ મી, તથા ૧૦ મી ગુણશ્રેણિ સયોગી કેવલી ગુણસ્થાનકે વર્તતા ભગવાનને અને ૧૧ મી ગુણશ્રેણિ અયોગી કેવલી ગુણસ્થાનકે વર્તતા ભગવાનને.

આ પ્રમાણે આ અગિયારે ગુણશ્રેણિઓ અનુક્રમે કર્મપ્રદેશોના નાશની અપેક્ષાએ અસંખ્યાતગણી નિર્જરાવાળી છે. તે આ પ્રમાણે - સમ્યક્ત્વ ઉત્પન્ન કરતા જીવને સમ્યક્ત્વના ઉત્પાદની ગુણશ્રેણિમાં જે કર્મદલિક ગોઠવાય છે તે આગળ આવતી બીજી ગુણશ્રેણિઓ કરતાં સર્વથી થોડુક જ કર્મદલિક હોય છે.

તેના કરતાં દેશવિરતિની ગુણશ્રેણિમાં અસંખ્યાતગુણ અધિક કર્મદલિક નિર્જરા પામે છે. તેના કરતાં પણ સર્વવિરતિની ગુણશ્રેણિમાં અસંખ્યાત ગુણ અધિક કર્મ નિર્જરા પામે છે. આ પ્રમાણે અસંખ્યાત ગુણ અધિક, અસંખ્યાત ગુણ અધિક કર્મોની નિર્જરા ત્યાં સુધી જાણવી કે યાવત્ અયોગિકેવલિ ગુણસ્થાનકે સૌથી વધારે અસંખ્યાતગુણે અધિક કર્મદલિક નિર્જરા થાય છે. આ કારણથી જ આ ઉદય એટલે કે પ્રદેશોદય પણ આ ગુણશ્રેણિઓમાં અનુક્રમે અસંખ્યાત ગુણ અધિક અધિક જાણવો.

તથા કાળ સર્વે પણ આ ગુણશ્રેણિઓમાં તેનાથી વિપરીત એટલે કે પ્રદેશોદયના ક્રમથી વિપરીત ક્રમે સંખ્યાતગુણની શ્રેણિ વડે જાણવો. તે આ પ્રમાણે :- અયોગિ ગુણસ્થાનકે થનારી ગુણશ્રેણિનો કાળ સૌથી થોડો (નાના અંતર્મુહૂર્ત પ્રમાણ) જાણવો. તેના કરતાં સયોગિ કેવલી ગુણસ્થાનકે થનારી ગુણશ્રેણીનો કાળ સંખ્યાતગણો અધિક જાણવો. તેના

કરતાં પણ ક્ષીણમોહગુણસ્થાનકે થનારી ગુણશ્રેણિનો કાળ સંખ્યાતગુણ અધિક જાણવો. આ પ્રમાણે પશ્ચાનુપૂર્વીએ ત્યાં સુધી કહેવું કે યાવત્ સમ્યક્ત્વના ઉત્પાદની ગુણશ્રેણિનો કાળ છેલ્લે સૌથી અધિક સંખ્યાતગુણ આવે.

સમ્યક્ત્વના ઉત્પાદની પ્રથમ ગુણશ્રેણિ તથા બાકીની સર્વ ગુણશ્રેણિઓ યથોત્તર અર્થાત્ લાઈનસર (ક્રમસર) અસંખ્યાતગણા અધિક દલિકો (ના ક્ષય) વાળી છે તથા કાળથી સંખ્યાતગુણ હીન હીન કાળ વાળી છે. ઉપરથી નીચે પહોળી પહોળી અને અનુક્રમે વિશાળ વિશાળતર એવી આ ગુણશ્રેણિઓ હૃદયમાં થાપીને સમજી લેવી.

**પ્રશ્ન :** આ અગિયારે ગુણશ્રેણિઓમાં ક્ષય પામતું કર્મદલિક અનુક્રમે અસંખ્યાત ગુણઅધિક અસંખ્યાત ગુણ અધિક કેમ પ્રાપ્ત થાય છે ? તેનું કારણ શું છે ?

**ઉત્તર :** પ્રથમ ગુણશ્રેણિ સમ્યક્ત્વને પ્રગટ કરતો એવો મિથ્યાદષ્ટિ જીવ કરે છે ઉપરનાં ગુણસ્થાનકોની અપેક્ષાએ આ મિથ્યાદષ્ટિ જીવની વિશુદ્ધિ મન્દ હોવાથી થોડી નિર્જરા થાય છે માટે ગુણશ્રેણિનું દલિક અન્ય ગુણશ્રેણિઓ કરતાં અતિશય અલ્પ હોય છે.

તથા સમ્યક્ત્વ ઉત્પન્ન થઈ ગયે છતે દેશવિરતિ ગુણ પ્રાપ્ત કરતો જીવ વધારે વિશુદ્ધ હોવાથી પૂર્વકાલીન ગુણશ્રેણિની અપેક્ષાએ અસંખ્યાતગુણ અધિક દલિકવાળી ગુણશ્રેણિ હોય છે તે કારણથી દેશવિરતિધર આત્માની ગુણશ્રેણિ અસંખ્યાતગુણ અધિક નિર્જરાવાળી હોય છે કારણ કે દેશવિરતિધર આત્મા અવિરતસમ્યગ્દષ્ટિની અપેક્ષાએ અતિશય વિશુદ્ધિવાળો છે તે માટે, તે દેશવિરતિની ગુણશ્રેણિ કરતાં પણ સર્વવિરતિધરની ગુણશ્રેણિ અસંખ્યાત ગુણ અધિક કર્મદલિકોની નિર્જરા કરાવનારી છે કારણ કે દેશવિરતિધર કરતાં સર્વવિરતિધર વધારે વિશુદ્ધિવાળો જીવ છે.

તેના કરતાં પણ જે સંયતમુનિ છે અને સંયમવાળી અવસ્થામાં જ અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કરે છે તેની ગુણશ્રેણિ અસંખ્યાત ગુણ અધિક દલિકોની નિર્જરા કરનારી હોય છે. કારણ કે તે અતિશય વધારે વિશુદ્ધ છે.

આ પ્રમાણે ઉત્તરોત્તર વધારે વધારે વિશુદ્ધિનો પ્રકર્ષ હોવાથી યથોત્તર કર્મોની નિર્જરામાં અસંખ્યાત ગુણ અધિક અસંખ્યાત ગુણ અધિક દલિક જાણવું. અનુક્રમે વિશુદ્ધિનો પ્રકર્ષ થવાથી જ સંખ્યાત ગુણ હીન સંખ્યાતગુણ હીન એવા અંતર્મુહૂર્ત કાળ વાળી આ ગુણશ્રેણિઓમાં જીવો ક્રમસર અસંખ્યાતગણી અસંખ્યાતગણી કર્મોની નિર્જરા કરવાવાળા હોય છે. આમ કહેવાય છે. સારાંશ કે નિર્જરા અસંખ્યાતગણી અને કાળ સંખ્યાત ગુણ હીન જાણવો. ॥ ૯ ॥

*અવતરણ : હવે કઈ કઈ ગુણશ્રેણિ કઈ કઈ ગતિમાં પ્રાપ્ત થાય ? આ વાત સમજાવે છે :-*


**तिन्निं वि पढमिल्लाओ, मिच्छत्तगए वि हुज्ज अन्नभवे ।**
**पगयं तु गुणियकम्मे, गुणसेढीसीसगाणुदए ॥ १० ॥**

ગાથાર્થ : પ્રથમની ત્રણે ગુણશ્રેણિઓ મિથ્યાત્વે ગયેલા જીવને અપ્રશસ્તભાવે મત્યુ પામેલા જીવને પરભવમાં પણ હોય છે. આવી ગુણશ્રેણીના મસ્તકમાં વર્તતો ગુણિકર્માંશી જીવ ઉત્કૃષ્ટ પ્રદેશોદયનો સ્વામી થાય છે. ॥ ૧૦ ॥

**વિવેચન :** પ્રથમની જે ત્રણ ગુણશ્રેણિઓ છે. (૧) સમ્યક્ત્વની ઉત્પત્તિની ગુણશ્રેણિ, (૨) દેશવિરતિની પ્રાપ્તિની ગુણશ્રેણિ, અને (૩) સર્વવિરતિની પ્રાપ્તિની ગુણશ્રેણિ, આવા પ્રકારના ત્રણ ગુણોની પ્રાપ્તિ કરતી વખતે ક્રમશઃ નાના નાના અન્તર્મુહૂર્તકાળવાળી ત્રણ ગુણશ્રેણિઓનો આ જીવે પ્રારંભ કર્યો. દાખલા તરીકે સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં જે ઉજ્વળ પરિણામ છે તેવા પરિણામના કારણે ૧૦૦ સમયના કાળ વાળા એક અંતર્મુહૂર્ત પ્રમાણ ગુણશ્રેણિ પ્રારંભી (ગુણોની પ્રાપ્તિના કારણે ઉજ્જવળ પરિણામ હોવાથી કર્મોની ઉપરથી સ્થિતિનો ઘાત તથા રસનો ઘાત કરીને ઉપરનાં લગભગ નિરસ થયેલાં કર્મદલિકોને નીચે ઉતારીને ઉદય હોય તેનાં ઉદય સમયથી અને ઉદય ન હોય તેનાં એક આવલિકા પછીના સમયથી ૧૦૦ મા સમય સુધી અસંખ્યાત ગુણાકારે દલિકરચના આ જીવે કરી). ત્યારબાદ વીસ સમય ગયા પછી આ જ જીવ દેશવિરતિ ગુણને પામવાનો પ્રારંભ કરે છે. તે ઉચ્ચતર ગુણની પ્રાપ્ત કરતી વખતે ગુણના નિમિત્તે ફરીથી બીજી પણ ગુણશ્રેણિ પ્રારંભે છે. પરંતુ તે ગુણશ્રેણિ કાળથી નાના અંતર્મુહૂર્ત પ્રમાણ અને દલિકની અપેક્ષાએ અસંખ્યાતગુણ અધિક દલિકવાળી આ જીવ કરે છે. એટલે ઉપરથી સ્થિતિઘાત તથા રસઘાતવડે જે કર્મદલિક ઉતાર્યાં અને નિરસ કર્યાં છે તે દલિકો જે વધારે ઉતારે છે અને અસંખ્યાતગુણાકરે ગોઠવે છે. ૨૧ થી ૧૦૦ સમયમાં એટલે કે માત્ર ૮૦ સમયમાં અસંખ્યાત ગુણાકારે ગોઠવે છે. ત્યારબાદ આ જ જીવ પરિણામની ધારા વૃદ્ધિ પામતાં સર્વવિરતિ ધર્મનો સ્વીકાર કરે છે હવે જ્યારે સર્વવિરતિ ધર્મ સ્વીકારે છે ત્યારે ૪૦ મા સમયે તે પહોંચ્યો છે. ત્યારે સર્વવિરતિધર્મ સ્વીકાર કરતાં વિશુદ્ધિ વધારે હોવાથી દેશવિરતિ કરતાં પણ નાના અંતર્મુહૂર્ત પ્રમાણ એટલે કે ૪૧ થી ૧૦૦ સમયના કાળમાં તે દલિક અસંખ્યાત ગુણાકારે ગોઠવે છે. આ પ્રમાણે ત્રણે ગુણશ્રેણિઓ રચીને આગળ આવતા તે જીવને જ્યારે ૧૦૦ મા સમયે ત્રણે ગુણશ્રેણિઓનાં મસ્તકો ભેગાં થવા આવે છે ત્યારે ૯૫ મા સમય આસપાસ અપ્રશસ્ત મૃત્યુ વડે તે જીવ

મૃત્યુ પામીને નરકાદિ ભવમાં ઉત્પન્ન થાય અને ત્યાં ૧૦૦ મો સમય આવે. અર્થાત્ ત્રણે ગુણશ્રેણિનાં મસ્તકો સાથે થાય ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશોદયનો સ્વામી થાય છે.

આ ત્રણે ગુણશ્રેણિનું મસ્તક જ્યાં ભેગુ થતું હોય ત્યાં ઉત્કૃષ્ટ પ્રદેશોદયનો આ જીવ સ્વામી જાણવો. બાકી શેષ ગુણશ્રેણિઓ ઘણી જ વિશુદ્ધિવાળી હોવાથી નારકાદિના ભવ જેવા અશુભ એવા પરભવમાં પ્રાપ્ત થતી જ નથી. કારણ કે નારકાદિના ભવની પ્રાપ્તિ અપ્રશસ્ત મરણવડે જ પ્રાપ્ત થાય છે અને ઉપરની શેષ ગુણશ્રેણીઓમાં વર્તતો જીવ આવા




પ્રકારના અશુભ મૃત્યુ વડે મૃત્યુ પામતો નથી. પરંતુ તે તે ગુણોના નિમિત્તે રચાયેલી ગુણશ્રેણિઓ સમાપ્ત થયા પછી જ મૃત્યુ પામે છે.

પરમ પૂજ્ય ચન્દ્રર્ષિમહત્તરાચાર્યશ્રીએ પંચસંગ્રહ નામના ગ્રંથમાં કહ્યું છે કે :-

**झत्ति गुणाओ पडिए, मिच्छत्तगयम्मि आइमा तिन्नि ।**
**लब्भन्ति न सेसाओ, जं खीणासुं असुभमरणं ॥ १ ॥**

**અર્થ :** ગુણથી જલ્દી જલ્દી પતિત થયે છતે મિથ્યાત્વે ગયેલા જીવને ત્રણે ગુણશ્રેણિનું મસ્તક સાથે પ્રાપ્ત થાય છે પણ શેષ ગુણશ્રેણિઓમાં આ મૃત્યુનો સંભવ નથી. કારણ કે શેષ ગુણશ્રેણિઓ ક્ષીણ થયે છતે જ અશુભ મરણ થાય છે. (તે ગુણશ્રેણિઓ વર્તતી હોય ત્યારે મૃત્યુ થતું જ નથી.).

હવે કહેવાતા ઉત્કૃષ્ટ પ્રદેશોદયના સ્વામિત્વમાં આવા પ્રકારની યથાયોગ્ય રીતે સંભવતી ગુણશ્રેણિઓના મસ્તકમાં (એટલે કે ગુણશ્રેણિના ચરમ સમયમાં) વર્તતા અને તે તે પ્રકૃતિના ઉદયવાળા જીવને આ સ્વામિત્વ સંભવે છે. ॥ ૧૦ ॥

*અવતરણ : ઉત્કૃષ્ટ પ્રદેશોદયના સ્વામિત્વમાં જ વધારે વિવેક સમજાવે છે.*

**आवरणविग्घमोहाण जिणोदइगाण वावि णियगंते ।**
**लहुखवणाए ओहीणणोहिलद्धिस्स उक्कस्सो ॥ ११ ॥**

**ગાથાર્થ :** આવરણીય કર્મ (૫+૪=૯) નવ, અંતરાયકર્મ પાંચ, તથા મોહનીય કર્મની (આઠ) પ્રકૃતિઓનો અને જિનેશ્વર પરમાત્માને ઉદયમાં હોય તેવી (૫૨+૨+૧૨=૬૬) કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય લઘુક્ષપણાએ ક્ષયકશ્રેણિ પ્રારંભ કરનારા જીવને પોતપોતાના ઉદયના ચરમ સમયે સ્વામી જાણવો. ફક્ત એટલી જ વિશેષતા છે કે અવધિ જ્ઞાનાવરણીય અને અવધિદર્શનાવરણીયના સ્વામી તે જીવો જાણવા કે જે જીવો અવધિલબ્ધિ વિનાના જ હોય. ॥ ૧૧ ॥

**વિવેચન :** જ્ઞાનાવરણીય કર્મ પાંચ, દર્શનાવરણીય કર્મ ચાર, અને અંતરાયકર્મ પાંચ સર્વ સંખ્યા મળીને કુલ (૧૪) ચૌદ કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશોદયનો સ્વામી તે જીવ જાણવો કે જે જીવ લઘુક્ષપણાએ ક્ષય કરવા તત્પર બન્યો હોય તેવા તે ગુણિતકર્માંશી જીવને બારમા ક્ષીણમોહ ગુણસ્થાનકના ચરમસમયમાં ગુણશ્રેણિના મસ્તકમાં વર્તતો હોય તેવો જીવ સ્વામી જાણવો.

અહીં કર્મોની ક્ષપણા બે પ્રકારની છે (૧) લઘુક્ષપણા અને (૨) ચિરક્ષપણા, । ત્યાં જે આત્મા આઠ વર્ષની ઉંમર વાળો હોય તથા (ગર્ભકાળ સંબંધી) સાત માસની અધિક ઉંમરવાળો હોય, તેવો જીવ ધારો કે સંયમ સ્વીકાર કરે, તે સંયમની પ્રાપ્તિ પછી ઉત્કૃષ્ટ વૈરાગ્યવાહી પરિણામના બળે અંતર્મુહૂર્ત માત્ર કાળે જ ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરે આવા જીવની જે કર્મોની ક્ષપણા તે લઘુક્ષપણા કહેવાય છે અને જે જીવ ઘણો લાંબો કાળ ઘરસંસારમાં રહી ગૃહસ્થાવાસ અનુભવીને સંયમને સ્વીકારે તથા સંયમને સ્વીકાર્યા પછી પણ ઘણો લાંબો કાળ સંયમ પાળીને ત્યારબાદ મોડી મોડી શ્રપકશ્રેણિ પ્રારંભે તેવા જીવની જે કર્મોની ક્ષપણા તે ચિરક્ષપણા કહેવાય છે.

જે જીવ ચિરક્ષપણા વડે ક્ષપકશ્રેણિ પ્રારંભે તેને સંયમપાલનમાં અને તપ-જાપ-સ્વાધ્યાય આદિ ઉત્તમ અનુષ્ઠાનોના આચરણમાં ઘણાં ઘણાં કર્મપુદ્ગલો નાશ પામે છે તેથી આવા જીવો જ્યારે બારમા ગુણઠાણે જાય છે ત્યારે તેવા જીવને ઘણાં કર્મપુદ્ગલો નાશ પામી ગયાં હોવાથી ઉત્કૃષ્ટ પ્રદેશોદય પ્રાપ્ત થતો નથી. તે માટે લઘુક્ષપણા વડે ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરનાર જીવ અહીં ઉત્કૃષ્ટ પ્રદેશના ઉદયનો સ્વામી કહ્યો છે.

આ સ્વામિત્વમાં આટલી વિશેષતા જાણવી કે અવધિજ્ઞાનાવરણીય તથા અવધિ દર્શનાવરણીય એમ બે કર્મોના ઉત્કૃષ્ટ પ્રદેશોદયનો સ્વામી તે જીવ જાણવો કે જે જીવ અનવધિલબ્ધિક હોય અર્થાત્ અવધિજ્ઞાનની અને અવધિદર્શનની લબ્ધિથી રહિત હોય, કારણ કે અવધિજ્ઞાનની લબ્ધિ પ્રાપ્ત કરતી વેળાએ જ તે કર્મનાં ઘણાં ઘણાં કર્મપુદ્ગલોનો આ જીવ વિનાશ કરે છે તેથી અવધિલબ્ધિ યુક્ત જીવને ઉત્કૃષ્ટ પ્રદેશોદયની પ્રાપ્તિ હોતી નથી. તેથી જ મૂલગાથામાં "अनवधिलब्धिकस्य" આવું વિશેષણ ગ્રંથકારશ્રીએ કહ્યું છે.

તથા મોહનીયકર્મમાં (૧) સમ્યક્ત્વમોહનીય, (૪) સંજ્વલનકષાયની ચોકડી, (૩) અને ત્રણ વેદ એમ કુલ આઠ (૮) કર્મપ્રકૃતિઓનો લઘુક્ષપણા દ્વારા કર્મોનો ક્ષય કરવા માટે તત્પર થયેલા ગુણિતકર્માંશી જીવને પોત પોતાના ઉદયના ચરમ સમયે ઉત્કૃષ્ટ પ્રદેશોદય જાણવો.

તથા જિનેશ્વર કેવલી ભગવંતને છે ઉદય જે જે કર્મોનો તે તે કર્મો જિનોદયિક કહેવાય છે. તેમાં ઔદારિક સપ્તક, તૈજસ સપ્તક, સંસ્થાન ષટ્ક, પ્રથમ સંઘયણ, વર્ણાદિ વીશ, પરાઘાત, ઉપઘાત, અગુરુલઘુ, વિહાયોગતિ દ્વિક, પ્રત્યેક, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ અને નિર્માણ નામકર્મ સ્વરૂપ એમ કુલ (૫૨) બાવન કર્મપ્રકૃતિઓનો ગુણિતકર્માંશી જીવને સયોગિકેવલિ ગુણસ્થાનકના ચરમ સમયે ઉત્કૃષ્ટ પ્રદેશોદય થાય છે.

સુસ્વર અને દુઃસ્વર નામકર્મનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય ઉચ્છ્વાસનો નિરોધ કરે ત્યારે સ્વામી જાણવો. તથા સાતા અસાતા એ બેમાંથી કોઈપણ એક વેદનીયકર્મ (કે જેનો ત્યાં ઉદય ચાલતો હોય તે) તથા મનુષ્યગતિ, મનુષ્યનું આયુષ્ય, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્તા, સૌભાગ્ય, આદેય, યશઃકીર્તિ, તીર્થંકર નામકર્મ, ઉચ્ચગોત્ર એમ કુલ (૧૨) બાર પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય ગુણિતકર્માંશી જીવને અયોગિગુણસ્થાનકના ચરમ સમયમાં સ્વામી જાણવો. કારણ કે ત્યાં તે ગુણશ્રેણિનું મસ્તક જ્યારે આવે ત્યારે સૌથી વધારે પ્રદેશોનો ઉદય સંભવે છે. ॥ ૧૧ ॥

**उवसंत पढमगुणसेढीइ, णिद्दादुगस्स तस्सेव ।**
**पावइ सीसगमुदयंति, जायदेवस्स सुरनवगे ॥ १२ ॥**

**ગાથાર્થ :** ઉપશાન્ત મોહ ગુણસ્થાનકે વર્તતા અને તેના નિમિત્તે જ રચાયેલી ગુણશ્રેણિના મસ્તકે વર્તતા જીવને નિદ્રાદ્વિકનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય હોય છે. તથા તે જ ઉપશાન્તમોહ ગુણસ્થાનકવર્તી જીવ પોતાની ગુણશ્રેણિના મસ્તકવાળો સમય આવવાનો હોય તેના પૂર્વ

સમયમાં મૃત્યુ પામી વૈમાનિક દેવમાં દેવપણે ઉત્પન્ન થાય તેવા તે જીવને ગુણશ્રેણિના મસ્તક વાળા સમયમાં વર્તતાને દેવદ્વિક તથા વૈક્રિયસપ્તક એમ ૯ કર્મ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય હોય છે. ॥ ૧૨ ॥

**વિવેચન :** જે આત્માએ માનવભવમાં આવીને ઉપશમશ્રેણિ પ્રારંભી હોય અને તે ઉપશમશ્રેણિના નિમિત્તની ગુણશ્રેણિ કરી હોય અને જ્યારે તે ગુણશ્રેણિના મસ્તકનો સમય આવે અર્થાત્ ગુણશ્રેણિનો ચરમ સમય આવે ત્યારે નિદ્રાદ્વિકનો એટલે કે નિદ્રા અને પ્રચલાનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય થાય છે.

તથા તે જ ઉપશાન્ત મોહ વીતરાગ દશાવાળો જીવ આ ઉપશાન્તમોહના નિમિત્તવાળી ગુણશ્રેણિ પ્રારંભીને ઉપરના ગુણ સ્થાનકોમાં આરૂઢ થયો હોય અને ગુણશ્રેણિના મસ્તક ઉપર આવવાની તૈયારી વાળો હોય ત્યારે ગુણશ્રેણિના મસ્તકભૂત ચરમસમયની પૂર્વ સમયમાં જ મૃત્યુ પ્રાપ્ત કરે અને મૃત્યુ પ્રાપ્ત કરીને દેવભવ પ્રાપ્ત કરે. ત્યાં દેવભવના પ્રથમ સમયે એટલે કે ગુણશ્રેણિના મસ્તકના ચરમસમયમાં વર્તતા તે જીવને દેવનવક એટલે કે દેવદ્વિક અને વૈક્રિયસપ્તક એમ નવ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય થાય છે. ॥ ૧૨ ॥

**मिच्छत्तमीसणंताणुबंधिअसमत्तथीणगिद्धीणं ।**
**तिरिउदएगंताण य बिइया तइया य गुणसेढी ॥ १३ ॥**

**ગાથાર્થ :** મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય, અનંતાનુબંધી ચાર કષાય, અપર્યાપ્ત નામકર્મ, થિણદ્ધિત્રિક, તથા એકાન્તે તિર્યંચગતિમાં જ છે ઉદય જેનો એવી સાત પ્રકૃતિઓ, કુલ (૧૭) સત્તર કર્મપ્રકૃતિઓનો બીજી અને ત્રીજી ગુણશ્રેણિનું મસ્તક સાથે જ્યારે આવવાનું હય ત્યારે તેના ઉદયમાં વર્તતા જીવને ઉત્કૃષ્ટ પ્રદેશોદય થાય છે. ॥ ૧૩ ॥

**વિવેચન :** મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, અનન્તાનુબંધી ચાર કષાય, અપર્યાપ્ત નામકર્મ, થિણદ્ધિત્રિક, તથા તિર્યંચગતિમાં જ એકાન્તે છે ઉદય જેનો એવી એકેન્દ્રિય બેઇન્દ્રિય તેઇન્દ્રિય ચઉરિન્દ્રિયજાતિ તથા સ્થાવર સૂક્ષ્મ અને સાધારણ નામકર્મ એમ કુલ સર્વ મળીને (૧૭) સત્તર કર્મ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય જ્યારે આ જીવે દેશવિરતિગુણ પ્રાપ્ત કરવા માટે તેના નિમિત્તની ગુણશ્રેણિ પ્રારંભી હોય તેનો કાળ મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ હોય. તેમાંથી થોડોક કાળ પસાર કર્યો હોય અને તુરત જ સર્વવિરતિ ગુણ પ્રાપ્ત કરવાની તૈયારીવાળો થાય તેના નિમિત્તે પણ નાના અંતર્મુહૂર્ત કાળની ગુણશ્રેણિ બનાવે. આ બન્ને ગુણશ્રેણિનાં મસ્તક ભેગાં થવાનાં હોય ત્યારે તે તે પ્રકૃતિના ઉદયકાળે તે તે પ્રકૃતિના ઉત્કૃષ્ટ પ્રદેશોના ઉદયનો આ જીવ સ્વામી થાય છે.

**ભાવાર્થ** આ પ્રમાણે છે કે :- કોઈક જીવે દેશવિરતિ ગુણ પ્રાપ્ત કર્યો અને તે ગુણ પ્રાપ્ત કરવાના કારણે તે ગુણસંબંધી ગુણશ્રેણિ પ્રારંભી જેનો કાળ અંતર્મુહૂર્ત છે. પણ આગળ આવતી સંયમની ગુણશ્રેણિ કરતાં જેનું અંતર્મુહૂર્ત મોટુ છે ત્યારબાદ થોડોક કાળ ગયા પછી સર્વવિરતિધર્મ (સંયમ) પ્રાપ્ત કર્યું તે કારણથી તે સંયમના નિમિત્તે પણ ગુણશ્રેણિ કરી, જે નાના અંતર્મુહૂર્ત કાળવાળી હોય, ત્યારબાદ જે કાળે આ બન્ને ગુણશ્રેણિનાં મસ્તક એકત્ર થવાનાં હોય સાથે મળવાનો સમય આવવાનો હોય, તે કાલે વર્તતો કોઈક ગુણિતકર્માંશી જીવ જો પડીને કદાચ મિથ્યાત્વ ગુણસ્થાનકે જાય તો તે જીવને મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધી ચાર કષાય એમ પાંચ કર્મપ્રકૃતિઓનો જે ઉદય થાય તે પાંચ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય કહેવાય. કારણ કે ત્યાં બન્ને શ્રેણિનાં મસ્તક સાથે થયેલાં છે એટલે ઘણાં ઘણાં દલિકો છે અને તેનો ઉદય થયેલો છે. માટે ત્યાં ઉત્કૃષ્ટ પ્રદેશોદય થાય છે.

તથા આ બન્ને ગુણશ્રેણિનું મસ્તક આવવાનું હોય ત્યારે તેના પૂર્વસમયમાં તે જીવ પતન પામીને મિશ્ર ગુણસ્થાનકે જાય. અને ત્યાં મિશ્રમોહનીયનો ઉદય શરૂ થાય. ત્યારે બન્ને ગુણશ્રેણિના મસ્તક ઉપર વર્તતા અને મિશ્રે ગયેલા તે જીવને મિશ્રમોનીયનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય થાય છે.

થિણદ્ધિત્રિકના ઉત્કૃષ્ટ પ્રદેશોદયનો સ્વામી તો આવો જીવ કે જે બન્ને ગુણશ્રેણિના મસ્તકે વર્તે છે. તે જીવ મિથ્યાત્વે જાય તો મિથ્યાત્વે, અને ધારો કે મિથ્યાત્વે ન જાય તો બેથી છઠ્ઠા ગુણ સ્થાનકમાં ક્યાંય પણ વર્તતો હોય ત્યારે જો થિણદ્ધિત્રિકનો ઉદય થાય તો બન્ને શ્રેણિના મસ્તકે વર્તતા જીવને થિણદ્ધિત્રિકનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય થાય છે. પ્રમત્ત સંયત નામના છઠ્ઠા ગુણસ્થાનક સુધી થિણદ્ધિત્રિકનો ઉદય સંભવે છે તે માટે ત્યાં સુધીના જીવો સ્વામી જાણવા.

તથા તિર્યંચગતિમાં જ છે ઉદય જેનો એવી એકાન્ત તિર્યંચ પ્રાયોગ્ય એકેન્દ્રિય બેઈન્દ્રિય. તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય એમ કુલ ચાર જાતિ, સ્થાવર સૂક્ષ્મ અને સાધારણ નામકર્મ એમ કુલ સાત પ્રકૃતિઓ તથા અપર્યાપ્ત નામકર્મ સર્વ મળીને કુલ આઠ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશોદયનો સ્વામી તે જીવ સમજવો કે જે જીવે દેશવિરતિ અને સર્વવિરતિ આ બન્ને ગુણો પ્રાપ્ત કરવા માટેની બન્ને ગુણશ્રેણિઓ કરી હોય અને ત્યારબાદ સમ્યક્ત્વાદિ (સમ્યક્ત્વ-દેશવિરતિ અને સર્વવિરતિ)થી પતન પામીને મિથ્યાત્વે ગયો હોય અને ત્યાં મિથ્યાત્વે જઈને અપ્રશસ્ત મરણવડે મૃત્યુ પામીને તિર્યંચગતિમાં ગયો હોય ત્યાં આ બન્ને ગુણશ્રેણિઓ (કે જે પૂર્વે ગુણપ્રાપ્ત કરતી વખતે) શરૂ કરી છે તે બન્નેનું મસ્તક ભેગુ થવાનું હોય ત્યાં બન્ને

ગુણશ્રેણીના મસ્તકવાળા મસ્તકના એક જ સમયમાં વર્તતો જીવ હોય ત્યારે યથાયોગ્યપણે પોતપોતાના ઉદયમાં વર્તતા તે જીવને ઉત્કૃષ્ટ પ્રદેશોદય હોય છે. ॥ ૧૩ ॥

**अंतरकरणं होहित्ति, जायदेवस्स तं मुहुत्तंतो ।**
**अट्ठण्ह कसायाणं, छण्हं पि य णोकसायाणं ॥ १४ ॥**

**ગાથાર્થ :** જે આત્માએ ઉપશમશ્રેણિનો પ્રારંભ કર્યો છે અને અંતરકરણ થવાની તૈયારી છે તેના પૂર્વસમયમાં જ મૃત્યુ પામીને દેવપણે ઉત્પન્ન થાય તેવા જીવને અંતર્મુહૂર્ત પછી ગુણશ્રેણિના મસ્તકે વર્તતા જીવને આઠ કષાયો અને છ નોકષાયોનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય થાય છે. ॥ ૧૪ ॥

**વિવેચન :** અહીં ધારો કે કોઈક જીવે ઉપશમશ્રેણિનો પ્રારંભ કર્યો છે. નવમા ગુણસ્થાનકે ગયો છે અને હવે મોહનીયકર્મની પ્રકૃતિઓનું અંતરકરણ થવાનું છે. તેના પૂર્વસમયમાં જ મૃત્યુ પ્રાપ્ત કરીને દેવપણે ઉત્પન્ન થયો, અને ઉત્પન્ન થયા પછી અંતર્મુહૂર્તથી આગળ ગુણશ્રેણિનું મસ્તક આવવાનું છે ત્યાં પહોંચેલા અર્થાત્ ગુણશ્રેણિના મસ્તકે વર્તતા એવા તે જીવને અપ્રાપ્યાખ્યાનાવરણ તથા પ્રત્યાખ્યાનીય ચાર-ચાર એમ કુલ આઠ કષાયોનો તથા ત્રણવેદને વર્જીને શેષ છ નોકષયોનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય થાય છે.

અહીં એક અંતર્મુહૂર્ત ગયા પછી જ ગુણશ્રેણિનું મસ્તક આવે છે. તે માટે આમ કહ્યું છે કે "जायदेवस्स तं मुहुत्तंतो" દેવપણે જન્મેલા તે જીવને અંતર્મુહૂર્ત કાળ ગયા પછી જ્યારે ગુણશ્રેણિનું મસ્તક આવે ત્યારે સ્વામી જાણવો. ઘણાં ઘણાં કર્મદલિકોની રચના ત્યાં કરેલી છે. તે માટે ત્યાં સ્વામી કહ્યો છે. ॥ ૧૪ ॥

**हस्सठिइं बंधित्ता, अद्धाजोगाइठिइणिसेगाणं ।**
**उक्कस्सपए पढमोदयम्मि सुरणारगाऊणं ॥ १५ ॥**

**ગાથાર્થ :** બન્ધકાલ, યોગ, અને પ્રથમ સમયમાં નિષેક રચના આ ત્રણ ઉત્કૃષ્ટપદે હોતે છતે જઘન્ય સ્થિતિ બંધ કરીને તે જીવ મૃત્યુ પામી દેવ અથવા નરકના ભવમાં જન્મ પામે તેવા જીવને ઉત્પત્તિના પ્રથમ સમયે દેવાયુષ્ય અને નરકના આયુષ્યનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય થાય છે. ॥ ૧૫ ॥

**વિવેચન :** अद्धा એટલે બંધકાલ, जोगः એટલે યોગ દશા મન-વચન અને કાયાનો યોગ, आइठिइणिसेगाणं - પ્રથમ સમયમાં નિષેકરચના, આ ત્રણે કામો उक्कोसपए - ઉત્કૃષ્ટ

પદે કરે. પરંતુ हस्सठिइं बंधित्ता - પરભવનું આયુષ્ય જઘન્ય સ્થિતિવાળું બાંધે.

ઉપરની વાતનો સારાંશ એવો છે કે - કોઈ મનુષ્યનો જીવ આવતા ભવનું દેવનું અથવા નરકનું જઘન્ય ૧૦,૦૦૦ દશ હજાર વર્ષનું આયુષ્ય બાંધે અને તે આયુષ્ય કર્મ બાંધવાનો જે અંતર્મુહૂર્ત કાળ છે તે (૧) મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ જાણવો અર્થાત્ ઘણા મોટા અંતર્મુહૂર્ત સુધી આ આયુષ્યકર્મનો બંધ કર્યા જ કરે. જેથી ઘણાં દલિકો ગ્રહણ થાય. તથા વળી (૨) જ્યારે જ્યારે આ આયુષ્યકર્મ બાંધે ત્યારે ત્યારે ઉત્કૃષ્ટ યોગથી બાંધે જેથી ઘણા ઘણા પ્રદેશોનું ગ્રહણ થાય. તથા (૩) બંધાતા તે આયુષ્યકર્મની જે દલિક રચના થાય છે. ત્યાં પ્રથમસમયમાં ઉત્કૃષ્ટ દલિકરચના કરે આ પ્રમાણે (૧) અદ્ધાકાલ (આયુષ્ય બાંધવાનો અંતર્મુહબૂર્ત કાળ) (૨) યોગદશા (મન-વચન અને કાયાનો યોગ), અને (૩) તે તે આયુષ્યના પ્રથમ સમયમાં અધિક દલિકરચના. આ ત્રણ ઉત્કૃષ્ટ પદે હોય, અને દેવ-નરકની જે સ્થિતિ બંધાય તે જઘન્ય સ્થિતિ (૧૦,૦૦૦ દશ હજાર વર્ષ) પ્રમાણ બંધાય જેથી તે તમામ દલિક રચના આટલા વર્ષની સ્થિતિમાં જ ગોઠવે તેવા જીવને દેવભવના પ્રથમ સમયે દેવાયુષ્યનો અને નરકભવના પ્રથમ સમયે નરકના આયુષ્યનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય થાય છે. ॥ ૧૫ ॥

**अद्धाजोगुक्कोसे, बंधित्ता भोगभूमिगेसु लहुं ।**
**सव्वप्पजीवियं, वज्जइत्तु ओवट्टिया दोण्हं ॥ १६ ॥**

**ગાથાર્થ :** બંધકાળ અને યોગદશા, આ બન્ને વડે ઉત્કૃષ્ટ દશામાં વર્તીને એક જીવ તિર્યંચાયુષ્ય અને બીજો એક જીવ મનુષ્યાયુષ્યને બાંધીને યુગલિક ભૂમિમાં જન્મ્યો, ત્યાં સર્વથી અલ્પ એવા એક અંતર્મુહૂર્ત પ્રમાણ આયુષ્યને રાખીને બાકીના સર્વ આયુષ્યની અપવર્તના કરી. તેવા જીવને અપવર્તનાકરણ કર્યા પછીના પ્રથમ સમયે એક જીવને તિર્યંચાયુષ્યનો અને બીજા જીવને મનુષ્યાયુષ્યનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય હોય છે. ॥ ૧૬ ॥

**વિવેચન :** એક જીવ તિર્યંચાયુષ્ય અને બીજો જીવ મનુષ્યાયુષ્ય બાંધે, જ્યારે બાંધે ત્યારે મોટા અંતર્મુહૂર્તકાળ સુધી બાંધે જેથી ઘણા કર્મદલિકો ગ્રહણ થાય. તથા તે બંધકાળવાળા કાળમાં ઉત્કૃષ્ટ યોગવાળો જે જીવ થાય તેવો જીવ લેવો, જેથી યોગદશાના કારણે ઘણાં ઘણાં કર્મદલિકો જીવ ગ્રહણ કરે જેથી ઉત્કૃષ્ટ પ્રદેશોનો ઉદય બની શકે.

આમ ઉત્કૃષ્ટ બન્ધકાલ તથા ઉત્કૃષ્ટ યોગદશામાં વર્તતો એવો એક જીવ યુગલિકભૂમિનું ત્રણ પલ્યોપમની સ્થિતિવાળું તિર્યંચાયુષ્ય અને બીજો જીવ આવું જ મનુષ્યાયુષ્ય બાંધે, બાંધ્યા પછી તુરત જ મૃત્યુ પામીને તિર્યંચાયુષ્ય બાંધ્યું હોય તે જીવ યુગલિકતિર્યંચમાં અને


બીજો જીવ યુગલિક મનુષ્યમાં જલ્દી જલ્દી ઉત્પન્ન થાય ત્યાં ઉત્પન્ન થતાંની સાથે જ સૌથી અલ્પ જીવન માત્ર એક અંતર્મુહૂર્ત પ્રમાણ તે તે ભવને યોગ્ય એવું ભોગવવા માટે રાખીને તે એક અંતર્મુહૂર્ત પ્રમાણ આયુષ્યને વર્જીને શેષ તમામ આયુષ્યની અંતર્મુહૂર્તન્યૂન ત્રણ પલ્યોપમની તિર્યંચનો જીવ તિર્યંચાયુષ્યની અને મનુષ્યનો જીવ મનુષ્યાયુષ્યની એમ બન્ને જીવો બન્ને આયુષ્યની અપવર્તના કરે.

સમસ્ત આયુષ્યકર્મનાં કર્મપ્રદેશો શેષ રાખેલા એક અંતર્મુહૂર્તમાં જ લાવીને ગોઠવે. આવી અપવર્તના કર્યા પછીના પ્રથમ સમયે જ એક જીવને તિર્યંચાયુષ્યનો અને બીજા જીવને મનુષ્યના આયુષ્યનો જે ઉદય હોય તે ઉત્કૃષ્ટ પ્રદેશોદય હોય છે ઉપરથી અપવર્તના કરીને ઉતારેલાં ઘણાં જ ઘણાં દલિકોનો ઉદય સાથે હોવાથી ત્યાં ઉત્કૃષ્ટ પ્રદેશોદય જોવા મળે છે. તથા આ વચનથી યુગલિક આયુષ્યની પણ અપવર્તના થાય છે. એમ સમજાય છે.॥૧૬॥

**दुभगणाइज्जाजस, गइदुगअणुपुव्वितिगसणीयाणं ।**
**दंसणमोहखवणा, देसविरइ विरइगुणसेढी ॥ १७ ॥**

**ગાથાર્થ :** દર્શનમોહનીયની ક્ષપણા, દેશવિરતિધર્મનો સ્વીકાર, અને સર્વવિરતિધર્મનો સ્વીકાર, એમ ત્રણ ગુણોની પ્રાપ્તિ નિમિત્તે કરાયેલી ત્રણે ગુણશ્રેણિનાં એકીસાથે આવતા મસ્તકવાળા સમયમાં વર્તતો જીવ દૌર્ભાગ્ય અનાદેય અપયશ નામકર્મ નીચગોત્રકર્મ તથા સાથે સાથે બે ગતિદ્વિક અને મનુષ્યાનુપૂર્વીનો ઉત્કૃષ્ટ પ્રદેશોનો ઉદય કરે છે. ॥ ૧૭ ॥

**વિવેચન :** કોઈક જીવ અવિરત સમ્યગ્દષ્ટિ હોતે છતે ક્ષયોપશમ સમ્યક્ત્વવાળો હોય અને ત્યાં તે જીવે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાની શરૂઆત કરી. તેથી દર્શનમોહનીય ત્રણ કર્મોને ખપાવવા માટે તેના નિમિત્તની ગુણશ્રેણિ પ્રારંભી, ત્યાં વળી થોડોક સમય ગયા પછી દેશવિરતિગુણ પ્રાપ્ત કરવાની તમન્ના થઈ તેથી તેના નિમિત્તની તેના કરતાં ઓછા સમયવાળી બીજી ગુણશ્રેણિ કરી. ત્યારબાદ તે જીવને સર્વવિરતિધર્મ સ્વીકાર કરવાની તમન્ના થઈ, તેથી તેના નિમિત્તની ગુણશ્રેણિ ઓછાકાળવાળી અને ઘણા કર્મદલિકોને ઉતારીને ગોઠવવા રૂપ ગુણશ્રેણિ કરી.



આમ ત્રણે ગુણોના નિમિત્તની ગુણશ્રેણિ કર્યા પછી ફરીથી પતન પામીને અવિરતિ થયો, આ પ્રમાણે ખપાવ્યાં છે દર્શનમોહનીય ત્રિક જેણે એવા તે જીવને ત્રીજી ગુણશ્રેણિ કરાયે છતે પ્રતિભગ્ન થયેલો અર્થાત્ સંકિલષ્ટ પરિણામ આવવાથી પતિત પરિણામવાળો બનેલો એવો તે જીવ જ્યારે ત્રણે ગુણશ્રેણિનું મસ્તક સાથે ભેગુ થતું હોય ત્યારે જો મૃત્યુ ન પામે અને તેના તે જ ભવમાં વર્તતો હોય તો દૌર્ભાગ્ય, અનાદેય અયશઃકીર્તિ, અને નીચગોત્રકર્મ એમ કુલ ચાર કર્મોનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય કરે છે.

જો આવા જીવે નરકનું આયુષ્ય બાંધેલું હોય અને તે જ કાળે મૃત્યુ પામીને નારકી થાય તો નરકના ભવના પ્રથમ સમયે જ ઉપરોક્ત ચાર કર્મ તથા નરકગતિ અને નરકાનુપૂર્વી એમ છનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય થાય. અને જો આવા જીવે તિર્યચાયુષ્ય બાંધેલું હોય, અને તે જ કાળે મૃત્યુ પામીને તિર્યંચ થાય તો તિર્યંચાયુષ્યવાળા ભવના પ્રથમ સમયે જ ઉપરોક્ત ચાર કર્મ તથા તિર્યંચગતિ અને તિર્યંચની આનુપૂર્વી એમ છનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય થાય.

તથા જો આવા જીવે મનુષ્યાયુષ્ય બાંધેલું હોય અને તે જ કાળે મૃત્યુ પામીને મનુષ્ય થાય તો મનુષ્યભવના પ્રથમ સમયે જ ઉપરોક્ત ચાર કર્મ તથા મનુષ્યની આનુપૂર્વી એમ કુલ પાંચ કર્મોનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય કરે છે. (અહીં મનુષ્યની ગતિ ન લીધી અને મનુષ્યની આનુપૂર્વી માત્ર કહી તેનું કારણ એ છે કે આ જીવ કરતાં પણ મનુષ્ય ગતિનો વધારે ઉત્કૃષ્ટ પ્રદેશોદય ચૌદમા ગુણસ્થાનકે કરે છે. આ વાત (૧૧ મી) અગીયારમી ગાથામાં આવી ગઈ છે. તે માટે મનુષ્યગતિ કહી નથી. માત્ર મનુષ્યની આનુપૂર્વી જ કહી છે. ॥ ૧૭ ॥

**संघयणपंचगस्स य, बिइयाई तिन्नि हुंति गुणसेढी ।**
**आहारय उज्जोयाणुत्तरतणु अप्पमत्तस्स ॥ १८ ॥**

**ગાથાર્થ :** પ્રથમ સંઘયણને વર્જીને શેષ પાંચ સંઘયણના ઉત્કૃષ્ટ પ્રદેશોદયના સ્વામી બીજી ત્રીજી અને ચોથી એમ ત્રણ ગુણશ્રેણિના મસ્તકભાગે વર્તતો જીવ સ્વામી જાણવો. તથા આહારક શરીર સપ્તક તથા ઉદ્યોતનામકર્મના ઉત્કૃષ્ટ પ્રદેશોદયનો સ્વામી પ્રથમ ગુણશ્રેણિના મસ્તકમાં વર્તતો જીવ સ્વામી જાણવો. ॥ ૧૮ ॥

**વિવેચન :** પ્રથમ સંઘયણ જે વજ્રઋષભ નારાચ, તેને વર્જીને શેષ પાંચ સંઘયણોના ઉત્કૃષ્ટ પ્રદેશોદયનો સ્વામી બીજી આદિ ત્રણ ગુણશ્રેણિઓ (દેશવિરતિ, સર્વવિરતિ અને અનંતાનુબંધી ચાર કષાયોની ક્ષપણા.) આ ત્રણ ગુણોની પ્રાપ્તિ નિમિત્તે થયેલી ત્રણે ગુણશ્રેણીઓનું જ્યારે મસ્તક સાથે થતું હોય ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશોદય થાય છે.

ઉપરની વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે :- અહીં કોઈક મનુષ્ય દેશવિરતિ ગુણને પામ્યો, તેથી તે દેશવિરતિ ગુણના નિમિત્તે ગુણશ્રેણિ તે જીવે બનાવી. ત્યારબાદ તે જ જીવ વિશુદ્ધિના પ્રકર્ષના વશથી સર્વવિરતિ ગુણ પામ્યો, ત્યારે તેના નિમિત્તે બીજી ગુણશ્રેણિ બનાવી. ત્યારબાદ તે જ જીવ તેવા પ્રકારની વિશુદ્ધિના વશથી ચાર અનંતાનુબંધી કષાયોની વિસંયોજના કરવા માટે ઉદ્યમશીલ થયો. આ પ્રમાણે દેશવિરતિ-સર્વવિરતિ અને અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના એમ ત્રણ ગુણોની પ્રાપ્તિ અર્થે ત્રણ ગુણ શ્રેણિઓ કરી. તે ત્રણેનું મસ્તક સાથે આવવાનું હોય ત્યારે ત્રણેના મસ્તકમાં વર્તતો જીવ પહેલા સિવાયનાં પાંચ સંઘયણોમાં જે સંઘયણ ઉદયમાં હોય તેનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય કરે છે.

ત્રણે ગુણશ્રેણિઓ મળવાના કારણે ઘણું જ દલિક હોઈ શકે છે તે માટે ત્યાં ઉત્કૃષ્ટ પ્રદેશોદય સંભવે છે.

તથા છઠ્ઠા ગુણસ્થાનકે જઈને જે જીવે આહારક શરીરની રચના કરી છે તે જીવ શરીર બનાવ્યા પછી અપ્રમત્તગુણસ્થાનકે જાય ત્યારે ત્યાં પ્રથમ સમયે કરેલી ગુણશ્રેણીના મસ્તક ઉપર વર્તતા જીવને આહારક સપ્તકનો તથા ઉદ્યોત નામકર્મનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય હોય છે અન્યત્ર એટલે કે અન્યગ્રંથોમાં (પંચસંગ્રહમાં) કહ્યું છે કે :- "आहारुज्जोयाणं अपमत्तो आइगुणसीसे" – આહારક સપ્તક તથા ઉદ્યોતનામકર્મનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય અપ્રમત્ત મુનિ પ્રથમસમયની ગુણશ્રેણિના મસ્તકે વર્તતો જીવ ઉત્કૃષ્ટ પ્રદેશોદયનો સ્વામી જાણવો. ॥૧૮॥

**बेइंदियथावरगो, कम्मं काउणं तस्समं खिप्पं ।**
**आयवस्स उ तव्वेइ, पढमसमयम्मि वट्टंतो ॥ १९ ॥**

**ગાથાર્થ :** જે આત્મા બેઇન્દ્રિય થઈને સ્થાવર થયો છે અને જલ્દી જલ્દી એકેન્દ્રિયની સમાન સ્થિતિવાળો થઈને આતમનામકર્મના ઉદયવાળો થયો છે તેવા જીવને ઉદયના પ્રથમ સમયમાં વર્તતા જીવને આતપનામકર્મનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય થાય છે. ॥ ૧૯ ॥

**વિવેચન : દ્વીન્દ્રિયસ્થાવર** જીવ એટલે કે જે જીવ ગુણિત કર્માંશી બન્યો છે એવો સંજ્ઞી પંચેન્દ્રિયય જીવ સમ્યગ્દષ્ટિ હોતે છતે સમ્યક્ત્વના નિમિત્તની ગુણશ્રેણિ પ્રારંભે, તે ગુણશ્રેણિ કર્યા પછી સમ્યક્ત્વગુણથી પડીને મિથ્યાત્વે જાય, મિથ્યાત્વે જઈને બેઇન્દ્રિયનો ભવ કરે, ત્યાં બેઇન્દ્રિયના ભવપ્રાયોગ્ય સ્થિતિને રાખીને શેષ સમસ્ત સ્થિતિની આ જીવ અપવર્તના કરે, ત્યારબાદ મૃત્યુ પામીને તે જીવ એકેન્દ્રિય થાય. ત્યાં સત્તામાં રહેલાં કર્મોને એકેન્દ્રિયયોગ્ય સત્તાવાળાં કરે, અને જલ્દી જલ્દી શરીર પર્યાપ્તિ સમાપ્ત કરે ત્યારે આતમના ઉદયવાળા

ખરબાદર પૃથ્વીકાય જીવને (સૂર્યના વિમાનમાં જડાયેલા રત્નોમાં રહેલા પૃથ્વીકાયના જીવને) શરીર પર્યાપ્તિ સમાપ્ત થાય ત્યાર પછીના પ્રથમ સમયે આતપ નામકર્મના ઉદયવાળા જીવને આતપનામકર્મનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય થાય છે.

એકેન્દ્રિયનો જીવ બેઇન્દ્રિય યોગ્ય થયેલી કર્મસ્થિતિને જલ્દી જલ્દી એકેન્દ્રિય પ્રાયોગ્ય કરી શકે છે પરંતુ તેઇન્દ્રિયાદિ જીવ પ્રાયોગ્ય સ્થિતિ (ઘણી મોટી હોવાથી) એકેન્દ્રિયનો જીવ જલ્દી જલ્દી એકેન્દ્રિય પ્રાયોગ્ય કરી શકતો નથી. તે માટે પંચેન્દ્રિયમાંથી બેઇન્દ્રિયમાં જઈને બેઇન્દ્રિયપ્રાયોગ્ય સ્થિતિ કરીને એકેન્દ્રિયમાં ગયેલો એમ કહ્યું છે. ॥ ૧૯ ॥

***અવતરણ : આ પ્રમાણે ઉત્કૃષ્ટ પ્રદેશોદયનું સ્વામિત્વ કહ્યું. હવે જઘન્ય પ્રદેશોદયનું સ્વામિત્વ કહેવાય છે:-***

**पगयं तु खवियकम्मे जहन्नसामी जहन्नदेवठिई ।**
**भिन्नमुहुत्ते सेसे, मिच्छत्तगओ अइकिलिट्ठो ॥ २० ॥**
**कालगए एगिंदिय, पढमे समए य मइसुयावरणे ।**
**केवलदुगमणपज्जवचक्खुअचक्खु य आवरणे ॥ २१ ॥**

ગાથાર્થ : જઘન્ય પ્રદેશોદયના સ્વામિત્વમાં ક્ષપિતકર્માંશી જીવનો જ અધિકાર છે. ત્યાં જઘન્ય સ્થિતિવાળો દેવ એક અંતર્મુહૂર્ત માત્ર ગયે છતે સમ્યક્ત્વને પ્રાપ્ત કરે, આખો ભવ સમ્યક્ત્વમાં પસાર કરીને અન્તે મિથ્યાત્વે જાય તે જીવ અત્યન્ત સંકિલષ્ટ પરિણામવાળો થયો છતો હવે કહેવાતા સાત કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધવાનો આરંભ કરે અને ત્યારે ઉત્કૃષ્ટ ઉદ્વર્તના કરે તે જીવ કાલ કરીને એકેન્દ્રિયમાં જાય ત્યાં પ્રથમ સમયે અવધિજ્ઞાનાવરણીય અને અવધિદર્શનાવરણીય વિનાનાં શેષ ચાર જ્ઞાનાવરણીય અને શેષ ત્રણ દર્શનાવરણીય એમ કુલ સાત કર્મોનો જઘન્ય પ્રદેશોદય કરે છે. ॥ ૨૦-૨૧ ॥

**વિવેચન : "જહન્નસામી"** એવો જે મૂલગાથામાં શબ્દ છે ત્યાં ભાવની પ્રધાનતાવાળો નિર્દેશ છે તથા મૂલપદમાં જે પ્રથમા વિભક્તિ છે તે સપ્તમીના અર્થમાં છે. તેથી ભાવપ્રધાન અર્થ કરીને સપ્તમીનો અર્થ કરવો જેથી આ પ્રમાણે અર્થ થાય છે :-

*"જઘન્ય પ્રદેશોદયના સ્વામિત્વમાં" પ્રસ્તુત એવા ક્ષપિતકર્માંશી જીવનો અધિકાર* છે. "खवियम्मे" આ પદમાં જે સપ્તમી વિભક્તિ છે તે તૃતીયાના અર્થમાં હોવાથી ક્ષપિતકર્માંશી જીવ વડે એવો અર્થ કરવો. તેથી આખી વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે.

કોઈક ક્ષપિત કર્માંશી દેવ જઘન્ય સ્થિતિવાળો એટલે કે દશ હજાર વર્ષના આયુષ્યવાળો દેવપણે ઉત્પન્ન થયા પછી અન્તમુહૂર્ત માત્ર ગયે છતે સમ્યક્ત્વને પ્રાપ્ત કરે, પ્રાપ્ત કરેલા તે સમ્યક્ત્વને અન્તર્મુહૂર્ત ન્યૂન (અર્થાત્ કંઈક ન્યૂન) એવાં દશ હજાર વર્ષ સુધી યાવત્ બરાબર પાળીને અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી હોતે છતે મિથ્યાત્વે જાય, આવા પ્રકારનો મિથ્યાત્વે આવેલો આ જીવ અતિશય સંક્લિષ્ટ પરિણામવાળો થાય અને તેના કારણે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધવાનો આરંભ કરે અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધના આરંભના કારણે પૂર્વે બાંધેલા કર્મોની ઉત્કૃષ્ટ ઉદ્વર્તના કરે, તે યાવત્ એક અંતર્મુહૂર્ત સુધી ઉદ્વર્તના કરે. તેથી સંક્લિષ્ટ પરિણામ વાળો થયેલો આ જીવ કાલ કરીને એકેન્દ્રિયના ભવમાં જાય, ત્યાં ઉત્પન્ન થતાંની સાથે જ પ્રથમસમયે જ મતિ - શ્રુતજ્ઞાનાવરણીય કર્મ, કેવલજ્ઞાનાવરણીય તથા કેવલદર્શનાવરણીય મનઃપર્યાય જ્ઞાનાવરણીય, તથા ચક્ષુ-અચક્ષુ દર્શનાવરણીય એમ કુલ સાત કર્મોનો જઘન્ય પ્રદેશોદય કરે છે.

અહીં ઘણી ઘણી ઉદ્વર્તના કરેલી હોવાથી ઉદયકાળના પ્રથમ સમયમાં અતિશય થોડાંક જ દલીકો વર્તે છે તથા વળી ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતાવાળા જીવને પ્રદેશોની ઉદારણા થોડી જ થાય છે. તેવા જીવને રસની જ ઉદારણા ઘણી પ્રવર્તે છે. અનુભાગની ઉદારણા જ્યારે બહુ પ્રવર્તતી હોય ત્યારે પ્રદેશોની ઉદારણા અવશ્ય થોડી જ પ્રવર્તે છે. જેથી ઉદયકાળમાં થોડાંક દલિકો પ્રાપ્ત થાય છે, આવા આશયથી મિથ્યાત્વે ગયેલો અને અતિશય સંક્લિષ્ટ પરિણામવાળો બનેલો એવો આ જીવ જઘન્ય પ્રદેશોદયનો સ્વામી જાણવો આમ મહાગ્રંથમાં કહેલું સમજવું. ॥ ૨૦-૨૧ ॥

**ओहीण संजमाओ, देवत्तगए गयस्स मिच्छत्तं ।**
**उक्कस्सठिइबंधे, विकड्ढणे आलिगं गंतुं ॥ २२ ॥**

**ગાથાર્થ :** જે આત્મા સંયમ પ્રાપ્ત કર્યા પછી અવધિજ્ઞાન અને અવધિદર્શન પ્રાપ્ત કરીને દેવપણું પ્રાપ્ત કરે, ત્યાં અન્તર્મુહૂર્ત ગયે છતે મિથ્યાત્વે જાય, ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે, અને ઉત્કૃષ્ટ ઉદ્વર્તના કરે ત્યારબાદ આવલિકા ગયા પછી અવધિજ્ઞાનાવરણીય અને અવધિદર્શનાવરણીય કર્મનો જઘન્ય પ્રદેશોદય કરે છે. ॥ ૨૨ ॥

**વિવેચન :** જે આત્મા આ માનવભવમાં સંયમ સ્વીકારી ક્ષપિતકર્માંશી થયેલો છે. આ જીવ અવધિજ્ઞાન અને અવધિદર્શનની લબ્ધિ જેને ઉત્પન્ન થઈ છે તેવો લબ્ધિવાળો બન્યો છતો તે જ્ઞાન અને દર્શનની લબ્ધિથી પતિત થયા વિના જ એટલે કે તે લબ્ધિ સહિત જ હોતે છતે દેવભવ પ્રાપ્ત કરે, ત્યાં ઉત્પન્ન થયા પછી અંતર્મુહૂર્ત માત્ર ગયે છતે તે જીવ

મિથ્યાત્વને પામ્યો, અને મિથ્યાત્વના નિમિત્તે ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધ કર્યો તેની સાથે ઘણા દલીકોની ઉદ્વર્તના કરીને કર્મદલિકો ઉપરની સ્થિતિમાં નાખ્યાં, ત્યારબાદ એક આવલિકા ગયા બાદ એટલે કે બંધાવલિકા પસાર થયા પછી અવધિજ્ઞાનાવરણીય અને અવધિ દર્શનાવરણીય આ બે કર્મોનો જઘન્ય પ્રદેશોદય કરે છે.

ઉપર કહેલા ક્રમ પૂર્વક જ થોડા થોડા પ્રદેશોની ઉદીરણા કરવા દ્વારા થોડા જ કર્મપ્રદેશો ઉદયમાં આવતા હોવાથી આ રીતે જ જઘન્ય પ્રદેશોદયનો સંભવ છે. ॥૨૨॥

**वेयणीयंतरसोगारउच्च ओहिव्व णिद्दपयला य ।**
**उक्कस्सठिइबंधे, पडिभग्गपवेइया णवरं ॥ २३ ॥**

**ગાથાર્થ :** સાતા અને અસાતા એમ બે વેદનીય કર્મ, પાંચ અંતરાયકર્મ, શોક, અરતિ એમ બન્ને મોહનીયકર્મ અને ઉચ્ચગોત્ર કુલ દશ કર્મોનો જઘન્ય પ્રદેશોદય અવધિદ્વિકની જેમ જાણવો, નિદ્રા અને પ્રચલાનો જઘન્ય પ્રદેશોદય, ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરીને નીચે પડેલા જીવને જ્યારે નિદ્રાનો ઉદય થાય ત્યારે સ્વામી જાણવો. ॥ ૨૩ ॥

**વિવેચન :** સાતા અને અસાતા એમ બે વેદનીયકર્મ, પાંચ પ્રકારનાં અંતરાય કર્મ, શોક અને અરતિ એમ બે મોહનીયકર્મ તથા ઉચ્ચગોત્ર એમ કુલ ૨+૫+૨+૧=૧૦ દશ કર્મોનો જઘન્ય પ્રદેશોદય અવધિજ્ઞાનાવરણીય અને અવધિદર્શનાવરણીયની જેમ જાણવો જે ક્ષપિત કર્માંશી જીવ હોય, સંયમ સ્વીકારીને દેવભવ પ્રાપ્ત કર્યો હોય, ત્યાં અંતર્મુહૂર્ત ગયે છતે મિથ્યાત્વે ગયો હોય, મિથ્યાત્વના નિમિત્તે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કર્યો હોય, અને તેના કારણે ઘણા ઘણા કર્મદલિકોની ઉદ્વર્તના કરી હોય, ત્યારબાદ બન્ધાવલિકા પસાર થયે છતે આ ૧૦ કર્મોનો જઘન્ય પ્રદેશોદય હોય છે.

નિદ્રા અને પ્રચલા આ બન્નેનો જઘન્ય પ્રદેશોદય પણ આ પ્રમાણે જ સંભવે છે. ફક્ત તેમાં એટલી જ વિશેષતા છે કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કર્યા પછી તેનાથી ભગ્ન થયેલા અર્થાત્ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરીને અટક્યા પછી જ્યારે નિદ્રા અને પ્રચલાનો ઉદય થાય ત્યારે તે બન્ને નિદ્રાના જઘન્ય પ્રદેશોદયના સ્વામી જાણવા. કારણ કે ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધ અત્યન્ત સંક્લિષ્ટ પરિણામ વાળા જીવને થાય છે અને અતિશય સંક્લિષ્ટ પરિણામમાં વર્તતા જીવને તે કાળે નિદ્રાના ઉદયનો સંભવ હોતો નથી તે માટે ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધ કરીને ત્યાંથી પડેલા જીવને જ્યારે નિદ્રાનો ઉદય થાય ત્યારે સ્વામી જાણવો. નિદ્રાના ઉદયકાળે ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતાનો અસંભવ છે. ॥ ૨૩ ॥

**वरिसवरतिरियथावरणीयं, पि य मइसमं णवरि तिन्नि ।**
**णिद्दाणिद्दा इंदियपज्जत्ती पढमसमयम्मि ॥ २४ ॥**

**ગાથાર્થ :** નપુંસકવેદ, તિર્યંચગતિ, સ્થાવર, અને નીચ્ચ ગોત્ર, આ ચાર કર્મોનો પણ જઘન્યપ્રદેશોદય મતિજ્ઞાનાવરણીયકર્મની જેમ જ જાણવો. નિદ્રાનિદ્રા વિગેરે થિણદ્ધિત્રિકનો પણ જઘન્ય પ્રદેશોદય મતિજ્ઞાનાવરણીય કર્મની જેમ જ જાણવો. પરંતુ ઇન્દ્રિયપર્યાપ્તિ વડે પર્યાપ્તા થયેલા જીવને પ્રથમ સમયે જ સ્વામી જાણવા. અર્થાત્ ઉદીરણા ન હોય ત્યારે સ્વામી જાણવા. ॥ ૨૪ ॥

**વિવેચન :** વર્ષવર એટલે કે નપુંસકવેદ, તિર્યંચની ગતિનામકર્મ, સ્થાવર નામકર્મ અને નીચગોત્ર કર્મ એમ કુલ ચાર કર્મોના જઘન્ય પ્રદેશોદયનો સ્વામી પણ મતિજ્ઞાનાવરણીય કર્મની જેમ જ જાણવો તથા નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, અને થિણદ્ધિ એમ કુલ ત્રણ કર્મોના જઘન્ય પ્રદેશોદયના સ્વામી પણ પૂર્વની જેમ જ જાણવા અર્થાત્ જઘન્ય પ્રદેશોદયની વિચારણામાં મતિજ્ઞાનાવરણીયની જેમ જ જાણવા.

પરંતુ ઇન્દ્રિય પર્યાપ્તિ વડે પર્યાપ્તા થયેલા જીવને પ્રથમ સમયે જ જઘન્ય પ્રદેશોદયના સ્વામી જાણવા કારણ કે દ્વિતીયાદિ સમયોમાં ઉદીરણા થવાનો પણ સંભવ હોવાથી જઘન્ય પ્રદેશોદયનો અસંભવ છે. તે માટે પ્રથમ સમયે જ સ્વામી કહ્યા છે. અર્થાત્ ઉદીરણા ન હોય ત્યારે સ્વામી જાણવા. ॥ ૨૪ ॥

**दंसणमोहे तिविहे, उदीरणुदए उ आलिगं गंतुं ।**
**सत्तरसण्ह वि एवं, उवसमइत्ता गए देवे ॥ २५ ॥**

**ગાથાર્થ :** અંતરકરણ પછી ઉદીરણોદય ચાલુ થાય ત્યારે એક આવલિકા ગયા પછી તે આવલિકાના ચરમ સમયે ત્રણે પ્રકારના દર્શન મોહનીયકર્મનો જઘન્ય પ્રદેશોદય થાય છે. મોહનીય કર્મની (૧૭) સત્તર પ્રકૃતિઓનો પણ જઘન્ય પ્રદેશોદયનો સ્વામી આ જ પ્રમાણે જાણવો. પરંતુ ઉપશમશ્રેણિમાં ઉપશમ કરીને દેવલોકમાં ગયેલા જીવને આવલિકાના ચરમસમયે સ્વામી જાણવો. ॥ ૨૫ ॥

**વિવેચન :** જે ક્ષપિતકર્માંશી જીવ છે. અને ઔપશમિક સમ્યગ્દષ્ટિ છે. તેવો જીવ ઔપશમિક સમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વે મિશ્રે અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં જતો હોય ત્યારે અન્તરકરણમાં જ રહેલા એવા તે જીવવડે બીજી સ્થિતિમાંથી મિથ્યાત્વમોહનીય આદિ ત્રણે દર્શનમોહનીયકર્મમાંથી જેનો ઉદય થવાનો હોય તે તે પ્રકૃતિનાં કર્મદલિકોને આકર્ષીને અંતરકરણની જ છેલ્લી એક આવલિકાકાળમાં ગોપૃચ્છના આકારે એટલે કે પ્રથમસમયમાં

ઘણાં, બીજા સમયમાં વિશેષહીન, ત્રીજા આદિ સમયોમાં વિશેષહીન વિશેષહીન સ્થાપના કરવા વડે ગોઠવાયેલાં જે દલિકો છે. તેઓનો જે ઉદય થાય છે તેને ઉદીરણોદય કહેવાય છે તે ઉદીરણોદય ચાલુ થાય ત્યારે તે આવલિકાના ચરમસમયમાં જે જીવને સમ્યક્ત્વ મોહનીયનો ઉદય આવે તેવા ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિ જીવને સમ્યક્ત્વમોહનીયનો, અને મિશ્ર ગુણસ્થાનકે જાય તેવા જીવને મિશ્ર મોહનીયનો, અને મિથ્યાત્વે જાય તેવા જીવને મિથ્યાત્વ મોહનો જઘન્ય પ્રદેશોદય થાય છે. ત્રણે પ્રકારના જીવોને પોતપોતાની દર્શનમોહનીયનો જે ઉદય થાય તે જઘન્યપ્રદેશોદય હોય છે. આમ સમજવું.

તથા ચાર અનંતાનુબંધી કષાય વર્જીને શેષ બારકષાય પુરુષવેદ, હાસ્ય-રતિ મોહનીય, ભય અને જુગુપ્સા એમ કુંલ (૧૭) સત્તર મોહનીય કર્મની પ્રકૃતિઓને ઉપશમશ્રેણિમાં ઉપશમાવીને ત્યાર બાદ શ્રેણિમાં જ કાળ કરીને (મૃત્યુ પ્રાપ્ત કરીને) જે જીવ દેવલોકમાં ગયો છે. તે જીવને દેવભવની પ્રાપ્તિના પ્રથમ સમયે જ આ (૧૭) કર્મપ્રકૃતિઓનો ઉદીરણોદયના ચરમસમયે જઘન્ય પ્રદેશોદયનો સ્વામી જાણવો.

સારાંશ કે આ (૧૭) સત્તરે કર્મપ્રકૃતિઓનું અંતરકરણ કરીને ઉપશમશ્રેણિમાં જ મૃત્યુ પામીને દેવલોકમાં તે જીવ ગયો. ત્યાં ગયો છતો અવિરત સમ્યગ્દષ્ટિ થવાથી તે દેવભવના પ્રથમ સમયમાં જ બીજી સ્થિતિમાંથી દલિકોને આકર્ષીને ઉદયસમયથી જ ઉર્ધ્વગોપૃચ્છાકારે દલિકોની રચના તે જીવ કરે છે તે આ પ્રમાણે રચના જાણવી.

પ્રથમ સમયમાં ઘણા દલિકોની રચના, બીજા સમયમાં વિશેષહીન, ત્રીજી સમયમાં તેનાથી પણ વિશેષહીન, એમ યાવત્ આ પ્રથમ આવલિકાના ચરમ સમય સુધી ઉર્ધ્વગોપૃચ્છાકારે વિશેષહીન વિશેષહીન ના ક્રમે દલિક રચના કરે છે. આ પ્રમાણે તે દલિક રચના કરાયે છતે પ્રથમ આવલિકાના ચરમસમયે જઘન્ય પ્રદેશોદય પ્રાપ્ત થાય છે.

ઉપશમશ્રેણિમાં ચઢેલો જીવ ઉપશાન્તકષાયવાળો હોય । એટલે કે અગીયારમા ગુણસ્થાનકે પહોંચી ગયો હોય તેવો હોય) અથવા ઉપશામક હોય (ઉપશમશ્રેણિમાં વર્તતો નવમા દસમા ગુણસ્થાનકવાળો હોય). આ બન્ને પ્રકારના જીવો કાળગત થાય તો (મૃત્યુ પામે તો) અવશ્ય સર્વાર્થસિદ્ધમાં જ જાય એવું ભગવતી આદિ આગમશાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે ત્યાં નપુંસકવેદ, સ્ત્રીવેદ, શોકમોહનીય, અનંતાનુબંધી ચારકષાય, અરતિમોહનીય, એમ કુલ આઠ ચારિત્રમોહનીયકર્મની પ્રકૃતિઓનો ઉદય હોતો નથી. તેથી આ આઠનો જઘન્ય પ્રદેશોદય ત્યાં કહ્યો નથી. આઠનો નિષેધ કરીને શેષ ૧૭ નો જ જઘન્ય પ્રદેશોદય સર્વાર્થસિદ્ધમાં કહેલ છે. ॥ ૨૫ ॥

**चउरुवसमित्तु पच्छा, संजोइय दीह कालसम्मत्ता ।**
**मिच्छत्तगए आवलिआए संजोअणाणं तु ॥ २६ ॥**

**ગાથાર્થ :** ચાર વાર ઉપશમશ્રેણિ પ્રારંભે, ત્યારબાદ અંતર્મુહૂર્ત માત્ર અનંતાનુબંધી ચાર કષાય બાંધીને દીર્ઘકાળ સમ્યક્ત્વમાં વર્તે, ત્યારબાદ મિથ્યાત્વે જાય ત્યાં આવલિકાના ચરમ સમયે ચાર અનંતાનુબંધી કષાયનો જઘન્ય પ્રદેશોદય કરે છે. ॥ ૨૬ ॥

**વિવેચન :** જે જીવ ચાર અનંતાનુબંધી કષાયોની વિસંયોજના કરીને (જુના તમામ કર્મદલિકનો નાશ કરીને) મોહનીયકર્મની (૨૪) ચોવીશ પ્રકૃતિઓની સત્તાવાળો થયેલો તે જીવ ચાર વાર મોહનીય કર્મને ઉપશમાવે, આ કાર્ય કર્યા પછી અંતર્મુહૂર્ત કાળ ગયે છતે તે જીવ મિથ્યાત્વ ગુણસ્થાનકે જાય, અર્થાત્ મિથ્યાદષ્ટિ થાય. ત્યાં ગયો છતો મિથ્યાત્વના ઉદયના કારણે ચાર અનંતાનુબંધી કષાયોને ફરીથી બાંધે, તે કષાયોને અંતર્મુહૂર્ત માત્ર બાંધીને અધ્યવસાયોની ધારા બદલાવાથી ફરીથી તુરત જ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે.

તે સમ્યક્ત્વમાં ઘણો લાંબો કાળ એટલે કે બે વાર છાસઠ છાસઠ સાગરોપમ એમ (૧૩૨) એકસોહ બત્રીસ સાગરોપમ કાળ સુધી સમ્યક્ત્વમાં રહે, સમ્યક્ત્વમાં વર્તતો છતો તે જીવ સમ્યક્ત્વના પ્રભાવથી તેટલા કાળ સુધી ચાર અનંતાનુબંધી કષાયો નવા બાંધે તો નહીં, પરંતુ અંતર્મુહૂર્ત માત્ર કાળમાં પૂર્વે જે બાંધ્યા છે તેના સંબંધી કર્મપુદ્ગલોને પણ પ્રદેશસંક્રમ કરવા દ્વારા અપ્રત્યાખ્યાનીય આદિ બાર કષાયોમાં સંક્રમાવવા દ્વારા વિનાશ કરે.

ઘણાં ઘણાં કર્મદલિકો ઓછાં થયા પછી સમ્યક્ત્વનો (૧૩૨) સાગરોપમનો કાળ સમાપ્ત થવાથી મિથ્યાત્વે જાય, ત્યાં મિથ્યાત્વે જઈને મિથ્યાત્વના નિમિત્તે ફરીથી અનંતાનુબંધી ચાર કષાયો બાંધે, પરંતુ તે નવા બંધાતા અનંતાનુબંધી કષાયોની પ્રથમ આવલિકા પસાર થાય ત્યારે તે પ્રથમ આવલિકાના એટલે કે બંધાવલિકાના ચરમસમયે જ પૂર્વે (૧૩૨) સાગરોપમ કાલની પૂર્વે જે એક અંતર્મુહૂર્ત માત્ર અનંતાનુબંધી કષાયો બાંધ્યા હતા. તેનો સંક્રમ કરતાં કરતાં રહ્યું સહ્યું જે અલ્પ કર્મદલિક છે. તેનો ઉદય હોય ત્યારે જઘન્ય પ્રદેશોદય ચાર અનંતાનુબંધી કષાયનો થાય છે.

જો આવલિકા પૂરી થયા પછીનો સમય લઈએ તો તે આવલિકાના પ્રથમ સમયે જે લતા બાંધી છે. તેનો પણ ઉદારણા દ્વારા ઉદય થવાના કારણે ઉદીરણોદય શરૂ થાય. તેથી જઘન્ય પ્રદેશોદય પ્રાપ્ત થાય નહીં. તે માટે પ્રથમ આવલિકાના ચરમ સમયે જ સ્વામી કહ્યા છે.

સંસારમાં કોઈ પણ એક જીવ વધારેમાં વધારે ચાર વાર જ મોહનો ઉપશમ કરે છે પણ પાંચ વાર કરતો નથી તેથી ચાર વાર જ મોહનો ઉપશમ કરવાનું વિધાન કરેલ છે.

**પ્રશ્ન :** અનંતાનુબંધી ચાર કષાયોનો જઘન્ય પ્રદેશોદય સમજાવતો છે. ત્યાં ચારવાર મોહનીયનો ઉપશમ લેવાની શું જરૂર ? કારણ કે વિસંયોજના કર્યા પછી જ ઉપશમશ્રેણિ જીવ પ્રારંભે છે ત્યાં અનંતાનુબંધી ચાર કષાયો સત્તામાં જ નથી. તથા ત્યાં નવા બંધાવાના પૃણ નથી. તો ચારવાર ઉપશમશ્રેણિનો પ્રારંભ કરનાર આમ લખવાની શું જરૂર ?

**ઉત્તર :** ચાર વાર મોહનો ઉપશમ કરતો જીવ અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનાવરણ તથા સંજવલન વિગેરે કષાયોનાં કર્મદલિકોનો અન્યત્ર (સંજ્વલનાદિમાં) સંક્રમાવવા વડે ઘણાં ઘણાં દલિકોનો સંક્રમ કરે છે તેથી આ બાર કષાયો પણ સંક્રમ દ્વારા ક્ષીણશેષ જ થયેલા હોય છે. ઝાઝા દલિકો આ બાર કષાયોનાં પણ હોતાં નથી. તેથી જ્યારે જીવ ચારવાર ઉપશમ કર્યા પછી એક અંતર્મુહૂર્ત માત્ર મિથ્યાત્વે જાય છે અને ચાર અનંતાનું બંધી કષાયો બાંધે છે ત્યારે અનન્તાનુબંધીના બન્ધકાલમાં આ બાર કષાયોનું થોડુંક જ કર્મદલિક તે અનંતાનુબંધીમાં સંક્રમ પામે છે. પણ ઘણાં દલિકો (સત્તામાં છે જ નહીં તેથી ઘણાં દલિકો) તે અનંતાનુબંધિમાં સંક્રમ પામતાં નથી. તેટલા માટે જ ચારવાર મોહના ઉપશમનું ગ્રહણ કર્યું છે. ॥ ૨૬ ॥

**इत्थीए संजमभवे, सव्वणिरुद्धम्मि गंतु मिच्छत्तं ।**
**देवीए लहुमिच्छी, जेट्ठठिइ आलिगं गंतुं ॥ २७ ॥**

**ગાથાર્થ :** સંયમ પૂર્વકનો ભવ પસાર કરી છેલ્લા અંતર્મુહૂર્ત કાળે મિથ્યાત્વે જઈને મૃત્યુ પામી દેવીપણે ઉત્પન્ન થાય. ત્યાં મિથ્યાત્વના કાળમાં જ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે. તેના બન્ધની ગયે છતે તેના ચરમસમયમાં જીવ જઘન્ય પ્રદેશોદયનો સ્વામી થાય. ॥ ૨૭ ॥

**વિવેચન :** સંયમ વડે ઓળખાતો જે ભવ તે સંયમભવ કહેવાય છે. તેવા સંયમવાળા ભવમાં એક અંતર્મુહૂર્ત માત્ર કાળ જ્યારે બાકી હોય ત્યારે કોઈ સ્ત્રીવેદના ઉદયવાળો સ્ત્રીનો જીવ મિથ્યાત્વે જાય, અને મિથ્યાત્વી પણામાં જ કાળ કરીને તેના પછીના અનન્તરભવમાં દેવી થાય, ત્યાં જલ્દી જલ્દી (તુરત જ) પર્યાપ્તો થાય, અને સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે, ત્યાં બાંધીને એક આવલિકા પસાર થાય ત્યારે તે જ આવલિકાના ચરમસમયમાં સ્ત્રીવેદનો જઘન્ય પ્રદેશોદય થાય છે.

ઉપરોક્ત વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે :- ક્ષપિતકર્માંશી કોઈ સ્ત્રીનો જીવ દેશોન પૂર્વક્રોડ વર્ષો સુધી સંયમ પાળે, સંયમ પાળીને જ્યારે એક અંતર્મુહૂર્ત માત્ર આયુષ્ય બાકી હોય ત્યારે મિથ્યાત્વે જાય, મિથ્યાત્વે જઈને અનન્તરભવમાં દેવીપણે ઉત્પન્ન થાય, જલ્દી

જલ્દી પર્યાપ્તો થાય, ત્યારબાદ ઉત્કૃષ્ટ સંક્લેશમાં વર્તતો તે જીવ સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે, અને જુની બાંધેલી સ્ત્રીવેદની સ્થિતિની ઉદ્વર્તના કરે, ઉત્કૃષ્ટ સ્થિતિબંધ જે કરે તેની પ્રથમ એક આવલિકા પસાર થાય ત્યારે તે પ્રથમ આવલિકાના જ ચરમ સમયમાં તે જીવ સ્ત્રીવેદના જઘન્ય પ્રદેશોદયનો સ્વામી થાય છે.

ઉદ્વર્તના આદિ વડે હીન હીનતર કરાયેલાં કર્મદલિકો હોવાથી હવે પછીના સમયે આવનારાં ઉદીરણાદિ કરણોનો આ પ્રથમ આવલિકાના ચરમ સમયે અભાવ હોવાથી થોડાક જ દલિકોનો ઉદય સંભવે છે તે માટે આવા જીવમાં સ્ત્રીવેદના જઘન્ય પ્રદેશોદયનું વિધાન કરેલ છે. ॥ ૨૭ ॥

**अप्पद्धाजोगचियाणाउणुक्कस्सगठिईणंते ।**
**उवरिं थोवणिसेगे चिरतिव्वासायवेईणं ॥ २८ ॥**

**ગાથાર્થ :** અલ્પ એવો બંધકાળ અને અલ્પ એવો યોગ, તેના વડે ઉત્કૃષ્ટ સ્થિતિવાળાં બંધાયેલાં એવાં ચારે આયુષ્યકર્મોમાં તેના ઉપરના ચરમસમયમાં થોડાક જ દલિકોની નિષેકરચના કરાયે છતે તીવ્ર અસાતાને વેદનારા જીવને તે તે આયુષ્યકર્મના ચરમ સમયનો જે ઉદય હોય છે ત્યારે ત્યાં જઘન્ય પ્રદેશોદય પ્રાપ્ત થાય છે. ॥ ૨૮ ॥

**વિવેચન :** જુદા જુદા ચાર જીવોએ આવતા ભવનું એક એક આયુષ્યકર્મ બાંધ્યું હોય તેવા તે ચારે જીવોને આયુષ્યકર્મ બાંધવાનો કાળ જે અંતર્મુહૂર્ત છે. તે જેટલો બને તેટલો નાના અંતર્મુહૂર્ત પ્રમાણ લેવો જેથી દલિકોના ગ્રહણનો સમય થોડો હોવાથી થોડાક જ દલિકોનો સંચય થાય.

તથા તે તે જીવ જ્યારે જ્યારે આયુષ્યકર્મ બાંધે ત્યારે ત્યારે અલ્પયોગવાળો થાય તેવો જીવ લેવો. જેથી અલ્પ યોગ હોવાથી દલિકો થોડાં જ ગ્રહણ થાય. આમ અલ્પ બન્ધકાળ અને અલ્પયોગ વડે ઉત્કૃષ્ટ સ્થિતિવાળું બંધાયેલું આયુષ્યકર્મ હોવું જોઈએ. તથા દલિકોની રચના આયુષ્યના પ્રથમ સમયે ઘણી, બીજા સમયમાં વિશેષહીન, ત્રીજા સમયમાં તેનાથી પણ વિશેષહીન એમ સમયે સમયે વિશેષહીન વિશેષહીનની રચના કરે તેમાંનો અન્તિમસમય કે જે સમયમાં અતિશય થોડાંક જ દલિકો ગોઠવાયા છે. તે સમયમાં જઘન્ય પ્રદેશોદય જાણવો. તેમાં પણ આખા ભવમાં શક્ય બને તેટલી વધારે તીવ્ર અસાતા વેદનીય કર્મને અનુભવવા દ્વારા અભિભૂત થયેલા અને ક્ષપિત કર્માંશી જીવને જઘન્ય પ્રદેશોદય હોય છે.

(૧) તીવ્ર અસાતાની વેદના વડે અભિભૂત થયેલો જીવ આયુષ્યકર્મનાં ઘણાં ઘણાં કર્મપુદ્ગલોનો વિનાશ કરે છે. આમ સમજીને તીવ્ર અસાતાની વેદનાવાળો આવું વિશેષણ કહ્યું છે.

(૨) સમયે સમયે વિશેષહીન વિશેષહીન કર્મદલિકોની રચના કરી છે. તે માટે અન્તિમ સમય લીધો છે કારણ કે ત્યાં કર્મદલિકો અતિશય ન્યૂન ગોઠવાયાં છે.

(૩) બંધકાળનું અંતર્મુહૂર્ત નાનું લેવાથી આયુષ્યકર્મરૂપે બંધાતાં કર્મદલિકો અલ્પ જ આવે. કારણ કે કાળ થોડો છે એટલે થોડાંક જ દલિકોનું ગ્રહણ થાય.

(૪) યોગ અલ્પ લેવાથી પણ કર્મદલિકોનું ગ્રહણ થોડુંક જ થાય. આમ કારણો પણ પોતાની બુદ્ધિથી સ્વયં સમજી લેવાં. ॥ ૨૮ ॥

**संजोअणा विजोइय देवभवजहन्नगे अइणिरुद्धे ।**

**बंधिय उक्कस्सठिई, गंतूणेगिंदिया सन्नी ॥ २९ ॥**

**सव्वलहुं णरयगए निरयगई तम्मि सव्वपज्जत्ते ।**

**अणुपुव्वीओ गइतुल्लाओ, णेया भवादिम्मि ॥ ३० ॥**

**ગાથાર્થ :** અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કરીને છેલ્લા અન્તર્મુહૂર્તમાં અતિશય સંક્લિષ્ટ પરિણામવાળો બનેલો જઘન્ય સ્થિતિવાળો દેવભવનો જે જીવ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે તે જીવ ત્યારબાદ એકેન્દ્રિયના ભવમાં ઉત્પન્ન થાય, ત્યારબાદ અસંજ્ઞી પંચેન્દ્રિયના ભવમાં ઉત્પન્ન થઈને મૃત્યુ પામી નરકમાં જે જીવ ગયો અને ત્યાં સર્વથી જલ્દી પર્યાપ્તો થયો છતો તે નારકીનો જીવ નરકગતિનો જઘન્ય પ્રદેશોદય કરે છે. ચારે આનુપૂર્વીઓ ગતિતુલ્ય જાણવી. પરંતુ પોતપોતાના ભવના પ્રથમ સમયે જઘન્ય પ્રદેશોદય જાણવો. ॥ ૨૯-૩૦ ॥

**વિવેચન :** આ બન્ને ગાથામાં નરકગતિનો જઘન્ય પ્રદેશોદય સમજાવે છે. જે જીવે સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને ચાર અનંતાનુબંધી કષાયોનો ક્ષય (વિસંયોજના) કર્યો છે. એવો જીવ જઘન્ય સ્થિતિવાળા દેવના ભવમાં હોય, ત્યાં છેલ્લું અંતર્મુહૂર્ત માત્ર બાકી હોય ત્યારે મિથ્યાત્વ ગુણસ્થાનકે જાય, એકેન્દ્રિય પ્રાયોગ્ય પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને સર્વથા સંક્લિષ્ટ થયો છતો મૃત્યુ પામીને એકેન્દ્રિયના ભવમાં ઉત્પન્ન થાય ત્યાં માત્ર અંતર્મુહૂર્ત રહીને અસંજ્ઞી પંચેન્દ્રિયના ભવમાં ઉત્પન્ન થાય. આવો જીવ અસંજ્ઞીના ભવમાં પણ બીજા જીવો કરતાં જલ્દી જલ્દી પર્યાપ્તો થાય અને નરકાયુષ્ય બાંધીને જલ્દી જલ્દી મૃત્યુ પામે.

તેવો જીવ મૃત્યુ પામીને નરકમાં ઉત્પન્ન થાય. ત્યાં સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તો જલ્દી જલ્દી થાય, તેવા સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને નરકગતિનો જઘન્ય પ્રદેશોદય હોય છે.

(૧) પર્યાપ્તા થયેલા જીવને પોતપોતાના ભવને યોગ્ય ઘણી ઘણી કર્મપ્રકૃતિઓ ઉદયમાં આવે છે ઉદયમાં આવેલી તે તે પ્રકૃતિઓનો સ્તિબુકસંક્રમ થતો નથી. તેથી તેવી

પ્રકૃતિઓનું સ્તિબુકસંક્રમથી નરકગતિમાં દલિક ન આવવાથી નરકગતિનો જઘન્ય પ્રદેશોદય સંભવી શકે છે. તે માટે સર્વપર્યાપ્તિએ પર્યાપ્તો જીવ સ્વામી કહ્યો છે.

(૨) અનંતાનુબંધી ચાર કષાયોની જ્યારે જ્યારે વિસંયોજના કરે છે. ત્યારે ત્યારે શેષ કર્મોમાં ઘણાં ઘણાં કર્મદલિકોનો આ જીવ વિનાશ કરે છે. જેથી નરકગતિનાં કર્મદલિકો પણ થોડાં જ રહે છે તે માટે વિસંયોજક જીવ કહ્યો છે.

(૩) દેવનો જીવ મૃત્યુ પામીને સીધે સીધો અસંજ્ઞી પંચેન્દ્રિયના ભવમાં જતો નથી. તે માટે વચમાં એકેન્દ્રિયનો ભવ લેવાનું કહ્યું છે. આ પ્રમાણે અસંજ્ઞીના ભવમાંથી નરકના ભવમાં ગયેલા જીવને જઘન્ય પ્રદેશોદય સંભવી શકે છે.

ચારે આનુપૂર્વી નામકર્મોનો જઘન્ય પ્રદેશોદય પણ પોતપોતાની ગતિ તુલ્ય જ જાણવો ચારે આનુપૂર્વીઓમાં પણ પોતપોતાની ગતિની સાથે તુલ્ય જઘન્ય પ્રદેશોદય કહેવો ફક્ત ભવના પ્રથમ સમયે જ સ્વામી જાણવો. કારણ કે અપર્યાપ્ત અવસ્થામાં સમયે સમયે અસંખ્યાતગણો યોગ વધે છે જેથી વધારે વધારે પ્રદેશબંધ થાય. તે માટે પ્રથમ સમયે જ લેવો ઉચિત છે પ્રથમ સમય પછી બીજા સમયે અને ત્રીજા સમયે આનુપૂર્વી નામકર્મ જે પૂર્વે બાંધ્યું છે તેમાંની જે લતાની આવલિકા સમાપ્ત થાય છે તે લતાનો પણ ઉદય શરૂ થાય છે તેથી જઘન્ય પ્રદેશોદય પ્રાપ્ત થતો નથી. તે માટે ભવના પ્રથમ સમયનું ગ્રહણ કર્યું છે. ॥ ૨૯-૩૦ ॥

**देवगई ओहिसमा, णवरि उज्जोयवेयगो ताहे ।**
**आहारिजाय अइचिरसंजममणुपालिऊणंते ॥ ३१ ॥**

**ગાથાર્થ :** દેવગતિ નામકર્મનો જઘન્ય પ્રદેશોદય અવધિજ્ઞાનાવરણીય કર્મની જેમ જાણવો. પરંતુ જ્યારે ઉદ્યોતનો ઉદય થાય ત્યારે સ્વામી જાણવો. તથા ઘણો લાંબો કાળ સંયમ પાળીને જે જીવે અન્તિમ કાળમાં આહારક શરીરની રચના કરી છે. તે જીવ આહારકસપ્તકનો જઘન્ય પ્રદેશોદય કરે છે. ॥ ૩૧ ॥

**વિવેચન :** દેવગતિ નામકર્મનો પણ જઘન્ય પ્રદેશોદય અવધિજ્ઞાનાવરણીય કર્મની જેમ સમજવો પરંતુ એટલી વિશેષતા છે કે જ્યારે દેવ ભવમાં જન્મેલો જીવ દેવભવની પર્યાપ્તિઓ પુરી કરતાં કરતાં ઉદ્યોતના ઉદયવાળો થાય ત્યારે જ દેવગતિનો જઘન્ય-પ્રદેશોદય જાણવો.

**પ્રશ્ન :** ઉદ્યોતના ઉદયવાળો થાય ત્યારે જ જઘન્ય પ્રદેશોદયનો સ્વામી લેવો આમ કહેવામાં શું કારણ છે ? આવો પ્રશ્ન જો થાય તો ઉત્તર કહે છે.

**ઉત્તર :** જ્યાં સુધી ઉદ્યોતનામકર્મનો ઉદય થતો નથી ત્યાં સુધી તે ઉદ્યોતનો ઉદય ન હોવાથી તેનો દેવગતિ નામકર્મમાં સ્તિબુકસંક્રમ થાય છે. તેથી સ્તિબુક સંક્રમ વડે ઉદ્યોતનામકર્મનાં ઘણાં ઘણાં કર્મદલિકોનો દેવગતિમાં અનુપ્રવેશ થવાથી તે દેવગતિનો જઘન્ય પ્રદેશોદય સંભવતો નથી. પરંતુ જો ઉદ્યોત નામકર્મનો ઉદય થાય ત્યારે સ્વામી લઈએ તો ઉદયમાં આવેલી કર્મપ્રકૃતિઓનો સ્તિબુક સંક્રમ ન થાય. તેથી દેવગતિ નામકર્મનો જઘન્ય પ્રદેશોદય પ્રાપ્ત થઈ શકે. આમ સમજીને ઉદ્યોતના ઉદયવાળો જીવ લેવાનું કહ્યું છે.

આ ઉદ્યોતનો ઉદય પર્યાપ્તા જીવને હોય છે, પરંતુ અપર્યાપ્તા જીવને હોતો નથી. તેથી દેવગતિમાં ગયેલો જીવ પર્યાપ્તો થાય ત્યારે અને ઉદ્યોતનો ઉદય હોય ત્યારે દેવગતિનો જઘન્ય પ્રદેશોદય થાય છે આમ સમજવું.

તથા જે જીવે ઘણો લાંબો કાળ એટલે કે દેશોન પૂર્વક્રોડવર્ષ સુધી સંયમ પાળીને ત્યારબાદ પોતાના ભવના અન્તિમકાળમાં આહારક શરીરની રચના કરી છે અને તે શરીર સંબંધી પર્યાપ્તિઓ સમાપ્ત કરતાં કરતાં ઉદ્યોત નામકર્મના ઉદયવાળો થાય. ત્યારે તે જીવને આહારક સપ્તકનો જઘન્ય પ્રદેશોદય થાય છે.

ઘણો લાંબો કાળ સંયમ પાળવાનું કારણ તે છે કે સંયમના પાલનના કારણે ઘણાં ઘણાં કર્મપુદ્‌ગલો ક્ષય પામી જાય છે જેથી ઉદયમાં થોડાંક જ આવે છે. તે માટે ચિરકાલસંયમ પાલનનું ગ્રહણ કર્યું છે. તથા ઉદ્યોતનો ઉદય લેવાનું કારણ શું છે ? તે વાત તો પહેલાં કહી જ છે. તે જાણી લેવી. ॥ ૩૧ ॥

**सेसाणं चक्खुसमं, तम्मि व अन्नम्मि वा भवे अचिरा ।**
**तज्जोगा बहुगीओ, पवेययं तस्स ता ताओ ॥ ३२ ॥**

**ગાથાર્થ :** બાકી રહેલી સર્વ પણ કર્મપ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશોદય ચક્ષુદર્શનાવરણીય કર્મની જેમ તે તે એકેન્દ્રિયનાભવમાં અથવા અન્યભવમાં (૧) જલ્દી જલ્દી પર્યાપ્તા થયેલા જીવને, તથા (૨) તે તે જીવને યોગ્ય ઘણી ઘણી પ્રકૃતિઓને વેદતો (ઉદયવાળો) હોય તેવા તે જીવને તે તે પ્રકૃતિઓનો જઘન્ય ઉદય જાણવો. ॥ ૩૨ ॥

**વિવેચન :** ઉપર સમજાવતાં બાકી રહેલી જે જે કર્મપ્રકૃતિઓ છે. તેના જઘન્ય પ્રદેશોદયનું સ્વામિત્વ ચક્ષુની સમાન એટલે કે ચક્ષુ દર્શનાવરણીય કર્મની સમાન કહેવું. તેની

સમાન કહેતાં કહેતાં યાવત્ એકેન્દ્રિયમાં તે જીવ જન્મ્યો, ત્યારબાદ જે કર્મોનો તે એકેન્દ્રિયના ભવમાં જ ઉદય વર્તે છે. તે કર્મપ્રકૃતિઓનો તે એકેન્દ્રિયના ભવમાં જ જલ્દી જલ્દી ઉદય થાય ત્યારે જઘન્ય પ્રદેશોદયનો સ્વામી જાણી લેવો.

પરંતુ જે કર્મોનો ત્યાં ઉદય નથી. જેમકે મનુષ્યગતિ, બેઇન્દ્રિય આદિ ચાર જાતિ, પ્રથમનાં પાંચ સંસ્થાન, ઔદારિક અંગોપાંગ, છ સંઘયણ નામકર્મ, વિહાયોગતિ દ્વિક, ત્રસ સૌભાગ્ય, સુસ્વર, દુઃસ્વર, અને આદેયનામકર્મ એમ આ (૨૪) ચોવીશ કર્મપ્રકૃતિઓનો ઉદય ત્યાં એકેન્દ્રિયના ભવમાં નથી તે કારણથી એકેન્દ્રિયના ભવમાંથી નીકળીને તે તે પ્રકૃતિના ઉદયને યોગ્ય ભવોમાં ઉત્પન્ન થાય અને તે તે ભવને યોગ્ય ઘણી ઘણી કર્મપ્રકૃતિઓને ઉદયથી વેદતો હોય, તથા સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તો થયો હોય તેવા પર્યાપ્તા જીવને જઘન્ય પ્રદેશોદયનું સ્વામિત્વ થાય છે.

તે તે ભવને યોગ્ય ઘણી ઘણી પ્રકૃતિઓનું વેદન પર્યાપ્તા જીવને જ હોય છે અને ઉદયમાં આવેલી તે તે પ્રકૃતિઓનો સ્તિબુકસંક્રમ થતો નથી. તેમ થવાથી વિવક્ષિત કર્મપ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશોદય સંભવી શકે છે. આવું વિચારીને ગાથામાં લખ્યું નથી તો પણ સામર્થ્યથી (અધ્યાહારથી) પણ લઈને પર્યાપ્તાને જ જઘન્ય પ્રદેશોદય કહેવો. એટલે અમે પણ આમ જ વિવરણ કર્યું છે.

તથા તીર્થંકર નામકર્મનો જઘન્ય પ્રદેશોદય ક્ષમિતકર્માંશી જીવને તેરમા ગુણઠાણાના પ્રથમ સમયે જ તીર્થંકર નામકર્મના ઉદયવાળા જીવને જઘન્ય પ્રદેશોદય થાય છે. પ્રથમ સમયથી આગળ જાય ત્યારે સયોગીકેવલીના નિમિત્તે રચાયેલી તથા ક્ષપકને આશ્રયી પૂર્વે રચાયેલી ગુણશ્રેણીનું ઘણું ઘણું કર્મદલિક ઉદયમાં આવવાનો સંભવ છે. તેથી ત્યાં જઘન્ય પ્રદેશોદય મળવો સંભવિત નથી તે માટે પ્રથમ સમયે જ સ્વામી કહી દેવો. ॥ ૩૨ ॥

**આ પ્રમાણે આ કર્મપ્રકૃતિની ટીકામાં ઉદયનો અધિકાર સમાપ્ત થયો.**

---o---

# अथ सत्ताधिकार:

*અવતરણ : આ પ્રમાણે ઉદય અધિકાર કહ્યો, હવે સત્તાનો અધિકાર કહેવાય છે ત્યાં આ પ્રમાણે દ્વારો કહેવાનાં છે. (૧) ભેદ, (૨) સાદિ-અનાદિ પ્રરૂપણા, (૩) અને સ્વામિત્વ. ત્યાં સૌથી પ્રથમ ભેદ નિરૂપણ સમજાવે છે :-*

**मूलुत्तरपगइगयं, चउव्विहं संतकम्ममवि णेयं ।**
**धुवअद्धुवणाईयं, अट्ठण्हं मूलपगईणं ॥ १ ॥**

**ગાથાર્થ :** મૂલકર્મ અને ઉત્તરકર્મ સંબંધી પ્રકૃતિઓની ચારે પ્રકારની (પ્રકૃતિ-સ્થિતિ ઈત્યાદિ) પણ સત્તા હોય છે. ત્યાં મૂલ આઠે કર્મોની સત્તા ધ્રુવ અધ્રુવ અને અનાદિ એમ ત્રણ પ્રકારે હોય છે. ॥ ૧ ॥

**વિવેચન :** મૂલ કર્મ સંબંધી અને ઉત્તરકર્મ સંબંધી સત્તા એમ સત્તા બે પ્રકારે હોય છે ત્યાં મૂલકર્મ સંબંધી સત્તા આઠ કર્મ હોવાથી આઠ પ્રકારે હોય છે અને ઉત્તરકર્મસંબંધી સત્તા (૧૫૮) એકસોહ અઠ્ઠાવન ભેદવાળી હોય છે વળી આ બન્ને પ્રકારની સત્તા ચાર પ્રકારની પણ હોય છે. (૧) પ્રકૃતિસત્તા, (૨) સ્થિતિસત્તા, (૩) અનુભાગ સત્તા અને (૪) પ્રદેશ સત્તા, એમ ચાર ભેદ જાણવા.

ત્યાં સાદ્યનાદિની પ્રરૂપણા કરતા એવા ગ્રંથકારશ્રી પ્રથમ મૂલપ્રકૃતિવિષયક તે સાદ્યનાદિની પ્રરૂપણા સમજાવે છે :-

આઠે મૂલકર્મોની સત્તા ત્રણ પ્રકારે છે. (૧) ધ્રુવ, (૨) અધ્રુવ, અને (૩) અનાદિ, ત્યાં આઠે મૂલકર્મોની સત્તા સર્વ જીવોને કાયમ હોવાથી અનાદિ, તથા ધ્રુવતા અને અધ્રુવતા તો અભવ્ય અને ભવ્ય જીવને આશ્રયી સ્વયં જાણી લેવી. ॥ ૧ ॥

*અવતરણ : હવે ઉત્તરપ્રકૃતિવિષયક સાદિ-અનાદિની પ્રરૂપણા સમજાવે છે :-*

**दिट्ठिदुगाउगछग्गइ तणुचोद्दसगं च तित्थगरमुच्चं ।**
**दुविहं पढम कसाया, होंति चउद्धा तिहा सेसा ॥ २ ॥**

**ગાથાર્થ :** દષ્ટિદ્વિક, આયુષ્ય ચાર, ગતિદ્વિક આદિ છ, શરીરની ચૌદ, તીર્થંકરનામકર્મ, અને ઉચ્ચગોત્ર એમ કુલ ૨૮ અઠ્ઠાવીસ કર્મ પ્રકૃતિઓની સત્તા બે પ્રકારે છે. ચાર અનંતાનુબંધી કષાયની સત્તા ચાર પ્રકારે છે અને બાકીની તમામ કર્મપ્રકૃતિઓની સત્તા ત્રણ પ્રકારે છે. ॥ ૨ ॥

**વિવેચન :** સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહબનીય એમ દષ્ટિદ્વિકની બે કર્મપ્રકૃતિઓ, ચારે પ્રકારના આયુષ્યકર્મ, તથા "छग्गइ" એટલે મનુષ્યદ્વિક, દેવદ્વિક, અને નરકદ્વિક એમ ગતિનું ષટ્ક, તથા વૈક્રિય સપ્તક અને આહારક સપ્તક, તીર્થંકર નામકર્મ, અને ઉચ્ચગોત્ર, એમ કુલ (૨૮) અઠયાવીસ કર્મપ્રકૃતિઓ સત્તાને આશ્રયી બે પ્રકારની છે (૧) સાદિ અને (૨) અધ્રુવ.

આ કર્મપ્રકૃતિઓ અધ્રુવસત્તાવાળી હોવાથી જ તેની સત્તા સાદિ-અધ્રુવ છે. ક્યારેક સત્તામાં હોય, અને ક્યારેક સત્તામાં ન પણ હોય, એટલે જ્યારે સત્તામાં આવે ત્યારે સાદિ, અને સત્તામાંથી નીકળી જાય ત્યારે અધ્રુવ આમ આ (૨૮) કર્મપ્રકૃતિઓની સત્તાના બે ભાંગા જાણવા.

તથા અનંતાનુબંધી ચાર કષાય નામના જે પ્રથમના ચાર કષાયો છે તે સત્તાની અપેક્ષાએ સાદિ અનાદિ ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે જાણવા. તે આ પ્રમાણે છે :-

સમ્યગ્દષ્ટિ જીવ વડે સમ્યક્ત્વ હોતે છતે પ્રથમથી જ ચાર અનંતાનુબંધીની વિસંયોજના કરાઈ અર્થાત્ ઉદ્વલના કરાઈ, જેથી તેની સત્તા નાશ પામી, ત્યારબાદ તે અનંતાનુબંધી કષાયના બીજભૂત એવું મિથ્યાત્વ હજુ ક્ષય પામ્યું નથી. તેવા જીવને કાળાન્તરે જ્યારે મિથ્યાત્વે જાય ત્યારે મિથ્યાત્વના નિમિત્તથી ફરીથી પણ ચાર અનંતાનુબંધી આ જીવ બાંધે છે. જ્યારે આ બંધ થાય ત્યારે સત્તાની સાદિ,

અને જે જીવો આ વિસંયોજના (ઉદ્વલના) કરવાનું સ્થાન પામ્યા જ નથી. અને સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું જ નથી. તેવા જીવને અનાદિ, ધ્રુવતા અને અધ્રુવતા પૂર્વની જેમ જાણવી.

તથા બાકીની (૧૨૬) એકસોહ છવ્વીસ કર્મપ્રકૃતિઓ સત્તાની અપેક્ષાએ ત્રણ પ્રકારની છે (૨૮+૪-કુલ ૩૨ વિના (૧૫૮ બાદ ૩૨) બાકીની ૧૨૬) કર્મ પ્રકૃતિઓની સત્તા અનાદિ-ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારે હોય છે. ત્યાં આ (૧૨૬) એકસોહ છવ્વીસ કર્મપ્રકૃતિઓ ધ્રુવસત્તાવાળી હોવાથી અનાદિ, અને ધ્રુવના તથા અધ્રુવતા અભંવ્ય અને ભવ્યને આશ્રયી જાણવી. ॥ ૨ ॥

*અવતરણ : મૂલકર્મને અને ઉત્તરકર્મને આશ્રયી સાદ્યનાદિની પ્રરૂપણા કરી, હવે સ્વામિત્વ કહેવાય છે. તે બે પ્રકારનું છે. (૧) એક એક પ્રકૃતિ વિષયક, અને ઘણી પ્રકૃતિ સાથે લેવા રૂપે એટલે કે પ્રકૃતિ સ્થાન વિષયક, ત્યાં પ્રથમ એક એક પ્રકૃતિ વિષયક સ્વામિત્વ સમજાવવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-*

**छउमत्थंता चोद्दस, दुचरिमसमयं ति अत्थि दो णिद्दा ।**
**बद्धाणि ताव आऊणि, वेइयाइं ति जा कसिणं ॥ ३ ॥**

**ગાથાર્થ :** ચૌદ કર્મપ્રકૃતિઓ છદ્મસ્થતાના અંત સુધી સત્તામાં હોય છે. બે નિદ્રા છદ્મસ્થતાના દ્વિચરમ સમય સુધી સત્તામાં હોય છે ચારે પણ આયુષ્યકર્મ બાંધ્યા પછી પોતપોતાના ભવના ચરમ સમય સુધી વેદાય છે ત્યાં સુધી સત્તામાં હોય છે. ॥ ૩ ॥

**વિવેચન :** જ્ઞાનાવરણીય કર્મ પાંચ, અંતરાય કર્મ પાંચ તથા ચક્ષુ દર્શનાવરણીયાદિ દર્શનાવરણીય કર્મ ચાર એમ કુલ (૧૪) ચૌદ કર્મપ્રકૃતિઓની સત્તા છદ્મસ્યતાના અંત સુધી એટલે કે મિથ્યાત્વથી પ્રારંભીને ક્ષીણમોહ વીતરાગ છદ્મસ્થ નામના બારમા ગુણસ્થાનકના ચરમ સમય સુધી સર્વ જીવોને સત્તામાં અવશ્ય હોય છે.

ત્યાર પછી સયોગી અને અયોગી કેવલી ગુણસ્થાનકે તે ચૌદ ઉત્તરપ્રકૃતિઓની સત્તા હોતી નથી. આ પ્રમાણે જે જે કર્મ પ્રકૃતિઓની જે જે ગુણસ્થાનક સુધી સત્તા કહેવાશે. ત્યાં સુધી સત્તા હોય છે. તે તે ગુણસ્થાનકથી આગળ તે તે કર્મપ્રકૃતિઓની સત્તાનો અભાવ હોય છે. અર્થાત્ ત્યાંથી આગળ સત્તા હોતી નથી.

તથા બે નિદ્રા (નિદ્રા અને પ્રચલા) ક્ષીણમોહવીતરાગ છદ્મસ્થ નામના બારમા ગુણસ્થાનકના દ્વિચરમ સમય (અર્થાત્ ઉપાન્ત્ય સમય) સુધી સત્તામાં હોય છે.

ચારે પણ આયુષ્યકર્મમાંથી જે જે આયુષ્ય જે જે જીવે પૂર્વ ભવમાં જ્યારે જ્યારે બાંધ્યું. ત્યારથી જ તેની સત્તા હોય છે જ્યાં સુધી તેના ઉદયવાળા પછીના ભવમાં આવીને સંપૂર્ણપણે વેદીને સમાપ્ત ન કરે ત્યાં સુધી અર્થાત્ પોત પોતાના ભવના ચરમ સમય સુધી તે તે આયુષ્યકર્મની સત્તા હોય છે. ॥ ૩ ॥

**तिसु मिच्छत्तं णियमा, अट्ठसु ठाणेसु होउ भइयव्वं ।**
**आसाणे सम्मत्तं, णियमा भज्जं दससु होइ ॥ ४ ॥**

**ગાથાર્થ :** મિથ્યાત્વ મોહનીયકર્મની સત્તા પ્રથમનાં ત્રણ ગુણસ્થાનકોમાં નિયમા હોય છે. જ્યારે બાકીનાં અવિરત સમ્યગ્દષ્ટિ આદિ આઠ ગુણસ્થાનકોમાં (૪ થી ૧૧ માં) ભજવાએ સત્તા હોય છે. તે જ પ્રમાણે સમ્યક્ત્વ મોહનીય સાસ્વાદને નિયમા સત્તામાં હોય છે જ્યારે બાકીનાં દશ ગુણસ્થાનકોમાં ભજનાએ હોય છે. ॥ ૪ ॥

**વિવેચન :** ચોથી અને પાંચમી આ બન્ને ગાથાઓમાં દર્શન સપ્તકની સત્તા સમજાવે

છે. ત્યાં મિથ્યાત્વમોહનીય નામના કર્મની સત્તા પ્રથમનાં ત્રણ ગુણસ્થાનકો એટલે કે (મિથ્યાત્વ સાસ્વાદન, અને મિશ્ર) એમ કુલ ત્રણ ગુણસ્થાનકોમાં અવસ્ય સત્તા હોય છે જ્યારે અવિરત સમ્યગ્દષ્ટિ નામના ચોથા ગુણસ્થાનકથી પ્રારંભીને ઉપશાન્ત મોહ વીતરાગ નામના અગીયારમા ગુણસ્થાનક સુધી વિકલ્પે સત્તા હોય છે. (અર્થાત્ હોય પણ છે અને નથી પણ હોતી.) ક્યારેક સત્તામાં હોય છે અને ક્યારેક સત્તામાં નથી પણ હોતી.

તેનો ભાવાર્થ આ પ્રમાણે છે. મિથ્યાત્વ ગુણસ્થાનકે મોહનીય કર્મની ૨૮, ૨૭, અને ૨૬ એમ ત્રણ સત્તા સ્થાનકો હોય છે. મોહનીયની સર્વપ્રકૃતિઓ જેને સત્તામાં હોય તેવા ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને પડેલા જીવને ૨૮ની સત્તા હોય છે. મિથ્યાત્વે આવીને સમ્યક્ત્વ મોહનીયની ઉદ્‌વલના કરનારા જીવને ૨૭ ની સત્તા હોય છે અને ત્યારબાદ મિશ્ર મોહનીયની પણ ઉદ્‌વલના કરનારા જીવને ૨૬ ની સત્તા હોય છે. તથા અનાદિ મિથ્યાત્વી જીવને પણ ૨૬ની જ સત્તા હોય છે. ત્યાં ઉપરોક્ત ૨૮-૨૭ અને ૨૬ એમ ત્રણે સત્તાસ્થાન વાળા જીવને મિથ્યાત્વ-મોહનીયની સત્તા અવશ્ય છે જ નિરંતર બંધાય છે. માટે પણ સત્તામાં છે જ.

સાસ્વાદન ગુણસ્થાનક ઉપશમ સમ્યક્ત્વથી પડતાં આવે છે. માટે ત્યાં અવશ્ય સત્તામાં છે જ, તેથી ત્યાં ૨૮નું એક જ સત્તા સ્થાન હોય છે. તથા મિશ્રગુણસ્થાનકે ૨૮-૨૭ અને ૨૪ એમ ત્રણ સત્તાસ્થાનક હોય છે તે કારણથી મિથ્યાત્વ આદિ ત્રણ ગુણસ્થાનકોમાં ૨૮-૨૭-૨૬માં, ૨૮માં, અને ૨૮-૨૭-૨૪ માં સર્વત્ર મિથ્યાત્વમોહનીય કર્મ તો સત્તામાં છે જ. માટે પ્રથમના ત્રણ ગુણસ્થાનકોમાં મિથ્યાત્વ મોહનીયકર્મની નિયમા સત્તા છે જ.

પરંતુ અવિરત સમ્યગ્દષ્ટિથી ઉપશાન્તમોહ સુધીનાં (૪ થી ૧૧ સુધીનાં) આઠ ગુણસ્થાનકોમાં ભજના હોય છે ત્યાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને સત્તા નથી. પણ ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવને સત્તા છે. માટે વિકલ્પે સત્તા છે અને ક્ષીણમોહ આદિ બાકીનાં ત્રણ ગુણસ્થાનકોમાં તો ક્ષપિતમોહવાળો જીવ હોવાથી સત્તા સંભવતી જ નથી. આ પ્રમાણે મિથ્યાત્વ મોહનીય કર્મની સત્તા પહેલા ત્રણ ગુણસ્થાનકોમાં નિયમા અને ૪ થી ૧૧ એમ આઠ ગુણસ્થાનકોમાં વિકલ્પે સત્તા હોય છે.

તથા સમ્યક્ત્વમોહનીય કર્મની સત્તા સાસ્વાદને નિયમા હોય છે. કારણ કે ત્યાં ઔપશમિક સમ્યક્ત્વી જ આવે છે. બીજા સમ્યક્ત્વવાળા (ક્ષાયિકાદિવાળા) ત્યાં આવતા નથી. ઔપશમિક સમ્યક્ત્વના કાળના જઘન્યથી એક સમય માત્ર અને ઉત્કૃષ્ટથી છ આવલિકા જેટલો કાળ બાકી હોતે છતે સાસ્વાદને જીવ આવે છે. ત્યાં ઔપશમિક સમ્યક્ત્વથી

જ પડીને આવે છે તે માટે નિયમા (૨૮) અટ્ઠાવીસની જ સત્તાવાળો આ જીવ છે. તેથી તેમાં સમ્યક્ત્વ મોહનીય નિયમા સત્તામાં છે.

શેષ બાકીનાં દશ ગુણસ્થાનકોમાં સાસ્વાદન વિના મિથ્યાત્વથી ઉપશાન્તમોહ ગુણસ્થાનક સુધીનાં દશ ગુણસ્થાનકોમાં ભજનાએ સત્તા હોય છે. એટલે કે ક્યારેક સત્તા હોય છે અને ક્યારેક સત્તા નથી પણ હોતી. તે આ પ્રમાણે સમજવું.

મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે અનાદિ મિથ્યાત્વી ૨૬ની સત્તાવાળા જીવને તથા સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના કરનારા જીવને એટલે કે ૨૭ની સત્તાવાળા જીવને સમ્યક્ત્વ મોહનીયની સત્તા હોતી નથી. મિશ્ર ગહુણસ્થાનકે પણ સમ્યક્ત્વમોહબનીય કર્મની પ્રથમ ગુણસ્થાનકે ઉદ્વલના કરીને ૨૭ની સત્તાવાળો થઈને આવનારા જીવને કેટલોક કાળ સમ્યક્ત્વમોહનીયની સત્તા હોતી નથી.

તથા અવિરત સમ્યગ્દૃષ્ટિથી ઉપશાન્તમોહ ગુણસ્થાનક સુધીનાં આઠ ગુણસ્થાનકોમાં ક્ષીણસપ્તકને (એટલે કે ક્ષાયિકસમ્યક્ત્વી જીવને) સત્તામાં સમ્યક્ત્વ મોહનીય હોતુ નથી પરંતુ અન્ય જીવોને (એટલે કે ઔપશમિક સમ્યક્ત્વી અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વી જીવને) સત્તામાં હોય છે માટે સાસ્વાદને નિયમા અને બાકીનાં (૧ થી ૧૧ સુધીનાં બીજા વિનાનાં) દશ ગુણસ્થાનકોમાં વિકલ્પે સત્તા હોય છે. ॥ ૪ ॥

**बिइयतइएसु मीसं, णियमा ठाणणवगम्मि भयणिज्जं ।**
**संजोअणा उ णियमा, दुसु पंचसु होइ भइयव्वं ॥ ५ ॥**

**ગાથાર્થ :** મિશ્રમોહનીયકર્મ બીજા અને ત્રીજા ગુણસ્થાનકે નિયમા સત્તામાં હોય છે પરંતુ મિથ્યાત્વથી નવ ગુણસ્થાનકોમાં ભજનાએ સત્તામાં હોય છે. અનન્તાનુબંધી ચાર કષાયો પ્રથમનાં બે ગુણસ્થાનકોમાં નિયમા સત્તામાં હોય છે. પરંતુ મિશ્રથી પ્રારંભીને પાંચ ગુણસ્થાનકોમાં ભજનાએ હોય છે. ॥ ૫ ॥

**વિવેચન :** મિશ્રમોહનીય એટલે કે સમ્યગ્મિથ્યાત્વ મોહનીય કર્મ બીજા અને ત્રીજા ગુણસ્થાનકે નિયમા સત્તામાં હોય છે કારણ કે સાસ્વાદને નિયમા (૨૮) અટ્ઠાવીસની જ સત્તા હોય છે તથા મિશ્ર ગુણસ્થાનકે (૨૮) અટ્ઠાવીસની સત્તાવાળો જીવ, તથા સમ્યક્ત્વ મોહનીયકર્મની જે જીવે મિથ્યાત્વે રહીને ઉદ્વલના કરી છે અને પછી મિશ્રે આવ્યો છે તેવા જીવને (૨૭) સત્યાવીસની સત્તા હોય છે તથા અનન્તાનુબંધી ચાર કષાયોનો જે જીવે સત્તામાંથી નાશ કર્યો છે એવા જીવને આશ્રયી (૨૪) ચોવીસની સત્તા હોય છે.

આ પ્રમાણે બીજે ગુણસ્થાનકે સંભવતા ૨૮માં, તથા મિશ્રે સંભવતા ૨૮-૨૭ અને ૨૪ એમ ત્રણે સત્તાસ્થાનોમાં મિશ્રમોહનીયની સત્તા અવશ્ય પ્રાપ્ત થાય જ છે. (૨૬) છવ્વીસની સત્તાવાળો જીવ મિશ્રગુણસ્થાનકે આવતો જ નથી. મિશ્રપુંજની સત્તા અને ઉદય વિના મિશ્રગુણસ્થાનકની પ્રાપ્તિ થતી નથી. આ પ્રમાણે બીજે અને ત્રીજે ગુણસ્થાનકે મિશ્ર મોહનીય નિયમા સત્તામાં હોય જ છે.

તથા "स्थाननवके" મિથ્યાદૃષ્ટિ અને અવિરતસમ્યક્દૃષ્ટિથી ઉપશાન્તમોહ સુધીનાં આઠ ગુણસ્થાનકો એમ કુલ (૯) નવ ગુણસ્થાનકોમાં મિશ્રમોહનીયની સત્તા ભજનાએ જાણવી. સારાંશ કે તે નવ ગુણસ્થાનકોમાં મિશ્રમોહનીય સત્તામાં હોય પણ છે અને સત્તામાં નથી પણ હોતું. માટે વિકલ્પે સત્તા છે.

તથા "संयोजना" એટલે કે અનંતાનુબંધી ચાર કષાયોની મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદન એમ પ્રથમનાં બે ગુણસ્થાનકોમાં નિયમા સત્તા હોય છે. કારણ કે આ બે ગુણસ્થાનકવાળા જીવો અનંતાનુબંધી ચાર કષાયો અવશ્ય બાંધે જ છે. માટે નિયમા સત્તા હોય છે.

પરંતુ મિશ્રદૃષ્ટિથી પ્રારંભીને અપ્રમત્તસંયમ સુધીનાં શેષ પાંચ ગુણસ્થાનકોમાં અનંતાનુબંધી ચાર કષાયોની સત્તા ભજનાએ જાણવી તે આ પ્રમાણે વિસંયોજના કરી છે અનંતાનુબંધી ચાર કષાયોની જેણે એવા ૨૪ ની સત્તાવાળા મિશ્રદૃષ્ટિ જીવને, તથા ક્ષીણ કર્યાં છે દર્શનસપ્તક જેણે એવા ક્ષાયિક સમ્યક્ત્વી (૨૧) એકવીસની સત્તાવાળા તથા (૨૪) ચોવીસ ની સત્તાવાળા અવિરત સમ્યગ્દૃષ્ટિથી અપ્રમત્ત સુધીના જીવોને અનંતાનુબંધી ચાર કષાયો સત્તામાં હોતા નથી. પરંતુ તેનાથી ઇતરને તો સત્તામાં હોય છે.

મિશ્રગુણસ્થાનકે ૨૮ અને ૨૭ ની સત્તાવાળાને હોય છે. ૨૪ ની સત્તાવાળાને હોતા નથી. અવિરત સમ્યક્ત્વીથી અપ્રમત્ત સુધીના જીવોમાં ૨૮ની સત્તાવાળાને અનંતાનુબંધી કષાયો સત્તામાં હોય છે. પરંતુ ૨૪-૨૩-૨૨ અને ૨૧ ની સત્તાવાળાને સંભવતા નથી. તે માટે આ પાંચે ગુણસ્થાનકે વિકલ્પે સત્તા હોય છે.

અહીં ગ્રંથકારશ્રીએ મિશ્રથી અપમત્ત સુધી એમ પાંચ ગુણસ્થાનકોમાં જ અનંતાનુબંધી કષાયોની સત્તા વિકલ્પે હોય છે એમ જે કહ્યું છે તે પોતાના મતના અભિપ્રાયે કહ્યું છે. તેનો સાક્ષીપાઠ આ પ્રમાણે છે. तद्विसंयोजितानन्तानुबन्धिकषाय एवोपशमश्रेणिमपि प्रतिपद्यते ॥ "જે આત્માએ અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કરી હોય તેવો (૨૪) ચોવીસની સત્તાવાળો જીવ જ ઉપશમશ્રેણિને પણ સ્વીકારે છે." આવા પ્રકારના પોતાના મતના અભિપ્રાયે કહ્યું છે.

પરંતુ કર્મગ્રંથકાર આદિના મતે તો મિશ્રથી અગીયારમા ગુણસ્થાનક સુધી એટલે કે કુલ નવ ગુણસ્થાનકોમાં અનંતાનુબંધીની સત્તા વિકલ્પે જાણવી. તેનો સાક્ષી પાઠ આ પ્રમાણે છે. "आइदुगे अण नियमा भइया मीसाइणवगम्मि" પ્રથમનાં બે ગુણસ્થાનકોમાં અનંતાનુબંધી ચાર કષાયો નિયમા સત્તામાં હોય છે. પરંતુ મિશ્રાદિ નવ ગુણ સ્થાનકોમાં ભજનાએ હોય છે.

આ પ્રમાણે શતક નામના પાંચમા કર્મગ્રંથમાં પરમપૂજ્ય દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજશ્રીએ સ્પષ્ટ કહ્યું છે. માટે આ મતાન્તર હશે અથવા વિવક્ષાભેદ હશે. ॥ ૫ ॥

**खवगाणियट्ठिअद्धा, संखेज्जाहिंति अट्ठ वि कसाया ।**
**णिरयतिरियतेरसगं, णिद्दाणिद्दातिगेणुवरिं ॥ ६ ॥**

**ગાથાર્થ :** મધ્યમના આઠ કષાયોની સત્તા ક્ષપક શ્રેણિમાં અનિવૃત્તિકરણ ગુણસ્થાનકના સંખ્યાતા ભાગ જાય ત્યાં સુધી હોય છે. તથા નરક અને તિર્યંચને જ એકાન્તે યોગ્ય એવી તેર (૧૩) પ્રકૃતિઓ તથા નિદ્રાનિદ્રાત્રિક એમ કુલ (૧૬) સોળ કર્મપ્રકૃતિઓની સત્તા આઠ કષાયોની સત્તાના અંત પછી સંખ્યાતા સ્થિતિઘાત જાય ત્યાં સુધી સત્તા હોય છે. ॥ ૬ ॥

**વિવેચન :** ક્ષયકશ્રેણિ ઉપર આરૂઢ થયેલા જીવોને અનિવૃત્તિ બાદર સંપરાય નામના નવમા ગુણસ્થાનકના યાવત્ સંખ્યાતા ભાગો જાય ત્યાં સુધી અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનાવરણ એમ આઠ કષાયો સત્તામાં હોય છે. ત્યાર પછી આગળ આગળ ક્ષપકશ્રેણિમાં સત્તામાં આ આઠ કષાયો હોતા નથી. કારણ કે તે આઠ કષાયોનો સર્વથા ક્ષય થયેલો હોય છે. પરંતુ ઉપશમશ્રેણિને આશ્રયી તો ઉપશાન્તમોહવીતરાગ નામના અગિયારમા ગુણસ્થાનક સુધી સત્તા હોય છે.

તથા નરક અને તિર્યંચને એકાન્તે યોગ્ય એવી નામકર્મની (૧૩) તેર કર્મપ્રકૃતિઓ નરકદ્વિક, તિર્યંચદ્વિક, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જાતિ, સ્થાવર, આતપ, ઉદ્યોત, સૂક્ષ્મ અને સાધારણ નામકર્મ એમ કુલ તેર કર્મપ્રકૃતિઓ તથા નિદ્રાનિદ્રાત્રિકથી સંયુક્ત કરીએ તો (૧૩+૩-૧૬) એમ સોળ કર્મપ્રકૃતિઓની સત્તા ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકમાં આઠ કષાયોનો ક્ષય થયા પછી તેનાથી ઉપર સંખ્યાતા સ્થિતિખંડો પસાર થયે છતે એકીસાથે આ સોળનો ક્ષય થાય છે તેથી જ્યાં સુધી તેનો ક્ષય થાય નહીં ત્યાં સુધી સત્તા હોય છે. ક્ષય થયે છતે તેની સત્તા હોતી નથી.

ઉપશમશ્રેણિમાં તો આ સોળે સોળ કર્મપ્રકૃતિઓ ઉપશાન્ત મોહ નામના અગિયારમા ગુણસ્થાનક સુધી અવશ્ય સત્તામાં હોય જ છે આમ જાણવું. ॥ ૬ ॥

**अपुमित्थीय समं वा, हासछक्कं च पुरिससंजलणा ।**
**पत्तेगं तस्स कमा, तणुरागंतोत्ति लोभो य ॥ ७ ॥**

**ગાથાર્થ :** નપુસંકવેદ, સ્ત્રીવેદ આ બન્નેની ક્રમસર અથવા એકી સાથે સત્તા જાય, ત્યારબાદ હાસ્યાદિ ષટ્ક, પુરુષવેદ અને સંજ્વલન ચાર કષાયોનો ક્ષય થાય. જ્યાં સુધી ક્ષય ન થાય ત્યાં સુધી સત્તા હોય છે. સંજ્વલનલોભ સૂક્ષ્મસંપરાયના અન્તિમ સમય સુધી સત્તામાં હોય છે. ॥ ૭ ॥

**વિવેચન :** અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણ ચાર ચાર એમ મધ્યમના આઠ કષાયોનો ક્ષય કર્યો છે જેણે એવા જીવને એટલે કે ક્ષયક શ્રેણિમાં વર્તતા જીવને પૂર્વે કહેલી (૧૬) સોળ કર્મપ્રકૃતિઓનો ક્ષય થયા પછી સંખ્યાતા સ્થિતિખંડ ગયે છતે નપુસંકવેદનો ક્ષય થાય છે. જ્યાં સુધી ક્ષય ન થાય ત્યાં સુધી તે નપુંસકવેદની સત્તા હોય છે.

ત્યારબાદ ફરીથી આગળ હજારો સ્થિતિઘાતો પસાર થયે છતે સ્ત્રીવેદનો ક્ષય થાય છે. તે સ્ત્રીવેદ પણ જ્યાં સુધી ક્ષય ન થાય ત્યાં સુધી સત્તામાં હોય છે. આ જે ક્રમ લખવામાં આવ્યો છે તે સ્ત્રીવેદના ઉદયે અથવા પુરુષવેદના ઉદયે ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરનારા જીવને આશ્રયી જાણવું.

પરંતુ જો નપુંસક વેદના ઉદયે ક્ષપકશ્રેણિ પ્રારંભી હોય તો સ્ત્રીવેદ અને નપુંસકવેદ આ બન્નેનો એકીસાથે ક્ષય થાય છે જ્યાં સુધી તેનો ક્ષય ન થાય, ત્યાં સુધી જ તેની સત્તા હોય છે. પરંતુ ક્ષય થયા પછી સત્તા હોતી નથી તથા ઉપશમશ્રેણિને આશ્રયી તો ઉપશાન્ત-મોહગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

પુરુષવેદે ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરનારા જીવને સ્ત્રીવેદનો ક્ષય થયા પછી સંખ્યાતા સ્થિતિઘાત ગયે છતે હાસ્યાદિ ષટ્કનો ક્ષય થાય છે ત્યારબાદ સમય ન્યૂન બે આવલિકા કાળ ગયે છતે પુરુષવેદનો ક્ષય થાય છે આ પ્રમાણે પુરુષવેદે ક્ષપકશ્રેણિ પ્રારંભ કરનારને જાણવું.

પરંતુ સ્ત્રીવેદ અથવા નપુંસકવેદના ઉદયે ક્ષપકશ્રેણિપ્રારંભી હોય તો પુરુષવેદ અને હાસ્યાદિ ષટ્ક એકીસાથે ક્ષય પામે છે. ત્યારબાદ પુરુષવેદના ઉદયે ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરનારાને આશ્રયી સંખ્યાતા સ્થિતિખંડ ગયે છતે સંજ્વલન ક્રોધ ક્ષય પામે છે. ત્યારબાદ ફરીથી સંખ્યાતા સ્થિતિખંડ ગયે છતે સંજ્વલન માન ક્ષય પામે છે. તેની પછી ફરીથી સંખ્યાતા સ્થિતિ ખંડ ગયે છતે સંજ્વલનની માયા ક્ષય પામે છે.

આ પ્રમાણે ક્ષય થતી કર્મપ્રકૃતિઓમાં હાસ્યાદિ ષટ્ક વિગેરે જ્યાં સુધી ક્ષય ન પામ્યા હોય ત્યાં સુધી સત્તામાં હોય છે. આમ સમજવું. સંજ્વલન લોભ જે છે તે તનુ રાગાન્ત એટલે સૂક્ષ્મસંપરાય નામના દશમા ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે તેથી તેનો ભાવાર્થ આ પ્રમાણે જાણવો.

જ્યાં સુધી તનુરાગાન્ત હોય છે પાતળા પાતળા એવા પણ સૂક્ષ્મ લોભનો અંત્યસમય આવે છે. ત્યાં સુધી તે સત્તામાં હોય છે. તેનાથી આગળ સત્તામાં હોતો નથી. પરંતુ ઉપશમશ્રેણિને આશ્રયી તો હાસ્યાદિ સર્વ આ વિવક્ષિત પ્રકૃતિઓ ઉપશાન્તમોહ ગુણસ્થાનક સુધી અવશ્ય સત્તામાં હોય જ છે. આમ જાણવું. ॥ ૭ ॥

**मणुयगइजाइतसबायरं च, पज्जत्तसुभगमाइज्जं ।**
**जसकित्ती तित्थयरं, वेयणिउच्चं च मणुआऊ ॥ ८ ॥**

**भवचरिमसमयम्मि य, तम्मग्गिल्लसमयम्मि सेसाउ ।**
**आहारगतित्थयरा, भज्जा दुसु नत्थि तित्थयरं ॥ ९ ॥**

*ગાથાર્થ :* મનુષ્યની ગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સૌભાગ્ય, આદેય, અને યશકીર્તિનામકર્મ તથા તીર્થંકરનામકર્મ, સાતા-અસાતા વેદનીય ઉચ્ચગોત્ર અને મનુષ્યનું આયુષ્ય એમ (૧૩) કુલ તેર પ્રકૃતિઓની સત્તા ભવના ચરમ સમય સુધી હોય છે.

(વેદનીય બેમાંથી એક લેવી. કોઈને સાતા અને કોઈને અસાતા ચરમ સમયમાં હોય છે.) બાકીની (૮૩) ત્ર્યાંસી પ્રકૃતિઓ ભવના દ્વિચરમ સમય સુધી જ સત્તામાં હોય છે તે ત્ર્યાસી પ્રકૃતિઓ આ પ્રમાણે છે :- સાતા અસાતા એમ બે વેદનીયમાંથી એક વેદનીય, દેવદ્વિક, ઔદારિકસપ્તક, વૈક્રિયસપ્તક, આહારકસપ્તક, તૈજસકાર્મણસપ્તક, પ્રત્યેકનામકર્મ, છ સંઘયણ નામકર્મ, છ સંસ્થાનનામકર્મ, વર્ણાદિના વીશ ઉત્તરભેદો, વિહાયોગતિદ્વિક, અગુરુલઘુ, પરાઘાત, ઉપઘાત, ઉચ્છ્વાસ, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, દૌર્ભાગ્ય, દુઃસ્વર, સુસ્વર, અયશઃકીર્તિ, મનુષ્યાનુપૂર્વી, નિર્માણનામકર્મ, અનાદેય, અપર્યાપ્તક નામકર્મ અને નીચગોત્ર સ્વરૂપ કુલ (૮૩) ત્ર્યાંસી પ્રકૃતિઓની સત્તા તેના આગલા સમય સુધી એટલે કે ભવનો જે ચરમસમય છે તેનાથી પાછલા સમય સુધી સારાંશ કે અયોગી ગુણસ્થાનકના દ્વિચરમ સુધી સત્તામાં હોય છે. પરંતુ ચરમસમયમાં સત્તામાં આ (૮૩) પ્રકૃતિઓ સંભવતી નથી. (હોતી નથી.).

આહારક સપ્તક અને તીર્થંકર નામકર્મ સર્વે પણ ગુણસ્થાનકોમાં પોતાના આધારપણે ભજનાએ હોય છે. પરંતુ બીજુ અને ત્રીજુ એમ બે ગુણસ્થાનકોમાં અર્થાત્ સાસ્વાદન અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ રૂપ આ બે ગુણસ્થાનકોમાં તીર્થંકર નામકર્મ નિયમા સત્તામા હોતું જ નથી. કારણ કે તીર્થંકરનામકર્મની સત્તા વાળા જીવનું તથા સ્વભાવથી જ આ બે ગુણસ્થાનકમાં ગમન થતું નથી. તે કારણથી આ બે ગુણસ્થાનકને છોડીને સર્વત્ર સત્તાની ભજના જાણવી. સત્તામાં હોય પણ છે અને સત્તામાં નથી પણ સંભવતું.

તથા જે અપ્રમત્ત મુનિ થયા છે તથા અપ્રમત્ત આદિ ગુણસ્થાનકમાં વર્તે છે તેવા જીવને સંયમના નિમિત્તે આહારસપ્તકનો બન્ધ કરીને વિશુદ્ધિના વશથી ઉપરના ગુણસ્થાનકોમાં ચૌદમા સુધી જીવ ચઢી શકે છે.તથા જે જીવ સાતમે - આઠમે આહારકસપ્તકનો બંધ કર્યો છે તેની પછીથી ઉપરનાં ગુણસ્થાનકોથી અવિશુદ્ધ અધ્યવસાયના કારણે નીચે પડે પણ છે. તેવા બન્ને જીવોને સાથે વિચારીએ તો આહારકસપ્તક સર્વ ગુણસ્થાનકોમાં સત્તામાં વિકલ્પે હોય છે.

તથા જે જીવ આહારકસપ્તક બાંધતો નથી તે જીવ તેનો બંધ કર્યા વિના જ ઉપરનાં સર્વ ગુણસ્થાનકોમાં ચઢે પણ છે અને નીચે ઉતરે પણ છે. તેવા જીવને સર્વ ગુણસ્થાનકોમાં આહારકસપ્તકની સત્તા સંભવતી નથી. આમ સર્વત્ર વિકલ્પે જાણવી.

તથા જે કોઈ અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકથી આરંભીને અપૂર્વકરણના છઠ્ઠા ભાગ સુધીમાં સમ્યક્ત્વ પૂર્વકના રાગાદીના નિમિત્તે તીર્થંકર નામકર્મ બાંધીને ઉપરના ગુણસ્થાનકોમાં આરૂઢ થાય છે. તેને ઉપરના સર્વગુણસ્થાનકોમાં તીર્થંકરનામકર્મની સત્તા હોય છે અને વળી કોઈક જીવ બાંધ્યું છે તીર્થંકર નામકર્મ જેણે એવો જીવ અશુદ્ધિના વશથી પડીને મિથ્યાત્વે પણ જાય છે. ત્યારે ૪ થી ૧૪ ગુણસ્થાનક સુધી તથા મિથ્યાત્વે એમ બીજા અને ત્રીજા ગુણસ્થાનક વિના બાકીનાં બાર ગુણસ્થાનકોમાં તીર્થંકરનામકર્મ સત્તામાં પ્રાપ્ત થાય છે.

તથા જે જીવ વિશુદ્ધસમ્યક્ત્વ હોતે છતે પણ તીર્થંકરનામકર્મ બાંધતા નથી તે જીવને સર્વ પણ ગુણસ્થાનકોમાં ચઢતાં અને ઉતરતાં તેની સત્તા સંભવતી નથી. આ આહારકસપ્તક અને તીર્થંકરનામકર્મ એમ બન્નેના પોતાના બંધહેતુઓ મિથ્યાત્વાદિ ચારમાંથી યથોચિત પ્રશસ્ત રાગાદિ બંધહેતુ હોવા છતાં પણ બંધની અધ્રુવતા જ હોવાથી અવશ્ય સત્તા હોય જ એવો નિયમ નથી. તેથી સર્વત્ર વિકલ્પે સત્તા હોય છે.

તથા તીર્થંકરનામકર્મ અને આહારકસપ્તક એમ બન્ને સાથે બંધાયે છતે તે બન્નેની સત્તા સાથે હોતે છતે જીવ મિથ્યાત્વે ગમન કરતો નથી તેથી મિથ્યાત્વે બન્નેની સત્તા સાથે હોતી

નથી. પાંચમા કર્મગ્રંથમાં કહ્યું છે કે "उभये सन्ति न मिच्छो" ઉભય એટલે કે બન્ને અર્થાત્ તીર્થંકર નામકર્મ અને આહારકસપ્તક એમ બન્નેની સાથે સત્તા હોતે છતે આ જીવ મિથ્યાદૃષ્ટિ થતો નથી.

કેવળ એકલા તીર્થંકરનામકર્મની સત્તા પહેલા ગુણઠાણે હોય છે. પરંતુ તે અંતર્મુહૂર્ત માત્ર જ હોય છે અધિકકાળ હોતી નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે "तित्थगरे अंतरमुहुत्तं"

તેનો ભાવાર્થ આ પ્રમાણે છે :- મનુષ્યના જે જીવે પ્રથમ નરકનું આયુષ્ય બાંધ્યું હોય, પછી ક્ષયોપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું હોય, ત્યારબાદ તીર્થંકર નામકર્મ બાંધ્યું હોય, ત્યાર પછી નરકમાં ઉત્પન્ન થવાને તત્પર થયો હોય ત્યારે નરકમાં જવાનો હોવાથી પતિતપરિણામી થવાથી અવશ્ય સમ્યક્ત્વગુણને ત્યજીને જ ત્યાં નરકમાં ઉત્પન્ન થાય છે ઉત્પત્તિના પ્રથમ સમયથી આગળ એક અંતર્મુહૂર્ત કાળ ગયા પછી અવશ્ય આ જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરશે જ, તેવા જીવને આ ઉપર કહેલા અંતર્મુહૂર્તના પ્રમાણવાળો કાળ તીર્થંકરનામકર્મની સત્તાનો પ્રાપ્ત થાય છે. આમ સમજવું. ॥ ૮-૯ ॥

***અવતરણ : તે આ પ્રમાણે એક એક પ્રકૃતિની સત્તા સમજાવી. હવે પ્રકૃતિસ્થાન સત્તાની પ્રરૂપણા કરવા માટે કહે છે :-***

**पढमचरिमाणमेगं छन्नवचत्तारि बीयगे तिन्नि ।**
**वेयणीयाउअगोएसु दोन्नि, एगं तु दो हुंति ॥ १० ॥**

**ગાથાર્થ :** પ્રથમ કર્મ જ્ઞાનાવરણીય અને ચરિમ કર્મ અંતરાય આમ આ બન્ને કર્મોમાં એક સત્તાસ્થાન છે. બીજા દર્શનાવરણીય કર્મમાં નવ-છ અને ચારનું એમ ત્રણ સત્તાસ્થાનો છે. વેદનીય આયુષ્ય અને ગોત્રકર્મમાં બેનું અથવા એકનું એમ કુલ બે બે સત્તાસ્થાનો છે. ॥ ૧૦॥

**વિવેચન :** આઠે મૂલકર્મોનાં સત્તાસ્થાનો સમજાવે છે. ત્યાં સૌથી પ્રથમ પહેલું કર્મ જે જ્ઞાનાવરણીય કર્મ છે તેનું, તથા ચરિમ એટલે કે છેલ્લું જે કર્મ છે તે અંતરાયકર્મ, એમ આ બે કર્મોમાં પાંચ પાંચ પ્રકૃતિઓનું બનેલું એક જ સત્તાસ્થાન હોય છે. અને તે મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી પ્રારંભીને ક્ષીણમોહ ગુણસ્થાનકના ચરમસમય સુધી હોય છે. પાંચે પાંચ પ્રકૃતિઓ એકી સાથે સત્તામાંથી વિનાશ પામે છે. તે માટે આ બન્ને કર્મોમાં વધારે કે ઓછાં સત્તાસ્થાન હોતાં નથી.

બીજા દર્શનાવરણીય કર્મમાં ત્રણ સત્તાસ્થાનો હોય છે. તે આ પ્રમાણે :- (૯-૬-૪) નવનું, છનું, અને ચારનું, એમ ત્રણ સત્તાસ્થાનો હોય છે ત્યાં દર્શનાવરણીય કર્મની

સર્વ પ્રકૃતિઓ સત્તામાં હોય ત્યારે નવનું સત્તાસ્થાન હોય છે. તે નવની સત્તા ઉપશમશ્રેણિમાં ઉપશાન્તમોહ ગુણસ્થાનક સુધી હોય છે અને ક્ષપકશ્રેણિમાં અનિવૃત્તિબાદરસંપરાય નામના નવમા ગુણસ્થાનકના સંખ્યાતા ભાગ જાય ત્યાં સુધી સત્તામાં હોય છે તેનાથી આગળ અર્થાત્ સંખ્યાતા ભાગ ગયા પછી થિણદ્ધિત્રિકની સત્તાનો ક્ષય થવાથી ક્ષપકશ્રેણિમાં છની સત્તા હોય છે.

તે છની (૬ની) સત્તા ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકના સંખ્યાતા ભાગ ગયા પછીથી યાવત ક્ષીણકષાયવીતરાગ નામના બારમા ગુણસ્થાનકના દ્વિચરમ સમય સુધી સત્તામાં હોય છે. તે બારમા ગુણસ્થાનકના દ્વિચરમ સમયે(ઉપાન્ત્ય સમયે) નિદ્રા અને પ્રચલા આ બન્નેની સત્તાનો વિચ્છેદ થાય છે. તેથી બારમા ગુણસ્થાનકના ચરમ સમયમાં ચાર જ પ્રકૃતિઓ સત્તામાં હોય છે અને તે ચારની સત્તા ત્યાં જ એટલે કે બારમાના ચરમ સમયે જ વિચ્છેદ પામે છે.

આ પ્રમાણે દર્શનાવરણીયકર્મમાં (૯-૬-૪) નવ, છ, અને ચાર કર્મ પ્રકૃતિઓનું એમ ત્રણ સત્તા સ્થાનો હોય છે.

તથા વેદનીયકર્મ, આયુષ્યકર્મ અને ગોત્રકર્મ એમ કુલ ત્રણ કર્મોમાં બે બે સત્તાસ્થાનો હોય છે. તે આ પ્રમાણે બે પ્રકૃતિનું અને એક પ્રકૃતિનું એમ બે બે સત્તાસ્થાનો હોય છે. ત્યાં વેદનીય કર્મમાં સાતા અને અસાતા આ બન્નેમાંથી જ્યાં સુધી એકની સત્તાનો ક્ષય ન થાય ત્યાં સુધી ચૌદમા ગુણસ્થાનકના દ્વિચરમ સમય સુધી બેનું સત્તાસ્થાન હોય છે. અને જ્યારે આ બેમાંથી એક સત્તામાંથી ક્ષય થઈ જાય છે ત્યારે ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે એકની જ સત્તા હોય છે.

ગોત્રકર્મમાં પણ જ્યાં સુધી એક ગોત્ર ક્ષય પામતું નથી. ત્યાં સુધી ચૌદમાના દ્વિચરમ સમય સુધી બન્ને ગોત્રકર્મની સત્તા હોય છે પરંતુ જ્યારે બન્ને ગોત્રમાંથી એક ગોત્રકર્મનો ક્ષય થાય. અથવા એક ગોત્રકર્મની ઉદ્વલના થાય ત્યારે બેમાંથી એક જ ગોત્રકર્મની સત્તા હોય છે ચૌદમા ગુણસ્થાનકના દ્વિચરમ સમયે નીચગોત્રની સત્તાનો ક્ષય થઈ જાય ત્યારે, અથવા તેઉકાય-વાઉકાયમાં જવા વડે ઉચ્ચગોત્રની ઉદ્વલના કરી લીધી હોય ત્યારે ગોત્રકર્મની એક જ પ્રકૃતિની સત્તા હોય છે. અન્યથા સર્વકાલે બન્ને ગોત્રકર્મની સત્તા હોય છે.

આયુષ્યકર્મમાં પરમભવનું બાંધેલું આયુષ્ય ઉદયમાં આવતું નથી. ત્યાં સુધી ચાલુ ભવનું અને પરભવનું એમ બન્ને આયુષ્યકર્મની સત્તા હોય છે. અને જ્યારે જીવનું ચાલુ ભવમાંથી મૃત્યુ થાય છે અને પરભવનું આયુષ્ય ઉદયમાં શરૂ થાય છે ત્યારથી ત્યાં એક

જ ભવનું એક જ આયુષ્ય સત્તામાં હોય છે. આમ આયુષ્યકર્મમાં પણ બેનું અને એકનું એમ બે સત્તાસ્થાન હોય છે. પરભવનું આયુષ્ય ઉદયમાં આવે છે ત્યારે પૂર્વભવનું આયુષ્ય ક્ષય પામ્યું છે. તે માટે મૃત્યુ બાદ એક જ આયુષ્યની સત્તા હોય છે. ત્યાં ગયા પછી પરભવનું નવું આયુષ્ય ન બાંધે ત્યાં સુધી એક જ આયુષ્યની સત્તા હોય છે. ॥ ૧૦ ॥

*અવતરણ : હવે મોહનીયકર્મનાં પ્રકૃતિ સત્તાસ્થાનોનું પ્રતિપાદન કરતાં જણાવે છે કે :-*

**एगाइ जाव पंचगमेक्कारस बार तेरसिगवीसा ।**

**बिय तिय चउरो, छस्सत्तअट्ठवीसा य मोहस्स ॥ ११ ॥**

**ગાથાર્થ :** મોહનીય કર્મનાં એકથી પાંચ, અગિયાર, બાર અને તેર, તથા એકવીસ, બાવીસ, ત્રેવીસ, ચોવીસ, છવીસ, સત્યાવીસ અને અઠ્યાવીસ એમ કુલ પન્નર સત્તાસ્થાનો થાય છે. ॥ ૧૧ ॥

**વિવેચન :** મોહનીય કર્મનાં કુલ (૧૫) પન્નર સત્તાસ્થાનો છે. તે આ પ્રમાણે :- એકથી માંડીને પાંચ, એક - બે - ત્રણ - ચાર અને પાંચ, તથા અગિયાર, બાર અને તેર, એકવીસ, બાવીસ, ત્રેવીસ, ચોવીસ, છવ્વીસ, સત્યાવીસ અને અઠ્યાવીસ એમ કુલ ૧૫ (પન્નર) સત્તાસ્થાનો છે. તે સુખે સમજાય તેટલા માટે ગાથાના ક્રમને છોડીને પાછલા ક્રમે સમજાવાય છે.

જ્યારે મોહનીયકર્મની સર્વ પ્રકૃતિઓ સત્તામાં હોય ત્યારે અઠ્યાવીસનું સત્તાસ્થાન હોય છે તેમાંથી સમ્યક્ત્વ મોહનીયકર્મની ઉદ્વલના થયે છતે સત્યાવીસનું સત્તાસ્થાન હોય છે. તેમાંથી પણ મિશ્ર મોહનીયની ઉદ્વલના થયે છતે છવીસનું સત્તાસ્થાન હોય છે. અથવા અનાદિમિથ્યાદૃષ્ટિ જીવને પણ આ જ છવીસ પ્રકૃતિઓનું સત્તાસ્થાન હોય છે.

તથા અઠ્યાવીસના સત્તાસ્થાનમાંથી ચાર અનંતાનુંબંધી કષાયોનો ક્ષય કરે છતે ચોવીસનું સત્તાસ્થાન હોય છે. તેમાંથી મિથ્યાત્વ મોહનીયનો ક્ષય કરે છતે ત્રેવીસનું સત્તાસ્થાન હોય છે તેમાંથી મિશ્ર મોહનીય કર્મનો ક્ષય થયે છતે બાવીસનું સત્તાસ્થાન હોય છે. ત્યારબાદ સમ્યક્ત્વ મોહનીયનો ક્ષય થયે છતે એકવીસનું સત્તાસ્થાન હોય છે. તેમાંથી આઠ કષાયો ખપાવે છતે તેરનું સત્તાસ્થાન ક્ષપકશ્રેણિમાં જ હોય છે.

તેમાંથી નપુંસકવેદનો ક્ષય થયે છતે તેના વિના બારનું સત્તાસ્થાન હોય છે. ત્યારબાદ ક્ષયકશ્રેણિમાં સ્ત્રીવેદનો ક્ષય થયે છતે અગિયારનું સત્તાસ્થાન હોય છે તેમાંથી હાસ્યષટ્કનો ક્ષય થયે છતે પાંચનું સત્તાસ્થાન હોય છે. તેમાંથી પુરુષવેદનો ક્ષય થયે છતે

ચારનું સત્તાસ્થાન થાય છે. તેમાંથી સંજ્વલન ક્રોધનો ક્ષય થયે છતે ત્રણનું સત્તાસ્થાન થાય છે. ત્યારબાદ સંજ્વલન માનનો ક્ષય થયે છતે બેનું સત્તાસ્થાનક અને સંજ્વલન માયાનો ક્ષય થયે છતે એકનું સત્તાસ્થાન થાય છે. આ પ્રમાણે મોહનીય કર્મનાં કુલ સત્તાસ્થાનો ૨૮-૨૭-૨૬-૨૪-૨૩-૨૨-૨૧-૧૩-૧૨-૧૧-૫-૪-૩-૨ અને ૧ એમ કુલ (૧૫) પન્નર સત્તાસ્થાનો થાય છે. ॥ ૧૧ ॥

*અવતરણ : આ જ પન્નર સત્તાસ્થાનો હવે ગુણસ્થાનકોમાં સમજાવે છે :-*

**तिन्नेग तिगं पणगं, पणगं पणगं च पणगमिह दोन्नि ।**
**दस तिन्नि दोन्नि, मिच्छाइगेसु जावोवसंतोत्ति ॥ १२ ॥**

**ગાથાર્થ :** મિથ્યાત્વથી પ્રારંભીને ઉપશાન્તમોહ નામના ૧૧ મા ગુણસ્થાનક સુધી અનુક્રમે ત્રણ, એક, ત્રણ, પાંચ, પાંચ, પાંચ અને પાંચ તથા બે દશ અને ત્રણ તથા બે એમ સત્તાસ્થાનો થાય છે. ॥ ૧૨ ॥

**વિવેચન :** યાવત્ ઉપશાન્તમોહ નામના અગીયારમા ગુણસ્થાનક સુધી મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી પ્રારંભીને અનુક્રમે ત્રણ વિગેરે પ્રકૃતિ સત્તાસ્થાનો હોય છે. ત્યાં મિથ્યાદૃષ્ટિ નામના પહેલા ગુણસ્થાનકે (૨૮-૨૭-૨૬) અઠયાવીસ - સત્યાવીસ તથા છવ્વીસ એમ કુલ ત્રણ સત્તાસ્થાનો હોય છે. આ ત્રણે સત્તાસ્થાનો પહેલાં કહેલી અગિયારમી ગાથામાં જ સમજાવ્યાં છે.

સાસ્વાદન ગુણસ્થાનકે (૨૮ નું) અઠ્યાવીસ પ્રકૃતિઓનું એક જ સત્તાસ્થાન હોય છે. મિશ્રદૃષ્ટિ નામના ત્રીજા ગુણસ્થાનકે (૨૮-૨૭-૨૪) અઠ્યાવીસ, સત્યાવીસ અને ચોવીસનું એમ કુલ ત્રણ સત્તાસ્થાનો હોય છે. ત્યાં અઠ્યાવીસની સત્તાવાળો થયો છતો જે જીવ મિશ્રગુણસ્થાન કે જાય તેને (૨૮ નું) અઠ્યાવીસનું સત્તાસ્થાન હોય છે જે જીવ મિથ્યાદૃષ્ટિ હોતે છતે સમ્યક્ત્વ મોહનીયકર્મની ઉદ્વલના કરીને સત્યાવીસની સત્તાવાળો થયો છતો મિશ્રમોહનીયના ઉદયવાળો થાય છે તેને આશ્રયી સત્યાવીસનું સત્તાસ્થાન ત્યાં હોય છે. તથા અનંતાનુબંધી ચાર કષાયોની જે જીવે વિસંયોજના કરી છે. એવો ચોવીસની સત્તાવાળો જીવ જ્યારે મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનકે આવે છે ત્યારે તેને આશ્રયી મિશ્રે ૨૪ ની સત્તા હોય છે આમ મિશ્ર ગુણસ્થાનકે ૨૮-૨૭-૨૪ એમ ત્રણ સત્તાસ્થાનો હોય છે.

તથા અવિરત સમ્યગ્દૃષ્ટિ નામના ચોથા ગુણસ્થાનકે પાંચ સત્તાસ્થાનો હોય છે. તે આ પ્રમાણે :- (૨૮-૨૪-૨૩-૨૨-૨૧) અઠ્યાવીસ ચોવીસ, ત્રેવીસ, બાવીસ અને

એકવીસ એમ કુલ પાંચ સત્તાસ્થાનો હોય છે.

ત્યાં અઠ્યાવીસની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવને તથા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવને અઠ્યાવીસનું સત્તાસ્થાન હોય છે. અઠ્યાવીસની સત્તામાંથી ચાર અનંતાનુબંધી કષાયોનો ક્ષય કરે છતે ઔપશમિક અને ક્ષાયોપશમિક એમ બન્ને પ્રકારના પણ સમ્યક્ત્વ વાળા જીવોને ચોવીસનું સત્તાસ્થાન હોય છે.

તેમાંથી માત્ર ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળા જીવને જ ૨૪ માંથી મિથ્યાત્વ મોહનીયનો ક્ષય કરે છતે (૨૩નું) ત્રેવીસનું સત્તાસ્થાન હોય છે. તે જ જીવને મિશ્રમોહનીય કર્મ ખપાવે છતે (૨૨) બાવીસ પ્રકૃતિઓનું સત્તાસ્થાન હોય છે. તથા સમ્યક્ત્વ મોહનીયના ક્ષયથી ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવને (૨૧નું) એકવીસનું સત્તાસ્થાન થાય છે.

દેશવિરતિ નામના પાંચમા ગુણસ્થાનકે પણ પાંચ સત્તાસ્થાનો હોય છે તે હમણાં જ ચોથા ગુણસ્થાનકે સમજાવ્યાં તેમ જ છે. ત્યાં ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવને ૨૮, અને અનંતાનુબંધીના વિસંયોજકને ૨૪, તથા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવને ૨૮-૨૪-૨૩ અને ૨૨, ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવને ૨૧, આમ કુલ ૨૮-૨૪-૨૩-૨૨-૨૧ એમ પાંચ સત્તાસ્થાનો હોય છે.

આ જ પાંચ સત્તાસ્થાનો છઠ્ઠા - સાતમા ગુણસ્થાનકે પણ જાણવાં. કારણ કે ત્યાં પણ ત્રણે પ્રકારના સમ્યક્ત્વવાળા જીવો હોય છે હવે અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનકે બે સત્તાસ્થાનો જાણવાં તે આ પ્રમાણે (૨૪-૨૧) ચોવીસનું અને એકવીસનું, ત્યાં ઉપશમ શ્રેણિમાં ઉપશમ સમ્યક્ત્વી જીવને (૨૪) ચોવીસનું (આ ગ્રંથકાર પૂજ્ય શિવશર્મસૂરીશ્વરજી મ.સા. અનંતાનુબંધીની વિસંયોજનાવાળાને જ અથવા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને જ ઉપશમશ્રેણિનો પ્રારંભ થાય પણ અનંતાનુબંધીના ઉપશમવાળાને ઉપશમશ્રેણિનો પ્રારંભ થતો નથી એમ માને છે. તેથી ૨૮નું સત્તાસ્થાન હોતું નથી.)

તથા જો ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ ઉપશમશ્રેણિ પ્રારંભે કે ક્ષપકશ્રેણિ પ્રારંભે પરંતુ બન્ને શ્રેણિમાં તે જીવને ૨૧ નું જ સત્તા સ્થાન હોય છે આમ આઠમા ગુણઠાણે (૨૪-૨૧) એમ બે જ સત્તાસ્થાન સંભવે છે.

અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકે દશ સત્તસ્થાનો હોય છે. ત્યાં (૨૪-૨૧-૧૩-૧૨-૧૧-૫-૪-૩-૨-૧) ચોવીસ, એકવીસ, તેર-બાર-અગિયાર. પાંચ-ચાર-ત્રણ-બે અને એક એમ કુલ (૧૦) દશ સત્તાસ્થાન હોય છે.

ત્યાં ચોવીશની સત્તા ઉપશમશ્રેણિને આશ્રયી જાણવી. ત્યાં અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કરીને જે જીવે ઉપશમશ્રેણિ પ્રારંભી છે તેને આશ્રયી ૨૪ ની સત્તા હોય છે. ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી જો ઉપશમશ્રેણિ પ્રારંભે તો ૨૧નું સત્તાસ્થાન હોય છે.

બાકીનાં તમામ સત્તાસ્થાનો ક્ષપકશ્રેણિમાં જ હોય છે તે ઉપર હમણાં સમજાવ્યાં છે તે પ્રમાણે મોહનીય કર્મની પ્રકૃતિઓ ક્ષય કરતાં કરતાં આવે છે. જે પૂર્વે અગિયારમી ગાથામાં સમજાવ્યાં જ છે.

સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે ત્રણ સત્તાસ્થાનો હોય છે. તે આ પ્રમાણે (૨૪-૨૧-૧) ચોવીસ - એકવીસ - અને એક, ત્યાં ચોવીસ ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવને તથા એકવીસની સત્તા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને, પરંતુ આ બન્ને માત્ર ઉપશમશ્રેણિમાં જ હોય છે ક્ષપકશ્રેણિમાં તો એક લોભની જ સત્તા હોય છે.

તથા અગિયારમા ઉપશાન્ત મોહ ગુણસ્થાનકે બે સત્તાસ્થાનો હોય છે. (૨૪ અને ૨૧) ચોવીસ અને એકવીસ, આ બન્ને નવમા દસમા ગુણસ્થાનકની જેમ જ અગિયારમા વાળાને જાણવાં. ॥ ૧૨ ॥

*અવતરણ : આ બાબતમાં એક મતાન્તર છે. તે મતાન્તર હવે સમજાવે છે.*

**संखीणदिट्ठिमोहे, केइ पणवीसइउं पि इच्छंति ।**
**संजोअणाण पच्छा, णासं तेसिं उवसमं च ॥ १३ ॥**

**ગાથાર્થ :** કેટલાક આચાર્યો પ્રથમ ત્રણ દર્શનમોહનીય કર્મનો ક્ષય થયે છતે (૨૫) પચ્ચીસનું સત્તાસ્થાન હોય છે એમ ઇચ્છે છે. તેઓના મતે અનંતાનુબંધી ચાર કષાયોનો ક્ષય અથવા તે ચારનો ઉપશમ દર્શનત્રિક ખપાવ્યા પછી જ થાય છે એમ તેઓ માને છે. ॥ ૧૩ ॥

**વિવેચન :** કેટલાક આચાર્યો (૨૫) પચ્ચીસ પ્રકૃતિવાળું પણ સત્તાસ્થાન માને છે. તેઓ એમ માને છે કે મિથ્યાત્વ - મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીય સ્વરૂપ ત્રણ પ્રકારની દર્શનમોહનીય સત્તામાંથી ક્ષય થયે છતે (૨૫) પચ્ચીસની સત્તાવાળો થયેલો એવો જીવ ત્યારબાદ અનંતાનુબંધી ચાર કષાયોનો નાશ કરે છે. એમ તેઓ માને છે. તેથી તેમના મતે પ્રથમ દર્શનમોહનીય ત્રણ કર્મનો ક્ષય થયે છતે (૨૫) પચીસ પ્રકૃતિઓનું સત્તાસ્થાન હોય છે.

**પ્રશ્ન :** જો કોઈ કોઈ આચાર્યમહાત્માઓ આ પ્રમાણે (૨૫નું) પચીસ પ્રકૃતિનું સત્તાસ્થાન માને જ છે. તો તમે કેમ સ્વીકારતા નથી ? કોઈક આમ માને છે આવું કેમ કહો છો ?

**ઉત્તર :** ગ્રંથકાર એવા શીવશર્મસૂરીશ્વરજી મ.સા. જણાવે છે કે, આ આચાર્ય મહાત્માઓની માન્યતા પૂર્વના ઋષિ મુનિઓની સાથે મળતી આવતી નથી. વિરોધવાળી છે તે આ પ્રમાણે ચૂર્ણિકારે જ કહ્યું છે કે - "तं आरिसे न मिलइ, तेण ण इच्छिज्जइ त्ति" "તે માન્યતા આર્ષ પુરુષોની માન્યતા સાથે મળતી આવતી નથી. તેથી અમે પણ તે માન્યતાને ઈચ્છતા નથી."

તથા જે આચાર્યો પ્રથમ દર્શનમોહનીય ત્રણનો ક્ષય થાય એમ માને છે. તે જ આચાર્યો ચાર અનંતાનુબંધી કષાયોનો ઉપશમ થાય છે એમ (૨૮નું) સત્તાસ્થાન માને છે પરંતુ પરમાર્થને જાણનારા મહાત્માઓ અનંતાનુબંધીનો ઉપશમ તથા પ્રથમ દર્શનમોહનીય ત્રણનો ક્ષય માનતા નથી. આ કારણથી જ ગ્રંથકારશ્રી પૂજ્ય શિવશર્મસૂરીશ્વરજી મ.સાહેબના મતે પણ અનંતાનુબંધી ચાર કષાયોની ઉપશમના કહી નથી. પણ વિસંયોજના કહી છે. ॥ ૧૩ ॥

*અવતરણ : હવે નામકર્મનાં સત્તાસ્થાનો કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી તે સત્તાસ્થાનો કહે છે.*

**तिदुगसयं छप्पंचगतिगणउई णउइ इगुणणउई य ।**
**चउतिगदुगाहिगअसी, णव अट्ठ य णामठाणाइं ॥ १४ ॥**

**ગાથાર્થ :** ૧૦૩, ૧૦૨, ૯૬, ૯૫, ૯૩, ૯૦, ૮૯, ૮૪, ૮૩, ૮૨, ૯ અને ૮ એમ નામકર્મનાં કુલ (૧૨) બાર સત્તાસ્થાનો છે. ॥ ૧૪ ॥

**વિવેચન :** નામકર્મનાં કુલ ૧૨ સત્તાસ્થાનો છે. એકસોહ ત્રણ, એકસોહ બે, છન્નુ, પંચાણું, ત્રાણું, નેવું, નેવ્યાસી, ચોર્યાસી, ત્ર્યાસી, બ્યાસી, નવ અને આઠ એમ કુલ (૧૨) સત્તાસ્થાનો છે. તેની વિશેષ ભાવના (વિચારણા) આ પ્રમાણે છે.

(૧) નામકર્મની સર્વપ્રકૃતિઓ સત્તામાં હોય ત્યારે સર્વપ્રકૃતિઓના સમુદાય રૂપે એકસોહ ત્રણનું સત્તા સ્થાન હોય છે. (૨) તેમાંથી જેને જિનનામકર્મબાંધ્યું નથી. તેથી સત્તામાં નથી. તેને એકસોહ બેની સત્તા હોય છે. (૩) જે આત્માએ તીર્થંકર નામકર્મ બાંધ્યું છે પરંતુ આહારક શરીર સંબંધી પ્રકૃતિઓ બાંધી નથી. તેવા આત્માને છન્નુની સત્તા હોય છે. (૪) તેમાં પણ જે આત્માએ તીર્થંકરનામકર્મ પણ બાંધ્યું નથી તેવા આત્માને પંચાણુની

સત્તા હોય છે. (૫) પંચાણુની સત્તાવાળા જે જીવે એકેન્દ્રિયમાં જઈને દેવદ્વિક અથવા નરકદ્વિકની ઉદ્દ્વલના કરી છે તેવા જીવને ત્રાણુની સત્તા હોય છે.

(૬) એકસોહ ત્રણની સત્તાવાળો જીવ જ્યારે ક્ષપકશ્રેણિમાં આરૂઢ થાય અને નામકર્મની તેર પ્રકૃતિઓનો ક્ષય કરે ત્યારે નવમા ગુણઠાણે નેવુની સત્તા થાય છે. (૭) તેમાં પણ જે જીવને તીર્થંકર નામકર્મ બાંધેલું સત્તામાં હોતું નથી તેવા જીવને તીર્થંકર નામકર્મ વિના નેવ્યાસીની સત્તા હોય છે. (૮) તથા ત્રાંણુની સત્તાવાળો જીવ એકેન્દ્રિયમાં જાય અને ત્યાં નરકદ્વિક તથા વૈક્રિયસપ્તક એમ નવની અથવા દેવદ્વિક અને વૈક્રિયસપ્તક એમ નવની ઉદ્દ્વલના કરે ત્યારે તે નવ વિના શેષ ચોર્યાસીની સત્તા હોય છે. (૯) તથા ૯૬ની સત્તાવાળો જીવ ક્ષપકશ્રેણિમાં જ્યારે ૧૩ નો ક્ષય કરે ત્યારે ૮૩ ની સત્તા થાય છે. (૧૦) પંચાણુની સત્તાવાળો જીવ ક્ષપકશ્રેણિમાં આરૂઢ થાય અને નામકર્મની તેર પ્રકૃતિઓનો ક્ષય કરે ત્યારે તે જીવને બ્યાસીની સત્તા હોય છે. અથવા ચોર્યાસીની સત્તાવાળો જીવ તેઉકાય - વાઉકાયમાં જાય અને મનુષ્યદ્વિકની ઉદ્વલના કરે ત્યારે પણ તે જીવને બ્યાસીની સત્તા હોય છે.

(૧૧-૧૨) મનુષ્યગતિ પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સૌભાગ્ય, આદેય, યશઃકીર્તિ અને તીર્થંકરનામકર્મ એમ નવની સત્તા તે અગીરમું સત્તાસ્થાન, અને જિનનામ વિના તે જ આઠનું સત્તાસ્થાન તે બારમું સત્તાસ્થાન. આ પ્રમાણે નામકર્મમાં કુલ (૧૨) બાર સત્તાસ્થાનો હોય છે. આ છેલ્લાં બન્ને સત્તાસ્થાનો ચૌદમાના ચરમસમયે હોય છે. ॥૧૪॥

*અવતરણ : આ જ બાર સત્તાસ્થાનો ચૌદ ગુણસ્થાનકોમાં કયા ગુણસ્થાનકે કેટલાં કેટલાં અને કયાં કયાં સત્તાસ્થાનો હોય છે તે સમજાવતાં કહે છે કે :-*

**एगे छ दोसु दुगं, पंचसु चत्तारि अट्ठगं दोसु ।**
**कमसो तीसु चउक्कं, छत्तु अजोगिम्मि ठाणाइं ॥ १५ ॥**

**ગાથાર્થ :** પહેલા એક ગુણસ્થાનકમાં છ સત્તાસ્થાનક, બીજા અને ત્રીજા એમ બે ગુણસ્થાનકોમાં બે સત્તાસ્થાનકો, ચોથાથી આઠમા સુધીનાં પાંચ ગુણસ્થાનકોમાં ચાર-ચાર સત્તાસ્થાનકો હોય છે. તથા નવમા અને દસમા એમ બે ગુણસ્થાનકોમાં આઠ-આઠ સત્તા સ્થાનકો હોય છે. તથા તેના ઉપરનાં ત્રણ ગુણસ્થાનકોમાં ચાર ચાર સત્તાસ્થાનકો હોય છે અને અયોગી નામના ચૌદમા *ગુણસ્થાનકમાં છ સત્તાસ્થાનકો હોય છે. ॥ ૧૫ ॥*

**વિવેચન :** પહેલા એક મિથ્યાદષ્ટિ ગુણસ્થાને છ સત્તાસ્થાનો નામકર્મનાં હોય છે. તે આ પ્રમાણે :- ૧૦૨, ૯૬, ૯૫, ૯૩, ૮૪, ૮૨ એકસોહ બે, છન્નું, પંચાણુ, ત્રાણું,

ચોર્યાશી અને બ્યાસી એમ કુલ છ સત્તાસ્થાનો હોય છે. ત્યાં (૯૬) છન્નુની સત્તા જે આત્માએ જિન નામકર્મ બાંધ્યું છે તેવા આત્માને મિથ્યાત્વે અંતર્મુહૂર્ત માત્ર જ હોય છે. આ વાત પહેલાં સમજાવાયેલી છે. તથા આહારક અને જિનનામકર્મ આ બન્નેની સાથે સત્તા હોય તેવા જીવો મિથ્યાત્વે જતા નથી. ''नोभयसंते मिच्छो'' આવું શાસ્ત્રીય વચન હોવાથી પહેલા ગુણઠાણે ૧૦૩ ની સત્તા સંભવતી નથી. બાકીનાં સત્તાસ્થાનો સુગમ છે. એકેન્દ્રિયમાં અને તેઉકાય - વાઉકાયના ભવમાં ઉદ્વલના કરતાં ૯૩, ૮૪, અને ૮૨ ની સત્તા આવે છે. જે પૂર્વે સમજાવેલી છે.

તથા સાસ્વાદન અને મિશ્ર આમ બીજા અને ત્રીજા ગુણસ્થાનકે બે બે સત્તાસ્થાનક હોય છે. (૧૦૨-૯૫) એકસોહ બે અને પંચાણુ, જિનનામની સત્તાવાળો બીજા ત્રીજા ગુણસ્થાનકે જતો જ નથી. તેથી ૧૦૩ અને ૯૬ ની સત્તા હોતી નથી. વૈક્રિય આદિની ઉદ્વલના એકેન્દ્રિયના ભવમાં થાય છે. ત્યાં સાસ્વાદન અને મિશ્ર સંભવતું નથી. માટે બાકીનાં સત્તાસ્થાનો બીજા-ત્રીજા ગુણસ્થાનકે હોતાં નથી.

તથા અવિરત સમ્યગ્દષ્ટિથી પ્રારંભીને અપૂર્વકરણ સુધીનાં કુલ (૪-૫-૬-૭-૮) પાંચ ગુણસ્થાનકોમાં ચાર ચાર સત્તાસ્થાનક હોય છે. (૧૦૩-૧૦૨-૯૬-૯૫) એકસોહ ત્રણ, એકસોહ બે, છન્નુ અને પંચાણું, બાકીનાં સત્તાસ્થાનો કાંતો ક્ષપકશ્રેણીમાં જ હોય છે અથવા એકેન્દ્રિયાદિના એટલે કે એકેન્દ્રિય અને તેઉકાય તથા વાઉકાયના ભવમાં જ હોય છે. તેથી તે સત્તાસ્થાનો આ ગુણસ્થાનકોમાં સંભવતાં નથી.

તથા નવમા-દસમા અનિવૃત્તિ બાદર સંપરાય અને સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે આઠ આઠ સત્તાસ્થાન હોય છે. (૧૦૩-૧૦૨-૯૬-૯૫) તથા (૯૦-૮૯-૮૩-૮૨) ત્યાં પ્રથમનાં ચાર સત્તાસ્થાનક ઉપશમ શ્રેણીમાં હોય છે. તથા ક્ષપકશ્રેણિમાં નામકર્મની (૧૩) તેર પ્રકૃતિઓનો ક્ષય ન કરે ત્યાં સુધી સત્તામાં હોય છે અને પાછલાં ચાર સત્તાસ્થાનો તો માત્ર ક્ષપકશ્રેણીમાં જ નવમે દશમે હોય છે. સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે પ્રથમનાં ચાર ઉપશમશ્રેણિમાં અને પાછલાં ચાર ક્ષપકશ્રેણિમાં જાણવાં.

તથા ઉપશાન્તમોહ-ક્ષીણમોહ અને સયોગિકેવલી આ ત્રણ ગુણસ્થાનકોમાં ચાર ચાર સત્તાસ્તાનો હોય છે ત્યાં ઉપશાન્તમોહ ગુણસ્થાનકે (૧૦૩-૧૦૨-૯૬-૯૫) એકસોહ ત્રણ, એકસોહ બે, છન્નુ, અને પંચાણું એમ પ્રથમનાં જ ચાર સત્તાસ્થાન હોય છે. અને ક્ષીણમોહ તથા સયોગિકેવલી ગુણસ્થાનકે (૯૦-૮૯-૮૩-૮૨) નેવુ, નેવ્યાસી, ત્ર્યાંસી અને બ્યાંસી એમ કુલ ચાર સત્તાસ્થાન હોય છે.

તથા અયોગિકેવલી નામના ચૌદમા ગુણસ્થાનકે છ સત્તા સ્થાનો હોય છે. (૯૦-૮૯-૮૩-૮૨, ૯ અને ૮) નેવું, નેવ્યાસી, ત્ર્યાંસી, બ્યાંસી, નવ અને આઠ. આ છ સત્તાસ્થાનોમાં પ્રથમનાં ચાર સત્તાસ્થાનક અયોગિકેવલી ગુણસ્થાનકના દ્વિચરમ સમય સુધી હોય છે. પરંતુ અયોગિકેવલી ગુણસ્થાનકના ચરમ સમયમાં જિનેશ્વર પ્રભુ અને સામાન્ય કેવલજ્ઞાની પ્રભુને આશ્રયી છેલ્લાં બે નવનું અને આઠનું સત્તાસ્થાનક હોય છે. ॥ ૧૫ ॥

**અવતરણ :** પ્રકૃતિ સત્તાની વાત સમાપ્ત કરી, હવે સ્થિતિ સત્તા સમજાવાય છે. ત્યાં ત્રણ અર્થાધિકાર (એટલે કે ત્રણ દ્વાર છે) (૧) ભેદ દ્વાર, (૨) સાદિ-અનાદિની પ્રરૂપણા દ્વાર, અને (૩) સ્વામિત્વ દ્વાર. ત્યાં ભેદ દ્વાર પૂર્વની જેમ સમજી લેવું. મૂલપ્રકૃતિવિષયક અને ઉત્તરપ્રકૃતિવિષયક, તથા સાદિ-અનાદિની પ્રરૂપણા પણ મૂલ પ્રકૃતિ વિષયક અને ઉત્તરપ્રકૃતિવિષયક એમ બે પ્રકારે જાણી લેવી. ત્યાં મૂલપ્રકૃતિવિષયક સાદિ-અનાદિની પ્રરૂપણા કરવાની ઈચ્છાવાળા ગ્રંથકાર શ્રી કહે છે કે :-

**मूलढिई अजहन्नं, तिहा चउद्धा य पढमगकसाया ।**
**तित्थयरुव्वलणाउगवज्जाण तिहा दुहाणुत्तं ॥ १६ ॥**

**ગાથાર્થ :** મૂલકર્મોની અજઘન્ય સ્થિતિસત્તા ત્રણ પ્રકારે છે. ઉત્તર પ્રકૃતિઓમાં પ્રથમકષાયની અજઘન્ય સ્થિતિસત્તા ચાર પ્રકારે છે. તીર્થંકર નામકર્મ અને ઉદ્વલના યોગ્ય પ્રકૃતિઓ તથા ચાર આયુષ્યકર્મ (૧+૨૩+૪=૨૮) એમ અઠ્યાવીસને વર્જીને બાકીની (૧૨૬) એકસોહ છવ્વીસ કર્મપ્રકૃતિઓની અજઘન્ય સ્થિતિસત્તા ત્રણ પ્રકારે છે. ન કહેલું બાકી બધું બે પ્રકારે છે. ॥ ૧૬ ॥

**વિવેચન :** મૂલ આઠ કર્મોની સત્તાના વિચારમાં અજઘન્ય સત્તા ત્રણ પ્રકારે છે. અનાદિ-ધ્રુવ અને અધ્રુવ. તે આ પ્રમાણે જાણવી. મૂલ આઠે કર્મોની જઘન્ય સ્થિતિસત્તા પોતપોતાના ક્ષયના પર્યવજ્ઞાન સમયે હોય છે મોહનીય કર્મની દશમાના ચરમ સમયે ક્ષપકશ્રેણિમાં, ત્રણ ઘાતી કર્મોની બારમાના ચરમસમયમાં, અને અઘાતી ચાર કર્મોની જઘન્યસત્તા ચૌદમાના ચરમસમયમાં હોય છે. છેલ્લા એકસમયની સ્થિતિ બાકી હોય ત્યારે જ હોય છે. તેથી તે જઘન્ય સત્તા સાદિ અધ્રુવ છે.

તે વિનાની બીજી બધી સત્તા અજઘન્ય સ્થિતિ સત્તા છે. તે સત્તા કાયમ હોવાથી અનાદિ છે. જઘન્યસત્તા ક્ષપકશ્રેણિમાં દસમે બારમે અને ચૌદમે જ આવે છે. જે જીવે ક્ષપકશ્રેણી પ્રારંભી જ નથી તેને આવી જઘન્ય સત્તા ક્યારેય આવી નથી. તેથી અનાદિકાળથી

અજઘન્ય જ સત્તા છે. તે માટે અજઘન્ય અનાદિ છે. તથા ધ્રુવ અને અધ્રુવતા તો પૂર્વની જેમ અભવ્ય અને ભવ્યને આશ્રયી સમજી લેવી.

આઠે મૂલકર્મોની ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ સ્થિતિસત્તા વારાફરતી આવતી હોવાથી આ બન્ને સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારની જ છે. તે વાત અધ્યાહારથી સમજી લેવી. જ્યારે આ જીવ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે ત્યારે ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા થાય છે તેમાંથી એક બે ત્રણ સમયો પસાર થઈ જાય છે ત્યારે ઉદયથી તે ભોગવાઈ જવાના કારણે અનુત્કૃષ્ટ સ્થિતિસત્તા થાય છે. આમ આ બન્ને પ્રકારની સ્થિતિ સત્તા આવતી હોવાથી બન્ને સાદિ અને અધ્રુવ જ છે.

આ પ્રમાણે મૂલકર્મોની સાદિ-અનાદિની પ્રરૂપણા કરી. હવે ઉત્તર પ્રકૃતિઓની સાદિ-અનાદિની પ્રરૂપણા કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે :-

મૂલગાથામાં **पढमकसाया** આવું જે પદ છે. ત્યાં પ્રથમાવિભક્તિ કરેલી દેખાય છે. પરંતુ ષષ્ઠીના અર્થમાં તે પ્રથમા કરેલી છે. તે માટે અર્થ તો ષષ્ઠીનો જ કરવાનો છે. તેથી પ્રથમ કષાય જે અનન્તાનુબંધી ચાર છે તેની અજઘન્ય સ્થિતિ સત્તા જે છે તે ચાર પ્રકારે છે. સાદિ-અનાદિ ધ્રુવ અને અધ્રુવના ભેદથી ચાર પ્રકારે છે તે આ પ્રમાણે જાણવી.

આ ચારે પ્રકારના અનંતાનુબંધી કષાયોની સ્થિતિ સત્તા ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં અથવા વિસંયોજના કરતાં ચારે અનંતાનુબંધી કષાયોનો નાશ કરતાં સ્વરૂપની અપેક્ષાએ પોતાના નાશના ઉપાન્ત્યસમયમાં એકસમય માત્રની સ્થિતિ હોય ત્યારે, અને કર્મપણે સામાન્યથી બે સમયની સ્થિતિ બાકી હોય ત્યારે ચારથી સાત ગુણસ્તાનકોમાં જઘન્ય સત્તા હોય છે તેવી જઘન્યસત્તા તે કાળે જ હોય છે આ ક્ષાયિક સમ્યક્ત્વ પામવાના કાળ વિના તથા વિસંયોજના કરવાના કાળ વિના શેષકાળે આવી સત્તા હોતી નથી. તે માટે જઘન્ય સ્થિતિસત્તા સાદિ અને અધ્રુવ જાણવી.

આવા પ્રકારની આ સમય બે સમય માત્રની સ્થિતિ સત્તા વિના શેષ તમામ સત્તા અજઘન્ય સ્થિતિસત્તા કહેવાય છે. ત્યાં જે આત્માએ આ ચાર અનંતાનુબંધી કષાયોની ઉદ્વલના કરી છે. પરંતુ તેના બીજભૂત મિથ્યાત્વમોહનો ક્ષય કર્યો નથી. તે આત્મા જ્યારે મિથ્યાત્વે જાય ત્યારે ફરીથી પણ અનંતાનુબંધી ચાર કષાયો બાંધે છે તે બન્ધ થયે છતે અનંતાનુબંધીની સત્તા ફરીથી શરૂ થાય છે. તે માટે ત્યારે અજઘન્યની સાદિ.

તે સ્થાન ન પામેલા જીવને અજઘન્ય સ્થિતિસત્તા અનાદિ, અજઘન્યના ધ્રુવ અને અધ્રુવ અભવ્ય તથા ભવ્યની અપેક્ષાએ પૂર્વની જેમ જ જાણવા આ પ્રમાણે ચાર અનંતાનુબંધી

કષાયોની અજઘન્ય સ્થિતિ સત્તા ચાર પ્રકારે સમજાવી. તથા તીર્થંકર નામકર્મ, ઉદ્વલનાયોગ્ય (૨૩) ત્રેવીસ પ્રકૃતિઓ તથા ચાર આયુષ્યકર્મ એમ કુલ (૧+૨૩+૪-૨૮) અઠ્યાવીસ કર્મપ્રકૃતિઓ ને વર્જીને બાકીની (૧૨૯) એકસોહ છવ્વીસ કર્મપ્રકૃતિઓની અજઘન્ય સ્થિતિ સત્તા અનાદિ-ધ્રુવ અને અધ્રુવના ભેદથી ત્રણ પ્રકારે છે.

તે આ પ્રમાણે જાણવી. આ (૧૨૯) એકસોહ અને છવીસ કર્મપ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ સત્તા પોતપોતાના ક્ષયના અન્તિમકાળે ઉદયવતી પ્રકૃતિઓની એક સમયમાત્રની સ્થિતિરૂપ, અને અનુદયવતી કર્મપ્રકૃતિઓની પોતાના સ્વરૂપની અપેક્ષાએ એક સમયમાત્રની સ્થિતિરૂપે પરંતુ સ્તિબુકસંક્રમથી પ્રાપ્ત કરાયેલા પર સ્વરૂપની અપેક્ષાએ સામાન્ય કર્મરૂપે બે સમયની સ્થિતિ જ્યારે હોય ત્યારે ક્ષપકશ્રેણિમાં નવમે દસમે બારમે અને ચૌદમે આ જઘન્ય સત્તા હોય છે ત્યારે જઘન્યસત્તા સાદિ અને અધ્રુવ થાય છે.

તે જઘન્યસત્તા વિનાની સર્વસત્તા અજઘન્ય કહેવાય છે તે અજઘન્ય સ્થિતિસત્તા અનાદિકાળથી સર્વજીવોને હોવાથી અનાદિ, ધ્રુવાધ્રુવતા અભવ્ય અને ભવ્યની અપેક્ષાએ પૂર્વની જેમ જાણવી.

ઉપર કહેલી (૧૨૯) એકસોહ છવીસ પ્રકૃતિઓના જઘન્ય ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ જે અનુક્ત (કહ્યા વિનાના બાકી રહ્યા) છે તે. તથા જિનનામકર્મ, દેવદ્વિક, મનુષ્યદ્વિક, નરકદ્વિક, વૈક્રિય સપ્તક, આહારકસપ્તક, ઉચ્ચગોત્ર, સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય સ્વરૂપ ઉદ્વલનાયોગ્ય (૨૩) ત્રેવીસ કર્મપ્રકૃતિઓ તથા ચાર આયુષ્યકર્મ એમ કુલ (૧+૨૩+૪=૨૮) અઠ્યાવીસ કર્મપ્રકૃતિઓની જઘન્ય અજઘન્ય, ઉત્કૃષ્ટ તથા અનુત્કૃષ્ટ રૂપ ચારે ભેદો સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારના જ હોય છે તે આ પ્રમાણે જાણવા :

ઉપર કહેલી (૨૮) અઠ્યાવીસ કર્મ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ તથા અનુત્કૃષ્ટ સ્થિતિસત્તા ક્રમસર અનેકવાર આ જીવને આવે છે. તેથી તે બન્ને સાદિ અને અધ્રુવ જ હોય છે. તથા જઘન્ય સ્થિતિ સત્તા તો પોતપોતાના ક્ષયના ચરમસમયે અથવા ઉદ્વલનાના ચરમસમયે હોય છે. આ વાત પૂર્વે સમજાવેલી છે તથા જિનનામકર્મ આદિ આ (૨૮) અઠ્યાવીસ કર્મપ્રકૃતિઓની તો સત્તા જ અધ્રુવ છે.ક્યારેક સત્તા હોય અને ક્યારેક સત્તા ન પણ હોય તેથી તેના ચારે પણ વિકલ્પો સાદિ અને અધ્રુવ જ જાણવા. ॥ ૧૯ ॥

**અવતરણ :** આ પ્રમાણે સાદિ-અનાદિની પ્રરૂપણા કરી. હવે સ્વામિત્વ દ્વાર કહેવા જેવું છે તે બે પ્રકારનું છે (૧) ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તાસ્વામિત્વ અને (૨) જઘન્ય સ્થિતિસત્તાસ્વામિત્વ, ત્યાં સૌથી પ્રથમ ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તાનું સ્વામિત્વ કહે છે :-

**जेट्ठठिई बन्धसमं जेट्ठं बन्धोदया उ जासिं सह ।**
**अणुदयबन्धपराणं, समाऊणा जट्ठिइ जेट्ठं ॥ १७ ॥**

**ગાથાર્થ :** જે કર્મપ્રકૃતિઓના બન્ધ અને ઉદય એકી સાથે થાય છે. તેવી ઉદયબન્ધોત્કૃષ્ટા (૮૬) છ્યાંસી કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા બન્ધની સમાન જાણવી. તથા અનુદયબન્ધોત્કૃષ્ટા (૨૦) પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા એક સમય ન્યૂન જાણવી. ॥૧૭॥

**વિવેચન :** જે જે કર્મપ્રકૃતિઓનો બંધ તથા ઉદય સાથે થાય છે તેવી જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચાર, અસાતાવેદનીય, મિથ્યાત્વમોહનીય, સોળ કષાયો, પંચેન્દ્રિયજાતિ, તૈજસ સપ્તક, હુંડકસંસ્થાન, વર્ણાદિની વીસ, અગુરુલઘુ, પરાઘાત, ઉપઘાત, ઉચ્છ્વાસ, અશુભવિહાયોગતિ, ઉદ્યોતનામકર્મ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેકનામકર્મ, અસ્થિર, અશુભ, દૌર્ભાગ્ય, દુઃસ્વર, અનાદેય, અયશઃકીર્તિ, નિર્માણ, નીચગોત્ર, અંતરાયની પાંચ, તિર્યંચ અને મનુષ્યોની અપેક્ષાએ વૈક્રિયસપ્તક, ઇત્યાદિ ઉદય બન્ધોત્કૃષ્ટા એવી (૮૬) છ્યાસી કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા ઉત્કૃષ્ટબંધની તુલ્ય જાણવી.

ઉપરોક્ત ૮૬ કર્મપ્રકૃતિઓની જ્યારે ઉત્કૃષ્ટસ્થિતિ ૨૦, ૩૦ ૪૦ કે ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ બંધાય છે ત્યારે તેનો ૨૦૦૦, ૩૦૦૦, ૪૦૦૦ કે ૭૦૦૦ વર્ષ પ્રમાણ અબાધાકાળ અવશ્ય હોય છે પરંતુ તે અબાધાકાળમાં પણ વિવક્ષિત પ્રકૃતિઓ પૂર્વકાળમાં બાંધેલી સત્તામાં હોય જ છે. તેથી અબાધાકાળમાં પણ તે તે કર્મોનું કર્મદલિક પૂર્વબદ્ધ સત્તામાં અવશ્ય છે જ. તેથી આ છ્યાંસી પ્રકૃતિઓ ઉદયબંધોત્કૃષ્ટા હોવાથી પ્રથમ સમયની સ્થિતિ પણ ઉદયથી ભોગવાય જ છે. એટલે સત્તામાં છે જ, સ્તિબુકસંક્રમવડે તેનો પરમાં સંક્રમ થયો નથી તે માટે જેટલો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય છે તેટલી જ ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા હોય છે ઉત્કૃષ્ટબંધમાં અને ઉત્કૃષ્ટસત્તામાં કંઈ વિશેષતા (ભેદપણું) હોતી નથી. ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અને ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા આ બન્ને સમાન જ હોય છે.

તથા જે કર્મપ્રકૃતિઓ અનુદય બંધોત્કૃષ્ટા છે. પોતાનો ઉદય ન હોય ત્યારે જ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય તેવી જે જે પ્રકૃતિઓ છે તે, જેમ કે નિદ્રાપંચક, નરકદ્વિક, તિર્યંચદ્વિક, ઔદારિકસપ્તક, એકેન્દ્રિય જાતિ, સેવાર્ત સંઘયણ, આતપ નામકર્મ, સ્થાવર નામકર્મ સ્વરૂપ જે (૨૦) કર્મ પ્રકૃતિઓ છે. તેઓની ૧ સમય ન્યૂન પોતપોતાની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તે જ ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા કહેવાય છે.

કારણ કે આ (૨૦) વીસ કર્મપ્રકૃતિઓની જ્યારે ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય છે. ત્યારે

અબાધાકાળમાં પણ પૂર્વે બાંધેલી આ પ્રકૃતિઓનું કર્મ દલિક સત્તામાં છે જ, તો પણ અનુદયવતી હોવાથી પ્રથમ સમયમાત્ર સ્થિતિનું કર્મદલિક ઉદયવતીમાં સ્તિબુક સંક્રમથી સંક્રમિત થઈ જાય છે તેથી તે એક સમય માત્રની પ્રથમ સ્થિતિ વડે ન્યૂન એવી જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે સ્થિતિસત્તા જાણવી. આ પ્રમાણે ઉદયવતી એવી ઉદયબંધોત્કૃષ્ટાની ઉત્કૃષ્ટસ્થિતિ પોતપોતાના મૂલકર્મપ્રમાણ અને અનુદયવતીની એક સમયન્યૂન પોતાના કર્મપ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા જાણવી.

**પ્રશ્ન :** નિદ્રા પંચક વિગેરે આ ૨૦ કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિની પ્રાપ્તિ અનુદયવતી જ હોય છે આમ કેમ કહો છો ?

**ઉત્તર :** આ પ્રશ્નનો ઉત્તર હવે કહેવાય છે. ઉત્કૃષ્ટકષાયવાળી ઉત્કૃષ્ટસંક્લિષ્ટ દશા હોતે છતે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ બંધાય છે અને જ્યારે ઉત્કૃષ્ટ સંક્લેશવાળા પરિણામ વર્તતા હોય ત્યારે નિદ્રાપંચક આદિનો ઉદય સંભવતો નથી. કારણ કે જાગૃત અવસ્થામાં જેવા કષાયો જોર કરે છે તેવા કષાયોનું જોર નિદ્રાકાલે સંભવતું નથી. માટે આ નિદ્રાપંચક અનુદય બંધોત્કૃષ્ટા છે.

તથા નરકદ્વિકની ઉત્કૃષ્ટ સ્થિતિ તિર્યંચો તથા મનુષ્યો જ બાંધે છે તેઓને નરકદ્વિકનો ઉદય હોતો નથી. માટે અનુદયબંધોત્કૃષ્ટા છે બાકીની તિર્યંચ દ્વિક ઔદારિક સપ્તક વિગેરે પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિના બન્ધક દેવ અથવા નારકીના યથાસંભવ જીવો હોય છે. પરંતુ તે દેવ અથવા નારકીમાં તે તિર્યંચદ્વિક અને ઔદારિકસપ્તક વિગેરે કર્મપ્રકૃતિઓનો ઉદય સંભવતો નથી. પરંતુ અનુદય જ હોય છે માટે આ પ્રકૃતિઓ અનુદયબંધોત્કૃષ્ટા કહેવાય છે. આ પ્રમાણે ૮૬ ઉદયબંધોત્કૃષ્ટા અને ૨૦ અનુદયબંધોત્કૃષ્ટાપ્રકૃતિઓ સમજાવી. ॥૧૭॥

**संकमओ दीहाणं, सहालिगाए उ आगमो संतं ।**
**समऊणमणुदयाणं, उभयासिं जड्ढिई तुल्ला ॥ १८ ॥**

**ગાથાર્થ :** સંક્રમથી છે દીર્ઘસ્થિતિ જે પ્રકૃતિઓની તે ઉદયસંક્રમોત્કૃષ્ટા આવી પ્રકૃતિઓનું સંક્રમથી જે સ્થિતિનું આગમન થાય છે તેમાં એક આવલિકા સહિત કરો તેટલી ઉત્કૃષ્ટસ્થિતિસત્તા હોય છે. તથા અનુદયસંક્રમોત્કૃષ્ટા કર્મોની તેનાથી એક સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા છે પરંતુ બન્નેની યત્સ્થિતિ તુલ્ય જ હોય છે. ॥ ૬૮ ॥

**વિવેચન :** જે કર્મપ્રકૃતિઓની બંધથી મૂલકર્મ જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાતી નથી. પરંતુ પોતાનામાં અન્ય કર્મપ્રકૃતિઓનો સંક્રય થવાથી મૂલકર્મ જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા થાય

છે અને તે કાલે પોતાનો ઉદય ચાલુ હોય છે. અર્થાત્ જ્યારે પોતાનો ઉદય ચાલતો હોય ત્યારે જ અન્યના સંક્રમથી મૂલકર્મ જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા થાય છે આવી જે જે કર્મપ્રકૃતિઓ છે તે ઉદય સંક્રમોત્કૃષ્ટા કહેવાય છે.

તે ઉદયસંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓ (૧) મનુષ્યગતિ, (૨) સાતાવેદનીય, (૩) સમ્યક્ત્વ મોહનીય, (૪) સ્થિર, (૫) શુભ, (૬) સૌભાગ્ય, (૭) સુસ્વર, (૮) આદેય, (૯) યશઃ નામકર્મ, (૧૦ થી ૧૮) નવ નોકષાય, (૧૯) પ્રશસ્ત વિહાયોગતિ, (૨૦ થી ૨૪) પ્રથમનાં પાંચ સંઘયણ, (૨૫ થી ૨૯) પ્રથમનાં પાંચ સંસ્થાન, અને (૩૦) ઉચ્ચગોત્ર લક્ષણવાળી કુલ ૩૦ કર્મપ્રકૃતિઓનો પરપ્રકૃતિના સંક્રમથી બે આવલિકાન્યૂન જે સ્થિતિના સંક્રમનું આગમન થાય છે તેમાં એક આવલિકા એટલે કે પોતાની ઉદયાવલિકા સહિત કરતાં જેટલી સ્થિતિ થાય. તેટલી સ્થિતિ સત્તા ઉત્કૃષ્ટથી હોય છે.

**ઉપરની વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે :-** સાતાને વેદનો કોઈક જીવ ઉત્કૃષ્ટ સ્થિતિવાળી અસાતા બાંધે છે તે અસાતા બાંધીને સાતા બાંધવા લાગે છે. સાતા બાંધતો હોય ત્યારે, પૂર્વે બાંધેલી જે અસાતા છે તેની બંધાવલીકા પસાર થયે છતે તે અસાતાની ઉદયાવલિથી ઉપરની તમામ સ્થિતિવાળો ભાગ એટલે કે કુલ બે આવલિકા હીન (૩૦) ત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ સત્તા છે તેનો, બંધાતી એવી સાતાવેદનીયમાં તે સાતાવેદનીયની ઉદયાવલિકાની ઉપર સંક્રમ થાય છે.

તે કારણથી બે આવલિકાન્યૂન જે ૩૦ કોડાકોડી સાગરોપમની અસાતાની સ્થિતિ સાતાની ઉદયાવલિકા ઉપર સંક્રમથી આવી છે તે સાતાવેદનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા થઈ છે એમ કહેવાય છે બે આવલિકા ન્યૂન ૩૦ કોડાકોડી સાગરોપમ આવી છે અને તે એક આવલિકા ઉપર સંક્રમિત થઈ છે. તેથી કુલ એક આવલિકા ન્યૂન ૩૦ કોડાકોડી સાગરોપમની સંક્રમ દ્વારા ઉત્કૃષ્ટસ્થિતિ સાતાની પણ થઈ. તે કાલે સાતાનો ઉદય પણ ચાલુ છે તેથી આ સાતા વિગેરે ૩૦ કર્મપ્રકૃતિઓ ઉદયસંક્રમોત્કૃષ્ટા કહેવાય છે.

આ પ્રમાણે સાતાવેદનીયની જેમ બીજી પણ બાકીની ઉદયસંક્રમોત્કૃષ્ટા કર્મપ્રકૃતિઓની સ્થિતિસત્તા જાણવી. અને તે બે આવલિકા હીન પોતપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તાનો જે આગમ થયો છે તેમાં પોતાની એક ઉદય આવલિકા સહિત કરો. તેટલી ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા જાણવી. માત્ર તેમાં એક સમ્યક્ત્વ મોહનીયમાં વિશેષતા છે. તે હવે સમજાવે છે.

સમ્યક્ત્વ મોહનીય કર્મમાં એક અંતર્મુહૂર્ત ન્યૂન મિથ્યાત્વ મોહનીયકર્મની ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિનો સમાગમ થયો છે તેમાં એક ઉદયાવલિકા

સહિત કરો. તેટલી સમ્યક્ત્વ મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા થાય છે.

તેનો ભાવાર્થ આ પ્રમાણે છે : મિથ્યાત્વમોહનીયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ પહેલા ગુણઠાણે કોઈ એક જીવે બાંધી તે બાંધ્યા પછી અંતર્મુહૂર્ત મિથ્યાત્વે રહીને તે જીવ ધારો કે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે, તે જીવ સમ્યક્ત્વ પામે છતે મિથ્યાત્વ મોહનીયની જે અંતર્મુહૂર્તન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તામાં છે તેમાં પ્રથમની એક ઉદયાવલિકા વિના અંતર્મુહૂર્ત ન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ જે સ્થિતિ છે તે તમામ સ્થિતિને સમ્યક્ત્વ મોહનીયમાં ઉદયાવલિકાની ઉપરના ભાગમાં સંક્રમાવે છે.

તેથી એક અંતર્મુહૂર્ત ન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ જે સ્થિતિનો સમાગમ થયો છે તેમાં સમ્યક્ત્વ મોહનીયની ઉદયાવલિકા સહિત કરીએ તેટલી સમ્યક્ત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા થાય છે.

હવે અનુદયસંક્રમોત્કૃષ્ટા કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ જણાવાય છે જે જે કર્મપ્રકૃતિઓની સંક્રમથી ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા પ્રાપ્ત થાય છે અને તે સંક્રમકાલે તેનો ઉદય નથી. તેવી અનુદયસંક્રમોત્કૃષ્ટા કર્મપ્રકૃતિઓ જેમકે દેવગતિ ૧, દેવાનુપૂર્વી ૧, મિશ્રમોહનીય ૧, આહારક સપ્તક ૭, મનુષ્યાનુપૂર્વી ૧, બેઇન્દ્રિય-તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જાતિ ૩, સૂક્ષ્મ-સાધારણ-અપર્યાપ્તનામકર્મ ૩, તથા તીર્થંકર નામકર્મ ૧, એમ કુલ (૧૮) અઢાર કર્મપ્રકૃતિઓની સંક્રમ દ્વારા બે આવલિકા હીન ઉત્કૃષ્ટ સ્થિતિનો જે સમાગમ થાય છે તેમાં એક આવલિકા સહિત કરતાં જે પૂર્વે કહેલી સ્થિતિ થાય છે. તેમાં ૧ સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા જાણવી.

આ વાત વધારે સ્પષ્ટતાથી આ પ્રમાણે છે કોઈક મનુષ્ય ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામથી પરિણત થયો છતો ઉત્કૃષ્ટ સ્થિતિવાળી એટલે કે ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણવાળી નરકગતિને બાંધીને ત્યારબાદ પરિણામની પરાવૃત્તિ વડે દેવગતિ બાંધવાની શરૂઆત કરે, ત્યારબાદ બંધાતી એવી તે દેવગતિમાં, દેવગતિની આવલિકાની ઉપર, નરકગતિની બંધાવલિકા ગયે છતે નરકગતિની ઉદયાવલિકાથી ઉપરની સર્વ પણ ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણની સ્થિતિનો સંક્રમ કરે છે.

જ્યારે આ સંક્રમ કરે છે ત્યારે પ્રથમ સમયવાળી દેવગતિની સ્થિતિ દેવગતિનો અનુદય હોવાથી વેદાતી એવી મનુષ્યગતિમાં સ્તિબુક સંક્રમથી સંક્રમાવે છે. તેથી સમયમાત્રની તે સ્થિતિ વડે ન્યૂન એવી એક આવલિકા વડે અધિક આ બે આવલિકા હીન જે ઉત્કૃષ્ટ સ્થિતિનો સમાગમ થયો છે તેટલી દેવગતિની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા થાય છે. એક સમયન્યૂન

એવી એક આવલિકા વડે અધિક કરાયેલી એવી બે આવલિકાન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ સમાગમ તે ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા જાણવી.

આ પ્રમાણે દેવાનુપૂર્વી વિગેરે બાકીની (૧૬) સોળે પણ કર્મ પ્રકૃતિઓની ઉપર કહ્યા પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા જાણવી. ફક્ત એક મિશ્ર મોહનીયમાં વિશેષતા છે.

મિશ્ર મોહનીયની વળી અંતર્મુહૂર્ત ન્યૂન જે ઉત્કૃષ્ટ સ્થિતિનો સમાગમ છે. તેમાં એક આવલિકા વડે અધિક અને ઉદયવાળા એક સમયવડે ન્યૂન એટલી ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા જાણવી. આની ભાવના પણ સમ્યક્ત્વ મોહનીયની જેમજ જાણવી. આ પ્રમાણે બંધોત્કૃષ્ટા તથા સંક્રમોત્કૃષ્ટાની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા સમજાવી.

તથા ઉદયવતી પ્રકૃતિ હોય કે અનુદયવતી પ્રકૃતિ હોય પરંતુ બન્ને પ્રકારની સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓની સંક્રમણકાલે જે સ્થિતિ હોય છે તે સર્વ સ્થિતિ બન્નેની તુલ્ય હોય છે.

**પ્રશ્ન :** ઉદયવતી અને અનુદયવતી એમ બન્ને પ્રકારની સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓની સ્થિતિ તુલ્ય કેવી રીતે હોઈ શકે ? કારણ કે ઉદયવતીના પ્રથમસમયમાં કર્મદલિક ઉદયથી ભોગવાતું પણ હોય છે. જ્યારે અનુદયવતી કર્મ પ્રકૃતિઓનું પ્રથમ સમયવાળું કર્મદલિક સ્તિબુક સંક્રમથી પરપ્રકૃતિમાં અર્થાત્ ઉદયવતી પ્રકૃતિમાં સંક્રમ પામેલું છે. અનુદયવતી પ્રકૃતિરૂપે તો નથી જ. માટે બન્નેનું સમાન દલિક છે આમ કેમ કહેવાય ?

**ઉત્તર :** यतोऽनुदयवतीनामपि - કારણ કે અનુદયવતી કર્મપ્રકૃતિઓની પણ પ્રથમ સમયની સ્થિતિનું કર્મદલિક ઉદયવતી કર્મપ્રકૃતિમાં સંક્રમ થવા છતાં પણ કર્મદલિકોથી રહિત એવી પ્રથમ સમયની સ્થિતિ તો ત્યાં વિદ્યમાન છે જ. કારણ કે પ્રથમસમયમાં જે કર્મદલિકો હતાં તે કર્મદલિકો વિવક્ષિત પ્રકૃતિઓ અનુદયવતી હોવાથી પરમાં સંક્રમિત કરવામાં આવ્યાં છે. પરંતુ કર્મદલિક વિનાની એવી પ્રથમ સમયની સ્થિતિ તો ત્યાં વિદ્યમાન જ છે. કારણ કે અનુદય હોવાના કારણે તેનાં કર્મદલિકો જ ઉદયવતીમાં સંક્રમાવવામાં આવે છે પરંતુ કર્મદલિકો વિનાનો પણ સમય તો ત્યાં છે જ. સમયાત્મક જે કાલ છે તે અન્યમાં સંક્રમાવી શકાતો નથી. પરંતુ દલિક માત્ર જ પરમાં જાય છે.

તેથી પ્રથમ સમયવાળી સ્થિતિમાં રહેલાં કર્મદલિકોનો પરમાં સંક્રમ થવા છતાં પણ કર્મદલિકો વિનાનો તે પ્રથમસમય ત્યાં વિદ્યમાન હોવાથી ઉદયવતી અને અનુદયવતી એમ બન્ને પ્રકારની પણ તે કર્મપ્રકૃતિઓની યત્સ્થિતિ (જે સ્થિતિ છે તે) તુલ્ય જ થાય છે.

**પ્રશ્ન :** પ્રથમ સમયની સ્થિતિનો સંક્રમ કરવા વડે કરાયું છે પર પ્રકૃતિ રૂપે સ્વરૂપ જેનું એવી પ્રથમ સ્થિતિનું નિરૂપણ હોવાના કારણે તેનો તો પ્રથમ સમયની સ્થિતિમાંથી બહિર્ભાવ જ થયો કહેવાય. તે માટે તે એક સમયની સ્થિતિ અનુદયવતીની ન્યૂન જ માનવી જોઈએ બન્નેની તુલ્ય છે. આમ કેમ કહેવાય ?

**ઉત્તર :** અનુદયવતી કર્મપ્રકૃતિઓના પ્રથમ સમયનું જે કર્મદલિક હતું. તેનો જ ઉદયવતીમાં સંક્રમ થયો છે. પરંતુ તે પ્રથમ સમયાત્મક કાળનો પરમાં સંક્રમ થતો નથી. અને કાળનો સંક્રમ કરી શકાતો પણ નથી તેથી તે પ્રથમ સમયની તે સ્થિતિ કર્મદલિક વિનાની પણ હોય તો છે જ તે માટે પ્રથમ સમયની સાથે એક સરખી સ્થિતિની પરંપરા રૂપ ઉપાદાન હોવાથી પ્રથમસમયની સ્થિતિ પણ બીજા-ત્રીજા-ચોથા સમય આદિ સ્વરૂપ જે આ કર્મની પોતાની સ્થિતિ છે. તેમાં જ તેનો અંતર્ભાવ છે. તેમાં જ તે પ્રથમ સમય પણ રહેલો જ છે. તે પ્રથમ સમયનો સ્વસ્થિતિમાં જ અંતર્ભાવ થાય છે આમ માનવામાં કોઈ જ વિરોધ નથી.

માત્ર એટલી જ વિશેષતા છે કે પ્રથમ સમય કર્મદલિક વિનાનો છે. બીજા સમયથી તમામ સમયો કર્મદલિકવાળા છે. પણ પ્રથમ સમય છે તો ખરો જ. માટે ઉદયવતી કે અનુદયવતી એમ બન્ને પ્રકૃતિની સ્થિતિ સમાન છે. આમ માનવું ઉચિત છે. એમ અમને સમજાય છે.

જે જે જીવ જે જે પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે અને જે જે જીવ જે જે પ્રકૃતિમાં તે ઉત્કૃષ્ટ સ્થિતિને સંક્રમાવે છે. તે તે જીવો તે તે પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિની સત્તાના સ્વામી જાણવા. ॥ ૧૮ ॥

*અવતરણ : આ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિની સત્તાનું સ્વામિત્વ કહ્યું. હવે જઘન્ય સ્થિતિની સત્તાનું સ્વામિત્વ કહેવાય છે :-*

**संजलणतिगे सत्तसु, णोकसाएसु संकमजहन्नो ।**
**सेसाण ठिई एगा, दुसमयकाला अणुदयाणं ॥ १९ ॥**

**ગાથાર્થ :** સંજ્વલન ત્રિક અને પુરુષવેદ તથા હાસ્યાદિષટક એમ કુલ (૧૦) દશ કર્મ પ્રકૃતિઓનો જે જઘન્ય સ્થિતિ સંક્રમ થાય છે તે જ જઘન્ય સ્થિતિ સત્તા જાણવી. બાકીની કર્મપ્રકૃતિઓમાં જે જે ઉદયવતી છે તેની સત્તા એક સમયમાત્ર, અને જે જે અનુદયવતી છે તેની સત્તા બે સમયમાત્ર જ હોય છે તે જઘન્ય સ્થિતિ સત્તા જાણવી. ॥ ૧૯ ॥

**વિવેચન :** સંજ્વલન ક્રોધ-માન અને માયા સ્વરૂપ જે ત્રિક છે. તે ત્રણ, તથા પુરુષવેદ અને હાસ્યાદિ ષટ્ક સ્વરૂપ સાત નોકષાયો એમ કુલ (૧૦) દસ કર્મપ્રકૃતિઓનો જે જઘન્યસ્થિતિ સંક્રમ થાય છે તે જ જઘન્યસ્થિતિસત્તા જાણવી. જઘન્ય સ્થિતિ સંક્રમ થાય છે તે જ જઘન્યસ્થિતિસત્તા જાણવી. કારણ કે આ દસ કર્મપ્રકૃતિઓનો બન્ધ અને ઉદય એમ બન્નેનો વ્યવચ્છેદ થયે છતે શેષ રહેલી સત્તાનો અન્ય કર્મપ્રકૃતિમાં પ્રક્ષેપ કરવા રૂપ સંક્રમ કરવા દ્વારા જે ક્ષય લાવવા રૂપ વિનાશ કરાય છે તેથી આ (૧૦) કર્મપ્રકૃતિઓનો જે ચરમસંક્રમ છે તે જ જઘન્યસ્થિતિ સત્તા કહેવાય છે. તેથી આ દશ પ્રકૃતિઓ માટે જે ચરમસંક્રમ છે. તે જ જઘન્યસ્થિતિ સંક્રમ છે અને તે જ જઘન્યસ્થિતિ સત્તા જાણવી.

બાકીની ઉદયવતી જે પ્રકૃતિઓ છે. જેમકે જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચાર, સમ્યક્ત્વમોહનીય, સંજ્વલનલોભ, ચાર આયુષ્ય, નપુસંકવેદ, સ્રીવેદ, સાતા-અસાતા વેદનીય, ઉચ્ચગોત્ર, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સૌભાગ્ય, આદેય, યશઃકીર્તિ, તીર્થંકર નામકર્મ, અને અંતરાય કર્મ પાંચ એમ કુલ (૩૪) ચોત્રીસ કર્મપ્રકૃતિઓની પોતાની સત્તાના ક્ષયના ચરમ સમયમાં જે એક સમયમાત્રની જ સ્થિતિ છે તે જ જઘન્ય સ્થિતિ સત્તા કહેવાય છે.

તથા અનુદયવતી કર્મપ્રકૃતિઓની પોત પોતાની સત્તાનો ક્ષય થવાના ઉપાન્ત્ય સમયે પોતાના સ્વરૂપની અપેક્ષાએ એક સમય માત્ર, અને અન્યથા એટલે કર્મરૂપે હોવાપણે બે સમયમાત્ર જે સ્થિતિ હોય છે તે જઘન્ય સ્થિતિ સત્તા કહેવાય છે.

કારણ કે અનુદયવતી કર્મપ્રકૃતિઓનો ચરમસમયમાં સ્તિબુક સંક્રમ વડે ઉદયવતીમાં સંક્રમ થતો હોવાથી તે કર્મદલિકનો ઉદયવતીમાં પ્રક્ષેપ થવાથી અને ઉદયવતી રૂપે જ અનુભવ કરાતો હોવાથી સ્વસ્વરૂપે એટલે કે પોતાના રૂપે દલિક પ્રાપ્ત થતું નથી. પરંતુ પરરૂપે જ દલિક પ્રાપ્ત થાય છે. તે કારણે ઉદયવતીની સત્તા ચરમસમયે એક સમયમાત્ર, અને અનુદયવતીની સત્તા પોતાના રૂપે એકસમયમાત્ર, પરંતુ અન્ય પ્રકૃતિરૂપે પણ દલિક હોવાથી કર્મમાત્ર રૂપે બે સમયની સત્તા હોય છે. આમ જાણવું.

હવે સામાન્યથી સર્વ કર્મોની જઘન્ય સ્થિતિ સત્તાના સ્વામી સમજાવાય છે. ત્યાં અનંતાનુબંધી ચાર કષાય અને દર્શનમોહનીયની ત્રણ એમ કુલ (૭) સાત જે દર્શનસપ્તક કહેવાય છે. તેની જઘન્ય સ્થિતિ સત્તાના સ્વામી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતા અને દર્શન સપ્તકની સત્તાનો ક્ષય કરતા એવા અવિરતસમ્યગ્દષ્ટિથી પ્રારંભીને અપ્રમત્તગુણસ્થાનક સુધીના જીવો યથાયોગપણે પોતપોતાની સત્તાના નાશના ચરમસમયે જઘન્ય સ્થિતિની સત્તાના સ્વામી જાણવા.

નરકાયુષ્ય, તિર્યંચાયુષ્ય, અને દેવાયુષ્યની જન્ય સ્થિતિ સત્તાના સ્વામી નરકના જીવો, તિર્યંચના જીવો અને દેવગતિના જીવો પોતપોતાના ભવના ચરમ સમયમાં વર્તતા હોય ત્યારે જઘન્યસત્તાના સ્વામી જાણવા.

મધ્યના આઠ કષાય, થિણદ્ધિત્રિક, ક્ષપકશ્રેણિમાં નવમા ગુણ સ્થાનકે ક્ષય પામતી નામકર્મની (૧૩) તેર કર્મપ્રકૃતિઓ, નવ નોકષાય, અને સંજ્વલન ત્રિકરૂપ (૮ + ૩ + ૧૩ + ૯ + ૩ = ૩૬) છત્રીસ કર્મપ્રકૃતિઓના પોતપોતાની સત્તાના નાશના ચરમસમયે અનિવૃત્તિ બાદર સંપરાયવર્તી જીવ સ્વામી જાણવા. તથા સંજ્વલન લોભના દશમા ગુણસ્થાનકવર્તી જીવ સ્વામી જાણવા. અને જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય છ, અને અંતરાયકર્મની પાંચ એમ (૧૬) સોળ કર્મપ્રકૃતિઓના જઘન્ય સ્થિતિસત્તાના સ્વામી ક્ષીણકષાય ગુણસ્થાનકવાળા જીવો જાણવા.

બાકી રહેલી (૧૦-૭-૩-૩૬-૧-૧૬-૭૩ વિના) શેષ (૮૫) પંચ્ચાસી કર્મપ્રકૃતિઓની જઘન્ય સ્થિતિસત્તાના સ્વામી અયોગી કેવલી ભગવાન જાણવા. આ પ્રમાણે જઘન્ય સ્થિતિ સત્તાનું સ્વામિત્વ સમજાવ્યું. ॥ ૧૯ ॥

*અવતરણ : જઘન્ય સ્થિતિસત્તાનું સ્વામિત્વ કહ્યું. હવે સ્થિતિભેદનું નિરૂપણ કરવા માટે કહે છે :-*

**ठिइसंतठाणाइं, णियगुक्कस्साहि थावरजहन्नो ।**
**णेरंतरेण हेड्डा, खवणाइसु संतराइं वि ॥ २० ॥**

**ગાથાર્થ :** પોતપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિથી પ્રારંભીને યાવત્ એકેન્દ્રિય જીવ પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિ સુધી નિરંતરપણે સ્થિતિનાં સત્તા સ્થાનો થાય છે. પરંતુ તેનાથી નીચે ક્ષપકશ્રેણિમાં અને ઉદ્વલના કરવામાં સાન્તરસ્થાનો પણ (એટલે કે સાન્તર-નિરંતર એમ બન્ને પ્રકારનાં સત્તાસ્થાનો) પ્રાપ્ત થાય છે. ॥ ૨૦ ॥

**વિવેચન :** આ ગાથામાં સર્વે પણ કર્મોનાં સત્તાસ્થાનો જણાવાય છે. સર્વે પણ કર્મોની પોતપોતાના ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનથી આરંભીને સમય સમયની હાનિ કરતાં કરતાં નીચે ઉતરતાં ઉતરતાં યાવત્ સ્થાવર જીવોને પ્રાયોગ્ય એટલે કે એકેન્દ્રિય જીવોને પ્રાયોગ્ય એવી જઘન્ય સ્થિતિ સત્તા આવે ત્યાં સુધી નિરંતર સત્તાસ્થાનો થાય છે. આટલા મોટા સ્થિતિ કંડકમાં એટલે સ્થિતિના સમુદાયમાં જેટલા સમયો છે. તેટલાં સ્થિતિ સ્થાનો જુદા જુદા જીવોની અપેક્ષાએ નિરન્તરપણે થાય છે.

તે આ પ્રમાણે જાણવાં :- ઉત્કૃષ્ટ સ્થિતિ તે પ્રથમ એક સ્થિતિસ્થાન, તેમાં એક સમય

ન્યૂન કરીએ તે બીજું સ્થિતિસ્થાન, બે સમયન્યૂન જે સ્થિતિ તે ત્રીજુ સ્થિતિસ્થાન એમ ત્યાં સુધી કહેવું કે યાવત્ એકેન્દ્રિય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસત્તા આવે. ત્યાં સુધીની સ્થિતિમાં સમય સમયની હાનિવાળાં નિરન્તર સત્તાસ્થાનો ભિન્ન-ભિન્ન જીવોની અપેક્ષાએ પ્રાપ્ત થાય છે.

પરંતુ એકેન્દ્રિય પ્રાયોગ્ય સ્થિતિના પ્રમાણવાળું જે સ્થિતિસ્થાન છે. તેમાંથી પલ્યોપમના એક અસંખ્યાતમો ભાગ ન્યૂન છે જેમાં એવું જે સ્થિતિસ્થાન થાય છે. આ સાન્તર સ્થિતિસ્થાન થયું. ત્યારબાદ બીજો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિખંડ ખંડિત કરવાનો આરંભ કરે છે. ત્યારે પણ તે સ્થિતિ ખંડ એક અંતર્મુહૂર્ત ચાલે છે. ત્યાં સુધી નીચેના ભાગમાં ઉદયવતીનું દલિક ઉદયથી ભોગવવા દ્વારા અને અનુદયવતીનું કર્મદલિક સંક્રમાવવા દ્વારા સમય સમયનું ન્યૂન આ જીવ કરે છે ત્યારે નિરંતર સત્તાસ્થાનો થાય છે.

જ્યારે ઉપરના ભાગમાં આ બીજો સ્થિતિખંડ સર્વથા સમાપ્ત થઈ જાય છે ત્યારે એકીસાથે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોવાળો સ્થિતિખંડ ખંડિત થઈ જાય છે તેથી આટલી મોટી સ્થિતિ સત્તામાંથી દૂર થાય છે ત્યારે સાન્તર સ્થિતિસ્થાન પ્રાપ્ત થાય છે પણ નિરન્તર સ્થિતિસ્થાનો પ્રાપ્ત થતાં નથી.

આ પ્રમાણે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિ ખંડ ખંડિત કરે ત્યાં સુધી નિરંતર અને તે સ્થિતિખંડ ખંડિત થઈ જાય તે સમયે સાન્તર, એમ નિરંતર અને સાન્તર સ્થિતિસ્થાનોનો લાભ અર્થાત્ સ્થિતિસ્થાનોની પ્રાપ્તિ થવાનો ક્રમ ત્યાં સુધી જાણવો કે યાવત્ આ કર્મપ્રકૃતિઓની સ્થિતિ માત્ર એક આવલિકા જ શેષ રહે ત્યાં સુધી આ ક્રમ જાણવો.

ત્યારબાદ તે એક આવલિકા જે શેષ બાકી રહી તેને ઉદયવતી કર્મપ્રકૃતિઓને ઉદયથી ભોગવવા વડે, અને અનુદયવતીની કર્મપ્રકૃતિઓની તે આવલિકા સ્તિબુક સંક્રમ વડે પરમાં સંક્રમાવવા વડે પ્રતિસમયે ક્ષય કરતો કરતો તે જીવ આગળ જાય છે યાવત્ અન્તિમ એક સમય આવે. આ કારણથી આ આવલિકાના સમયો પ્રમાણ સ્થિતિસ્થાનો નિરન્તરપણે પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે સ્થિતિ સ્થાનના ભેદો સમજાવ્યા. ॥ ૩૦ ॥

***અવતરણ : આ પ્રમાણે સ્થિતિસ્થાનના ભેદ સમજાવ્યા હવે અનુભાગની સત્તાની પ્રરૂપણા કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-***

**संकमसममणुभागे, णवरि जहन्नं तु देसघाईणं ।**
**छन्नोकसायवज्जाण ( वज्जं ) एगठाणंमि देसहरं ॥ २१ ॥**

**मणनाणे दुठाणं, देसहरं सामिगो य सम्मत्ते ।**
**आवरणविग्घसोलसग किट्टिवेएसु य सगंते ॥ २२ ॥**

**ગાથાર્થ :** અનુભાગની સત્તા અનુભાગના સંક્રમની જેમ જ જાણવી. પરંતુ છ નોકષાયને વર્જીને શેષ (૧૮) દેશઘાતી કર્મપ્રકૃતિઓની જઘન્ય અનુભાગ સત્તા સ્થાનને આશ્રયી એકસ્થાનિક, અને ઘાતીને આશ્રયી દેશઘાતી જાણવી. તથા મનઃપર્યય જ્ઞાનાવરણીયમાં સ્થાનને આશ્રયી બેઠાણીયો અને ઘાતિને આશ્રયી દેશઘાતી જાણવો. હવે સ્વામિત્વની બાબતમાં સમ્યક્ત્વ મોહનીય, આવરણ (૫+૬-૧૧) અગીયાર, તથા અંતરાયકર્મ પાંચ, એમ કુલ ૧૬ પ્રકૃતિઓ તથા કિટ્ટીકૃત લોભ અને ત્રણ વેદ એમ કુલ ૧+૧૬+૧+૩ = ૨૧) એકવીસ કર્મપ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ સત્તા પોતાના અન્તે જાણવી. ॥ ૨૧-૨૨॥

**વિવેચન :** અનુભાગની સત્તા અનુભાગના સંક્રમની તુલ્ય જાણવી. એટલે કે અનુભાગસંક્રમમાં જેમ સ્થાનદ્વાર, પ્રત્યયદ્વાર, વિપાકદ્વાર, તથા શુભાશુભત્વદ્વાર, સાદિ-અનાદિની પ્રરૂપણા તથા સ્વામિત્વદ્વાર કહ્યાં છે. તેવી જ રીતે અનુભાગસત્તામાં પણ આ સર્વ દ્વારો સમજી લેવાં. પરંતુ તેમાં નીચે મુજબ વિશેષતા છે. દેશઘાતી એવી જે ૨૫ પ્રકૃતિઓ છે. તેમાંથી હાસ્યાદિ ષટકને (તથા મનઃપર્યવજ્ઞાનાવરણીયને) વર્જીને બાકીની દેશઘાતી એવી મતિ-શ્રુત-અવધિ એમ ૩ જ્ઞાનાવરણીય, તથા ચક્ષુ, અચક્ષુ અને અવધિ એમ ૩ દર્શનાવરણીય, સંજવલન ૪ કષાય; (૩) વેદ, અને અંતરાયની પાંચ એમ કુલ (૩+૩+૪+૩+૫=૧૮) અઢાર પ્રકૃતિઓની જઘન્ય અનુભાગ સત્તા સ્થાનને આશ્રયી એકસ્થાનિક અને ઘાતિને આશ્રયી દેશઘાતી રસની સત્તા જાણવી.

તથા મનઃપર્યવ જ્ઞાનાવરણીય કર્મની જઘન્ય અનુભાગસત્તા સ્થાનની વિચારણામાં દ્વિસ્થાનિક, અને ઘાતિની વિચારણામાં દેશઘાતિ રસની અનુભાગસત્તા જાણવી.

અહીં ઉત્કૃષ્ટ અનુભાગની સત્તાના સ્વામી ઉત્કૃષ્ટ અનુભાગના સંક્રમના જે સ્વામી છે. તે જ જીવો અવિશેષે જાણવા. ઉત્કૃષ્ટ અનુભાગની સત્તાના સ્વામિત્વમાં ઉત્કૃષ્ટ સંક્રમના સ્વામિત્વથી ખાસ કંઈ જ વિશેષતા નથી.

પરંતુ જઘન્ય અનુભાગની સત્તાના સ્વામિત્વમાં કેટલીક પ્રકૃતિઓમાં જે જઘન્ય અનુભાગના સંક્રમના સ્વામી છે તે જ જીવો છે. પરંતુ કેટલીક પ્રકૃતિઓમાં વિશેષતા છે જે વિશેષતા છે તે કહેવાય છે :

"सामिगो य सम्मत्ते" इत्यादि ગાથાના પદોમાં કહ્યું છે કે સ્વામિત્વ પણ તે પ્રમાણે જ જાણવું. પરંતુ સમ્યક્ત્વ મોહનીય તથા જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય છ, અંતરાય પાંચ, એમ કુલ ૧૬ પ્રકૃતિઓનો સમુદાય, તથા કિટ્ટિરૂપે કરાયેલો સંજ્વલન લોભ, અને ત્રણ વેદ આ પ્રમાણે (૧+૧૬+૧+૩=૨૧) એકવીસ કર્મપ્રકૃતિઓના જઘન્ય સત્તાના

સ્વામી પોતપોતાની સત્તાનો વિનાશ થવાનો હોય ત્યારે અન્તિમ સમયમાં વર્તતા જીવો જઘન્ય અનુભાગની સત્તાના સ્વામી જાણવા. ॥ ૨૧-૨૨ ॥

*અવતરણ : આ જઘન્ય અનુભાગની સત્તા સમજવામાં જે જે વિશેષતા છે તે હવે સમજાવે છે :-*

**मइसुयचक्खुअचक्खूण, सुयसमत्तस्स जेट्ठलद्धिस्स ।**
**परमोहिस्सोहिदुगं, मणनाणं विपुलणाणिस्स ॥ २३ ॥**

**ગાથાર્થ :** મતિ-શ્રુત-જ્ઞાનાવરણીય, અને ચક્ષુ-અચક્ષુદર્શનાવરણીય એમ કુલ ચાર પ્રકૃતિઓની જઘન્ય અનુભાગની સત્તાનો સ્વામી જે આત્માએ શ્રુતજ્ઞાન પરિપૂર્ણ પ્રાપ્ત કર્યું છે એવો જ્યેષ્ઠલબ્ધિવાળો જીવ જાણવો. અવધિદ્વિકનો સ્વામી પરમાવધિવાળો જીવ જાણવો. તથા મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મનો સ્વામી વિપુલમતિમનઃપર્યાયજ્ઞાનવાળો જીવ જાણવો. ॥ ૨૩ ॥

**વિવેચન :** જઘન્ય રસની (અનુભાગની) સત્તાના સ્વામી જઘન્ય સંક્રમના સ્વામીની જેમ જ છે. છતાં આટલી વિશેષતા જાણવી. તે વિશેષતા જ સમજાવે છે :-

(૧) મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, ચક્ષુદર્શનાવરણીય, અને અચક્ષુદર્શનાવરણીય એમ કુલ ચાર કર્મ પ્રકૃતિઓના જઘન્ય અનુભાગની સત્તાના સ્વામી તે જીવ જાણવા કે જે જીવોએ સમસ્ત શ્રુતજ્ઞાન સમાપ્ત કર્યું છે એવા ચૌદ પૂર્વધારી, તેમાં પણ સર્વથી ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનની લબ્ધિની પ્રાપ્તિમાં વર્તતા જીવને જઘન્ય અનુભાગની સત્તા હોય છે.

સારાંશ કે મતિજ્ઞાનાવરણીય આદિ ચાર કર્મપ્રકૃતિઓના સર્વથી જઘન્ય અનુભાગની સત્તા, સર્વથી ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનની લબ્ધિવાળા ચૌદ પૂર્વધારી સર્વથી શ્રેષ્ઠ શક્તિધારી આત્માને જ હોય છે. તેવા જીવો જ જઘન્ય અનુભાગની સત્તાના સ્વામી જાણવા.

તથા અવધિદ્વિકના એટલે કે અવધિજ્ઞાનાવરણીય અને અવધિદર્શનાવરણીય એમ બે કર્મની જઘન્ય અનુભાગની સત્તાના સ્વામી તે જીવો જાણવા કે જે જીવો પરમાવધિની લબ્ધિથી યુક્ત છે જે આત્માને સર્વથી અધિક અવધિજ્ઞાન અને અવધિદર્શન પ્રાપ્ત થયાં છે એવી પરમાવધિની લબ્ધિવાળા જીવો જઘન્ય અનુભાગની સત્તાના સ્વામી જાણવા.

તથા મનઃપર્યાય જ્ઞાનાવરણીયકર્મના જઘન્ય અનુભાગની સત્તાના સ્વામી તે જીવ જાણવા કે જે જીવ વિપુલમતિ લબ્ધિથી યુક્ત હોય કારણ કે જે આત્માને સર્વથી શ્રેષ્ઠ ઘણા વિશેષ પર્યાયોને જાણનારૂં મનઃપર્યવજ્ઞાન થયું હોય તે જ જીવ અલ્પ રસના ઉદયવાળો અને અલ્પ રસની સત્તાવાળો હોય છે.

લબ્ધિવાળા જીવને કર્મોનો ઘણો ઘણો અનુભાગ (રસ) ક્ષયને પામે છે તે માટે પરમાવધિવાળો જીવ આવું વિશેષણ કહ્યું છે. ॥ ૨૩ ॥

*અવતરણ : હવે અનુભાગની સત્તાના સ્થાનભેદ સમજાવે છે. જેમ બંધસ્થાનક ઉદયસ્થાનક હોય છે તેમ સત્તાસ્થાનક એટલે રસની તરતમતાવાળાં સ્થાનો સમજાવે છે :-*

**बन्धहय, हयहउप्पत्तिगाणि, कमसो असंखगुणियाणि ।**
**उदयोदीरणवज्जाणि, होंति अणुभागठाणाणि ॥ २४ ॥**

**ગાથાર્થ :** ઉદય અને ઉદીરણાથી થનારાં અનુભાગસ્થાનોને વર્જીને બંધોત્પત્તિક, હતોત્પત્તિક, અને હતહતોત્પત્તિક અનુભાગબંધનાં સ્થાનો અનુક્રમે અસંખ્યાતગણાં જાણવાં. ॥ ૨૪ ॥

**વિવેચન :** અહીં અનુભાગની સત્તાનાં સ્થાનો ત્રણ પ્રકારે થાય છે. (૧) બન્ધોત્પત્તિક, (૨) હતોત્પત્તિક, (૩) હતહતોત્પત્તિક, ત્યાં બંધથી જ છે ઉત્પત્તિ જેની તે બન્ધોત્પત્તિક સત્તાસ્થાન કહેવાય છે તે અસંખ્યાત લોકાકાશ પ્રદેશપ્રમાણ છે કારણકે તેના હેતુભૂત રસબંધના અધ્યવસાય સ્થાનો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે, તે માટે.

તથા રસબંધ કર્યા પછી ઉદ્વર્તના અને અપવર્તના નામના કરણવિશેષના વશથી અન્યથા અન્યથા પરિણામ પમાડવા વડે અર્થાત્ રસબંધ કર્યા પછી તે રસની ઉદ્વર્તના કરવા દ્વારા રસની વૃદ્ધિ કરે છતે અથવા રસબંધ કર્યા પછી તે રસની અપવર્તના કરવા દ્વારા રસની હાનિ કરે છતે થતાં જે સ્થાનો છે રસની વિચિત્રતાને ધારણ કરનારાં જે સ્થાનો થાય છે તે હતોત્પત્તિક સ્થાનો કહેવાય છે.

આવાં સ્થાનોનું નામ "हतोत्पत्तिक" કેમ આપ્યું છે ? આવો કોઈ પ્રશ્ન કરે તો ગ્રંથકારશ્રી જણાવે છે કે હતાત્ એટલે કે પૂર્વ અવસ્થાનો ઘાત કરવાથી અર્થાત્ પૂર્વ અવસ્થાનો નાશ કરવાથી છે ઉત્પત્તિ જેની તે હતોત્પત્તિક કહેવાય છે. અર્થાત્ રસબંધ કર્યા પછી ઉદ્વર્તના અને અપવર્તના દ્વારા જે રસમાં વૃદ્ધિ અને હાનિ કરવા દ્વારા રસસ્થાન બદલાયું છે તેવાં રસસ્થાનો બંધવડે કરાયેલાં રસસ્થાનો કરતાં અસંખ્યાતગુણાં છે.

કારણ કે એક એક બંધોત્પત્તિક અનુભાગસ્થાનમાં ભિન્ન ભિન્ન જીવોની અપેક્ષાએ ઉદ્વર્તના અને અપવર્તના વડે કરાયેલા ભેદો અસંખ્યાત કરાયેલા હોય છે. તેથી બન્ધોત્પત્તિક કરતાં પણ હતોત્પત્તિક અનુભાગબંધનાં સ્થાનો અસંખ્યાતગુણાં હોય છે.

તથા ઉદ્વર્તના અને અપવર્તના વડે અનુભાગની વૃદ્ધિ અથવા હાનિ થયા પછી

(સ્થિતિઘાત અથવા) રસઘાત વડે સત્તામાં જે રસ છે તેને પણ અન્યથા રૂપે કરાય, વિલક્ષણરૂપે કરાય, અર્થાત્ અતિશય હીન રસ કરાય, અનુભાગ અતિશય ઘણો ઘટાડી નાખવામાં આવે તે હતહતોત્પત્તિક અનુભાગસ્થાન કહેવાય છે.

(૧) हते - ઉદ્‌વર્તના અને અપવર્તના નામના કરણવિશેષ વડે અન્યથા અન્યથા પરિણામ પમાડવા વડે હણાયેલા રસ વાળાં જે સ્થાનો તે હતોત્પત્તિક

(૨) हतात् - ઉદ્‌વર્તના - અમવર્તના દ્વારા જેના રસનો ઘાત કરવામાં આવ્યો છે અથવા પૂર્વ અવસ્થાનો વિનાશ કરવા રૂપ હતથી છે ઉત્પત્તિ જેની તે હતોત્પત્તિક કહેવાય છે આવી વ્યુત્પત્તિગત અર્થ કરવો. તે હતોત્પત્તિક સ્થાનો બંધોત્પત્તિક સ્થાનો કરતાં અસંખ્યાતગુણાં છે કારણ કે એક એક બન્ધોત્પત્તિક સ્થાનમાં ભિન્ન ભિન્ન જીવોની અપેક્ષાએ ઉદ્‌વર્તના અને અપવર્તના દ્વારા અસંખ્યાત ભેદ (વાળો રસ) કરાય છે તે માટે.

(૩) તથા ઉદ્‌વર્તના અને અપવર્તના વડે રસની વૃદ્ધિ અને હાનિ થયા પછી (સ્થિતિઘાત દ્વારા) તથા રસઘાત થવા દ્વારા અન્યથા ભાવને પમાડાયેલા અત્યન્ત વિલક્ષણ રૂપે કરાયેલાં જે સ્થાનો થાય છે. તે હતહતોત્પત્તિક સ્થાન કહેવાય છે. કારણ કે ત્યાં हते - ઉદ્‌વર્તના અને અપવર્તના દ્વારા કરાયેલો રસઘાત હોતે છતે ફરીથી તેમાંથી પણ हतात् - સ્થિતિઘાત વડે કરાયેલા અથવા રસઘાત વડે કરાયેલા ઘાતથી છે - ઉત્પત્તિ જેની તે હતહતોત્પત્તિક સ્થાનો કહેવાય છે આવી વ્યુત્પત્તિ જાણવી.

તે હતહતોત્પત્તિક સ્થાનો, ઉદ્‌વર્તના અને અપવર્તના કૃત સ્થાનો કરતાં અસંખ્યાતગુણાં સ્થાનો જાણવાં.

ગાથાના અક્ષરોની યોજના આ પ્રમાણે જાણવી : ઉદય દ્વારા અને ઉદીરણા દ્વારા સમયે સમયે અનુભાગનો અનુભવ કરીને નાશ કરવા દ્વારા સત્તામાં રહેલા રસની હાનિ થવાથી જે અન્યથા અન્યથા રૂપે સત્તાસ્થાનો થાય છે તેને વર્જીને બાકીનાં બંધોત્પત્તિક, હતોત્પત્તિક અને હતહતોત્પત્તિક સ્થાનો અનુક્રમે અસંખ્યાત ગુણાં છે.

**પ્રશ્ન :** ઉદય અને ઉદીરણાનાં સ્થાનો કેમ વર્જાય છે ? આવો કદાચ પ્રશ્ન થાય તો **ઉત્તર :** કહે છે કે જ્યારે જ્યારે ઉદય અને ઉદીરણા પ્રવર્તતી હોય છે. ત્યારે ત્યારે કાં તો બન્ધોત્પત્તિક, અથવા તો ઉદ્‌વર્તના અને અપવર્તના દ્વારા થનારાં હતોત્પત્તિક, તથા સ્થિતિઘાત અને રસઘાતથી જન્ય હતહતોત્પત્તિક રસનાં સ્થાનો અવશ્ય થતાં જ હોય છે. તેથી તેઓનો (ઉદય અને ઉદીરણા જન્ય રસસ્થાનોનો) તેમાં (ઉદ્‌વર્ત - અપવર્તનાકૃતમાં અને સ્થિતિઘાત તથા રસઘાત જન્ય સ્થાનોમાં) સમાવેશ થવાથી ભિન્ન ભિન્ન રસસ્થાનો

ગણાતાં નથી. નીચેથી ઉદય અને ઉદીરણા વડે ભોગવાય તે જ કાલે ઉપરથી સ્થિતિ ઉદ્વર્તના વડે વધે અથવા અપવર્તના વડે ઘટે તે માટે સત્તાસ્થાન ગણવામાં ભેદ હોતો નથી.

**પ્રશ્ન :** કદાચ અહીં આવો પ્રશ્ન થાય કે નીચેથી સ્થિતિ - રસ ઉદય ઉદય-ઉદીરણાથી ભોગવાય કે ઉપરથી ઉદ્વર્તના - અવર્તના આદિ દ્વારા સ્થિતિ અને રસ તુટે આમ બન્નેમાં કારણભેદ હોવાથી (એકમાં ઉદય - ઉદીરણા કારણ છે અને બીજામાં ઉદ્વર્તના અપવર્તના તથા સ્થિતિઘાત - રસઘાત ઈત્યાદિ અન્ય કારણો છે. આમ હોવાથી) તે રસસ્થાનોનો પણ ભેદ કરવો આવસ્યક છે. આવી પણ શંકા થાય. પરંતુ.

**न शङ्कनीयम्** -આવી શંકા કરવી નહીં કારણ કે બન્ધોત્પતિક હતોત્પત્તિક અને હતહતોત્પત્તિક એમ ત્રણ પ્રકારની અનુભાગની સત્તાના ભેદોમાં તેવા ભેદો સમાઈ જાય છે તેવા ભેદોનો સ્થાન ભેદ કરવો તે ઉચિત નથી. અનૌપયિકત્વેન - આવા ભેદોની ગણતરી કરવી તે બીનજરૂરી હોવાથી ભિન્ન વિવક્ષા કરાતી નથી. તેથી અંદર જ ગણવામાં अदूषणत्वात् - કોઈ પણ જાતનું દૂષણ લાગતું નથી. આમ ટીકાકાર મહારાજશ્રી ખુલાશો કરે છે. ॥ ૨૪ ॥

***અવતરણ :** અનુભાગસત્તા સમજાવી. હવે પ્રદેશસત્તા સમજાવવાની છે. ત્યાં ત્રણ દ્વારો છે. (૧) ભેદ, (૨) સાદિ-અનાદિની પ્રરૂપણા અને સ્વામિત્વ ત્યાં ભેદ તો પૂર્વની જેમ જ જાણવા (એક મૂલપ્રકૃતિ વિષયક અને બીજો ઉત્તર પ્રકૃતિવિષયક). હવે સાદિ અનાદિના ભાંગા સમજાવવા છે તે પણ બે પ્રકારે છે. (૧) એકતો મૂલ પ્રકૃતિવિષયક અને (૨) બીજો ઉત્તરપ્રકૃતિવિષયક. ત્યાં મૂલ પ્રકૃતિવિષયક સાદિ અને અનાદિના ભાંગા પ્રથમ કહેવાય છે તે આ પ્રમાણે છે :-*

**सत्तण्हं अजहण्णं, तिविहं सेसा दुहा पएसम्मि ।**
**मूलपगईसु आऊस्स, साइ अधुवा य सव्वे वि ॥ २५ ॥**

**ગાથાર્થ :** પ્રદેશસત્તામાં મૂલ સાતકર્મોની અજઘન્ય પ્રદેશ સત્તા ત્રણ પ્રકારે છે. અને તે સાતકર્મના શેષભાંગા (જઘન્યાદિ ત્રણે) સાદિ-અનાદિ એમ બે જ પ્રકારે છે તથા આયુષ્યકર્મના ચારે પણ વિકલ્પો સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે હોય છે. ॥ ૨૫ ॥

**વિવેચન :** આયુષ્યકર્મ વિના બાકીનાં સાત મૂલકર્મોની અજઘન્ય પ્રદેશસત્તા ત્રણ પ્રકારે હોય છે. (૧) અનાદિ (૨) ધ્રુવ અને (૩) અધ્રુવ.

ત્યાં ક્ષપિતકર્માંશી જીવને પોતપોતાના ક્ષયના અવસરે (મોહનીયની દસમાના ચરમ સમયે ક્ષયકશ્રેણિમાં, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મની બારમાના ચરમ સમયમાં, તથા નામકર્મ, ગોત્રકર્મ અને વેદનીયકર્મની ચૌદમાના ચરમ સમયમાં) જે સત્તા

છે તે જઘન્ય પ્રદેશ સત્તા કહેવાય છે. આવા પ્રકારની આ જઘન્ય પ્રદેશસત્તા આવા ચરમ સમયે જ આવે છે માટે સાદિ, બીજા જ સમયે તે સત્તાનો વિનાશ થાય છે. તે માટે અધ્રુવ. આમ જઘન્યસત્તાના સાદિ-અધ્રુવ બે ભાંગા છે.

ઉપરોક્ત સત્તા વિનાની બાકીની બધી અજઘન્યસત્તા કહેવાય છે અનાદિ કાલથી આ મૂલ સાતકર્મોની સત્તા સદા છે અને તેમાં ક્ષપકશ્રેણિ પ્રારંભી નથી. તેથી જઘન્ય પ્રદેશસત્તા ક્યારેય પણ આવી નથી. તે માટે અજઘન્ય પ્રદેશસત્તા અનાદિ, કારણ કે આવા પ્રકારની આ અજઘન્ય પ્રદેશ સત્તા અનાદિ કાળથી સદાકાળ છે જ, તથા ધ્રુવ અને અધ્રુવપણું તો અભવ્ય અને ભવ્ય જીવોને આશ્રયી પૂર્વની જેમ જ જાણવું.

તથા આ સાત મૂલકર્મોના શેષવિકલ્પો એટલે કે કહ્યા વિનાના બાકીના ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ અને જઘન્ય આ ત્રણે વિકલ્પો માત્ર સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે જ જાણવા. ત્યાં ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા ગુણિત કર્માંશી મિથ્યાદૃષ્ટિ જીવને સાતમી નારકીમાં વર્તતો હોય ત્યારે ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ અવસ્થાકાળે હોય છે. શેષકાળે તે જીવને પણ અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે તેથી તે બન્ને સાદિ અને અધ્રુવ જ માત્ર છે.

તથા જઘન્ય પ્રદેશસત્તા તો અજઘન્ય સત્તા વખતે દસમે, બારમે અને ચૌદમા ગુણસ્થાનકના ચરમસમયે સમજાવેલ છે.

આયુષ્યકર્મના સર્વે પણ વિકલ્પો ઉત્કૃષ્ટ અનુત્કૃષ્ટ જઘન્ય અને અજઘન્ય એમ ચારે પણ વિકલ્પો માત્ર સાદિ અને અધ્રુવ જ હોય છે. કારણ કે તેની સત્તા જ અધ્રુવ છે તે માટે, ॥ ૨૫ ॥

*અવતરણ : હવે ઉત્તરપ્રકૃતિઓને આશ્રયી સાદિ-અનાદિની પ્રરૂપણા કરે છે :-*

**बायालाणुक्कस्सं, चउवीससया जहन्न चउतिविहं ॥**

**होइ ह छण्ह चउद्धा, अजहण्णमभासियं दुविहं ॥ २६ ॥**

**ગાથાર્થ :** બેંતાલીસ કર્મપ્રકૃતિઓની અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા ચાર પ્રકારે છે. અને એકસોહ ચોવીસ કર્મપ્રકૃતિઓની અજઘન્ય પ્રદેશ સત્તા ત્રણ પ્રકારે છે. તથા છ કર્મપ્રકૃતિઓની અજઘન્ય પ્રદેશસત્તા ચાર પ્રકારે છે બાકીનું જે બધુ અનુક્ત છે તે સર્વ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે. ॥ ૨૬ ॥

**વિવેચન :** સાતાવેદનીય, સંજ્વલન ચાર કષાય, પુરુષવેદ, પંચેન્દ્રિય જાતિ, તૈજસ સમક, પ્રથમ સંસ્થાન, પ્રથમ સંઘયણ, શુભ વર્ણાદિ અગીયાર, અગુરુલઘુ, પરાઘાત,

ઉચ્છ્વાસ, પ્રશસ્ત વિહાયોગતિ, ત્રસદશક, અને નિર્માણ નામકર્મ આ પ્રમાણે (૪૨) બેતાલીસ કર્મપ્રકૃતિઓની અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા ચાર પ્રકારે છે સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવના ભેદથી. તે આ પ્રમાણે જાણવી-

પ્રથમ સંઘયણ વજ્રઋષભનારાચને વર્જીને શેષ (૪૧) એકતાલીસ કર્મ પ્રકૃતિઓની ક્ષપકશ્રેણિમાં પોતપોતાના બન્ધના અન્તિમસમયમાં ગુણિતકર્માંશી જીવને ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તા હોય છે. તે ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા બન્ધના અન્તિમ એકસમય પુરતી જ હોય છે તેના પછીના જ સમયે અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા થાય છે તે માટે ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે હોય છે.

પોતપોતાના બન્ધના ચરમસમયમાં ગુણિત કર્માંશી જીવને જે સત્તા હોય છે તે ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા કહેવાય છે. તેનાથી અન્ય જે સત્તા છે તે અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા છે. તે તેના પછીના બીજા જ સમયે અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા ચાલુ થાય છે ત્યારે અનુત્કૃષ્ટ પ્રદેશ સત્તાની સાદિ, તે સ્થાન ન પામેલા જીવને અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા અનાદિ, ધ્રુવ અને અધ્રુવ તો પૂર્વની જેમ જ અભવ્ય અને ભવ્ય જીવને આશ્રયી જાણવું.

(૪૨) પ્રકૃતિઓમાં જે પ્રથમસંઘયણ દૂર કરવામાં આવ્યું હતું. તેના સાદ્યાદિ ભાંગા હવે કહેવાય છે. સાતમી નારકીમાં વર્તતો સમ્યગ્દષ્ટિ નારકીનો જીવ મિથ્યાત્વે જવાની તૈયારીવાળો હોય ત્યારે તે જીવને ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તા હોય છે. તેથી તે સંઘયણની ઉત્કૃષ્ટ સત્તા સાદિ અને અધ્રુવ માત્ર જ છે. તેનાથી અન્ય સર્વ પ્રદેશોની જે સત્તા તે અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા કહેવાય છે. તે ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા આવ્યા પછી બીજા જ સમયે મિથ્યાત્વે જાય ત્યારે અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા થાય છે. તે કાળે તેની સાદિ. તે સ્થાન ન પામેલાને અનાદિ, ધ્રુવ અને અધ્રુવ પૂર્વની જેમ જાણવા.

તથા અનંતાનુબંધી ચાર કષાય, યશઃ કીર્તિનામકર્મ, અને સંજ્વલન લોભ આ છ કર્મપ્રકૃતિ વિના બાકીની (૧૨૪) એકસોહ ચોવીસ કર્મપ્રકૃતિઓ જે ધ્રુવસત્તાવાળી છે તેની અજઘન્ય પ્રદેશસત્તા અનાદિ-ધ્રુવ અને અધ્રુવના ભેદથી ત્રણ પ્રકારે છે તે આ પ્રમાણે : આ (૧૨૪) કર્મપ્રકૃતિઓની ક્ષપિત કર્માંશી જીવને પોતપોતાની સત્તાના ચરમ સમયમાં વર્તતા હોય ત્યારે જઘન્ય પ્રદેશસત્તા પ્રાપ્ત થાય છે તે સત્તા એકસમય માત્ર જ હોય છે. તેથી સાદિ અને અધ્રુવ જ હોય છે. તે વિનાની અન્ય સર્વ સત્તા અજઘન્ય પ્રદેશ સત્તા હોય છે. તેવી અજઘન્ય સત્તા સદાકાળ હોવાથી અનાદિ. તથા ધ્રુવતા અને અધ્રુવતા તે અભવ્ય અને ભવ્ય જીવને આશ્રયી સમજી લેવું.

મૂલગાથામાં "चउतिविहं" એવો જે પાઠ છે ત્યાં (૪૨) બેતાલીસ કર્મપ્રકૃતિઓની અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા ચાર પ્રકારે છે અને બાકીની (૧૨૪) એકસોહ ચોવીસ કર્મપ્રકૃતિઓની અજઘન્ય પ્રદેશસત્તા ત્રણ પ્રકારે છે એમ અનુક્રમે પદો જોડવાં (૪૨) બેતાલીસની અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા ચાર પ્રકારે છે અને (૧૨૪) એકસોહ ચોવીસની અજઘન્ય પ્રદેશસત્તા ત્રણ પ્રકારે છે. આમ ગ્રંથકારશ્રીનો સમજાવવાનો આશયવિશેષ છે.

તથા અનન્તાનુબંધી ચાર કષાયો, તથા સંજ્વલન લોભ અને યશઃ કીર્તિરૂપ છ કર્મપ્રકૃતિઓની અજઘન્ય પ્રદેશસત્તા સાદિ-અનાદિ-ધ્રુવઅને અધ્રુવના ભેદથી ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે જાણવી.

અનંતાનુબંધી ચાર કષાયોની ઉદ્વલના કરનારા ક્ષપિતકર્માંશી જીવને જ્યારે એક સમયની સ્થિતિ બાકી રહે છે ત્યારે જઘન્ય પ્રદેશસત્તા કહેવાય છે તેવી જઘન્ય પ્રદેશસત્તા એકસમય માત્ર જ હોય છે. માટે સાદિ-અધ્રુવ છે. તેનાથી અન્ય સર્વ અજઘન્ય પ્રદેશસત્તા કહેવાય છે. ત્યાં જે આત્માઓએ અનંતાનુબંધી ચાર કષાયોની ઉદ્વલના કરી છે અને પછી જ્યારે મિથ્યાત્વે જાય ત્યારે મિથ્યાત્વના નિમિત્તે અનંતાનુબંધી ચાર કષાયો ફરીથી બાંધે છે. ત્યારે અનંતાનુબંધી ચાર કષાયોની અજઘન્ય પ્રદેશસત્તાની સાદિ, તે સ્થાન ન પામેલાને અનાદિ, ધ્રુવ-અધ્રુવ પૂર્વની જેમ.

યશઃકીર્તિ અને સંજ્વલન લોભ આ બે કર્મપ્રકૃતિની ક્ષમિતકર્માંશી જીવ ક્ષપકશ્રેણી પ્રારંભીને ક્ષય કરવા માટે ઉદ્યમશીલ આ જીવ થયો હોય ત્યારે યથાપ્રવૃત્તકરણના અન્તિમ સમયમાં આઠમા ગુણસ્થાનકે ચઢતાં પૂર્વના સમયમાં જઘન્ય પ્રદેશસત્તા હોય છે. તેવી જઘન્ય સત્તા માત્ર એક સમય જ હોય છે. તેથી સાદિ અને અધ્રુવ જાણવી. તેનાથી અન્ય જે કોઈ સત્તા તે અજઘન્ય સત્તા કહેવાય છે. જઘન્ય સત્તાવાળો આત્મા ગુણસ્થાનકના ચરમસમયમાં વર્તતો જીવ જ્યારે અપૂર્વ કરણ ગુણસ્થાનકે જાય ત્યારે તેના પ્રથમ સમયે જ ગુણસંક્રમ વડે ઘણા ઘણા કર્મદલિકોનો ઉપચય (સંક્રમ) થવાથી અજઘન્ય સત્તા વાળો થાય. તે કાળે અજઘન્યની સાદિ, તે સ્થાન ન પામેલા જીવોને અનાદિ, ધ્રુવ અને અધ્રુવ પૂર્વની જેમ જ સમજવા.

अभाषितमनुक्तं द्विविधम् - ઉપરની ગાથામાં જે ભાંગા કહેવામાં આવ્યા નથી. તે નહી કહેવાયેલું સઘળું પણ સર્વ પ્રકૃતિઓનું બે પ્રકારનું છે.

ત્યાં (૪૨) બેતાલીસ કર્મપ્રકૃતિઓના ન કહેલા જઘન્ય + અજઘન્ય અને ઉત્કૃષ્ટ આ ત્રણે સાદિ-અધ્રુવ એમ બે પ્રકારના હોય છે. ત્યાં ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તા તો અનુત્કૃષ્ટ પ્રદેશ

સત્તા સમજાવવાના પ્રસંગે સમજાવેલી જ છે. જઘન્ય અને અજઘન્ય પ્રદેશસત્તા તો હવે કહેવાતા સ્વામિત્વને ધ્યાનમાં રાખીને સ્વયં પોતે જ સમજી લેવી.

તથા (૧૨૪) એકસોહ અને ચોવીસ કર્મપ્રકૃતિઓનું અભાષિત એટલે કે ન કહેલા એવા ઉત્કૃષ્ટ અનુત્કૃષ્ટ અને જઘન્ય આ ત્રણે ભાંગા સાદિ-અધ્રુવ જાણવા ત્યાં જઘન્ય પ્રદેશસત્તા તો અજઘન્ય પ્રદેશસત્તા સમજાવવાના પ્રસંગે સમજાવેલી જ છે અને ઉત્કૃષ્ટ તથા અનુત્કૃષ્ટ પ્રદેશસત્તા તો ગુણિત કર્માંશી એવા મિથ્યાદૃષ્ટિ જીવમાં વારાફરતી પ્રાપ્ત થાય જ છે. આ કારણથી તે બન્ને સાદિ-અધ્રુવ માત્ર જ છે.

આ પ્રમાણે સંજ્વલનલોભ યશઃકીર્તિ નામકર્મ, અને અનંતાનુબંધી ચાર કષાય એમ કુલ છ કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ સત્તાના ભાંગા સમજાવ્યા. જઘન્ય તો અજઘન્ય સમજાવવાના પ્રસંગે સમજાવેલ જ છે.

બાકી રહેલી (૨૮) કર્મપ્રકૃતિઓ કે જે અધ્રુવસત્તાવાળી છે તે તો અધ્રુવસત્તાવાળી હોવાથી જ તેના જઘન્યાદિ ચારે ભેદો સાદિ અને અધ્રુવ છે આ પ્રમાણે ઉત્તર પ્રકૃતિઓના આ પ્રમાણે સાદ્યનાદિ ભાંગા કહ્યા. ॥ ૨૬ ॥

*અવતરણ : આ પ્રમાણે સાદિ-અનાદિની પ્રરૂપણા સમાપ્ત કરી હવે સ્વામિત્વ કહેવાનું છે તે બે પ્રકારનું છે. (૧) ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા સ્વામિત્વ અને (૨) જઘન્ય પ્રદેશસત્તા સ્વામિત્વ, ત્યાં પ્રથમ ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા સ્વામિત્વ સમજાવે છે :-*

**संपुन्न गुणियकम्मो, पएसउक्कस्ससंतसामीओ ।**
**तस्सेव उ उप्पिविणिग्गयस्स कासिंचि वन्नेऽहं ॥ २७ ॥**

**ગાથાર્થ :** સંપૂર્ણ ગુણિત કર્માંશી જીવ ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તાનો સ્વામી થાય છે. સાતમી નારકીમાંથી નીકળેલા તે જ જીવમાં કેટલીક કર્મ પ્રકૃતિઓ માટે કંઈક કંઈક વિશેષતા છે. તે હું તમને સમજાવીશ. ॥ ૨૩ ॥

**વિવેચન :** સંપૂર્ણ ગુણિતકર્માંશી જીવ સાતમી નરકભૂમિના ચરમ સમયમાં વર્તતો છતો ઘણું કરીને સર્વે પણ કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી થાય છે. આમ સમજવું. છતાં કેટલીક કર્મપ્રકૃતિઓનો તે જ સંપૂર્ણ ગુણિતકર્માંશી જીવ સાતમી નરકભૂમિમાંથી નીકળીને બીજા ભવમાં જ્યાં જાય છે ત્યાં કંઈક કંઈક વિશેષતા છે તે વિશેષતાનું હું વર્ણન કરીશ.

મૂલ ગાથામાં वन्नेऽहं - આ વાક્યરચનામાં वर्णयामि अहं પદમાં જે વર્તમાના વિભક્તિ કરવામાં આવી છે. તે "वर्तमानसामीप्ये वर्तमानवद्वा" વર્તમાન કાળની નજીકનો

ભવિષ્યકાળ હોય તો તેમાં વર્તમાન કાળનો આરોપ થાય છે આ ન્યાયથી અહીં ભવિષ્યતિ અર્થમાં વર્તમાના વિભક્તિ થઈ છે એમ અર્થ સમજવો. જેમ પર્યુષણ આવવાને બેચાર દિવસની જ વાર હોય ત્યારે પર્યુષણ ભવિષ્યકાળમાં આવવાનાં છે. તો પણ વ્યવહાર એવો થાય છે કે હવે પર્યુષણ આવે છે. આરાધના માટે તૈયાર થઈ જાઓ આમ ભવિષ્યના અર્થમાં વર્તમાનનો પ્રયોગ થાય છે. ॥ ૨૭ ॥

*અવતરણ : प्रतिज्ञातमेवाह:- પ્રતિજ્ઞા કરેલા વિષયને જ ગ્રંથકારશ્રી સમજાવે છે :-*

**मिच्छत्ते मीसम्मि य, संपक्खित्तम्मि मीससुद्धाणं ।**
**वरिसवरस्स उ ईसाणगस्स चरमम्मि समयम्मि ॥ २८ ॥**

**ગાથાર્થ :** મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય આ બન્ને કર્મો જ્યારે અનુક્રમે મિશ્રમોહનીયમાં અને સમ્યક્ત્વ મોહનીયમાં સંક્રમિત થાય છે. ત્યારે મિશ્રમોહનીય અને સમ્યક્ત્વ મોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા થાય છે તથા તે જ ગુણિકર્માંશી જીવ સાતમી નારકીમાંથી નીકળીને (તિર્યંચનો ભવ વચમાં કરવાપૂર્વક) ઈશાન દેવલોકમાં ગયો હોય ત્યારે તે ભવના ચરમ સમયે નપુંસકવેદની ઉત્કૃષ્ટ પ્રદેશની સત્તાવાળો થાય છે. ॥ ૨૮ ॥

**વિવેચન :** પૂર્વે કહેલા સ્વરૂપવાળો ગુણિત કર્માંશી જીવ સાતમી નારકીમાંથી નીકળીને તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય ત્યાં અંતર્મુહૂર્ત માત્ર રહીને મનુષ્યગતિમાં ઉત્પન્ન થાય ત્યાં મનુષ્યગતિમાં આવીને સમ્યક્ત્વને પ્રાપ્ત કરીને દર્શનસપ્તકનો ક્ષય કરવા માટે શીઘ્ર ઉદ્યમ કરે. તેવા જીવને મિશ્ર મોહનીયમાં મિથ્યાત્વ મોહનીયનો સર્વસંક્રમ વડે જ્યારે પ્રક્ષેપ કરે છે ત્યારે મિશ્ર મોહનીય કર્મની ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તાનું સ્વામિત્વ પ્રાપ્ત થાય છે.

તથા તે મિશ્રમોહનીયને જે સમયે સમ્યક્ત્વમોહનીયમાં સર્વસંક્રમવડે પ્રક્ષેપ કરે છે. તે સમયે સમ્યક્ત્વમોહનીય કર્મનું ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનું સ્વામિત્વ પ્રાપ્ત થાય છે.

ગાથાના પદોની યોજના આ પ્રમાણે જાણવી. મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય એમ આ બન્ને કર્મોને અનુક્રમે મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયમાં એટલે કે અર્ધશુદ્ધ તથા શુદ્ધ પુંજના ઉદયવાળી મોહનીયમાં પ્રક્ષેપ કરાયે છતે અનુક્રમે મિશ્રમોહનીયની તથા સમ્યક્ત્વમોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે.

તથા તે જ ગુણિત કર્માંશી સાતમી નારકીનો જીવ મૃત્યુ પામી તિર્યંચ ગતિ કરીને કોઈક જીવ ઈશાન દેવલોકમાં દેવ થાય. તથા તે ઈશાન દેવલોકમાં ગયેલો તે દેવ ત્યાં અતિશય સંક્લિષ્ટ પરિણામવાળો થઈને વારંવાર નપુંસકવેદને વધારે બાંધે, ત્યારે તે દેવનો

જીવ પોતાના ભવના ચરમ સમયમાં વર્તતો હોય ત્યારે નપુંસકવેદની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાવાળો બને છે. ॥ ૨૮ ॥

**ईसाणे पूरित्ता णपुंसगं, तो असंखवासा ( सी ) सु ।**
**पल्लासंखियभागेण, पूरिए इत्थिवेयस्स ॥ २९ ॥**

ગાથાર્થ : ઈશાન દેવલોકમાં નપુંસકવેદને બરાબર સત્તાવાળો કરીને ત્યારબાદ (સંખ્યાતવર્ષના આયુષ્યવાળા તિર્યંચ અથવા મનુષ્યના ભવમાં જવા પૂર્વક) અસંખ્યાતા વર્ષનો યુગલિકનો ભવ કરે ત્યાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી સ્ત્રીવેદ બાંધવા દ્વારા અને નપુંસકવેદના સંક્રમ દ્વારા સ્ત્રીવેદને ભરપૂર કરે છે.ત્યારે તે જીવ સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ પ્રદેશોની સત્તાવાળો થાય છે. ॥ ૨૯ ॥

**વિવેચન :** આગલી ૨૮ મી ગાથામાં કહ્યા પ્રમાણે નપુંસકવેદને બરાબર બાંધીને તથા અન્ય પ્રકૃતિના સંક્રમ વડે પણ નપુંસકવેદની ઉત્કૃષ્ટ પ્રદેશોની સત્તાવાળો બન્યા પછી તે જીવ ઈશાન દેવલોકમાંથી ચ્યવીને સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના ભવમાં અથવા મનુષ્યના ભવમાં સંખ્યાત વર્ષના આયુષ્યવાળામાં ઉત્પન્ન થાય ત્યારબાદ તે ભવ સમાપ્ત થાય ત્યારે યુગલિકનો અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળો ભવ કરે.

ત્યાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ પસાર થયે છતે, ત્યાં સુધી ઘણા સંક્લિષ્ટ પરિણામો કરવા દ્વારા સતત સ્ત્રીવેદનો બંધ કરવાપૂર્વક તથા પૂર્વે બાંધેલા ઘણા જ દલિકોવાળા નપુંસકવેદને સ્ત્રીવેદમાં સંક્રમાવવા દ્વારા એમ બન્ને પ્રકારે સ્ત્રીવેદ જ્યારે ભરપૂર ભરાય છે અર્થાત્ જ્યારે ઘણા દલિકોની સત્તાવાળો આ જીવ થાય છે. ત્યારે સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તા થાય છે.

પૂર્વે ભેગો કરેલો નપુંસકવેદ આ બંધાતા સ્ત્રીવેદમાં સંક્રમિત પણ થાય છે અને સ્ત્રીવેદને આ જીવ વારંવાર બાંધે પણ છે આ રીતે સ્ત્રીવેદ વધારેમાં વધારે પુષ્ટ બને છે ત્યારે સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા થાય છે. ॥ ૨૯ ॥

**पुरिसस्स पुरिससंकमपएसउक्कस्स सामिगस्सेव ।**
**इत्थी जं पुण समयं संपक्खित्ता हवइ ताहे ॥ ३० ॥**

ગાથાર્થ : પુરુષવેદની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો તે જીવ સ્વામી થાય છે કે જે જીવ પુરુષવેદના ઉત્કૃષ્ટ પ્રદેશોના સંક્રમનો સ્વામી છે. જે સમયે સ્ત્રીવેદને તે પુરુષવેદમાં ઉત્કૃષ્ટપણે સંક્રમાવે છે ત્યારે પુરુષવેદની ઉત્કૃષ્ટ સત્તાનો આ જીવ સ્વામી થાય છે. ॥૩૦॥

**વિવેચન :** આ ગાથામાં પુરુષવેદના ઉત્કૃષ્ટ પ્રદેશોની સત્તાનો સ્વામી કયો જીવ થાય? તે વાત આ ગાથામાં ગ્રંથકારશ્રી સમજાવે છે.

જે જીવ પુરુષવેદના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી પહેલાં સંક્રમણકરણમાં કહ્યો છે તે જ જીવ અર્થાત્ ઉત્કૃષ્ટસંક્રમનો જે જીવ સ્વામી છે તે જ જીવ પુરુષવેદની ઉત્કૃષ્ટ પ્રદેશની સત્તાનો પણ સ્વામી છે આ પ્રમાણે જાણવું.

પરંતુ જે સમયે ઉત્કૃષ્ટ સત્તાવાળા કરેલા એવા સ્ત્રીવેદને પુરુષ વેદમાં સંક્રમાવે છે ત્યારે જ પુરુષવેદના ઉત્કૃષ્ટ પ્રદેશોની સત્તાનો આ જીવ સ્વામી થાય છે.

સારાંશ એ છે કે ગુણિતકર્માંશી ક્ષપકશ્રેણિમાં વર્તતો જીવ પુરુષવેદમાં સ્ત્રીવેદનો જ્યારે સર્વસંક્રમ કરે છે તે સમયમાં તે જીવ પુરુષ વેદની ઉત્કૃષ્ટ સત્તાનો સ્વામી થાય છે આવો અર્થ ઉપરના વાક્યમાંથી નીકળે છે પંચસંગ્રહ નામના ગ્રંથમાં પણ કહ્યું છે કે :- "जो सव्वसंकमेणं इत्थि पुरिसम्मि छुहइ सो सामी" જે જીવ સર્વસંક્રમવડે સ્ત્રીવેદને પુરુષવેદમાં સંક્રમાવે છે તે જીવ જ પુરુષવેદની ઉત્કૃષ્ટપ્રદેશોની સત્તાનો સ્વામી થાય છે. ॥ ૩૦ ॥

**तस्सेव य (उ) संजलणा, पुरिसाइकमेण सव्वसंछोभे ।**
**चउरुवसमित्तु खिप्पं, रागंते सायउच्चजसा ॥ ३१ ॥**

**ગાથાર્થ :** જે જીવ પુરુષવેદની ઉત્કૃષ્ટ સત્તાનો સ્વામી થાય છે. તે જ જીવ સંજ્વલન ક્રોધાદિ ચારે કષાયોની ઉત્કૃષ્ટ સત્તાનો સ્વામી થાય છે. પરંતુ જ્યારે પુરુષવેદાદિ કર્મપ્રકૃતિઓનો ક્રોધાદિમાં સર્વસંક્રમ કરે ત્યારે સ્વામી જાણવો. તથા ચાર વાર મોહનો ઉપશમ કરીને જલ્દી જલ્દી ક્ષપકશ્રેણિ પ્રારંભે તેવો જીવ સૂક્ષ્મસંપરાયના ચરમ સમયે સાતા યશ અને ઉચ્ચગોત્રની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી થાય છે. ॥ ૩૧ ॥

**વિવેચન :** ઉપરની ગાથાઓમાં કહ્યા પ્રમાણે જે જીવ પુરુષવેદની ઉત્કૃષ્ટ પ્રદેશોની સત્તાનો સ્વામી થયો છે તે જ જીવ નવમા ગુણસ્થાનકમાં આગળ જતાં સંજ્વલન ક્રોધ માન માયા અને લોભની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી થાય છે. પરંતુ જ્યારે જ્યારે પુરુષવેદાદિ કર્મપ્રકૃતિઓ સંજ્વલન ક્રોધાદિમાં સર્વસંક્રમ દ્વારા પ્રક્ષિપ્ત થતી હોય ત્યારે જ સ્વામી થાય છે.

ઉપરની વાતનો તાત્પર્ય અર્થ આ પ્રમાણે છે કે જે જીવ પુરુષવેદની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી થયો છે તે જ જીવ જ્યારે એકઠો કરેલો આ પુરુષવેદ સર્વસંક્રમ વડે સંજ્વલનક્રોધમાં પ્રક્ષિપ્ત કરે છે ત્યારે તે જ જીવ સંજ્વલનક્રોધની ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તાનો સ્વામી થાય છે.

આ જ પ્રમાણે તે જ જીવ નવમા ગુણસ્થાનકમાં આગળ જતાં જ્યારે સંજ્વલન ક્રોધને સર્વ સંક્રમવડે સંજ્વલન માનમાં સંક્રમાવે છે ત્યારે તે જીવ સંજ્વલન માનની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી થાય છે. આ જ પ્રમાણે જ્યારે નવમા ગુણસ્થાનકમાં આગળ વધતાં જ્યારે સંજ્વલન માનને સર્વસંક્રમ વડે સંજ્વલનમાયામાં સંક્રમાવે છે. ત્યારે તે જીવ સંજ્વલનમાયાની ઉત્કૃષ્ટ પ્રદેશોની સત્તાવાળો થાય છે.

તથા તે જ જીવ નવમા ગુણસ્થાનકમાં આગળ વધતાં જ્યારે સંજ્વલનમાયાને સર્વસંક્રમવડે સંજ્વલન લોભમાં સંક્રમાવે છે. ત્યારે તે જીવ સંજ્વલનલોભની ઉત્કૃષ્ટ પ્રદેશોની સત્તાનો સ્વામી થાય છે. આ પ્રમાણે પુરુષવેદની જેમ જ સંજ્વલન ચાર કષાયોની ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તા જાણવી.

તથા ચાર વાર મોનીય કર્મનો ઉપશમકરીને (અર્થાત્ બે ભવો કરવા દ્વારા ચાર વાર ઉપશમશ્રેણિ કર્યા પછી) ગુણિતકર્માંશી એવો તે જીવ મનુષ્યગતિમાં આવીને જેમ બને તેમ અતિશય શીઘ્રપણે નાની ઉંમરમાં જ ક્ષપકશ્રેણિ પ્રારંભે આવા પ્રકારના ક્ષપણા માટે ઉદ્યમશીલ થયેલો જીવ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના ચરમ સમયે આવે ત્યારે ચરમ સમયમાં વર્તતો તે જીવ સાતાવેદનીય, ઉચ્ચગત્ર અને યશઃ નામકર્મ આ ત્રણ પુણ્યપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તાનો સ્વામી થાય છે.

કારણ કે ચાર વાર ઉપશમ શ્રેણિમાં આરૂઢ થયેલો જીવ બંધાતી એવી આ ત્રણે પુણ્ય *પ્રકૃતિઓમાં ગુણસંક્રમ વડે ઘણાં ઘણાં અશુભ કર્મપ્રકૃતિઓનાં દલિકોને સંક્રમાવે છે ત્યારે* જ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના ચરમસમયે આ જીવ આ ત્રણ પુણ્યપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી થાય છે. ॥ ૩૧ ॥

**देवणरयाऊगाणं जोगुक्कस्सेहिं जेट्ठगद्धाए ।**
**बद्धाणि ताव जावं, पढमे समए उइन्नाणि ॥ ३२ ॥**

**ગાથાર્થ :** આયુષ્ય બંધનો જે અંતર્મુહૂર્ત કાળ, તે જ્યેષ્ઠકાળ હોતે છતે ઉત્કૃષ્ટ યોગ દ્વારા જે દેવાયુષ્ય અને નરકાયુષ્ય બંધાયાં છે તેનો મૃત્યુ પામ્યા પછી બીજાભવના પ્રથમ સમયે તે આયુષ્યકર્મ ઉદયમાં આવવાનાં છે. તે ઉદયમાં ન આવે ત્યાં સુધી આ જીવને આ બન્ને આયુષ્યની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય છે. ॥ ૩૨ ॥

**વિવેચન :** એક જીવે આવતા ભવનું દેવાયુષ્ય બાંધ્યું છે અને બીજા જીવે આવતા ભવનું નરકનું આયુષ્ય બાંધ્યું છે. આવા બન્ને જીવોએ જ્યારે જ્યારે આ આયુષ્યકર્મ બાંધ્યું

ત્યારે ત્યારે ઉત્કૃષ્ટ યોગ દશામાં જે જીવ વર્તતો હોય તે લેવો જેથી ઉત્કૃષ્ટ યોગ હોવાથી ઘણા ઘણા કર્મદલિકોનો સંચય થાય.

તથા જ્યારે જ્યારે એક જીવ આ દેવનું અને બીજો જીવ નરકનું આયુષ્ય બાંધે છે ત્યારે ત્યારે શક્ય બને તેટલો આયુષ્ય બાંધવાનો જે અંતર્મુહૂર્ત કાળ છે. તે મોટુ અંતર્મુહૂર્ત લેવું. જેથી ઘણા કાળ સુધી દલિકોનો સંચય થયા જ કરે આવું મોટું અંતર્મુહૂર્ત લેવું.

આવા બન્ને જીવોએ એક એક આયુષ્ય ઉત્કૃષ્ટ યોગથી અને ઉત્કૃષ્ટ બંધકાળથી બાંધ્યાં હોય અને હજુ મૃત્યુ આવ્યું ન હોય ત્યાં સુધી આ બન્ને જીવોને એક એક આયુષ્ય ઘણાં ઘણાં દવિકોની સત્તાવાળું સત્તામાં મળે છે. તે જીવો મૃત્યુ પામીને જ્યારે જ્યારે દેવના ભવમાં અથવા નરકના ભવમાં જાય છે. ત્યારે તે તે આયુષ્યનો ઉદય થવાથી તેટલું તેટલું આયુષ્ય ઉદયથી ભોગવાતું જાય છે. તે માટે તિર્યંચ અથવા મનુષ્યોના ભવમાં જ મૃત્યુના ચરમ સમય સુધી જ ઉત્કૃષ્ટ પ્રદેશોની સત્તા હોય છે. પરભવમાં ગયા પછી ઉત્કૃષ્ટ સત્તા પ્રાપ્ત થતી નથી.

દેવ અથવા નરકનું આયુષ્ય બાંધ્યા પછી તેનો ઉદય શરૂ ન થાય ત્યાં સુધી ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તા પ્રાપ્ત થાય છે. તે માટે તેવા જીવો ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાના સ્વામી જાણવા. ॥૩૨॥

**सेसाऊगाणि णियगेसु चेव आगम्मपूव्वकोडीए ।**
**सायबहुलस्स अचिरा, बंधंते जाव णोवट्टे ॥ ३३ ॥**

**ગાથાર્થ :** બાકીનાં બે આયુષ્ય - તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય આ બન્ને આયુષ્યના સ્વામીમાં પૂર્વકોટિવર્ષના આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્યનો જીવ ઉત્કૃષ્ટ યોગવડે અને ઉત્કૃષ્ટ બંધકાળ વડે પરભવનું પોતપોતાનું આયુષ્ય બાંધીને સાતાની બહુલતા વાળો જીવ જલ્દી જલ્દી પોતપોતાના બંધના અન્તિમ સમયમાં જ સ્વામી થાય છે. જ્યાં સુધી બાંધેલા તે આયુષ્યની અપવર્તના ન કરે ત્યાં સુધી સ્વામી જાણવો. ॥ ૩૩ ॥

**વિવેચન :** શેષ આયુષ્ય આવા શબ્દથી તિર્યંચાયુષ્ય અને મનુષ્યયુષ્ય આ બન્ને આયુષ્ય કર્મ લેવાં, તે બન્ને આયુષ્યવાળા જીવો પૂર્વકોટિના આયુષ્યવાળા લેવા. મૂલગાથામાં "पूव्वकोडीए" જે પદ છે તે ઉપલક્ષણ અર્થમાં તૃતીયા થઈ છે તેથી પૂર્વકોટિથી ઓળખાતા એવા ભવમાં અર્થાત્ પૂર્વક્રોડવર્ષના પ્રમાણવાળા તિર્યંચના ભવમાં તથા મનુષ્યના ભવમાં ઉત્કૃષ્ટ એવા બંધકાળ અને ઉત્કૃષ્ટ એવા યોગ દ્વારા બંધાયેલા પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળા પોતપોતાના ભવમાં આવીને (એટલે તિર્યંચાયુષ્યની સત્તાવાળો જીવ તિર્યંચગતિમાં અને

મનુષ્યના આયુષ્યની સત્તાવાળો જીવ મનુષ્યના ભવમાં આવે ત્યારે) જે સાતા બહુલ થયો છતો યથાયોગ્યપણે આયુષ્યને અનુભવે છે. ભોગવે છે.

સુખી આત્માને આયુષ્યનાં ઘણાં પુદ્‌ગલો વિનાશ પામતાં નથી તેથી સાતાબહુલ આવો શબ્દ મૂલગાથામાં કહ્યો છે. આવા પ્રકારનો આ જીવ તિર્યંચાયુષ્યની સત્તાવાળો તિર્યંચગતિમાં, અને મનુષ્યાયુષ્યની સત્તાવાળો જીવ મનુષ્યમાં આવ્યો હોય તેવો જીવ ઉત્પત્તિના પ્રથમસમયથી જ એક અંતર્મુહૂર્ત માત્ર ઉત્પન્ન થયાંને કાળ પસાર થયો હોય ત્યારે મૃત્યુ પામવાની તૈયારીવાળો થયો હોય. તેના કારણે આવતા ભવનું આયુષ્ય બાંધે તે કેવી રીતે બાંધે ? તો આયુષ્ય બાંધવાનો જે અંતર્મુહૂર્ત કાળ તે ઉત્કૃષ્ટ હોય અર્થાત્ મોટુ અંતર્મુહૂર્ત હોય તથા આયુષ્ય બાંધતી વેળાએ ઉત્કૃષ્ટ યોગ પણ હોય જેથી વધારે દલિકોનું ગ્રહણ પણ થાય આમ ઉત્કૃષ્ટ બંધકાલ અને ઉત્કૃષ્ટયોગ દશા વડે તેના પછીના ભવનું સમાનજાતિવાળું એટલે જે તિર્યંચનો જીવ છે તે જીવે આવતાભવનું તિર્યંચનું આયુષ્ય અને જે મનુષ્યનો જીવ છે. તેણે મનુષ્યનું આયુષ્ય બાંધ્યું. આ ભવનું અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વક્રોડ વર્ષનું છે અને આવતા ભવનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાંધ્યું. આમ બન્ને આયુષ્ય (આ ભવનું અને સમાન જાતિવાળું પરભવનું એમ બન્ને ભવનું તિર્યંચના જીવને તિર્યંચનું અને મનુષ્યના જીવને મનુષ્યનું આયુષ્ય) સત્તામાં થયું.

આવા જીવને આ પરભવનું જે આયુષ્ય બાંધ્યું તેના ચરમસમયથી આયુષ્યકર્મનાં પુદ્‌ગલોની જે સત્તા થઈ તે ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા કહેવાય. હવે તે આયુષ્યનો બંધ સમાપ્ત થાય તેના ચરમસમયથી જ્યાં સુધી પરભવના બાંધેલા આયુષ્યની અપવર્તના ન કરે ત્યાં સુધી અને સાતા બહુલ જીવ હોય તેને ત્યાં મનુષ્યાયુષ્યની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા મનુષ્યના જીવને, અને તિર્યંચાયુષ્યની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા તિર્યંચના જીવને થાય છે. કારણ કે આ ભવનું અંતર્મુહૂર્તન્યૂન પૂર્વક્રોડવર્ષનું તો સત્તામાં છે જ, અને પરભવનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાંધ્યું છે. આમ બે ભવનાં આયુષ્યની સત્તા સાથે થતાં તે જીવ ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી થાય છે.

આવા જીવને જ ઉત્કૃષ્ટ પ્રદેશોની સત્તા હોય આવું કેમ કહેવાય ? આવો કદાચ કોઈ પ્રશ્ન કરે તો તેનો ઉત્તર આવો જાણવો કે,

તે જીવ સાતાબહુલ છે. તેથી આયુષ્યકર્મનાં ઘણાં ઘણાં દલિકોનો ક્ષય કરતો નથી. આ એક કારણ છે તથા ઉત્કૃષ્ટ બંધકાલ અને ઉત્કૃષ્ટ યોગ વડે ઘણાં ઘણાં દલિકોવાળું પરભવનું આયુષ્ય બાંધ્યું છે. આ બીજું કારણ છે. આ બન્ને કારણોને લીધે ''ભોગવી નાખ્યાં છે અલ્પ પ્રદેશો જેના એવું અંતર્મુહૂર્ત માત્ર ન્યૂન એવું ચાલું ભવનું પૂર્વક્રોડ વર્ષનું આયુષ્ય

તેની પાસે સ્ટોકમાં છે તથા સમાનજાતિવાળું સર્વ એવું પરભવનું આયુષ્ય પણ પરિપૂર્ણ દલિકવાળું તેની પાસે છે તેથી સમાન એવાં આ બન્ને આયુષ્યના મીલનથી સત્તામાં પ્રદેશોની સત્તાની બહુલતા પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન :** બન્ધના અન્તિમ સમયમાં જ આ જીવ ઉત્કૃષ્ટ પ્રદેશોની સત્તાનો સ્વામી થાય? આમ કેમ કહો છો ? જો હવે સત્તામાં આ ભવનું અને પરભવનું એમ બન્ને ભવનાં બે આયુષ્યની સત્તા સાથે થઈ છે. તો તે સત્તા વધારે લાંબો કાળ રહે એમ કેમ નથી કહેતા? અને માત્ર બન્ધના અન્તિમ સમયમાં જ ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા હોય ? આમ કેમ કહો છો ?

**ઉત્તર :** પ્રશ્ન સાચો છે પરંતુ બંધાતુ આયુષ્ય બંધાઈ જાય ત્યાર પછી જેમ જેમ સમયો જાય છે. તેમ તેમ ચાલુવર્તમાન ભવનું આયુષ્ય તો ઉદય અને ઉદીરણાવડે અનુભવાતું જ જાય તથા બીજા જ સમયે ચાલુ આયુષ્યકર્મની અપવર્તના પણ કરી શકે છે કારણ કે આ જીવ મરવાની તૈયારી વાળો પણ હોઈ શકે છે. આ કારણોથી બન્ધના અન્તિમ સમયમાં જ સ્વામી કહ્યો છે. ॥ ૩૩ ॥

**पूरित्तू पूव्वकोडी पुहुत्त नारयदुगस्स बंधंते ।**
**एवं पल्लतिगंते वेउव्वियसेसणवगम्मि ॥ ३४ ॥**

**ગાથાર્થ :** પૂર્વકોટિ પૃથક્ત્વ સુધી નરકદ્વિકનો વારંવાર બંધ કરવા વડે પૂરણ કરીને છેલ્લા બંધના અન્તિમ સમયમાં તેનો ઉત્કૃષ્ટ પ્રદેશોની સત્તાવાળો થાય છે. તથા વૈક્રિય નવકનો (વૈક્રિય સપ્તક અને દેવદ્વિકનો) પણ સ્વામી આ જ પ્રમાણે જાણવો. પણ ત્રણ પલ્યોપમ સુધી વધારે બાંધીને વૈક્રિયનવકને વધારે પુષ્ટ કરે તેવો જીવ સ્વામી જાણવો. ॥ ૩૪ ॥

**વિવેચન :** આ ગાથામાં વૈક્રિયસપ્તક દેવદ્વિક અને નરકદ્વિક આમ કુલ અગિયાર કર્મપ્રકૃતિની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાના સ્વામી સમજાવે છે.

ત્યાં પ્રથમ નરકદ્વિકની ઉત્કૃષ્ટ પ્રદેશોની સત્તાના સ્વામી કોણ હોય તે સમજાવે છે. જે આત્મા પૂર્વક્રોડવર્ષના મનુષ્યના અથવા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના ઉપરા ઉપર સાતભવ કરે અને દરેક ભવોમાં અત્યન્ત સંક્લિષ્ટ અધ્યવસાય દ્વારા નિરન્તર નરકદ્વિક બાંધે. એટલે બંધથી તેનો વધારે દલિક સંચય કરે.

તથા બંધાતા એવા આ નરકદ્વિકમાં પૂર્વે બાંધેલાં તિર્યંચદ્વિક અને મનુષ્યદ્વિકનો નિરન્તર સંક્રમ પણ કરે આમ બંધદ્વારા અને સંક્રમ દ્વારા વારંવાર અતિશય વધારે દલિકોનો સંચય કરીને છેલ્લા સાતમા ભવમાં સંક્લિષ્ટ અધ્યવસાયવાળો તે જીવ હવે મૃત્યુ પામીને

નરકમાં જવાને અભિમુખ થાય ત્યારે બંધના અન્તિમ સમયમાં નરકગતિ અને નરકાનાપૂર્વી એમ નરકદ્વિકની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી થાય છે.

તથા શેષ એવું વૈક્રિયનવક અર્થાત્ વૈક્રિય એકાદશકમાંથી નરકદ્વિક દૂર કરવા વડે બાકી રહેલ દેવદ્વિક અને વૈક્રિયસપ્તક એમ કુલ નવ કર્મપ્રકૃતિની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા પણ આમ જ જાણવી પરંતુ તેમાં ત્રણ પલ્યોપમ સુધી વધારે પુષ્ટ કરે આમ કહેવું.

સારાંશ એવો છે કે આ જ પ્રકારે પૂર્વક્રોટિ પૃથક્ત્વ સુધી અભોગભૂમિમાં (એટલે કે યુગલિક વિનાના ભવોમાં) અને છેલ્લે વધારે એક યુગલિકનો ભવ કરવા દ્વારા ત્રણ પલ્યોપમ સુધી યાવત્ વિશુદ્ધ અધ્યવસાય વડે દેવદ્વિક અને વૈક્રિયસપ્તક એમ નવકર્મપ્રકૃતિઓને બન્ધ વડે અને બંધાતી આ નવમાં અન્ય પ્રકૃતિઓનો સંક્રમ કરવા વડે ભરપૂર પુષ્ટ કરીને મૃત્યુ પ્રાપ્ત કરીને દેવગતિમાં જવાને ઉજમાલ થયો હોય ત્યારે માનવભવના અન્તિમ સમયે આ નવ કર્મ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો આ જીવ સ્વામી થાય છે. ॥ ૩૪ ॥

**तमतमगो सव्वलहुं, सम्मत्तं लभिय सव्वचिरमद्धं ।**
**पूरित्ता मणुयदुगं सवज्जरिसहं सबंधंते ॥ ३५ ॥**

**ગાથાર્થ :** તમસ્તમાપ્રભા નામની સાતમી નારકીનો જીવ સર્વ બીજા જીવો કરતાં જલ્દી પર્યાપ્તો થઈને સમ્યક્ત્વને પ્રાપ્ત કરે, તેને પ્રાપ્ત કર્યા પછી સર્વથા ઘણા લાંબા કાળ સુધી તે મનુષ્યદ્વિક અને વજ્રઋષભનારાચસંઘયણને બંધથી પુષ્ટ કરે પછી બંધના અન્તિમસમયે જ તે ત્રણ કર્મપ્રકૃતિની ઉત્કૃષ્ટ પ્રદેશોની સત્તાનો આ જીવ સ્વામી થાય છે. ॥ ૩૫ ॥

**વિવેચન :** આ ગાથામાં મનુષ્યદ્વિક અને વજ્રઋષભનારાચસંઘયણ આ ત્રણ કર્મપ્રકૃતિની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાના સ્વામી સમજાવે છે ત્યાં તમસ્તમઃ પ્રભા નામની સાતમી નારકીનો જીવ સર્વલઘુ એટલે કે અહીં જે સર્વ શબ્દ કહેવામાં આવ્યો છે તે અતિશય અર્થમાં છે. તેથી સાતમી નરકમાં ઉત્પન્ન થનારો જે જીવ છે તે જીવ બીજા જીવો કરતાં અતિશય શીઘ્રપણે અર્થાત્ જન્મ પ્રાપ્ત કરતાંની સાથે જ એક અંતર્મુહૂર્ત માત્ર કાળ ગયે છતે સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તો થયો છતો તુરત જ સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને **सव्वचिरमद्धं** - સર્વલાંબા કાળ સુધી એટલે કે અતિશય દીર્ઘકાળ સુધી અંતર્મુહૂર્ત ન્યૂન તેત્રીસ સાગરોપમ સુધી યાવત્ સમ્યક્ત્વદશાનું પાલન કરતાં કરતાં તેટલો લાંબો કાળ મનુષ્યદ્વિક અને વજ્રઋષભનારાચસંઘયણ સતત બાંધવા વડે ભરપૂર દલિકસંચય કરીને તથા બંધાતા એવા મનુષ્યદ્વિકમાં અને પ્રથમસંઘયણ નામકર્મમાં નામકર્મની બીજી સત્તાગત પ્રકૃતિઓનો સતત સંક્રમ કરવા વડે ભરપૂર દલિક સંચય કરીને છેલ્લા મૃત્યુ

કાલે અંતર્મુહૂર્ત બાકી હોય ત્યારે જે સમયે મિથ્યાત્વે જશે તેના પૂર્વસમયમાં આ ત્રણ પ્રકૃતિઓ બાંધવાના કાળના ચરમ સમયમાં તે મનુષ્યદ્વિક અને વજ્રઋષભનારાચ સંઘયણ નામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો આ જીવ સ્વામી થાય છે. ॥ ૩૫ ॥

**सम्मादिट्ठिधुवाणं, बत्तीसुदहीसयं चउक्खुत्तो ।**
**उवसामयित्तु मोहं, खवेंतगे णियगबंधंते ॥ ३६ ॥**

**ગાથાર્થ :** સમ્યગ્દષ્ટિ જીવને અવશ્ય છે બંધ જેનો એવી (૧૨) બાર કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તા તે જીવને હોય છે કે જે જીવે (૧૩૨) એકસોહ બત્રીસ સાગરોપમ સુધી સતત બાંધવા વડે દલિકસંચય કર્યો છે તથા ચાર વાર મોહનો ઉપશમ કરીને ક્ષપકશ્રેણિ પ્રારંભી છે તેવા જીવને પોતાના બંધના અન્તિમ કાળે ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તા થાય છે. ॥૩૬॥

**વિવેચન :** સમ્યક્ત્વ ગુણ હોતે છતે અવશ્ય છે બંધ જે કર્મોનો તે કર્મપ્રકૃતિઓ સમ્યગ્દષ્ટિ જીવને આશ્રયી ધ્રુવબંધવાળી કહેવાય છે. આવી (૧૨) બાર કર્મપ્રકૃતિઓ છે. પંચેન્દ્રિયજાતિ, સમચતુરસ્ર સંસ્થાન, પરાઘાત નામકર્મ, ઉચ્છ્વાસનામકર્મ, પ્રશસ્તવિહાયોગતિનામકર્મ, ત્રસચતુષ્ક, સુસ્વર, સૌભાગ્ય અને આદેયનામકર્મ આ બાર પ્રકૃતિઓ સમ્યગ્દષ્ટિજીવોને અવશ્ય બંધાય જ છે. પ્રતિપક્ષી પ્રકૃતિઓ અશુભ હોવાથી બંધાતી નથી. તેથી આ સમ્યગ્દષ્ટિ જીવોને આશ્રયી માત્ર ધ્રુવબંધી કહેવાય છે.

તે બાર પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તાના સ્વામી તે જીવો થાય છે કે જે આત્માઓએ (૧૩૨) એકસોહ બત્રીસ સાગરોપમ સુધી આ જ (૧૨) બાર પુણ્યપ્રકૃતિઓ બાંધી છે તથા ચારવાર મોહનીય કર્મનો ઉપશમ કરવારૂપે ચાર વાર ઉપસમ શ્રેણિ પ્રારંભી છે જેથી અશુભ અબદ્ધમાન કર્મપ્રકૃતિઓનું કર્મદલિક ગુણસંક્રમ વડે બધ્યમાન એવી આ (૧૨) પુણ્યપ્રકૃતિઓમાં સંક્રમિત કર્યું છે.

ચાર વાર ઉપશમશ્રેણિ કર્યા પછી જલ્દી જલ્દી જે જીવ ક્ષપકશ્રેણિ પ્રારંભે છે તેવા જીવને આ (૧૨) બારે બાર પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તાના સ્વામી પોતપોતાની સત્તાના ચરમસમયે જાણવા. કારણ કે આ પુણ્ય પ્રકૃતિઓ છે. એટલે તે બધ્યમાન પણ છે અને બંધાતી એવી તે (૧૨) પ્રકૃતિઓમાં અશુભનું કર્મદલિક ગુણસંક્રમથી સંક્રમિત પણ થાય છે તેથી ચરમ સમયે આ પુણ્યપ્રકૃતિઓના પ્રદેશોની સત્તા ઘણી જ થાય છે.

અહીં ચાર વાર મોહનીયકર્મનો ઉપશમ લેવાનું પણ આ જ કારણ છે કે અશુભ કર્મોનાં ઘણાં ઘણાં કર્મદલિકો ગુણસંક્રમ વડે પ્રસ્તુત શુભ પ્રકૃતિઓમાં સંક્રમ પામે છે. તે કારણે ચાર વાર મોહનીયકર્મના ઉપશમનું ગ્રહણ કરેલ છે. ॥ ૩૬ ॥

**धुवबंधीण सुभाणं, सुभथिराणं च नवरि सिग्घयरं ।**
**तित्थयराहारगतणू तेत्तीसुदही णियगबंधंते ॥ ३७ ॥**

**ગાથાર્થ :** ધ્રુવબંધી એવી પુણ્યપ્રકૃતિઓ (૨૦), તથા સ્થિર અને શુભ નામકર્મ એમ કુલ (૨૨) બાવીસ કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશની સત્તા પૂર્વની જેમ જ કહેવી, પરંતુ ચારવાર મોહનીયનો ઉપશમ કર્યા પછી શીઘ્ર ક્ષપણાદિ માટે ઉદ્યમવાળા બનેલા જીવને સ્વામી જાણવો તથા તીર્થંકરનામકર્મમાં (૩૩) તેત્રીસ સાગરોપમ સુધી સંચિત કરેલા જીવને સ્વામી જાણવા આહારકદ્વિકમાં પણ દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી ચિરસંચિત જીવને સ્વામી જાણવો. ॥ ૩૭ ॥

**વિવેચન :** ધ્રુવબંધી (૪૭) કર્મપ્રકૃતિઓમાં જે શુભ પ્રકૃતિઓ છે તે શુભધ્રુવબંધી કહેવાય છે. તૈજસસપ્તક, શુભવર્ણાદિની અગીયાર, અગુરુલઘુ અને નિર્માણનામકર્મ એમ કુલ (૭+૧૧+૧+૧-૨૦) વીસ કર્મપ્રકૃતિ શુભ ધ્રુવબંધી છે તે (૨૦) વીશ કર્મપ્રકૃતિઓ તથા સ્થિર નામકર્મ અને શુભનામકર્મ એમ કુલ (૨૨) બાવીસ કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશોની સત્તાના સ્વામી તે જીવો જાણવા કે જે જીવો ચાર વાર મોહનીયકર્મનો ઉપશમ કરીને ત્યારબાદ જેમ બને તેમ જલ્દી શીઘ્રતર ક્ષપકશ્રેણિ પ્રારંભે અને શુભાશુભ કર્મોનો ક્ષય કરવા ઉદ્યમશીલ બને તેવો જીવ પોતાની સત્તાના અંતે ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાનો સ્વામી થાય છે.

શીઘ્રતર ક્ષપકશ્રેણિ પ્રારંભ કરવાનું એટલે કહે છે કે ચાર વાર મોહનીયનો ઉપશમ કરતી વેળાએ અબધ્યમાન અશુભકર્મ પ્રકૃતિઓનું જે કર્મદલિક ગુણસંક્રમ વડે બધ્યમાન શુભમાં (આ ૨૨ કર્મપ્રકૃતિઓમાં) આવ્યું છે. તે પાછુ બીજા સંક્રમો દ્વારા અશુભ કર્મપ્રકૃતિઓમાં ચાલ્યું ન જાય તે માટે શીઘ્રતર ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરવાવાળો જીવ લીધો છે.

તથા તીર્થંકર નામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા આવા જીવને જાણવી કે તીર્થંકરનામકર્મ નિકાચિતપણે છેલ્લેથી ત્રીજા ભવે બંધાય છે તે જિનનામના બંધના પ્રારંભવાળો ભવ પૂર્વક્રોડવર્ષવાળો લેવો તે ભવમાં થોડા વર્ષો બાલ્યાવસ્થાનાં પસાર થયા પછી ''મારી આવી શક્તિ ક્યારે આવે કે હું સર્વ જીવોને ધર્મના રસિક કરૂં, ધર્મમય કરૂં'' આવી ભાવના આવે ત્યારથી તે તીર્થંકરનામકર્મ બાંધે છે તે માટે આ એક દેશોનપૂર્વક્રોડ વર્ષનો ભવ તીર્થંકર નામકર્મ બાંધવા વડે ઘણું ઘણું કર્મદલિક એકઠું કર્યું.

ત્યારબાદ ઋષભદેવ પ્રભુના જીવની જેમ તેત્રીસ સાગરોપમનો સર્વાર્થ સિદ્ધનો ભવ કરે અને ત્યાં તીર્થંકર નામકર્મનો બંધ કરવા વડે તેને ઘણો ઘણો પુષ્ટ કરે, ત્યારબાદ ત્રીજા

ભવમાં પણ (૮૪) ચોર્યાસી લાખ વર્ષના આયુષ્યવાળો થાય. અને તે ભવમાં તીર્થંકર થાય તેવો આ જીવ (૮૩) ત્ર્યાંસી લાખ પૂર્વ સુધી સંસારી અવસ્થામાં રહેવા વડે અને ત્યારબાદ દીક્ષિત થાય ત્યાં પણ લગભગ એક હજાર વર્ષ સુધી તપ - જપ કરવા વડે બીજા કર્મો ખપાવે ત્યાં સુધી તીર્થંકર નામકર્મ બાંધે ત્યારબાદ ક્ષપકશ્રેણિ પ્રારંભે ત્યારે આઠમા ગુણઠાણાના છઠ્ઠાભાગના ચરમ સમયે બંધવિચ્છેદકાળે તીર્થંકર નામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તા થાય છે.

નિરન્તર કંઈક ન્યૂન બે પૂર્વક્રોડ વર્ષ તથા તેત્રીસ સાગરોપમ સુધી સતત બન્ધ વડે તથા અન્ય પ્રકૃતિઓના સંક્રમ વડે આ તીર્થંકર નામકર્મને ઘણા ઘણા દલિકોથી પુષ્ટ કરેલ છે. તેથી આવા જીવને ક્ષપકશ્રેણિ પ્રારંભે ત્યારે પોતાના બન્ધના અન્તિમ સમયમાં ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા થાય છે.

તથા **आहारकतनोः** એટલે કે આહારકસપ્તકના સ્વામિ તે જીવ જાણવા કે જે જીવ લાંબો સમજવામાં લાંબો કાળ સતત સંયમી જીવન જીવવા વડે નિરંતર બન્ધથી દેશોનપૂર્વક્રોડ વર્ષ સુધી યાવત્ વારંવાર સાતમા ગુણસ્થાનકની પ્રાપ્તિ કાલે સતત બંધ કરી કરીને ઘણાં ઘણાં કર્મદલિકોનો ઉપચય કર્યો હોય તેવા જીવમાં ક્ષપકશ્રેણિ પ્રારંભે ત્યારે પોતાના બન્ધના વ્યવચ્છેદ સમયે જ સ્વામી લેવા આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગના ચરમસમયે જ સ્વામી જાણવા. ॥ ૩૭ ॥

**तुल्ला णपुंसवेएणेगिंदियथावरायवुज्जोया ।**
**विगलसुहुमत्तियावि य णरतिरियचिरच्चिया होंति ॥ ३८ ॥**

**ગાથાર્થ :** એકેન્દ્રિય જાતિનામકર્મ, સ્થાવર, આતપ અને ઉદ્યોત નામકર્મ આ ચાર કર્મપ્રકૃતિના ઉત્કૃષ્ટપ્રદેશસત્તાના સ્વામી નપુંસક વેદની તુલ્ય જાણવા. તથા વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિક એમ છ કર્મપ્રકૃતિઓની ઉત્કૃટ પ્રદેશસત્તાના સ્વામી મનુષ્ય અને તિર્યંચના ભવમાં લાંબો કાળ બંધથી સંચિત કરનારા જીવો સ્વામી જાણવા. ॥ ૩૮ ॥

**વિવેચન :** એકેન્દ્રિય જાતિ, સ્થાવરનામકર્મ, આતપનામકર્મ તથા ઉદ્યોત નામકર્મ આ ચાર કર્મોની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાના સ્વામી નપુંસક વેદની તુલ્ય જાણવા.

નપુંસકવેદના ઉત્કૃષ્ટ પ્રદેશની સત્તાના સ્વામી (ગાથા નંબર ૨૮ ના ઉત્તરાર્ધમાં) ઈશાન દેવલોકનો ભવ સમાપ્ત થવા આવે ત્યારે ચરમ સમય સુધી વારંવાર બન્ધ વડે ઉપચિત કરનારાને કહ્યો છે. તેની જેમ આ ચાર કર્મપ્રકૃતિઓ પણ ઈશાનદેવલોકના આખા ભવસુધી નિરન્તરપણે એકેન્દ્રિય પ્રાયોગ્ય વારંવાર બાંધવાથી ઉપચિત કરી હોય તેવા જીવને આ ચાર પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશોની સત્તાનું સ્વામીપણું જાણવું.

તથા વિકલેન્દ્રિયત્રિક એટલે કે બેઇન્દ્રિય તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય એમ ત્રણ જાતિ તથા સૂક્ષ્મત્રિક એટલે કે સૂક્ષ્મ અપર્યાપ્ત અને સાધારણ નામકર્મ એમ કુલ છ કર્મો જ્યારે વારંવાર તિર્યંચ અને મનુષ્યના ભવો કરવા વડે બાંધવાથી અને અન્યના સંક્રમથી ચિરચિત થયાં હોય એટલે કે મનુષ્ય અને તિર્યંચના પૂર્વક્રોડ પૂર્વક્રોડ વર્ષવાળા છ ભવો કરવા વડે એટલે કે પૂર્વકોટિ પૃથક્ત્વ વડે બંધ કરવા દ્વારા અને અન્યપ્રકૃતિઓનો સંક્રમ કરવા દ્વારા ઉપચિત (સંગ્રહીત) કર્યા હોય ત્યારે પોતાના બન્ધના અન્તિમ સમયમાં તે છ કર્મપ્રકૃતિઓના તે તિર્યંચો અને મનુષ્યો ઉત્કૃષ્ટ પ્રદેશની સત્તાના સ્વામી જાણવા. ॥ ૩૮ ॥

***અવતરણ : ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તાનું સ્વામિત્વ કહ્યું હવે જઘન્ય પ્રદેશ સત્તાનું સ્વામિત્વ કહે છે :-***

**खवियंसियम्मि पगयं, जहन्नगे णियगसंतकम्मंते ।**
**खणसंजोइयसंजोअणाण चिरसम्मकालंते ॥ ३९ ॥**

**ગાથાર્થ :** જઘન્ય પ્રદેશ સત્તાના સ્વામિત્વમાં ક્ષપિતકર્માંશી જીવ પોતપોતાની સત્તાના અન્તિમ સમયે સ્વામી થાય છે. પરંતુ આટલી વિશેષતા છે કે અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કર્યા પછી માત્ર એક અંતર્મુહૂર્ત જ બાંધ્યા હોય પછી લાંબોકાળ સમ્યક્ત્વ પાળીને ક્ષપકશ્રેણિ પ્રારંભે ત્યાં જઘન્ય સત્તાના સ્વામી થાય છે આમ જાણવું. ॥ ૩૯ ॥

**વિવેચન :** "खवियंसियम्मि" આ પદમાં જે સપ્તમી વિભક્તિ આવી છે તે તૃતીયાના અર્થમાં આવી હોવાથી તૃતીયાનો અર્થ કરવો ત્યાં ક્ષપિતકર્માંશી જીવ વડે જઘન્ય પ્રદેશોની સત્તામાં અધિકાર છે. જે જીવ ક્ષપિતકર્માંશી થયો હોય તે જીવ જ્યારે ક્ષપકશ્રેણિ પ્રારંભે અને પોતપોતાની સત્તાનો વ્યવચ્છેદ સમય આવે ત્યારે જઘન્ય પ્રદેશસત્તાનો આ જીવ સ્વામી થાય છે. આમ સર્વકર્મો માટે સામાન્યથી આ વાત કરી છે.

હવે જે જે કર્મોના સ્વામિત્વમાં કંઈક કંઈક વિશેષતા છે તે જણાવે છે. અહીં ક્ષપિતકર્માંશી જીવ સમ્યગ્દષ્ટિ હોતે છતે પ્રથમ બાંધેલા ચાર અનંતાનુબંધી કષાયો જે છે તેની પ્રથમ મૂલથી જ ઉદ્વલના કરે અને તેનાથી જુનું જેટલું અનંતાનુબંધી ચાર કષાયોનું દલીક હતું તે સત્તામાંથી નિર્મૂળ કર્યું. ત્યાર પછી ફરીથી તે જીવ મિથ્યાત્વ ગુણસ્થાનકે જાય, ત્યાં જવા વડે એક ક્ષણ વાર એટલે કે નાના અન્તર્મુહૂર્ત કાળ પ્રમાણ ફરીથી અનંતાનુબંધી ચાર કષાયો બાંધે, ત્યારબાદ સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને તે સમ્યક્ત્વમાં બે છાસઠ સાગરોપમ કાળ સુધી રહે (ત્યાં ચારે અનંતાનુબંધી કષાય બંધાતા નથી. પરંતુ તેનો બાકીના ૧૨ કષાયોમાં સતત સંક્રમ કરવા વડે ઘણાં ઘણાં દલિક બાર કષાયમાં સંક્રમાવે.) ત્યારબાદ

ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા તે જીવ તૈયાર થાય. ક્ષય કરતાં કરતાં જ્યારે સ્વરૂપની અપેક્ષાએ એક સમય અને કર્મરૂપે બે સમય પ્રમાણ અનંતાનુબંધિની સત્તા બાકી રહે ત્યારે તેની જઘન્ય પ્રદેશસત્તા હોય છે. ॥ ૩૯ ॥

**उव्वलमाणीणुव्वलणाए, एगठिई दुसामइगा ।**
**दिठ्ठिदुगे बत्तीसे, उदहिसए पालिए पच्छा ॥ ४० ॥**

**ગાથાર્થ :** ઉદ્વલના યોગ્ય એવી (૨૩) ત્રેવીસ કર્મપ્રકૃતિઓની ઉદ્વલના કરતાં કરતાં જ્યારે પોતાના સ્વરૂપે એક સમયમાત્ર અને સામાન્યપણે કર્મસ્વરૂપે બે સમયમાત્ર સ્થિતિ બાકી હોય ત્યારે જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે તેમાં સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીયમાં એકસોહ બત્રીસ સાગરોપમ સુધી સમ્યક્ત્વ પાલીને સ્વામી બને તેવો જીવ સ્વામી લેવો. ॥૪૦॥

**વિવેચન :** ઉદ્વલના યોગ્ય જે જે પ્રકૃતિઓ છે તેમાં ચાર અનંતાનુબંધી કષાય પૂર્વે કહી ગયા છીએ તે માટે તેને વર્જીને શેષ બાકીની ઉદ્વલના યોગ્ય આહારકસપ્તક, વૈક્રિયસપ્તક, દેવદ્વિક, મનુષ્યનું દ્વિક, નરકદ્વિક, સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય તથા ઉચ્ચગોત્ર, એમ કુલ (૨૩) ત્રેવીસ પ્રકૃતિઓની જ્યારે ઉદ્વલના થતી હોય ત્યારે પોતાના સ્વરૂપે એક સમયમાત્રની અને પરસ્વરૂપે (કર્મત્વમાત્ર સ્વરૂપે) બે સમય પ્રમાણ સ્થિતિ જ્યારે શેષ હોય ત્યારે જઘન્ય પ્રદેશસત્તા હોય છે.

આ વાત અત્યન્ત સંક્ષેપમાં સમજાવી છે તેમાં જે વિશેષતા છે. તે સમજાવે છે. સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીયના સ્વામી કહેવામાં આટલી વિશેષતા જાણવી. કે એકસોહ બત્રીસ સાગરોપમ પ્રમાણ સમ્યક્ત્વનું અનુપાલન કરીને પછી મિથ્યાત્વે ગયેલો જીવ લેવો. સમ્યક્ત્વમાં રહેવાથી એકનાં દલીકો ઉદય દ્વારા અને બીજીનાં દલીકો સમ્યક્ત્વ-મોહનીયમાં સંક્રમાવવા વડે દલિકો ન્યૂન કરે.

ત્યાં મિથ્યાત્વે જઈને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ કાળમાં મન્દોદ્વલના કરવા વડે સમ્યક્ત્વમોહનીય અને મિશ્ર મોહનીયની ઉદ્વલના કરવા લાગે, ઉદ્વલના કરતાં કરતાં તે બન્ને મોહનીયકર્મનું દલિક મિથ્યાત્વમોહનીયમાં ઉદ્વલના સંક્રમવડે સંક્રમાવે અને ચરિમસમયમાં સર્વસંક્રમવડે સંક્રમાવે છે આમ આ એક આવલિકા ઉપરનું તમામ કર્મદલિક સંક્રમિત થઈ જાય છે.

જે નીચે એક આવલિકા પ્રમાણ દલિક બાકી રહ્યું છે તેને સ્તિબુકસંક્રમવડે પરમાં સંક્રમાવે છે. તે સંક્રમ કરતાં કરતાં જ્યારે સ્વરૂપે (પોતાના રૂપે) એક સમય માત્રની સ્થિતિ

અને સામાન્યથી કર્મમાત્રને આશ્રયી પરરૂપે પણ એટલે કે કર્મસ્વરૂપે બે સમય જેટલી સ્થિતિ માત્ર બાકી રહે ત્યારે તે સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહબનીયની જઘન્ય પ્રદેશસત્તા હોય છે. ॥ ૪૦ ॥

**अंतिमलोभजसाणं मोहं अणुवसमित्तु खीणाणं ।**
**णेयं अहापवत्तकरणस्स, चरमम्मि समयम्मि ॥ ४१ ॥**

**ગાથાર્થ :** અંતિમ લોભ અને યશઃ નામકર્મ આ બે કર્મ પ્રકૃતિઓના જઘન્ય પ્રદેશસત્તાના સ્વામી ચાર વાર મોહનીયકર્મનો ઉપશમ કર્યા વિના ક્ષપકશ્રેણિ પ્રારંભ કરનારા જીવને યથાપ્રવૃત્તકરણના ચરમ સમયમાં સ્વામી જાણવા. ॥ ૪૧ ॥

**વિવેચન :** અન્તિમ લોભ એટલે સંજ્વલન લોભ તથા યશનામકર્મ આ બન્ને કર્મોની ચાર વાર મોહનીયકર્મનો ઉપશમ કર્યા વિના બાકીની બધી વિધિ દ્વારા ક્ષપિતકર્માંશી થયેલો જીવ ક્ષપકશ્રેણિ પ્રારંભે ત્યારે જે ત્રણ કરણ કરે છે તેમાં પ્રથમ યથાપ્રવૃત્તકરણ કરે તેના ચરમસમયે જઘન્ય પ્રદેશસત્તાનો આ જીવ સ્વામી થાય છે.

**પ્રશ્ન :** ચાર વાર મોહનીય કર્મનો ઉપશમ કરવાનો નિષેધ કેમ કરો છો ? ચાર વાર મોહનો ઉપશમ કરે તો શું દોષ આવે ?

**ઉત્તર :** ચાર વાર મોહનીયનો ઉપશમ કરે છતે ત્યાં તે કાલે ન બંધાતી મોહનીયકર્મની પ્રકૃતિઓનું સંજ્વલન લોભમાં અને ન બંધાતી નામકર્મની પ્રકૃતિઓનું યશઃનામકર્મમાં ગુણસંક્રમવડે ઘણું ઘણું કર્મદલિક સંક્રમ પામતું હોવાથી જઘન્ય પ્રદેશસત્તા સંભવતી નથી. તથા તે વિષયનું અહીં પ્રયોજન નથી. તે માટે ચાર વાર મોહનીય કર્મનો અનુપશમ કહેલો છે. આ કારણે ચાર વાર મોહનીયનો ઉપશમ કર્યા વિના જ ક્ષપક શ્રેણિ પ્રારંભ કરનારા જીવને જઘન્ય પ્રદેશ સત્તાનો સ્વામી જાણવો. ॥ ૪૧ ॥

**वेउव्वेक्कारसगं खणबंधगए उ निरय जेट्ठठिई ।**
**उव्वट्टित्तु अबंधिय एगिंदिगए चिरुव्वलणे ॥ ४२ ॥**

**ગાથાર્થ :** વૈક્રિય એકાદશક (ની ૧૧ પ્રકૃતિઓ)ની જઘન્ય પ્રદેશસત્તાનો સ્વામી તે જીવ જાણવો કે જે ક્ષપિતકર્માંશી જીવ હોય તેણે પ્રથમ ઉદ્વલના કરી ત્યારપછી અંતર્મુહૂર્ત માત્ર તેનો બંધ કરીને જયેષ્ઠ સ્થિતિવાળો સાતમી નારકીનો ભવ કરે ત્યાંથી નીકળીને તેનો બંધ કર્યા વિના એકેન્દ્રિયમાં જાય ત્યાં જઈને ચિરકાળવાળી ઉદ્વલના કરે ત્યારે ચરમસમયે જઘન્ય પ્રદેશ સત્તા હોય છે. ॥ ૪૨ ॥

**વિવેચન :** નરકદ્વિક, દેવદ્વિક અને વૈક્રિય સપ્તક એમ કુલ (૧૧) અગિયાર પ્રકૃતિઓ કે જેને વૈક્રિય એકાદશ કહેવાય છે. તે અગિયારે કર્મપ્રકૃતિઓની ક્ષપિતકર્માંશી જીવવડે પ્રથમ તો ઉદ્વલના કરાઈ. (તેનાથી જે આ (૧૧) અગિયાર પ્રકૃતિઓ સત્તામાં હતી તેનો વિનાશ કરી સત્તા નિર્મૂળ કરી). ત્યારબાદ સંજ્ઞીપંચેન્દ્રિય તિર્યંચ અથવા મનુષ્યના ભવમાં આવીને એક અંતર્મુહૂર્ત માત્ર આ વૈક્રિય એકાદશ નવાં બાંધ્યાં. જેનાથી તેની અલ્પ સત્તા ચાલુ થઈ.

ત્યારબાદ તે જીવ જયેષ્ઠ સ્થિતિવાળા સાતમી નરકના ભવમાં ગયો એટલે કે અપ્રતિષ્ઠાન નામના સાતમી નારકીના નરકાવાસમાં ઉત્પન્ન થયો ત્યાં ગયેલા તે જીવવડે તે વૈક્રિયએકાદશમાંથી નવપ્રકૃતિઓને વિપાકથી ભોગવવા વડે અને દેવદ્વિકને સંક્રમાવવા વડે (૩૩) તેત્રીસ સાગરોપમ સુધી ભોગવવા દ્વારા અને સંક્રમાવવા દ્વારા યથાયોગ્ય રીતે ઘણું ઘણું કર્મદલિક અનુભવાયું. તેટલું દલિક ન્યૂન કરાયું.

ત્યારબાદ તે સાતમી નારકીમાંથી નીકળીને સંજ્ઞીપંચેન્દ્રિય તિર્યંચમાં આ જીવ ઉત્પન્ન થયો. તે સંજ્ઞીપંચેન્દ્રિયના ભવમાં તેવા પ્રકારના અધ્યવસાયસ્થાનો ન આવવાથી આ (૧૧) પ્રકૃતિઓનો બંધ કર્યા વિના જ ભવ સમાપ્ત કરીને એકેન્દ્રિયના ભવમાં આ જીવ ઉત્પન્ન થયો. ત્યાં ગયા પછી આ વૈક્રિય એકાદશકની ચિર ઉદ્વલના કરવા વડે ઉદ્વલના કરવા લાગ્યો. તે વૈક્રિય એકાદશકની ચિર ઉદ્વલના વડે ઉદ્વલના કરતાં કરતાં જ્યારે વૈક્રિય એકાદશકની પોતાના સ્વરૂપે એક સમયની સ્થિતિ બાકી રહે ત્યારે અને અન્યથા એટલે કે કર્મસ્વરૂપે બે સમય પ્રમાણ સ્થિતિ બાકી રહે ત્યારે તે વૈક્રિય એકાદશકની જઘન્ય સ્થિતિ સત્તા હોય છે.

જુનુ બાંધેલું વૈક્રિય એકાદશક ઉદ્વલના કરાયું હતું. અને નવું અંતર્મુહૂર્ત માત્ર જે બાંધ્યું તે સાતમી નારકીમાં જઈને (૩૩) તેત્રીસ સાગરોપમ સુધી ઉદયથી ભોગવ્યું. અને સંક્રમથી બીજી કર્મ પ્રકૃતિમાં સંક્રમાવ્યું. ત્યાંથી સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચમાં આવીને આ અગીયાર પ્રકૃતિઓનો નવો બંધ કર્યા વિના જ આ જીવ એકેન્દ્રિયના ભવમાં ગયો.

ત્યાં ગયા પછી ચિરઉદ્વલના વડે ઉદ્વલના કરતાં કરતાં જ્યારે સ્વરૂપે ૧ સમય અને કર્મસ્વરૂપે બે સમયની સ્થિતિ બાકી રહે ત્યારે જઘન્ય પ્રદેશસત્તા થાય છે ત્યારે સ્વામિત્વ જાણવું. ॥ ૪૨ ॥

**मणुयदुगुच्चागोएसु सुहुमखणबद्धगेसु सुहुमतसे ।**

**तित्थयराहारतणू अप्पद्धाबंधिया सुचिरं ॥ ४३ ॥**

**ગાથાર્થ :** મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર આ ત્રણ કર્મની જઘન્ય પ્રદેશસત્તાના સ્વામી (પ્રથમ તેઉકાય અને વાયુકાય કે જે સૂક્ષ્મત્રસકાય કહેવાય છે તેમાં જઈને ઉદ્વલના કરે ત્યારબાદ) સૂક્ષ્મએકેન્દ્રિયના ભવમાં અંતર્મુહૂર્ત માત્ર બાંધે ત્યારપછી સૂક્ષ્મત્રસકાયમાં ઉત્પન્ન થાય ત્યાં ચિર ઉદ્વલના કરતાં જઘન્ય પ્રદેશસત્તાના સ્વામી થાય છે તથા તીર્થંકરનામકર્મ અને આહારકસપ્તકની જઘન્ય પ્રદેશ સત્તા અલ્પકાળ માત્ર બાંધીને અતિશય લાંબાકાળે ઉદ્વલના કરે ત્યારે જઘન્ય પ્રદેશસત્તા હોય છે. ॥ ૪૩ ॥

**વિવેચન :** મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્રની જઘન્ય પ્રદેશ સત્તાના સ્વામી સમજાવાય છે. ક્ષપિતકર્માંશી કોઈ એક જીવ વડે સૂક્ષ્મત્રસકાયમાં એટલે કે તેઉકાય અને વાઉકાયના ભવમાં જઈને જુનુ જેટલું સત્તામાં આ ત્રણ પ્રકૃતિનું કર્મદલિક હતું. તે સર્વદલિકોની ઉદ્વલના કરાઈ, સત્તામાંથી નિર્મૂલ કરાઈ.

ત્યારબાદ સૂક્ષ્મ એકેન્દ્રિય પૃથ્વીકાય આદિનો ભવ પ્રાપ્ત કરીને સાતીયો દોઢ ભાગ અને સાતીયો એકભાગ જેટલી સ્થિતિ અંતર્મુહૂર્તકાલમાં ફરીથી પણ બાંધી ત્યારબાદ ફરીથી તે જીવ સૂક્ષ્મત્રસકાયમાં ગયો. અર્થાત્ તેઉકાય અને વાઉકાયના ભવમાં ગયો. ત્યાં જઈને ચિરઉદ્વલના વડે મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર કર્મની ઉદ્વલના શરૂ કરાઈ. આ ઉદ્વલના કરતાં કરતાં જ્યારે સ્વસત્તારૂપે એક સમયમાત્ર અને કર્મસ્વરૂપે બે સમય માત્ર સ્થિતિ શેષ રહે ત્યારે તે મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર આ બન્નેની સૂક્ષ્મ એકેન્દ્રિયના ભવમાં બાંધેલા કર્મદલિકોની જે અલ્પસત્તા રહે છે તે જઘન્ય પ્રદેશસત્તા કહેવાય છે.

તથા તીર્થંકર નામકર્મની જઘન્ય પ્રદેશસત્તા સમજાવાય છે (દેવ અથવા નરકના ભવમાં) પ્રથમ ચોર્યાસી હજાર વર્ષોથી કંઈક અધિક કાળ સુધી તીર્થંકર નામકર્મનો બંધ કરીને મનુષ્યભવ પ્રાપ્ત કરે ત્યાં આવીને જલ્દી જલ્દી કેવલજ્ઞાની બને. કેવલી બન્યા પછી સૂચિરમ્ એટલે ઘણો લાંબો કાળ એટલે કે દેશોન પૂર્વક્રોડ વર્ષો સુધી કેવલીપર્યાય પરિપાલન કરીને અયોગી કેવલી થાય. ત્યારે અયોગી કેવલી પર્યાયમાં વર્તતા ક્ષપિત કર્માંશી તે જીવને ચરમ સમયે તીર્થંકરનામકર્મની જઘન્ય પ્રદેશસત્તા પ્રાપ્ત થાય છે.

અન્ય આચાર્યો વળી આ પ્રમાણે કહે છે :- ક્ષપિતકર્માંશી જીવ વડે જિનનામકર્મના બન્ધને યોગ્ય જઘન્ય યોગસ્થાનમાં વર્તતા છતા પ્રથમ જ સમયે તીર્થંકરનામકર્મની જે લતા બંધાઈ છે તે જ જઘન્ય પ્રદેશ સત્તા કહેવાય છે.

आहारकतनुः એટલે કે આહારકસપ્તકને અલ્પકાલ માત્ર સાતમા ગુણઠાણે બંધ કરીને પતન પામીને મિથ્યાત્વે જાય, ત્યાં જઈને ચિરોદ્વલના વડે ઉદ્વલના કરે એમ કરતાં જ્યારે આ

સપ્તકની સત્તા પરરૂપે બે સમયમાત્ર બાકી રહે ત્યારે અને સ્વસ્વરૂપે એક સમયની સ્થિતિ બાકી રહે ત્યારે તેની જઘન્ય પ્રદેશસત્તા થાય છે. અર્થાત્ આ જઘન્ય પ્રદેશસત્તા જાણવી. ॥ ૪૩ ॥

## જઘન્ય પ્રદેશ સત્તા સ્વામિત્વ સમાપ્ત થયું.

*અવતરણ : હવે પ્રદેશોનાં સત્તાસ્થાન કેવી રીતે થાય છે તેની પ્રરૂપણા કરવાની ઈચ્છાવાળા સ્પર્ધકની પ્રરૂપણા કરે છે.*

**चरमावलियपविट्ठा, गुणसेढी जासिमत्थि ण य उदओ ।**
**आवलिगासमयसमा, तासिं खलु कड्डगाइं तु ॥ ४४ ॥**

**ગાથાર્થ :** ચરમ આવલિકામાં પ્રવેશેલી છે ગુણશ્રેણી જે કર્મોની અને જેનો ઉદય નથી તે કર્મોનાં સ્પર્ધકો એક આવલિકા પ્રમાણ થાય છે. ॥ ૪૪ ॥

**વિવેચન :** કર્મોનો ક્ષય કરવાના કાલે સર્વથી અન્તિમ જે આવલિકા છે. તેમાં પ્રવેશેલી છે ગુણશ્રેણિ જેની પરંતુ તે કાલે જેનો ઉદય નથી એવી જે કર્મપ્રકૃતિઓ છે જેમકે થિણદ્ધિત્રિક, મિથ્યાત્વમોહનીય, પ્રથમના બાર કષાય, નરકદ્વિક, તિર્યંચદ્વિક, આદ્યજાતિ ચતુષ્ટય, આતપ, ઉદ્યોત, સ્થાવર સૂક્ષ્મ અને સાધારણ નામકર્મસ્વરૂપ (૨૯) ઓગણત્રીસની સંખ્યાવાળી આ કર્મપ્રકૃતિઓનાં સ્પર્ધકો આવલિકામાં જેટલા સમયો થાય તેટલાં થાય છે.

આ મૂલગાથામાં જે તુ શબ્દ છે તે એવકાર અર્થમાં છે અને ખલુ શબ્દ જે છે તે વાક્યાલંકાર અર્થમાં છે. તેથી ભાવાર્થ અહીં આ પ્રમાણે છે :-

અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય પ્રદેશોની સત્તાથી યુક્ત એવો જીવ ત્રસકાયમાં ઉત્પન્ન થાય. ત્યાં ઉત્પન્ન થયા પછી અનેકવાર દેશવિરતિધર્મ તથા સર્વવિરતિધર્મ પ્રાપ્ત કરીને ચાર વાર મોહનીય કર્મનો ઉપશમ કરે, ત્યારબાદ ફરીથી એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય. ત્યાં ઉત્પન્ન થઈને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર જેટલો કાળ રહીને ત્યારબાદ મનુષ્યના ભવમાં ઉત્પન્ન થયો છતો તે મનુષ્ય શીઘ્રપણે ક્ષપકશ્રેણિ પ્રારંભ કરવા માટે ઉદ્યમશીલ થાય.

તેવા જીવને છેલ્લો સ્થિતિખંડ સમાપ્ત કરાયે છતે છેલ્લી એક આવલિકા જેટલું જ કર્મદલિક બાકી રહ્યું હોય ત્યારે તે ચરમ આવલિકાપ્રમાણ શેષ રહેલા કર્મદલિકોને સ્તિબુક સંક્રમ વડે ઉદયવતી પ્રકૃતિઓમાં નાખીને ક્ષય કરાયે છતે જ્યારે પોતાના રૂપે એક સમયની સ્થિતિ અને કર્મરૂપે બે સમયની સ્થિતિ બાકી હોય ત્યારે અર્થાત્ પોતાની સત્તાના ચરમસમયે જે જીવને અન્ય સર્વજીવો કરતાં જઘન્ય પ્રદેશોનું જે સત્તાસ્થાન છે તે પ્રથમ પ્રદેશસત્તાસ્થાન

કહેવાય છે. તેના કરતાં તે જ સમયમાં અન્ય જીવને એક પરમાણુ વધારે સત્તામાં હોય તે બીજું પ્રદેશસત્તા સ્થાન, બે પરમાણુઓ વધારે સત્તામાં હોય તેવા જીવને ત્રીજુ પ્રદેશસત્તા સ્થાન, એમ યથોત્તર ક્રમસર એક એક પરમાણુના પ્રક્ષેપવડે ભિન્ન ભિન્ન જીવની અપેક્ષાએ અનંતાં પ્રદેશ સત્તાસ્થાનો થાય છે. એમ કરતાં તે જ અન્તિમ સ્થિતિસ્થાનમાં ગુણિતકર્માંશી જીવને ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન થાય. ત્યાં સુધી કહેવું.

ત્યારબાદ હવે તેનાથી આગળ એક એક પરમાણુ અધિક જેમાં હોય તેવાં પ્રદેશસત્તાસ્થાનો પ્રાપ્ત થતાં નથી. તેથી આ ચરમસમય સ્વરૂપ એક સમયની સ્થિતિવાળું એક સ્પર્ધક થાય છે.

આ ચરમ સમયની સ્થિતિને આશ્રયી થયેલું જે એક સ્પર્ધક તે એક સમયની સ્થિતિવાળું સ્થિતિસ્પર્ધક કહેવાય છે. આ જ પ્રમાણે બે સમય પ્રમાણ ચરમસ્થિતિ બાકી હોય ત્યારે બે સમયની સ્થિતિવાળું બીજું સ્પર્ધક ભિન્ન ભિન્ન જીવોને આશ્રયી થાય છે ત્રણ સમયની સ્થિતિ બાકી હોતે છતે ત્રણ સમયની સ્થિતિવાળું ત્રીજું સ્પર્ધક થાય છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે આ આવલિકાના પ્રથમ સમયવાળું સ્પર્ધક થાય. આમ કુલ એક સમયન્યૂન આવલિકાના સમયપ્રમાણ સ્પર્ધકો થાય છે.

આ સ્પર્ધકોમાં આવલિકાના પ્રથમ સમયવાળું જે સ્પર્ધક છે કે જેને સમયન્યૂન આવલિકાના કાળવાળું સ્પર્ધક કહેવાય છે તે સર્વથી ઉત્કૃષ્ટ સ્પર્ધક જાણવું. તથા તે ચરમાવલિકાના ચરમ સમયવાળું એવું એક સમયની સ્થિતિવાળું જે સ્પર્ધક થાય છે તે સર્વથી જઘન્યસ્પર્ધક કહેવાય છે વચ્ચેનાં બે ત્રણ ચાર સમયની સ્થિતિવાળાં જે સ્પર્ધકો છે તે મધ્યમ સ્પર્ધકો કહેવાય છે. આવો વિવેક કરવો.

તથા આ ચરમ આવલિકાની પૂર્વે જ્યારે સ્થિતિઘાતાદિ વિરામ પામ્યા હતા. ત્યાંથી પ્રારંભીને ચરમસ્થિતિઘાતના ચરમપ્રક્ષેપને આદિમાં કરીને પશ્ચાનુપૂર્વીએ યથોત્તરપણે વૃદ્ધિવાળાં પ્રદેશસત્તાસ્થાનો ત્યાં સુધી કહેવાં કે યાવત્ પોતપોતાનું ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તાસ્થાન આવે, તે કારણથી આટલું મોટું આ સમસ્ત સ્થિતિગત ઉપરોક્ત પ્રકૃતિઓનું મોટું એક જ સ્પર્ધક થાય છે વચ્ચે આંતરૂં ન થતું હોવાથી આ એક જ સ્પર્ધક કહેવાય છે.

તેથી આ એક સ્પર્ધક વડે યુક્ત કરતાં પૂર્વે કહેલાં એક સમયન્યૂન આવલિકાના સમય પ્રમાણ સ્પર્ધકો સાથે મેળવતાં કુલ એક આપલિકાના સમયપ્રમાણ સ્પર્ધકો થાય છે.

પંક્તિનો અર્થ આ પ્રમાણે કરવો :- આ પ્રકૃતિઓ અનુદયવતી હોવાના કારણે છેલ્લો જે સમય છે તે ‘પર રૂપે અર્થાત્ પરની અંદર પ્રવેશ થવાથી ગળી ગયો છે (ચાલ્યો ગયો

છે) એક સમય સ્વરૂપ ચરમ સ્થિતિનો ચરમસમય જેનો એવાં આ સ્પર્ધકો કુલ આવલિકાના સમય પ્રમાણ થાય છે.

એક સમયન્યૂન આવલિકા પ્રમાણ સ્પર્ધકો ચરમ આવલિકાનાં થયાં. અને શેષ સમસ્ત સ્થિતિનું એક મોટું સ્પર્ધક થયું. જેથી કુલ એક આવલિકાના સમય પ્રમાણ સ્પર્ધકો થાય છે. ॥ ૪૪ ॥

**संजलणतिगे चेवं, अहिगाणि य आलिगाइ समएहिं ।**
**दुसमयहीणेहिं गुणाणि, जोगठाणाणि कसिणाणि ॥ ४५ ॥**

**ગાથાર્થ :** સંજ્વલન ત્રિકમાં પણ આ પ્રમાણે પ્રદેશ સત્તાસ્થાનો તો થાય જ છે. તદુપરાન્ત યોગસ્થાનો વડે કરાયેલાં સર્વ સ્પર્ધકો બે સમયન્યૂન એક આવલિકાના સમયપ્રમાણ સ્પર્ધકો અધિક પણ થાય છે. ॥ ૪૫ ॥

**વિવેચન :** સંજ્વલનત્રિક એટલે કે સંજ્વલન ક્રોધ, માન અને માયા એ રૂપ ત્રણ કષાયોનાં સ્પર્ધકો પણ આ જ પ્રમાણે થાય છે. તે સમજી લેવાં. ભાવાર્થ આ પ્રમાણે છે :- ક્રોધાદિની પ્રથમસ્થિતિ જ્યાં સુધી એક આવલિકા જેટલી બાકી રહેતી નથી પરંતુ અધિક બાકી રહે છે. ત્યાં સુધી સંજ્વલન કષાયના સ્થિતિઘાત રસઘાત બંધ ઉદય અને ઉદીરણા પ્રવર્તે છે. પરંતુ પ્રથમ સ્થિતિ જ્યારે એક આવલિકા માત્ર શેષ રહે છે ત્યારે તે સ્થિતિઘાતાદિ સર્વ વ્યવચ્છેદ પામે છે.

તેના પછીના સમયે એક સમયન્યૂન એક આવલિકા પ્રમાણ પ્રથમસ્થિતિમાં, અને બે સમયન્યૂન બે આવલિકા પ્રમાણ નવું બાંધેલું બીજી સ્થિતિમાં સત્તારૂપે દલિક શેષ હોય છે તે સિવાયનું આ ત્રણ કષાયોનું તમામ કર્મદલિક ક્ષય પામ્યું હોય છે.

ત્યાં એક સમયન્યૂન એક આવલિકાપ્રમાણ જે પ્રથમ સ્થિતિમાં સત્તા છે. તેના સ્પર્ધકની ભાવના ૪૪મી ગાથામાં કહ્યા પ્રમાણે પૂર્વની જેમ જ જાણવી. પરંતુ બીજી સ્થિતિમાં ગોઠવાયેલું બે સમયન્યૂન બે આવલિકા પ્રમાણ જે કર્મદલિક છે તે બે સમયન્યૂન બે આવલિકા પ્રમાણ બંધાયેલા કર્મદલિકના સ્પર્ધકોની વિચારણા કંઈક જુદી જ રીતે કરાય છે.

સત્તામાં રહેલા કર્મોનાં દલિકની વૃદ્ધિના પ્રકાર કરતાં બન્ધ વડે કરાયેલી વૃદ્ધિના પ્રકાર કંઈક જુદી રીતે હોવાથી પૂર્વે કહેલી નીતિરીતિ મુજબ સ્પર્ધકોનું સ્વરૂપ અહીં પ્રાપ્ત થતું નથી. તેથી આ સ્પર્ધકોની વિચારણા જુદી રીતે કરાય છે.

**પ્રશ્ન :** સ્થિતિઘાત રસઘાત બંધ ઉદય અને ઉદીરણા આ પાંચેના વ્યવચ્છેદ પછી બે સમયન્યૂન બે આવલિકા પ્રમાણ જ કર્મ દલિક બાકી રહે છે પરંતુ તેનાથી અધિક બાકી રહેતું નથી. આ વાત પ્રતીતિપથમાં (એટલે કે બુદ્ધિમાં અમારા અનુભવમાં) કેમ આવે ? આટલું જ રહે છે વધારે નહીં આમ કેમ ? તે બરાબર સમજાતું નથી.

**ઉત્તર :** उच्यते - ઉત્તર કહેવાય છે. ક્રોધાદિ કષાયોને ઉદયથી વેદવાના ચરમસમયે જે કર્મદલિક બંધાયું છે તે બન્ધાવલિકા ગયે છતે આ જીવ પરમાં સંક્રમાવવાની શરૂઆત કરે છે અને તે બીજી એક આવલિકામાં તો સંપૂર્ણ કર્મદલિક અન્યપ્રકૃતિમાં સંક્રમિત થવાથી અકર્મતાને (એટલે કે કર્મરહિતાને) પામે છે.

ક્રોધાદિ કષાયોના ઉદયવાળા કાળમાં બંધાદિના અન્તિમ સમયે જે કર્મ બંધાયું તે કર્મ બન્ધાવલિકા સુધી તો સત્તામાં રહે જ છે. પરંતુ બંધાવલિકા પસાર થયા બાદ પરમાં સંક્રમાવવાનો આ જીવ પ્રારંભ કરે છે તે બીજી એક આવલિકાકાળ વડે નિરવશેષપણે સંક્રમ કરતાં કરતાં આ બીજી આવલિકાના ચરમસમયમાં તો આ ક્રોધાદિનું કર્મદલિક સર્વથા પરમાં સંક્રમિત થઈ જવાથી અકર્મત્વને (કર્મરહિત અવસ્થાને) પામે છે. એટલે આ ન્યાયે વિચાર કરતાં બંધાદિના વ્યવચ્છેદ સમયે જે કર્મ બાંધ્યું છે. તે ત્યાંથી એક બંધાવલિકા ગયે છતે બીજી સંક્રમાવલિકાના ચરમ સમયે તો તે સત્તામાં રહેતું જ નથી. તેથી બંધવ્યવચ્છેદના ચરમ સમયે જે બાંધ્યું તે ત્યાર પછી એક બંધાવલિકા અને એક સંક્રમાવલિકા એમ બે આવલિકા, તેમાં પણ પ્રથમ સમય બધ્યમાનવાળો અને ચરમ સમયે સંક્રમ પૂર્ણ પણે થતો હોવાથી તે ચરમ સમય એમ કુલ (૨) સમય ન્યૂન બે આવલિકા કાળ જેટલું જ કર્મ સત્તામાં રહે છે. શેષ કર્મ હવે સત્તામાં નથી. એમ કહેવાય છે.

આ કારણથી બન્ધાદિના અભાવવાળા પ્રથમ સમયમાં બે સમયન્યૂન બે આવલિકા પ્રમાણ જ કાળમાં બાંધેલું કર્મદલિક સત્તામાં પ્રાપ્ત થાય છે. પરંતુ બીજુ કોઈ શેષ કર્મદલિત પ્રાપ્ત થતું નથી. આ જ વાત એક કલ્પિત ઉદાહરણ લઈને ગ્રંથકારશ્રી સમજાવે છે. એક આવલિકા અસંખ્યાત સમયની હોય છે. પરંતુ સમજવા માટે અસત્કલ્પનાએ ચાર સમયની તે કલ્પવામાં આવે છે.

હવે બંધાદિનો વ્યવચ્છેદ જે સમયમાં થાય છે તેનાથી આગલા આઠમા સમયમાં જે કર્મ બાંધ્યું છે ધારો કે નવમું ગુણસ્થાનક ૧૦૦ સમયનું છે વીસ વીસ સમયના બંધને આશ્રયી પાંચ ભાગ છે તો વીસમા સમયે એટલે કે પ્રથમ ભાગના ચરમ સમયે ક્રોધનો બંધ ઉદય ઉદીરણા વિચ્છેદ જવાનાં છે ત્યાંથી બે આવલિકા પૂર્વના સમયમાં ચાર સમયની એક

આવલિકા કલ્પતાં કુલ આઠ સમય પૂર્વે એટલે તેરમા સમયમાં જે કર્મ બાંધ્યું છે તે કર્મ ૧૩ થી ૧૬ ની બંધાવલિકા કાળ ગયા પછી ૧૭ થી ૨૦ સમયની સંક્રમાવલિકા પસાર કરતાં કરતાં પરમાં સંક્રમાવતાં ૨૦ મા સમયે સર્વથા પરમાં સંક્રમી જવાથી ૨૧ મા સમયમાં ૧૩મા સમયનું કર્મદલિક બીલકુલ ન હોવાથી ૧૪ થી ૧૯ સમયમાં જે કર્મદલિક બંધાયું તે જ સત્તામાં હોય છે બીજું નથી એટલે કુલ છ સમયનું જ (બે સમયન્યૂન બે આવલિકા પ્રમાણ જ) કર્મદલિક સત્તામાં જોવા મળે છે શેષ દલિક ક્ષીણ થયેલું જાણવું.

બંધાદિનો વ્યવચ્છેદ જે સમયમાં થાય છે તેનાથી આગલા સાતમા સમયમાં જે કર્મ બાંધ્યું છે એટલે કે અસત્કલ્પના એ ચૌદમા સમયમાં જે કર્મ બાંધ્યું છે. તે કર્મ ૧૪ થી ૧૭ સમયની બંધાવલિકા ગયા પછી સંક્રમાવતાં સંક્રમાવતાં ૧૮ થી ૨૧ સમયની અંદર પરમાં સર્વથા સંક્રમી જાય છે. એટલે ૨૧ મા સમયે તેની સત્તા હોતી નથી. તેથી ૨૧ મા સમયમાં (અર્થાત્ બંધાદિનો વ્યવચ્છેદ થયા પછીના સમયમાં) ૧૫ થી ૨૦ સમયમાં જ બાંધેલું કર્મદલિક છે. તે જ જોવા મળે છે.

આ પ્રમાણે કુલ છ સમયનું એટલે કે બે સમયન્યૂન બે આવલિકા પ્રમાણ જ કર્મદલિક સત્તામાં રહેલું જોવા મળે છે સારાંશ કે બંધાદિના વ્યવચ્છેદવાળા ૨૦ મા સમય પછી ૨૧ મા સમયે તે કર્મ સર્વથા પરમાં સંક્રાન્ત થયેલું હોવાથી સ્વસ્વરૂપે પ્રાપ્ત થતું નથી. પરંતુ ૧૫ મા સમયથી ૨૦ મા સમયમાં બાંધેલું જે કર્મ દલિક છે. અર્થાત્ બંધાદિના વ્યવચ્છેદવાળા સમયથી પૂર્વકાલીન છઠ્ઠા સમયમાં પાંચમા સમયમાં ચોથા સમયમાં એમ કુલ છ સમયમાં (વાસ્તવિકપણે બે સમયન્યૂન બે આવલિકાકાળમાં) અર્થાત્ ૧૫ થી ૨૦ સમયમાં જે બાંધેલું કર્મ છે તે જ સત્તામાં હોય છે. અન્ય સમયોમાં બંધાયેલું કર્મ હવે સત્તામાં હોતું નથી.

ત્યાં જે સમયમાં બંધાદિનો વ્યવચ્છેદ થાય છે તેના પછીના સમયે બંધાદિ થવાના નથી. તેવા બંધ વ્યવચ્છેદવાળા ચરમસમયમાં જઘન્યયોગી જીવવડે જે કર્મ બંધાયું છે તે જ જીવને બન્ધાવલિકા વ્યતીત થયે છતે અન્ય એવી સંક્રમાવલિકા દ્વારા અન્યકર્મમાં સંક્રમ કરતાં કરતાં તે આવલિકાના ચરમસમયમાં રહેલું સર્વકર્મદલિક સંપૂર્ણપણે પરમાં સંક્રમાવશે તે જીવને તે સમયમાં સંજ્વલન ક્રોધની જઘન્ય સત્તા હોય છે.

આ જ પ્રમાણે તે બંધવિચ્છેદવાળા ચરમસમયે બીજા યોગસ્થાનકમાં વર્તતા જીવવડે જે કર્મ બંધાયું છે તે જ જીવને બંધાવલિકા અને સંક્રમાવલિકા પસાર થયે છતે બીજા યોગસ્થાનક વર્તી એવા બીજા જીવને બીજું સત્તાસ્થાન હોય છે. આ પ્રમાણે ઉત્તરોત્તર અધિક અધિક યોગસ્થાનકમાં વર્તતા તે તે જીવો વડે બંધના વ્યવચ્છેદ સમયે બંધાયેલું જે જે કર્મદલિક

છે, તે તે જીવને આશ્રયી ચરમસમયમાં ભિન્ન ભિન્ન પ્રદેશ સત્તાસ્થાનો થાય છે. તે ત્યાં સુધી કહેવાં કે ઉત્કૃષ્ટ યોગસ્થનક વર્તી જીવ વડે બંધાદિના વ્યવચ્છેદ સમયમાં જે બંધાયેલું કર્મદલિક છે તે બે આવલિકાના ચરમ સમયમાં સર્વથી ઉત્કૃષ્ટ અન્તિમ પ્રદેશ સત્તાસ્થાન હોય છે.

આ પ્રમાણે બંધાદિના વ્યવચ્છેદવાળા (અસત્કલ્પનાએ ૨૦ મા) સમયમાં જઘન્ય યોગવાળા જીવથી પ્રારંભીને ઉત્કૃષ્ટ યોગસ્થાનકવાળા જીવ પર્યન્ત જેટલાં યોગસ્થાનકો થાય છે તેટલાં જ બન્ધાદિના વ્યવચ્છેદના ચરમસમયે બન્ધાયેલા કર્મદલિકોનાં સત્તાસ્થાનો પણ ચરમસમયે તેટલાં જ પ્રાપ્ત થાય છે આટલાં સત્તાસ્થાનોનો સમૂહ તે એક સ્પર્ધક કહેવાય છે.

આ જ પ્રમાણે બંધાદિનો વ્યવચ્છેદ થવાના દ્વિચરમ સમયમાં એટલે કે ૧૯મા સમયમાં જઘન્યયોગી જીવથી ઉત્કૃષ્ટ યોગી જીવો વડે જે જે કર્મદલિક બંધાય છે. ત્યાં પણ તેની અપેક્ષાએ બીજી આવલિકાના ચરમ સમયમાં પૂર્વની જેમ તેટલાં જ યોગકૃત પ્રદેશ સત્તાસ્થાનો થાય છે. આમ મનમાં ભાવવું (વિચારવું). ફક્ત એટલી જ વિશેષતા છે કે આ જે સત્તાસ્થાનો થાય છે તે स्थितिद्वयभावीनि - બે સમયની સ્થિતિસત્તાવાળાં સત્તાસ્થાનો કહેવાય છે. કારણ કે બન્ધાદિના વ્યવચ્છેદ સમયે જે કર્મદલિકો બાંધ્યા છે તેની સત્તા બે સમય પ્રમાણ શેષ છે તે માટે આ સત્તાસ્થાનોની સ્થિતિ દ્વયસમયભાવીનિ કહેવાય છે. આ બીજું સ્પર્ધક થયું.

આ જ પ્રમાણે બંધાદિના વ્યવચ્છેદના ત્રિચરમસમયમાં એટલે કે ૧૮મા સમયમાં જઘન્યયોગાદિ વડે (એટલે કે જઘન્ય યોગથી ઉત્કૃષ્ટયોગમાં વર્તતા જીવ વડે જે કર્મ બંધાયું છે તેની પણ તેની અપેક્ષાએ બીજી આવલિકાના ચરમ સમયમાં પૂર્વની જેમ જ તેટલાં પ્રદેશ સત્તાસ્થાનો થાય છે.

ફક્ત તફાવત એટલો જ છે કે આ સત્તાસ્થાનો સઘળાં પણ ત્રણ સમયની સ્થિતિવાળાં કહેવાય છે. કારણ કે તે સમયમાં બંધાદિના વ્યવચ્છેદના ચરમસમયમાં બંધાયેલા કર્મદલિકોની સત્તા ત્રણ સમયની સ્થિતિસત્તા છે અને દ્વિચરમ સમયે બંધાયેલા કર્મદલિકની સત્તા બે સમયની સ્થિતિવાળી સત્તા પ્રાપ્ત થાય છે. આ ત્રીજું સ્પર્ધક જાણવું. આ પ્રમાણે બે સમયન્યૂન બે આવલિકાના કાળમાં જેટલા સમયો થાય છે તેટલાં સ્પર્ધકો થાય છે.

જે પ્રમાણે સંજ્વલનક્રોધનાં સ્પર્ધકો સમજાવ્યાં છે તે જ પ્રમાણે સંજ્વલન માન-માયાનાં પણ તેટલાં તેટલાં સ્પર્ધકો દરેકનાં જાણવાં. તેથી જ ગ્રંથકારશ્રી કહે છે કે :

''अहिगाणि'' ઇત્યાદિ યોગસ્થાનકો વડે કરાયેલાં આ પ્રદેશસત્તાસ્થાનો સઘળાં ભેગા કરીએ તો એક આવલિકામાં બે સમયન્યૂન આટલાં અધિક પ્રાપ્ત થાય છે તે આ પ્રમાણેઃ-

બન્ધાદિના વ્યવચ્છેદ પછીના અનન્તર સમયમાં કલ્પનાથી ૨૧મા સમયમાં બે સમય ન્યૂન બે આવલિકાના સમય પ્રમાણ સ્પર્ધકો પ્રાપ્ત થાય છે એક એક સમયની સ્થિતિનું ભિન્ન ભિન્ન જીવોને આશ્રયી યોગકૃત સત્તાસ્થાનોને આશ્રયી એક એક સ્પર્ધક થાય છે તે માટે કષાયોની બીજી સ્થિતિમાં આટલાં સ્પર્ધકો પ્રાપ્ત થાય છે.

તે જ કાલે આ સંજ્વલન કષાયોની જે પ્રથમા સ્થિતિ છે કે જે ઉદયતથી ભોગવીને (અથવા અનુદયવતીનું કર્મદલિક સ્તિબુક સંક્રમથી પરમાં સંક્રમાવીને) સમાપ્ત કરે છે અથવા તે કર્મોની અનુદય વાળી એક આવલિકા જે છે તે એક શેષીભૂત બાકી હોય છે. તથા બીજી સ્થિતિમાં બે સમય હીન બે આવલિકાના સમય પ્રમાણ અધિક સ્પર્ધકો પ્રાપ્ત થાય છે. આ વાત હમણાં જ સમજાવી છે. આટલી જ સ્થિતિ બાકી છે.

હવે જ્યારે પ્રથમસ્થિતિ સંબંધી અનુદયવાળી જે એક આવલિકા કર્મ બાકી છે. તે સ્તિબુક સંક્રમ વડે બીજી પ્રકૃતિઓમાં સંક્રમ કરતાં કરતાં સર્વથા ક્ષીણ થાય છે ત્યારે બીજી સ્થિતિમાં પણ એક આવલિકા અન્ય પ્રકૃતિઓમાં સંક્રમ કરવા વડે તુટે છે. બે સમયન્યૂન બે આવલિકા પ્રમાણ જે બીજી સ્થિતિ હતી તેમાંથી એક આવલિકા સંક્રમ વડે અન્યત્ર સંક્રમિત થતી હોવાથી તે સ્થિતિ સંબંધી એક આવલિકા પ્રમાણ સ્પર્ધકો સંક્રમ કરવા દ્વારા અન્ય પ્રકૃતિમાં સંક્રમિત થઈ ગયેલાં હોવાથી પૃથક્ પૃથક્ ગણાતાં નથી.

આ કારણે પ્રથમસ્થિતિ (ની એક આવલિકા જે હતી તે) સમાપ્ત થયે છતે બીજી સ્થિતિમાંથી પણ એક આવલિકા તેની સાથે જ અન્યમાં સંક્રમાવવા વડે વિચ્છેદ પામતી હોવાથી બાકી રહેલ બે સમયન્યૂન એક આવલિકાના સમય પ્રમાણ જ સ્પર્ધકો થાય છે. પરંતુ અધિક થતાં નથી. આ પ્રમાણે સંજ્વલન કષાયોના સ્પર્ધકોની ભાવના સમજાવી. ॥ ૪૫ ॥

**वेएसु फड्डगदुगं, अहिगा पुरिसस्स बेउ आवलिया ।**
**दुसमयहीणा गुणिया, जोगठाणेहिं कसिणेहिं ॥ ४६ ॥**

**ગાથાર્થ :** ત્રણે વેદોમાં બે બે સ્પર્ધકો થાય છે. તથા પુરુષવેદમાં બે સમય હીન બે આવલિકાના સમયપ્રમાણ સ્પર્ધકો યોગસ્થાનકો વડે કરાયેલાં સ્પર્ધકો પણ થાય છે. ॥૪૬॥

**વિવેચન :** વેદોમાં ત્રણે વેદ સ્ત્રીવેદ - પુરુષવેદ અને નપુંસકવેદ એમ ત્રણે વેદોનાં બે બે સ્પર્ધકો થાય છે.

તે આ પ્રમાણે જાણવાં : કોઈક નપુંસકવેદના ઉદયવાળો જીવ અભવ્ય સિદ્ધિ પ્રાયોગ્ય જઘન્ય પ્રદેશસત્તાવાળો થઈને ત્રસકાયમાં ઉત્પન્ન થાય. ત્યાં ઉત્પન્ન થયા પછી અનેકવાર

દેશવિરતિધર્મ અને સર્વવિરતિ ધર્મ પ્રાપ્ત કરે તથા ચાર વાર મોદનીય કર્મનો ઉપશમ કરે, ત્યારબાદ બે વાર છાસઠ - છાસઠ (એટલે ૧૩૨) સાગરોપમ કાળ સુધી સમ્યક્ત્વનું અનુપાલન કરે, સમ્યક્ત્વનું અનુપાલન કરીને સમ્યક્ત્વથી પતન પામ્યા વિના જ ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થાય. ત્યારબાદ ક્ષપકશ્રેણિમાં મોહનીય કર્મનો ક્ષય કરતાં કરતાં નપુંસક વેદની પ્રથમ સ્થિતિના દ્વિચરમસમયમાં વર્તતા જીવ વડે નપુંસકવેદની બીજી સ્થિતિવાળો આખો ખંડ અન્ય કર્મ પ્રકૃતિમાં સંક્રમાવ્યો. તેમ કરાયે છતે ઉપરની સ્થિતિ સર્વથા ખાલી કરી.

ત્યારબાદ પ્રથમસ્થિતિનો ચરમ સમય આવે છતે અન્ય જીવો કરતાં સર્વથા જઘન્ય એવું જે પ્રદેશસત્તાસ્થાન તે જીવને હોય છે. તે પ્રથમ પ્રદેશ સત્તાસ્થાન, તેના કરતાં એક એક પરમાણુના પ્રક્ષેપ વડે ક્રમસર જુદા જુદા જીવોની અપેક્ષાએ અનંતા પ્રદેશ સત્તાસ્થાનો તે સમયમાં થાય છે તે ત્યાં સુધી કહેવાં કે યાવત્ ગુણિત કર્માંશી જીવને ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તાસ્થાન આવે. આટલાં સત્તાસ્થાનોનું આ એક સ્પર્ધક થાય છે. આ પ્રથમ સ્થિતિ સંબંધી સ્પર્ધક થયું.

તથા બીજી સ્થિતિમાં ચરમખંડ સંક્રમ કરાયે છતે ચરમ સમયમાં પૂર્વે કહેલા ક્ષપિત કર્માંશી જીવના પ્રકાર વડે તેને સર્વથા જઘન્ય જે પ્રદેશસત્તાસ્થાન છે. તેને આદિમાં કરીને જુદા જુદા જીવોની અપેક્ષાએ યથોત્તર (ક્રમસર) એક એક પરમાણુની વૃદ્ધિ વડે નિરન્તર પ્રદેશ સત્તાસ્થાનો ત્યાં સુધી કહેવાં કે યાવત્ ગુણિત કર્માંશી જીવને ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન આવે. તેટલાં સત્તાસ્થાનોનું મળીને આ બીજું એક સ્પર્ધક જાણવું. આ પ્રમાણે પ્રથમસ્થિતિ સંબંધી એક અને બીજી સ્થિતિ સંબંધી એક એમ બે સ્પર્ધકો નપુંસકવેદના જાણવાં.

અથવા જ્યાં સુધી પ્રથમા સ્થિતિ અને દ્વિતીયા સ્થિતિ એમ બન્ને સ્થિતિ સત્તામાં હોય છે. ત્યાં સુધીની સ્થિતિનું એક સ્પર્ધક થાય છે. તથા બીજી સ્થિતિ ચરમ પ્રક્ષેપ કરવા દ્વારા ક્ષીણ થઈ જાય છે ત્યારે શેષ બાકી રહેલી સમય માત્ર પ્રમાણવાળી પ્રથમા સ્થિતિનું બીજું એક સ્પર્ધક થાય છે. આ પ્રમાણે નપુંસકવેદમાં બે સ્પર્ધક થાય છે. તે જ પ્રમાણે એટલે કે નપુંસકવેદમાં કહ્યાં પ્રમાણે સ્ત્રીવેદનાં પણ બન્ને પ્રકારે બે જ સ્પર્ધક થાય છે.

પરંતુ પુરુષવેદમાં બન્ને સ્પર્ધકોની ભાવના આ પ્રમાણે જાણવી. પુરુષવેદના ઉદયનો જ્યારે છેલ્લો સમય આવે ત્યારે જઘન્ય પ્રદેશ સત્તાવાળાનું પ્રથમ સત્તા સ્થાન. તેને આદિમાં કરીને ક્રમસર અનેક જીવોને આશ્રયી એક એક પરમાણુની વૃદ્ધિ કરવા વડે નિરન્તર પ્રદેશ સત્તાસ્થાનો ત્યાં સુધી કહેવાં કે યાવત્ ગુણિતકર્માંશી જીવને ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તાસ્થાન આવે.

આ સર્વ સત્તાસ્થાનો મળીને અનંત પ્રદેશ સત્તાસ્થાનો થાય છે તે સર્વ સત્તાસ્થાનોનું એક સ્પર્ધક બને છે. તથા પુરુષવેદના ઉદયના ચરમ સમયમાં બીજી સ્થિતિનો ચરમખંડ સંક્રમ કરાતો હોય ત્યારે સર્વ કરતાં જઘન્ય પ્રદેશોનું જે સત્તાસ્થાન હોય તેને આદિમાં કરીને ક્રમસર પ્રદેશસત્તાસ્થાનો થવા દ્વારા પૂર્વની જેમ બીજું એકસ્પર્ધક પણ કહેવું. આ પ્રમાણે પુરુષવેદમાં પણ બે સ્પર્ધકો થાય છે.

તથા "अहिगा पुरिसस्स" પુરુષવેદમાં આ બે સ્પર્ધકો કરતાં અધિક સ્પર્ધકો પણ થાય છે અહીં કદાચ આવો પ્રશ્ન થાય કે અધિક કેટલાં અને કયાં કયાં સ્પર્ધકો થાય છે ? તો તેનો ઉત્તર આપતાં ગ્રંથકરશ્રી કહે છે કે :-

"બે સમયન્યૂન એવી બે આવલિકાના સમય પ્રમાણ" અહીં મૂલગાથામાં જે પ્રથમા વિભક્તિ થઈ છે. તે તૃતીયા વિભક્તિના અર્થમાં થયેલી હોવાથી અર્થ તૃતીયાનો કરવો. એટલે કે બે સમય ન્યૂન એવી બે આવલિકાના સમયો વડે કરાયેલાં આ સ્પર્ધકો જાણવાં.

તથા મૂલગાથામાં जोगठाणेहिं कसिणेहिं આ પદમાં જે તૃતીયા વિભક્તિ છે. તે પ્રથમાના અર્થમાં હોવાથી સર્વે પણ આ યોગસ્થાનકો વડે કરાયેલાં જે સ્પર્ધકો છે તે સર્વ મળીને બે આવલિકાના જેટલા સમયો થાય છે તેમાં બે સમય ન્યૂન કરતાં જેટલી સંખ્યા થાય તેટલાં સ્પર્ધકો થાય છે. અર્થાત્ સારાંશ એ છે કે બે સમયન્યૂન એવી બે આવલિકાના સમય પ્રમાણ સ્પર્ધકો થાય છે. તેની વધારે સ્પષ્ટતા આ પ્રમાણે છે :-

પુરુષવેદનાં બંધ ઉદય અને ઉદીરણા આદિનો વિચ્છેદ થયે છતે છેલ્લે છેલ્લે બે સમયન્યૂન બે આવલિકા કાળમાં બાંધેલું કર્મદલિક તે જીવ પાસે સ્ટોકમાં છે. ત્યાર બાદ બીજા સમયે પુરુષવેદનો ઉદય ન હોવાથી અવેદક થાય છે ત્યારે સંજ્વલન કષાયોમાં કહ્યા પ્રમાણે જ યોગસ્થાનકોની અપેક્ષાએ બે સમયહીન બે આવલિકા પ્રમાણ સત્તાનાં તેટલાં જ સ્પર્ધકો પ્રાપ્ત થાય છે.

નપુંસકવેદ અને સ્ત્રીવેદનો બંધ ચાલુ નથી. પરંતુ પુરુષવેદનો બંધ ચાલુ હતો. એટલે નપુસંકવેદ અને સ્ત્રી વેદમાં બે બે જ સ્પર્ધકો થાય છે. પરંતુ પુરુષવેદમાં વધારે સ્પર્ધકો પણ થાય છે. પુરુષવેદમાં બે સમયન્યૂન બે આવલિકાપ્રમાણ જે આ સ્પર્ધકોનું વિધાન કરેલ છે તે ચાલુ નવા નવા બંધાતા પુરૂષવેદની બીજી સ્થિતિના પ્રકારને અનુસારે જાણવું.

(સ્પર્ધકોમાં આ જે વિધાન કરેલ છે તે પ્રકારાન્તરે અર્થાત્ ભિન્ન અભિપ્રાયની અપેક્ષાએ કહેલ છે.)

"दो इगि संतं हवा एए" આવા પ્રકારની પંચ સંગ્રહ નામના ગ્રંથની પંક્તિ છે. તેનો અર્થ "अथवा एते द्वे स्पर्धके द्रष्टव्ये" અથવા આ પ્રમાણે બે સ્પર્ધકો જાણવાં એવો અર્થ છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે કે :- પ્રથમા સ્થિતિ અને દ્વિતીયા સ્થિતિ એમ આ બન્ને સ્થિતિ વિદ્યમાન હોય ત્યાં સુધી એક સ્પર્ધક થાય છે તથા પ્રથમા સ્થિતિ ક્ષય થયા પછી બીજી સ્થિતિ માત્રનું, અથવા દ્વિતીયા સ્થિતિ ક્ષય થયા પછી પ્રથમા સ્થિતિમાત્રનું પણ એક સ્પર્ધક થાય છે આમ બે સ્પર્ધક જાણવાં.

ત્યાં સ્ત્રીવેદ તથા નપુંસકવેદમાં બીજી સ્થિતિ સંબંધી છેલ્લો જે દલિક નિક્ષેપ થાય ત્યાર બાદ એક સમય પ્રમાણ પ્રથમા સ્થિતિ બાકી રહે છે તેનું એક સ્પર્ધક થાય છે અને પુરુષવેદની બાબતમાં પ્રથમા સ્થિતિ ઉદયથી ક્ષીણ થાય ત્યારે બે સમયન્યૂન એક સાવલિકા પ્રમાણ બીજી સ્થિતિ બાકી રહે છે કારણકે તેનો બંધ ચાલુ હતો. તેનાં તેટલાં સ્પર્ધકો થાય છે. આ વાત ટીકામાં સમજાવેલી છે. આ પ્રમાણે ત્રણે વેદનાં સ્પર્ધકોની ચર્ચા પુરી કરી. ॥ ૪૬ ॥

***અવતરણ : હવે ઉપર કહેલાં અને હવે કહેવાતાં એમ તમામ સ્પર્ધકોમાં સ્પર્ધકનું સામાન્ય લક્ષણ સમજાવે છે :-***

**सव्वजहन्नाढत्तं, खंधुत्तरओ णिरंतरं उप्पि ।**
**एगं उव्वलमाणी, लोभजसा णोकसायाणं ॥ ४७ ॥**

**ગાથાર્થ :** સર્વથા જઘન્ય પ્રદેશસત્તાસ્થાનથી આરંભીને કર્મસ્કંધોની નિરંતર વૃદ્ધિ સર્વોત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન સુધી જાણવી. ઉદ્વલના યોગ્ય (૨૩) ત્રેવીસ પ્રકૃતિઓનું એક જ સ્પર્ધક થાય છે તથા સંજ્વલન લોભ યશઃ નામકર્મ તથા છ નોકષાયોનું પણ એક જ સ્પર્ધક થાય છે. ॥ ૪૭ ॥

**વિવેચન :** સર્વ કરતાં ઓછામાં ઓછા પ્રદેશોની સત્તાવાળા જઘન્ય પ્રદેશસત્તાસ્થાનથી પ્રારંભીને ઉત્તરોત્તર નિરન્તરપણે એક એક કર્મસ્કંધની વૃદ્ધિરૂપે પ્રદેશોનાં સત્તસ્થાનોનો સમૂહ ત્યાં સુધી જાણવો કે યાવત્ સર્વથી ઉપર ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તાસ્થાન આવે.

આ સ્પર્ધકોમાં એક એક પરમાણુની વૃદ્ધિ કહી નથી પરંતુ એક એક કર્મસ્કંધની વૃદ્ધિ કહી છે. તેનું કારણ એ છે કે યોગસ્થાનકના વશથી પ્રાપ્ત થતા સ્પર્ધકોની અપેક્ષાએ આ પ્રરૂપણા સમજાવાય છે. તેથી સ્પર્ધકોની વૃદ્ધિ જાણવી.

અન્યથા - જો આમ યોગની અપેક્ષાએ વૃદ્ધિ ન લઈએ તો એક એક પ્રદેશની વૃદ્ધિની અપેક્ષાએ તો સ્પર્ધકની પ્રરૂપણા પહેલાં કરેલી જ છે. પરંતુ આ યોગપ્રમાણે તરતમતા

સમજાવવી છે તે માટે **કર્મસ્કંધોની વૃદ્ધિની અપેક્ષાએ** યોગકૃત સ્પર્ધકનું સ્વરૂપ જાણવું.

આ પ્રમાણે સ્પર્ધકોનું સામાન્ય સ્વરૂપ કહ્યું.

હવે ઉદ્વલના યોગ્ય કર્મપ્રકૃતિઓના સ્પર્ધકની વાત સમજાવે છે "एगं उव्वलमाणी" આ પંક્તિમાં જે પ્રથમાવિભક્તિનું એકવચન કર્યું છે તે છઠ્ઠી વિભક્તિના બહુવચનના અર્થવાળું હોવાથી उद्वल्यमानानां આવો અર્થ કરવો. સારાંશ કે ઉદ્વલના કરાતી એવી (૨૩) ત્રેવીસ કર્મપ્રકૃતિઓનું એક સ્પર્ધક થાય છે. તેમાં એક સમ્યક્ત્વ મોહનીયનું ઉદાહરણ આપીને તેના પ્રમાણે શેષ (૨૩) પ્રકૃતિઓનું એક એક સ્પર્ધક સમજી લેવું.

સમ્યક્ત્વ મોહનીયના સ્પર્ધકની રીતભાત આ પ્રમાણે જાણવી. અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિ સત્તાવાળો કોઈક જીવ ત્રસકાયમાં ઉત્પન્ન થઈને ત્યાં અનેકવાર સમ્યક્ત્વ અને દેશવિરતિ ધર્મપ્રાપ્ત કરીને ચાર વાર મોહનીયકર્મનો ઉપશમ કરીને (૧૩૨) એકસોહ અને બત્રીસ સાગરોપમ પ્રમાણ યાવત્ સમ્યક્ત્વનું બરાબર પાલન કરીને ત્યારબાદ તે જીવ મિથ્યાત્વે જાય.

મિથ્યાત્વે ગયા પછી ચિરઉદ્વલના વડે સમ્યક્ત્વ મોહનીય કર્મની ઉદ્વલના કરતાં કરતાં જ્યારે છેલ્લો ખંડ સંક્રમ દ્વારા સંક્રમિત થતો હોય ત્યારે એક આવલિકા જેટલી જ સ્થિતિ બાકી રહે છે. તે એક આવલિકા પ્રમાણ સમ્યક્ત્વ મોહનીય કર્મને સ્તિબુક સંક્રમ વડે મિથ્યાત્વમોહનીયમાં સંક્રમાવે છે.

સંક્રમાવતાં સંક્રમાવતાં જ્યારે બે સમયમાત્ર પ્રમાણવાળી એક સ્થિતિ બાકી રહે છે. ત્યારે સમ્યક્ત્વ મોહનીયકર્મનું જઘન્ય પ્રદેશ સત્તાસ્થાન થાય છે તેના કરતાં ભિન્ન ભિન્ન જીવોની અપેક્ષાએ એક એક પ્રદેશની વૃદ્ધિ વડે અનંતા પ્રદેશ સત્તાસ્થાનો થાય છે. તે ત્યાં સુધી કહેવાં કે જ્યાં સુધી ગુણિતકર્માંશી જીવનું ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તાસ્થાન થાય. આ સર્વ સત્તાસ્થાનોનો સમૂહ તે એક સ્પર્ધક કહેવાય છે. આ એક સ્પર્ધક થયું. આ સમ્યક્ત્વ મોહનીયકર્મનું સ્પર્ધક સમજાવ્યું.

એ જ પ્રમાણે મિશ્રમોહનીય કર્મનું પણ સ્પર્ધક જાણવું. આ જ પ્રમાણે ઉદ્વલના યોગ્ય બાકી રહેલી વૈક્રિય એકાદશક, આહારકસપ્તક, ઉચ્ચગોત્ર અને મનુષ્યદ્વિક સ્વરૂપ બાકીની એકવીશ કર્મપ્રકૃતિઓનાં સ્પર્ધકો પણ જાણી લેવાં. પરંતુ તે એકવીશ ઉદ્વલના યોગ્ય કર્મપ્રકૃતિઓમાં (૧૩૨) એકસોહ બત્રીસ સાગરોપમનો સમ્યક્ત્વનો કાળ પસાર કરવાનું મૂલથી જ ન કહેવું.

અહીં ઉદ્વલના યોગ્ય કર્મપ્રકૃતિઓમાં એક સ્પર્ધક થાય છે આ પ્રમાણે ઉપર જે વિધાન કરવામાં આવ્યું છે તે બીજાં પણ સ્પર્ધકો થાય છે તેનું ઉપલક્ષણ કરનારૂં (અધ્યાહારથી કથન કરનારૂં) વિધાન છે. પરંતુ બીજાં સ્પર્ધકો થતાં જ નથી એમ નિષેધ કરનારૂં કથન નથી કારણ કે પૂર્વે ગાથા ૪૪માં કહેલી અનુદયવતી (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓની જેમ આ પ્રકૃતિઓનાં પણ એક આવલિકાના સમયપ્રમાણ સ્પર્ધકો થાય છે.

પંચસંગ્રહ નામના ગ્રંથમાં કહ્યું છે કે ''अणुदयतुल्लं उव्वलणिगाण जाणिज्ज दीहउव्वलणे त्ति'' ઉદ્વલના યોગ્ય કર્મપ્રકૃતિઓની દીર્ઘ ઉદ્વલના એટલે કે ચિરોદ્વલના કરાયે છતે થતાં સ્પર્ધકોનું પોટલું અર્થાત્ સ્પર્ધકોનો સમૂહ अनुदयतुल्यम् એટલે કે અનુદયવતી કર્મપ્રકૃતિઓની તુલ્ય જ થાય છે. આ ગાથાના પદોનો આવો અક્ષરાર્થ જાણવો.

लोभजसा णोकसायाणं - અહીં लोभजसा આ પદમાં કરેલી પ્રથમા વિભક્તિ છઠ્ઠીના અર્થવાળી હોવાથી સંજ્વલન લોભ, યશઃ નામકર્મ તથા હાસ્યાદિ છ નોકષાય એમ કુલ આઠ કર્મપ્રકૃતિઓનું પણ એક સ્પર્ધક થાય છે. તે આ પ્રમાણે સમજવું.

અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસત્તાવાળો જીવ ત્રસકાયમાં ઉત્પન્ન થાય. ત્યાં આવ્યા પછી ચાર વાર મોહનો ઉપશમ કર્યા વિના જ બાકીની તમામ ક્ષપિકકર્માંશી થવાની વિધિપૂર્વક ક્રિયાઓ કરવા વડે ઘણું ઘણું કર્મદલિક ખપાવીને લાંબો કાળ સંયમ પાલીને કર્મોનો ક્ષય કરવા માટે તૈયાર થયો અર્થાત્ ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરવા તૈયાર થયો.

આવા પ્રકારના જીવને ક્ષપકશ્રેણિ પ્રારંભવાની તૈયારી કરે ત્યારે યથા પ્રવૃત્ત કરણના ચરમસમયે જ જઘન્ય પ્રદેશોની સત્તા થાય છે.

ત્યારબાદ ત્યાંથી પ્રારંભીને અનેક જીવોની અપેક્ષાએ એક એક પ્રદેશની વૃદ્ધિ કરવા વડે નિરન્તર પ્રદેશ સત્તાસ્થાનો ત્યાં સુધી કહેવાં કે યાવત્ ગુણિતકર્માંશી જીવને ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તાસ્થાન થાય. આ પ્રમાણે સંજ્વલન લોભ અને યશઃ નામકર્મ આ બન્ને કર્મોનું એક એક સ્પર્ધક જાણવું.

ચાર વાર મોહનીયકર્મનો ઉપશમ ન કરવાનું જે કથન કર્યું છે. તેનું કારણ તો તેવું છે કે મોહનીયનો ઉપશમ કરવા માટે ઉપરનાં ગુણસ્થાનકોમાં જીવ આરૂઢ થાય એટલે ત્યાં ન બંધાતી કર્મપ્રકૃતિઓનો ગુણ સંક્રમ, બંધાતી એવી આ આઠમાં થાય તો કર્મદલિક વધી જાય જેથી જઘન્ય પ્રદેશસત્તાસ્થાન પ્રાપ્ત ન થાય તે માટે ચાર વાર ઉપશમશ્રેણી પ્રારંભવાનું વર્જ્યું છે.

હાસ્યાદિ છ નોકષાયોની એક એક સ્પર્ધકની ભાવના આ પ્રમાણે જાણવી :-

તે જ અભવ્યસિદ્ધિક જે જીવો છે તેવા જીવોની જે જઘન્ય સ્થિતિસત્તા છે તે જીવ ત્રસકાયમાં ઉત્પન્ન થાય ત્યાં સમ્યક્ત્વ અને દેશવિરતિ ગુણ અનેકવાર પ્રાપ્ત કરીને ચારવાર મોહનીયકર્મનો ઉપશમ કરીને સ્ત્રીવેદ અને નપુંસકવેદને વારંવાર બન્ધ વડે અને હાસ્યાદિના સંક્રમવડે ઘણો પુષ્ટ કરીને પછી મનુષ્યનો ભવ પામે.

ત્યાં લાંબો કાળ સંયમ પાલીને ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરવાની તૈયારી વાળો થાય. તેવા જીવને અન્તિમ સ્થિતિખંડના ચરમ સમયમાં છ નોકષાયોની જે વિદ્યમાન પ્રદેશસત્તા છે તે સર્વથી જઘન્ય પ્રદેશ સત્તાસ્થાન કહેવાય છે.

ત્યાંથી આરંભીને ભિન્ન ભિન્ન જીવોની અપેક્ષાએ એક એક પ્રદેશની વૃદ્ધિ દ્વારા નિરન્તરપણે અનંત પ્રદેશસત્તાસ્થાનો ત્યાં સુધી કહેવાં કે જ્યાં સુધી ગુણિતકર્માંશી જીવનું ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તાસ્થાન આવે. આ પ્રમાણે છએ નોકષાયોનું એક સ્પર્ધક થાય છે. આ પ્રમાણે હાસ્યાદિના સ્પર્ધકની ભાવના કહી. ॥ ૪૭ ॥

*અવતરણ : મોહનીય કર્મ વિના શેષકર્મોમાં ઘાતિકર્મોના સ્પર્ધકની પ્રરૂપણા કરે છે :-*

**ठिइखंडगवोच्छेया, खीणकसायस्स सेसकालसमा ।**
**एगहिया घाईणं, निद्दापयलाण हिच्चेगं ॥ ४८ ॥**

**ગાથાર્થ :** ઘાતી કર્મોનાં સ્પર્ધકો ક્ષીણમોહ ગુણસ્થાનકના સ્થિતિખંડોનો વિચ્છેદ થયા પછી જે શેષ કાળ રહે છે તેની સમાન પણ એક અધિક સ્પર્ધક થાય છે તથા નિદ્રા અને પ્રચલાનાં સ્પર્ધકો તેના કરતાં એક ન્યૂન થાય છે. ॥ ૪૮ ॥

**વિવેચન :** ક્ષીણમોહ વીતરાગ નામના બારમા ગુણસ્થાનકમાં જ્ઞાનાવરણીયાદિના કર્મોનાં સ્થિતિઘાતાદિનો વિચ્છેદ થયા પછી તેનાથી આગળ બારમા ગુણઠાણાનો જે કાળ બાકી રહ્યો છે. બારમા ગુણઠાણાના સંખ્યાતમા ભાગ પ્રમાણ કાળ બાકી છે. તેના જેટલા સમયો થાય છે તેની સાથે તુલ્ય પરંતુ એક અધિક એવાં સ્પર્ધકો ઘાતીકર્મોનાં થાય છે.

પરંતુ નિદ્રા અને પ્રચલા આ બન્ને કર્મપ્રકૃતિઓને વર્જીને બાકીની ઘાતીકર્મની પ્રકૃતિઓનાં સ્પર્ધકો ક્ષીણ મોહ ગુણસ્થાનકના સંખ્યાતમા ભાગના સમયો કરતાં એક અધિક સ્પર્ધક જાણવું પણ નિદ્રા અને પ્રચલાનાં સ્પર્ધકો ઉપરોક્ત પ્રકૃતિઓના સ્પર્ધકો કરતાં એક ન્યૂન જાણવું. કારણ કે નિદ્રા અને પ્રચલાનો ઉદય ન હોવાથી અન્તિમસમયમાં તે બન્નેનું

કર્મદલિક સ્વરૂપે પ્રાપ્ત થતું નથી પરંતુ પરપ્રકૃતિમાં મળી ગયું હોવાથી પરપ્રકૃતિ રૂપે પ્રાપ્ત થાય છે.

તે કારણથી તે બન્ને કર્મપ્રકૃતિઓનું ચરમસ્થિતિ સંબંધી એક સ્પર્ધક તજાય છે અર્થાત્ થતું નથી. બાકીની ઘાતી કર્મની તમામ પ્રકૃતિઓ ઉદયવાળી હોવાથી ચરમસમયની સ્થિતિવાળું તે સ્પર્ધક થાય છે તે માટે તેનો ત્યાગ કરાતો નથી.

પ્રસ્તુત સ્પર્ધકની ભાવના આ પ્રમાણે જાણવી. ક્ષીણકષાય નામના બારમા ગુણસ્થાનકના સંખ્યાતા ભાગો ગયે છતે અને અંતર્મુહૂર્તના કાલ પ્રમાણ એવો સંખ્યાતમો એક ભાગ બાકી રહે છતે જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય કર્મની ચાર, અને અંતરાય કર્મની પાંચ એમ કુલ (૧૪) ચૌદ કર્મપ્રકૃતિઓની સ્થિતિસત્તા સર્વ અપવર્તના વડે અપવર્તાવીને ક્ષીણકષાય નામના બારમા ગુણસ્થાનકના કાળ સમાન સત્તા કરાય છે પરંતુ નિદ્રા અને પ્રચલાની સત્તા એક સમય હીન કરાય છે ત્યારે સ્થિતિઘાતાદિ નિવૃત્તિ પામે છે.

આ કારણથી ક્ષીણકષાય નામના બારમા ગુણસ્થાનકની સમાન કરાયેલી જ સ્થિતિસત્તા રહે છે. તે સ્થિતિ સત્તાને જ ઉદય અને ઉદીરણા વડે ક્ષય કરતાં કરતાં ત્યાં સુધી સ્થિતિના ભેદવિશેષો આ જીવ કરે છે યાવત્ અન્તિમ સમયની એક સમય પ્રમાણ સ્થિતિ બાકી રહે.

તે અન્તિમ સમયની એક સમય પ્રમાણ સ્થિતિમાં ક્ષપિતકર્માંશી જીવને પ્રદેશોની જે સત્તા હોય તે સર્વથી જઘન્ય પ્રદેશસત્તાસ્થાન કહેવાય છે તેમાં એક પરમાણુ જેને વધારે સત્તામાં હોય તે બીજુ પ્રદેશસત્તાસ્થાન, બે પરમાણુ જે જીવને વધારે સત્તામાં હોય તે ત્રીજું પ્રદેશ સત્તાસ્થાન, આ પ્રમાણે એક એક પરમાણુની વૃદ્ધિ થવા વડે નિરન્તર પ્રદેશસત્તા સ્થાનો ત્યાં સુધી નિરન્તરપણે કરવાં કે યાવત્ ગુણિતકર્માંશી જીવની અપેક્ષાએ સર્વથી ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તાસ્થાન આવે.

આ સર્વ પ્રદેશ સત્તાસ્થાનોનું મળીને એક સ્પર્ધક થાય છે. બે સમય પ્રમાણ ચરમસ્થિતિ બાકી રહે ત્યારે આ જ રીતે ભિન્ન ભિન્ન જીવોને આશ્રયી અનેક પ્રદેશસત્તાસ્થાનો થાય છે. તેનું બીજું સ્પર્ધક થાય છે તે બે સમયની સ્થિતિવાળું સ્પર્ધક કહેવાય છે. આ જ પ્રમાણે ત્રણ સમયની સ્થિતિ બાકી રહેતે છતે ત્રીજુ સ્પર્ધક થાય છે.

આ જ પ્રમાણે ક્ષીણકષાય નામના બારમા ગુણસ્થાનકના સંખ્યાતમા ભાગ પ્રમાણ કરાયેલી જે સ્થિતિ છે. તેમાં સમય સમય પ્રમાણે જે સ્થિતિ વિશેષો રહેલા છે તેટલાં સ્પર્ધકો થાય છે આટલાં સ્પર્ધકો તો સ્થિતિઘાતાદિ વિરામ પામ્યા પછીની સ્થિતિનાં થાય છે પરંતુ

સ્થિતિઘાતાદિ ચાલુ હતા. ત્યાં સુધીની સઘળી પણ સ્થિતિનું સળંગ એક સ્પર્ધક થાય છે તે આ પ્રમાણે જાણવું.

બારમા ગુણસ્થાનકના સંખ્યાતા ભાગો પસાર થાય ત્યાં સુધીમાં જે સ્થિતિ ઘાતાદિ થાય છે તેમાં છેલ્લો સ્થિતિઘાત જે થાય છે તે ચરિમ સ્થિતિઘાતના ચરિમ દલિક પ્રક્ષેપને આદિમાં કરીને પશ્ચાનુપૂર્વીએ યથોત્તર - ક્રમસર નિરન્તરપણે પ્રદેશ સત્તાસ્થાનો ત્યાં સુધી કહેવાં કે યાવત્ મિથ્યાદષ્ટિ જીવને પોતપોતાનું ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તાસ્થાન આવે. આ સકલસ્થિતિ સંબંધી એક જ સ્પર્ધક થાય છે. આ એક સ્પર્ધકથી અધિક એવાં ક્ષીણકષાય ગુણસ્થાનકના સંખ્યાતમા ભાગના સમય પ્રમાણ સ્પર્ધકો કુલ થાય છે. જ્યારે સ્થિતિઘાતાદિ વિરામ પામે છે. ત્યાર પછીના સંખ્યાતમા ભાગના સમય પ્રમાણ જે સ્પર્ધકો થયાં છે. તેમાં આ એક મોટુ સ્પર્ધક અધિક ઉમેરાય છે.

પરંતુ નિદ્રા અને પ્રચલા અનુદયવતી હોવાથી દ્વિચરમ સમયની સ્થિતિ સુધીનાં જ સ્પર્ધકો થાય છે. ચરમ સમયમાં તો તેનું કર્મદલિક અન્ય પ્રકૃતિમાં સંક્રાન્ત થયેલું હોવાથી તેના દલિકની જ નિદ્રા-પ્રચલારૂપે અપ્રાપ્તિ જ છે તે માટે ચરમસમયની એક સમયની સ્થિતિવાળું સ્પર્ધક થતું નથી. આ કારણે तयोः - તે બન્ને નિદ્રા અને પ્રચલાનાં આ એક ચરમ સમયના સ્પર્ધકથી હીન સ્પર્ધકો થાય છે.

આ પ્રમાણે જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૪ + ૨ - ૬ કુલ છ, અને અંતરાય પાંચ એમ (૧૬) સોળ કર્મપ્રકૃતિઓનાં સ્પર્ધકો સમજાવ્યાં. ॥ ૪૮ ॥

**सेलेसिसंतिगाणं उदयवईणं तु तेण कालेणं ।**
**तुल्ला णेगहियाइं, सेसाणं एगहीणाइं ॥ ४९ ॥**

**ગાથાર્થ :** શૈલેશી ગુણસ્થાનકે સત્તાવાળી એવી ઉદયવતી (૧૨) બાર કર્મપ્રકૃતિઓનાં સ્પર્ધકો અયોગી અવસ્થાના કાલ તુલ્ય પણ એક સ્પર્ધક અધિક થાય છે. જ્યારે અનુદયવતી કર્મપ્રકૃતિઓનાં સ્પર્ધકો તેનાથી એક ન્યૂન થાય છે. ॥ ૪૯ ॥

**વિવેચન :** અયોગિ ગુણસ્થાનકે એટલે કે શૈલેશી અવસ્થાવાળા ચૌદમે ગુણસ્થાનકે સત્તા છે જેની એવી જે જે કર્મપ્રકૃતિઓ છે. તે બે પ્રકારની છે.

(૧) ઉદયવતી અને (૨) અનુદયવતી

ત્યાં ઉદયવતી કુલ (૧૨) બાર કર્મપ્રકૃતિઓ છે તે આ પ્રમાણે મનુષ્યગતિ,

મનુષ્યાયુષ્ય, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, સૌભાગ્ય, આદેય, પર્યાપ્ત, બાદર, યશઃકીર્તિનામકર્મ, તીર્થંકર નામકર્મ, ઉચ્ચગોત્ર તથા કોઈપણ એક વેદનીય, આ બાર ઉદયવતી કર્મ પ્રકૃતિઓનાં સ્પર્ધકો અયોગિગુણસ્થાનકના કાલના સમયતુલ્ય પણ એક સ્પર્ધકથી અધિક સ્પર્ધકો થાય છે તે આ પ્રમાણે :-

અયોગિકેવલી ભગવાનને ચરમ સમયમાં ક્ષપિત કર્માંશી જીવને જે પ્રદેશ સત્તાસ્થાન હોય છે તે જઘન્ય પ્રદેશ સત્તાસ્થાન કહેવાય છે. તેને આદિમાં કરીને એક એક પ્રદેશની વૃદ્ધિ કરવા દ્વારા ભિન્ન ભિન્ન જીવોની અપેક્ષાએ અનન્તાં પ્રદેશ સત્તાસ્થાનો નિરન્તરપણે ચરમ સમયમાં ત્યાં સુધી જાણવાં કે યાવત્ ગુણિત કર્માંશી જીવને આ ચરમ સમયમાં સર્વથી ઉત્કૃષ્ટ પ્રદેશસત્તાસ્થાન આવે.

આ સઘળાં પ્રદેશ સત્તાસ્થાનોનું એક સ્પર્ધક થાય છે. આ જ પ્રમાણે અયોગી અવસ્થાની બે સમય પ્રમાણ સ્થિતિ બાકી હોતે છતે બીજું સ્પર્ધક થાય છે. ત્રણ સમયની સ્થિતિ બાકી હોય ત્યારે ત્રણ સમયની સ્થિતિ સત્તાવાળું ત્રીજું સ્પર્ધક થાય છે. આ પ્રમાણે ચાર સમયની સ્થિતિ બાકી હોય ત્યારે ચોથુ સ્પર્ધક થાય છે એમ યાવત્ અયોગિગુણસ્થાનકના પ્રથમ સમય સુધીનાં તેટલી તેટલી સ્થિતિવાળાં તેટલાં સ્પર્ધકો કરવાં.

તથા સયોગી કેવલી નામના તેરમા ગુણસ્થાનકના ચરમ સમયમાં થયેલા ચરમ સ્થિતિઘાતના કાળે જે ચરમ પ્રક્ષેપ પરપ્રકૃતિમાં જે કરાયો છે ત્યાંથી પ્રારંભીને પશ્ચાનુપૂર્વીના ક્રમે પોતપોતાના સર્વથા ઉત્કૃષ્ટ પ્રદેશ સત્તાસ્થાનક સુધીનું પણ પોતપોતાની સકલ સ્થિતિગત એવું એક મોટું સ્પર્ધક પણ થાય છે.

આ કારણથી અયોગિ કેવલી ગુણસ્થાનકે ઉદય વર્તે છે જેનો એવી ઉદયવતી ૧૨ કર્મપ્રકૃતિઓનાં સ્પર્ધકો અયોગિકેવલી ગુણસ્થાનકના જેટલા સમયો થાય તેટલાં સ્પર્ધકો તો ત્યાં થાય જ છે પરંતુ તેનાથી એક સ્પર્ધક (જે મોટુ હમણાં સમજાવ્યું તે એક સ્પર્ધક) અધિક થાય છે આમ જાણવું.

પરંતુ બાકી રહેલી જે અનુદયવતી કર્મપ્રકૃતિઓ છે તે (૮૩) ત્ર્યાસીની સંખ્યાવાળી (ચૌદમા ગુણસ્થાનકે જેની સત્તા છે પણ ઉદય નથી એવી ૮૩) કર્મ પ્રકૃતિઓનાં પણ સ્પર્ધકો તેટલાં જ થાય છે. ફક્ત તેમાં ૧ સ્પર્ધક ન્યૂન થાય છે. કારણ કે તે અનુદયવતી ૮૩ કર્મપ્રકૃતિઓનું ચરમસમયનું કર્મદલિક ઉદયવતીમાં સ્તિબુક સંક્રમવડે સંક્રમિત થતું હોવાથી ચરમસમયમાં તેનું પોતાના સ્વરૂપે કર્મદલિક ન હોવાથી તેની સત્તા જ નથી તેથી તે એક સ્પર્ધક થતું નથી.

તે માટે તે એક સ્પર્ધકથી હીન એવાં સ્પર્ધકો તે અનુદયવતી કર્મપ્રકૃતિઓનાં થાય છે. આ પ્રમાણે અનુદયવતી ૮૩ નાં સ્પર્ધકો ઉદયવતી કરતાં એક સ્પર્ધક ન્યૂન થાય છે આમ જાણવું.

જો કે આ સ્પર્ધકોની પ્રરૂપણામાં મનુષ્યગતિ વિગેરે કેટલીક કર્મપ્રકૃતિઓનાં સ્પર્ધકો ઉદ્વલના યોગ્ય પ્રકૃતિઓના સ્પર્ધકની નિરૂપણા કરવાના પ્રસંગે તેઉકાય - વાઉકાય આદિમાં જવા વડે ઉદ્વલના કરતાં થતા સ્પર્ધકોની પ્રરૂપણા પહેલાં જ કરી છે તો પણ અહીં ચૌદમા ગુણસ્થાનકે પણ તે કર્મપ્રકૃતિઓના સ્પર્ધકોની પ્રરૂપણ ફરીથી બીજી રીતે પણ જે કહેવાય છે તે ફરીથી પણ પ્રાપ્ત થાય છે તે માટે તેનું ઉપાદાન કરેલ છે. ॥ ૪૯ ॥

***અવતરણ : જેમ સત્તાગત સ્થાનોમાં આ સ્પર્ધકોની પ્રરૂપણા કરી. તે જ પ્રમાણે બંધન - સંક્રમણ આદિ કરણોમાં પણ યથોયોગ્ય રીતે સ્પર્ધકો થાય છે તે આ કથનના અનુસારે તમારે સ્વયં જાણી લેવું આવી ભલામણ કરતા એવા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-***

**संभवओ ठाणाइं, कम्मपएसेहिं होंति नेयाइं ।**
**करणेसु च उदयम्मि य, अणुमाणेणेवमेएण ॥ ५० ॥**

**ગાથાર્થ :** આ જ પ્રમાણે સંભવને અનુસારે આઠ કરણોમાં તથા ઉદયાધિકારમાં પણ કર્મપ્રદેશનાં સ્થાનો સ્વયં પોતાની બુદ્ધિથી અનુમાન વડે જાણી લેવાં. ॥ ૫૦ ॥

**વિવેચન :** एवम् - આ પ્રમાણે પૂર્વે બતાવેલા ક્રમ પ્રમાણે અમે જેમ પ્રદેશ સત્તાસ્થાનોમાં સ્પર્ધકો સમજાવ્યાં છે તે જ પ્રમાણે બુદ્ધિમાં બરાબર સમજાયેલા અનુમાન દ્વારા સંભવને અનુસારે જેમ પ્રદેશોનાં સત્તાસ્થાનો કહ્યાં છે. તેમ આઠ કરણોમાં તથા ઉદયના અધિકારમાં પણ કર્મપ્રદેશોને આશ્રયી સ્થાનો સ્વયં સમજી લેવાં.

તે આ પ્રમાણે બન્ધનકરણમાં જઘન્યયોગસ્થાનકથી પ્રારંભીને યાવત્ ઉત્કૃષ્ટ યોગસ્થાનક સુધી બન્ધને આશ્રયી પ્રદેશોનાં સ્થાનો નિરંતર પ્રાપ્ત થાય છે. તેનું એક સ્પર્ધક થાય છે આ જ પ્રમાણે સંક્રમણ આદિ શેષ કરણોમાં પણ તથા ઉદયાધિકારમાં પણ યથાયોગ્ય રીતે સ્થાનો સ્વયં જાણવાં. ગ્રંથકારશ્રી હવે તેનો વિસ્તાર કરતાં નથી. અથવા ગ્રન્થાન્તરથી પણ આ વાત સમજી લેવી. ॥ ૫૦ ॥

**करणोदयसंताणं, पगइठाणेसु सेसगतिगे य ।**
**भूयक्कारप्पयरो, अवट्ठिओ तह अवत्तव्वो ॥ ५१ ॥**

**ગાથાર્થ :** આઠે કરણોમાં તથા ઉદય અને સત્તામાં પણ પ્રકૃતિસ્થાનોમાં તથા શેષ ત્રણ સ્થાનોમાં (સ્થિતિસ્થાનો અનુભાગસ્થાનો અને પ્રદેશસ્થાનોમાં) ભૂયસ્કાર - અલ્પતર, અવસ્થિત અને અવક્તવ્ય એમ ચાર પ્રકારે સ્થાનો કહેવાં. ॥ ૫૧ ॥

**વિવેચન :** આઠ કરણો તથા ઉદય અને સત્તા સંબંધી પ્રકૃતિસ્થાનોને વિષે તથા શેષ ત્રણ સ્થાનો એટલે કે સ્થિતિસ્થાનો, અનુભાગસ્થાનો તથા પ્રદેશનાં સ્થાનોને વિષે એમ આ ચારે પ્રકારના સ્થાનો વિષે ચાર ભેદો જાણવા. (૧) ભૂયસ્કાર (૨) અલ્પસર (૩) અવસ્થિત અને (૪) અવક્તવ્ય આમ ચાર ચાર ભેદો શાસ્ત્રાન્તરના આધારે જાણવા. (૫૧)

***અવતરણ : ભૂયસ્કાર - અલ્પતર વિગેરે ચારે ભેદોના અર્થ સમજાવે છે :-***

**एगादहिगे पढमो, एगाई उणगम्मि बिइओत्ति ।**
**तत्तियमेत्तो तइओ, पढमे समए अवत्तव्वो ॥ ५२ ॥**

**ગાથાર્થ :** એકાદિ અધિક પ્રકૃતિના બંધાદિ થાય ત્યારે ભૂયસ્કાર કહેવાય છે તેવી જ રીતે એકાદિ ન્યૂન પ્રકૃતિના બંધાદિ થાય ત્યારે અલ્પતર, તેટલી જ માત્ર સંખ્યાના બંધાદિ થાય ત્યારે અવસ્થિત અને (સર્વથા અબંધકાદિ થયા પછી) નવા બંધાદિ ચાલુ કરે ત્યારે પ્રથમ સમયમાં અવક્તવ્ય કહેવાય છે. ॥ ૫૨ ॥

**વિવેચન :** **स्तोक:** થોડી અર્થાત્ અલ્પ પ્રકૃતિના બંધાદિ થયા પછી જયારે એકાદિ (એક-બે-ત્રણ-ચાર) અધિક પ્રકૃતિના બંધાદિ થાય ત્યારે પ્રથમ સમયે પઢમો - એટલે પહેલો ભેદ અર્થાત્ ભૂયસ્કાર કહેવાય છે. એવી જ રીતે પ્રભૂત - ઘણી ઘણી પ્રકૃતિના બંધાદિ થયા પછી અનન્તરપણે એકાદિ ન્યૂન કર્મપ્રકૃતિના બંધાદિ થાય ત્યારે અલ્પતર કહેવાય છે.

તથા પ્રથમ સમયમાં જેટલી કર્મપ્રકૃતિઓના બંધાદિ થતા હોય, તેટલી જ પ્રકૃતિના જો બંધાદિ થાય તો સમાનબંધાદિ થાય તેના પ્રથમ સમયે અવસ્થિત બંધ કહેવાય છે આ ત્રીજો ભેદ જાણવો.

જ્યારે સર્વથા અબંધકાદિ થઈને ફરીથી પણ બન્ધાદિ ચાલુ કરે ત્યારે તે ભેદ બંધાદિનો ચોથો ભેદ એટલે કે અવક્તવ્ય બંધ કહેવાય છે. સર્વથા અબંધક થઈને પુનઃ બંધાદિ જે ચાલુ કર્યા તે ભૂયસ્કારાદિ ઉપરોક્ત ત્રણે નામોમાંથી કોઈ પણ એકનામ વડે કહેવાને શક્ય નથી. કારણ કે પ્રથમ બંધ હતો જ નહીં. તેથી વધારે બંધ થયો એમ પણ ન કહેવાય. ઓછો બંધ થયો એમ પણ ન કહેવાય અને તેટલો ને તેટલો જ બંધ થયો છે એમ પણ ન કહેવાય માટે તેનું નામ **અવક્તવ્ય બંધ** આવું નામ કરેલ છે.

ગાથાના અર્થ પ્રમાણે અહીં વિવેચન સમાપ્ત થાય છે. તો પણ કર્મપ્રકૃતિઓના બંધ - ઉદય - ઉદીરણા અને સત્તા આમ ચારે ભાવોને આશ્રયી ભૂયસ્કારાદિનું સ્વરૂપ પંચસંગ્રહ નામના ગ્રંથને આધારે વિદ્યાર્થીના હિત માટે લખાય છે.

ત્યાં મૂલ આઠ કર્મોનાં ચાર બંધસ્થાનક થાય છે (૧-૬-૭-૮) એકનું, છનું, સાતનું અને આઠનું, ત્યાં સાતાવેદનીય નામનું વેદનીય કર્મ એક બાંધતા જીવને એકનું બંધસ્થાનક હોય છે અને તે બંધસ્થાનક ઉપશાન્તમોહાદિ (ઉપશાન્તમોહ-ક્ષીણમોહ અને સયોગીકેવલી) એમ કુલ ત્રણ ગુણસ્થાનકોમાં હોય છે.

આયુષ્ય અને મોહનીયકર્મ વિના છ કર્મોને બાંધતા જીવોને સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે છ કર્મનો બંધ થાય છે તે ૬ નું બંધસ્થાનક કહેવાય છે. આયુષ્યકર્મ વિના શેષ સાત કર્મોને બાંધતા જીવોને સાતનું બંધસ્થાનક હોય છે અને તે બંધસ્થાનક મિશ્ર અપૂર્વકરણ અને અનિવૃત્તિ બાદરસંપરાય આ ત્રણ ગુણસ્થાનકે સદા હોય છે. બાકીનાં ત્રીજા વિનાનાં ૧ થી ૭ ગુણસ્થાનકોમાં જ્યારે આયુષ્યનો બંધ ન કરે ત્યારે હોય છે તથા આઠે કર્મોના બંધવાળું બંધસ્થાનક મિશ્રગુણસ્થાનકને વર્જીને મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી પ્રમત્ત સંયત ગુણસ્થાનક સુધીનાં છ ગુણસ્થાનકોમાં આયુષ્યના બંધકાલે જાણવું.

ત્યાં ત્રણ ભૂયસ્કારબંધ થાય છે. તે આ પ્રમાણે જાણવા :- ઉપશાન્તમોહ નામના અગિયારમા ગુણસ્થાનકે એક વેદનીય કર્મ રૂપ કર્મપ્રકૃતિ બાંધીને ત્યાંથી પડીને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે આવતાં તેના પ્રથમ સમયે ૬ કર્મપ્રકૃતિ બાંધતાં પ્રથમ સમયે પ્રથમ ભૂયસ્કાર થાય છે. બીજા સમયથી શેષકાલમાં તે ૬ નો બંધ ચાલુ રહેવાથી અવસ્થિત બંધ કહેવાય છે. આ છ ના બંધનો જે ભૂયસ્કાર થયો તે પ્રથમભૂયસ્કાર કહેવાય છે.

એવી જ રીતે દસમા ગુણસ્થાનકથી પડતાં આગળ ઉપર નવમા અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનકે જતાં મોહનીય કર્મની સાથે સાત મૂલકર્મ બાંધતાં પ્રથમ સમયે સાતના બંધનો બીજો ભૂયસ્કારબંધ જાણવો. તે જ સાતના બંધનો બીજા સમયથી શેષકાલમાં અવસ્થિત બંધ જાણવો.

તથા પ્રમત્તાદિ નીચેનાં ગુણસ્થાનકોમાં વર્તતો જીવ સામાન્યથી સાત કર્મ બાંધે છે. તે જીવ સાત કર્મ બાંધતો બાંધતો જ્યારે આયુષ્યકર્મ બાંધવાનું શરૂ કરે ત્યારે અધિકબંધ થવાથી ત્રીજો ભૂયસ્કારબંધ થાય છે આઠનો બંધ શરૂ કર્યા પછી બીજા સમયથી શેષકાલમાં સદા અવસ્થિતબંધ કહેવાય છે. આ પ્રમાણે ત્રણ ભૂયસ્કારબંધ જાણવા.

તથા ત્રણ અલ્પતરબંધ થાય છે તે આ પ્રમાણે જાણવા. મૂલકર્મ આઠ બાંધતાં બાંધતાં જ્યારે આયુષ્યકર્મ બંધાઈ રહે ત્યારે આયુષ્યકર્મ વિના સાત કર્મ બાંધે ત્યારે પ્રથમ સમયે પ્રથમ અલ્પતર બંધ થાય છે શેષ કાલે આ સાત જ્યાં સુધી બાંધે ત્યાં સુધી અવસ્થિત બંધ કહેવાય છે.

સાત કર્મોને બાંધતો બાંધતો તે જીવ જ્યારે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે આવે ત્યારે મોહનીય વિના છ કર્મો બાંધે છે ત્યારે પ્રથમ સમયે બીજો અલ્પતરબંધ થાય છે. પ્રથમ સમય પછી શેષકાળમાં તે બંધ અવસ્થિતબંધ કહેવાય છે.

સૂક્ષ્મસંપરાયે છ કર્મનો બંધ કર્યા પછી ઉપશાન્ત મોહે અથવા ક્ષીણમોહે જતાં એક વેદનીયકર્મ બાંધે છે ત્યારે પ્રથમસમયે ત્રીજો અલ્પતરબંધ થાય છે. પ્રથમ સમય પછી શેષકાલમાં જ્યાં સુધી એકનો બંધ ચાલે ત્યાં સુધી તે અવસ્થિત બંધ કહેવાય છે.

તે આ પ્રમાણે મૂલકર્મોના બંધસ્થાનકોમાં ત્રણ ભૂયસ્કાર અને ત્રણ અલ્પત્તર થાય છે. તથા ચાર અવસ્થિત બંધ થાય છે. કારણ કે ચારે પણ બંધસ્થાનકમાં જીવ જ્યારે પ્રવેશ કરે ત્યારે પ્રથમ સમય વિના શેષ સમયોમાં સર્વત્ર અવસ્થિતબંધ થાય છે. આ વાત આ રીતે બરાબર સમજાય તેવી છે.

અવક્તવ્યબંધ નામનો ચોથો ભેદ મૂલ આઠ કર્મોના બંધમાં સંભવતો નથી. કારણ કે મૂલ આઠે કર્મોનો સર્વથા અબંધક અયોગિકેવલી ગુણસ્થાનકે જીવ થાય છે ત્યાંથી ફરીથી બંધ થવાનો સંભવ નથી. સર્વથા કર્મોનો બંધ અટક્યા પછી પુનઃ બંધ શરૂ થવાનો અસંભવ છે. તે માટે અવક્તવ્યબંધ થતો નથી. આ મૂલ કર્મોના ચાર બંધસ્થાનકમાં ભૂયસ્કારાદિ કહ્યા.

હવે ઉદયસ્થાનકોમાં તે ભૂયસ્કારાદિ સમજાવવા છે તે માટે મૂલકર્મોનાં ઉદયસ્થાનકો પ્રથમ સમજાવે છે. તે ત્રણ છે (૮-૭-૪) આઠ કર્મનું, સાત કર્મનું અને ચાર કર્મનું. ત્યાં આઠનો ઉદય મિથ્યાત્વથી સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક સુધી હોય છે. તેમાંથી મોહનીયકર્મ વિના સાતનો ઉદય ઉપશાન્તમોહે તથા ક્ષીણમોહે હોય છે. ચાર ઘાતીકર્મો વિના શેષ ચાર અઘાતિનો ઉદય તેરમા ચૌદમા ગુણસ્થાનકે કેવલી ભગવંતોને હોય છે. આ ત્રણ ઉદયસ્થાનોમાં એક જ ભૂયસ્કાર થાય છે. ઉપશાન્ત મોહ ગુણસ્થાનકે સાતકર્મના ઉદયવાળો થઈને પતન પામીને જ્યારે દસમા ગુણસ્થાનકે જાય ત્યારે અથવા કાળ કરીને અનુત્તરમાં જાય અને ચોથા ગુણસ્થાનકે જાય ત્યારે આઠ કર્મના ઉદયવાળો થાય છે તેથી આઠ કર્મના ઉદયના પ્રારંભકાળે પ્રથમ સમયે પહેલો ભૂયસ્કાર. આ એક જ ભૂયસ્કાર ઉદયને આશ્રયી થાય છે. કારણ કે

ચારનો ઉદય સયોગીકેવલી અને અયોગીકેવલીને હોય છે ત્યાંથી પડવાનો સંભવ નથી. તેથી બીજો ભૂયસ્કાર થતો નથી.

અલ્પત્તર બે થાય છે. આઠના ઉદયવાળો જીવ અગિયારમે અથવા બારમા ગુણસ્થાનકે જાય ત્યારે સાતનો ઉદય થાય ત્યાં પ્રથમ સમયે પ્રથમ અલ્પતર, ત્યાંથી સયોગિકેવલી ગુણસ્થાનકે જાય ત્યારે પ્રથમ સમયે બીજો અલ્પતર એમ કુલ બે અલ્પતર થાય છે.

તથા આઠના સાતના અને ચારના ઉદયસ્થાને જતાં ત્રણે સ્થાનોમાં બીજા સમયથી ત્રણે અવસ્થિત કહેવાય છે તે માટે ત્રણ અવસ્થિત થાય છે.

અવક્તવ્ય તો સંભવતા જ નથી. કારણ કે સર્વથા કર્મોનો અવેદક જીવ થાય ત્યારે સિદ્ધ અવસ્થા પામે છે તેવા જીવને ફરીથી કર્મોને વેદવાનો પ્રારંભ જ થતો નથી. માટે અવક્તવ્ય સંભવતા નથી. આ પ્રમાણે ઉદયમાં ભૂયસ્કરાદિ સમજવાં.

ઉદીરણાનાં મૂલકર્મોનાં સ્થાનો પાંચ છે (૮-૭-૬-૫-૨) આઠ-સાત-છ-પાંચ અને બે એમ કુલ પાંચ ઉદીરણાસ્થાન છે ત્યાં ત્રણ ભૂયસ્કારબંધ થાય છે.

ઉપશાન્તમોહ ગુણસ્થાનકે આવ્યો છતો મૂલ પાંચ કર્મોનો આ જીવ ઉદીરક થઈને ત્યાંથી પડ્યો છતો સૂક્ષ્મસંપરાયે આવે ત્યારે છ મૂલકર્મોનો ઉદીરક થાય છે ત્યાંથી પણ પડતો પ્રમત્તસંયત આદિ ગુણ સ્થાનકોમાં આવ્યો છતો મૃત્યુકાલની છેલ્લી આવલિકા હોય ત્યારે આયુષ્યકર્મ વિના શેષ સાતકર્મોની ઉદીરણા કરનાર જીવ થાય છે અને જો છેલ્લી આવલિકા ન હોય અને વધારે આયુષ્ય બાકી હોય તો ત્યારે આઠ કર્મોનો ઉદીરક બને છે બે પ્રકૃતિનું ઉદીરણાસ્થાન બારમા ગુણસ્થાનકે છેલ્લી એક આવલિકામાં અને સયોગિ કેવલી ભગવાનને હોય છે. બેના ઉદયવાળા જીવો ક્ષીણમોહ અને સયોગીકેવલી હોવાથી અને તેઓનું પતન ન થતું હોવાથી બારમા અને તેરમા ગુણઠાણા વાળામાંથી કોઈ જીવ ક્યારેય પણ પતન પામતા નથી. તે માટે ઉદીરણામાં ૮-૭-૬ના એમ ત્રણ જ ભૂયસ્કાર થાય છે.

ઉપશાન્તમોહે પાંચની ઉદીરણા કરતો જીવ દસમે આવે ત્યારે છની ઉદીરણા કરે ત્યારે પ્રથમ સમયે પહેલો ભૂયસ્કાર, ઉપશાન્તમોહથી પડતાં પડતાં દસમે થઈને ક્રમસર નીચે ઉતરતાં પ્રમત્તગુણસ્થાનકે જ્યારે આવે ત્યારે મૃત્યુની અન્તિમ આવલિકા આવી હોય તો સાતની ઉદીરણા થાય ત્યારે બીજો ભૂયસ્કાર અને મૃત્યુની છેલ્લી આવલિકા ધારો કે ન આવી હોય પણ અધિક કાળ બાકી હોય તો વેદનીય અને આયુષ્યકર્મની ઉદીરણા ચાલુ થવાથી આઠની ઉદીરણા થાય ત્યારે પ્રથમસમયે ત્રીજો ભુયસ્કાર થાય છે.

તથા ઉદીરણામાં ચાર અલ્પતર સ્થાનો થાય છે. આઠનો અલ્પતર થતો નથી બાકી આઠમાંથી મૃત્યુની છેલ્લી આવલિકા આવે ત્યારે સાતની ઉદીરણા થાય તે પ્રથમ અલ્પતર, અને શ્રેણિમાં આગળ વધે ત્યારે આયુષ્ય અને વેદનીય આ બન્ને કર્મોની ઉદીરણા છઠ્ઠા ગુણસ્થાનકથી ઉપર થતી નથી તેથી આઠમાંથી છની ઉદીરણા થાય ત્યારે પ્રથમ સમયે બીજો અલ્પતર ત્યાંથી દસમા ગુણસ્થાનકે આવતાં તેની છેલ્લી આવલિકામાં મોહનીય કર્મની ઉદીરણા ન રહેવાથી પાંચની ઉદીરણા થાય ત્યારે પ્રથમ સમયે ત્રીજો અલ્પતર થાય છે ત્યાંથી ક્ષપકશ્રેણિમાં બારમા ગુણસ્થાનકે ચઢતાં છેલ્લી એક આવલિકા આવે ત્યારે જ્ઞાનાવરણીય - દર્શનાવરણીય અને અંતરાયકર્મ એમ ત્રણ કર્મોની ઉદીરણા ન રહેવાથી શેષ બે જ કર્મોની ઉદીહરણા થાય છે તે કાલે પ્રથમ સમયે ચોથો અલ્પતર થાય છે આમ કુલ અલ્પતર સાતનો, છનો, પાંચનો અને બેનો એમ ચાર થાય છે.

અવસ્થિત ઉદય કુલ પાંચ થાય છે કારણ કે પાંચે ઉદીરણા સ્થાનોનો કાળ એક સમય કરતાં વધારે છે. તેથી પ્રથમ સમય વિના શેષ સમયોમાં તે અવસ્થિત કહેવાય છે.

અવક્તવ્ય તો અહીં પણ નથી જ. કારણ કે સર્વથા ઉદીહરણાનો વિચ્છેદ તેરમા ગુણસ્થાનકના અંતે થાય છે. ત્યાંથી પતનનો અભાવ છે માટે સર્વથા ઉદીરણા અટક્યા પછી ફરીથી ઉદીરણા શરૂ થવાનો અભાવ છે તે માટે અવક્તવ્ય થતો નથી. આ પ્રમાણે ઉદીરણામાં ભૂયસ્કારાદિ સમજાવ્યાં.

હવે સત્તાસ્થાનોમાં ભૂયસ્કારાદિ સમજાવે છે. મૂલકર્મોનાં સત્તાસ્થાનો ત્રણ છે. આઠનું સાતનું અને ચારનું. અહીં ભૂયસ્કાર એક પણ થતો નથી. કારણ કે સાતની સત્તા બારમે અને ચારની સત્તા તેરમે ચૌદમે હોય છે. આવા સાતની અને ચારની સત્તાવાળા ક્ષીણમોહાદિ જીવોનો પ્રતિપાત ન થતો હોવાથી આઠની સત્તા થવાનો સંભવ નથી. માટે ભૂયસ્કાર થતા નથી.

અલ્પતર બે થાય છે. સાતનો અને બેનો, આઠની સત્તાવાળો જીવ બારમા ગુણઠાણે આવે ત્યારે મોહનીય કર્મની સત્તાનો ક્ષય થયેલ હોવાથી સાતની સત્તા શરૂ થાય છે ત્યાં પ્રથમ સમયે પ્રથમ અલ્પતર અને તે જ જીવ તેરમા ગુણઠાણે જાય ત્યારે ચારની સત્તા થાય છે ત્યારે ચારની સત્તાના પ્રથમ સમયે બીજો અલ્પતર એમ બે અલપતર જાણવા.

તથા ત્રણે સત્તાસ્થાનોમાં બીજા સમયથી ત્રણ અવસ્થિત જાણવા. અવક્તવ્ય તો અહીં પણ હોતો નથી. કારણ કે સર્વકર્મોની સત્તાનો ક્ષય થયા પછી પુનઃ સત્તા આવવાનું બનતું જ નથી. ફરીથી કર્મોની સત્તા થવાનો જ અસંભવ છે.

**આ પ્રમાણે મૂલ કર્મોમાં બંધ-ઉદય ઉદીરણા અને સત્તાસ્થાનોમાં ભૂયસ્કારાદિ સમજાવ્યા.**

--o--

હવે ઉત્તરપ્રકૃતિઓમાં આ ભૂયસ્કારાદિ કહીશું.

ત્યાં દર્શનાવરણીય કર્મનાં ત્રણ બન્ધસ્થાનકો છે. નવનું, છનું અને ચારનું (૯-૬-૪). ત્યાં દર્શનાવરણીય કર્મની સર્વપ્રકૃતિઓનો જે બંધ તે નવનો બંધ, આ બંધ પહેલા અને બીજા એમ બે ગુણસ્થાનકે હોય છે. ત્યાંથી આગલા ગુણસ્થાનકોમાં ચઢતાં સ્ત્યાનર્દ્ધિત્રિકના બન્ધનો વિચ્છેદ થતાં મિશ્રદષ્ટિ આદિ ગુણસ્થાનકોમાં છનો બંધ થાય છે. ત્યારે છના બંધના પ્રથમ સમયે પ્રથમ અલ્પતર બંધ થાય છે. આ છનું બંધસ્થાનક મિશ્રદષ્ટિ ગુણસ્થાનકથી યાવત્ અપૂર્વકરણ ગુણસ્થાનકના પ્રથમ ભાગ સુધી જ હોય છે.

ત્યારબાદ નિદ્રા અને પ્રચલા આ બન્નેના બન્ધનો વ્યવચ્છેદ થયે છતે ચારનો બંધ કરતા જીવને પ્રથમ સમયે બીજો અલ્પતર થાય છે આ ચાર પ્રકૃતિનું બંધસ્થાનક અપૂર્વકરણના બીજા ભાગથી યાવત્ સૂક્ષ્મસંપરાય સુધી હોય છે.

હવે ઉપશમ શ્રેણિથી પતન પામતો જીવ દસમા ગુણઠાણે આવી ચારનો બંધ ચાલુ કરીને પડતો પડતો આઠમાના પહેલા ભાગે આવે ત્યારે છનો બંધ કરે ત્યારે તે છના બંધના પ્રથમ સમયે પ્રથમ ભૂયસ્કાર અને ત્યાંથી વધારે પડતો જીવ પહેલા - બીજા ગુણઠાણે જ્યારે આવે ત્યારે નવનો બંધ કરે તેના પ્રથમ સમયે બીજો ભૂયસ્કાર થાય છે.

નવના છના અને ચારના એમ ત્રણે બંધસ્થાનકોમાં બીજા સમયથી તેની તે જ નવ-છ અને ચાર બાંધતા જીવોને આશ્રયી ત્રણ અવસ્થિતબંધ થાય છે.

દર્શનાવરણીય કર્મમાં હવે અવક્તવ્યબંધ સમજાવે છે. ઉપશાન્ત મોહ ગુણસ્થાનકે આરૂઢ થયેલા જીવો દર્શનાવરણીય કર્મના સર્વથા અબન્ધક થયા છે જ્યારે ત્યાંથી પડે છે ત્યારે અદ્ધાક્ષયથી જો પડે તો દશમા ગુણઠાણે આવે ત્યાં દર્શનાવરણીય કર્મનો ચારનો બંધ કરે છે. ત્યારે પ્રથમ સમયે પહેલો અવક્તવ્ય. કારણ કે ભૂયસ્કારાદિમાંના કોઈનું પણ લક્ષણ ત્યાં ઘટતું નથી કારણ કે સર્વથા અબન્ધક હતો અને બન્ધ ચાલુ કર્યો છે. તે વધારો થયો એમ પણ ન કહેવાય તથા ઘટાડો થયો એમ પણ ન કહેવાય તથા પહેલાં જેટલી બાંધતો હતો તેટલી જ હાલ પણ બાંધે છે એમ પણ ન કહેવાય. તેથી एकेनापि प्रकारेण वक्तुम शक्यत्वात् अवक्तव्यः આવો અર્થ કરવો.

સર્વ બન્ધસ્થાનકોમાં બીજા સમયથી અવસ્થિત બંધ કહેવાય છે. જ્યારે ઉપશાન્તમોહ ગુણસ્થાનકથી જ મનુષ્યના આયુષ્યકર્મનો ક્ષય થવાથી અનુત્તરવાસી દેવમાં ઉત્પન્ન થાય ત્યારે ત્યાં પ્રથમસમયે જ ચોથુ ગુણસ્થાનક આવવાથી છનો બંધ કરે છે ત્યારે બીજો અવક્તવ્યબંધ જાણવો. સર્વત્ર બીજા આદિ સમયોમાં અવસ્થિતબંધ કહેવાય છે. આ પ્રમાણે દર્શનાવરણીય કર્મમાં બે ભુયસ્કારબંધ, બે અલ્પતરબંધ થાય છે તથા અવસ્થિતબંધ ઉપરથી આવતાં અને નીચેથી ચઢતાં જુદા જુદા ગણીએ તો છ અવસ્થિતબંધ થાય છે તો પણ સંખ્યા તુલ્ય હોવાથી તથા બંધસ્થાનક ત્રણ જ છે તે માટે તે અવસ્થિતના ભેદો પણ ત્રણ જ ગણાય છે તથા અવક્તવ્યબંધ બે જ થાય છે.

હવે મોહનીયકર્મના ભૂયસ્કારાદિ સમજાવાય છે. તે માટે પ્રથમ તેનાં બન્ધસ્થાનક કહેવાય છે. મોહનીય કર્મનાં કુલ ૧૦ બંધસ્થાનક છે બાવીશ-એકવીસ-સત્તર-તેર-નવ-પાંચ-ચાર-ત્રણ-બે અને એક એમ કુલ ૧૦ બંધસ્થાનકો છે ત્યાં બાવીસનું પ્રથમ બંધસ્થાનક મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે છે. એકવીશનું બીજું બંધસ્થાનક સાસ્વાદને હોય છે સત્તરનું ત્રીજું બંધસ્થાનક ત્રીજે અને ચોથે અર્થાત્ મિશ્રદષ્ટિને અને અવિરત સમ્યગ્દષ્ટિને હોય છે તેરનું બંધસ્થાનક દેશવિરતિધરને હોય છે નવનું બંધસ્થાનક પ્રમત્તમુનિ અપ્રમત્તમુનિ તથા અપૂર્વકરણ ગુણસ્થાનકવર્તી મહાત્માઓને હોય છે પાંચથી માંડીને એક સુધીનાં પાંચે બંધસ્થાનકો અનિવૃત્તિ-ગુણસ્થાનકના પ્રથમ ભાગથી યાવત્ પાંચમા ભાગ સુધી ક્રમસર હોય છે.

આ દશ બંધસ્થાનકોમાં નવ ભૂયસ્કારો થાય છે કારણ કે ઉપશમ શ્રેણિથી પડતાં પ્રથમ સંજ્વલન લોભનો બંધ શરૂ થાય છે ત્યારે એકનો બંધ, ત્યાંથી નીચે ઉતરતાં ઉતરતાં એકના બંધથી આરંભીને અનુક્રમે બધાં બંધસ્થાનકો સમજી લેવાં. એકના બંધનો ભૂયસ્કાર થતો નથી. તેથી તે વિના ૯ ભૂયસ્કાર જાણવા.

અલ્લતરબંધો આઠ થાય છે. કારણ કે બાવીસના બંધથી એકવીસના બંધે, ગમન થતું નથી તથા એકવીસના બંધથી સત્તરના બંધે ગમન સંભવતું નથી. કારણ કે બાવીસનો બંધ મિથ્યાદષ્ટિ જીવને થાય છે અને એકવીસનો બંધ સાસ્વાદને થાય છે. પરંતુ મિથ્યાદષ્ટિ જીવ અનન્તરપણે સાસ્વાદને જતો નથી. સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને પછી પડતાં જ સાસ્વાદને જાય છે તેથી ૨૨ ના બંધથી ૨૧ નો બંધ આવતો નથી. પરંતુ ૨૨ ના બંધથી ૧૭ ના બંધે જઈને પછીથી ૨૧ ના બંધે આવે છે અને આમ થાય તેમાં ૧૭ ના બંધથી ૨૧ ના બંધે જતાં વધારો થવાથી ભૂયસ્કાર થયો કહેવાય છે પણ અલ્પતર થયો ન કહેવાય. તે માટે ૨૨ નો અને ૨૧ નો એમ બે અલ્પતર થતા નથી. બાકીના આઠ અલ્પતર થાય છે ૨૧ નો બંધ સાસ્વાદની જીવને છે તે નિયમા મિથ્યાત્વે જ જાય છે તે કારણથી ૧૭ ના બંધવાળું

મિશ્રદૃષ્ટિપણું તથા અવિરત સમ્યગ્દૃષ્ટિપણું તેવા જીવને આવતું નથી. પરંતુ બાવીસના બંધથી મિશ્રગુણઠાણે અને અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે જતાં સત્તરનું અલ્પતર થાય છે. માટે ૨૨નો અને ૨૧ નો એમ બે અલ્પતર થતા નથી.

અવસ્થિતબંધ ૧૦ હોય છે. કારણ કે "અવસ્થિત બંધ સર્વ ઠેકાણે બન્ધસ્થાનકની સમાન જાણવા." આવું મહાત્માપુરુષોનું વચન પ્રમાણ છે. તથા અવક્તવ્યબંધ ૧ નો અને ૧૭ નો એમ બે થાય છે.

તે બન્ને ઉપન્તમોહગુણસ્થાનકથી અધ્ધાક્ષયે પડનારાનું તથા ભવક્ષયે પડનારા જીવનું પતન થાય ત્યારે અનુક્રમે દસમું અને ચોથું ગુણસ્થાનક આવવાથી ૧ ના બંધનો તથા ૧૭ ના બંધનો અવક્તવ્યબંધ થાય છે.

હવે નામકર્મનાં બંધસ્થાનકાદિ સમજાવે છે ત્યાં બંધસ્થાનક આઠ છે. (૨૩-૨૫-૨૬-૨૮-૨૯-૩૦-૩૧ અને ૧) ત્રેવીસ, પચ્ચીસ, છવ્વીસ, અઠ્ઠાવીસ, ઓગણત્રીસ, ત્રીસ, એકત્રીસ અને એક એમ કુલ આઠ બંધસ્થાનકો છે. આ આઠે બંધસ્થાનકો જુદા જુદા જીવોની અપેક્ષાએ જુદી જુદી રીતે થાય છે. તે સપ્તતિકા નામનો છઠ્ઠો કર્મગ્રંથ તથા પંચસંગ્રહનો ત્રીજો ભાગ ઇત્યાદિ ગ્રંથોમાંથી સમજી લેવાં.

ત્યાં ભૂયસ્કાર છ થાય છે. ત્રેવીસના બંધથી પચ્ચીસ આદિથી એકત્રીસ સુધીના બંધોમાં ગમન થતું હોવાથી છ ભૂયસ્કાર થાય છે. જો કે એકત્રીસના બંધથી ઉતરીને આઠમા ગુણસ્થાનકના સાતમાં ભાગે એક પ્રકૃતિનો (યશઃ નામકર્મનો) બંધ પણ થાય છે. પરંતુ તેમાં વધવા પણુ નથી. ઘટવાપણું છે. આ કારણથી બંધસ્થાનક આઠ હોવા છતાં પણ તેની વચ્ચે ભૂયસ્કારો છ જ સંભવે છે. ૨૩ ના બંધનો અને એકના બંધનો એમ બે બંધસ્થાનકના ભૂયસ્કારો થતા નથી.

**પ્રશ્ન :** ૩૧ અને ૩૦ આદિ બંધસ્થાનક કરતો કરતો જીવ આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી જાય ત્યાર પછી આગળ જતાં એકનો બંધ થાય ત્યારે વૃદ્ધિ થતી નથી પણ હાનિ થાય છે. માટે ભૂયસ્કાર ભલે ન ગણાય. પરંતુ ઉપશમ શ્રેણિથી પ્રતિપાતકાલે અર્થાત્ પતન પામે ત્યારે એક યશઃ નામકર્મનો બંધ કરીને આઠમા ગુણસ્થાનકે આવતાં ૩૧-૩૦ વિગેરેનો બંધ થાય છે. તે તો વૃદ્ધિ જ થઈ કહેવાય તેથી તેનો ભૂયસ્કાર ગણવો જોઈએ. તે કેમ કહ્યો નથી ? જો આ રીતે ભૂયસ્કાર કહો તો કુલ સાત ભૂયસ્કાર થાય ? તો છ જ કેમ કહ્યા ? તથા વળી આ વાત યોગ્ય છે કે કારણ કે શાસ્ત્રાન્તરમાં એટલે બીજા શાસ્ત્રોમાં સાત ભૂયસ્કારોનું કથન કરેલું છે. શતક નામના ગ્રન્થની ચૂર્ણિમાં આ પ્રમાણે કહ્યું પણ છે.

તે પાઠ આ પ્રમાણે "एक्काओ वि एक्कतीसं जाइत्ति भूयगारा सत्त" આવો પાઠ પણ છે ? તો અહીં છ જ ભૂયસ્કારો થાય એમ કેમ કહો છો ?

**ઉત્તર :** तदयुक्तम् - ઉપરનો પ્રશ્ન અયુક્ત છે અર્થાત્ ખોટો છે. બરાબર નથી. ૩૧ ના બંધનો ભૂયસ્કાર છ ભૂયસ્કારોમાં ગણાઈ જ ગયો છે. પછી ૨૮ આદિના બંધથી ૩૧ ના બંધે આવે કે ૧ ના બંધથી ૩૧ ના બંધે આવે તે બન્ને સમાન જ છે. તેને પૃથગ્ભાવરૂપે ગણાતો નથી. કારણ કે અવધિના ભેદથી ભૂયસ્કારોનો ભેદ ગણાતો નથી જો આમ ગણવા જઈએ તો અનેક ભૂયસ્કારો થઈ જાય. ૩૦ નો બંધે પણ ૨૮ ના બંધથી પણ અવાય છે અને એકના બંધથી પણ પડતાં અવાય છે. એમ દરેક બંધસ્થાનોમાં અનેક પ્રકારે બંધ સંભવે છે. તેથી સાત ભૂયસ્કાર પણ ન રહે. અનેક ભૂયસ્કાર થઈ જાય.

તે આ પ્રમાણે : ક્યારેક ૨૮ નો બંધ કરતો જીવ આહારક દ્વિક અને જિનનામ બાંધવાનું શરૂ કરે ત્યારે ૩૧ ના બંધે જાય અને ક્યારેક ૨૯ ના બંધથી પણ ૩૧ ના બંધે જાય. ક્યારેક ૩૦ ના બંધથી પણ ૩૧ ના બંધે જાય. ક્યારેક પતન પામતાં ૧ ના બંધથી પણ ૩૧ ના બંધે જાય. તો ૩૧ નો ભૂયસ્કાર અનેક રીતે થયો છે એમ ગણવું પડે.

તથા અપર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩ બાંધતો એવો પંચેન્દ્રિયજીવ પણ સારા પરિણામ થવાથી દેવપ્રાયોગ્ય અને વધારે અશુભ પરિણામ થવાથી નરક પ્રાયોગ્ય ૨૮ જેમ બાંધે છે તેમ ક્યારેક એકેન્દ્રિય પર્યાપ્તા પ્રાયોગ્ય ૨૫ બાંધતો જીવ પણ ૨૮ નો બંધ કરનાર બને છે. આ રીતે કોઈ પણ એક બંધ સ્થાનકે અનેક સ્થાનેથી અવાય છે તેથી આમ જો ભૂયસ્કાર કહેવા જઈએ તો સાતથી પણ અધિક ઘણા ભૂયસ્કારો થઈ જાય "न चैतदिष्टम्" - આ વાત ઈષ્ટ નથી. આ પ્રમાણે અવધિભેદથી ભૂયસ્કારોનો ભેદ ગણાતો નથી. માટે છ જ ભૂયસ્કારના ભેદો છે. શતકચૂર્ણિ આદિ ગ્રંથોમાં જે સાત ભૂયસ્કારનું કથન છે. તે પણ જ્યાં જ્યાં ચાલુ બંધ કરતાં अनुत्तीर्ण - અધિક ન હોય તેવી અવધિવાળો ભેદ એ જુદા જુદા ભૂયસ્કારનું પ્રયોજક નથી. પરંતુ વિવક્ષિત એવા તે બંધથી उत्तीर्ण - અધિક અવધિવાળો બંધ હોય તો જ જુદો ભૂયસ્કાર ગણવાનું કારણ બને છે. આટલી ચર્ચા પ્રસંગના અનુસારે કરી છે જ્યાં સાત ભૂયસ્કારનું કથન કર્યું છે ત્યાં પણ પરમાર્થથી તો છ ભૂયસ્કારમાં અન્તર્ભાવ જ જાણવો. પરમાર્થે સાત નથી પણ છ જ છે. ભિન્ન ભિન્ન વિપક્ષાથી સાતનું કથન કરેલું જાણવું.

અલ્પતરો સાત છે. કોઈ મનુષ્ય અપ્રમત્ત સાધુતાવાળો હોય અને આહારક તથા તીર્થંકર નામકર્મ બાંધતો હોય ત્યારે દેવપ્રાયોગ્ય નામકર્મની ૩૧ પ્રકૃતિઓ તે જીવ બાંધે

છે. ૩૧ બાંધતા એવા તે અપ્રમત્ત મુનિ કાલધર્મ પામી દેવલોકમાં જાય ત્યારે મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિ બાંધે આ પ્રથમ અલ્પતર થયો કહેવાય છે.

દેવભવથી ચ્યવીને મનુષ્યમાં આવે ત્યારે તીર્થંકરનામકર્મ સાથે દેવપ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિ બાંધતાં બીજો અલ્પતર થાય છે. તથા ક્ષપકશ્રેણિ ઉપર અથવા ઉપસમશ્રેણિ ઉપર ચઢે ત્યારે આઠમા ગુણઠાણાના છઠ્ઠા ભાગથી આગળ જાય ત્યારે ૨૮-૨૯-૩૦-૩૧ એમ ૨૮ આદિ કોઈ પણ બંધસ્થાનકમાં વર્તતો જીવ એક યશઃ નામકર્મવાળું બંધસ્થાનક બાંધે ત્યારે ૧ ના બંધનો અલ્પતર થાય છે તેથી ૩૧ વિના બાકીના સાતે બંધના સાત અલ્પતર થઈ શકે છે. ફક્ત ૩૧ના બંધથી અધિકબંધ ન હોવાથી ૩૧ ના બંધનો અલ્પતર થતો નથી.

તથા આઠે બંધસ્થાનકનો કાળ ૧ સમય કરતાં ઘણો વધારે છે તેથી જે કોઈ બંધસ્થાનક બંધાય તેનો બીજા સમયે અવસ્થિતબંધ થાય છે તે માટે અવસ્થિતબંધ આઠ છે.

અવક્તવ્યબંધ ત્રણ થાય છે. તે આ પ્રમાણે : ઉપશાન્તમોહ વાળી અગિયારમા ગુણ-સ્થાનકની અવસ્થામાં નામકર્મનો સર્વથા અબંધક થઈને ઉપશાન્ત અવસ્થાનો જે અંતર્મુહૂર્ત કાળ છે તે કાળ સમાપ્ત થવાથી તે જીવ દસમા ગુણઠાણે જ્યારે આવે છે ત્યારે અબંધક થઈને ફરીથી યશઃ નામકર્મરૂપ એકકર્મ બાંધે છે ત્યારે પ્રથમ સમયે પ્રથમ અવક્તવ્ય બંધ થાય છે.

તથા ઉપશાન્તમોહવાળી અવસ્થામાં જ આયુષ્યનો ક્ષય થવાથી જ્યારે અનુત્તરવાસી દેવોમાં તે જીવ ઉત્પન્ન થાય છે. ત્યારે તે દેવભવના પ્રથમ સમયે જ મનુષ્યગતિ પ્રાયોગ્ય તીર્થંકર નામકર્મ સાથે ૩૦ પ્રકૃતિ બાંધતાં બીજો અવક્તવ્યબંધ થાય છે અને જો તીર્થંકર નામકર્મ નથી બંધાતું જેને એવો જીવ હોય તો તે જીવને તીર્થંકરનામકર્મ વિના મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિઓ બાંધતાં ૨૯ ના બંધના પ્રથમ સમયે ત્રીજો અવક્તવ્યબંધ થાય છે. આ પ્રમાણે નામકર્મમાં ૬ ભૂયસ્કારબંધ, ૭ અલ્પતરબંધ, અને ૮ અવસ્થિત બંધ અને ૩ અવક્તવ્યબંધ થાય છે.

બાકી રહેલાં જ્ઞાનાવરણીય, વેદનીય, આયુષ્ય, ગોત્રકર્મ અને અંતરાયકર્મ આ પાંચે કર્મોમાં એક એક જ બંધસ્થાનક હોય છે. ત્યાં જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મમાં પાંચ પ્રકૃતિના સમુદાયવાળું બંધસ્થાનક અને વેદનીય આયુષ્ય તથા ગોત્રકર્મમાં વિવક્ષિત એવી કોઈ પણ એક જ પ્રકૃતિ વાળું બંધસ્થાનક હોય છે તેથી વધારો કે ઘટાડો થતો નથી. તે માટે ભૂયસ્કાર કે અલ્પતર થતા નથી. આ પાંચે કર્મોમાં વિવક્ષિત પાંચનું અને એકનું બંધસ્થાનક ઘણો લાંબો કાળ અવસ્થિતપણે બંધાય છે તેથી અવસ્થિતબંધ પણ એક જ થાય છે.

તથા અવક્તવ્યબંધ પણ વેદનીયકર્મને વર્જીને બાકીનાં ચારે કર્મોનો એક એક અવક્તવ્યબંધ થાય છે ત્યાં જ્ઞાનાવરણીય તથા અંતરાયકર્મનો ઉપશાન્તમોહ ગુણસ્થાનકથી અદ્ધાક્ષયે અથવા ભવક્ષયે પ્રતિપાત થયે છતે બન્ને કર્મોનો પાંચ પાંચ પ્રકૃતિવાળો બંધ કરતાં પ્રથમ સમયે એક એક અવક્તવ્યબંધ થાય છે.

ગોત્રકર્મનો ઉપશાન્તમોહ ગુણસ્થાનકથી બન્ને પ્રકારે (અદ્ધા ક્ષયે અથવા ભવક્ષયે) પતન પામેલા જીવને કેવલ એક ઉચ્ચગોત્ર જ બંધાય છે. ત્યારે એકના બંધવાળો એક અવક્તવ્યબંધ થાય છે તથા આયુષ્યકર્મમાં બન્ધનો આરંભ કરે ત્યારે આયુષ્યકર્મની તે તે પ્રકૃતિ બાંધતા જીવને પ્રથમ સમયે તે તે આયુષ્ય કર્મની એક એક પ્રકૃતિરૂપના બંધરૂપ એક અવક્તવ્યબંધ થાય છે તથા વેદનીય કર્મમાં અવક્તવ્યબંધ સર્વથા થતો જ નથી. કારણ કે તેનો સર્વથા અબંધક અયોગિગુણઠાણે થાય છે અને તે અયોગિઅવસ્થા આવે છતે વેદનીય કર્મના બંધનો વ્યવચ્છેદ થયે છતે ત્યાંથી પતનનો અભાવ હોવાથી ફરીથી બંધનો સંભવ નથી માટે વેદનીયકર્મમાં અવક્તવ્યબંધ થતો નથી.

તે આ પ્રમાણે જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મોમાં એક એક કર્મની ઉત્તરપ્રકૃતિઓનાં બન્ધસ્થાનકોમાં ભુયસ્કારાદિ કહ્યા. હવે સામાન્યપણે ૧૨૦ એમ સર્વ ઉત્તર પ્રકૃતિઓનાં બન્ધસ્થાનકોમાં તે ભૂયસ્કારાદિ એટલે ભૂયસ્કાર અલ્પતર - અવસ્થિતબંધ અને અવ્યક્તવ્યબંધ કહેવાય છે.

ત્યાં સર્વ ઉત્તર પ્રકૃતિઓનાં બંધસ્થાનક તે સામાન્યથી (૨૯) ઓગણત્રીસ છે. તે આ પ્રમાણે એક, સત્તર, ત્યારબાદ એક એક અધિક યાવત્ બાવીસ સુધી, ત્યારબાદ છવીસ, ત્યાર પછી ત્રેપનથી પ્રારંભીને બાસઠ વિના ચુમ્મોત્તર સુધી એમ કુલ ૨૯ બંધસ્થાનકો થાય છે. (૧-૧૭-૧૮-૧૯-૨૦-૨૧-૨૨-૨૬, ૫૩-૫૪-૫૫-૫૬-૫૭-૫૮-૫૯-૬૦-૬૧-૬૩-૬૪-૬૫-૬૬-૬૭-૬૮-૬૯-૭૦-૭૧-૭૨-૭૩-૭૪ એમ કુલ ૨૯ થાય છે.)

તે ૨૯ બંધસ્થાનકોમાં ૨૮ ભૂયસ્કાર થાય છે તે આ પ્રમાણે જાણવા :- ઉપશાન્ત મોહાદિ ત્રણે ગુણકસ્થાનકોમાં સાતા વેદનીય કર્મ સ્વરૂપ એકનું બંધસ્થાનક બંધાય છે. તે ત્રણ ગુણસ્થાનકમાંથી માત્ર એક ઉપશાન્તમોહથી પતન પામતાં સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે આવે ત્યારે જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચાર, અંતરાય પાંચ, યશઃ નામકર્મ અને ઉચ્ચગોત્ર એમ કુલ ૧૬ કર્મપ્રકૃતિઓનો બંધ વધારે થતાં (૧૭) સત્તર પ્રકૃતિઆત્મક બંધ શરૂ કરતાં પ્રથમ સમયે પહેલો ભૂયસ્કાર થાય છે.

ત્યાર પછી અનિવૃત્તિ બાદર સંપરાય નામના નવમા ગુણસ્થાનકે પ્રવેશ કરતાં પ્રથમ એક સંજ્વલનલોભને અધિક બાંધતાં (૧૮) અઢાર પ્રકૃતિઆત્મક બંધ કરતાં બીજો ભૂયસ્કાર થાય છે ત્યાંથી વધારે નીચે ઉતરતાં માયાને પણ અધિકપણે બાંધતા (૧૯) ઓગણીસ પ્રકૃત્યાત્મક બંધ કરતાં ત્રીજો ભૂયસ્કાર થાય છે ત્યારપછી સંજ્વલનમાનનો બંધ કરે છતે (૨૦) વીશ પ્રકૃત્યાત્મક બંધ કરતાં ચોથો ભૂયસ્કાર થાય છે. ત્યાંથી નીચે ઉતરતાં સંજ્વલનક્રોધનો પણ બંધ કરતાં (૨૧) એકવીસ પ્રકૃત્યાત્મક બંધ કરતાં પાંચમો ભૂયસ્કાર થાય છે ત્યારબાદ વધારે નીચે ઉતરતાં પુરુષવેદને પણ બાંધતાં (૨૨) બાવીસ પ્રકૃત્યાત્મક બંધ કરતાં છઠ્ઠો ભૂયસ્કાર થાય છે.

ત્યાંથી નીચે ઉતરતાં અપૂર્વકરણ ગુણસ્થાનકમાં પ્રવેશ કરતાં હાસ્ય-રતિ-ભય અને જુગુપ્સા રૂપ ચાર પ્રકૃતિ વધારે બાંધતાં (૨૬) છવીસ પ્રકૃતિઓના બંધાત્મક સાતમો ભૂયસ્કાર થાય છે. ત્યારબાદ તે જ અપૂર્વકરણ ગુણસ્થાનકમાં અનુક્રમે નીચે ઉતરતાં નામકર્મની દેવપ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિઓ બાંધતાં યશઃ નામકર્મ દસમા ગુણસ્થાનકેથી ઉમેરાઈ ગયું છે તે માટે તે બીજી વાર ન ગણતાં તેના વિના ૨૭ પ્રકૃતિઓ ઉમેરતાં (૨૬+૨૭-૫૩) કુલ (૫૩) પ્રકૃતિ આત્મક આઠમો ભૂયસ્કાર થાય છે.

આ જ જીવને તીર્થંકર નામકર્મનો અધિક બંધ થતાં દેવપ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ કર્મપ્રકૃતિઓ બાંધતાં (૫૪) પ્રકૃતિઆત્મકનો બંધ કરતાં નવમો ભૂયસ્કાર થાય છે. તથા આહારકદ્વિક સહિત પણ તીર્થંકરનામકર્મ વિના દેવપ્રાયોગ્ય ૩૦ નો બંધ કરતાં (૫૫) પંચાવન પ્રકૃતિઆત્મક દસમો ભૂયસ્કાર થાય છે અને જો આહારકદ્વિક તથા તીર્થંકરનામકર્મ આ બન્નેનો સાથે બંધ કરતો હોય તો નામકર્મની ૩૧ પ્રકૃતિ બાંધતા તે જીવને (૫૬) છપ્પન્ન પ્રકૃત્યાત્મક અગિયારમો ભૂયસ્કાર થાય છે.

ત્યારબાદ તે જ જીવો (એટલે કે નામકર્મની ૨૮-૨૯-૩૦ અને ૩૧ બાંધતા જીવો) આઠમાના પ્રથમભાગે આવે ત્યારે નિદ્રાદ્વિક વધારે બાંધતાં ચારે જીવોને અનુક્રમે ૫૫-૫૬-૫૭-૫૮ બંધાય છે ત્યારે ૫૫-૫૬ના ભૂયસ્કાર ઉપર આવી ગયા છે. તેથી તેને પૃથગ્ ન ગણતાં અનુક્રમે ૫૭ અને ૫૮ ના બંધનો બારમો અને તેરમો ભૂયસ્કાર થાય છે.

ત્યાંથી નીચે ઉતરતાં અપ્રમત્ત ગુણસ્થાનકે આવતાં ઉપરોક્ત ૫૮ ના બંધમાં દેવાયુષ્ય સાથે બાંધતાં (૫૯) ઓગણસાઠ પ્રકૃતિઓ બાંધતાં ચૌદમો ભૂયસ્કાર થાય છે ત્યાંથી પતન પામતાં પામતાં દેશ વિરતિ નામના પાંચમા ગુણઠાણે આવતાં નામકર્મની તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિક એમ ત્રણ પ્રકૃતિ વિના ૨૮ પ્રકૃતિઓ બાંધતાં અને પ્રત્યાખ્યાનાવરણ

ચાર કષાય વધારે બાંધતાં (૫૯ બાદ ૩ - ૫૬ + ૪ = ૬૦) સાએઠ પ્રકૃતિઆત્મક બંધ કરતાં પંદરમો ભૂયસ્કાર થાય છે તે જ જીવને તીર્થંકરનામકર્મ સાથે નામ કર્મની ૨૯ પ્રકૃત્યાત્મક બંધ કરતાં (૬૧) એકશઠ પ્રકૃત્યાત્મક બંધ કરતાં સોળમો ભૂયસ્કાર થાય છે.

ત્યારબાદ અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે આવેલા જીવને નામકર્મની (૨૮) અઠ્યાવીસ પ્રકૃતિઓ બાંધતા જીવને આયુષ્યનો બંધ ન કરતો હોય ત્યારે અપ્રત્યાખ્યાનીય ચાર કષાયો વધારે બાંધતાં તીર્થંકરનામકર્મ અને આયુષ્ય એમ બે ઓછી કરતાં અને ચાર કષાય વધારતાં (૬૧ બાદ ૨ + ૫૯ + ૪ = ૬૩) ત્રેસઠનો બંધ કરતાં સત્તરમો ભૂયસ્કાર થાય છે. અહીં વચ્ચે બીજો કોઈ પ્રકાર સંભવતો ન હોવાથી (૬૨) બાસઠ પ્રકૃતિઆત્મક બંધસ્થાનક સર્વથા પ્રાપ્ત થતું નથી. તેથી તદાત્મક એટલે કે ૬૨ ના બંધાત્મક ભૂયસ્કાર પ્રાપ્ત થતો નથી.

ત્યારબાદ તે જ અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવને તીર્થંકરનામ કર્મ સાથે નામકર્મની ૨૯ પ્રકૃતિ બાંધતાં (૬૪) ચોસઠ પ્રકૃતિસ્વરૂપ બંધ કરતાં અઢારમો ભૂયસ્કાર થાય છે તે જ જીવને મનુષ્યગતિ પ્રાયોગ્ય (૩૦) પ્રકૃતિઓ બાંધતાં એક સંઘયણનો બંધ વધતાં (૬૫) પાંસઠ પ્રકૃતિ આત્મક ઓગણસીમો બૂયસ્કાર થાય છે. આ જ જીવને આયુષ્યકર્મ બાંધે ત્યારે એક પ્રકૃતિનો બંધ વધતાં (૬૬) છાસઠ પ્રકૃતિ આત્મક વીસમો ભૂયસ્કાર થાય છે. આ તમામ ભૂયસ્કારો સમ્યગ્દૃષ્ટિજીવને સમજાવ્યા.

ત્યારબાદ તે જ જીવ જ્યારે મિથ્યાત્વે આવે ત્યારે નામકર્મની એકેન્દ્રિયપ્રાયોગ્ય (૨૩) ત્રેવીસ કર્મપ્રકૃતિઓ બાંધતાં આયુષ્યના બંધક જીવને મિથ્યાત્વ મોહનીય, ચાર અનંતાનુબંધી કષાય, અને થિણદ્ધિત્રિક એમ કુલ આઠ પ્રકૃતિઓ વધારે બાંધતાં (અને નામકર્મમાં ૨૩ નો બંધ હોવાથી ૩૦ માંથી ૨૩ બાંધતાં સાત પ્રકૃતિઓ ઘટવાથી) ૬૬ બાદ ૭ = ૫૯ + ૮ = ૬૭ એમ સડસઠનો બંધ કરતાં એકવીસમો ભૂયસ્કાર થાય છે.

આ જ ૬૭ ના બંધમાંથી આયુષ્યનો બંધ ન કરે ત્યારે એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિ બાંધતા જીવને (૬૭ બાદ ૧ = ૬૬ + ૨ = ૬૮) અડસઠ પ્રકૃતિ આત્મક બાવીસનો ભૂયસ્કાર થાય છે. તથા તે જ જીવને એકેન્દ્રિય પ્રાયોગ્ય નામકર્મની ૨૫ પ્રકૃતિ બાંધતાં જ્યારે આયુષ્યનો બંધ કરે ત્યારે (૬૯) ઓગણસીત્તેર પ્રકૃતિના બંધાત્મક ત્રેવીસમો ભૂયસ્કાર થાય છે. તે જ મિથ્યાદૃષ્ટિ જીવને એકેન્દ્રિય પ્રાયોગ્ય આતપ અથવા ઉદ્યોત સાથે (૨૬) છવીસનો બંધ કરતાં અને આયુષ્યનો બંધ ચાલુ હોય ત્યારે (૭૦) પ્રકૃતિના બંધાત્મક ચોવીસમો ભૂયસ્કાર થાય છે.

તે જ જીવને એકેન્દ્રિય પ્રાયોગ્યને બદલે દેવપ્રાયોગ્ય ૨૮ નો બંધ કરતાં અને આયુષ્યકર્મ ન બાંધે ત્યારે (૭૧) એકોત્તરપ્રકૃતિ આત્મક બંધ કરતા જીવને પચીસમો ભૂયસ્કાર થાય છે. તે જ જીવ જ્યારે આયુષ્યકર્મનો બંધ કરે ત્યારે (૭૨) બોંતેર પ્રકૃતિ આત્મક બંધ કરતાં છવીસમો ભૂયસ્કાર થાય છે.

તથા તે જ મિથ્યાદષ્ટિ જીવને નામકર્મની પંચેન્દ્રિય તિર્યંચ અથવા મનુષ્યપ્રાયોગ્ય ૨૯ બાંધતાં અને સાથે આયુષ્યનો પણ બંધ હોય ત્યારે (૭૩) તોંતેર પ્રકૃત્યાત્મક (૨૭) સત્યાવીસમો ભૂયસ્કાર થાય છે. તે જ જીવને નામકર્મની પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય (૩૦) ત્રીસ કર્મપ્રકૃતિઓ બાંધતાં (૭૪) ચુમ્મોતેર પ્રકૃત્યાત્મક બંધ કરતાં અઠ્યાવીસમો ભૂયસ્કાર થાય છે. આ પ્રમાણે ૨૯ બંધસ્થાનકમાં ૨૮ ભૂયસ્કારબંધ થાય છે.

અહીં કેટલાક કેટલાક ભૂયસ્કારો અન્ય અન્ય અવધિસ્થાનથી વારંવાર બંધનો સંભવ હોવાથી અનેકરીતે પણ પ્રાપ્ત થાય છે. પરંતુ એકવાર જે ભૂયસ્કાર રૂપે ગણવામાં આવ્યો હોય તેને વારંવાર પૃથક્પણે ગણાતો નથી તેથી અઠ્યાવીસ જ ભૂયસ્કારો થાય છે. આ જ પ્રમાણે ઉલટા ક્રમે ચાલતાં અલ્પતર બંધ પણ (૨૮) અઠ્યાવીસ જ થાય છે. આમ મનમાં ભાવના સમજી લેવી.

અવસ્થિતબંધ આ ઓગણીસ જે બંધસ્થાનકો છે તેની સમાન ૨૯ અવસ્થિતિબંધો છે. કારણ કે દરેક બંધકસ્થાનકનો કાળ એક સમયથી તો વધારે છે જ. જો એક જ સમયકાળ હોત તો બંધ ઘટે ત્યારે પ્રથમ સમયે અલ્પતર અને બંધ વધે ત્યારે ભૂયસ્કાર એમ થાય છે. પરંતુ સર્વત્ર બીજા સમયથી અવસ્થિતબંધ કહેવાય છે. અને આ સર્વ બંધસ્થાનકોમાં બીજો-ત્રીજો સમય આવે જ છે તે માટે અવસ્થિતબંધ થાય છે. અવક્તવ્યબંધ થતો નથી. કારણ કે સર્વ ઉત્તરપ્રકૃતિઓનો બંધવિચ્છેદ થયા પછી ફરીથી જીવમાં બંધકપણું આવતું નથી.

તે આ પ્રમાણે જ્ઞાનાવરણીયાદિ મૂલકર્મોનાં તથા ઉત્તરપ્રકૃતિઓનાં તથા સામાન્યથી સર્વ ઉત્તર પ્રકૃતિઓનાં બંધસ્થાનકોમાં ભૂયસ્કારાદિભાવો કહ્યા. હવે ઉદયસ્થાનકોમાં તે ભૂયસ્કારાદિભાવો કહેવાય છે.

ત્યાં સૌથી પ્રથમ જ્ઞાનાવરણીયાદિ કર્મોની ઉત્તરપ્રકૃતિઓમાં દરેકમાં તે ભૂયસ્કારાદિ કહેવાય છે તે આ પ્રમાણે છે :- જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મ એમ બે કર્મોમાં પાંચ પાંચ પ્રકૃત્યાત્મક, તથા વેદનીય, આયુષ્ય, અને ગોત્રકર્મમાં એક એક પ્રકૃત્યાત્મક એમ એક એક જ ઉદયસ્થાન હોય છે. વૃદ્ધિ - હાનિ ન હોવાથી ભૂયસ્કાર કે અલ્પતર થતા નથી. સર્વથા ઉદયવિચ્છેદ બારમા ગુણસ્થાનકના અંતે અને ચૌદમાના અંતે થાય છે ત્યાંથી પતન

થતું નથી. માટે અવક્તવ્ય પણ નથી. માત્ર એક અવસ્થિત ઉદય હોઈ શકે છે કારણ કે અનાદિકાળથી ઉદય છે. તે માટે,

દર્શનાવરણીયકર્મમાં બે ઉદયસ્થાનક હોય છે ચારનું તથા પાંચનું એમ બે ઉદયસ્થાનક જાણવાં. ત્યાં ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન એમ ચાર દર્શનને આવરણ કરનારી ચાર કર્મપ્રકૃતિ આત્મક, તથા પાંચ નિદ્રામાંથી કોઈપણ એક નિદ્રાનો ઉદય અધિક ગણતાં પાંચનું ઉદયસ્થાનક થાય છે પાંચે નિદ્રાઓ વારાફરતી પરાવર્તે પરાવર્તે ઉદયમાં આવે તેવી છે. પાંચે નિદ્રાનો સાથે ઉદય થતો નથી. બે-ત્રણ નિદ્રાનો પણ સાથે ઉદય સંભવી શકતો નથી.

આ દર્શનાવરણીય કર્મમાં જ્યારે નિદ્રાનો ઉદય શરૂ થાય ત્યારે ચારના ઉદયથી પાંચના ઉદયે જતાં પ્રથમસમયે એક ભૂયસ્કાર થાય છે. એ જ રીતે નિદ્રાનો ઉદય દૂર થઈ જાય અને જીવ જ્યારે જાગૃત થાય ત્યારે પાંચના ઉદયથી ચારના ઉદયે જતાં પ્રથમ સમયે પહેલો અલ્પતર થાય છે.

બન્ને ઉદયસ્થાનકો જ્યારે ચાલુ થાય છે ત્યારે તેના બીજા સમયથી અવસ્થિત ઉદય કહેવાય છે. આમ બે અવસ્થિત ઉદય તથા અવક્તવ્ય ઉદય તો સંભવતો જ નથી. કારણ કે દર્શનાવરણીય કર્મનો ક્ષીણમોહ ગુણસ્થાનકના ચરમ સમયે સર્વથા ઉદયવિચ્છેદ થાય છે ત્યાર બાદ આ જીવ તેરમા સયોગિકેવલી ગુણઠાણે જાય છે. ત્યાંથી પડવાનો અસંભવ છે તે માટે ફરીથી દર્શનાવરણીય કર્મનો ઉદય થવાનો પણ અસંભવ છે. તે માટે અવક્તવ્ય ઉદય થતા નથી. આ પ્રમાણે છ કર્મોની વાત સમાપ્ત કરી. હવે મોહનીયકર્મની વાત કહેવાય છે.

મોહનીય કર્મમાં નવ ઉદયસ્થાનકો છે. (૧, ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦) એકનું, બેનું, ચારનું, પાંચનું, છનું, સાતનું, આઠનું, નવનું અને દશનું.

આ નવે ઉદયસ્થાનકો કેવી રીતે થાય છે તે વાત આગળ ઉપર સંવેધ સમજાવવાના પ્રસંગે સમજાવીશું. આ મોહનીયકર્મમાં (૮) આઠ ભૂયસ્કાર, (૮) આઠ અલ્પતર, (૯) અવસ્થિત અને (૫) પાંચ અવક્તવ્ય ઉદય હોય છે. તે પાંચ આ પ્રમાણે એકનો, છનો, સાતનો આઠનો અને નવનો એમ પાંચ અવક્તવ્ય ઉદય થાય છે.

ત્યાં કુલ ૯ ઉદયસ્થાનકો છે. તેમાં એકના ઉદયસ્થાનકને છોડીને શેષ ૮ ઉદયસ્થાનકના આઠ ભૂયસ્કાર થાય છે. ઉપશમ શ્રેણિથી નીચે ઉતરતાં ક્રમસર પ્રકૃતિઓનો ઉદય વધવાથી તમામ ભૂયસ્કારો બને છે. માત્ર એકનો ઉદય સૌથી લઘુ હોવાથી તેનો ભૂયસ્તર થતો નથી. તથા અલ્પતર પણ (૧૦) દશના ઉદયને છોડીને શેષ આઠ જ થાય છે. દશનો ઉદય સૌથી

અધિક છે તેથી તેનો અલ્પતર થતો નથી. તથા નવે ઉદયસ્થાનકનો કાળ એક સમયથી વધારે જ છે તેથી નવે ઉદયસ્થાનકોમાં બીજા સમયે અવસ્થિત થાય છે તે માટે અવસ્થિત ઉદય નવ છે. અવક્તવ્ય ઉદય પાંચ છે. તેની ભાવના આ પ્રમાણે જાણવી.

ત્યાં ઉપશાન્તમોહ ગુણસ્થાનકથી અદ્ધાક્ષયે જ્યારે પતન પામે ત્યારે સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે પ્રવેશ પામે ત્યારે પ્રથમ સમયે સંજ્વલન લોભરૂપ એકપ્રકૃતિનો જ્યારે ઉદય શરૂ થાય ત્યારે પ્રથમ અવક્તવ્ય ઉદય કહેવાય છે. અને ભવક્ષયે મૃત્યુ પામે ત્યારે અનુત્તરવિમાનમાં જાય તે કાળે પ્રથમ સમયે જ ચોથુ ગુણસ્થાનક આવે તે કારણથી જો તે જીવ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હોય તો જ્યારે તે જીવને ભય અને જુગુપ્સાનો ઉદય ન હોય તો તે જીવને અનંતાનુબંધી ચાર કષાયો વર્જીને બાકીના ત્રણ ક્રોધાદિ કષાયો, પુરુષવેદ, હાસ્યરતિનું યુગલ એમ છ પ્રકૃતિઓ ઉદયમાં પ્રાપ્ત થાય છે તેથી અનુત્તરવાસી દેવને ભવના પ્રથમ સમયે જ છ પ્રકૃત્યાત્મક અવક્તવ્યોદય થાય છે.

જો પ્રથમ સમયે જ સમ્યક્ત્વ મોહનીયનો ઉદય થાય તો ક્ષાયોપશમિક સમ્યક્ત્વને અનુભવે, ત્યારે, તથા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ હોય તેને ભય અથવા જુગુપ્સાનો ઉદય થાય ત્યારે પણ સાત પ્રકૃત્યાત્મક ઉદયસ્થાન થાય. તથા ક્ષાયોપશમિક સમ્યક્ત્વી જીવને સમ્યક્ત્વ-મોહનીય અને ભયનો સાથે ઉદય થાય ત્યારે, અથવા સમ્યક્ત્વમોહનીય અને જુગુપ્સાનો સાથે ઉદય થાય ત્યારે, અથવા ક્ષાયિક સમ્યક્દષ્ટિજીવને ભય અને જુગુપ્સા એમ બન્નેનો સાથે ઉદય થાય ત્યારે આઠ પ્રકૃતિ આત્મક ઉદયસ્થાનક થાય છે. તથા ક્ષાયિક સમ્યક્ત્વ ન હોય પરંતુ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોય ત્યારે સમ્યક્ત્વ મોહનીય અને ભય તથા જુગુપ્સા એમ ત્રણેનો ઉદય સાથે હોય ત્યારે નવનો ઉદય થાય છે.

આ પ્રમાણે છ નો ઉદય એક પ્રકારે, સાત અને આઠનો ઉદય ત્રણ પ્રકારે અને નવનો ઉદય એક પ્રકારે થાય છે તે ચાર તથા દસમા ગુણઠાણે ઉપરથી આવતાં એકના ઉદયસ્થાનનો એમ કુલ પાંચ અવક્તવ્ય ઉદય થાય છે.

હવે નામકર્મના ઉદયસ્થાનોમાં ભૂયસ્કારાદિ કહેવાય છે. નામકર્મનાં ઉદયસ્થાનો કુલ (૧૨) બાર છે. ૨૦-૨૧-૨૪-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧-૯ અને ૮ એમ કુલ ૧૨ હોય છે. વીશનું, એકવીસનું, ચોવીસથી એકત્રીસ સુધીનાં તથા નવનું અને આઠનું. એમ કુલ બાર ઉદયસ્થાનો હોય છે. આ ઉદયસ્થાનકોનું વર્ણન આગળ કહેવાતા સંવેધના પ્રસંગે સમજાવીશું.

તે (૧૨) બાર ઉદયસ્થાનકોમાં આઠ ભૂયસ્કારોદય થાય છે આઠના ઉદયથી નવના ઉદયમાં, નવના ઉદયથી વીશના ઉદયમાં, અને વીશના ઉદયથી એકવીશના ઉદયમાં ગમન થતું નથી. તેથી તે (૮-૯-૨૦-૨૧) આ ચારને છોડીને બાકીના ચોવીશ આદિના શેષ ઉદયસ્થાનકોમાં એકવીશ આદિના ઉદયસ્થાનથી ગમન થવાનું આ સંસારમાં તથા કેવલી સમુદ્ઘાતમાં થાય છે. તેથી ૨૪ થી ૩૧ સુધીના કુલ આઠ ભૂયસ્કારોદય થાય છે.

અલ્પતરોદય નવ થાય છે. કારણ કે નવના ઉદયી આઠ ના ઉદયમાં અને એકવીશના ઉદયથી વીશના ઉદયમાં અને પચ્ચીસ ના ઉદયથી ચોવીશના ઉદયમાં જવાતું નથી તેથી અલ્પતર કુલ (૮-૨૦-૨૪) આ ત્રણને મુકીને બાકીના ૯ અલ્પતરોદય થાય છે.

આ નવે અલ્પતરોદય તીર્થંકર કેવલી અને અતીર્થંકર કેવલીને આશ્રયી તથા કેવલી સમુદ્ઘાતની પ્રાપ્તિ તથા અયોગિપણાની પ્રાપ્તિને આશ્રયી ભાવના કરાય છે. ત્યાં સ્વભાવસ્થ (એટલે કે ગામાનુંગામ વિચરતા એવા સામાન્ય કેવલજ્ઞાની ભગવંતો) જે તીર્થંકર નથી તેવા કેવલી ભગવંતોને ૩૦ કર્મપ્રકૃતિઓનો ઉદય હોય છે તે આ પ્રમાણે :- મનુષ્યની ગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સૌભાગ્ય, આદેય, યશઃકીર્તિ, અગુરુલઘુ, તૈજસ, કાર્મણ, નિર્માણ, વર્ણાદિ ચતુષ્ટય, સ્થિર અસ્થિર, શુભ-અશુભ, પ્રથમ સંઘયણ, ઉપઘાત, પ્રત્યેક, ઔદારિક દ્વિક, છમાંથી કોઈ પણ એક સંસ્થાન, પરાઘાત, ઉચ્છ્વાસ, કોઈ પણ એક વિહાયોગતિ, સુસ્વર-દુઃસ્વરમાંથી કોઈ પણ એક, એમ કુલ ૩૦ કર્મપ્રકૃતિઓનો ઉદય હોય છે.

આ જ ૩૦ કર્મપ્રકૃતિઓને તીર્થંકર નામકર્મ સાથે કરતાં (૩૧) એકત્રીસ કર્મપ્રકૃતિઓનો ઉદય તીર્થંકર પરમાત્માના જીવને હોય છે. સામાન્યપણે શરીરસ્થ હોય ત્યારે સામાન્ય કેવલીભગવંતોને ૩૦ અને તીર્થંકર પરમાત્માને ૩૧ નો ઉદય સમજવો. ત્યારબાદ કેવલી સમુદ્ઘાત કરે ત્યારે કેવલીસમુદ્ઘાતના બીજા છઠ્ઠા અને સાતમા સમયે ઔદારિક મિશ્રકાયયોગમાં વર્તતા સામાન્ય કેવલી પરમાત્માના જીવને પરાઘાત - ઉચ્છ્વાસ, અન્યતર વિહાયોગતિ, અને સુસ્વર દુઃસ્વરમાંથી કોઈપણ એક સ્વરનો (એટલે કે જેનો ઉદય હોય તેનો) નિરોધ કરે ત્યારે કુલ ૪ નો ઉદય અટકી જવાથી (૨૬) છવ્વીસનો ઉદય હોય છે.

તથા આ જ પરાઘાત ઉચ્છ્વાસ, પ્રશસ્તવિહાયોગતિ, અને સુસ્વરનો નિરોધ કરે છતે તીર્થંકર પરમાત્માના આત્માને કેવલી સમુદ્ઘાતના બીજા છઠ્ઠા અને સાતમા સમયે (૨૭) સત્યાવીસનો ઉદય હોય છે. અતીર્થંકર (સામાન્ય) કેવલજ્ઞાની ભગવંતો કેવલી સમુદ્ઘાતમાં પ્રવેશ્યા હોય ત્યારે તે સમુદ્ઘાતના ત્રીજા ચોથા અને પાંચમા સમયે કાર્મણ કાયયોગે વર્તતા

ભગવંતને ઉદયમાં આવેલું એક સંસ્થાન, પ્રથમ સંઘયણ, ઔદારિકદ્વિક,ઉપઘાત અને પ્રત્યેક એમ છ પ્રકૃતિઓનો ઉદય ન હોવાથી ૨૬ બાદ ૬ (૨૦) વીશ કર્મપ્રકૃતિઓનો ઉદય હોય છે.

તે જ ત્રીજા આદિ ત્રણ સમયમાં તીર્થંકર કેવલી ભગવંતોને ઉપર કહેલી છ નો ઉદય ન હોતે છતે (૨૧) એકવીસનો ઉદય હોય છે.

અયોગિપણું પ્રાપ્ત કરતા તીર્થંકર ભગવંતના આત્માને ૩૧ નો ઉદય હોય છે. તેમાંથી સ્વરનો નિરોધ કરે ત્યારે ૩૦નો ઉદય થાય છે. તેમાંથી ઉચ્છ્વાસનો નિરોધ કરે ત્યારે ૨૯નો ઉદય હોય છે. પરંતુ અતીર્થંકર કેવલી પરમાત્માને એટલે કે સામાન્ય કેવલજ્ઞાની પરમાત્માને ૩૦ ના ઉદયમાંથી સ્વરનો નિરોધ કરે ત્યારે ૨૯ નો ઉદય અને તેમાંથી ઉચ્છ્વાસનો નિરોધ કરે ત્યારે ૨૮ નો ઉદય થાય છે.

તે ૨૮ ના ઉદયવાળા સામાન્ય કેવલજ્ઞાની ભગવંતને અયોગિકેવલી ગુણસ્થાનકની પ્રાપ્તિ થવાના પ્રથમ સમયે જ પરાઘાત, ઉદયમાં આવેલી એક વિહાયોગતિ, પ્રત્યેક, ઉપઘાત, કોઈ પણ એક સંસ્થાન, પ્રથમ સંઘયણ, ઔદારિકદ્વિક, સ્થિર-અસ્થિર, અગુરુલઘુ, શુભ-અશુભ, તૈજસ-કાર્મણ, વર્ણાદિ ચતુષ્ટયં, અને નિર્માણ નામકર્મ એમ (૨૦) વીશ કર્મપ્રકૃતિઓના ઉદયનો વિચ્છેદ થયે છતે આઠનો ઉદય હોય છે. અને તીર્થંકર કેવલી પરમાત્માને ઉપર કહેલી (૨૦) વીશ કર્મપ્રકૃતિઓના ઉદયનો વિચ્છેદ થયે છતે તીર્થંકર નામકર્મ સાથે નવનો ઉદય હોય છે.

તથા સંસારી જીવોમાં (૩૧) એકત્રીસ વિગેરે ઉદયસ્થાનોમાંથી (૨૧) એકવીસ સુધીનાં ઉદયસ્થાનોમાં કેટલાક જ ઉદયસ્થાનોમાં અલ્પતરરૂપે સંક્રમણ થાય છે. આ રીતે વિચારતાં અલ્પતર ઉદયસ્થાનોની સંખ્યા અધિક પ્રાપ્ત થતી નથી. માટે નવ જ [1]અલ્પતર ઉદય થાય છે. (૮-૯ અને ૨૦ ને મુકીને શેષ) નવ જ અલ્પતર થાય છે.

---

૧. ગ્રંથકારશ્રીએ અહીં નવ અલ્પતર કહ્યા. અને ટીકાકારશ્રીએ ખુલાશો કર્યો કે "यतो नवकोदयादष्टकोदये एकविंशत्युदयाद्विंशत्युदये, पञ्चविंशत्युदयाच्च चतुर्विंशत्युदये गमनं न संभवति, ततो नवैवाल्य तरोदयाः" આ પાઠમાં કહેવામાં આવ્યું છે કે નવના ઉદયથી આઠના ઉદયમાં, અને એકવીશના ઉદયથી વીશના ઉદયમાં તથા પચ્ચીસના ઉદયથી ચોવીસના ઉદયમાં ગમન થતું નથી. તેથી આઠનો, વીસનો અને ચોવીસનો અલ્પતર થતા નથી. પરંતુ લાંબો વિચાર કરતાં સયોગી કેવલી ગુણઠાણાના છેલ્લા કાળમાં તીર્થંકર કેવલી ભગવંતોને જેમ ૩૧ ના ઉદયમાંથી પરાઘાત ઉચ્છ્વાસ, પ્રશસ્તવિહાયોગતિ અને સુસ્વરનો ઉદય યોગનિરોધકાળે વિરામ પામે છતે ૨૭ નો ઉદય થાય છે અને ત્યારબાદ તેરમા ગુણઠાણાના ચરમ સમયે અગુરુલઘુ તૈજસ કાર્મણ વિગેરે બાર ધ્રુવોદયી તથા પ્રથમ સંઘયણ, ઉપઘાત, પ્રત્યેક નામકર્મ, ઔદારિક

અવસ્થિતઉદય ઉદયસ્થાનની તુલ્ય સમજવા એટલે ૧૨ ઉદયસ્થાનક હોવાથી ૧૨ અવસ્થિત ઉદય છે દરેકનો કાળ ૧ સમયથી વધારે છે તે માટે બીજા સમયથી અવસ્થિત થઈ શકે છે.

અવક્તવ્ય ઉદય સંભવતા નથી. કારણ કે નામકર્મની સર્વપ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ અયોગિગુણસ્થાનકના ચરમ સમયમાં થાય છે. ત્યાંથી જીવ મોક્ષે જ જાય છે તેથી પડવાનો સંભવ જ નથી. તેથી ફરીથી ઉદય થવાનો પણ સંભવ જ નથી. માટે અવક્તવ્ય ઉદય સંભવતા નથી.

આ પ્રમાણે જ્ઞાનવાવરણીયાદિ એક એક કર્મોમાં ઉત્તરપ્રકૃતિઓના ઉદયને આશ્રયી ભૂયસ્કરાદિ સમજાવ્યા. હવે સામાન્યથી સર્વે પણ ઉત્તરપ્રકૃતિઓ (૧૨૨) એકસોહ અને બાવીસ કર્મપ્રકૃતિઓનાં ઉદયસ્થાનક ૨૬ થાય છે તે સમજાવે છે.

અગિયાર, બાર, ત્રેવીસ, ચોવીસ, ત્યારબાદ ઓગણત્રીસથી ચોત્રીસ સુધીનાં, ત્યારબાદ ચુમ્માલીસથી ઓગણસાઐઠ સુધીનાં એમ કુલ ૨૬ ઉદયસ્થાન હોય છે. (૧૧-

શરીર, ઔદારિક અંગોપાંગ, સમચતુરસ્રસંસ્થાન એમ છ ઉમેરતાં કુલ ૧૨ + ૬ - ૧૮ નો ઉદય વિરામ પામવાથી (૨૭ બ— ૧૮ = ૯) નવનો ઉદય થાય છે. તેથી નવનો અલ્પતર કહો છો તેવી જ રીતે સામાન્ય કેવલી ભગવંતોને તેરમા ગુણઠાણાના અન્તિમ કાલમાં ૩૦ ના ઉદયમાંથી પરાઘાત-ઉચ્છ્વાસ અન્યતરવિહાયોગતિ અને એક સ્વર એમ ૪ નો ઉદય યોગનિરોધકાળે વિરામ પામે છતે ૨૬ નો ઉદય થાય છે તેમાંથી ઉપરોક્ત ૧૮ ના ઉદયનો તેરમાના ચરમ સમયે વિરામ થતો હોવાથી ૨૬ માંથી ૧૮ બાદ કરતાં ચૌદમા ગુણસ્થાનકના પ્રથમ સમયે ૮ નો ઉદય થાય છે. તેથી ૮ નો અલ્પતર પણ કહેવો જોઈએ ? તે કેમ કહેતા નથી.

તથા કેવલિસમુદ્ઘાતના પ્રથમ સમયમાં અને બીજા સમયમાં જેમ તીર્થંકર કેવલી પરમાત્માને અનુક્રમે ૩૧ અને ૨૭ નો ઉદય હોય છે અને તેમાંથી ત્રીજા સમયે ૨૧ નો ઉદય થાય છે. તેવી જ રીતે સામાન્ય કેવલી પરમાત્માને પણ કેવલી સમુદ્ઘાતના પ્રથમ સમયમાં ૩૦ નો ઉદય અને બીજા સમયમાં ૨૬ નો ઉદય થયા પછી ત્રીજા સમયમાં ૨૦ નો ઉદય થાય છે. આ ઉદય પણ ઘટમાનાવસ્થા વાળો હોવાથી ૨૧ નાં ઉદયની જેમ ૨૦ ના ઉદયનો પણ અલ્પતર કહેવો જોઈએ. તે પણ કેમ કહ્યો નથી. આ બન્ને અલ્પતર ઘટી શકે છે પરંતુ પૂર્વાચાર્યોએ કેમ વિવક્ષા કરી નથી ? તે શ્રી બહુશ્રુતપુરુષો જાણે.

તથા ૮-૯ અને ૨૪ ને છોડીને શેષ નવ ઉદયસ્થાનકના નવ અલ્પતર કહ્યા પરંતુ ૩૧ નો ઉદય તો સૌથી અધિક જ છે. તેથી ૩૧ નો અલ્પતર કેમ થાય ? તે બરાબર સમજાતું નથી. તે પણ શ્રી બહુશ્રુત પુરુષો જાણે. ખરેખર તો ૩૧ અને ૨૪ આ બે વિના શેષ ૧૦ અલ્પતર હોવા જોઈએ. આમ સમજાય છે. છતાં આ બાબતમાં વિશેષજ્ઞાની પુરુષો અને આ વિષયના અનુભવી મહાત્માઓ જે કહે તે પ્રમાણ સમજવું.

૧૨-૨૩-૨૪-૨૯-૩૦-૩૧-૩૨-૩૩-૩૪-૪૪-૪૫-૪૬-૪૭-૪૮-૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮ અને ૫૯ સુધીનાં કુલ ૨૬ ઉદયસ્થાનકો હોય છે.

ત્યાં મનુષ્યગતિ-મનુષ્યાયુષ્ય, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત સૌભાગ્ય, આદેય, યશઃકીર્તિ, કોઈપણ એક વેદનીય, અને ઉચ્ચગોત્ર એમ કુલ (૧૧) અગીયાર કર્મપ્રકૃતિઓનો ઉદય અયોગિકેવલી ગુણસ્થાનકે સામાન્ય કેવલી ભગવંતોને હોય છે. આ જ અગિયાર કર્મપ્રકૃતિઓમાં તીર્થંકર નામકર્મ સહિત કરતાં બાર કર્મપ્રકૃતિઓનો ઉદય તીર્થંકર કેવલી ભગવંતોને અયોગિ ગુણઠાણે હોય છે.

આ જ અગીયાર અને બાર પ્રકૃતિઓમાં અગુરુલઘુ, નિર્માણ, સ્થિર અસ્થિર શુભ-અશુભ તૈજસ - કાર્મણ - વર્ણાદિ ચતુષ્ક, રૂપ નામકર્મની ધ્રુવોદયી (૧૨) બાર કર્મપ્રકૃતિઓ ઉમેરતાં (૨૩) અને (૨૪) ત્રેવીસ અને ચોવીસનો ઉદય કેવલિ સમુદ્‌ઘાતમાં કાર્મણકાયયોગમાં વર્તતા અતીર્થંકર અને તીર્થંકર કેવલી પરમાત્માને હોય છે. આ ૧૧-૧૨-૨૩-૨૪ ચારે ઉદયસ્થાનકોમાં ભૂયસ્કારની પ્રાપ્તિ થતી નથી. કારણ કે અયોગી જીવ સયોગી અને અતીર્થંકરનો જીવ તીર્થંકરપણે થતો નથી. તે માટે વૃદ્ધિ થતી નથી. માટે ભૂયસ્કાર થતા નથી.

આ જ સામાન્ય કેવલીને જે ૨૩ નો અને તીર્થંકર કેવલીને જે ૨૪ નો ઉદય છે. તેમાં પ્રત્યેકનામકર્મ, ઉપઘાતનામકર્મ, ઔદારિકદ્વિક, છ સંસ્થાનમાંથી કોઈપણ સંભવતું એક સંસ્થાન, તથા પ્રથમ સંઘયણ એમ કુલ છ પ્રકૃતિઓનો ઉદય ઉમેરતા ૨૯ તથા ૩૦ નાં ઉદયસ્થાનો થાય છે.

તથા સ્વભાવસ્થ રહેલા એવા તીર્થંકર અને અતીર્થંકર પરમાત્માને અનુક્રમે જે નામકર્મની (૩૧) અને (૩૦) એકત્રીસ અને ત્રીસ કર્મપ્રકૃતિઓનો ઉદય છે તેમાં અન્યતર વેદનીય, મનુષ્યનું આયુષ્ય તથા ઉચ્ચગોત્ર એમ ત્રણ કર્મ પ્રકૃતિઓ નામકર્મ વિના અન્ય અઘાતી કર્મની ઉમેરતાં તીર્થંકર ભગવાનને ચોત્રીસ (૩૪) અને અતીર્થંકર ભગવાનને (૩૩) તેત્રીસનો ઉદય થાય છે તે બન્ને કેવલી ભગવંતોને સ્વરનો નિરોધ કરે છતે અનુક્રમે (૩૩) તેત્રીસ અને (૩૨) બત્રીસનો ઉદય થાય છે.

ત્યારબાદ સ્વરનો નિરોધ કરે છતે (૩૨-૩૧) બત્રીસ અને એકત્રીસનો ઉદય થાય છે. આ દશે ઉદયસ્થાનો કેવલી પરમાત્મા એવા શ્રી અતીર્થંકર અને તીર્થંકર પ્રભુને હોય છે. આ દશે ઉદયસ્થાનોમાં છ ભૂયસ્કારોદય થાય છે અતીર્થંકર (એટલે સામાન્ય કેવલી) અને તીર્થંકર કેવલી પરમાત્માને આશ્રયી અનુક્રમે (૨૯-૩૦) ઓગણત્રીસ તથા ત્રીસ વિગેરે સમજવા. અર્થાત્ ૨૯-૩૦-૩૧-૩૨-૩૩ અને ૩૪ એમ છ ભૂયસ્કાર જાણવા.

બાકીના આંકના ભૂયસ્કારો સંભવતા નથી. તેનું કારણ પૂર્વે સમજાવેલું જ છે.

અલ્પતરોદયો નવ થાય છે. ત્યાં (૩૪) ચોત્રીસ વિનાના સર્વે પણ આંકના અલ્પતર થાય છે.[1]

(૪૪) ચુમ્માલીસ કર્મપ્રકૃતિઓનો ઉદય ક્ષાયિક સમ્યકૃત્વી અવિરત સમ્યગ્દષ્ટિ જીવને એકભવથી બીજા ભવમાં જતાં વિગ્રહગતિમાં જતાં હોય છે. ત્યાં વિગ્રહગતિમાં જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય કર્મની ચાર, અંતરાય કર્મની પાંચ, અને મોહનીયકર્મની છ અનંતાનુબંધીને વર્જીને શેષ ત્રણ ક્રોધાદિ અન્યતમ, ત્રણ વેદમાંથી કોઈપણ એક વેદ, બે યુગલમાંથી કોઈપણ એક યુગલની બે પ્રકૃતિ એમ મોહનીય કર્મની છ મળીને ચાર ઘાતી કર્મોની (૫+૪+૫+૬=૨૦) વીશ કર્મપ્રકૃતિઓનો ઉદય વિગ્રહગતિમાં હોય છે તથા તેની સાથે અઘાતિ ચાર કર્મોમાં નામકર્મની ચારગતિમાંથી એક ગતિ, ચાર આનુપૂર્વીમાંથી એક આનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્તા, સૌભાગ્ય અને દૌર્ભાગ્યમાંથી એક, આદેય અને અનાદેયમાંથી એક, યશઃ કીર્તિ અને અયશઃકીર્તિમાંથી એક, નિર્માણ નામકર્મ, અગુરુલઘુનામકર્મ, સ્થિર તથા અસ્થિર, શુભ તથા અશુભ, તૈજસ કાર્મણ અને વર્ણાદિ ચાર એમ નામકર્મની કુલ એકવીસ, તથા ગમે તે એક આયુષ્ય, એક વેદનીય અને એક ગોત્રકર્મ એમ સર્વ મળીને ચાર અઘાતી કર્મોની ચોવીસ, બન્નેને સાથે કરતાં ૨૦+૨૪=૪૪ એમ ચુમ્માલીસ કર્મપ્રકૃતિઓનો ઉદય વિગ્રહગતિમાં ચોથા ગુણસ્થાનકે ક્ષાયિક સમ્યક્ત્વી જીવને હોય છે.

તે ૪૪ માં ભય અથવા જુગુપ્સાનો ઉદય હોય ત્યારે તે એક ઉમેરતાં ક્ષાયિક સમ્યકૃત્વીને, અને સમ્યકૃત્વ મોહનીય ઉમેરતાં ક્ષાયોપશમિક સમ્યકૃત્વી જીવને કુલ ૪૫ નો ઉદય ત્યાં જ વિગ્રહગતિમાં હોય છે. તથા ક્ષાયિકસમ્યકૃત્વી જીવને ભય અને જુગુપ્સા એમ બેનો ઉદય સાથે હોય ત્યારે બે ઉમેરતાં ૪૬ નો ઉદય હોય. અથવા ક્ષાયોપશમિક સમ્યકૃત્વી જીવને ભય અને સમ્યક્ત્વ મોહનીય અથવા જુગુપ્સા અને સમ્યક્ત્વ મોહનીય એમ બે ઉમેરતાં ૪૬ નો ઉદય થાય છે. તથા તે ત્રણે પ્રકૃતિઓ સાથે ઉમેરતાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વી

(૧) અહીં ૩૪નો અલ્પતર થતો નથી એમ કહ્યું પરંતુ બારમા ગુણસ્થાનકના ચરમ સમયમાં મોહનીય વિના સાત કર્મોની (૫+૪+૧+૧+૩૦+૧+૫=૪૭) સુડતાલીસ પ્રકૃતિઓનો ઉદય છે જ, અને તેરમા ગઉણસ્થાનકે જતાં સામાન્ય કેવલી ભગવાનને ઘાતીકર્મની (૫+૪+૫=૧૪) વિના જેમ ૩૩નો ઉદય થાય છે તેમ તીર્થંકર ભગવાનને પણ તે જ ૧૪ વિના ૩૪નો ઉદય થાય છે તેથી ૩૪નો અલ્પતર પણ કહેવો જોઇએ તો વર્જન કેમ કર્યું છે ? આ વાત સમજાતી નથી તત્ત્વજ્ઞોએ વિચારવું.

જીવને ૪૭ નો ઉદય થાય છે. આ ૪૪-૪૫ અને ૪૬ નાં ત્રણે ઉદયસ્થાનો ક્ષાયિકસમ્યક્ત્વી ચોથા ગુણઠાણાવાળા જીવને વિગ્રહગતિમાં હોય છે.

તથા ભવસ્થ એવા ક્ષાયિકસમ્યગ્દષ્ટિદેવના જીવને અને નરકના જીવને શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થાય ત્યારે ઉપર કહેલી ૪૪ પ્રકૃતિઓમાંથી એક આનુપૂર્વીનો ઉદય બાદ કરતાં અને વૈક્રિય શરીર, વૈક્રિય અંગોપાંગ, ઉપઘાત, પ્રત્યેક, સમચતુસ્ર સંસ્થાન એમ પાંચ પ્રકૃતિનો ઉદય ઉમેરતાં (૪૪ બાદ ૧ = ૪૩ + ૫ = ૪૮) અડતાલીસનો ઉદય થાય છે. તે ૪૮ માં સમ્યક્ત્વમોહનીય, ભય અને જુગુપ્સા આ ત્રણમાંથી કોઈપણ એકનો ઉદય ઉપર કહ્યા પ્રમાણે ઉમેરતાં (૪૯) ઓગણપચ્ચાસનું ઉદયસ્થાનક આવે છે.

ઉપરોક્ત ૪૮ માં આ ત્રણ પ્રકૃતિઓમાંથી કોઈપણ બે ઉમેરો તો ૫૦ નું ઉદયસ્થાનક થાય છે. અને એકી સાથે ત્રણેનો ઉદય સાથે હોય ત્યારે ત્રણે સાથે ઉમેરો તો ૫૧ નું ઉદયસ્થાનક થાય છે અથવા પૂર્વે કહેલી જે ૪૪ પ્રકૃતિઓ વિગ્રહગતિમાં ઉદયવાળી છે. તેમાંથી એક આનુપૂર્વી દૂર કરીએ અને ક્ષાયિક સમ્યગ્દષ્ટિ તિર્યંચ તથા મનુષ્યને આશ્રયી ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ, પ્રથમ સંસ્થાન, પ્રથમ સંઘયણ, ઉપઘાત અને પ્રત્યેક નામકર્મ એમ કુલ છ નો ઉદય વધારીએ તો (૪૪ બાદ ૧ = ૪૩+૬=૪૯) ઓગણપચ્ચાસનો ઉદય થાય છે.

તે ૪૯માં સમ્યક્ત્વમોહનીય, ભય, અને જુગુપ્સા આ ત્રણમાંથી કોઈપણ એકનો ઉદય ઉમેરીએ તો ૫૦ નો ઉદય થાય છે. કોઈપણ બે ઉદયમાં વધારતાં ૫૧ નો ઉદય થાય છે તથા ત્રણેનો ઉદય ઉમેરતાં ૫૨ નું ઉદયસ્થાનક થાય છે. તેમાં નિદ્રાનો ઉદય થતાં ૫૩ નું ઉદયસ્થાનક થાય છે.

અથવા વિગ્રહગતિ સમાપ્ત કરીને પોત પોતાના ભવમાં પહોંચી ચુકેલા એવા ભવસ્થ દેવ અને નારકીને યોગ્ય (૫+૪+૧+૬+૧+૨૫+૧+૫=૪૮) જે અડતાલીસ કર્મપ્રકૃતિઓનો ઉદય છે તેમાં શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને પરાઘાત અને શુભાશુભમાંથી કોઈપણ એક વિહાયોગતિ એમ બે ઉમેરાયે છતે ૫૦ નો ઉદય થાય છે ત્યારબાદ સમ્યક્ત્વ મોહનીય ભય અને જુગુપ્સા આ ત્રણમાંથી કોઈપણ એકનો ઉદય પ્રક્ષિપ્ત કરતાં ૫૧ નો ઉદય થાય છે. કોઈપણ બે પ્રકૃતિનો ઉદય ઉમેરો તો ૫૨ નો ઉદય થાય છે અને ત્રણેનો પણ ઉદય પ્રક્ષિપ્ત કરતાં ૫૩ નું ઉદયસ્થાનક થાય છે.

અથવા શરીરસ્થ થયેલા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ તિર્યંચ તથા મનુષ્યના જીવને ૪૯ નો ઉદય પૂર્વે કહ્યો છે. તેમાં શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને પરાઘાત નામકર્મ તથા

પ્રશસ્ત વિહાયોગતિ નામકર્મ આ બેનો ઉદય થયે છતે તે બે ઉમેરતાં ૫૧ નો ઉદય થાય છે. તેમાં કોઈ કોઈ જીવને સમ્યક્ત્વમોહનીય, ભય, જુગુપ્સા અને નિદ્રાનો ઉદય હોતે છતે કોઈપણ એકનો ઉદય વધ્યો હોય ત્યારે ૫૨ નો ઉદય થાય છે કોઈપણ બે પ્રકૃતિનો ઉદય વૃદ્ધિ પામે ત્યારે ૫૩ નો ઉદય થાય છે. કોઈપણ ત્રણનો ઉદય ઉમેરો તો ૫૪ નો ઉદય થાય છે અને ચારે પ્રકૃતિઓનો ઉદય ઉમેરો તો ૫૫ નો ઉદય થાય છે.

અથવા ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ તિર્યંચ તથા મનુષ્યના જીવને હમણાં જ પૂર્વે કહેલી ૫૧ પ્રકૃતિઓના ઉદયમાં શ્વાસોશ્વાસ પર્યાપ્તિ સમાપ્ત કરતાં શ્વાસોશ્વાસ નામકર્મનો ઉદય વૃદ્ધિ પામતાં ૫૨ નો ઉદય થાય છે. ત્યારબાદ તે જ જીવને સમ્યક્ત્વ મોહનીય, ભય, જુગુપ્સા અને નિદ્રા આ ચારમાંથી કોઈપણ એકનો ઉદય ઉમેરતાં ૫૩ નું ઉદયસ્થાન થાય છે. કોઈ પણ બેનો ઉદય વધતાં ૫૪નું ઉદયસ્થાન, ત્રણનો ઉદય વધતાં પંચાવનનું ઉદયસ્થાનક અને ચારેનો ઉદય વૃદ્ધિ પામતાં છપ્પન્નનું ઉદય સ્થાનક થાય છે.

અથવા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને યોગ્ય પૂર્વે કહેલી (૫૨) બાવન કર્મપ્રકૃતિઓ જે છે. તેમાં ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તાને સ્વરનો ઉદય થવાથી સ્વરનામકર્મ ઉમેરે છતે (૫૩) ત્રેપનનો ઉદય થાય છે. તેમાં સમ્યક્ત્વ મોહનીય, ભય, જુગુપ્સા, અને નિદ્રા એમ ચારમાંથી એક ઉમેરો તો ૫૪, બે ઉમેરો તો ૫૫, ત્રણ ઉમેરો તો ૫૬, અને ચારેનો ઉદય થતાં ચાર ઉમેરો તો (૫૭) સત્તાવનનું ઉદયસ્થાનક થાય છે. આ પ્રમાણે સત્તાવન સુધીનાં ઉદયસ્થાનક થયાં.

તિર્યંચના જીવોને ઉદ્યોત નામકર્મનો ઉદય વધતાં ૫૮ નું ઉદજયસ્થાનક થાય છે. આ સર્વે ઉદયસ્થાનકો અવિરતિનાં છે. ત્યાં સર્વે પણ ભૂયસ્કારો તથા અલ્પતરો થાય છે. કારણ કે નિદ્રા ભય જુગુપ્સા અને ઉદ્યોતનો ઉદય અધ્રુવ ઉદય છે એટલે ક્યારેક ઉદય હોય ક્યારેક ઉદય ન હોય તેથી વધારો - ઘટાડો થયા જ કરે છે. તેથી ભૂયસ્કાર અને અલ્પતર બન્યા જ કરે છે.

હવે મિથ્યાદૃષ્ટિ જીવને ૪૬ થી પ્રારંભીને ૫૯ સુધીનાં ઉદયસ્થાનકો હોય છે. ઓછામાં ઓછી (૫+૪+૧+૮+૧+૨૧+૧+૫=૪૬) છેંતાલીસનું ઉદયસ્થાનક હોય છે. તથા વધારેમાં વધારે (૫+૫+૧+૧૦+૧+૩૧+૧+૫=૫૯) ઓગણસાએઠ સુધીનાં ઉદયસ્થાનકો હોય છે તે સઘળાં પણ ઉદયસ્થાનકો તથા તેના ઉદયના ભોગા સપ્તતિકા ગ્રન્થના અર્થને મનમાં વિચારીને નિદ્રા, ભય, જીગુપ્સા અને ઉદ્યોતના ઉદયના સંચારણથી સ્વયં પોતે જ સમજી લેવા. વિસ્તાર ઘણો હોવાથી અહીં લખતા નથી.

**પ્રશ્ન :** મિથ્યાત્વ ગુણસ્થાનકે ૪૬ થી ૫૯ સુધીનાં ઉદયસ્થાનકો હોય છે આ પ્રમાણે ઉપર કહેવામાં આવ્યું. પરંતુ મોહનીય કર્મના સાતના ઉદયસ્થાનકમાં વર્તતો જીવ જ્યારે વિગ્રહગતિમાં હોય ત્યારે નામકર્મની ૨૧ નો ઉદય લઈએ તો (૫+૪+૧+૭+૧+૨૧+૧+૫=૪૫) પિસ્તાલીસનું ઉદયસ્થાનક હોઈ શકે છે તો તમે ૪૬ થી ૫૯ એમ કેમ કહો છો?

**ઉત્તર :** જો ઉપરોક્ત પ્રશ્ન થતો હોય તો તેના ઉત્તરમાં સમજવું કે વિગ્રહ ગતિમાં મિથ્યાદૃષ્ટિ જીવ અનંતાનુબંધી કષાયના ઉદય સહિત જ હોય છે તેથી અનંતાનુબંધી ચાર કષાયના ઉદય રહિત મિથ્યાદૃષ્ટિ જીવના મરણનો નિષેધ હોવાથી નિયત પણે મોહનીય કર્મની આઠ જ પ્રકૃતિ ઓછામાં ઓછી ઉદયમાં હોય છે પણ વિગ્રહ ગતિમાં મિથ્યાત્વે સાતનો ઉદય સંભવતો નથી આમ હોવાથી મોહનીયકર્મની આઠ પ્રકૃતિઓનો ઓછામાં ઓછો ઉદય હોવાથી ૪૬ થી ૫૯ સુધીનાં જ ઉદયસ્થાનો સંભવે છે પરંતુ ૪૫નું ઉદયસ્થાન મિથ્યાત્વે સંભવતું જ નથી. આમ હોવાથી મોહનીય કર્મની વિગ્રહગતિમાં ઓછામાં ઓછી આઠ જ પ્રકૃતિઓનો ઉદય હોવાથી તે જીવને વિગ્રહગતિમાં ૪૬ નું જ ઉદયસ્થાન સંભવે છે. પણ ૪૫ નો ઉદય સંભવતો નથી. અને વધારેમાં વધારે ૫૯ નું જ ઉદયસ્થાન સંભવે છે તે ૫૯ આ પ્રમાણે છે :-

અનંતાનુબંધી આદિ ચાર ક્રોધ, અથવા ચાર માન અથવા ચાર માયા અથવા ચાર લોભ, ત્રણ વેદમાંથી કોઈ પણ એક વેદ, હાસ્ય રતિ અથવા અરતિ શોકનું એક યુગલ, ભય, જુગુપ્સા, મિથ્યાત્વ મોહનીય એમ મોહનીય કર્મની ૧૦ પ્રકૃતિઓનો જ્યારે ઉદય હોય ત્યારે દશના ઉદયસ્થાનકમાં વર્તતા તે જીવને તિર્યંચગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્તનામકર્મ, સૌભાગ્ય અને દૌર્ભાગ્યમાંથી એક, આદેય અને અનાદેયમાંથી એક, યશઃ કીર્તિ અને અયશઃ કીર્તિમાંથી એક, વર્ણાદિ ચતુષ્ક અગુરુલઘુનામકર્મ, સ્થિર અસ્થિર, શુભ-અશુભ, તૈજસ અને કાર્મણ, નિર્માણ નામકર્મ, ઔદારિકદ્વિક, છ માંથી કોઈ પણ એક સંસ્થાન, છ માંથી કોઈ પણ એક સંઘયણ, પ્રત્યેકનામકર્મ, ઉપઘાત, પરાઘાત, કોઈપણ એક વિહાયોગતિ, સુસ્વર દુસ્વરમાંથી કોઈ પણ એક, ઉચ્છ્વાસ, અને ઉદ્યોતનામકર્મ સ્વરૂપ નામકર્મની (૩૧) એકત્રીસ પ્રકૃતિઓના ઉદયવાળા જીવને જ્ઞાનાવરણીયની પાંચ, અંતરાયકર્મની પાંચ, દર્શનાવરણીય કર્મની ચાર, પાંચ નિદ્રામાંથી કોઈ પણ એક નિદ્રા, કોઈ પણ એક વેદનીય કર્મ, એક આયુષ્ય કર્મ, એક ગોત્ર કર્મ આ પ્રમાણે મોહનીયની ૧૦, નામકર્મની ૩૧, શેષ છ કર્મોની ૧૮ એમ કુલ ૫૯ પ્રકૃતિનો અનુભવ કરનારા જીવને આ ઉદયસ્થાનક હોય છે.

આ નામકર્મના ઉદયસ્થાનોમાં અવક્તવ્યોદય સંભવતો નથી, કારણ કે સર્વ કર્મપ્રકૃતિઓના ઉદયનો વિચ્છેદ થયા પછી મોક્ષે ગયેલા જીવને ફરીથી કર્મનો ઉદય થાય આ વાતનો જ અસંભવ છે તે માટે અવક્તવ્યોદય થતા જ નથી.

અવસ્થિત ઉદય (૨૬) છવ્વીસ થાય છે. અવસ્થિતોદય લગભગ ઉદયસ્થાનની સમાન જ હોય છે. આ કારણથી છવીસ હોય છે. એક સમયનો જો કાળ હોય તો અવસ્થિત ઉદય ન થાય. પરંતુ અહીં સર્વ ઉદયસ્થાનકોમાં અધિકકાળ છે માટે અવસ્થિત ઉદય ૨૬ થાય છે.

**પ્રશ્ન :** હવે અહીં કદાચ આવો પ્રશ્ન થાય કે વિગ્રહગતિમાં તથા કેવલિ સમુદ્ઘાતમાં જે ઉદયસ્થાનો સંભવે છે. તેમાં કાળ અતિશય અલ્પ હોવાથી ભૂયસ્કાર અથવા અલ્પતર થાય પરંતુ અવસ્થિત ઉદય કેમ થાય ? આવો પ્રશ્ન જો થાય તો.

**ઉત્તર :** આ પ્રમાણે તેનો ઉત્તર જાણવો કે ત્યાં પણ કોઈ પણ ઉદયસ્થાનકમાં ઓછામાં ઓછો બે ત્રણ સમયનો કાળ તો છે જ, તેથી પ્રથમ સમયે ભલે ભૂયસ્કાર થાય અથવા અલ્પતર થાય, પરંતુ બીજા સમયે તો અવસ્થિતોદય જ કહેવાય છે. આ પ્રમાણે અવક્તવ્યોદય નથી. પરંતુ અવસ્થિતોદય છવ્વીસે છવ્વીસ છે અને અવક્તાત્યોદય સંભવતા નથી.

તથા ભૂયસ્કારોદય (૨૧) એકવીસ થાય છે. કારણ કે કેવલજ્ઞાની થયેલા ભગવાન છદ્મસ્થ જીવોના ઉદયસ્થાનકોમાં પાછા આવતા નથી. અતીર્થંકર ભગવાન (અર્થાત્ સામાન્ય કેવલજ્ઞાની ભગવાન્) તીર્થંકર કેવલીના ઉદયસ્થાનોમાં ચઢતા નથી, તથા અયોગી કેવલી ભગવાન્ સયોગિ કેવલી ભગવાનના ઉદયસ્થાનોમાં આરોહણ કરતા નથી. તેથી (૧૧-૧૨-૨૩-૨૪ અને ૪૪) અગિયાર, બાર, ત્રેવીસ, ચોવીસ અને ચુમ્માલીસ આ પ્રથમના પાંચ ઉદયસ્થાનોમાં ભૂયસ્કારોદય થતા નથી. તેથી ભૂયસ્કારોદય આ પાંચ વિના શેષ ૨૧ જ પ્રાપ્ત થાય છે.

તથા અલ્પતરોદય (૨૪) ચોવીશ થાય છે. કારણ કે અવિરતસમ્યગ્દષ્ટિ જીવ અથવા મિથ્યાદષ્ટિ જીવ ત્યાંથી જ સીધે સીધો કેવલીના ઉદયસ્થાન ઉપર આરૂઢ થતો નથી. તેથી કેવલી પરમાત્મામાં સંભવતું એવું જે (૩૪) ચોત્રીસનું ઉદયસ્થાનક છે તેનો ભૂયસ્કારોદય ભલે હોય છે પરંતુ અલ્પતરોદય હોતો નથી.[1]

(૧) ચોત્રીસ પ્રકૃતિના અલ્પતરોદયની ના કહી, પરંતુ વિચાર કરતાં ૩૪નો પણ અલ્પચરોદય થાય છે. બારમા ગુણસ્થાનકમાં ચરમ સમયે વર્તતા જીવને (૫+૪+૧+૦+૧+૩૦+૧+૫+=૪૭) સુડતાલીસનો

તથા (૫૯) ઓગણસાઅેઠ પ્રકૃતિઓના ઉદયવાળું જે ઉદયસ્થાનક છે તે સૌથી મોટુ હોવાથી તેનાથી અન્ય બીજાં કોઈ મોટાં ઉદયસ્થાનક ન હોવાથી (૫૯) ઓગણસાઅેઠનો અલ્પતર થતો નથી.

આ પ્રમાણે સામાન્યથી સર્વ ઉત્તર કર્મપ્રકૃતિઓના ઉદયસ્થાનકોમાં ભૂયસ્કારાદિ સમજાવ્યા. ઉદીરણાનો અધિકાર પણ લગભગ ઉદયની સમાન જ હોય છે. આમ જાણવું. પરંતુ નામકર્મનાં જે બાર ઉદયસ્થાનકો છે તેમાં (૮-૯) આઠના અને નવના ઉદયસ્થાનકમાં ઉદીહરણાનો અભાવ જાણવો કારણ કે તે બન્ને ઉદયસ્થાનો અયોગી ગુણસ્થાનકે આવે છે અને ત્યાં યોગ ન હોવાથી ઉદીરણા સંભવતી જ નથી.

તથા સામાન્યથી સર્વ ઉત્તર પ્રકૃતિઓના સમુદાયવાળા ઉદયસ્થાનકોમાં અપ્રમત્તાદિ ગુણસ્થાનકોમાં જીવ જ્યારે આરૂઢ થાય ત્યારે વેદનીય કર્મ અને આયુષ્યકર્મની ઉદીરણા થતી નથી તેથી તેને વર્જી દેવા સ્વરૂપ જે જે વિશેષતા છે. તે ઉદીરણાના પ્રકરણથી જ સ્વયં સમજીને સમ્યક્પ્રકારે વિચારણા કરીને તેના સંબંધી ભૂયસ્કાર-અલ્પતર વિગેરે વિભાગોનું નિરૂપણ કરવું. આ પ્રમાણે સર્વોત્તર પ્રકૃતિનાં ઉદયસ્થાનોમાં ભૂયસ્કારાદિ સમજાવ્યા.

હવે જ્ઞાનાવરણીય આદિ એક એક ઉત્તરપ્રકૃતિઓના દરેકના, તથા સર્વ ઉત્તર પ્રકૃતિઓના સત્તાસ્થાનકોમાં ભૂયસ્કારાદિ કહેવાના છે. ત્યાં પ્રથમ જ્ઞાનાવરણીય આદિ કર્મોની ઉત્તર પ્રકૃતિઓમાં તે સત્તાસ્થાનો તથા ભૂયસ્કારાદિ વિચારાય છે :- જ્ઞાનાવરણીય કર્મ તથા અંતરાયકર્મ એમ આ બન્ને કર્મોમાં પાંચ પાંચ પ્રકૃતિઓની સત્તા હોવા રૂપ એક એક જ સત્તાસ્થાનક હોય છે. તેથી બીજાં સત્તાસ્થાનક ન હોવાથી મહાન કે અલ્પ, અર્થાત્ અધિક કે હીનસંખ્યાવાળું બીજું સત્તાસ્થાનક જ ન હોવાથી ભૂયસ્કાર કે અલ્પતરનો જ અસંભવ છે. તથા અવક્તવ્ય પણ નથી. કારણ કે આ બન્ને કર્મોની સર્વ ઉત્તરપ્રકૃતિઓની સત્તાનો વિચ્છેદ થયા પછી ફરીથી સત્તાનો જ અસંભવ છે. અવસ્થિત એક થાય છે.

---

ઉદય થાય છે. તેમાંથી તેરમા ગુણસ્થાનકે આરૂઢ થતાં જ્ઞાનાવરણીય દર્શનાવરણીય અને અંતરાયની ૫+૪+૫=૧૪ના ઉદયનો વિચ્છેદ થાય અને એક તીર્થંકર નામકર્મનો ઉદય વધે છે. તેથી ૩૪નો ઉદય થાય છે આમ ૪૭ના ઉદયથી આ જીવ ૩૪ના ઉદયમાં જાય છે. તેથી તેનો અલ્પતર કહેવો જોઈએ. છતાં મહાત્મા પુરુષોએ કેમ ના કહીં ? તે સમજાતું નથી. સત્ય હકિક્ત સર્વજ્ઞ પરમાત્મા જાણે.

અહીં કદાચ મહાત્મા પુરૂષોએ આવી કલ્પના કરી હોય કે ૪૭ના ઉદયમાંથી બારમાના ચરમ સમયે જ્ઞાનાવરણીયની ૫, દર્શનાવરણીયની ૪, અને અંતરાયની ૫ એમ કુલ ૧૪નો ક્ષય થાય છે. તેને કડેમાણે કડે નો ન્યાય લગાડીને સર્વથા તેત્રીસનો જ ઉદય માન્યો હોય તો કેવળજ્ઞાન પ્રાપ્ત કરતો ૩૩ ને બદલે ૩૪ નો ઉદય થતાં ભૂયસ્કાર થાય પરંતુ અલ્પતરોદય ન થાય. આવી કલ્પના કદાચ કરી હોય. તત્ત્વ કેવલી ગમ્ય.

તથા વેદનીયકર્મમાં બે સત્તાસ્થાનક છે. બેનું અને એકનું, ત્યાં અયોગિ અવસ્થાના દ્વિચરમ સમય સુધી યાવત્ બેની સત્તાવાળું સત્તા સ્થાનક હોય છે. અને ચરમસમયે એકની સત્તાવાળું સત્તાસ્થાનક હોય છે. ત્યાં ભૂયસ્કારસત્તા સંભવતી નથી. કારણ કે એક પ્રકૃતિ આત્મક સત્તાસ્થાનકથી બે પ્રકૃત્યાત્મક સત્તાસ્થાનમાં ગમન થવાનો સંભવ નથી.

તથા અલ્પતર એક થાય છે. અને તે એક પ્રકૃતિની સત્તાવાળું જે સ્થાન ચૌદમાના ચરમસમયમાં છે તેનો અલ્પતર થાય છે. બેની સત્તાવાળા સ્થાનથી એકની સત્તાવાળા સ્થાને આવતાં આ અલ્પતર થઈ શકે છે. અવસ્થિતસત્તા સ્થાન પણ બે પ્રકૃતિની સત્તાવાળા સ્થાનનું એક જ થાય છે. કારણ કે તેનો જ કાળ ઘણો છે. એકની સત્તાવાળા સ્થાનનો કાળ તો માત્ર ચૌદમાના ચરમસમય સ્વરૂપ એક જ સમયનો છે. તેથી તે અલ્પતર થાય છે. પણ અવસ્થિત થતો નથી. તથા આ વેદનીયકર્મમાં અવક્તવ્યસત્તા તો સંભવતી જ નથી.

હવે ગોત્રકર્મમાં તથા આયુષ્યકર્મમાં બે બે સત્તાસ્થાનો હોય છે. બેનુ અને એકનું, ત્યાં ગોત્રકર્મમાં ઉચ્ચગોત્રની ઉદ્વલના કરી ન હોય ત્યારે અને નીચગોત્રની સત્તા હજુ ક્ષય પામી ન હોય ત્યાં સુધી બન્ને ગોત્રની સત્તા હોય છે તે બેનું સત્તાસ્થાનક કહેવાય છે. પરંતુ જ્યારે તેઉકાય અને વાઉકાયના ભવમાં જવા વડે ઉચ્ચગોત્રની ઉદ્વલના કરાઈ હોય ત્યારે કેવળ એકલા નીચગોત્રની જ સત્તા હોય છે અથવા અયોગિગુણસ્થાનવકના દ્વિચરમ સમયે જઈને ત્યાં નીચગોત્રની સત્તાનો નાશ કર્યો હોય ત્યારે ચૌદમાના ચરમસમયે કેવળ એકલા ઉચ્ચગોત્રની જ માત્ર સત્તા હોય છે. આમ એકની સત્તા બે રીતે હોય છે આ પ્રમાણે બે સત્તાસ્થાનક ગોત્રકર્મમાં હોય છે.

આયુષ્યકર્મમાં જ્યાં સુધી પરભવનું આયુષ્ય બંધાતું નથી. ત્યાં સુધી ચાલુ ભવના આયુષ્યની એકની જ સત્તા હોય છે. જ્યારે પરભવનું આયુષ્ય બંધાય છે ત્યારથી મૃત્યુ ન થાય ત્યાં સુધી બે આયુષ્યની સત્તા હોય છે.

હવે ગોત્રકર્મમાં બે પ્રકૃતિના સત્તાસ્થાનવાળું એક સત્તાસ્થાન છે તેનો એક જ ભૂયસ્કાર થાય છે. જ્યારે તેઉકાય અને વાઉકાયના ભવમાં જવા દ્વારા ઉચ્ચગોત્રની ઉદ્વલના કરી લીધી હોય અને માત્ર એક નીચગોત્રની જ સત્તા હોય ત્યારે ફરીથી પંચેન્દ્રિય તિર્યંચના ભવમાં આવતાં જ ઉચ્ચગોત્રકર્મ બાંધે ત્યારે બે પ્રકૃતિની સત્તાવાળો થાય, તેના પ્રથમ એક સમયે ભૂયસ્કાર થાય છે.

તથા અલ્પતરસત્તા પણ એક જ થાય છે. અને તે એક પ્રકૃતિની સત્તા સ્વરૂપ અલ્પતર જાણવો. જ્યારે ઉચ્ચગોત્રની ઉદ્વલના થઈ જાય ત્યારે બેની સત્તામાંથી એકની સત્તામાં જતાં

અથવા નીચગોત્રની સત્તાનો જ્યારે ક્ષય થાય ત્યારે પણ ચૌદમાના ચરમસમયે એકની સત્તા થાય છે. ત્યાં બન્ને સ્થાને એકની સત્તાનો એક જ અલ્પતર થાય છે. તથા ઉચ્ચગોત્રની જ્યારે ઉદ્વલના કરે છે ત્યારે કેવળ એક નીચગોત્રની સત્તા હોય છે ત્યારે જે એકની સત્તા છે તેનો કાળ ઘણો છે તે માટે ઘટાડાવાળા પ્રથમ સમયે અલ્પતર સારી રીતે થાય છે.

હવે અવસ્થિતસત્તાસ્થાન બે જાણવાં બેનું અને એકનું, આ બન્ને સત્તાસ્થાનો લાંબા કાળવાળાં છે તેથી બીજા સમયથી અલ્પતર થઈ શકે છે પરંતુ એકની સત્તાનો જે અવસ્થિત કહ્યો તે જે જીવે ઉચ્ચગોત્રકર્મની ઉદ્વલના કરી લીધી છે. તેવા જીવને નીચગોત્રની સત્તા હોવા રૂપ એકની સત્તાની અવસ્થિત સત્તા કહેવી. પરંતુ નીચગોત્રની સત્તાનો ક્ષય થયા પછી ચૌદમાના ચરમસમયે કેવળ એકલા ઉચ્ચગોત્રની જે સત્તા હોય છે તે ઉચ્ચગોત્રની સત્તાવાળી એકની અવસ્થિતસત્તા ન કહેવી. કારણ કે તેનો કાળ માત્ર એક જ સમય છે તેથી અલ્પતર થાય છે પણ અવસ્થિત થતો નથી. તે એકની સત્તા તો બીજા જ સમયે ક્ષય થાય છે તે માટે તે અવસ્થિત ન કહેવો.

હવે આયુષ્યકર્મમાં બે પ્રકૃતિઆત્મક એક ભૂયસ્કારસત્તા જાણવી. અને તે જ્યારે પરભવનું આયુષ્ય બાંધે ત્યારે પ્રથમસમયે જ ભૂયસ્કારસત્તા સમજવી. એવી જ રીતે એક પ્રકૃત્યાત્મક એક અલ્પતરસત્તા જાણવી. જ્યારે જીવ વિવક્ષિત ભવમાંથી મૃત્યુ પામી પરભવમાં જાય ત્યારે અનુભવાતું વિવક્ષિત ભવનું આયુષ્ય ક્ષય થવાથી તેની સત્તાનો વિચ્છેદ થયે છતે પરભવનું આયુષ્ય જ્યારે ઉદયમાં શરૂ થાય ત્યારે એક જ આયુષ્યની સત્તા છે. તે માટે ત્યાં પ્રથમ સમયે એકનો અલ્પતર થાય છે.

બે અવસ્થિતસત્તા હોય છે. કારણ કે બન્ને સત્તાસ્થાનોનો કાળ લાંબો છે. તેથી બીજા સમયે અવસ્થિત કહી શકાય છે. જે અવક્તવ્યસત્તા છે તે તો બન્ને કર્મોમાં (ગોત્રકર્મમાં અને આયુષ્યકર્મમાં) થતી નથી. કારણ કે બન્ને કર્મોની પોતપોતાની સર્વ ઉત્તર પ્રકૃતિઓની સત્તાનો વિચ્છેદ થયા પછી ફરીથી સત્તા થવાનો સંભવ નથી. માટે અવક્તવ્યસત્તા સંભવતી જ નથી.

દર્શનાવરણીયકર્મનાં ત્રણ સત્તાસ્થાનક છે. નવનું, છનું, અને ચારનું (૯-૬-૪-નું), ત્યાં ક્ષપક શ્રેણિમાં અનિવૃત્તિબાદર સંપરાય નામના નવમા ગુણસ્થાનકના સંખ્યાતા ભાગ સુધી, અને ઉપરશમશ્રેણિમાં ઉપશાન્ત મોહ નામના અગિયારમા ગુણસ્થાનક સુધી યાવત્ નવે નવ પ્રકૃતિઓની સત્તા હોય છે. તથા માત્ર ક્ષપકશ્રેણિમાં જ અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકના સંખ્યાતા ભાગો ગયા પછી આગળ ઉપર યાવત્ ક્ષીણમોહ ગુણસ્થાનકના

દ્વિચરમ સમય સુધી થિણદ્ધિત્રિક વિના છની સત્તા હોય છે. તથા ક્ષીણમોહ ગુણ સ્થાનકના ચરમ સમયમાં ચારની જ સત્તા હોય છે. અહીં બે અલ્પતર થાય છે. છનો અને ચારનો એમ બે અલ્પતર થાય છે. તથા નવનો અને છનો એમ બે અવસ્થિત થાય છે. છેલ્લી ચારની સત્તા માત્ર એક જ સમય હોવાથી અલ્પતર થાય છે. પણ અવસ્થિત સત્તા થતી નથી. બીજો સમય હોત તો અવસ્થિત થાત પણ ચારની સત્તા ચરમસમયે જ માત્ર છે. તેથી તે કાળ માત્ર એક સમય જ હોવાથી અવસ્થિત સત્તાનો અસંભવ છે. ભૂયસ્કાર અને અવક્તવ્ય થતા નથી. કારણ કે છનું અને ચારનું સત્તાસ્થાન આવ્યા પછી પતન ન હોવાથી નવની સત્તા થતી નથી. તેથી ભૂયસ્કારસત્તા થતી નથી. અને સર્વથા સત્તાનો વિચ્છેદ થયા પછી કેવલજ્ઞાની થયા બાદ પતનનો અસંભવ છે. માટે ભૂયસ્કાર અને અવક્તવ્ય સત્તા નથી.

હવે મોહનીયકર્મનાં સત્તાસ્થાનો કહેવાય છે. તે કુલ (૧૫) પન્નર સત્તાસ્થાનો છે. તે આ પ્રમાણે :- ૨૮-૨૭-૨૬-૨૪-૨૩-૨૨-૨૧-૧૩-૧૨-૧૧-૫-૪-૩-૨ અને ૧, એમ કુલ પન્નર સત્તાસ્થાનો છે ત્યાં મોહનીયકર્મની સર્વ પ્રકૃતિઓનો સમુદાય જ્યારે સત્તામાં હોય ત્યારે ૨૮ ની સત્તા કહેવાય છે. તેમાંથી સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના કરે છતે ૨૭ ની સત્તા હોય છે. તેમાંથી મિશ્ર મોહનીયની ઉદ્વલના કરે છતે ૨૬ ની સત્તા હોય છે. અથવા અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને પણ ૨૬ ની સત્તા હોય છે.

૨૮ ની સત્તાવાળો જીવ જ્યારે અનંતાનુબંધી ચાર કષાયોનો ક્ષય કરે ત્યારે ૨૪ ની સત્તા થાય છે. તેમાંથી ક્ષાયિક પામતાં મિથ્યાત્વ મોહનીયની સત્તાનો ક્ષય થયે છતે ૨૩ ની સત્તા હોય છે. તેમાંથી મિશ્ર મોહનીયનો ક્ષય થાય ત્યારે ૨૨ ની સત્તા હોય છે. તેમાંથી સમ્યક્ત્વ મોહનીય કર્મનો ક્ષય થયે છતે ૨૧ ની સત્તા હોય છે. ત્યારબાદ ક્ષપકશ્રેણિમાં આરોહણ કરતાં મધ્યના આઠ કષાયોનો ક્ષય કરે ત્યારે ૧૩ ની સત્તા હોય છે. તેમાંથી નપુંસકવેદનો ક્ષય થયે છતે ૧૨ ની સત્તા હોય છે તેમાંથી સ્રીવેદનો ક્ષય થયે છતે અગિયારની સત્તા થાય છે. ત્યારબાદ નવમા ગુણઠાણે હાસ્યાદિ નોકષાયના ષટ્કનો ક્ષય થયે છતે પાંચની સત્તા થાય છે. તેમાંથી પુરુષવેદ ખપાયે છતે ચારની સત્તા, સંજ્વલન ક્રોધ-માન-માયા ખપાયે છતે અનુક્રમે ત્રણની બેની અને એકની સત્તા થાય છે.

આ પન્નર સત્તાસ્થાનોમાં અવસ્થિત સત્તાસ્થાનો પન્નર થાય છે. કારણ કે ઉપરોક્ત પન્નરે સત્તાસ્થાનોનો કાળ જઘન્યથી પણ અંતર્મુહૂર્ત પ્રમાણ છે તે માટે પ્રથમ સમય પછી બીજા સમયે અવસ્થિત સત્તાસ્થાન સંભવી શકે છે. અલ્પતર સત્તાસ્થાનો ચૌદ થાય છે કારણ કે ૨૮નું સત્તાસ્થાનક છે. પણ તેની અલ્પતરસત્તા થતી નથી. કારણ કે મોહનીય કર્મમાં ૨૮ થી અધિક

પ્રકૃતિઓ પણ નથી અને સત્તા પણ નથી કે જ્યાંથી ૨૮ માં આવે ત્યારે અલ્પતર થાય તેથી આ વાત અસંભવિત છે. માટે અલ્પતર સ્થાનો ૨૮ વિના શેષ ૧૪ છે.

ભૂયસ્કારસત્તાસ્થાન માત્ર એક અઠ્ઠાવીસનું જ થાય છે કારણકે અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કર્યા પછી ફરીથી તેનો બંધ કરતાં ૨૪ માંથી ૨૮ ના સત્તાસ્થાને ગમન સંભવે છે. તથા અનાદિ મિથ્યાત્વી જીવ સમ્યક્ત્વ પામે ત્યારે ૨૬ માંથી ૨૮ ના સત્તાસ્થાને ગમન કરે છે. આ રીતે ૨૪ થી અથવા ૨૬ થી ૨૮ ના સત્તાસ્થાનમાં સંક્રમણ થવાનો સંભવ છે. તે માટે ૨૮ નો એક જ ભૂયસ્કાર થાય છે. બાકીનાં સત્તાસ્થાનો ભૂયસ્કારપણે પ્રાપ્ત થતાં નથી. કારણ કે અનંતાનુબંધી ચાર કષાયો સમ્યક્ત્વ મોહનીય, અને મિશ્રમોહનીય આ છ જ કર્મપ્રકૃતિઓની સત્તા વિચ્છેદ ગયા પછી ફરીથી સત્તા આવે છે. પરંતુ આ છ વિના શેષ બાકીની મોહનીય કર્મની પ્રકૃતિઓની સત્તાનો વિચ્છેદ થયા પછી સત્તા આવતી નથી. ક્ષય કર્યા પછી ફરીથી તેના બંધનો અસંભવ જ છે તે કારણે ફરીથી સત્તાનો અયોગ છે.

અવક્તવ્યસત્તાસ્થાન તો સર્વથા છે જ નહીં. કારણ કે મોહનીય કર્મની સર્વ ઉત્તરપ્રકૃતિઓની સત્તાનો વ્યવચ્છેદ કરાયે છતે ફરીથી સત્તાનો અસંભવ છે. આ પ્રમાણે મોહનીય કર્મ સમાપ્ત થયું.

હવે નામકર્મનાં સત્તાસ્થાનકો (૧૨) બાર છે. ત્રાણું, બાણું, નેવ્યાસી, અઠ્યાસી, છ્યાંસી, એંશી, અગણ્યાએંશી, અઠયોતેર, છોંતેર, પંચોતેર, નવ અને આઠ એમ (૯૩-૯૨-૮૯-૮૮-૮૬-૮૦-૭૯-૭૮-૭૬-૭૫-૯ અને ૮) કુલ ૧૨ સત્તાસ્થાનો છે.

નામકર્મની સર્વ પ્રકૃતિઓની સત્તા હોય ત્યારે ૯૩ નું સત્તા સ્થાન હોય છે. તે જ ૯૩ નું સત્તાસ્થાન જ્યારે તીર્થંકર નામકર્મ વિના સત્તામાં હોય ત્યારે ૯૨ નું સત્તાસ્થાન થાય છે તથા ૯૩ નું જ સત્તાસ્થાન જ્યારે આહારકચતુષ્ક રહિત સત્તામાં હોય છે ત્યારે ૮૯નું સત્તાસ્થાન થાય છે. તથા જિનનામકર્મ વિના જે ૯૨નું સત્તાસ્થાન છે તે જ જ્યારે આહારક-ચતુષ્કની સત્તા વિનાનું હોય છે. ત્યારે ૮૮ નું સત્તાસ્થાન થાય છે. આ ૯૩-૯૨-૮૯ અને ૮૮ એમ ચાર સત્તા સ્થાનકને પ્રથમ સત્તાસ્થાન ચતુષ્ક કહેવાય છે.

આ ચારે સત્તાસ્થાનવાળા જીવો જ્યારે ક્ષપકશ્રેણિમાં આરૂઢ થાય ત્યારે નવમા ગુણઠાણે નામકર્મની તેર પ્રકૃતિઓની સત્તાનો ક્ષય કરે ત્યારે અનુક્રમે ૯૩ વાળાને ૮૦, ૯૨ વાળાને ૭૯, ૮૯ વાળા ને ૭૬, અને ૮૮ વાળાને ૭૫, એમ ૮૦-૭૯-૭૬-૭૫ આ બીજી ચાર સત્તાસ્થાનોનું ચતુષ્ક થાય છે.

તથા ૮૮ ની સત્તાવાળો જીવ જ્યારે એકેન્દ્રિયમાં જાય અને ત્યાં દેવદ્વિક નરકદ્વિક અને વૈક્રિયચતુષ્ક એમ આઠ કર્મપ્રકૃતિઓની ઉદ્વલના કરે ત્યાં સૌથી પ્રથમ દેવદ્વિક અથવા નરકદ્વિકની ઉદ્વલના સમાપ્ત થયે છતે તે બે વિના ૮૬ ની સત્તા હોય છે ત્યારબાદ દેવદ્વિક સાથે વૈક્રિયચતુષ્ક અથવા નરકદ્વિક સાથે વૈક્રિય ચતુષ્ક એમ શેષ છ કર્મપ્રકૃતિઓની ઉદ્વલના કરે છતે ૮૦ ની સત્તા હોય છે. ત્યારબાદ કોઈ જીવ તેઉકાય વાઉકાયમાં જઈને મનુષ્યદ્વિકની ઉદ્વલના કરે ત્યારે ૭૮ ની સત્તા હોય છે. આ ૮૬-૮૦ અને ૭૮ ત્રણ સત્તાસ્થાનને અધ્રુવસત્તાસ્થાનક એવું નામ પૂર્વાચાર્યો આપે છે.

તથા વળી (૯) નવ પ્રકૃતિઆત્મક સત્તાસ્થાનક તીર્થંકર ભગવાનને અને (૮) આઠ પ્રકૃતિઆત્મક સત્તાસ્થાનક અતીર્થંકર (સામાન્ય) કેવલી ભગવંતોને ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે હોય છે. આ વાત જૈનદર્શનમાં અત્યન્ત પ્રસિદ્ધ જ છે. આ પ્રમાણે કુલ (૧૨) બાર સત્તાસ્થાનકો નામકર્મનાં થાય છે.

આ બાર સત્તાસ્થાનકોમાં નવનું અને આઠનું સત્તાસ્થાનક એક સમયના જ માત્ર કાળવાળું હોવાથી અલ્પતર રૂપ થાય છે પરંતુ બે સમયનો કાળ ન હોવાથી અવસ્થિતનો ભેદ ઘટતો નથી. તેથી તે બન્નેને છોડીને શેષ દશ સત્તાસ્થાનકોમાં બીજા સમયથી દશ અવસ્થિત સત્તાસ્થાનો કહેવાય છે.

તથા અલ્પતરસ્થાનો પણ (૧૦) દશ થાય છે તે આ પ્રમાણે સમજવાં પ્રથમ સત્તાસ્થાન ચતુષ્ક (૯૩-૯૨-૮૯ અને ૮૮) માંથી ક્ષપકશ્રેણિમાં ચઢતાં ૧૩ નો ક્ષય કરતાં (અનુક્રમે ૮૦-૭૯-૭૬ અને ૭૫ ની સત્તાએ જતાં) ચાર અલ્પતરસ્થાનો થાય છે.

તથા આ બીજા ચતુષ્કમાંથી (એટલે કે ૮૦-૭૯-૭૬ અને ૭૫ માંથી) ચૌદમાના ચરમ સમયે જતાં નવની અને આઠની સત્તા થતાં બે અલ્પતરસ્થાનો થાય છે. તથા પ્રથમ સત્તાસ્થાન ચતુષ્ક (૯૩-૯૨-૮૯ અને ૮૮) સંબંધી ચાર સત્તાસ્થાનમાંથી ચોથુ જે સત્તાસ્થાનક ૮૮ નું છે તેમાંથી દેવદ્વિક અથવા નરકદ્વિકની ઉદ્વલના કરે છતે ૮૬નું સત્તા સ્થાન આવે ત્યારે એક અલ્પતર (અને તેમાંથી બાકીની છ પ્રકૃતિની ઉદ્વલના કરે ત્યારે ૮૦ ની સત્તા થાય છે પરંતુ ૮૦ નો અલ્પતર આગળ સમજાવાઈ ગયો છે. તેથી તે બીજી વાર ન ગણતાં) તેમાંથી તેઉકાય અને વાઉકાયમાં જાય ત્યારે મનુષ્યદ્વિકની ઉદ્વલના કરતાં ત્રીજા ૭૮ ના સત્તાસ્થાને જતાં બીજું અલ્પતરસ્થાન થાય છે. આમ બે અલ્પતરસ્થાન ૮૬ નાં અને ૭૮ નાં આ પ્રમાણે થાય છે.

તથા ૯૩ અને ૯૨ ની સત્તાવાળા જીવો અવિરતિએ જવાથી આહારકની ઉદ્વલના કરે ત્યારે ૮૯ અને ૮૮ ની સત્તાવાળા બને ત્યારે તે બે અલ્પતર થાય છે. તે આ પ્રમાણે

સર્વ સંખ્યાએ સાથે મળીને ૮૦-૭૯-૭૬-૭૫-૯-૮-૮૬-૭૮-૮૯-૮૮ એમ કુલ ૧૦ સત્તાસ્થાનોના ૧૦ અલ્પતર થાય છે. ૯૩-૯૨ આ બે વિના શેષ ૧૦ અલ્પતર થાય છે.

બાર સત્તાસ્થાનકમાં છ ભૂયસ્કારો થાય છે. તે આ પ્રમાણે :- તેઉકાય - વાઉકાયમાં ગયેલા જીવને (૭૮) અઠ્યોતેરની સત્તા હોય છે. તે જીવ ત્યાંથી નીકળીને પૃથ્વીકાયાદિ અન્ય ભવમાં આવે ત્યારે શરીર પર્યાપ્તિએ પર્યાપ્તો થાય ત્યારથી મનુષ્યદ્વિક બાંધી શકે છે તે બાંધે ત્યારે ૮૦ ની સત્તાવાળો થાય ત્યારે પ્રથમ સમયે પ્રથમ ભૂયસ્કાર, ત્યાંથી પણ નીકળીને સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અથવા મનુષ્યના ભવમાં આવે ત્યારે દેવદ્વિક અથવા નકકદ્વિક તથા વૈક્રિયચતુષ્ક એમ છ પ્રકૃતિઓ બાંધે ત્યારે ૮૦ માંથી ૮૬ ની સત્તાવાળો થાય ત્યારે પ્રથમ સમયે બીજો ભૂયસ્કાર, ત્યાર પછી તે જ સંજ્ઞી પંચેન્દ્રિયના ભવમાં અથવા સંજ્ઞી પંચેન્દ્રિયના અન્ય ભવમાં દેવદ્વિક અથવા નરકદ્વિકમાંથી શેષ બાકીનું દ્વિક બાંધતાં ૮૬ માંથી ૮૮નું સત્તાસ્થાન આવે છે ત્યારે ત્રીજો ભૂયસ્કાર થાય છે.

ત્યારબાદ શ્રેષ્ઠ ભવમાં આવતાં તીર્થંકરનામકર્મ જ્યારે બાંધે ત્યારે ૮૮ + ૧ - ૮૯ ની સત્તાવાળો થાય ત્યારે ચોથો ભૂયસ્કાર થાય છે. અને કોઈક જીવ તીર્થંકરનામકર્મ બાંધ્યા વિના જ આહારક ચતુષ્ક બાંધે ત્યારે ૮૮ માંથી ૯૨ ની સત્તા થાય ત્યારે પાંચમો ભૂયસ્કાર થાય છે અને આહારકચતુષ્ક બાંધે છતે ૯૨ ની સત્તાવાળો થયેલો જીવ ધારો કે પવિત્ર ઊંચી ભાવના આવતાં તીર્થંકરનામકર્મ બાંધે ત્યારે ૯૨ માંથી ૯૩ ની સત્તાવાળો થાય છે ત્યારે છઠ્ઠો ભૂયસ્કાર થાય છે. આ પ્રમાણે ૮૦-૮૬-૮૮-૮૯-૯૨-૯૩ એમ કુલ છ ભૂયસ્કારો થાય છે પરંતુ વધારે ભૂયસ્કારો થતા નથી.

બાકીનાં સત્તાસ્થાનકો ક્ષપકશ્રેણિમાં અને અયોગિકેવલી પરમાત્માને જ આવતાં હોવાથી ત્યાં ઘટાડો જ થાય છે પણ સત્તાનો વધારો ન થતો હોવાથી ભૂયસ્કારો થતા નથી. ઓછી પ્રકૃતિવાળા સત્તાસ્થાનથી અધિક પ્રકૃતિવાળા સત્તાસ્થાને આ છ સ્થાનો વિના ગમન સંભવતું નથી.

તથા જે અવક્તવ્ય સત્તાસ્થાન છે તે તો આ નામકર્મમાં થતા જ નથી. કારણ કે નામકર્મની સર્વ ઉત્તર કર્મપ્રકૃતિઓની સત્તાનો વિચ્છેદ થયા પછી તો જીવ મોક્ષે જ જાય છે ફરીથી સત્તા આવવાનો સંભવ જ નથી. માટે અવક્તવ્ય નથી. તે આ પ્રમાણે જ્ઞાનાવરણીય આદિ એક એક મૂલકર્મોનાં સત્તાસ્થાનોમાં ભૂયસ્કારાદિ સમજાવ્યા.

હવે સામાન્યથી સર્વ ઉત્તર પ્રકૃતિઓનાં સત્તાસ્થાનકોમાં તે ભૂયસ્કારાદિ સમજાવવાના છે. ત્યાં સામાન્યથી સર્વ ઉત્તરપ્રકૃતિઓનાં સત્તાસ્થાનકો (૪૮) અડતાલીસ થાય છે. તે આ

પ્રમાણે (૧૧-૧૨-૮૦-૮૧-૮૪-૮૫-, ૯૪-૯૫-૯૬-૯૭-૯૮-૯૯-૧૦૦-૧૦૧-૧૦૨-૧૦૩-૧૦૪-૧૦૫-૧૦૬-૧૦૭-૧૦૮-૧૦૯-૧૧૦-૧૧૧-૧૧૨-૧૧૩-૧૧૪-૧૨૫-૧૨૬-૧૨૭-૧૨૮-૧૨૯-૧૩૦-૧૩૧-૧૩૩-૧૩૪-૧૩૫-૧૩૬-૧૩૭-૧૩૮-૧૩૯-૧૪૦-૧૪૧-૧૪૨-૧૪૩-૧૪૪-૧૪૫ અને ૧૪૬ એમ કુલ ૪૮ સત્તાસ્થાનકો થાય છે. અર્થાત્ અગિયાર, બાર, એંશી, એકાશી, ચોર્યાસી, પંચાશી, ત્યારબાદ ચોરાણુથી પ્રારંભીને એકસોહ ચૌદ સુધીનાં નિરન્તર. અને એકસોહ પચીસથી આરંભીને એકસોહ છેંતાલીસ સુધીનાં ફક્ત તેમાં એકસોહ બત્રીસ વિના આમ કુલ ૪૮ સત્તાસ્થાનો થાય છે.

તેની ભાવના આ પ્રમાણે છે. ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે સામાન્ય કેવલી ભગવંતોને (૧૧) અગિયારની સત્તા હોય છે. તે જ ચૌદમાના ચરમસમયમાં તીર્થંકર કેવલી પરમાત્માને તીર્થંકર નામકર્મ સાથે બાર પ્રકૃતિ આત્મક સત્તાસ્થાન હોય છે.

ત્યાં મનુષ્યાયુષ્ય, મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સૌભાગ્ય, આદેય, યશઃ નામકર્મ, તીર્થંકરનામકર્મ, અન્યતર વેદનીય, ઉચ્ચગોત્ર એમ ૧૨ પ્રકૃતિઓની સત્તા ચૌદમાના ચરમસમયમાં હોય છે. તથા આ બારમાંથી જ સામાન્યકેવલી ભગવંતોને તીર્થંકર નામકર્મ વિના અગિયાર કર્મપ્રકૃતિઓની સત્તા હોય છે.

સયોગિ કેવલી અવસ્થામાં સામાન્યથી ૮૦-૮૧-૮૪-૮૫ એમ ચાર સત્તાસ્થાનક હોય છે ત્યાં એંશી પ્રકૃતિઓ આ પ્રમાણે હોય છે :- દેવદ્વિક, ઔદારિક ચતુષ્ક, વૈક્રિય ચતુષ્ક, તૈજસ કાર્મણ શરીર, તૈજસ - કાર્મણ બંધન, તૈજસ-કાર્મણ સંઘાતન, છ સંસ્થાન, છ સંઘયણ, વર્ણાદિ વીશ, અગુરુલઘુ, પરાઘાત, ઉપઘાત, ઉચ્છ્વાસ, વિહાયોગતિદ્વિક, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, સુસ્વર-દુઃસ્વર, દૌર્ભાગ્ય, અયશઃકીર્તિ, અનાદેય, નિર્માણ નામકર્મ, પ્રત્યેક, અપર્યાપ્ત, મનુષ્યની આનુપૂર્વી, નીચગોત્ર, સાતા અસાતામાંથી એક, એમ આ (૬૯) ઓગણસીત્તેર તથા પૂર્વે કહેલી (૧૧) એમ કુલ ૬૯ + ૧૧ = ૮૦ ની સત્તા સામાન્યકેવલી ભગવંતોને હોય છે.

તીર્થંકર પરમાત્માને આ જ ૮૦માં એક જિનનામકર્મ ઉમેરતાં ૮૧ ની સત્તા હોય છે. તથા સામાન્ય કેવલી ભગવંતોમાં જેઓને આહારચતુષ્કની સત્તા હોય છે તેઓને ૮૦ + ૪ = ૮૪ ની સત્તા હોય છે તથા તીર્થંકર ભગવંતોને આહારક ચારની સત્તા હોય ત્યારે ૮૫ ની સત્તા હોય છે આમ સયોગી કેવલી પરમાત્માને તથા અયોગિકેવલી પરમાત્માને ઉપાન્ત્ય સમય સુધી ૮૦-૮૧-૮૪-૮૫ એમ જુદા જુદા જીવોને આશ્રયી ચાર સત્તાસ્થાનક હોય છે.

બારમા ગુણસ્થાનકના ચરમ સમયે જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચાર, અને અંતરાયની પાંચ એમ ૧૪ ની સત્તા હોય છે. તેની વૃદ્ધિ કરતાં ઉપરોક્ત ચાર પ્રકારના જીવોને ૮૦-૮૧-૮૪-૮૫ ની સત્તાવાલાને અનુક્રમે ૯૪-૯૫-૯૮-૯૯ એમ ચાર સત્તાસ્થાનક હોય છે.

આ જ ચાર સત્તાસ્થાનકો નિદ્રા અને પ્રચલા સાથે અનુક્રમે ૯૬-૯૭-૧૦૦-૧૦૧ની સત્તાવાળાં સ્થાનો થાય છે. આ ચારે સત્તાસ્થાનો બારમા ક્ષીણમોહગુણસ્થાનકના પ્રથમ સમયથી પ્રારંભીને દ્વિચરમ સમય સુધી યાવત્ હોય છે. આ ચારે સત્તાસ્થાનોમાં જ્યારે આત્મા સૂક્ષ્મસંપરાયે હોય ત્યારે અનુક્રમે ૯૬-૯૭-૧૦૦ અને ૧૦૧ ની સત્તાવાળાને સંજ્વલનલોભની સત્તા વધતાં ૯૭-૯૮-૧૦૧-૧૦૨ ની સત્તા થાય છે. આ ચારે સત્તાસ્થાનો સૂક્ષ્મસંપરાયે હોય છે.

આ ચારે સત્તાસ્થાનકોમાં નવમા ગુણસ્થાનકે તેનાથી નીચે વિચારતાં સંજ્વલન માયાની સત્તા વધારે હોવાથી ૯૭-૯૮-૧૦૧-૧૦૨ માં ૧ ની સત્તા વધારતાં ૯૮-૯૯-૧૦૨-૧૦૩ નાં સત્તાસ્થાનક થાય છે. તથા તેનાથી વધારે નીચે નવમા ગુણઠાણે વિચારતાં જ્યારે સંજ્વલન માનની પણ સત્તા હોય છે ત્યારે ૯૮-૯૯-૧૦૨-૧૦૩ માં ૧ ની સત્તા વધારતાં અનુક્રમે ૯૯-૧૦૦-૧૦૩-૧૦૪ નાં સત્તાસ્થાનક થાય છે તથા તેનાથી પણ વધારે નીચે નવમા ગુણઠાણે વિચારતાં જ્યારે સંજ્વલન ક્રોધની પણ સત્તા હોય છે ત્યારે ૯૯-૧૦૦-૧૦૩ અને ૧૦૪ માં ૧ ની સત્તા વધારતાં અનુક્રમે ૧૦૦-૧૦૧-૧૦૪ અને ૧૦૫ નું સત્તાસ્થાનક થાય છે.

તથા તે જ નવમા ગુણસ્થાનકે તેનાથી પણ વધારે નીચે વિચારતાં જ્યારે પુરુષવેદની પણ સત્તા હોય છે ત્યારે ૧૦૦-૧૦૧-૧૦૪-૧૦૫ માં ૧ ની સત્તા વધારતાં અનુક્રમે ૧૦૧-૧૦૨-૧૦૫ અને ૧૦૬ નું સત્તાસ્થાનક હોય છે. તથા તે જ નવમા ગુણસ્થાનકે વધારે નીચે વિચારતાં હાસ્યાદિ ષટ્કની સત્તાની વિચારણા કરતાં અનુક્રમે ૧૦૭-૧૦૮-૧૧૧-૧૧૨ નાં સત્તાસ્થાનક થાય છે.

તથા વધારે નીચે નવમા ગુણઠાણે વિચારતાં સ્ત્રીવેદની સત્તા હોતે છતે ૧૦૭-૧૦૮-૧૧૧-૧૧૨ ને બદલે અનુક્રમે ૧૦૮-૧૦૯-૧૧૨ અને ૧૧૩ ની સત્તા હોય છે. તે જ નવમા ગુણસ્થાનકે તેનાથી પણ નીચે વિચારતાં નપુંસક વેદની પણ સત્તા હોવાથી ૧૦૮-૧૦૯-૧૧૨ અને ૧૧૩ માં ૧ ઉમેરતાં અનુક્રમે ૧૦૯-૧૧૦-૧૧૩ અને ૧૧૪ નું સત્તાસ્થાનક થાય છે તથા ત્યાંથી વધારે નીચે નવમા ગુણઠાણે નામકર્મની તેર તથા

થિણદ્ધિત્રિકની એમ સોળ કર્મપ્રકૃતિઓની સત્તા વધતાં ૧૦૯-૧૧૦-૧૧૩-૧૧૪ ની સત્તાવાળાને અનુક્રમે ૧૨૫-૧૨૬-૧૨૯-૧૩૦ નાં સત્તાસ્થાન હોય છે.

તથા તે જ નવમા ગુણસ્થાનકે તેનાથી પણ વધારે નીચે હોય ત્યારે મધ્યમના આઠ કષાયોની સત્તા વધારે હોવાથી ૧૨૫-૧૨૬-૧૨૯ અને ૧૩૦ માં ૮ ઉમેરતાં અનુક્રમે ૧૩૩-૧૩૪-૧૩૭-૧૩૮ નાં સત્તાસ્થાનક હોય છે.

તથા ક્ષીણમોહ ગુણસ્થાનકે નિદ્રાદ્વિક સાથે જે ૯૬-૯૭-૧૦૦-૧૦૧ એમ ચાર સત્તાસ્થાનક હોય છે. તેમાં મોહનીયકર્મની બાવીસ, નામકર્મની તેર અને થિણદ્ધિત્રિક એમ ૩૮ પ્રકૃતિઓ ઉમેરતાં એટલે કે ચોથા ગુણસ્થાનકથી સાતમા ગુણસ્થાનકમાં ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં જ્યારે ૧ સમ્યક્ત્વ મોહનીયની સત્તા બાકી હોય ત્યારે ૧૩૪-૧૩૫-૧૩૮ અને ૧૩૯ એમ ચાર સત્તાસ્થાનકો હોય છે.

તથા બારમા ગુણઠાણે જે ૯૬-૯૭-૧૦૦-૧૦૧ ની સત્તા છે તેમાં મોહનીયકર્મની ૨૩, નામકર્મની ૧૩, અને થિણદ્ધિત્રિક એમ કુલ ૩૯ ઉમેરતાં એટલે કે ક્ષાયિકસમ્યક્ત્વ પામતાં ૪ થાથી સાતમા ગુણસ્થાનકમાં જ્યારે મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય આ બેનો ક્ષય હજુ ન થયો હોય ત્યારે ૧ મિશ્રમોહનીયની સત્તા વધારે ગણતાં ૧૩૪-૧૩૫-૧૩૮ અને ૧૩૯ માં ૧ નો વધારો થતાં ૧૩૫-૧૩૬-૧૩૯-૧૪૦ નાં સત્તાસ્થાનક હોય છે.

તથા ઉપરોક્ત સત્તાસ્થાનોમાં ચોથાથી સાતમા ગુણસ્થાનકે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં માત્ર ચાર અનંતાનુબંધીનો જ ક્ષય કર્યો હોય પરંતુ મિથ્યાત્વ મોહનીયાદિ ત્રણે દર્શનમોહનીયની સત્તા બાકી હોય ત્યારે મિથ્યાત્વ મોહનીયની સત્તા વધારે ગણતાં ૧૩૫-૧૩૬-૧૩૯ અને ૧૪૦ ના બદલે ૧૩૬-૧૩૭-૧૪૦ અને ૧૪૧ ની સત્તા હોય છે.

તથા મિથ્યાત્વ ગુણસ્થાનકે મોહનીયકર્મની ૨૬ ની સત્તા હોય ત્યારે મોહનીયની બે પ્રકૃતિની સત્તા વધવાથી ૧૩૬-૧૩૭-૧૪૦ અને ૧૪૧ ને બદલે ૧૩૮-૧૩૯-૧૪૨ અને ૧૪૩ ની સત્તા થાય છે તથા મોહનીય કર્મની સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વલના થઈ ગઈ હોય અને મિશ્ર મોહનીયની ઉદ્વલના બાકી હોય ત્યારે મોહનીયકર્મની ૨૭ થી સત્તા હોવાથી એક પ્રકૃતિની સત્તા વધવાથી ૧૩૮-૧૩૯-૧૪૨ અને ૧૪૩ ને બદલે ૧૩૯-૧૪૦-૧૪૩ અને ૧૪૪ ની સત્તા હોય છે તથા સમ્યક્ત્વ મોહનીય કર્મની પણ ઉદ્વલના સમાપ્ત ન કરી હોય ત્યારે મોહનીયની ૨૮ ની સત્તા હોવાથી એક વધતાં ૧૩૯-૧૪૦-૧૪૩ અને ૧૪૪ ને બદલે ૧૪૦-૧૪૧-૧૪૪ અને ૧૪૫ ની સત્તા હોય છે.

આ મોહનીયકર્મની ૨૨-૨૩ આદિ પ્રકૃતિઓના પ્રક્ષેપવાળાં તથા ૧૩૪ થી ૧૪૫ સુધીનાં બનેલાં સત્તાસ્થાનો અવિરત સમ્યગ્દષ્ટિ આદિ ગુણસ્થાનકથી આરંભીને અપ્રમત્ત સંયત સુધીનાં ગુણસ્થાનકોમાં વર્તતા જીવોને હોય છે. મોહનીયની ૨૬-૨૭ની સત્તા વાળાં સ્થાનો મિથ્યાદષ્ટિને હોય છે. ઉપરોક્ત સત્તાસ્થાનોમાં પરભવનું આયુષ્ય બંધાય ત્યારે એક આયુષ્ય વધતાં ૧૪૦-૧૪૧-૧૪૪ અને ૧૪૫ વાળા જીવોને અનુક્રમે ૧૪૧-૧૪૨-૧૪૫ અને ૧૪૬ સુધીનાં સત્તાસ્થાનો હોઈ શકે છે.

તથા જ્યારે તેઉકાય અને વાઉકાયનો ભવ હોય ત્યારે તે ભવમાં વર્તતા જીવને તથા તે ભવમાંથી નીકળીને અન્ય તિર્યંચના ભવમાં આવેલા જીવને શરીર પર્યાપ્તિ સમાપ્ત થાય ત્યાં સુધી મનુષ્યદ્વિકની સત્તા ન હોવાથી નામકર્મની ૭૮ ની સત્તા તથા ગોત્રકર્મમાં કેવલ એક નીચગોત્ર જ સત્તામાં હોવાથી જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય નવ, વેદનીય બે, મોહનીયની છવીસ, અંતરાયની પાંચ તથા તિર્યંચનું આયુષ્ય એમ (૫+૯+૨+૨૬+૫+૧+૪૮ મેળવતાં) ૪૮+૭૮+૧=૧૨૭ નું સત્તાસ્થાનક થાય છે.

તે ૧૨૭ ની સત્તાવાળો જીવ જ્યારે આવતા ભવનું તિર્યંચાયુષ્ય બાંધે ત્યારે તે આયુષ્યને ભોગવાતા આયુષ્યથી ભિન્ન ગણીએ તો ૧૨૮ નું સત્તાસ્થાન થાય છે. તથા આ જીવ જ્યારે વનસ્પતિકાયમાં જાય અને ત્યાં રહ્યો છતો દેવદ્વિક નરકદ્વિક અને વૈક્રિયચતુષ્ક આ વૈક્રિય અષ્ટકની ઉદ્વલના કરે ત્યારે તે આઠનો ક્ષય થયે છતે નામકર્મની ૮૦, વેદનીયની ૨, ગોત્રકર્મની ૨, અનુભવાતુ તિર્યંચાયુષ્ય, જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય નવ એમ આવરણની કુલ ચૌદ, મોહનીયકર્મની છવીસ અને અંતરાય કર્મની પાંચ (૮૦+૨+૨+૧+ ૧૪+૨૬+૫=૧૩૦) એમ કુલ એકસોહ ત્રીસની સત્તા હોય છે.

આ જ ૧૩૦ ની સત્તાવાળો જીવ જ્યારે પરભવનું આયુષ્ય બાંધે ત્યારે ૧૩૧ ની સત્તા થાય છે. તે આ પ્રમાણે વિચાર કરતાં આટલાં સત્તાસ્થાનો પ્રાપ્ત થાય છે. પરંતુ ૧૩૨ એકસોહ બત્રીસનું સત્તાસ્થાન પ્રાપ્ત થતું નથી. તે માટે તેનું વર્જન કરવામાં આવ્યું છે. અહીં આ સત્તા સ્થાનોની વિચારણા કરવામાં ૯૭ વિગેરે કેટલાંક સત્તાસ્થાનો તે તે વિવક્ષિત પ્રકૃતિઓ ઉમેરવાથી ભિન્ન ભિન્ન રીતે પણ અનેક પ્રકારે સત્તાસ્થાનો થાય છે. તો પણ તે સઘળાં પણ સત્તાસ્થાનો સંખ્યાની અપેક્ષાએ તુલ્ય હોવાથી ભિન્ન ભિન્ન ગણાતાં નથી.

તેથી (૪૮) અડતાલીસ જ સત્તાસ્થાનકો થાય છે પણ તેનાથી ન્યૂન કે અધિક સત્તાસ્થાનકો થતાં નથી. હવે આ સત્તાસ્થાનકોમાં ભૂયસ્કારાદિ સમજાવે છે. ત્યાં અવક્તવ્યસત્તા

સંભવતી જ નથી. કારણ કે સર્વકર્મ પ્રકૃતિઓની સત્તાનો વિચ્છેદ ગયે છતે ફરીથી સત્તાનો સંભવ જ નથી. માટે અવક્તવ્યસત્તા તો થતી નથી.

આ ૪૮ સત્તાસ્થાનોમાં ૪૪ અવસ્થિત સત્તાસ્થાનો થાય છે. (૧૧-૧૨-૯૪-૯૫) અગિયાર-બાર-ચોરાણું અને પંચાણું એમ ચાર સત્તાસ્થાનોનો કાળ એક સમયમાત્ર જ હોવાથી અલ્પતર થાય છે. પણ અવસ્થિતસત્તાસ્થાન થતાં નથી. અલ્પતર (૪૭) સુડતાલીસ થાય છે. સર્વોપરિ જે (૧૪૬) એકસોહ છેંતાલીસનું જે સત્તાસ્થાન છે તે સર્વોપરિ હોવાથી તેનો અલ્પતર થતો નથી. બાકીનાં સર્વ સત્તાસ્થાનોના અલ્પતરો સંભવી શકે છે.

ભૂયસ્કારો (૧૭) કુલ સત્તર જ થાય છે. કારણ કે તે ભૂયસ્કારો (૧૨૭) એકસોહ સત્યાવીશનું જે સત્તાસ્થાન છે કે જે તેઉકાય અને વાઉકાયના ભવમાં આવે છે ત્યાંથી નીકળીને જેમ જેમ વધારે વધારે નામકર્મની પ્રકૃતિઓ આ જીવ બાંધે છે તેમ તેમ ક્રમસર સત્તાસ્થાનો થાય છે. પરંતુ ૧૨૭ થી ઓછી સંખ્યાવાળાં જે સત્તાસ્થાનો છે તે ક્ષપક શ્રેણિમાં આરોહણ કાલે જ આવે છે અને તે પણ હીનહીનપણે જ આવે છે તેથી અલ્પતર થાય છે પરંતુ ભૂયસ્કારપણે થતાં નથી.

(૧૨૭) એકસોહ સત્યાવીસથી પછીનાં સત્તાસ્થાનો વૃદ્ધિ રૂપે થતાં હોવાથી ભૂયસ્કારપણે પ્રાપ્ત થાય છે પરંતુ (૧૩૩) એકસોહ તેત્રીસ આત્મક જે સત્તાસ્થાનક છે તે માત્ર ક્ષપકશ્રેણિમાં જ આવતું હોવાથી ક્ષપકશ્રેણિમાં આરોહણ કરતી વેળાએ હીયમાનરૂપે જ આવે છે તેથી અલ્પતર થાય છે. પરંતુ ઉપરથી પતનનો અભાવ છે તે માટે વૃદ્ધિરૂપે આ સત્તાસ્થાન આવતું નથી. માટે ભૂયસ્કાર થતો નથી. તેથી (૧૨૮-૧૨૯-૧૩૦-૧૩૧-૧૩૪-૧૩૫-૧૩૬-૧૩૭-૧૩૮-૧૩૯-૧૪૦-૧૪૧-૧૪૨-૧૪૩-૧૪૪-૧૪૫ અને ૧૪૬ એમ કુલ) સત્તર જ ભૂયસ્કારો થાય છે.

તે આ પ્રમાણે સર્વ ઉત્તરપ્રકૃતિઓને આશ્રયી બંધ ઉદય અને સત્તાને આશ્રયી ભૂયસ્કારાદિ સમજાવ્યા. આ કથનને અનુસારે પ્રકૃતિઓની સ્થિતિસંબંધી રસસંબંધી અને પ્રદેશસંબંધી એમ ત્રણ પ્રકારે બંધને આશ્રયી ભૂયસ્કારાદિ જાણવા. તથા સંક્રમ આદિમાં પણ (સંક્રય ઉદવર્તના અપવર્તના ઉદીરણા ઉપશમના નિદ્ધત્તિ અને નિકાચનાને આશ્રયી પણ ચારેમાં (પ્રકૃતિ સ્થિતિ રસ અને પ્રદેશમાં) આગમને અનુસારે વિદ્યાર્થીઓએ સ્વયં પોતાની મેળે આ ભૂયસ્કારાદિ સમજી લેવા. જાણી લેવા. ઘણો વિસ્તાર હોવાથી અહીં લખતા નથી. ॥ ૫૨ ॥

**करणोदयसंताणं, सामित्तोघेहिं सेसगं णेयं ।**
**गइआइमग्गणासुं संभवओ सुट्ठु आगमिय ॥ ५३ ॥**

**ગાથાર્થ :** આઠ કરણો તથા ઉદય અને સત્તા સંબંધી સામાન્યપણે સ્વામિત્વ, ગતિ આદિ બાસઠ માર્ગણાઓને વિષે ઉપર સમજાવ્યા પ્રમાણે સંભવને અનુસારે શાસ્ત્રો દ્વારા સારી રીતે જાણીને કહેવું. ॥ ૫૩ ॥

**વિવેચન :** આઠ કરણો તથા ઉદય અને સત્તાનું સવિસ્તરણ સ્વરૂપ ઓઘે ઓઘે સ્વામિત્વ સારી રીતે આગમશાસ્ત્રો જાણીને તેને અનુસારે શેષ (અહીં જે ન કહ્યું હોય તે પણ એટલે કે બાસઠ માર્ગણાઓને વિષે આ સંવેધનું સ્વરૂપ) જાણી લેવું.

**પ્રશ્ન :** આ સંવેધનું સ્વરૂપ ક્યાં જાણવું ?

**ઉત્તર :** ગતિ આદિ ૧૪ મૂલમાર્ગણાસ્થાનો તથા ૬૨ ઉત્તર માર્ગણાસ્થાનોને વિષે જાણવું.

**પ્રશ્ન :** આ સ્વરૂપ કેવી રીતે જાણવું ?

**ઉત્તર :** *સંભવને અનુસારે જાણવું મહાશાસ્ત્રોનો આધાર લઈને ગીતાર્થ ગુરુઓની* નિશ્રા લઈને સંભવને અનુસારે જાણવું. પરંતુ અન્યથા એટલે પોતાની મરજી પ્રમાણે સ્વતંત્રરૂપે જાણવું નહીં. કારણ કે આપણે છદ્મસ્થ છીએ એટલે ભૂલ થવાનો સંભવ છે. આપણી ભૂલ આપણને જલ્દી ખ્યાલમાં આવે નહીં. માટે ગીતાર્થોની નિશ્રાએ જાણવું. ॥ ૫૩ ॥

**बंधोदीरणसंकमसंतुदयाणं जहन्नयाईहिं ।**
**संवेहो पगइ ठिई, अणुभागपएसओ णेओ ॥ ५४ ॥**

**ગાથાર્થ :** બંધ ઉદીરણા સંક્રમ - સત્તા અને ઉદય આ પાંચે વિષયોના પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશને આશ્રયી જઘન્ય-અજઘન્ય વિગેરે દ્વારા થતો સંવેધ પૂર્વાપરની વિચારણા કરવા પૂર્વક શાસ્ત્રને અનુસારે જાણવો. ॥ ૫૪ ॥

**વિવેચન :** બંધ - ઉદીરણા - સંક્રમ - સત્તા તથા ઉદય આ પાંચે પદાર્થોના પ્રકૃતિઆશ્રયી, સ્થિતિઆશ્રયી, અનુભાગઆશ્રયી અને પ્રદેશોને આશ્રયી જઘન્ય અજઘન્ય ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ ઇત્યાદિ વિકલ્પો સમજવા પૂર્વક સંવેધ જાણવો.

**પ્રશ્ન :** સંવેધ એટલે શું ?

**ઉત્તર :** શાસ્ત્રોની સાથે વિરોધ ન આવે તે રીતે બંધ ઉદય અને સત્તાનું પરસ્પર એકકાલે મીલન વિચારવું તે સંવેધ. જેમ કે જ્ઞાનાવરણીય કર્મની જઘન્ય સ્થિતિ બંધાતી હોય ત્યારે અનુભાગબંધ પણ જઘન્ય થાય, પ્રદેશબંધ પણ જઘન્ય થાય. પરંતુ સ્થિત્યુદીરણા સ્થિતિસંક્રમ અને સ્થિત્યુદય અજઘન્ય થાય છે. ઇત્યાદિ રૂપે પૂર્વાપરની વિચારણા કરવા પૂર્વક આગમશાસ્ત્રોનો સારી રીતે અભ્યાસ કરીને કહેવું. તથા પોતે સમજવું અને બીજાને સારી રીતે સમજાવવું.

તે આ પ્રમાણે સત્તાનું આ પ્રકરણ સમાપ્ત થયું. પ્રસ્તુત **કમ્મપયડિ** નામના ગ્રન્થનો વિષય (અધિકાર) જે કહેવાનો હતો તે આ પ્રસંગ અહીં સમાપ્ત થાય છે.

• • •

## બંધ-ઉદય અને સત્તાનો સંવેધ સમજાવાય છે

હવે સંવેધના પ્રસંગથી બંધ - ઉદય અને સત્તાના સંવેધ પ્રતિપાદન કરનારા સપ્તતિકા નામના ગ્રન્થનો અર્થ અહીં ઘણો જ ઉપયોગી છે. આમ સમજીને આ સંવેધ દિશા માત્રથી જણાવાય છે. તે બહુ ધ્યાનપૂર્વક જાણવા જેવો છે.

ત્યાં પ્રથમથી મૂલકર્મોમાં બન્ધનો બન્ધની સાથે સંવેધ કહેવાય છે. (૧) આયુષ્ય કર્મ બંધાયે છતે અપ્રમત્ત ગુણસ્થાનક સુધી નિયમા આઠે કર્મો બંધાય જ છે. (૨) બાકીનાં અપૂર્વકરણાદિ ઉપરનાં ગુણસ્થાનકોમાં સાત કર્મો બંધાતાં હોવા છતાં પણ આયુષ્યકર્મ બંધાતું નથી. અર્થાત્ અપૂર્વકરણાદિમાં શેષ સાતકર્માદિ બંધાતાં હોવા છતાં પણ આયુષ્યનો બંધ થતો નથી. એટલે આયુષ્યનો બંધ, આઠ કર્મો બંધાય ત્યારે જ થાય છે.

(૩) **મોહનીયકર્મ** બંધાયે છતે મૂલકર્મોમાં સાતનો પણ બંધ થાય છે અને આઠનો પણ બંધ થાય છે તે મોહનીય કર્મનો બંધ અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનક સુધી છે. ત્યાં મિશ્ર-અપૂર્વકરણ અને અનિવૃત્તિબાદર સંપરાય (૩-૮-૯) એમ આ ત્રણ ગુણસ્થાનકોમાં નિયમા સાતનો જ બંધ હોય છે. બાકીનાં મિથ્યાત્વથી અપમત્ત સુધીનાં (મિશ્રવિના) છ ગુણસ્થાનકોમાં આયુષ્ય ન બંધાય ત્યારે સાતનો બંધ અને આયુષ્ય બંધાય ત્યારે આઠનો બંધ થાય છે. એટલે મોહનીય બંધાય ત્યારે આઠ અથવા સાતનો બંધ થાય છે.

(૪) **વેદનીયકર્મ** બંધાતે છતે મૂલકર્મમાં એકનો છનો સાતનો અથવા આઠનો બંધ થાય છે. ત્યાં ઉપશાન્તમોહાદિ ત્રણ ગુણસ્થાનકોમાં વેદનીય બંધાતે છતે તે મૂલકર્મ એક જ બંધાય છે શેષ બંધાતાં નથી. પરંતુ સૂક્ષ્મસંપરાયે વેદનીય બંધાતે છતે મોદનીય અને આયુષ્ય વિના શેષ છએ કર્મો બંધાય છે તથા સાતના બંધની અને આઠના બંધની ભાવના

પૂર્વે હમણાં જ સમજાવી છે તેમ સમજી લેવી અર્થાત્ આયુષ્ય ન બંધાય ત્યારે સાતનો બંધ અને આયુષ્ય બંધાય ત્યારે આઠનો બંધ થાય છે.

(૫) **જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, નામકર્મ, ગોત્રકર્મ, અને અંતરાયકર્મ** બંધાતે છતે *મૂલકર્મોનો છનો સાતનો અથવા આઠનો બંધ પણ થાય છે ત્યાં છ નો બંધ સૂક્ષ્મસંપરાયે;* સાતનો બંધ મિશ્રે, અપૂર્વ કરણે તથા અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનકે, તથા ૧ થી ૭મા જ્યારે આયુષ્ય ન બંધાય ત્યારે, અને આઠનો બંધ મિશ્ર વિના મિથ્યાત્વથી અપમત્ત સુધી, આની ભાવના પૂર્વની જેમ જાણવી. આ પ્રમાણે બંધનો બંધની સાથે સંવેધ વિચાર્યો.

હવે ઉદયનો સંવેધ ઉદય અને સત્તાની સાથે વિચારાય છે. (૧) **મોહનીયનો** ઉદય હોતે છતે નિયમા આઠે કર્મનો પણ ઉદય હોય છે અને આઠે કર્મોની સત્તા પણ હોય છે કારણ કે તે મોહનીયનો ઉદય સૂક્ષ્મ સંપરાય સુધી છે અને સૂક્ષ્મ સંપરાય સુધી સર્વે પણ કર્મો ઉદયમાં અને સત્તામાં હોય જ છે.

(૨) **જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય,** અને **અંતરાયનો** ઉદય હોતે છતે ઉદયમાં અને સત્તામાં સાત અથવા આઠ કર્મ હોય છે. ત્યાં સૂક્ષ્મસંપરાય સુધી તો આઠેનો ઉદય તથા આઠેની સત્તા હોય છે. પરંતુ ઉપશાન્તમોહ ગુણસ્થાનકે ઉદય સાતનો અને સત્તા આઠની હોય છે અને ક્ષીણમોહે ઉદય પણ સાતનો અને સત્તા પણ સાતની જ હોય છે.

(૩) **વેદનીય, આયુષ્ય, નામકર્મ** અને **ગોત્રકર્મનો** ઉદય હોતે છતે ઉદયમાં અને સત્તામાં એમ બન્નેમાં આઠ - સાત અને ચાર હોય છે ત્યાં સૂક્ષ્મસંપરાય સુધી ઉદયને આશ્રયી આઠ અને સત્તાને આશ્રયી ઉપશાન્ત મોહ સુધી આઠ, ઉદયને આશ્રયી સાતનો ઉદય ઉપશાન્તમોહે તથા ક્ષીણમોહે જ્યારે સત્તાને આશ્રયી માત્ર ક્ષીણમોહે જ સાતની સત્તા હોય છે તથા તેરમા-ચૌદમા ગુણસ્થાનકે ચારનો ઉદય અને ચારની સત્તા હોય છે આ પ્રમાણે ઉદયનો સંવેધ ઉદય અને સત્તાની સાથે સમજાવ્યો.

હવે સત્તાનો સંવેધ ઉદય અને સત્તાની સાથે વિચારાય છે ત્યાં (૧) **મોહનીયકર્મની** સત્તા હોતે છતે નિયમા સાત અથવા આઠનો જ ઉદય હોય છે ત્યાં આઠનો ઉદય સૂક્ષ્મસંપરાય સુધી અને સાતનો ઉદય ઉપશાન્તમોહે જાણવો. ત્યાં ૧ થી ૧૧ ગુણસ્થાનકોમાં સર્વત્ર સત્તા આઠની જ હોય છે કારણ કે મોહનીયની સત્તા શેષ સર્વકર્મોની સત્તાની સાથે અવિનાભાવવાળી છે.

(૨) **જ્ઞાનાવરણીય - દર્શનાવરણીય** અને **અંતરાય** આ ત્રણ કર્મોની સત્તા હોતે છતે આઠનો અથવા સાતનો જ ઉદય હોય છે ત્યાં આઠનો ઉદય સૂક્ષ્મસંપરાય સુધી તથા સાતનો ઉદય ઉપશાન્તમોહે તથા ક્ષીણમોહે હોય છે. સત્તા પણ આઠની અને સાતની એમ બે

પ્રકારની હોય છે ત્યાં આઠની સત્તા અગિયારમા સુધી અને સાતની સત્તા બારમા ગુણઠાણે હોય છે.

(૩) **વેદનીય, આયુષ્ય, નામકર્મ** અને **ગોત્રકર્મની** સત્તા હોતે છતે આઠ-સાત અને ચારનો ઉદય એમ ત્રણ ઉદયસ્થાનક અને આ જ ત્રણ સત્તા સ્થાનક હોય છે. ત્યાં દસમા ગુણઠાણા સુધી આઠનો ઉદય અને આઠની સત્તા હોય છે. અગિયારમે ગુણઠાણે ઉદય સાતનો પણ સત્તા આઠની હોય છે તથા બારમા ગુણસ્થાનકે સાતનો ઉદય અને સાતની સત્તા હોય છે. તથા ચાર કર્મનો ઉદય તથા ચાર કર્મની સત્તા તેરમા ચૌદમા ગુણસ્થાનકે હોય છે. આ પ્રમાણે આઠ કર્મોની સત્તાનો ઉદય તથા સત્તાની સાથે સંવેધ કહ્યો.

હવે ઉદયનો બંધની સાથે સંવેધ કહેવાય છે.

(૧) **મોહનીય કર્મ**નો ઉદય હોતે છતે છ સાત અને આઠ કર્મો બંધાય છે. ત્યાં જ્યારે આયુષ્ય બાંધે ત્યારે આઠ કર્મ બાંધે છે. શેષ કાલે સાતકર્મ બાંધે છે. તે સાતકર્મ યાવત્ અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનક સુધી બંધાય છે તથા સૂક્ષ્મસંપરાયે છ કર્મો બંધાય છે.

(૨) મોહનીય વિના શેષ સાતે કર્મોનો ઉદય હોતે છતે મૂલકર્મો એક-છ-સાત અને આઠ બંધાય છે ત્યાં છ-સાત અને આઠના બંધની વિચારણા પૂર્વે કહ્યું તેમ જાણવું. તથા એકનો જે બંધ છે તે જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાયનો ઉદય હોતે છતે અગિયારમે અને બારમા ગુણસ્થાનકે એકનો (વેદનીયનો)બંધ થાય છે.

તથા **વેદનીયકર્મ, આયુષ્યકર્મ નામકર્મ** અને **ગોત્રકર્મનો** ઉદય હોતે છતે એકનો બંધ ઉપશાન્તમોહે અને ક્ષીણમોહે તો હોય જ છે. પણ તદુપરાન્ત સયોગિ કેવલી ગુણઠાણે પણ હોય છે. અને તે એકકર્મ સાતાવનેદનીય રૂપ જાણવું. તે આ પ્રમાણે ઉદયનો બન્ધની સાથે સંવેધ કહ્યો.

હવે બન્ધનો સંવેધ ઉદયની સાથે કહેવાય છે. (૧) છ કર્મોનો સાત કર્મોનો અને આઠ કર્મોનો બંધ હોતે છતે મોહનીય કર્મનો અવશ્ય ઉદય હોય જ છે. કારણ કે આઠ કર્મોનો, સાત કર્મોનો, અને છ કર્મોનોબંધ અનુક્રમે અપ્રમત્ત સુધી, અનિવૃત્તિ સુધી, અને સૂક્ષ્મસંપરાયના ગુણસ્થાનકે હોય છે. ત્યાં મોહનીયનો અવશ્ય ઉદય છે જ.

(૨) મોહનીય વિના શેષ સાતકર્મોનો ઉદય, આઠ સાત છ અને એકના એમ ચારે પ્રકારના પણ બન્ધમાં હોય છે. તે આ પ્રમાણે જાણવો.

જ્ઞાનાવરણીય - દર્શનાવરણીય અને અંતરાયકર્મનો ઉદય યાવત્ ક્ષીણમોહ સુધી છે.

વેદનીય આયુષ્ય નામકર્મ અને ગોત્રકર્મનો ઉદય યાવત્ અયોગિકેવલીના ચરમ સમય સુધી છે. ત્યાં એક કર્મનો બંધ ઉપશાન્તમોહાદિ ત્રણ ગુણસ્થાનકોમાં છે. તથા આઠનો બંધ સાતનો બંધ અને છનો બંધ તો પૂર્વની જેમ સૂક્ષ્મસંપરાય સુધીમાં સમજી લેવો. તે કારણથી મોહનીય વિના શેષ સાત કર્મોનો ઉદય ઉપર સમજાવ્યા મુજબ સાત-આઠ-છ અને એકના બંધમાં હોય છે. તે આ પ્રમાણે બન્ધનો સંવેધ ઉદયની સાથે કહ્યો.

હવે સત્તાનો સંવેધ બન્ધની સાથે કહેવાય છે. એકે એક કર્મની સત્તા હોતે છતે પણ એક, છ, સાત, અને આઠ એવા ભેદો વડે ચારેપ્રકારનો પણ બંધ થાય છે. કારણ કે મોહનીયની સત્તા ઉપશાન્તમોહ ગુણસ્થાનક સુધી હોય છે. શેષ ઘાતી કર્મોની ક્ષીણમોહ સુધી સત્તા છે. અને અઘાતી ચાર કર્મોની સત્તા અયોગિકેવલી સુધી યાવત્ હોય છે. ત્યાં સર્વત્ર આઠનો બંધ, સાતનો બંધ, છનો બંધ અને એકનો બંધ અનુક્રમે અપ્રમત્ત સુધી, અનિવૃત્તિ બાદર સંપરાય સુધી, સૂક્ષ્મસંપરાયે તથા ઉપશાન્તમોહાદિ ત્રણ ગુણસ્થાનકમાં પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે સત્તાનો સંવેધ બન્ધની સાથે કહ્યો.

હવે બન્ધનો સંવેધ સત્તાની સાથે કહેવાય છે. (૧) આઠ કર્મોનો બંધ હોતે છતે, સાત કર્મોનો બંધ હોતે છતે અને છ કર્મોનો બંધ હોતે છતે નિયમા આઠની જ સત્તા હોય છે. તથા એકનો બંધ હોતે છતે આઠ કર્મોની સત્તા ઉપશાન્તમોહે, સાતકર્મોની સત્તા ક્ષીણ મોહે અને ચાર કર્મોની સત્તા સયોગિ કેવલિ ગુણસ્થાનકે હોય છે. આ પ્રમાણે બંધનો સંવેધ સત્તાની સાથેનો જે હતો તે કહ્યો.

હવે તે જ બંધનો સંવેધ ઉદયની સાથે કહેવાય છે. સાતના બંધમાં આઠના બંધમાં અને છ કર્મના બંધમાં નિયમા આઠે પણ કર્મપ્રકૃતિઓનો ઉદય હોય છે. તથા વેદનીય કર્મનો એમ એક કર્મનો બંધ હોતે છતે સાતકર્મોનો અને ચાર કર્મોનો ઉદય હોય છે. ત્યાં સાતનો ઉદય ઉપશાન્ત મોહ ગુણસ્થાનકે અથવા ક્ષીણમોહ ગુણસ્થાનકે હોય છે અને ચારનો ઉદય સયોગિ કેવલી ગુણસ્થાનકે હોય છે.

તે આ પ્રમાણે મૂલ કર્મોને આશ્રયી બંધ-ઉદય અને સત્તાનો સંવેધ કહ્યો. હવે આ બંધ - ઉદય અને સત્તા એમ ત્રણેમાં સ્થાનો કહેવાય છે. સારાંશ કે બંધસ્થાનક ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક કહેવાય છે. સ્થાન એટલે બે ત્રણ ચાર આદિ પ્રકૃતિઓનો સમુદાય. ત્યાં **વેદનીય આયુષ્ય અને ગોત્રકર્મમાં** એમ આ ત્રણે કર્મોમાં બે બે સત્તાસ્થાનક છે. બેનું અને એકનું, ત્યાં પ્રથમ વેદનીયકર્મનું અયોગિકેવલી ગુણસ્થાનકના દ્વિચરમ સમય સુધી યાવત્ બન્ને વેદનીયની સત્તા હોવાથી બેનું સત્તાસ્થાનક હોય છે. પરંતુ દ્વિચરમ સમયે ગમે તે એક વેદનીયની સત્તા ક્ષય થતી હોવાથી ચરમ સમયે કોઈપણ શેષ એકની જ સત્તા હોય છે.

ગોત્રકર્મમાં પણ બેનું અને એકનું એમ બે સત્તાસ્થાનક છે. ત્યાં તેઉકાય તથા

વાયુકાયમાં જવા વડે ઉચ્ચગોત્રની ઉદ્વલના કરે ત્યારે અથવા અયોગિગુણસ્થાનકના દ્વિચરમ સમયે નીચગોત્રની સત્તાનો વિચ્છેદ થાય ત્યારે ચરમસમયે એકલા ઉચ્ચગોત્રની સત્તા હોય ત્યારે એકની સત્તા હોય છે. શેષકાલે બન્ને ગોત્રની સત્તા હોય છે.

પરંતુ બંધમાં અને ઉદયમાં તો વેદનીયકર્મ આયુષ્યકર્મ અને ગોત્રકર્મની એક એક પ્રકૃતિરૂપ સ્થાન હોય છે. આ કર્મોમાં બે ત્રણ પ્રકૃતિનો સાથે બંધમાં કે ઉદયમાં એકી સાથે આવતી નથી. તથા **જ્ઞાનાવરણીય** અને **અંતરાય** કર્મમાં પાંચ પાંચ પ્રકૃતિઆત્મક એક જ બંધસ્થાનક અને એક જ ઉદયસ્થાનક હોય છે તેથી ભૂયસ્કાર કે અલ્પતર થતા નથી.

હવે **આયુષ્યકર્મના** બંધ-ઉદય અને સત્તા વિચારાય છે. આયુષ્ય કર્મના ચાર ભેદ છે. ત્યાં પ્રથમ નરકાયુષ્ય, બીજું તિર્યંચાયુષ્ય ત્રીજું મનુષ્યાયુષ્ય અને ચોથું દેવાયુષ્ય.

નરકાયુષ્યનો બંધ પ્રથમ ગુણસ્થાનક સુધી છે. તિર્યંચાયુષ્યનો બંધ બીજા ગુણસ્થાનક સુધી છે. ત્રીજા મનુષ્યાયુષ્યનો બંધ ત્રીજા વિના યાવત્ ચોથા ગુણસ્થાનક સુધી છે અને દેવાયુષ્યનો બંધ ત્રીજા વિના યાવત્ સાતમા અપ્રમત્ત ગુણસ્થાનક સુધી છે.

તથા ઉદયની વિચારણા કરતાં નરકાયુષ્ય અને દેવાયુષ્યનો ઉદય ચોથા ગુણસ્થાનક સુધી છે તિર્યંચાયુષ્યનો ઉદય યાવત્ પાંચમા ગુણસ્થાનક સુધી છે અને મનુષ્યાયુષ્યનો ઉદય યાવત્ ચૌદમા ગુણસ્થાનક સુધી છે.

તથા નરકાયુષ્યની સત્તા સાતમા ગુણસ્થાનક સુધી છે. તિર્યંચના આયુષ્યની સત્તા પણ સાતમા ગુણસ્થાનક સુધી છે. મનુષ્યાયુષ્યની સત્તા અયોગિકેવલી નામના ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમય સુધી છે અને દેવાયુષ્યની સત્તા ઉપશાન્તમોહગુણસ્થાનક સુધી છે કારણ કે દેવાયુષ્ય બંધાયે છતે પણ જીવ ઉપશમ શ્રેણિનો પ્રારંભ કરે છે. અને તે ઉપશમશ્રેણિ યાવત્ ઉપશાન્તમોહ ગુણસ્થાનક સુધી હોય છે આ પ્રમાણે ચારે આયુષ્યના બંધ ઉદય અને સત્તા સમજાવીને હવે તે આયુષ્યકર્મના બંધ ઉદય અને સત્તાનો સંવેધ કહેવાય છે.

ત્યાં તિર્યંચો અને મનુષ્યો સર્વત્ર (એટલે કે ચારે ગતિમાં) ઉત્પન્ન થાય છે. તેથી તેઓને ચારે આયુષ્યનો બંધ થાય છે. પરંતુ દેવો અને નારકીના જીવો તિર્યંચમાં અને મનુષ્યમાં જ માત્ર જન્મ લે છે તેથી તેઓને બે જ આયુષ્ય બંધાય છે. આ કારણથી તિર્યંચ અને મનુષ્યના આયુષ્યના નવ નવ (૯-૯) ભાંગા થાય છે અને દેવ-નારકીના આયુષ્ય કર્મના પાંચ પાંચ ભાંગા થાય છે. સર્વ મળીને સર્વસંખ્યાએ આયુષ્ય કર્મના કુલ (૨૮)

અઠ્યાવીસ ભાંગા થાય છે. તે ૨૮ ભાંગાની વિગત સ્પષ્ટપણે આ રીતે છે :-

સૌથી પ્રથમ નારકીના જીવોને આવતા ભવનું આયુષ્ય બાંધે તે પહેલાં એક ભાંગો હોય છે. (૧) બંધ નહી, પણ નરકાયુષ્યનો ઉદય અને નરકાયુષ્યની સત્તા, આ ભાંગો પ્રથમનાં ચાર ગુણસ્થાનક સુધી હોય છે સાતે નરકના જીવો આવતા ભવનું આયુષ્ય બાંધે તેની પૂર્વકાલમાં આ ભાંગો હોય છે. નારકીના જીવોને વધારેમાં વધારે ચાર જ ગુણસ્થાનક હોય છે. બાકીનાં ગુણસ્થાનકોનો નરકમાં અસંભવ જ છે.

નરકના જીવો જ્યારે પરભવનું આયુષ્ય બાંધે ત્યારે (૨) તિર્યંચ આયુષ્યનો બંધ અને નરકાયુષ્યનો ઉદય અને નરક તથા તિર્યંચાયુષ્ય એમ બે આયુષ્યની સત્તા, આ ભાંગો મિથ્યાદૃષ્ટિ અથવા સાસ્વાદની એવા નારકીના જીવોને હોય છે. કારણ કે તિર્યંચાયુષ્યનો બંધ પ્રથમનાં માત્ર બે ગુણસ્થાનક સુધી જ થાય છે.

અથવા નરકના જીવો જ્યારે પરભવનું મનુષ્યનું આયુષ્ય બાંધે ત્યારે મનુષ્યાયુષ્યનો બંધ, નરકાયુષ્યનો ઉદય અને નરક-મનુષ્યાયુષ્યની સત્તા એમ આ ત્રીજો ભાંગો મિથ્યાદૃષ્ટિ સાસ્વાદની તથા અવિરત સમ્યગ્દૃષ્ટિ એમ ત્રણ ગુણસ્થાનકવર્તી નારકીના જીવોને હોય છે.

પરભવનું આયુષ્ય બાંધી લીધા પછી બંધ અટક્યા બાદ નરકાયુષ્યનો ઉદય, અને નરકતિર્યંચની સત્તા આ ચોથો ભાંગો આદ્ય ચારે ગુણસ્થાનકોમાં વર્તતા નારકીના જીવોને હોય છે. કારણ કે તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધી લીધા બાદ કોઈ કોઈ નારકીના જીવોનું મિશ્ર ગુણસ્થાનકે અને સમ્યક્ત્વ ગુણસ્થાનકે ગમન સંભવે છે.

તથા નરકાયુષ્યનો ઉદય અને નરક-મનુષ્યાયુષ્ય એમ બે આયુષ્યની સત્તા, આ પાંચમો ભાંગો પણ પ્રથમનાં ચારે પણ ગુણસ્થાનકોમાં હોઈ શકે છે. કારણ કે મનુષ્યનું આયુષ્ય બાંધ્યા પછી નારકીના જીવોનું મિશ્ર ગુણસ્થાનકે જવાનો સંભવ છે.

પહેલા ભાંગાનો કાળ જઘન્યથી છ માસ ન્યૂન દશહજાર વર્ષ, અને ઉત્કૃષ્ટથી છ માસ ન્યૂન ૩૩ સાગરોપમ, બીજા-ત્રીજા ભાંગનો કાળ અંતર્મુહૂર્ત, અને ચોથા - પાંચમાનો કાળ અંતર્મુહૂર્તન્યૂન છ માસ કાળ જાણવો. આ જ પ્રમાણે દેવના આયુષ્યના પણ પાંચ ભાંગા જાણવા. પરંતુ નરકાયુષ્યના ઉદયના સ્થાને દેવાયુષ્યનો ઉદય સમજવો. જેથી નરકની જેમ દેવના પણ પાંચ ભાંગા જાણવા.

તિર્યંચગતિમાં આયુષ્યકર્મના (૯) નવ ભાંગા થાય છે ત્યાં પરભવના આયુષ્યના બંધની પૂર્વે (૧) તિર્યંચાયુષ્યનો ઉદય અને તિર્યંચાયુષ્યની સત્તા, આ ભાંગો પ્રથમનાં પાંચે

પણ ગુણસ્થાનકોમાં હોય છે. અને તે જીવો પરભવનું આયુષ્ય બાંધે તેના પૂર્વકાળમાં હોય છે. પ્રથમનાં પાંચ સિવાઈનાં શેષ ગુણસ્થાનકોનો તિર્યંચ ગતિમાં અસંભવ છે.

હવે તિર્યંચગતિના જીવો જ્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. ત્યારે એટલે કે બન્ધકાળે (૨) નરકાયુષ્યનો બંધ, તિર્યંચાયુષ્યનો ઉદય અને નરક-તિર્યંચ એમ બે આયુષ્યની સત્તા, આ ભાંગો મિથ્યાદષ્ટિ તિર્યંચોને હોય છે. અન્ય તિર્યંચોને નરકના આયુષ્યના બંધનો અસંભવ છે અથવા (૩) તિર્યંચાયુષ્યનો બંધ, તિર્યંચાયુષ્યનો ઉદય અને બે તિર્યંચાયુષ્યની સત્તા. આ ભાંગો મિથ્યાદષ્ટિ અથવા સાસ્વાદન ગુણસ્થાનકવર્તી તિર્યંચના જીવોને હોય છે શેષ જીવોને તિર્યંચના આયુષ્યના બંધનો સંભવ નથી.

તથા (૪) મનુષ્યાયુષ્યનો બંધ, તિર્યંચાયુષ્યનો ઉદય, અને મનુષ્ય-તિર્યંચાયુષ્યની સત્તા આ ભાંગો પણ મિથ્યાદષ્ટિ અથવા સાસ્વાદની એવા તિર્યંચગતિના જીવોને હોય છે. કારણ કે અવિરતસમ્યગ્દષ્ટિ અથવા દેશવિરતિધર તિર્યંચના જીવો અવશ્ય દેવપ્રાયોગ્ય જ આયુષ્યનો બંધ કરે છે તેથી બાંધે તો દેવાયુષ્ય જ બાંધે છે.

તથા (૫) દેવાયુષ્યનો બંધ, તિર્યંચાયુષ્યનો ઉદય અને દેવ તિર્યંચાયુષ્યની સત્તા, આ ભાંગો મિશ્ર નામના ત્રીજા ગુણસ્થાનકને વર્જીને બાકીનાં દેશવિરતિ સુધીનાં પ્રથમનાં ચાર ગુણસ્થાનકોમાં હોય છે. મિશ્રગુણસ્થાનકે પરભવના આયુષ્યના બંધનો નિષેધ છે. તે માટે તેનું વર્જન કરેલ છે.

તથા પરભવના આયુષ્યના બંધનો કાળ વિરામ પામ્યા પછી (૬) તિર્યંચાયુષ્યનો ઉદય, નરક તિર્યંચાયુષ્યની સત્તા, આ ભાંગો પ્રાથમિક પાંચ ગુણસ્થાનકોમાં હોઈ શકે છે. કારણ કે નરપકાયુષ્યનો બંધ કર્યા પછી પાંચમા ગુણસ્થાનક સુધી આ તિર્યંચો ગમનાગમન કરી શકે છે. (૭) અથવા તિર્યંચાયુષ્યનો ઉદય અને બેતિર્યંચાયુષ્ય ની સત્તા, તથા (૮) તિર્યંચાયુષ્યનો ઉદય અને તિર્યંચ અને મનુષ્ય આયુષ્યની સત્તા, અથવા (૯) તિર્યંચાયુષ્યનો ઉદય અને દેવ તથા તિર્યંચ એમ બે આયુષ્યની સત્તા આ ત્રણે ભાંગા મિથ્યાત્વથી દેશવિરતિ સુધીનાં પાંચે ગુણસ્થાનકોમાં હોય છે. કારણ કે પરભવના આયુષ્યનો બંધ કર્યા પછી તિર્યંચો વધારેમાં વધારે પાંચ ગુણસ્થાનક સુધી જ ચઢી - ઉતરી શકે છે.

તે આ પ્રમાણે સર્વ સંખ્યાએ તિર્યંચના જીવોને આયુષ્યકર્મના નવ ભાંગા હોય છે.

મનુષ્યના જીવોને પણ આ જ પ્રમાણે નવ ભાંગા જ હોય છે. (૧) મનુષ્યાયુષ્યનો ઉદય અને મનુષ્યાયુષ્યની સત્તા. આ પ્રથમ ભાંગો પરભવનું આયુષ્ય બાંધ્યા પૂર્વે હોય છે અને આ ભાંગો મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી અયોગિકેવલી ગુણસ્થાનક સુધી સર્વત્ર હોઇ શકે

છે.

પરભવના આયુષ્યના બંધકાલે (૨) નરકાયુષ્યનો બંધ, મનુષ્યાયુષ્યનો ઉદય અને નરક તથા મનુષ્યાયુષ્યની સત્તા આ ભાંગો મિથ્યાદષ્ટિ મનુષ્યોને હોય છે. અન્ય મનુષ્યોને નરકાયુષ્યના બંધનો અસંભવ છે. (૩) તિર્યંચાયુષ્યનો બંધ, મનુષ્યાયુષ્યનો ઉદય અને તિર્યંચાયુષ્ય તથા મનુષ્યાયુષ્યની સત્તા, આ ભાંગો મિથ્યાદષ્ટિ અને સાસ્વાદની મનુષ્યોને હોય છે કારણ કે તિર્યંચાયુષ્યનો બંધ સાસ્વાદન સુધી જ હોય છે તથા (૪) મનુષ્યાયુષ્યનો બંધ, મનુષ્યાયુષ્યનો ઉદય, તથા બે મનુષ્યાયુષ્યની સત્તા આ ભાંગો પણ મિથ્યાદષ્ટિ અથવા સાસ્વાદની મનુષ્યોને જ હોય છે. અન્ય સમ્યગ્દષ્ટિ મનુષ્યોને મનુષ્યાયુષ્યના બંધનો અસંભવ છે. કારણ કે તેઓ દેવાયુષ્ય જ બાંધે છે. (૫) તથા દેવાયુષ્યનો બંધ, મનુષ્યાયુષ્યનો ઉદય અને દેવ તથા મનુષ્યાયુષ્યની સત્તા આ ભાંગો અપ્રમત્ત ગુણસ્થાનક સુધી હોય છે કારણ કે દેવાયુષ્યનો બંધ અપ્રમત્ત ગુણસ્થાનક સુધી જ હોય છે. આ ચારે ભાંગાનો કાળ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત જ હોય છે. કારણ કે આયુષ્યના બંધનો કાળ જ અંતર્મુહૂર્ત છે.

તથા પરભવનું આયુષ્ય બાંધ્યા પછી (૬) મનુષ્યાયુષ્યનો ઉદય તથા નરક - મનુષ્યાયુષ્યની સત્તા, (૭) મનુષ્યાયુષ્યનો ઉદય તિર્યંચ-મનુષ્યાયુષ્યની સત્તા, (૮) મનુષ્યાયુષ્યનો ઉદય અને બે મનુષ્યાયુષ્યની સત્તા. તથા (૯) મનુષ્યાયુષ્યનો ઉદય અને દેવ તથા મનુષ્યાયુષ્યની સત્તા આ ચારે ભાંગા પરભવનું આયુષ્ય બાંધ્યા પછી હોય છે. છઠ્ઠો - સાતમો અને આઠમો એમ ત્રણે પણ ભાંગા અપ્રમત્તગુણસ્થાનક સુધી હોય છે. કારણ કે નરક - તિર્યંચ અને મનુષ્યનું આયુષ્ય બાંધ્યા પછી કોઈક જીવને સંયમની પણ પ્રાપ્તિ સંભવે છે. પણ શ્રેણિ સંભવતી નથી.

તથા જે નવમો ભાંગો છે તે ઉપશાન્તમોહ ગુણસ્થાનક સુધી હોય છે. કારણ કે દેવાયુષ્ય બંધાયા પછી પણ તે જીવ ઉપશમશ્રેણિ ઉપર આરોહણ કરી શકે છે. આ પ્રમાણે આયુષ્યકર્મમાં નરકાયુષ્યના ઉદયવાળા ૫, દેવાયુષ્યના ઉદયવાળા પણ ૫, તિર્યંચાયુષ્યના ઉદય વાળા ૯ અને મનુષ્યાયુષ્યના ઉદયવાળા પણ ૯ એમ કુલ આયુષ્ય કર્મના ભાંગા (૫+૫+૯-૯-૨૮) અઠ્ઠાવીસ થાય છે.

હવે દર્શનાવરણીય કર્મના બન્ધસ્થાનક, ઉદયસ્થાનક અને સત્તાસ્થાનકો સમજાવાય છે. આ કર્મમાં ત્રણ બંધસ્થાનકો છે (૯-૬-૪) નવનું, છનું, અને ચારનું. ત્યાં સર્વ પ્રકૃતિઓ બંધાતી હોય ત્યારે સર્વ પ્રકૃતિઓના સમુદાય સ્વરૂપ (૯) નવનું બંધસ્થાનક હોય

છે તે નવનું બંધસ્થાનક પ્રથમનાં બે ગુણસ્થાનક સુધી જ હોય છે. કારણ કે તેનાથી આગળ થિણદ્ધિત્રિકનો બંધ નથી. તેથી નવનું બંધસ્થાનક રહેતું નથી.

તે જ નવ પ્રકૃતિઓમાંથી થિણદ્ધિત્રિક વિના છનું બંધસ્થાનક મિશ્રાદિ ગુણસ્થાનકોમાં હોય છે. તે છ નું બંધસ્થાનક મિશ્ર ગુણસ્થાનકથી પ્રારંભીને અપૂર્વકરણ ગુણસ્થાનકના પ્રથમ ભાગ સુધી હોય છે. તે જ છ પ્રકૃતિઓમાંથી નિદ્રા અને પ્રચલા દૂર કરાયે છતે ચારનો બંધ થાય છે. તે ચારનું બંધસ્થાનક અપૂર્વકરણ ગુણસ્થાનકના પ્રથમ ભાગથી આગળ એટલે બીજા ભાગથી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી હોય છે. આ પ્રમાણે દર્શનાવરણીય કર્મમાં (૯-૬-૪) એમ ૩ બંધસ્થાનકો જાણવાં.

આ દર્શનાવરણીય કર્મમાં સત્તાસ્થાનકો પણ ત્રણ જાણવાં (૯-૬-૪) ત્યાં ક્ષપક શ્રેણિને આશ્રયી અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનકના પ્રથમ ભાગ સુધી (અને ઉપશમશ્રેણિને આશ્રયી અગિયારમા ગુણસ્થાનક સુધી) નવની સત્તા હોય છે. ક્ષપકશ્રેણિમાં થિણદ્ધિત્રિકની સત્તાનો ક્ષય થયે છતે નવમા ગુણસ્થાનકના બીજા ભાગથી છ પ્રકૃતિઓની સત્તા હોય છે તે બારમાના દ્વિચરમસમય સુધી યાવત્ સત્તામાં હોય છે. બારમાના દ્વિચરમસમયે જ નિદ્રાદ્વિકની સત્તાનો નાશ થવાથી બારમાના ચરમસમયમાં ચારની સત્તા હોય છે. તે ચારની સત્તાની ચરમસમયે જ સમાપ્તિ થાય છે.

નવનો બંધ કાળને આશ્રયી ત્રણ પ્રકારે હોય છે. (૧) અનાદિ અનન્ત, (૨) અનાદિ સાન્ત, (૩) સાદિ સાન્ત, તેમાં નવના બંધનો અનાદિ - અનંતકાળ અભવ્ય જીવોને આશ્રયી જાણવો. કારણ કે સદા કાળ પહેલું જ ગુણસ્થાનક હોવાથી નવનો બંધ સતત ચાલું જ રહે છે તેથી તે અભવ્યજીવોને ક્યારેય પણ નવના બંધનો વિચ્છેદ થતો જ નથી.

અનાદિ સાન્ત કાળ ભવ્ય જીવોને આશ્રયી જાણવો કારણ કે તે ભવ્ય જીવો કાળાન્તરે સમ્યક્ત્વાદિ ગુણો પામે ત્યારે નવનો બંધ વિચ્છેદ થશે. તે માટે તેઓને આશ્રયી અનાદિ - સાન્ત તથા નવના બંધનો સાદિ સાન્ત કાળ સમ્યક્ત્વથી પડેલા જીવોને આશ્રયી જાણવો. કારણ કે સમ્યક્ત્વ પામ્યા હોય ત્યારે નવનો બંધ વિચ્છેદ થયો છે. પતિત થાય એટલે બંધ પુનઃ શરૂ થાય છે. ત્યારે સાદિ અને કાળાન્તરે પુનઃ સમ્યક્ત્વ પામી મોક્ષે જાય ત્યારે આ નવના બંધનો વિચ્છેદ થાય તે માટે સાન્ત. જે આ સાદિ સાન્ત કાળ છે. તે જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળ જાણવો. નવના બંધનો કાળ ત્રણ પ્રકારે છે.

હવે છ ના બંધનો કાળ ઉત્કૃષ્ટથી બે છાસઠ સાગરોપમ સુધી આ જીવ સમ્યક્ત્વમાં

વર્તે છે. વચ્ચે અંતર્મુહૂર્ત માત્ર મિશ્રે જાય છે ત્યારે સતત છનો બંધ થાય છે. ત્યારબાદ કોઈક જીવ ક્ષપકશ્રેણિ માંડીને કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષે જાય છે એટલે બંધનો વિચ્છેદ થાય છે અને કોઈક જીવ પતન પામીને મિથ્યાત્વે આવે ત્યારે નવનો બંધ કરે છે. તેથી છ ના બંધનો આટલો કાળ હોઈ શકે છે. આ છના બંધનો જઘન્ય કાળ અંતર્મુહૂર્ત જાણવો.

ચારના બંધનો જઘન્ય કાળ એક સમય અને ઉત્કૃષ્ટથી કાળ અંતર્મુહૂર્ત જાણવો. ત્યાં કોઈક જીવ ઉપશમ શ્રેણિ ઉપર આરૂઢ થયો. અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનકે ગયો તેના બીજા ભાગે પ્રવેશ કર્યો ત્યાં ચારનો બંધ ચાલું કર્યો અને તેના પછીના બીજા જ સમયે આ ભવનું આયુષ્ય સમાપ્ત થવાથી કાલધર્મ પામ્યો (મૃત્યુ પામ્યો) તે જીવ મૃત્યુ પામીને દેવલોકમાં ગયો છતો અવિરતિ થયો તે અવિરતિપણાના પ્રથમ સમયે જ છ નો બંધ કરે છે. આ પ્રમાણે ચારના બંધની જઘન્ય સ્થિતિ એક સમયની સંભવે છે.

ચારના બંધની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત કાળ જાણવી. કારણ કે અપૂર્વકરણના બીજા ભાગથી ચારનો બંધ ચાલું કરે તે બંધ સૂક્ષ્મ સંપરાયના ચરમસમય સુધી ચાલે છે. તેનો કાળ અંતર્મુહૂર્ત માત્ર જ થાય છે. આ ત્રણે બંધસ્થાનકનો કાળ કહ્યો.

હવે ત્રણે સત્તાસ્થાનકનો કાળ કહેવાય છે. ત્યાં નવ પ્રકૃત્યાત્મક દર્શનાવરણીય કર્મનું સત્તાસ્થાનક કાળને આશ્રયી બે પ્રકારે હોય છે. અનાદિ અનંત અને અનાદિ સાન્ત.

ત્યાં અભવ્ય જીવોને અનાદિ અનંત કારણ કે સદાકાળ પહેલું જ ગુણસ્થાનક રહેવાથી ક્યારેય નવની સત્તા વિરામ પામવાની નથી. માટે અનાદિ અનંત, પરંતુ ભવ્ય જીવોને કાળાન્તરે વિચ્છેદ થવાનો છે. તેથી તેઓને આશ્રયી અનાદિ સાન્ત કાળાન્તરે વ્યવચ્છેદ હોવાથી નવની સત્તાનો વિરામ સંભવે છે.

સાદિ-સાન્તપણું સંભવતું નથી. કારણ કે નવની સત્તાનો વ્યવચ્છેદ ક્ષપકશ્રેણિમાં જ નવમા ગુણસ્થાનકે સંભવે છે. ત્યાંથી પતન સંભવતું નથી. તેથી ફરીથી નવની સત્તા આવતી નથી. માટે સાદિ થતી નથી.

છ પ્રકૃત્યાત્મક બીજા સત્તાસ્થાનકનો કાળ જઘન્યથી કહો કે ઉત્કૃષ્ટથી કહો પરંતુ અંતર્મુહૂર્ત કાળ હોય છે. નવમા ગુણ સ્થાનકના બીજા ભાગથી પ્રારંભ કરીને બારમાના ઉપાન્ત્ય સમય સુધી. આ કાળ અજઘન્યોત્કૃષ્ટ પણ કહેવાય છે. કારણ કે તેમાં જઘન્ય પણ નથી અને ઉત્કૃષ્ટ પણ નથી. નિયત આટલો જ કાળ છે.ચારના સત્તાસ્થાનકનો કાળ માત્ર એક સમય છે અને તે બારમા ગુણસ્થાનકનો ચરમ સમય જાણવો.

દર્શનાવરણીય કર્મનાં ત્રણ બંધસ્થાનક અને ત્રણ સત્તાસ્થાનક તથા તે છએનો કાળ સમજાવીને હવે ઉદયસ્થાનક કહે છે. દર્શનાવરણીય કર્મમાં બે ઉદયસ્થાનક છે ચારનું અને પાંચનું, ત્યાં ચક્ષુ-દર્શનાવરણીયાદિ ચાર પ્રકૃતિઓનો જ કેવળ ઉદય હોય ત્યારે ચારનું ઉદયસ્થાનક હોય છે. તેમાં કોઈ પણ એક નિદ્રાનો ઉદય સહિત કરીએ ત્યારે પાંચનું ઉદયસ્થાનક થાય છે.

આ બન્ને ઉદયસ્થાનકો બારમા ક્ષીણમોહ ગુણસ્થાનક સુધી જાણવાં. આ ચારનું અને પાંચનું એમ જે બે ઉદય સ્થાનક કહ્યાં તે એકીસાથે જે પ્રકૃતિઓનો ઉદય હોય છે. તેને આશ્રયી જાણવો. સામાન્યપણે જો વિચારણા કરીએ તો પ્રમત્ત ગુણસ્થાનક સુધી નવેનો પણ ઉદય હોય છે. ત્યારબાદ થિણદ્ધિત્રિકનો ઉદય વિચ્છેદ જવાથી છ પ્રકૃતિઓનો જ ઉદય હોય છે. અને તે છનો ઉદય ક્ષીણમોહ નામના બારમા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી જ હોય છે. ત્યાં નિદ્રા અને પ્રચલા આ બન્નેના ઉદયનો વિચ્છેદ થવાથી બારમાના ચરમ સમયે માત્ર ચારનું જ ઉદયસ્થાન હોય છે.

હવે બન્ધ - ઉદય અને સત્તાસ્થાનોનો પરસ્પર સંવેધ કહેવાય છે. (૧) નવનો બંધ, ચારનો ઉદય અને નવની સત્તા આ ભાંગો પહેલા બીજા ગુણસ્થાનકે વર્તતા જીવોને જ્યારે નિદ્રાનો ઉદય ન હોય ત્યારે જાણવો. પરંતુ જ્યારે નિદ્રાનો ઉદય હોય ત્યારે (૨) નવનો બંધ પાંચનો ઉદય અને નવની સત્તા આ ભાંગો પણ નિદ્રાના ઉદયકાળે મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદ ગુણસ્થાનકવાળા જીવોને જાણવો. એમ આ બન્ને ભાંગા પહેલા બીજા એમ બે ગુણસ્થાનકે હોય છે.

તથા (૩) છ નો બંધ, ચારનો ઉદય અને નવની સત્તા તથા (૪) છનો બંધ, પાંચનો ઉદય અને નવની સત્તા આ બન્ને ભાંગા મિશ્ર ગુણસ્થાનકથી પ્રારંભીને યાવત્ અપૂર્વકરણ ગુણસ્થાનકના પ્રથમ ભાગ સુધી જાણવા. ત્યારબાદ નિદ્રાદ્વિકનો બંધ વિચ્છેદ થવાથી ચારનો બંધ થાય છે.

હવે (૫) ચારનો બંધ ચારનો ઉદય અને નવની સત્તા અથવા (૬) ચારનો બંધ, પાંચનો ઉદય અને નવથી સત્તા આ બન્ને ભાંગા ઉપશમશ્રેણિમાં અપૂર્વકરણ ગુણસ્થાનકના બીજા ભાગથી યાવત્ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી જાણવા. ત્યારબાદ ચારનો બંધ નથી. તે માટે, અને ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકના પ્રથમ ભાગ સુધી આ બન્ને ભાંગા જાણવા ત્યારબાદ થિણદ્ધિત્રિકની સત્તાનો ક્ષય થાય છે તે માટે નવની સત્તા હોતી નથી.

ઉપશમશ્રેણિમાં ઉપશાન્તમોહ ગુણસ્થાનકે બંધનો અભાવ હોવાથી (૭) ચારનો ઉદય

અને નવની સત્તા, તથા (૮) પાંચનો ઉદય અને નવની સત્તા. એમ બે ભાંગા હોય છે. તથા ક્ષપક શ્રેણિમાં (૯) ચારનો બંધ ચારનો ઉદય અને છ ની સત્તા આ ભાંગો ક્ષપકશ્રેણિમાં થિણદ્ધિત્રિકનો ક્ષય થયા પછી નવમા ગુણસ્થાનકના બીજા ભાગથી યાવત્ સૂક્ષ્મસંપરાયના ચરમસમય સુધી હોય છે. (૧૦) તથા અબન્ધ, ચારનો ઉદય અને છ ની સત્તા આ ભાંગો ક્ષીણમોહ ગુણસ્થાનકે પ્રથમ સમયથી યાવત્ દ્વિચરમ સમય સુધી હોય છે.

ક્ષીણમોહ ગુણસ્થાનકના ચરમસમયમાં (૧૧) અબંધ, ચારનો ઉદય અને ચારની સત્તા આ ભાંગો જાણવો. જો કે ટીકાકારશ્રીએ આ ભાંગો નવમા નંબરે ટીકામાં કહ્યો છે તે ઉપર ઉપશમશ્રેણિનો અધિકાર ચાલતો હતો તેના કારણે તે ક્રમથી લખ્યો છે. એટલે વિસંવાદ ન જાણવો બન્નેનો ભાવાર્થ સમાન જ છે.

આ પ્રમાણે દર્શનાવરણીય કર્મના સપ્તતિકારના મતે સર્વસંખ્યાએ મળીને (૧૧) અગિયાર ભાંગા થાય છે. પરંતુ કેટલાક આચાર્યો જેમકે કર્મસ્તવકારાદિ આચાર્યો ક્ષપકશ્રેણિમાં અને ક્ષીણમોહ ગુણસ્થાનકે દ્વિચરમ સમય સુધી નિદ્રાધિકનો ઉદય ઇચ્છે છે. તેમના મતે બે ભાંગા અધિક થાય છે.

નવમા ગુણસ્થાનકે થિણદ્ધિ ત્રિકનો ક્ષય થયા પછી (૧) ચારનો બંધ પાંચનો ઉદય અને નવની સત્તા આ ભાંગો નવમાના બીજા ભાગથી યાવત્ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી હોય છે. તથા દશમા ગુણસ્થાનકે બંધવિચ્છેદ થયા પછી બન્ધના અભાવમાં (૨) પાંચનો ઉદય અને છ ની સત્તા આ ભાંગો ક્ષીણમોહ ગુણસ્થાનકના પ્રથમ સમયથી યાવત્ ઉપાન્ત્ય સમય સુધી યાવત્ હોય છે. તે આ પ્રમાણે અન્ય આચાર્યોના મતે ૧૧ ને બદલે ૧૩ ભાંગા દર્શનાવરણીય કર્મમાં થાય છે. છઠ્ઠાકર્મગ્રંથમાં ૧૩ ભાંગા કહ્યા છે. દર્શનાવરણીય કર્મ સમાપ્ત થયું.

હવે ગોત્રકર્મમાં પૂર્વે કહેલાં બંધસ્થાનક, ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક એમ ત્રણેનો સંવેધ કહેવાય છે. નીચગોત્રકર્મનો સાસ્વાદન ગુણસ્થાનક સુધી બંધ, અને દેશવિરતિ ગુણસ્થાનક સુધી ઉદય હોય છે. તથા ઉચ્ચગોત્રનો સૂક્ષ્મસંપરાય સુધી બંધ અને અયોગિ કેવલી ગુણસ્થાનકના ચરમ સમય સુધી ઉદય હોય છે. બન્ને ગોત્રની સત્તા તો સર્વગુણસ્થાનકોમાં હોય છે. વિચારણા કરતાં અહીં આ ગોત્ર કર્મમાં સાત ભાંગા થાય છે.

(૧) નીચગોત્રનો બંધ, નીચગોત્રનો ઉદય અને નીચગોત્રની જ માત્ર સત્તા, આ ભાંગો ઉચ્ચગોત્રની ઉદ્વલના જેઓએ કરી લીધી છે તેવા તેઉકાય અને વાઉકાયના જીવોને હોય છે. તથા ત્યાં ઉચ્ચ ગોત્રની ઉદ્વલના સમાપ્ત કરીને ત્યાંથી નીકળીને અન્ય તિર્યંચના ભવમાં

ગયેલા જીવોને કેટલોક કાળ શરીર પર્યાપ્તિ સમાપ્ત ન કરે ત્યાં સુધી આ ભાંગો હોય છે.

તથા (૨) નીચગોત્રનો બંધ, નીચગોત્રનો ઉદય અને બન્ને ગોત્રની સત્તા, અથવા (૩) નીચ ગોત્રનો બંધ, ઉચ્ચગોત્રનો ઉદય તથા ઉચ્ચ અને નીચ એમ બન્ને ગોત્રની સત્તા આ બન્ને ભાંગા મિથ્યાત્વે તથા સાસ્વાદને હોય છે. તેનાથી આગળ નીચગોત્રનો બંધ નથી. તે કારણે આ બન્ને ભાંગાઓનો સાસ્વાદથી આગળ અસંભવ છે.

તથા (૪) ઉચ્ચગોત્રનો બંધ, નીચગોત્રનો ઉદય અને બન્ને ગોત્રકર્મની સત્તા. આ ભાંગો મિથ્યાદષ્ટિથી યાવત્ દેશવિરતિ સુધી હોય છે. તેનાથી આગળ નીચગોત્રનો ઉદય ન હોવાથી આ ભાંગાનો અસંભવ છે.

તથા (૫) ઉચ્ચગોત્રનો બંધ, ઉચ્ચગોત્રનો ઉદય અને બન્નેની સત્તા. આ ભાંગો સૂક્ષ્મસંપરાય સુધી જ હોય છે. તેનાથી આગળ ઉચ્ચગોત્રના બંધનો અભાવ છે. તે માટે આ ભાંગો આગળ સંભવતો નથી.

તથા (૬) અબન્ધ, ઉચ્ચગોત્રનો ઉદય અને બન્ને ગોત્રની સત્તા આ ભાંગો ઉપશાન્ત મોહથી યાવત્ અયોગિકેવલી ગુણસ્થાનકના દ્વિચરમ સમય સુધી જાણવો. અને અયોગિ ગુણસ્થાનકના ચરમ સમયે તો (૭) અબંધ. ઉચ્ચગોત્રનો ઉદય અને ઉચ્ચગોત્રની સત્તા આ ભાંગો હોય છે આ પ્રમાણે ગોત્રકર્મના કુલ સાત સંવેધ ભાંગા થાય છે.

હવે વેદનીયકર્મના પૂર્વે કહેલા બંધ ઉદય અને સત્તાસ્થાનોનો સંવેધ કહેવાય છે. (૧) અસાતાનો બંધ અસાતાનો ઉદય અને સાતા અસાતા એમ બન્નેની સત્તા તથા (૨) અસાતાનો બંધ, સાતાનો ઉદય અને સાતા અસાતાનો ઉદય આ બન્ને બાંગા મિથ્યાત્વથી આરંભીને યાવત પ્રમત્ત સંયત નામના છઠ્ઠા ગુણસ્થાનક સુધી હોય છે. તેનાથી આગલા ગુણસ્થાનકોમાં આ બન્ને બાંગા સંભવતા નથી. કારણ કે ત્યાં અસાતાનો બંધ નથી. અસાતાના બંધનો અભાવ છે. માત્ર સાતાનો જ બંધ છે.

તથા (૩) સાતાનો બંધ. અસાતાનો ઉદય અને સાતા અસાતા બન્નેની સત્તા, અથવા (૪) સાતાનો બંધ, સાતાનો ઉદય, અને બન્નેની સત્તા આ બન્ને ભાંગા મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી પ્રારંભીને સયોગિ કેવલી નામના તેરમા ગુણસ્થાનકના ચરમ સમય સુધી હોય છે. તેરમા ગુણસ્થાનકથી આગળ વેદનીય કર્મનો બંધ હોતો નથી તેથી.

(૫) અસાતાનો ઉદય અને સાતા અસાતા એમ બન્નેની સત્તા તથા (૬) સાતાનો ઉદય અને સાતા અસાતા એમ બન્નેની સત્તા આ બન્ને ભાંગા અયોગિકેવલી ગુણસ્થાનકે

પ્રથમ સમયથી યાવત દ્વિચરમ સમય સુધી હોય છે.

*ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયમાં (૭) અસાતાનો ઉદય અને અસાતાની સત્તા* આ ભાંગો જે આત્માને ચૌદમાના દ્વિચરમ સમયે સાતાની સત્તા ક્ષય પામી ગઈ છે તે જીવને હોય છે. તથા ચૌદમાના દ્વિચરમ સમયે અસાતાની સત્તા ક્ષય પામી ગઈ છે તેવા જીવને ચૌદમાના ચરમ સમયે (૮) સાતાનો ઉદય અને સાતાની સત્તા આ ભાંગો હોય છે. આ પ્રમાણે સર્વ સંખ્યા મળીને વેદનીયકર્મના કુલ આઠ સંવેધભાંગા થાય છે.

તથા જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મમાં (૧) પાંચનો બંધ, પાંચનો ઉદય અને પાંચની જ સત્તા આ ભાંગો મિથ્યાત્વથી સૂક્ષ્મસંપરાય સુધી હોય છે અને બંધવિચ્છેદ થયા પછી (૨) અબંધ પાંચનો ઉદય અને પાંચની સત્તા આ ભાંગો ઉપશાન્તમોહે તથા ક્ષીણમોહે હોય છે. આમ બન્ને કર્મોમાં બે જ ભાંગા થાય છે આ પ્રમાણે આ છ મૂલ કર્મોમાં અલ્પ જ કહેવાનું હોવાથી પ્રથમથી આ છ કર્મ જ સમજાવ્યાં છે. (હવે મોહનીય અને નામકર્મને વિસ્તારથી કહીશું.)

**હવે મોહનીયકર્મનાં બન્ધસ્થાનક ઉદયસ્થાનક તથા સત્તા સ્થાનક અને સંવેધ કહેવાય છે.**

મોહનીયકર્મનાં કુલ (૧૦) દશ બંધસ્થાનકો છે. (૨૨-૨૧-૧૭-૧૩-૯-૫-૪-૩-૨- અને ૧ નું) ત્યાં પહેલું બંધસ્થાનક બાવીસનું છે અને તે પહેલા ગુણઠાણે હોય છે. બીજું બંધસ્થાનક એકવીસનું છે અને તે બીજે ગુણસ્થાનકે હોય છે. ત્રીજું બંધસ્થાનક સત્તરનું અને તે બંધસ્થાનક ત્રીજે ચોથે ગુણસ્થાનકે હોય છે. ચોથું બંધસ્થાનક તેરનું અને તે પાંચમે ગુણઠાણે હોય છે. પાંચમું બંધસ્થાનક નવ પ્રકૃતિનું છે. અને તે છઠ્ઠે - સાતમે અને આઠમે ગુણસ્થાનકે હોય છે. છઠ્ઠું બંધસ્થાનક પાંચ પ્રકૃતિઆત્મક છે સાતમું બંધ સ્થાનક ચાર પ્રકૃતિ આત્મક, આઠમું બંધસ્થાનક ત્રણ પ્રકૃતિ આત્મક, નવમું બંધસ્થાનક બે પ્રકૃતિ આત્મક, અને દશમું બંધસ્થાનક એક પ્રકૃતિઆત્મક છે. આ છેલ્લાં છેલ્લાં સમજાવેલાં પાંચનું ચારનું ત્રણનું બેનું અને એકનું એમ કુલ પાંચ બંધસ્થાનકો માત્ર નવમા ગુણસ્થાનકે જ તે તે ભાગે હોય છે.

હવે આ બન્ધસ્થાનકોમાં કઈ કઈ પ્રકૃતિઓ હોય તે સમજાવાય છે. એક મિથ્યાત્વમોહનીય, સોળ કષાયો, ત્રણમાંથી કોઈ પણ એક વેદ, બે યુગલમાંથી કોઈપણ એક યુગલ, ભય અને જુગુપ્સા એમ કુલ ૧+૧૬+૧+૨+૧+૧=૨૨ નો બંધ પહેલા મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે જાણવો. આ બાવીસના બંધમાં હાસ્ય-રતિ અને અરતિ-શોકનાં બન્ને યુગલો વારા ફરતી બંધાતાં હોવાથી ૨૨ નો બંધ બે પ્રકારે થયો. આ બન્ને યુગલોનો બંધ અનુક્રમે યાવત્ નવના બંધ સુધી અર્થાત્ છઠ્ઠા ગુણઠાણા સુધી વારાફરતી પ્રાપ્ત થાય છે.

તથા વળી તે ૨૨ નો બંધ ત્રણે પ્રકારના પણ વેદોમાં વિકલ્પે પ્રાપ્ત થાય છે. તેથી

તે ૨ X ૩ = ૬ એમ બાવીસનો બંધ છ પ્રકારનો થાય છે.

તે બાવીસના બંધમાંથી એક મિથ્યાત્વ મોહનીયકર્મ દૂર કરાયે છતે (૨૧) એકવીસનું બંધસ્થાનક થાય છે. આ બંધસ્થાનક સાસ્વાદન ગુણસ્થાનકે હોય છે. ત્યાં નપુંસકવેદનો બંધ હોતો નથી. તેથી શેષ બે વેદમાંથી એક વેદ જ બંધાય છે. સાસ્વાદન ગુણસ્થાનકવર્તી જીવો કે જે એકવીસના બંધક છે. તેઓને નપુંસકવેદનો બંધ સંભવતો નથી કારણ કે નપુસંકવેદનો બંધ મિથ્યાત્વમોહના ઉદયના કારણે થાય છે અને સાસ્વાદન ગુણસ્થાનકવાળા જીવોને તે મિથ્યાત્વ મોહનો ઉદય ન હોવાથી નપુંસકવેદનો બંધ કરતા નથી તે કારણે બે યુગલ અને બે વેદનું પરસ્પર સંચારણ કરવાથી એકવીશનો બંધ ચાર પ્રકારે થાય છે.

સાસ્વાદન પછી મિશ્રગુણસ્થાનકે તથા અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે પ્રથમના ચાર કષાય એટલે કે અનંતાનુબંધી કષાયની ચોકડીનો અબંધ થવાથી (૧૭) સત્તરનો બંધ થાય છે. તેમાંથી પાંચમે ગુણઠાણે કષાયની બીજી ચોકડી (અપ્રત્યાખ્યાનીય ચાર કષાય)નો અબંધ થવાથી તેરનો બંધ થાય છે. તથા છઠ્ઠા-સાતમા અને આઠમા ગુણઠાણે કષાયોની ત્રીજી ચોકડીનો (પ્રત્યાખ્યાનાવરણનો) પણ અબંધ થવાથી નવનો બંધ થાય છે.

આ (૧૭-૧૩ અને ૯) સત્તર, તેર અને નવના બંધમાં અનંતાનુબંધી ચાર કષાયોનો ઉદય ન હોવાથી તેના નિમિત્તે બંધાનારા સ્રીવેદનો પણ બંધ ન થવાથી વેદોમાં માત્ર એક પુરુષવેદ જ બંધાય છે તેથી બે યુગલની સાથે બે જ ભાંગા પ્રાપ્ત થાય છે.

તેમાં નવનો બંધ છઠ્ઠે-સાતમે અને આઠમે એમ ત્રણ ગુણઠાણે હોય છે પરંતુ બન્ને યુગલોના બંધના કારણે જે બે ભાંગા થાય છે. તે માત્ર પ્રમત્તસંયત નામના છઠ્ઠા ગુણઠાણે જ થાય છે. પરંતુ અપ્રમત્ત તથા અપૂર્વકરણ આ બન્ને ગુણઠાણે અરતિ અને શોક ન બંધાતાં હોવાથી માત્ર હાસ્ય અને રતિ સ્વરૂપ એક જ યુગલ બંધાય છે.

અરતિ અને શોકવાળા યુગલનો બંધ અપ્રમત્ત ગુણસ્થાનકે ન હોવાથી અપ્રમત્તે અને અપૂર્વકરણે એમ આ બન્ને ગુણઠાણે નવનો બંધ માત્ર એક જ પ્રકારનો હોય છે. તથા હાસ્ય-રતિ-ભય અને જુગુપ્સા આ ચારે મોહનીયકર્મની પ્રકૃતિઓનો બંધ અપૂર્વકરણના ચરમ સમયે જ વિરામ પામે છે. આગળ આગળ તેનો બંધ ચાલતો નથી. તેથી અનિવૃત્તિકરણ નામના નવમા ગુણઠાણાના પ્રથમ સમયથી જ પાંચનો બંધ શરૂ થાય છે. તે પાંચનો બંધ નવમા ગુણઠાણાના બંધને આશ્રયી પાડેલા પાંચ ભાગ પૈકી પ્રથમ ભાગના ચરમ સમય સુધી જાણવો.

ત્યારબાદ પુરુષવેદનો બંધ ન હોવાથી ચારનો બંધ હોય છે અને તે ચારનો બંધ અનિવૃત્તિબાદર સંપરાય નામના નવમા ગુણઠાણાના પાંચ ભાગ પૈકી બીજા ભાગના પ્રથમ સમયથી ચરમ સમય સુધી જાણવો.

ત્યારબાદ સંજ્વલનક્રોધનો બંધ ન થવાથી ત્રણનો બંધ હોય છે અને તે ત્રણનો બંધ અનિવૃત્તિબાદરસંપરાય નામના નવમા ગુણઠાણાના પાંચ ભાગ પૈકી ત્રીજા ભાગના પ્રથમ સમયથી ત્રીજા ભાગના ચરમ સમય સુધી જાણવો.

ત્યારબાદ સંજ્વલનમાનનો બંધ વિચ્છેદ થવાથી બેનો બંધ હોય છે અને તે બેનો બંધ અનિવૃત્તિબાદરસંપરાય નામના નવના ગુણઠાણાના પાંચ ભાગ પૈકી ચોથા ભાગના પ્રથમ સમયથી ચોથા ભાગના ચરમ સમય સુધી જાણવો.

ત્યારબાદ સંજ્વલનમાયાનો બંધવિચ્છેદ થવાથી એક લોભનો જ બંધ હોય છે. અને તે એકનો બંધ પણ અનિવૃત્તિબાદરસંપરાય નામના નવમા ગુણસ્થાનકના પાંચમા ભાગના પ્રથમ સમયથી ચરમ સમય સુધી હોય છે ત્યાં નવમું ગુણસ્થાનક સમાપ્ત થાય છે.

હવે અમે આ બાવીસ વિગેરે દશે બંધસ્થાનકોનું કાલ પ્રમાણ કહીએ છીએ :- ત્યાં બાવીસના બંધમાં કાળને આશ્રયી ત્રણ ભાંગા છે. (૧) અભવ્યજીવોને આશ્રયી આ બંધ અનાદિ-અનંત, (૨) ભવ્યોને આશ્રયી આ બંધ અનાદિ-સાન્ત, તથા (૩) સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને ત્યાંથી ભ્રષ્ટ થયેલા જીવોને આશ્રયી સાદિ સાન્ત જે આ સાદિ સાન્ત ભાંગો છે. તેનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત પ્રમાણ જાણવો અને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળ જાણવો.

(૨૧) એકવીસનો બંધ સાસ્વાદને જ પ્રાપ્ત થાય છે. તેથી સાસ્વાદનનો જેટલો કાળ છે. તેટલો જ કાળ એકવીસના બંધનો જાણવો. અને તે કાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા કાળ જાણવો.

(૧૭) સત્તરના બંધે ઉત્કૃષ્ટથી કંઈક અધિક (૩૩) તેત્રીસ સાગરોપમ પ્રમાણ કાળ જાણવો. અનુત્તરવાસી દેવોમાં ચોથા ગુણઠાણે સત્તરનો બંધ હોય છે અને તેઓનું આયુષ્ય ઉત્કૃષ્ટથી (૩૩) તેત્રીસ સાગરોપમ છે ત્યાંથી ચ્યવીને મનુષ્ય ભવમાં આવીને જ્યાં સુધી (૮-૯ વર્ષની વય થતી નથી અને તેના કારણે જ્યાં સુધી) દેશ વિરતિ અથવા સર્વવિરતિ તે જીવ ધારણ કરતો નથી. ત્યાં સુધી સત્તરનો જ બંધ હોય છે આ કારણે કિંચિત્ સમધિક અર્થાત્ કંઈક અધિક એવાં તેત્રીસ સાગરોપમ પ્રમાણ કાળ જાણવો. જઘન્યથી અંતર્મુહૂર્ત કાળ જાણવો. કારણકે ચોથા ગુણઠાણાનો કાળ જ જઘન્યથી અંતર્મુહૂર્ત છે.

તેરના બંધમાં અને નવના બંધમાં ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ કાળ જાણવો. કારણ કે તેરનો બંધ દેશવિરતિ ગુણઠાણે અને નવનો બંધ સર્વવિરતિ ગુણઠાણે હોય છે અને દેશવિરતિ તથા સર્વવિરતિવાળા આ બન્ને ગુણસ્થાનકોનો ઉત્કૃષ્ટથી પણ દેશોનપૂર્વક્રોડ વર્ષ પ્રમાણ જ કાળ છે. માટે ઉત્કૃષ્ટથી આટલો કાળ જાણવો. તથા જઘન્યથી આ બન્ને બન્ધસ્થાનકનો કાળ અંતર્મુહૂર્ત માત્ર જાણવો.

બાકી રહેલા (૫-૪-૩-૨-અને ૧) પાંચ વિગેરે પ્રકૃતિઓ વાળા બંધસ્થાનકોમાં અંતર્મુહૂર્ત પ્રમાણ જ કાળ જાણવો. જઘન્યથી એક સમયમાત્ર કાળ જાણવો. તેની વધારે સ્પષ્ટતા આ પ્રમાણે જાણવી. ઉપશમ શ્રેણિમાં આરૂઢ થયેલો જીવ પાંચના બંધે આવે ત્યારે પ્રથમ સમયે પાંચનો બંધ કરીને બીજા જ સમયે પોતાનું આયુષ્ય સમાપ્ત થવાથી મૃત્યુ પામી દેવલોકમાં જાય છે ત્યાં ગયો છતો તે જીવ અવિરતિ થાય છે અવિરતિ થવાથી સત્તરનો બંધ કરે છે આ પ્રમાણે પાંચના બંધનો જઘન્યકાળ એકસમય હોય છે તે સમજાવ્યું. એ જ પ્રમાણે ચારના બંધે, ત્રણના બંધે, બેના બંધે અને એકના બંધે આવેલા જીવો ત્યાં ત્યાં માત્ર એક સમય રહીને ચાર આદિનો બંધ કરીને મૃત્યુ પામી દેવલોકમાં જાય ત્યારે ત્યાં સત્તરનો બંધ કરે જેથી ચાર - ત્રણ - બે અને એકના બંધનો જઘન્ય કાળ એક સમય જાણવો. આ પ્રમાણે મોહનીયકર્મનાં ૧૦ બંધસ્થાનકો સમજાવ્યાં તથા તેનો કાળ સમજાવ્યો.

હવે મોહનીયકર્મનાં ઉદયસ્થાનો નવ છે. તે આ પ્રમાણે (૧-૨-૪-૫-૬-૭-૮-૯-અને ૧૦) એકનું, બેનું, ચારનું પાંચનું, છનું, સાતનું, આઠનું, નવનું અને દશનું એમ કુલ નવ ઉદયસ્થાનકો છે.

ત્યાં ચારે સંજ્વલન કષાયોમાંથી કોઈ પણ એક કષાયનો ઉદય હોતે છતે નવમા ગુણઠાણે એકનું ઉદયસ્થાનક હોય છે તથા દસમા ગુણઠાણે સંજ્વલન લોભ માત્રનો ઉદય અને તે પણ સૂક્ષ્મલોભનો ઉદય હોવાથી ત્યાં પણ એકનું ઉદયસ્થાનક હોય છે.

ત્યાંથી નીચે નવમા ગુણઠાણાના પ્રથમ ભાગે ચાર સંજ્વલનમાંથી એક કષાય, તથા ત્રણ વેદોમાંથી કોઈ પણ એક વેદ એમ કુલ (૨) બે પ્રકૃતિઓનું ઉદયસ્થાનક જાણવું. ત્યાંથી એટલે કે નવમા ગુણઠાણેથી ઉપશમશ્રેણિમાં નીચે ઉતરતાં અથવા બન્ને શ્રેણિમાં ચઢતાં આઠમા ગુણઠાણે હાસ્ય-રતિ રૂપ એક યુગલનો ઉદય ઉમેરતાં ચાર પ્રકૃતિનું ઉદયસ્થાનક જાણવું. તેમાં ભયનો ઉદય ઉમેરતાં પાંચનું અને જુગુપ્સાનો ઉદય ઉમેરતાં છ પ્રકૃતિઓનું ઉદયસ્થાનક જાણવું.

તથા છઠ્ઠા ગુણસ્થાનકે આવતાં અરતિ અને શોકના યુગલનો ઉદય શરૂ થાય છે. પરંતુ હાસ્ય-રતિ અથવા અરતિ-શોક ગણવાથી વૃદ્ધિ-હાનિ થતી નથી. પ્રત્યાખ્યાનાવરણ ચાર કષાયોમાંની એક પ્રકૃતિનો ઉદય પાંચમા ગુણઠાણે વધતાં સાતનું ઉદયસ્થાનક જાણવું. તથા ચોથે ગુણઠાણે અપ્રત્યાખ્યાનાવારણ ચાર કષાયોમાંથી એક કષાયનો ઉદય વધતાં આઠનું ઉદયસ્થાનક જાણવું.તથા બીજા ગુણસ્થાનકે આવતાં ઉપરોક્ત આઠમાં અનંતાનુબંધી એક કષાયનો ઉદય વધતાં નવનું ઉદયસ્થાનક અને મિથ્યાત્વ ગુણસ્થાનકે રહેલા જીવને ઉપરોક્ત નવમાં એક મિથ્યાત્વ મોહનો ઉદય વધતાં દસનું ઉદયસ્થાનક હોય છે.

ત્યાં બેથી માંડીને દશ સુધીનાં ઉદયસ્થાનોમાં ચાર કષાયમાંથી એક કષાયનો ઉદય હોવાથી ક્રોધ-માન-માયા અને લોભ એમ ચાર કષાયોમાંથી કોઈ પણ એક એક કષાયનો જ ઉદય થતો હોવાથી ચાર ભાંગા (ચાર પ્રકાર) થાય છે તે ચારે પ્રકારના ભાંગાની સાથે ત્રણ વેદમાંથી એક એક વેદનો ઉદય સંભવતો હોવાથી ૪ x ૩ = ૧૨ બાર ભાંગા થાય છે. તથા એકના ઉદયનો એક અને બેના ઉદયના બાર ભાંગાને મુકીને શેષ બધા જ ઉદયભાંગા બન્ને યુગલમાંથી એક એક યુગલના ઉદયમાં પ્રાપ્ત થાય છે. તેથી કુલ ૨૪ ઉદયભાંગા થાય છે. તેને એક ચોવીસી ભાંગા કહેવાય છે.

ઉપર સમજાવ્યા મુજબ બેના ઉદયમાં બાર ઉદયભાંગા અને શેષ ઉદયસ્થાનકોમાં પ્રત્યેકમાં ચોવીસ ચોવીસ ઉદય ભાંગા અર્થાત્ ચોવીસીઓ થાય છે. તે ચોવીશીઓ એક એક ગુણસ્થાનકે અનેકપ્રકારે થાય છે તે વધારે સ્પષ્ટતાથી આ પ્રમાણે છે.

અનંતાનુબંધી ચાર કષાય, સમ્યક્ત્વ મોહનીય, ભય અને જુગુપ્સા આ સાત કર્મપ્રકૃતિઓનો ઉદય કાદાચિત્ક છે. એટલે કે ક્યારેક ઉદય હોય અને ક્યારેક ઉદય ન હોય તે કારણથી જે જીવે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું છે. તેવા કોઈક જીવને સમ્યક્ત્વના પ્રભાવે ઉદ્વલના પામેલા એવા અનંતાનુબંધી ચાર કષાયોનો મિથ્યાત્વ ગુણઠાણે જતાં તે મિથ્યાત્વના પ્રભાવે ફરીથી બંધાયેલા અનંતાનુબંધી કષાયોનો એક આવલિકા કાળ માત્ર ઉદય હોતો નથી. શેષ કાળે મિથ્યાત્વે અનંતાનુબંધી કષાયોનો ઉદય સદાકાળ હોય જ છે.

તથા ભય અને જુગુપ્સા અધ્રુવોદયી પ્રકૃતિ હોવાથી જ મિથ્યાત્વ ગુણસ્થાનકથી યાવત્ અપૂર્વકરણ ગુણસ્થાનક સુધીમાં ક્યારેક ઉદય હોય છે. અને ક્યારેક ઉદય હોતો નથી. આમ અનિયત ઉદય હોવાથી કોઈપણ એક ગુણસ્થાનકમાં પણ ઉદય, તથા તે ઉદય સંબંધી થતા ભાંગાઓની ચોવિશી બહુ પ્રકારે ભિન્ન ભિન્ન થાય છે.

ત્યાં મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે (૭-૮-૯-૧૦) સાત-આઠ-નવ અને દશનો ઉદય હોય છે. એમ કુલ ચાર ઉદયસ્થાનક હોય છે. ત્યાં મિથ્યાત્વમોહ, અનન્તાનુબંધિ કષાય વિના બાકીના ત્રણ કષાયોની ક્રોધાદિ ત્રણ કર્મપ્રકૃતિઓ, ત્રણ વેદમાંથી કોઈપણ એક વેદ, બે યુગલમાંથી કોઈ પણ એક યુગલ એમ કુલ (૧+૩+૧+૨=૭) સાત કર્મપ્રકૃતિઓનો ઓછામાં ઓછો નિયમા ઉદય હોય છે. આ સાતના ઉદયમાં હાસ્ય-રતિ અને અરતિ શોકના બે યુગલની સાથે ત્રણ વેદ વડે ગુણતાં છ, અને તેને ક્રોધાદિ ચાર કષાયો વડે પરસ્પર ગુણે છતે કુલ ચોવીશ ભાંગા થાય છે. (૨ x ૩ x ૪ = ૨૪) આમ સાતના ઉદયે ૧ ચોવીશી ઉદય ભાંગા થાય છે.

તે સાતમાં ભય અથવા જુગુપ્સા અથવા અનંતાનુબંધી કષાય એમ આ ત્રણ પ્રકૃતિઓમાંથી કોઈપણ એકનો ઉદય અધિક થયે છતે મિથ્યાત્વગુણઠાણે આઠનો ઉદય થાય છે. ત્યાં ભય ઉમેરો ત્યારે એક ચોવિશી, જુગુપ્સા ઉમેરો ત્યારે બીજી ચોવિશી, અને અનંતાનુબંધી કષાય ઉમેરો ત્યારે ત્રીજી ચોવિશી એમ કુલ ત્રણ ચોવિશી ઉદયભાંગા આઠના ઉદયમાં થાય છે.

**પ્રશ્ન :** સાતના ઉદયમાં અને અનંતાનુબંધી રહિત આઠના ઉદયમાં મિથ્યાદષ્ટિ જીવ અનંતાનુબંધીના ઉદય વિનાનો કેમ પ્રાપ્ત થાય ? કારણ કે મિથ્યાત્વમોહનો ઉદય થાય ત્યારે અનંતાનુબંધી કષાયનો ઉદય તો થાય જ છે. તો તેના ઉદય વિનાની ચોવિશી કેમ બને ?

**ઉત્તર :** કોઈક જીવ સમ્યગ્દષ્ટિ હોય ત્યારે અનંતાનુબંધીના ચાર કષાયોની વિસંયોજના કરે. અને ત્યારબાદ દર્શન મોહનીય ત્રણનો ક્ષય કરવા ઉજમાલ ન થાય ત્યાં જ વિશ્રાન્ત થઈ જાય તેવા મોહનીયકર્મની ૨૪ ની સત્તાવાળા જીવને કાળાન્તરે મિથ્યાત્વમોહનો ઉદય થવાથી મિથ્યાત્વ ગુણઠાણે જાય અને ત્યાં ગયેલા જીવને મિથ્યાત્વના ઉદયના કારણે નવો અનંતાનુબંધી કષાય અવશ્ય બાંધાય જ અને તે કષાય સત્તામાં શરૂ થતાં ૨૮ ની સત્તાવાળો જીવ બને પરંતુ જુનો અનંતાનુબંધી કષાય ક્ષીણથયેલો હતો કારણ કે ૨૪ ની જ સત્તા હતી. અને નવો જે અનંતાનુબંધી કષાય બંધાયો છે અને સત્તામાં થયો છે તેનો ઉદય એક બંધ આવલિકા સુધી હોતો નથી. જ્યાં સુધી બંધ કર્યાની એક આવલિકા પસાર થાય નહીં. ત્યાં સુધી તેનો ઉદય થતો નથી. બંધાવલિકા સકલકરણને અયોગ્ય છે તથા ઉદયને માટે અયોગ્ય છે. બંધાવલિકા પસાર થયા પછી અનંતાનુબંધી કષાયનો ઉદય સંભવે પણ છે. તે માટે સાત અને અનંતાનુબંધી રહિત આઠનો ઉદય એક આવલિકા કાળમાં ઘટી શકે છે.

**પ્રશ્ન :** જે નવા અનંતાનુબંધી કષાય બાંધ્યા તેનો જ ઉદય થવાનો છે અને જુના અનંતાનુબંધી તો ૨૪ ની સત્તાવાળો જીવ હોવાથી ક્ષીણ જ થયા છે. તો નવા અનંતાનુબંધી જે બાંધ્યા તેનો જઘન્યથી પણ અંતર્મુહૂર્ત અબાધાકાળ હોવાથી માત્ર બંધની એક આવલિકા ગયા પછી ઉદય થાય છે. આ વાત કેમ સંગત થાય ? કારણ કે જઘન્યથી પણ અંતર્મુહૂર્ત અબાધાકાળ તો હોય જ છે. તેથી એક આવલિકાની વાત બરાબર લાગતી નથી પરંતુ અંતર્મુહૂર્ત પછી તે નવા બંધાયેલા અનંતાનુબંધીનો ઉદય સંભવે છે. તે પહેલાં નહીં. તો માત્ર એક આવલિકા જ કાળ સાત અને આઠનો ઉદય કેમ કહો છો ? અબાધાકાળના એક અંતર્મુહૂર્ત પછી અનંતાનુબંધીનો ઉદય કહેવો જોઈએ ?

**ઉત્તર :** આ દોષ અમને આવતો નથી. કારણ કે જે સમયે જીવ મિથ્યાત્વે જાય છે. તે સમયથી જ અનંતાનુબંધીનો બંધ ચાલું કરે છે. એટલે પ્રથમ સમયથી જ તેની સત્તા શરૂ થાય છે સત્તા હોતે છતે જ્યાં સુધી તે બંધાય છે ત્યાં સુધી તે કષાય પતદ્ગ્રહતાને પણ પામે જ છે. પતદ્ગ્રહતા પામે છતે બાકીના સજાતીય એવા બારે કષાયોની પ્રકૃતિઓના દલિકનો તેમાં સંક્રમ થાય છે. સંક્રમથી આવેલું તે કર્મદલિક પતદ્ગ્રહપ્રકૃતિ રૂપે (અનંતાનુબંધી કષાય રૂપે) પરિણામ પામે છે તેથી સંક્રમથી આવેલા આ દલિકનો એક સંક્રમાવલિકા પસાર ન થાય ત્યાં સુધી ઉદય થતો નથી. પરંતુ સંક્રમાવલિકા સમાપ્ત થયે છતે તે અનંતાનુબંધી ચાર કષાયોનો ઉદય શરૂ થાય છે. તેથી મિથ્યાત્વ મોહનીય જ્યારથી બંધાવાનું શરૂ થયું ત્યારથી જ અનંતાનુબંધીમાં શેષ બાર કષાયોનો સંક્રમ પણ ચાલું થયો છે. તેથી મિથ્યાત્વમોહની જે બંધાવલિકા છે. તે જ અનંતાનુબંધી ચાર કષાયોમાં શેષ બાર કષાયોની સંક્રમાવલિકા છે. આમ હોવાથી બંધાવલિકા પસાર થયે છતે સંક્રમથી આવેલા અને અનંતાનુબંધીરૂપે થયેલા એવા અનંતાનુબંધીનો ઉદય શરૂ થાય છે આમ કહેવામાં કંઈ વિરોધ નથી.

તથા તે જ સાત પ્રકૃતિઓમાં ભય જુગુપ્સા બન્ને સાથે અથવા ભય-અનંતાનુબંધી સાથે, અથવા જુગુપ્સા અનંતાનુબંધી સાથે ઉમેરાયે છતે નવ કર્મપ્રકૃતિઓનો ઉદય થાય છે ત્યાં પણ ઉપરોક્ત ત્રણે વિકલ્પોમાં એક એક વિકલ્પવાર ચોવીશ - ચોવીશ ભાંગા થતા હોવાથી નવના ઉદયમાં પણ કુલ ત્રણ ચોવીશી ભાંગા થાય છે.

તથા તે જ સાત કર્મપ્રકૃતિઓમાં ભય-જુગુપ્સા અને અનંતાનુબંધી ચાર કષાયોમાંથી એક એમ ત્રણેનો પ્રક્ષેપ કરાયે છતે કુલ દશનું ઉદયસ્થાનક બને છે ત્યાં ભાંગાની એક ચોવીશી પ્રાપ્ત થાય છે સર્વ મળીને મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે સાત ના ઉદયે ૧, આઠના ઉદયે ૩, નવના ઉદયે પણ ૩ અને દશના ઉદયે ૧ એમ કુલ આઠ ચોવીશી ઉદયભાંગા મિથ્યાત્વ ગુણઠાણે થાય છે.

હવે સાસ્વાદને તથા મિશ્રગુણસ્થાનકે (૭-૮-૯) સાત આઠ અને નવ એમ ત્રણ ઉદયસ્થાનક હોય છે. ત્યાં અનંતાનુબંધી આદિ ચાર કષાયોના ક્રોધાદિ માનાદિ વિગેરે ચાર કષાયો, ત્રણ વેદમાંથી કોઈ પણ એક વેદ અને બે યુગલમાંથી કોઈ પણ એક યુગલ એમ (૪ + ૧ + ૨ = ૭) આ સાત કર્મપ્રકૃતિઓનો ઉદય સાસ્વાદને અવશ્ય હોય જ છે.

ત્યાં પૂર્વે કહેલી નીતિરીતિ મુજબ એક ચોવિશી ઉદયભાંગા થાય છે. તથા તે જ સાત કર્મપ્રકૃતિઓમાં ભય અથવા જુગુપ્સાનો ઉદય અધિક હોય ત્યારે આઠનો ઉદય થાય છે. ત્યાં ભય સાથે એક અને જુગુપ્સા સાથે એક એમ બે ચોવિશી ઉદયભાંગા થાય છે તથા ભય અને જુગુપ્સા બન્ને સાથે પ્રક્ષિપ્ત કરે છતે નવનું ઉદયસ્થાન થાય છે ત્યાં પણ એક ચોવિશી ઉદયભાંગા થાય છે સર્વ મળીને સાસ્વાદન ગુણઠાણે ચાર ચોવિશી એટલે કે (૯૬) છન્નુ ઉદયભાંગા થાય છે.

તથા મિશ્રગુણકથાનકે અનન્તાનુબંધી કષાય વિના શેષ ત્રણ કષાયોના ક્રોધાદિ ત્રણ કષાયો, ત્રણ વેદમાંથી કોઈ પણ એક વેદ, અને બે યુગલમાંથી કોઈ પણ એક યુગલ તથા મિશ્રમોહનીય એમ કુલ સાતનો ઉદય અવશ્ય હોય જ છે. ત્યાં ક્રોધાદિ ચાર કષાયો ત્રણ વેદ અને બે યુગલના સંચારણથી પૂર્વે કહેલી નીતિ રીતિ મુજબ એક ચોવિશી ઉદયભાંગા થાય છે. તે સાતમાં ભય ઉમેરીએ તો આઠનો ઉદય થાય છે અને ભયને બદલે જુગુપ્સાનો ઉદય લઈએ તો પણ આઠનો ઉદય થાય છે. બન્ને સ્થાને એક એક ચોવિશી ઉદયભાંગા થાય છે એમ આઠના ઉદયમાં કુલ બે ચોવિશી ઉદયભાંગા થાય છે.

તથા ભય અને જુગુપ્સા બન્ને સાથે ભેળવીએ ત્યારે નવનો ઉદય થાય છે ત્યાં પૂર્વે કહેલી નીતિ રીતિ મુજબ એક ચોવિશી ઉદય ભાંગા થાય છે. સર્વ મળીને મિશ્રગહુણઠાણે કુલ ચાર ચોવિશી (૧+૨+૧=૪) ઉદયભાંગા થાય છે.

તથા ચોથા અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે (૬-૭-૮-૯) છ, સાત, આઠ, અને નવ એમ કુલ ચાર ઉદયસ્થાનક હોય છે. ત્યાં ઔપશમિક સમ્યગ્દષ્ટિ અથવા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને અનંતાનુબંધી કષાય વિના બાકીના ત્રણ કષાયના ક્રોધાદિ ત્રણ કષાયો, ત્રણ વેદમાંથી એક વેદ, અને બે યુગલમાંથી એક યુગલ એમ (૩+૧+૨=૬) છ નો ઉદય ઓછામાં ઓછો અવશ્ય હોય છે. ત્યાં એક ચોવિશી ઉદયભાંગા થાય છે.

તથા આ છ માં ભય - જુગુપ્સા અને સમ્યક્ત્વ મોહનીય આ ત્રણ માંથી કોઈ પણ એકનો ઉદય ઉમેરીએ તો સાતનું ઉદયસ્થાનક થાય છે ત્યાં ભય સાથે એક ચોવિશી, જુગુપ્સા સાથે એક ચોવિશી અને સમ્યક્ત્વ મોહનીય સાથે એક ચોવિશી એમ કુલ ત્રણ ચોવિશી ઉદયભાંગા થાય છે.

તથા તે છ ના ઉદયમાં ભય અને જુગુપ્સા બન્નેનો ઉદય સાથે વિચારતાં, અથવા ભય અને સમ્યક્ત્વ મોહનીય એમ બેનો ઉદય સાથે વિચારતાં તથા જુગુપ્સા અને સમ્યક્ત્વ મોહનીય એમ બેનો ઉદય સાથે વિચારતાં એમ કુલ ત્રણ રીતે આઠનો ઉદય થાય છે ત્યાં ત્રણે સ્થાને એક એક ચોવિશી પ્રમાણ ઉદયભાંગા થતા હોવાથી આઠના ઉદયે પણ કુલ ત્રણ ચોવિશી ઉદયભાંગા થાય છે.

તથા આ ત્રણેનો સાથે ઉદય વિચારતાં નવનું ઉદયસ્થાનક થાય છે. ત્યાં પૂર્વોક્ત નીતિમુજબ એક ચોવિશી ઉદયભાંગા થાય છે સર્વ મળીને અવિરતસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે (૧+૩+૩+૧=૮) કુલ આઠ ચોવિશી ઉદયભાંગા થાય છે.

દેશવિરતિ નામના પાંચમા ગુણસ્થાનકે (૫-૬-૭-૮) પાંચ-છ-સાત-અને આઠ એમ કુલ ચાર ઉદયસ્થાનક હોય છે. ત્યાં ઔપશમિક સમ્યગ્દષ્ટિ તથા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવને દેશવિરતિ ગુણઠાણે ત્રીજા અને ચોથા કષાયના ક્રોધાદિ બે કષાયો, ત્રણ વેદમાંથી એક વેદ, અને બે યુગલમાંથી એક યુગલ એમ કુલ પાંચ પ્રકૃતિઓનો ઉદય તો અવશ્ય હોય જ છે. ત્યાં એક ચોવિશી ઉદયભાંગા થાય છે. તે પાંચમાં ભય - જુગુપ્સા અને સમ્યક્ત્વમોહનીય આ ત્રણમાંથી કોઈ પણ એકનો ઉદય અધિક હોય ત્યારે છ નું ઉદયસ્થાનક થાય છે. ત્યાં એક એક ચોવિશી ઉદયભાંગા થાય છે છના ઉદયમાં કુલ ત્રણ ચોવિશી ઉદયભાંગા થાય છે.

તથા ભય જુગુપ્સા અને સમ્યક્ત્વમોહનીય આ ત્રણમાંથી કોઈ પણ બેનો ઉદય અધિક ગણતાં સાતનો ઉદય થાય છે ત્યાં પણ ત્રણ ચોવિશી ઉદયભાંગા થાય છે. અને આ ત્રણેનો સાથે ઉદય વિચારતાં આઠનું ઉદયસ્થાનક થાય છે ત્યાં એક ચોવિશી ઉદયભાંગા હોય છે. સર્વ મળીને દેશવિરતિ ગુણઠાણે ૫-૬-૭-૮ એમ ચાર ઉદયસ્થાનક તથા તેના અનુક્રમે ૧+૩+૩+૧=૮ કુલ આઠ ચોવિશી ઉદયભાંગા થાય છે.

હવે પ્રમત્ત સંયત નામના છઠ્ઠા ગુણઠાણે (૪-૫-૬-૭) ચાર-પાંચ-છ અને સાતનો ઉદય એમ કુલ ચાર ઉદયસ્થાનક હોય છે. ત્યાં સંજ્વલન ક્રોધાદિ ચાર કષાયોમાંથી ૧ કષાય, ત્રણ વેદમાંથી એક વેદ, અને બે યુગલમાંથી એક યુગલ એમ કુલ ચારનો ઉદય તો અવશ્ય હોય જ છે. ત્યાં એક ચોવિશી ઉદય ભાંગા થાય છે તે ચારમાં ભય - જુગુપ્સા અને સમ્યક્ત્વમોહનીય આ ત્રણમાંથી કોઈપણ એકનો ઉદય ઉમેરતાં પાંચનું ઉદયસ્થાનક થાય છે ત્યાં ત્રણ ચોવિશી ઉદયભાંગા થાય છે અને ગમે તે બે પ્રકૃતિનો ઉદય ઉમેરતાં છનું ઉદયસ્થાનક થાય છે. ત્યાં પણ ત્રણ ચોવીશી ઉદયભાંગા થાય છે તથા ભય-જુગુપ્સા

અને સમ્યક્ત્વમોહનીય આ ત્રણેનો ઉદય ઉમેરતાં સાતનું ઉદયસ્થાનક થાય છે ત્યાં એક ચોવીશી ઉદયભાંગા થાય છે સર્વ મળીને છઠ્ઠે ગુણઠાણે કુલ આઠ ચોવિશી ઉદયભાંગા થાય છે.

આ જ પ્રમાણે અપ્રમત્ત ગુણઠાણે પણ (૪-૫-૬-૭ એમ કુલ) ચાર ઉદયસ્થાનક અને ૧ + ૩ + ૩ + ૧ = ૮ કુલ આઠ ચોવિશી ઉદયભાંગા થાય છે.

હવે અપૂર્વકરણ નામના આઠમા ગુણઠાણે ક્ષાયોપશમિક સમ્યક્ત્વી જીવ ન હોવાથી સમ્યક્ત્વમોહનીયનો ઉદય સંભવતો નથી. તેથી (૪ - ૫ - ૬) એમ ત્રણ ઉદયસ્થાનક અને (૧-૨-૧) કુલ ચાર ચોવિશી ઉદયભાંગા હોય છે અને તે ઉદયભાંગા ઔપશમિક સમ્યગ્દષ્ટિ અને ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવોને જ હોય છે અપૂર્વકરણ ગુણઠાણે સર્વ મળીને ચાર ચોવિશી ઉદયભાંગા જાણવા.

અહીં એક વાત ખાસ ધ્યાનમાં રાખવી કે અપ્રમત્ત ગુણઠાણે તથા અપૂર્વકરણ ગુણઠાણે જે ૮ અને ૪ ચોવિશી તથા ઉદયભાંગા કહ્યા. તે પ્રમત્ત નામના છઠ્ઠા ગુણસ્થાકની ૮ ચોવિશી અને તેના ઉદયભાંગાથી ગુણસ્થાનકના ભેદ માત્રથી જ ભિન્ન છે. પરમાર્થથી ભિન્ન નથી. તે કારણથી પ્રમત્તના ઉદયસ્થાનકના ગ્રહણ વડે જ ગૃહીત થઈ ચુક્યા છે ભિન્ન ગણાતા નથી. આ જ કારણથી આગળ ઉપર પણ તે બન્ને ગુણસ્થાનકોમાં ચોવિશીઓ ભિન્ન ભિન્ન ગણાતી નથી. પ્રકૃતિઓમાં કોઈ ફેરફાર નથી તે માટે.

હવે દશ પ્રકૃતિના ઉદયસ્થાનક વિગેરેમાં જેટલી જેટલી ચોવિશીઓ થઈ તેટલી ચોવિશીઓ દર્શાવાય છે. ત્યાં દશના ઉદયે એક ચોવિશી થાય છે. અને તે મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે જાણવી.

નવના ઉદયમાં છ ચોવિશી થાય છે ત્યાં ત્રણ ચોવિશી મિથ્યાત્વે થાય છે. તથા સાસ્વાદને, મિશ્રે, અને અવિરતસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે એક એક એમ કુલ (૩ + ૧ + ૧ + ૧ = ૬) છ ચોવીશી થાય છે.

આઠના ઉદયે અગિયાર ચોવિશી થાય છે તે આ પ્રમાણે ત્રણ ચોવિશી મિથ્યાદષ્ટિ ગુણઠાણે, બે સાસ્વાદને, બે મિશ્રે, ત્રણ અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે અને એક દેશવિરતિ ગુણઠાણે કુલ (૩ + ૨ + ૨ + ૩ + ૧ = ૧૧) અગિયાર ચોવિશી થાય છે.

સાતના ઉદયે દશ ચોવિશી થાય છે. મિથ્યાદષ્ટિ ગુણઠાણે, સાસ્વાદન ગુણઠાણે, મિશ્રદષ્ટિ ગુણઠાણે, અને પ્રમત્તસંયત ગુણઠાણે એક એક ચોવિશી થાય છે. અવિરત

સમ્યગ્દષ્ટિ ગુણઠાણે અને દેશવિરતિ ગુણઠાણે ત્રણ ત્રણ ચોવિશી થાય છે એમ કુલ (૧ + ૧ + ૧ + ૩ + ૩ + ૧ = ૧૦) દસ ચોવિશી ઉદય ભાંગા થાય છે.

છના ઉદયે સાત ચોવિશી થાય છે. તે આ પ્રમાણે :- અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે એક, દેશવિરતિ ગુણઠાણે ત્રણ અને પ્રમત્ત ગુણઠાણે ત્રણ, કુલ સાત ચોવિશી ઉદયભાંગા થાય છે.

પાંચના ઉદયે ચાર ચોવિશી થાય છે. ત્યાં દેશવિરતિ ગુણઠાણે એક ચોવિશી, અને પ્રમત્ત ગુણઠાણે ત્રણ ચોવિશી એમ કુલ ચાર ચોવિશી ઉદયભાંગા થાય છે તથા ચારના ઉદયે એક ચોવિશી ઉદયભાંગા થાય છે અને તે પ્રમત્ત ગુણઠાણે થાય છે સર્વ મળીને (૧ + ૬ + ૧૧ + ૧૦ + ૭ + ૪ + ૧ = ૪૦) ચાલીશ ચોવિશી ઉદયભાંગા ગુણસ્થાનક પ્રમાણે થાય છે તે ચાલીશને ચોવિશ વડે ગુણાય છે (૪૦ X ૨૪ = ૯૬૦) આ પ્રમાણે ચાલીસ ચોવીશીના કુલ નવસોહ સાએઠ ઉદયભાંગા થાય છે.

તથા પાંચ વિગેરે બાકીનાં (પાંચનું, ચારનું, ત્રણનું, બેનું અને એકનું) એમ નવમા ગુણઠાણે સંભવતાં પાંચ બંધસ્થાનકોમાં અનુક્રમે (૧૨+૪+૩+૨+૧=૨૨) બાર, ચાર, ત્રણ, બે અને એક એમ કુલ બાવીસ ઉદયભાંગા થાય છે તે બાવીશ ઉદયભાંગા આ પ્રમાણે છે.

પાંચ પ્રકૃતિઓનો જ્યારે બંધકાલ ચાલે છે ત્યારે નવમા ગુણ ઠાણાના પ્રથમ ભાગે બે પ્રકૃતિઓનો ઉદય હોય છે ચાર સંજ્વલન કષાયોમાંથી કોઈ પણ એક સંજ્વલન કષાય, તથા ત્રણ વેદોમાંથી કોઈ પણ એક વેદ, તેના કારણે ચારની સાથે ત્રણને ગુણે છતે બેના ઉદયે બાર ઉદયભાંગા થાય છે.

તથા એકના ઉદયના કુલ (૧૦) દશ ઉદયભાંગા થાય છે ત્યાં ચારના બંધે ક્રોધાદિ ચાર કષાયના ચાર ભાંગા, ત્રણના બંધે સંજ્વલન માન માયા અને લોભના વારાફરતી ઉદયના કારણે ત્રણ ભાંગા, બેના બંધે સંજ્વલન માયા અને લોભના ઉદયના બે ભાંગા, અને એકના બંધે સંજ્વલન લોભના ઉદયનો એક બાંગો એમ કુલ એકના ઉદયે (૪-૩-૨-૧=૧૦) દશ ઉદય ભાંગા થાય છે તેનું વધારે સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે.

ચારના બંધે એકનો ઉદય છે. કારણ કે પુરુષવેદનો બંધવિચ્છેદ થાય ત્યારે ચારનો બંધ શરૂ થાય છે અને પુરુષવેદના બંધ અને ઉદય બન્ને સાથે જ વિચ્છેદ પામે છે. તેથી બંધ જેમ પાંચમાંથી ચારનો થાય છે. તેમ ઉદય બેમાંથી એકનો થાય છે અને તે ચાર પ્રકારના સંજ્વલન કષાયોમાંથી કોઈપણ એક કષાયનો ઉદય હોવાથી કુલ ચાર ભાંગા થાય છે કારણ કે કોઈક જીવ ઉદયમાં આવેલા સંજ્વલન ક્રોધપૂર્વક શ્રેણિ માંડે છે એવી જ રીતે

બીજો કોઈ જીવ સંજ્વલન માનના ઉદયે શ્રેણિ માંડે છે. ત્રીજો કોઈ જીવ સંજ્વલન માયાના ઉદયે શ્રેણિ માંડે છે. અને ચોથો કોઈક જીવ સંજ્વલન લોભના ઉદયે શ્રેણિ પ્રારંભે છે આ રીતે ચારના બંધે એકના ઉદયે એકના ઉદયના કુલ ચાર ભાંગા થાય છે.

સંજ્વલન ક્રોધનો બંધ વિચ્છેદ થયે છતે નવમા ગુણઠાણાના ત્રીજા ભાગે ત્રણનો બંધ શરૂ થાય છે ત્યાં પણ ઉદય એકનો જ હોય છે ત્યાં સંજ્વલન ક્રોધને વર્જીને શેષ ત્રણ કષાયોમાંથી કોઈપણ એક એક કષાયનો ઉદય હોવાથી ત્રણ ભાંગા થાય છે.

જ્યારે સંજ્વલન માનનો બંધ વિચ્છેદ થાય છે ત્યારે નવમા ગુણઠાણાના ચોથા ભાગે બેનો બંધ થાય છે ત્યાં પણ ઉદય એકનો જ હોય છે અને સંજ્વલન માયા અથવા લોભમાંથી કોઈપણ એક કષાયનો ઉદય હોવાથી બે બાંગા થાય છે.

જ્યારે સંજ્વલન માયાનો બંધ વિચ્છેદ થાય છે ત્યારે નવમા ગુણઠાણાના પાંચમા ભાગે એકનો બંધ થાય છે. ત્યાં સંજ્વલન લોભ માત્રનો જ ઉદય હોવાથી એકનો ઉદય હોય છે અને એક જ ભાંગો હોય છે. અહીં પાંચ-ચાર-ત્રણ-બે અને એકના બંધકાલે જો કે સંજ્વલન કષાયોના ઉદયને આશ્રયી કોઈ વિશેષતા નથી. કારણ કે ક્રોધાદિ ચાર કષાયોનો જ ઉદય છે. તો પણ બંધસ્થાનકની અપેક્ષાએ ભેદ છે જ, તેથી ભાંગા પૃથક્ પૃથક્ ગણાય છે.

પ્રમત્ત-અપ્રમત્ત અને અપૂર્વકરણ ગુણસ્થાનકોમાં બંધ સ્થાનકની અપેક્ષાએ કોઈ પણ જાતનો ભેદ નથી. સમાનપણે ત્રણે ગુણઠાણામાં નવનો જ બંધ છે તેથી તેના ભાંગા જુદા જુદા ગણાતા નથી.

તથા સૂક્ષ્મસંપરાય ગુણઠાણે મોહનીય કર્મનો બંધ ન હોવા છતાં પણ એક સંજ્વલન લોભનો ઉદય છે. તેથી તેનો એક ભાંગો ભિન્ન પણે ગણાય છે.

સર્વ સંખ્યા મળીને નવમા-દસમા ગુણઠાણાના આ ઉદયભાંગા (૧૨+૪+૩+૨+૧+૧ = ૨૩) ત્રેવીશ થાય છે. નવમા ગુણઠાણે બાવીશ અને દસમા ગુણઠાણે એક એમ બન્ને મળીને ત્રેવીસ ઉદયભાંગા અધિક થાય છે આ ૨૩ ઉદયભાંગા પૂર્વે કહેલા ૯૬૦ ઉદયભાંગામાં સાથે ગણતાં મોહનીય કર્મના કુલ ઉદયભાંગા (૯૮૩) નવસોહ ત્યાસી થાય છે.

આ વિષયમાં એક મતાન્તર પણ છે. તે જણાવે છે કે કેટલાક આચાર્યો ચારના બંધે પણ પ્રારંભમાં વેદનો ઉદય હોય છે એમ માને છે તેથી તેમના મતે ચારના બંધે પણ પ્રારંભના કાળમાં બેનો ઉદય અને તેના બાર ઉદય ભાંગા ઘટે છે. પહેલાં પાંચના બંધે બાર ભાંગા સમજાવ્યા હતા અને આ મતાન્તરે ચારના બંધે પ્રારંભમાં બાર ભાંગા થાય છે આમ બન્ધનો ભેદ હોવાથી આ બન્ને બાર-બાર ભાંગા ભિન્ન ભિન્ન ગણાય છે તે કારણથી

અન્ય આચાર્યોના મતે ચારના બંધે બેના ઉદયના પણ ૧૨ ભાંગા થાય છે પાંચનો બંધ અને ચારનો બંધ ભિન્ન ભિન્ન હોવાથી આ ભાંગા જુદા જુદા ગણ્યા છે તેથી નવસોહ અને પંચાણુ ઉદયભાંગા થાય છે.

જો બન્ધના ભેદથી ઉદયભાંગાનો ભેદ ન વિચારીએ તો પાંચના બંધે અને ચારના બંધે જે બેના ઉદયના બાર-બાર ભાંગા થાય છે તે એક જ સ્વરૂપવાળા હોવાથી ભિન્ન ભિન્ન ન ગણીએ તો ચારના બંધે બેના ઉદયના બાર અને એકના ઉદયના ચાર ભાંગા એમ કુલ સોળ ભાંગા જ થાય છે. તે પૂર્વે કહેલા ૯૬૦ ની રાશિમાં ઉમેરાય છે. જેથી નવસોહ છોંતેર ઉદયભાંગા થાય છે આવો અન્ય આચાર્યોના આ મત પ્રમાણે ઉદયભાંગાની સંખ્યા ભિન્ન ભિન્ન થાય છે.

હવે મોહનીયકર્મનાં આ ઉદયસ્થાનકો ગુણસ્થાનકોમાં વિચારાય છે. ત્યાં મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે, તથા અવિરત સમ્યગ્ દૃષ્ટિ ગુણસ્થાનકે તથા દેશવિરતિ, પ્રમત્ત અને અપ્રમત્ત નામના ગુણસ્થાનકે આઠ-આઠ ચોવિશીઓ થાય છે. સાસ્વાદન, મિશ્ર તથા અપૂર્વકરણ આ ત્રણ ગુણસ્થાનકે ચાર ચાર ચોવિશીઓ થાય છે. આ ચોવિશિઓ પહેલાં સમજાવવામાં આવી છે. તેથી ફરીથી તેનો વિસ્તાર કરાતો નથી. સર્વ સંખ્યાએ મળીએ કુલ બાવન ચોવિશીઓ થાય છે. (૧-૪-૫-૬-અને ૭ ગુણસ્થાનકમાં એમ પાંચ ગુણસ્થાનકે આઠ આઠ ૫ X ૮ = ૪૦ ચોવિશીઓ તથા ૨-૩-૮ આ ત્રણ ગુણસ્થાનકે ચાર ચાર એમ ૩ X ૪ = ૧૨ બન્ને મળીને કુલ ૫૨ ચોવિશીઓ થાય છે). તે બાવનને ચોવિશે ગુણતાં ૫૨ X ૨૪ = ૧૨૪૮ બારસોહ અડતાલીસ ઉદય ભાંગા થાય છે.

અનિવૃત્તિ બાદર સંપરાય નામના નવમા ગુણસ્થાનકે પાંચના બંધે બાર અને ચાર આદિ શેષ બન્ધસ્થાનકોમાં ચાર મળીને કુલ (૧૬) સોળ ઉદયભાંગા થાય છે તથા સૂક્ષ્મસંપરાયે અબંધાવસ્થામાં એક એમ મળીને કુલ ૧૨ + ૪ + ૧ = ૧૭ સત્તર ઉદયભાંગા વધારે થાય છે.

તે કારણથી સર્વ સંખ્યાએ મળીને ગુણસ્થાનકને આશ્રયી મોહનીયકર્મના ઉદયભાંગા (૧૨૪૮ + ૧૬ + ૧ = ૧૨૬૫) બારસોહ અને પાંસઠ થાય છે.

ઉદય અને ઉદીરણા લગભગ તુલ્ય હોવાથી ઉદયની જેમ ઉદીરણામાં પણ ઉદયસ્થાનક અને ઉદયગત ચોવિશીઓ તથા ઉદયભાંગા જાણવા. કારણ કે લગભગ ઉદય અને ઉદીરણા સાથે જ વર્તતાં હોય છે જો કે વેદના ઉદયમાં અને સંજ્વલન ક્રોધાદિના ઉદયમાં નવમા ગુણઠાણે છેલ્લી છેલ્લી આવલિકામાં ઉદીરણા હોતી નથી. કેવલ એકલો ઉદય જ હોય છે.

તો પણ શેષકાલમાં લગભગ ઉદય ઉદીરણા સાથે જ હોય છે તેથી ભાંગાની સંખ્યામાં ખાસ ફરક પડતો નથી. માટે સમાનપણે જાણવા.

મોહનીયકર્મનાં એકથી દશ સુધીનાં ઉદયસ્થાનકોનો તથા તેની અંદર થતા બારસોહ પાંસઠ ઉદયભાંગાઓનો કાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સમજવો. કારણ કે ચારથી દશ સુધીનાં ઉદયસ્થાનકોમાં કોઈપણ એક વેદ અને કોઈ પણ એક યુગલ તથા ક્રોધાદિમાંથી કોઈપણ કષાયવિશેષ ઉદયમાં છે અને આ વેદ તથા યુગલમાં (તથા કષાયોમાં) અવશ્ય એક અંતર્મુહૂર્તથી આગળ પરાવૃત્તિ થાય જ છે. એટલે આ કાળ ઘટી શકે છે. પંચસંગ્રહની મૂલટીકામાં કહ્યું છે કે "युगलेन वेदेन वाऽवश्यं मुहूर्तादारतः परावर्तितव्यम्" -યુગલથી અથવા વેદથી અવશ્ય અંતર્મુહૂર્તથી આગળ ઉદયને આશ્રયી પરાવર્તન થાય જ છે તે કારણથી આ તમામ ઉદયભાંગા અંતર્મુહૂર્ત માત્ર કાળવાળા જાણવા.

બેના ઉદયના બાર ભાંગા તથા એકના ઉદયના ૪+૧ કુલ પાંચ ભાગા એમ સત્તર ભાંગાનો કાળ તો અંતર્મુહૂર્ત માત્ર જ છે આ વાત સુપ્રસિદ્ધ છે. ઉપરોક્ત સર્વ ભાંગાઓમાં જઘન્યથી એક સમયનો કાળ આ રીતે સંભવે છે :-

વિવક્ષિત એવા કોઈ પણ ઉદયસ્થાનકમાં કે તેના ઉદયભાંગામાં કોઇ જીવ દાખલ થઈને ત્યાં એક સમયમાત્ર રહીને અન્ય ગુણસ્થાનકે જાય અથવા ઉદયગત પ્રકૃતિઓના ઉદયનો ફેરફાર થાય ત્યારે બન્ધસ્થાનકનો ભેદ થવાથી અથવા ગુણસ્થાનક બદલાઈ જવાથી, અથવા સ્વરૂપથી જ ભિન્ન એવા અન્ય નવા ઉદયસ્થાનકે આરૂઢ થાય ત્યારે અથવા તેના તે જ ઉદયસ્થાનકના અન્ય અન્ય ભાંગામાં આરૂઢ થાય ત્યારે વિવક્ષિત એક ઉદયસ્થાનકમાં કે ઉદયભાંગામાં આ જીવ એક સમયમાત્ર પણ વર્તે છે તેથી જઘન્યથી એક સમયનો કાળ સારી રીતે ઘટી શકે છે.

આ પ્રમાણે મોહનીયકર્મનાં ઉદયસ્થાનકો તથા તેના ઉદયભાંગા વિગેરે સમજાવ્યું હવે મોહનીય કર્મનાં સત્તાસ્થાનકો સમજાવાય છે.

મોહનીયકર્મનાં સત્તાસ્થાનકો કુલ (૧૫) પન્નર છે. તે આ પ્રમાણે જાણવાં. (૨૮-૨૭-૨૬-૨૪-૨૩-૨૨-૨૧-૧૩-૧૨-૧૧-૫-૪-૩-૨ અને ૧ એમ કુલ ૧૫ સત્તાસ્થાનક છે). અઠ્યાવીસ-સત્તાવીસ-છવ્વીસ-ચોવીશ-ત્રેવીસ-બાવીસ-એકવીસ-તેર-બાર-અગિયાર-પાંચ-ચાર-ત્રણ-બે અને એક એમ કુલ પન્નર સત્તાસ્થાનકો છે.

આ પન્નરે સત્તાસ્થાનકોનું સ્વરૂપ ચૌદ ગુણસ્થાનોમાં વિચારાય છે. (૧) અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકથી આરંભીને અપ્રમત્ત ગુણસ્થાનક સુધીના જીવોમાં અનંતાનુબંધી ચાર કષાય, મિથ્યાત્વ, મિશ્ર, અને સમ્યક્ત્વ મોહનીય એમ આ સાત કર્મપ્રકૃતિઓનો ક્ષય કરીને ક્ષાયિક સમ્યક્ત્વ પામનારા જીવો હોય છે. તેથી જ્યાં સુધી આ સત્તાનો ક્ષય ન થાય ત્યાં સુધી કેટલોક કાળ આ સાતની સત્તા હોય છે. ત્યાર પછી આ સાતની સત્તા સંભવતી નથી.

(૨) તથા અનિવૃત્તિ બાદર સંપરાય નામના નવમા ગુણઠાણે વર્તતો જીવ સૌથી પ્રથમ એકીસાથે મધ્યમ આઠ કષાયોનો ક્ષય કરે છે ત્યારબાદ નપુંસકવેદ, ત્યારબાદ સ્ત્રીવેદ, ત્યારબાદ હાસ્યાદિ ષટ્ક, ત્યારબાદ પુરુષવેદ, ત્યારબાદ અનુક્રમે સંજ્વલન ક્રોધ-માન અને માયા સ્વરૂપ ત્રણ કષાયોનો ક્ષય કરે છે. તેની પછી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે સૂક્ષ્મ એવા કિટ્ટીકૃત લોભનો પણ ક્ષય કરે છે.

આ પ્રમાણે મોહનીયકર્મની પ્રકૃતિઓની સત્તા નાશ થતી હોવાથી નાશના અનુક્રમ પ્રમાણે (૨૪) ચોવીશ આદિ સત્તાસ્થાનો ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં અને ક્ષપકશ્રેણિમાં પ્રાપ્ત થાય છે.

તથા ૨૮-૨૭-૨૬ આ ત્રણ સત્તાસ્થાનો ક્ષપકશ્રેણિ વિના બીજી રીતે પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે :- મિથ્યાત્વગુણઠાણે સર્વ પ્રકૃતિઓની સત્તા હોતે છતે ૨૮ ની સત્તા હોય છે. તેમાંથી સમ્યક્ત્વમોહનીય કર્મની ઉદ્વલના કરાયે છતે ૨૭ ની સત્તા હોય છે તેમાંથી મિશ્ર મોહનીયની ઉદ્વલના કરાયે છતે ૨૬ ની સત્તા હોય છે અથવા અનાદિમિથ્યાદષ્ટિ જીવને પણ છવ્વીસની સત્તા હોય છે.

હવે ચૌદ ગુણસ્થાનકોમાં સત્તાસ્થાનકોનો વિચાર કરાય છે (૧) સૌથી પ્રથમ મિથ્યાદષ્ટિ ગુણઠાણે ત્રણ સત્તાસ્થાનો હોય છે. ૨૮-૨૭-૨૬, કારણ કે સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને પતન પામેલા મિથ્યાદષ્ટિને ૨૮ ની સત્તા હોય છે તેમાંથી સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વલના કરનારને ૨૭ ની અને મિશ્ર મોહનીયની પણ ઉદ્વલના કરનારા જીવને તથા અનાદિ મિથ્યાત્વી જીવને ૨૬ ની સત્તા હોય છે.

(૨) સાસ્વાદન ગુણઠાણે નિયમા ૨૮ ની જ સત્તા હોય છે કારણ કે જે ૨૮ ની સત્તાવાળો ઔપશમિક સમ્યક્ત્વી જીવ હોય છે તેને જ પડતાં સાસ્વાદન આવે છે. આ કારણે જ્યારે સાસ્વાદન આવે ત્યારે ૨૮ ની જ સત્તા હોય છે.

(૩) ત્રીજા મિશ્ર ગુણઠાણે (૨૮-૨૭-૨૪) અઠ્યાવીસ, સત્તાવીસ, અને ચોવીસ એમ ત્રણ સત્તાસ્થાનક હોય છે ત્યાં ૨૮ ની સત્તાવાળા ઔપશમિક સમ્યક્ત્વીને મિશ્રમોહનીયનો ઉદય થતાં ત્રીજા ગુણઠાણે આવતાં ૨૮ ની સત્તા હોય છે અનંતાનુબંધી ચાર કષાયોની જે જીવે વિસંયોજના કરી લીધી છે તેવા ચોવીસની સત્તાવાળા જીવને મિશ્ર મોહનો ઉદય થતાં ત્રીજુ ગુણસ્થાનક આવતાં ત્રીજે ગુણઠાણે ૨૪ ની સત્તા હોય છે. તથા જે જીવે મિથ્યાત્વ ગુણઠાણે જઈને સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના સમાપ્ત કરી છે તેવા જીવને મિશ્ર મોહનો ઉદય થતાં મિશ્રગુણઠાણે ૨૭ ની સત્તા હોય છે એમ મિશ્ર ગુણઠાણે કુલ ૨૮-૨૭-૨૪ એમ (૩) ત્રણ સત્તાસ્થાનો હોય છે. (૪-૫-૬-૭) ચોથા-પાંચમા-છઠ્ઠા અને સાતમા ગુણઠાણે વર્તતા જીવોને દરેકને (૨૮-૨૪-૨૩-૨૨-૨૧) અઠ્યાવીસ-ચોવીસ-ત્રેવીસ-બાવીસ અને એકવીસ એમ કુલ પાંચ સત્તાસ્થાનો હોય છે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતા એવા ક્ષાયોપશમિક સમ્યક્ત્વી જીવને ઉપરોક્ત પાંચમાંથી પ્રથમનાં ચાર સત્તાસ્થાનો આવી શકે છે અને ક્ષાયિક સમ્યક્ત્વીને ૨૧નું સત્તા સ્થાનક હોય છે.

(૮) આઠમા અપૂર્વકરણ ગુણઠાણે (૨૮-૨૪-૨૧) અઠ્યાવીસ, ચોવીસ અને એકવીસ એમ કુલ ત્રણ સત્તાસ્થાનો હોય છે. ઔપશમિક સમ્યક્ત્વીને અઠ્યાવીસ, અનંતાનુબંધી ચાર કષાયોના વિસંયોજકને ચોવીસ, અને ક્ષાયિક સમ્યક્ત્વીને એકવીસની સત્તા જાણવી.

(૯) નવમા અનિવૃત્તિ બાદર સંપરાય ગુણઠાણે (૧૧) અગિયાર સત્તાસ્થાનક હોય છે. ૨૮-૨૪-૨૧-૧૩-૧૨-૧૧-૫-૪-૩-૨-૧ એમ કુલ અગિયાર સત્તાસ્થાનક જાણવાં તે ઉપસમશ્રેણિ તથા ક્ષપકશ્રેણિને આશ્રયી સમજવાં.

(૧૦) દશમા સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકે (૨૮-૨૪-૨૧-૧) એમ કુલ ચાર સત્તાસ્થાનકો હોય છે. ત્યાં પ્રથમનાં ત્રણ ઉપસમશ્રેણિમાં અને એકનું સત્તાસ્થાન ક્ષપકશ્રેણિમાં હોય છે.

(૧૧) અગિયારમા ઉપશાન્તમોહ વીતરાગ છદ્મસ્થ ગુણઠાણે (૩) ત્રણ સત્તસ્થાનકો હોય છે. ૨૮-૨૪-૨૧ અઠ્ઠવીસ-ચોવીશ અને એકવીશ.

આ પ્રમાણે મોહનીય કર્મનાં સત્તાસ્થાનકો વિસ્તારથી સમજાવ્યાં.

હવે મોહનીયકર્મનો બંધસ્થાનક-ઉદયસ્થાનક અને સત્તાસ્થાનકનો સંવેધ વિચારાય છે.

ત્યાં મિથ્યાદષ્ટિ જીવને બાવીસના બન્ધે ૭-૮-૯-૧૦ એમ કુલ ચાર ઉદયસ્થાનકો છે ત્યાં સાતના ઉદયે અઠ્યાવીસનું એક જ સત્તાસ્થાનક હોય છે. અહીં કદાચ આવો પ્રશ્ન

થાય કે સાતના ઉદયે એક અઠ્યાવીસનું જ સત્તા સ્થાનક હોય છે આ વાત કેમ સમજાય? તો આવા પ્રશ્નનો ઉત્તર આપતાં ગુરુજી જણાવે છે કે :- મિથ્યાત્વ ગુણઠાણે આ સાતનો ઉદય અનંતાનુબંધી ચાર કષાયરહિત હોય છે અને અનંતાનુબંધી ચાર કષાયોના ઉદયથી રહિત એવા મિથ્યાદૃષ્ટિ જીવને અવશ્ય અઠ્યાવીસની જ સત્તા હોય છે કારણ કે પૂર્વકાલમાં સમ્યક્ત્વ હોય ત્યારે જે સમ્યગ્દૃષ્ટિ જીવ વડે અનંતાનુબંધી ચાર કષાયોની ઉદ્વલના કરાયેલી હોય છે ત્યારબાદ પરિણામ બદલાવાથી તે જીવ મિથ્યાત્વે જાય છે મિથ્યાત્વે ગયો છતો તે જીવ મિથ્યાત્વના નિમિત્તે ફરીથી અનંતાનુબંધી ચાર કષાયો બાંધે છે ત્યારે અઠ્યાવીસની સત્તા વાળા થયેલા આ જીવને બન્ધાવલિકાના કાળ સુધી જ માત્ર અનંતાનુબંધીનો ઉદય થતો નથી. તેના વિના સર્વ જીવોને મિથ્યાત્વે અવશ્ય અનંતાનુબંધીનો ઉદય હોય છે. જ્યારે આ સાતનો ઉદય છે ત્યારે સત્તા અઠ્યાવીસની જ છે તેથી સાતના ઉદયે એક અઠ્યાવીસનું જ સત્તાસ્થાન ઘટે છે.

શેષ આઠ-નવ અને દશના ઉદયકાળે નિયમા અઠ્યાવીસ સત્યાવીસ અને છવ્વીસ લક્ષણવાળાં ત્રણ સત્તાસ્થાનકો હોય છે. તેની વધારે સ્પષ્ટતા આ પ્રમાણે છે :- આઠનો ઉદય બે પ્રકારનો છે એક તો અનંતાનુબંધીના ઉદયવાળો અને બીજો અનંતાનુબંધીના ઉદય વિનાનો (પણ ભય અથવા જુગુપ્સાના ઉદયવાળો),

ત્યાં જે અનંતાનુબંધી ચાર કષાયના ઉદય રહિત (પણ ભય અથવા જુગુપ્સાના ઉદયવાળો) આઠનો ઉદય છે. ત્યાં પૂર્વે કહેલી યુક્તિને અનુસારે નિયમા અઠ્યાવીસનું એક જ સત્તાસ્થાનક છે. તથા અનંતાનુબંધી ચાર કષાયના ઉદય સહિત જે આઠનો ઉદય છે ત્યાં ૨૮-૨૭-૨૬ એમ ત્રણે સત્તાસ્થાનકો હોય છે. ત્યાં મિથ્યાત્વે ગયેલા જીવને સમ્યક્ત્વમોહનીય અને મિશ્ર મોહનીયની ઉદ્વલના થાય છે. જ્યાં સુધી સમ્યક્ત્વમોહનીયની પુરેપુરી ઉદ્વલના થાય નહીં ત્યાં સુધી નિયમા અઠ્યાવીસની જ સત્તા હોય છે.

તે સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વલના સમાપ્ત થયે છતે સત્યાવીસની સત્તા હોય છે. ત્યારબાદ જ્યારે મિશ્રમોહનીયની પણ ઉદ્વલના સમાપ્ત થાય છે. ત્યારે છવ્વીસની સત્તા હોય છે. અથવા અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને પણ સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય વિના શેષ છવ્વીસની જ સત્તા કાયમ હોય છે.

આ જ પ્રમાણે નવના ઉદયમાં પણ અનંતાનુબંધીના ઉદયરહિત નવના ઉદયમાં માત્ર અઠ્યાવીસની જ સત્તા, પરંતુ અનંતાનુબંધી સહિત એવા નવના ઉદયમાં ૨૮-૨૭ અને ૨૬ એમ ત્રણે સત્તાસ્થાનક હોય છે. દશનો ઉદય તો અનંતાનુબંધિ કષાય સહિત જ ઉદયમાં છે

માટે ત્યાં પણ ત્રણ સત્તાસ્થાનક હોય છે. આ પ્રમાણે મિથ્યાત્વે સાતના ઉદયે એક અટ્યાવીસનું અને આઠ-નવ તથા દશના ઉદયે સામાન્યથી ત્રણ ત્રણ સત્તાસ્થાનકો હોય છે.

હવે સાસ્વાદન ગુણઠાણે એકવીશનો બંધ અને સાત-આઠ તથા નવ એમ ત્રણ ઉદયસ્થાનકો હોય છે. ત્રણે ઉદયસ્થાનકોમાં માત્ર એક અઠ્યાવીસનું જ સત્તાસ્થાનક હોય છે. તે આ પ્રમાણે જાણવું. આ સાસ્વાદન ગુણસ્થાનક ઔપશમિક સમ્યક્ત્વથી પતન પામતાં આવે છે. જ્યારે પૂર્વકાળમાં ઔપશમિક સમ્યક્ત્વ હતું. ત્યારે ઔપશમિક સમ્યક્ત્વના પ્રતાપે મિથ્યાત્વ ત્રણ પ્રકારે કરાયું છે. સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય રૂપે. તેથી ત્રણે દર્શનમોહનીયની સત્તા હોવાથી સાસ્વાદન ગુણસ્થાનકે ૭-૮-૯ એમ ત્રણે ઉદયસ્થાનકોમાં નિયમા એક અઠ્યાવીસનું જ સત્તાસ્થાનક હોય છે.

હવે મોહનીય કર્મનું સત્તરનું જે ત્રીજું બંધસ્થાનક છે તે મિશ્ર દષ્ટિ અને અવિરત સમ્યગ્દષ્ટિ એમ બન્ને પ્રકારના જીવોને હોય છે ત્યાં મિશ્રદષ્ટિને ત્રણ ઉદયસ્થાનકો હોય છે. સાત-આઠ અને નવ તથા અવિરત સમ્યગ્દષ્ટિ જીવને ૬-૭-૮ અને ૯ એમ કુલ ચાર ઉદયસ્થાનકો હોય છે ત્યાં છનું ઉદયસ્થાનક અવિરત સમ્યગ્દષ્ટિ એવા ઔપશમિક સમ્યક્ત્વી અને ક્ષાયિક સમ્યક્ત્વી જીવોને હોય છે સમ્યક્ત્વ મોહનીય કર્મનો ઉદય ન હોવાથી છ નો ઉદય ઘટી શકે છે.

ત્યાં ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવોને (૨૮-૨૪) અઠ્યાવીસ અને ચોવીશ એમ બે સત્તાસ્થાનકો હોય છે ત્યાં અઠ્યાવીસની સત્તા અનાદિ મિથ્યાત્વી સૌથી પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે તે કાળે હોય છે. તથા ઉપશમશ્રેણિથી પ્રતિપાત કાલે જે જીવોએ અનંતાનુબંધી કષાયોનો ઉપશમ કર્યો છે તેવા જીવને ચોથે ગુણઠાણે (૨૮) અઠ્યાવીસની સત્તા હોય છે પરંતુ જેણે અનંતાનુબંધિ ચાર કષાયોની વિસંયોજના કરી છે. તેવા જીવને ચોવિશની સત્તા હોય છે. પરંતુ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવોને દર્શનસપ્તકનો ક્ષય હોવાથી એકવીશની સત્તા હોય છે. આ પ્રમાણે છ ના ઉદયે કુલ (૨૮-૨૪-૨૧) અઠ્યાવીસ, ચોવીસ અને એકવીસ એમ ત્રણ સત્તાસ્થાનો હોય છે.

હવે સાતના ઉદયે મિશ્રદષ્ટિ જીવને )(૨૮-૨૭-૨૪) અઠ્યાવીસ સત્યાવીસ અને ચોવીસ એમ ત્રણ સત્તાસ્થાનો હોય છે. અઠ્યાવીસની સત્તાવાળો અવિરત સમ્યગ્દષ્ટિ જીવ મિશ્રમોહનીયના ઉદયથી મિશ્રભાવને પામ્યો હોય ત્યારે મિશ્રે અઠ્યાવીસની સત્તા હોય છે.

તથા જે જીવ મિથ્યાદષ્ટિ હોતે છતે સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના કરીને મિશ્ર મોહનીયની ઉદ્વલના કરે છે પરંતુ હજુ સુધી મિશ્રમોહનીયની ઉદ્વલના સમાપ્ત થઈ નથી તેવા

જીવને મિશ્રમોહનીયનો ઉદય થવાથી ત્રીજુ ગુણસ્થાનક આવે ત્યારે મિશ્રે સત્યાવીસની સત્તા પણ હોય છે. તથા જે જીવે અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કરી છે તેવો સમ્યગ્દષ્ટિ જીવ મિશ્રભાવને પામે ત્યારે ચોવીસની સત્તા મિશ્રે હોય છે. તે ચોવીસની સત્તા ચારે ગતિના જીવોને પ્રાપ્ત થાય છે કારણ કે ચારે ગતિવાળા અવિરત સમ્યગ્દષ્ટિ જીવો અનંતાનુબંધી ચારે કષાયોની વિસંયોજના કરતા હોવાથી તેની વિસંયોજના કર્યા પછી (૨૪) ચોવીશની સત્તાવાળા બન્યા પછી કેટલાક જીવોને પરિણામનું પરાવર્તન થવાથી મિશ્રમોહનીયના ઉદયની પ્રાપ્તિ સંભવે છે. તેથી ચારે ગતિના જીવોને મિશ્રદષ્ટિ ગુણઠાણે (૨૪) ચોવીશની સત્તા સંભવે છે. આ પ્રમાણે મિશ્રે ૨૮, ૨૭ અને ૨૪ એમ કુલ ત્રણ સત્તા સ્થાનો હોય છે.

અવિરતસમ્યગ્દષ્ટિ જીવોને સાતના ઉદયે કુલ પાંચ સત્તા સ્થાનો હોય છે. તે પ્રમાણે (૨૮-૨૪-૨૩-૨૨-૨૧) અઠ્યાવીસ, ચોવીસ, ત્રેવીસ, બાવીસ અને એકવીસ, ત્યાં અઠ્યાવીસની સત્તા ઔપશમિકસમ્યગ્દષ્ટિ જીવોને તથા ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે. ચોવીસની સત્તા પણ તે બન્ને સમ્યગ્દષ્ટિ જીવોને જ હોય છે. પરંતુ જે જીવોએ અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કરેલી છે તેવા સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે. ત્રેવીસની સત્તા ચોથા ગુણઠાણે વર્તતા ક્ષાયોપશમિકસમ્યગ્દષ્ટિ જીવોને કે જે જીવોએ અનંતાનુબંધી ચાર કષાયો અને મિથ્યાત્વ મોહનીયકર્મ ખપાવ્યું હોય તેવા ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતા ક્ષપક જીવને હોય છે.

બાવીસની સત્તા પણ તે જ જીવોને હોય છે કે જે જીવોએ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનો આરંભ કર્યો છે અને અનંતાનુબંધી ચાર કષાય, સમ્યક્ત્વ મોહનીય તથા મિશ્ર મોહનીયનો ક્ષય કર્યો છે અને સમ્યક્ત્વ મોહનીયનો ક્ષય કરે છે તેવા જીવને આ બાવીસની સત્તા હોય છે.

તે બાવીસની સત્તાવાળો જીવ સમ્યક્ત્વ મોહબનીયને ખપાવતો ખપાવતો તેના ચરમગ્રાસનો ક્ષય કરતો હોય ત્યારે પૂર્વબદ્ધ આયુષ્યવાળો કોઈક જીવ કાળધર્મ (મૃત્યુ) પણ પામે છે. અને કાળ કરીને ચારે ગતિમાંથી કોઈ પણ ગતિમાં ઉત્પન્ન થાય છે. શાસ્ત્રમાં જ કહ્યું છે કે :-

पट्ठवणो उ मणुस्सो, निट्ठवगो चउसु वि गईसु ॥

"ક્ષાયિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરવાનો પ્રારંભ કરનાર મનુષ્ય માત્ર જ હોય છે. પરંતુ તેને પ્રાપ્ત કરવાની સમાપ્તિ કરનાર અર્થાત્ નિષ્ઠાપક ચારે ગતિના જીવો હોય છે." તેથી

(૨૨) બાવીસની સત્તા ચારે ગતિમાં પણ પ્રાપ્ત થઈ શકે છે. જ્યારે (૨૧) એકવીસની સત્તા ચોથે ગુણઠાણે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે આ પ્રમાણે ચોથે ગુણઠાણે સાતના ઉદયે (૨૮-૨૪-૨૩-૨૨-૨૧) એમ પાંચ સત્તાસ્થાનકો હોય છે.

એ જ પ્રમાણે સત્તરના બંધે આઠના ઉદયે પણ મિશ્રદૃષ્ટિ તથા અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોને ઉપર કહ્યા મુજબ ન્યૂન પણ નહીં અને અધિક પણ નહીં. એવા (૨૮-૨૭-૨૪-૨૩-૨૨-૨૧ એમ) કુલ છ સત્તા સ્થાનો હોય છે મિશ્રદૃષ્ટિને ૨૮-૨૭-૨૪, ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને ૨૮-૨૪-૨૩ અને ૨૨, ઔપશમિક સમ્યક્ત્વીને ૨૮ અને ૨૪ તથા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ૨૧ એમ કુલ છ સત્તાસ્થાનકો હોય છે.

તથા સત્તરના બંધે નવના ઉદયે મિશ્રદૃષ્ટિને ૨૮-૨૭-૨૪ એમ ત્રણ અને અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ જ હોવાથી ૨૮-૨૪-૨૩-૨૨ એમ ચાર જ સત્તાસ્થાનો હોય છે. આ નવનો ઉદય ચોથે ગુણઠાણે ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવોને જ માત્ર હોય છે. પરંતુ ક્ષાયિક કે ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને આ ઉદયસ્થાન સંભવતું નથી. કારણ કે નવના ઉદયમાં સમ્યક્ત્વમોહનીયનો ઉદય છે અને તે ક્ષાયિક તથા ઔપશમિક સમ્યક્ત્વી જીવોને સંભવતો નથી. આ પ્રમાણે ૧૭ના બંધમાં સત્તા સમજાવી.

તેરના બંધક દેશવિરતિધર શ્રાવક અને શ્રાવિકાને ચાર ઉદયસ્થાનકો હોય છે. તે આ પ્રમાણે (૫-૬-૭-૮) પાંચ-છ-સાત અને આઠ એમ કુલ ચાર ઉદયસ્થાનક હોય છે. ત્યાં દેશવિરતિધર જીવો તિર્યંચો અને મનુષ્યો એમ બે પ્રકારના જીવો હોય છે ત્યાં તિર્યંચ જીવોને ચારે પણ ઉદયસ્થાનકોમાં માત્ર (૨૮-૨૪) અઠ્ઠાવીસ અને ચોવીસ એમ બે જ સત્તાસ્થાનકો હોય છે. ત્યાં ૨૮ ની સત્તા ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ અને ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે.

ત્યાં ઔપશમિકસમ્યગ્દૃષ્ટિ જીવોને જે ૨૮ ની સત્તા કહી તે પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્તિના કાળે જ દેશવિરતિ ધર્મ પ્રાપ્ત કરતા જીવને આશ્રયી જાણવી. ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવોમાં તો ૨૮ ની સત્તા સુપ્રતીત છે જ. ચોવીસની સત્તા જે જીવોએ અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કરી લીધી છે એવા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવોને જાણવી. બાકીનાં ૨૩-૨૨-૨૧ આ સત્તાસ્થાનો તિર્યંચગતિમાં પ્રાપ્ત થતાં નથી. કારણ કે તેઓ ક્ષાયિકની પ્રાપ્તિ કરનાર બનતા નથી. અને આ સત્તાસ્થાનો ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતા હોય ત્યારે જ પ્રાપ્ત થાય છે અને તિર્યંચ ગતિના જીવો ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરનારા બનતા નથી. માત્ર મનુષ્યો જ ક્ષાયિક પ્રાપ્ત કરનારા હોય છે.

**પ્રશ્ન :** કોઈક દેશવિરતિધર મનુષ્ય ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતો હોય તે મનુષ્ય ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને ૨૧ ની સત્તાવાળો થઈને ત્યારબાદ મૃત્યુ પામી પૂર્વબદ્ધાયુષ્યવાળો જીવ તિર્યંચમાં ઉત્પન્ન થાય તો તેવા જીવને ૨૧ ની સત્તા હોઈ શકે છે તો તિર્યંચોને ૨૧ ની સત્તા ન જ હોય ? એમ નિષેધ શા માટે કરો છો ?

**ઉત્તર :** मैवं - આ પ્રમાણે પ્રશ્ન કરવો નહીં. કારણ કે જે જીવ ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યો હોય અને પૂર્વબદ્ધાયુષ્ય હોવાથી મૃત્યુ પામીને તિર્યંચમાં ઉત્પન્ન થવાની તૈયારી વાળો થાય તે જીવ નિયમા અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિક તિર્યંચમાં જ ઉત્પન્ન થાય છે. પરંતુ સંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચમાં ઉત્પન્ન થતો નથી જ. અને ત્યાં યુગલિક તિર્યંચમાં દેશવિરતિનો અભાવ હોય છે તે કારણે દેશવિરતિધર એવા તિર્યંચોમાં ૨૩-૨૨-૨૧ ની સત્તાનો નિષેધ કરાય છે. અને તે યોગ્ય જ છે. સપ્તતિકા ગ્રંથની ચૂર્ણિમાં કહ્યું છે કે :- "एगवीसा तिरिक्खेसु संजयासंजयेसु न लब्भइ, कहं ? भन्नइ-संखेज्जवासाउएसु खाइगसम्मद्दिट्ठी न उववज्जइ, असंखेज्जवासाउएसु उववज्जेज्जा, तस्स देसविरई णत्थि त्ति"

તથા જે દેશવિરતિધર મનુષ્યો છે. તેઓને પાંચના ઉદયે ત્રણ સત્તાસ્થાનકો સંભવે છે. (૨૮-૨૪-૨૧) અઠ્ઠાવીસ-ચોવીસ અને એકવીસ સ્વરૂપ ત્રણ સત્તાસ્થાનકો હોય છે. તથા છ ના ઉદયે અને સાતના ઉદયે પાંચ પાંચ સત્તાસ્થાનો હોય છે. (૨૮-૨૪-૨૩-૨૨-૨૧) તથા આઠના ઉદયે (૨૧) એકવીસને વર્જીને બાકીનાં (૨૮-૨૪-૨૩ અને ૨૨) એમ ચાર સત્તાસ્થાનકો હોય છે તે અવિરત સમ્યગ્દષ્ટિમાં કહેલી દિશાને અનુસારે જાણવાં.

આ જ પ્રમાણે નવના બંધે પ્રમત્ત અને અપ્રમત્ત ગુણઠાણે ચારના ઉદયે (૨૮-૨૪-૨૧) અઠ્ઠાવીસ, ચોવીસ અને એકવીસની સંખ્યાવાળાં ત્રણ સત્તાસ્થાનક ઉપર સમજાવ્યા પ્રમાણે જાણવાં. પાંચના ઉદયે અને છ ના ઉદયે ત્રણે પ્રકારના સમ્યક્ત્વી જીવો હોવાથી (૨૮-૨૪-૨૩-૨૨-૨૧) અઠ્ઠાવીસ, ચોવીસ, ત્રેવીસ, બાવીસ અને એકવીસ એમ પાંચ સત્તાસ્થાનો સમજવાં, સાતના ઉદયમાં (૨૧) એકવીસને વર્જીને શેષ આ જ ચાર સત્તાસ્થાનક (૨૮-૨૪-૨૩-૨૨) હોય છે. આ દરેકની ભાવના પૂર્વે સમજાવ્યા પ્રમાણે સમજી લેવી.

હવે અપૂર્વકરણ નામના આઠમા ગુણઠાણે નવના બંધક જીવને (૪-૫-૬) ચારનું પાંચનું અને છ નું એમ ત્રણ જ ઉદયસ્થાનક હોય છે. આ ત્રણે ઉદયસ્થાનકોમાં માત્ર ઔપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વી જ જીવો હોવાથી (૨૮-૨૪-૨૧) અઠ્ઠાવીસ - ચોવીસ અને એકવીસ એમ ત્રણ જ સત્તાસ્થાનો હોય છે. અપૂર્વકરણ ગુણસ્થાનકવાળો જીવ ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ હોતો નથી. પરંતુ ઔપશમિક અને ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જ માત્ર

હોય છે. ત્યાં ઔપશક્તિ સમ્યગ્દષ્ટિ જીવને (૨૮-૨૪) અઠ્યાવીસ અને ચોવીસ એમ બે જ સત્તાસ્થાનક હોય છે તે પૂર્વની જેમ જ જાણવાં. અને જે ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ છે તેને (૨૧) એકવીસની જ સત્તા હોય છે. આ પ્રમાણે નવના બંધની વાત સમજાવી.

હવે પાંચના બંધમાં, ચારના બંધમાં, ત્રણના બંધમાં, બેના બંધમાં, અને એકના બંધમાં તથા અબન્ધક એવા સૂક્ષ્મસંપરાય અને ઉપશાન્ત મોહમાં (૨૮-૨૪-૨૧) એમ ત્રણ ત્રણ સત્તાસ્થાનકો જાણવાં. ત્યાં જે આત્માએ અનંતાનુબંધીની ઉપશમના કરી છે તેને આશ્રયી (૨૮) અઠ્યાવીસ, જે આત્માએ અનંતાનુબંધીની વિસંયોજના કરી છે તેને આશ્રયી (૨૪) ચોવીસ, તથા જે આત્મા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ છે. તેને આશ્રયી એકવીસની સત્તા હોય છે. આ સત્તાસ્થાનો બેના ઉદયમાં, એકના ઉદયમાં તથા અનુદયકાળમાં ઉપશમશ્રેણિમાં હોય છે. ઉપશમશ્રેણિને આશ્રયી આ સત્તાસ્થાનો સમજાવ્યાં. હવે ક્ષપક શ્રેણિ આશ્રયી સત્તાસ્થાનકો સમજાવાય છે :-

અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકે પંચવિધ બંધક જીવને ક્ષપકશ્રેણિમાં પૂર્વે કહેલી ૨૧ માંથી આઠ કષાયોનો ક્ષય થયે છતે (૧૩) તેરની સત્તા હોય છે તેમાંથી નપુંસકવેદનો ક્ષય થયે છતે બારની સત્તા થાય છે. તેમાંથી સ્ત્રીવેદનો ક્ષય થયે છતે અગિયારની સત્તા થાય છે આ ૧૩-૧૨ અને ૧૧ એમ ત્રણ સત્તાસ્થાનો ક્ષપકશ્રેણિમાં અને પૂર્વે કહેલાં ૨૮-૨૪-૨૧ આ ત્રણ ઉપશમશ્રેણિમાં એમ બન્ને શ્રેણિનાં સાથે મળીને સર્વસંખ્યાએ પંચવિધ બંધક જીવને છ સત્તાસ્થાનો હોય છે.

તથા આ ક્ષપકશ્રેણિમાં કોઈક જીવ નપુંસકવેદના ઉદયે પણ આ શ્રેણિ પ્રારંભે છે. તે જીવને સ્ત્રીવેદ અને નપુંસકવેદ આ બન્ને વેદ સાથે જ ક્ષય પામે છે તથા તે બન્ને વેદની સત્તા ક્ષય પામે ત્યારે તેની સાથે જ પુરુષવેદનો બંધ પણ વિચ્છેદ પામે છે. તથા બન્ને વેદની સત્તાનો ક્ષય અને પુરુષવેદનો અબંધ થયા પછી પુરુષવેદ અને હાસ્સષટકની સત્તાનો ક્ષય પણ એકી સાથે જ કરે છે તેથી પાંચના બંધે ૨૧-૧૩ ની સત્તા હોય છે અને ચારના બંધે ૧૧ અને ૪ ની સત્તા હોય છે. આ નપુંસકવેદના ઉદયે ક્ષપક શ્રેણિ માંડનારને આશ્રયી જાણવું.

તથા સ્ત્રીવેદના ઉદયે ક્ષપકશ્રેણિ પ્રારંભ કરનારા જીવને પ્રારંભમાં માત્ર નપુંસકવેદનો એકનો જ ક્ષય થાય છે ત્યારબાદ અંતર્મુહૂર્ત કાલે સ્ત્રીવેદનો ક્ષય થાય છે સ્ત્રીવેદના ક્ષયની સાથે જ પુરુષવેદનો બંધ વિચ્છેદ થાય છે તેથી પાંચના બંધે ૨૧-૧૩-૧૨ એમ ત્રણ સત્તાસ્થાનકો હોય છે. ત્યારબાદ ચારના બંધે પણ પુરુષવેદ અને હાસ્યષટ્કની સત્તાનો ક્ષય એકી સાથે જ કરે છે. તેથી ચારના બંધે પણ ૧૧-અને ૪ એમ બે જ સત્તા સ્થાનક હોય છે. પણ પાંચનું હોતું નથી.

આ રીતે વિચારતાં નપુંસવેદે ક્ષપકશ્રેણિ પ્રારંભી હોય કે સ્ત્રીવેદે ક્ષપકશ્રેણિ પ્રારંભી હોય એમ બન્ને વેદવાળા જીવોને ચારના બંધે જ્યાં સુધી પુરુષવેદ અને હાસ્યાદિ ષટ્કનો ક્ષય થતો નથી. ત્યાં સુધી વેદના ઉદયથી રહિત એવા અને એક સંજ્વલન કષાયના ઉદયમાં વર્તતા એવા તે જીવને (૧૧) અગિયારની સત્તા હોય છે જ્યારે તે પુરુષવેદ અને હાસ્યાદિ ષટ્કનો ક્ષય થાય છે ત્યારે ચારની સત્તા થાય છે. આ પ્રમાણે નપુંસક વેદના ઉદયે અને સ્ત્રીવેદના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનારા જીવને પાંચ પ્રકૃતિવાળું સત્તાસ્થાનક સંભવતું નથી.

પરંતુ જે જીવ પુરુષવેદના ઉદયે ક્ષપકશ્રેણિ પ્રારંભે છે તે જીવને નોકષાયના ષટ્કનો જ ક્ષય પ્રથમ થાય તેની સાથે જ પુરુષવેદનો બંધવિચ્છેદ થાય છે તેથી તે જીવને ચારના બંધે અગિયાર પ્રકૃતિવાળું સત્તાસ્થાનક પ્રાપ્ત થતું નથી. પરંતુ પાંચ પ્રકૃતિવાળું સત્તાસ્થાનક પ્રાપ્ત થાય છે આ રીતે ચારના બંધે નપુંસક વેદ અને સ્ત્રીવેદવાળા જીવને ૧૧ નું અને ૪ નું, તથા પુરુષવેદના ઉદયવાળાને ૫ નું અને ૪ નું એમ ક્ષપકશ્રેણિમાં કુલ ૧૧-૫-૪ એમ ત્રણ સત્તાસ્થાનકો હોય છે અને ૨૮-૨૪-૨૧ એમ ત્રણ ઉપશમશ્રેણિમાં હોય છે સર્વ મળીને ચારના બંધે ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિને આશ્રયી (૨૮-૨૪-૨૧-૧૧-૫-૪) એમ છ સત્તાસ્થાનકો હોય છે.

તથા સંજ્વલનક્રોધની પ્રથમ સ્થિતિ આવલિકામાત્ર અને બીજી સ્થિતિમાં રહેલું નવું બંધાયેલું બે સમયન્યૂન બે આવલિકા પ્રમાણ જે દલિક છે. તેને છોડીને અન્ય સર્વ ક્રોધનું દલિક ક્ષય પામેલું જાણવું. અને જે આ બાકી છે તેમાં પણ બે સમયનમ્યૂન બે આવલિકા પ્રમાણ જે દલિક બીજી સ્થિતિમાં બાકી છે તે પણ સમયે સમયે પરમાં સંક્રમાવતાં સંક્રમાવતાં બે સમય ન્યૂન બે આવલિકા કાળે ક્ષય પામે છે જ્યાં સુધી તેનો ક્ષય કરાતો હોય પણ સત્તા ક્ષીણ થઈ ન હોય ત્યાં સુધી ચારની સત્તા અને જ્યારે બે સમયન્યૂન બે આવલિકાકાળે તેની સત્તાનો ક્ષય થાય ત્યારે ત્રણની સત્તા હોય છે.

આ પ્રમાણે ક્ષપકશ્રેણિમાં ત્રણના બંધે ચારનું અને ત્રણનું એમ બે સત્તાસ્થાનક હોય છે તથા ઉપશમશ્રેણિમાં ૨૮-૨૪-૨૧ એમ ત્રણ સત્તાસ્થાનક હોય છે બન્ને મળીને ત્રણના બંધે કુલ પાંચ સત્તાસ્થાનક થાય છે.

તથા સંજ્વલનમાનની પ્રથમ સ્થિતિ એક આવલિકા શેષ રહે ત્યારે તે માનનાં બંધ ઉદય અને ઉદીરણા આ ત્રણેનો એકી સાથે વિચ્છેદ થયે છતે બેનો બંધ હોય છે. માયા અને લોભ એમ બેના બંધે નવમાના ચોથા ભાગે જેનો બંધવિચ્છેદ થયો છે એવા સંજ્વલન માનની પ્રથમ સ્થિતિ એક આવલિકા અને બીજી સ્થિતિમાં બે સમયન્યૂન બે આવલિકા માત્ર

માન સત્તામાં બાકી રહે છે. તેને મુકીને શેષ માન બધુ ક્ષીણ થયું છે. તેથી તે માન પણ જે સત્તામાં બાકી છે તે સમયે સમયે અન્યમાં સંક્રમાવતાં સંક્રમાવતાં બે સમયન્યૂન બે આવલિકા કાળમાં સત્તાથી ક્ષય પામે છે. તેથી ક્ષય ન પામે ત્યાં સુધી ત્રણની સત્તા અને માનનો ક્ષય થયે છતે બેની સત્તા તથા ઉપશયશ્રેણિમાં ૨૮-૨૪-૨૧ ની સત્તા એમ કુલ (૩-૨-૨૮-૨૪-૨૧) પાંચ સત્તાસ્થાનો બેના બંધે હોય છે.

તથા સંજ્વલન માયાનો બંધ વિચ્છેદ થાય ત્યારે નવમાના પાંચમા ભાગે સંજ્વલન લોભ સ્વરૂપ મોહનીય કર્મના એકના બંધે ક્ષપક શ્રેણિમાં બે સમયન્યૂન બે આવલિકા સુધી બેની સત્તા હોય છે. સંજ્વલન માયા જે બે સમય ન્યૂન બે આવલિકા પ્રમાણ છે તેની સત્તાનો તેટલા કાળે ક્ષય થાય છે. ક્ષય ન થાય ત્યાં સુધી ૨ ની સત્તા અને માયાની સત્તાનો ક્ષય થાય ત્યારે એકની સત્તા એમ ક્ષપકશ્રેણિમાં બે સત્તાસ્થાન અને ઉપશમ શ્રેણિમાં ૨૮-૨૪-૨૧ એમ ત્રણ સત્તાસ્થાનક મળીને કુલ (૨૮-૨૪-૨૧-૨-૧) એમ પાંચ સત્તાસ્થાનક ૧ ના બંધે હોય છે.

મોહનીયકર્મના બંધ વિનાના સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે ક્ષપક શ્રેણિને આશ્રયી એકનું સત્તાસ્થાનક, અને ઉપશમશ્રેણિને આશ્રયી ૨૮-૨૪-૨૧ એમ ત્રણ સત્તાસ્થાનક મળીને કુલ ચાર સત્તાસ્થાનક દસમે ગુણઠાણે હોય છે. તથા અગિયારમા ગુણઠાણે મોહનીયનો બંધ પણ નથી તથા ઉદય પણ નથી. માત્ર સત્તા ૨૮-૨૪-૨૧ એમ ત્રણ પ્રકારની હોય છે આ પ્રમાણે મોહનીયકર્મનો સંવેધ સમજાવ્યો.

હવે આ મોહનીયકર્મનાં સત્તાસ્થાનકનો અવસ્થાનકાળ સમજાવે છે. (૨૭) સત્તાવીસના સત્તાસ્થાનકનો કાળ જઘન્ય અને ઉત્કૃષ્ટ વિના અર્થાત્ ઓછામાં ઓછો અને વધારેમાં વધારે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે તે આ પ્રમાણે :- અઠ્યાવીસની સત્તા વાળા મિથ્યાદષ્ટિ જીવને સમ્યક્ત્વ મોહનીયકર્મની ઉદ્વલના થયે છતે સત્યાવીસની સત્તા પ્રાપ્ત થાય છે ત્યાર પછી જ્યાં સુધી મિશ્ર મોહનીયકર્મની ઉદ્વલનાનો આરંભ આ જીવ કરતો નથી, ત્યાં સુધી મિશ્રમોહનીયનો ઉદય પણ હોઈ શકે છે પંચસંગ્રહની મૂલ ટીકામાં કહ્યું છે કે :- "उद्वलनाया अप्रारम्भे तस्य सम्यग्मिथ्यात्वोदयो भवतीति" તે કારણથી મિશ્ર ગુણઠાણે પણ અંતર્મુહૂર્ત સુધી યાવત્ (૨૭) સત્યાવીસની સત્તા પ્રાપ્ત થાય છે. અંતર્મુહૂર્ત પછી તે જીવ અવશ્ય મિથ્યાત્વે જાય છે. મિથ્યાત્વે ગયો છતો મિશ્ર મોહનીયની પણ ઉદ્વલના કરવાનો આરંભ કરે છે બીજા પલ્યોપમના એક અસંખ્યાતમા ભાગ જેટલો કાળ ગયે છતે તે મિશ્રમોહનીય સર્વથા ઉદ્વલનાને પામે છે. જ્યાં સુધી ઉદ્વલના સમાપ્ત થતી નથી ત્યાં સુધી સત્તામાં છે આ કારણે

જઘન્ય અને ઉત્કૃષ્ટતા વિના સત્તાવીસના સત્તાસ્થાનનો કાળ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ થાય છે.

તથા મિશ્રમોહનીયની ઉદ્વલના સમાપ્ત થયે છતે (૨૬) છવ્વીસની સત્તા હોય છે, તે છવ્વીસની સત્તાનો અવસ્થાનકાળ ઉત્કૃષ્ટથી દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તન જાણવો. ત્યાર પછી આ જીવ અવશ્ય ત્રણ કરણ કરવાપૂર્વક ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. તેથી ફરીથી પાછો (૨૮) અઠ્યાવીસની સત્તાવાળો થાય છે. સમ્યકૃત્વ ન પામેલા જીવને જે ૨૬ની સત્તા છે તેનો કાળ (૧) અનાદિ અનંત અને (૨) અનાદિ સાન્ત જાણવો જઘન્યથી (૨૬) છવ્વીસની સત્તાનો કાળ અંતર્મુહૂર્ત જાણવો. આ ચર્ચામાં ૨૭ અને ૨૬ ની સત્તાનો કાળ જણાવ્યો.

હવે ૨૮ અને ૨૪ ની સત્તાનો કાળ જણાવે છે. આ બન્ને સત્તાસ્થાનનો કાળ ઉત્કૃષ્ટથી બે છાસઠ સાગરોપમ છે તે આ પ્રમાણે જાણવો ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ અઠ્યાવીસની સત્તાવાળો જીવ નવ ગ્રૈવેયકના ત્રણભવ કરવા વડે એકવાર છાસઠ સાગરોપમ કાળ સમાપ્ત કરીને ત્યારબાદ એક અંતર્મુહૂર્ત મિશ્રે જઈને ત્યારબાદ સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને બીજી વાર ફરીથી પણ બે વાર અનુત્તર વિમાનમાં જવા વડે છાસઠ સાગરોપમ કાળ સંપૂર્ણ કરીને ત્યાર બાદ મનુષ્યમાં આવીને અવશ્ય ક્ષપકશ્રેણિ પ્રાપ્ત કરે છે અથવા મિથ્યાત્વે જાય છે.

તે કારણથી જો ક્ષપકશ્રેણિ પ્રારંભે તો મિથ્યાત્વાદિનો ક્ષય થવાથી અઠ્યાવીસનું સત્તાસ્થાન ચાલ્યું જાય છે વચ્ચે આવેલા મિશ્ર ગુણસ્થાનકનો કાળ અંતર્મુહૂર્ત અતિશય અલ્પ હોવાથી તેની વિવક્ષા ન કરીએ તો ક્ષપકશ્રેણિની પ્રાપ્તિ કરનારા જીવને આશ્રયી મિથ્યાત્વાદિની સત્તાનો ક્ષય થવાથી અઠ્યાવીસની સત્તાનો અવસ્થાન કાળ બે છાસઠ સાગરોપમ જાણવો. તથા જે જીવ બે છાસઠ સાગરોપમ પ્રમાણ કાળ સમ્યક્ત્વમાં રહીને પછી મિથ્યાત્વે જાય છે તેવા જીવને મિથ્યાત્વે ગયા પછી સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વલના કરતાં કરતાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ પસાર થાય છે તેટલા કાળે સમ્યક્ત્વમોહનીય સર્વથા ઉદ્વલના પામે છે જ્યાં સુધી ઉદ્વલના ચાલુ હોય, સમાપ્ત ન થાય ત્યાં સુધી સમ્યક્ત્વ મોહનીય સત્તામાં હોય છે તેથી બે છાસઠ સાગરોપમમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક આટલો કાળ ૨૮ ની સત્તાનો ઉત્કૃષ્ટ કાળ જાણવો.

આ જ પ્રમાણે (૨૪) ચોવીશની સત્તાનો કાળ પણ આટલો જ જાણવો. પરંતુ પુરેપુરા બે છાસઠ સાગરોપમ પ્રમાણકાળ જાણવો. પરંતુ મિથ્યાત્વે જઈને જે ઉદ્વલના કરે છે અને તેમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જે કાળ લાગે છે તે અહીં ન કહેવો. કારણ કે બે છાસઠ

સાગરોપમ પ્રમાણ કાળ સમ્યક્ત્વમાં સમાપ્ત કરીને પછી જે જીવ મિથ્યાત્વે જાય છે તે જીવને પ્રથમ સમયથી જ અનંતાનુબંધિ ચાર કષાયોના બંધનો સંભવ હોવાથી ચોવીસનું સત્તાસ્થાન ચાલ્યું જાય છે તે માટે પુરેપુરા બે છાસઠ સાગરોપમ પ્રમાણ કાળ કહેવો પરંતુ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક કાળ ન લેવો.

જઘન્યથી કાળ વિચારીએ તો ૨૮નો અને ૨૪ નો એમ બન્નેનો કાળ અંતર્મુહૂર્ત માત્ર જાણવો. તે આ પ્રમાણે :- કોઈક ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ ૨૮ ની સત્તાવાળા જીવે દર્શનસપ્તકની સત્તાનો ક્ષય કરવાની શરૂઆત કરી જ્યારે પ્રારંભ કર્યો ત્યારે ૨૮ ની સત્તા હતી. તેમાંથી પ્રથમ ચાર અનંતાનુબંધી કષાય ખપાવે છતે ચોવીશની સત્તા થઈ. તે ૨૪ ની સત્તા ત્યાં સુધી રહે છે કે જયાં સુધી આગળ મિથ્યાત્વાદિ દર્શનમોહનોય કર્મને ખપાવે નહીં ત્યાં સુધી ૨૪ ની સત્તા હોય છે મિથ્યાત્વાદિ દર્શન મોહનીયને ખપાવે છતે ૨૩ આદિ સત્તાસ્થાનો થાય છે.

તેથી ઉપર સમજાવ્યા પ્રમાણે (૨૪ અને ૨૮) ચોવીશ અને અઠ્યાવીસઆ બન્ને સત્તાસ્થાનો જઘન્યથી અંતર્મુહૂર્ત કાળવાળાં છે.

(૨૧) એકવીસના સત્તાસ્થાનકનો કાળ ઉત્કર્ષથી સાધિક તેત્રીસ સાગરોપમ કાળ છે. તે આ પ્રમાણે છે. અહીં મનુષ્યના ભવમાં દર્શન સપ્તકનો ક્ષય કરીને એકવીસની મોહનીયકર્મની સત્તાવાળો થયેલો જીવ સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવ થાય છે. ત્યાં ૩૩ સાગરોપમનું આયુષ્ય ભોગવીને ફરીથી પણ મનુષ્યના ભવમાં જન્મે છે તેથી જ્યાં સુધી હજુ ક્ષપકશ્રેણિ ન પ્રારંભે ત્યાં સુધી તે જીવને (૨૧) એકવીસનું સત્તાસ્થાનક હોય છે તેથી સાધિક તેત્રીસ સાગરોપમ કાળ ઘટી શકે છે અને જઘન્યથી અંતર્મુહૂર્ત માત્ર કાળ જાણવો તે સાતનો ક્ષય કરીને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને તુરત જ ક્ષપકશ્રેણિ પ્રારંભ કરનારા અબદ્ધાયુષ્ય વાળા જીવને આશ્રયી જાણવુ આ વાત સુપ્રસિદ્ધ જ છે.

તથા અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને ૨૬નું સત્તાસ્થાન અભવ્યને આશ્રયી અનાદિ-અનંત, ભવ્યને આશ્રયી અનાદિસાન્ત કાળ જાણવો. ૨૧ પછીનાં તમામ સત્તા સ્થાનોનો કાળ અંતર્મુહૂર્ત માત્ર જાણવો અને તે પણ ક્ષપકશ્રેણિમાં જ આવે છે. તે આ પ્રમાણે સત્તાસ્થાનોની કાળ પ્રરૂપણા સમાપ્ત કરી. તે કરવાથી મોહનીયકર્મ સમાપ્ત થયું.

હવે નામકર્મનાં બન્ધાદિ સ્થાનકો કહેવાય છે ત્યાં જે કર્મ પ્રકૃતિઓની સાથે નામકર્મની ઘણી ઘણી પ્રકૃતિઓ બન્ધમાં અથવા ઉદયમાં સાથે સાથે આવે છે. તે પ્રકૃતિઓ આદિમાં જણાવાય છે. જેનાથી ગુંચવડા વાળું આ નામકર્મ સમજવું સહેલું થાય.

ત્યાં અપર્યાપ્ત નામકર્મ, જાતિનામકર્મ, પર્યાપ્ત નામકર્મ, અને ગતિ નામકર્મ આ ચાર કર્મોની સાથે પ્રેરાયેલી (જોડાયેલી) ઘણી ઘણી નામકર્મની શેષ પ્રકૃતિઓ બંધમાં અથવા ઉદયમાં સાથે સાથે આવે છે તે આ પ્રમાણે :-

અપર્યાપ્ત નામકર્મ બંધાયે છતે અથવા ઉદયમાં આવે છતે મનુષ્યગતિ પ્રાયોગ્ય અથવા તિર્યંચગતિ પ્રાયોગ્ય નામકર્મની ઘણી ઘણી પ્રકૃતિઓ બન્ધમાં અથવા ઉદયમાં આવે જ છે.

જાતિનામકર્મમાં એકેન્દ્રિય બેઇન્દ્રિય ઇત્યાદિ જાતિનામકર્મ બંધાયે છતે બાદરનામકર્મ અને સૂક્ષ્મ નામકર્મ વિગેરે બંધાય છે. તથા પર્યાપ્ત નામકર્મ બંધાયે છતે યશઃ કીર્તિ નામકર્મ વિગેરે કર્મપ્રકૃતિઓ બંધાય છે તથા દેવગતિ આદિ ગતિનામકર્મ બંધાયે છતે વૈક્રિયદ્વિક આદિ નામકર્મ જેની સાથે બંધાય છે.

હવે ઉદયમાં આવેલી સ્થિતિમાં આ વિશેષતા છે કે ઉદય સમયને પ્રાપ્ત થયેલી કર્મપ્રકૃતિઓનો અબાધાકાળ ક્ષય થયે છતે ઉદય થાય છે. તે ઉદય બે પ્રકારનો છે (૧) પ્રદેશોદય અને (૨) અનુભાગોદય (વિપાકોદય). ત્યાં અનુદયવતી કર્મપ્રકૃતિઓનું દલિક અબાધાકાળનો ક્ષય થયે છતે પ્રતિસમયે ઉદયવતીમાં સ્તિબુક સંક્રમ વડે સંક્રમાવીને જે ભોગવાય તેને પ્રદેશોદય કહેવાય છે. તે પ્રદેશોદય અનુપશાન્ત પ્રકૃતિઓનો જ હોય છે. ઉપશાન્ત થયેલી કર્મપ્રકૃતિઓમાં પ્રદેશોદય હોતો નથી.

અનુભાગોદય એટલે કે વિપાકોદય, તે વિપાકોદય નિત્યોદય વાળી એટલે કે ધ્રુવોદયવાળી પ્રકૃતિઓનો સદા ઉદય પ્રવર્તે જ છે. બાકીની એટલે અધ્રુવોદયવાળી કર્મપ્રકૃતિઓનો ઉદય ભજનાએ જાણવો ક્યારેક વિપાકોદય હોય અને કત્યારેક વિપાકોદય ન પણ હોય. તેમાં દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ અને ભવ કારણ જાણવાં.

તથા વળી જે પ્રયોગોદય છે એટલે કે ઉદીરણા દ્વારા થતો ઉદય થવો આવું જેનું બીજું નામ છે તે વિપાકોદય હોય ત્યારે જ પ્રવર્તે છે તેથી વિપાકોદયથી ભિન્ન ગણાતો નથી.

હવે જે જે કર્મપ્રકૃતિઓ દેવગતિની સાથે બન્ધમાં અથવા ઉદયમાં સાથે સાથે જાય છે. તે કહેવાય છે. અશુભ-અસ્થિર-સમચતુરસ્ર સંસ્થાન, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ દશક, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, અયશઃકીર્તિ, પંચેન્દ્રિય જાતિ, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, શુભ વિહાયોગતિ, અને દેવાનુપૂર્વી એમ કુલ ૩૨ કર્મપ્રકૃતિઓનો બંધ તથા ઉદય દેવગતિના બંધ અને દેવગતિના ઉદયના વિચ્છેદ સાથે ચાલ્યો જાય છે.

જ્યારે આ જીવ તીર્થંકર નામકર્મ પણ બાંધતો હોય છે. ત્યારે તે તીર્થંકર નામકર્મ સાથે તેત્રીસ પ્રકૃતિઓ દેવગતિની સાથે બંધ તથા ઉદયમાંથી જવાવાળી છે આમ જાણવું. આ દેવગતિ પ્રાયોગ્ય બંધ મનુષ્ય ગતિમાં તથા તિર્યંચ ગતિમાં રહેલો જીવ કરે છે તીર્થંકર નામકર્મ સહિત જે દેવપ્રાયોગ્ય બંધ છે તે ફક્ત મનુષ્ય જ બાંધે છે. તિર્યંચો બાંધતા નથી.

તથા જ્યારે જીવ દેવગતિમાં રહેલો હોય અને તીર્થંકર નામકર્મ પણ બંધાતું હોય ત્યારે મનુષ્ય પ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બંધાય છે. તેથી ઉપરોક્ત ૩૩ માંથી દેવદ્વિક, વૈક્રિયદ્વિક, અને આહારકદ્વિક એમ છ પ્રકૃતિઓ રહિત (૩૩ બાદ ૬ = ૨૭) જે દેવગતિ પ્રાયોગ્ય ૨૭ પ્રકૃતિઓ છે તે જ મનુષ્યપ્રાયોગ્ય પ્રકૃતિઓ આ જીવ બાંધે છે. તેમાં મનુષ્યદ્વિક-ઔદારિકદ્વિક અને પ્રથમસંઘયણ લક્ષણવાળી પાંચ પ્રકૃતિઓ આ જીવ વધારે બાંધે છે એટલે કે (૩૩ બાદ ૬ = ૨૭ + ૫ = ૩૨) બત્રીસ મનુષ્ય પ્રાયોગ્ય પ્રકૃતિઓ દેવગતિમાં રહેલો જીવ બાંધે છે સર્વસંખ્યાએ દેવના જીવો ઉપરોક્ત મનુષ્ય પ્રાયોગ્ય બત્રીસ પ્રકૃતિઓ બાંધે છે.

તથા બંધની બાબતમાં બીજી કેટલીક વિશેષતાઓ છે. તે આ પ્રમાણે છે (૧) સૂક્ષ્મ નામકર્મ, સાધારણ નામકર્મ અને અપર્યાપ્ત નામકર્મ આ ત્રણની સાથે યશઃકીર્તિ નામકર્મ બંધાતું નથી. (૨) તથા આ ત્રણ કર્મોની સાથે યશઃ નામકર્મ ઉદયથી પણ ભોગવાતું નથી. તથા (૩) આહારકદ્વિક બંધાતે છતે અથવા ઉદયમાં આવે છતે અયશઃકીર્તિ અસ્થિર અને અશુભ સ્વરૂપ ત્રણ કર્મપ્રકૃતિઓ બંધમાં આવતી નથી. ઉપરોક્ત અપવાદનિયમો જાણવા.

હવે બન્ધને આશ્રયી નરકગતિની સાથે બંધાનારી પ્રકૃતિઓ જણાવાય છે. હુંડક - સંસ્થાન, વર્ણ - ગંધ - રસ અને સ્પર્શનામકર્મ, અગુરુલઘુ, તૈજસ, કાર્મણ, ઉપઘાત, નિર્માણ, અસ્થિર, અશુભ, દૌર્ભાગ્ય અનાદેય - અયશઃકીર્તિ, નરકદ્વિક - પંચેન્દ્રિય જાતિ, બાદર - પ્રત્યેક નામકર્મ, દુઃસ્વર, પરાઘાત ઉચ્છ્વાસ અને પર્યાપ્ત નામકર્મ, ત્રસનામકર્મ, અશુભવિહાયોગતિ નામકર્મ, તથા વૈક્રિયદ્વિક એમ (૨૮) અઠ્યાવીસ પ્રકૃતિઓ નરકગતિની સાથે બંધાય છે.

હવે એકેન્દ્રિય પ્રાયોગ્ય પ્રકૃતિઓ બંધને આશ્રયી સમજાવે છે હુંડક આદિ પ્રથમ લખેલી બાદર પ્રત્યેક સુધીની (૨૦) વીસ, તથા ઔદારિક શરીર અને અપર્યાપ્ત નામકર્મ એમ કુલ (૨૨) બાવીસ અપર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધને યોગ્ય છે. કારણ કે જો તેમાં પર્યાપ્ત નામકર્મનો બંધ ભળ્યો હોય તો આ પ્રકૃતિઓમાંની કેટલીક પ્રકૃતિએના બંધનો અસંભવ છે તે માટે અપર્યાપ્તાની સાથે રહેનારી કહેવાય છે.

આ અપર્યાપ્તાની સાથે બંધ છે જેનો એવી સંજ્ઞાવાળી આ કર્મ પ્રકૃતિઓને બાંધતો જીવ જ્યારે એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરે છે ત્યારે બીજી પણ સ્થાવર-સૂક્ષ્મ અને સાધારણ નામકર્મ રૂપ ત્રણ કર્મપ્રકૃતિઓ બંધમાં વધારે પ્રવેશે છે. તેથી (૨૨+૩=૨૫) અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય પચીસ પ્રકૃતિઓ જીવ બાંધે છે.

એકેન્દ્રિયને બદલે વિકલેન્દ્રિયાદિ ત્રસ પ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધતો જીવ સ્થાવરનામકર્મને બદલે ત્રસનામકર્મ બાંધે છે તથા ઔદારિક અંગોપાંગ અને સેવાર્તસંઘયણ એમ બે પ્રકૃતિઓ બંધમાં વધારે આવે છે તેની સાથે અપર્યાપ્તા ત્રસ પ્રાયોગ્ય પણ પચીસ પ્રકૃતિઓ જીવ બાંધે છે.

જ્યારે પર્યાપ્ત નામકર્મ બંધાતું હોય ત્યારે અપર્યાપ્તાના સ્થાને પર્યાપ્ત નામકર્મ લેવું. તથા જ્યારે પર્યાપ્ત નામકર્મ બંધાય છે. ત્યારે સ્થિર શુભ યશઃકીર્તિ ઉચ્છ્વાસ-ઉદ્યોત અને પરાઘાત નામકર્મ એમ છ કર્મપ્રકૃતિઓ વધારે પણ બંધાય છે. જેથી કુલ (૨૫+૬-૩૧) એકત્રીસ પ્રકૃતિઓ પર્યાપ્તા સ્થાવર એકેન્દ્રિયમાં તથા પર્યાપ્તા ત્રસ પ્રાયોગ્ય બંધમાં દરેકમાં સંભવથી જાણવી. બધી જ બંધાય જ એવો નિયમ નથી.

તથા જ્યારે ખર (કર્કશ એવા) બાદર પર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય (સૂર્યના વિમાનમાં રહેલાં રત્નોને યોગ્ય) બંધ ચાલતો હોય ત્યારે બત્રીસમું આતમ નામકર્મ પણ બંધાય છે એમ જાણવું. તથા જ્યારે વિકલેન્દ્રિય પ્રાયોગ્ય બંધ થાય છે ત્યારે અપ્રશસ્ત વિહાયોગતિ અને દુસ્વર નામકર્મ અધિક બંધાતાં હોવાથી પર્યાપ્તા વિકલેન્દ્રિયપ્રાયોગ્ય બંધમાં (૩૧+૨-૩૩) તેત્રીસ પ્રકૃતિઓ બંધ યોગ્ય જાણવી.

પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચ તથા પર્યાપ્તા મનુષ્ય પ્રાયોગ્ય બંધનો આરંભ કરે ત્યારે સુસ્વર-સૌભાગ્ય-આદેય-નામકર્મ તથા પ્રશસ્તવિહાયોગતિ, બાકીનાં પાંચ સંઘયણ અને બાકીનાં પાંચ સંસ્થાન નામકર્મ સ્વરૂપ (૧૪) ચૌદ પ્રકૃતિઓ બંધમાં અધિકપણે પ્રવેશે છે. એટલે કુલ (૩૩+૧૪-૪૭) સુડતાલીસ પ્રકૃતિઓ બંધ યોગ્ય થાય છે.

તે આ પ્રમાણે પર્યાપ્તા અને અપર્યાપ્તા સ્થાવર અને ત્રસ પ્રાયોગ્ય બંધના વિષયમાં જેટલી પ્રકૃતિઓ જે રીતે સંભવે છે તેટલી પ્રકૃતિઓ તે રીતે સંભવને આશ્રયી સમજાવી છે.

હવે નામકર્મનાં બંધસ્થાનક કહેવાય છે. ત્યાં આઠ બંધ સ્થાનક છે. (૨૩-૨૫-૨૬-૨૮-૨૯-૩૦-૩૧ અને ૧) ત્રેવીસ-પચ્ચીસ-છવ્વીસ-અઠ્યાવીસ-ઓગણત્રીસ-ત્રીસ-એકત્રીસ તથા એક એમ કુલ આઠ બંધસ્થાનકો છે. આ આઠ બંધસ્થાનકોમાંથી જે ગતિમાં વર્તતો જીવ જેટલાં બંધસ્થાનક બાંધે છે. તે ગતિમાં તેટલાં બંધસ્થાનકો સમજાવાય છે.

(૧) મનુષ્યગતિમાં વર્તતો જીવ નામકર્મનાં સર્વ બંધસ્થાનકોને બાંધે છે. તે આ પ્રમાણે :- મનુષ્ય સર્વે પણ ગતિમાં (અર્થાત્ ચારેય ગતિમાં) ઉત્પન્ન થાય છે ત્યાં એકેન્દ્રિયમાં ઉત્પન્ન થવાની તૈયારીવાળો મનુષ્ય એકેન્દ્રિય પ્રાયોગ્ય (૨૩-૨૫-૨૬) ત્રેવીસ પચ્ચીસ અને છવ્વીસ એમ ત્રણ બંધસ્થાનક બાંધે છે. વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થવાની તૈયારીવાળો જીવ વિકલેન્દ્રિય પ્રાયોગ્ય (૨૫-૨૯-૩૦) પચીસ ઓગણત્રીસ અને ત્રીસ એમ ત્રણ બંધસ્થાનક બાંધે છે. નરકમાં ઉત્પન્ન થવાની તૈયારીવાળા જીવો (૨૮) અઠ્ઠાવીસ કર્મપ્રકૃતિઓ નામકર્મની બાંધે છે.

તથા દેવગતિમાં ઉત્પન્ન થવાની તૈયારીવાળો જીવ (૨૮-૨૯-૩૦-૩૧) અઠ્ઠાવીસ-ઓગણત્રીસ-ત્રીસ અને એકત્રીસ કર્મપ્રકૃતિઓ બાંધે છે. તથા ક્ષપકશ્રેણિમાં અને ઉપશમશ્રેણિમાં વર્તતા જીવો આઠમા ગુણસ્થાનકના સાતમા ભાગથી દસમા ગુણસ્થાનક સુધી માત્ર એક યશનામકર્મને જ બાંધે છે.આ પ્રમાણે મનુષ્યગતિમાં આઠ બંધસ્થાનક નામકર્મનાં જાણવાં.

(૨) તિર્યંચગતિમાં વર્તતા જીવો પ્રથમનાં છ બંધસ્થાનકો (૨૩-૨૫-૨૬-૨૮-૨૯-૩૦) યથાયોગ્ય રીતે બાંધે છે તિર્યંચો પણ ચારેગતિમાં ગમન કરે છે જે દેવગતિપ્રાયોગ્ય (૩૧) એકત્રીસનો બંધ છે. તે તીર્થંકર નામકર્મ અને આહારક દ્વિકના બંધથી સહિત છે તથા ૧ નો બંધ શ્રેણિમાં વર્તતા મનુષ્યો જ બાંધે છે તે માટે (૩૧ અને ૧) આ બે બંધસ્થાનકોનો બંધ તિર્યંચગતિના જીવો કરતા નથી.

(૩) તથા નરકગતિમાં વર્તતા જીવો (૨૯-૩૦) ઓગણત્રીસ અથવા ત્રીસ કર્મપ્રકૃતિઓને બાંધે છે. કારણકે નારકીના જીવો અવશ્ય પર્યાપ્તા તિર્યંચ અથવા પર્યાપ્તા મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. માટે પંચેન્દ્રિય તિર્યંચપ્રાયોગ્ય તથા મનુષ્ય પ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓ તથા પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય (૩૦) ત્રીસ પ્રકૃતિઓ બાંધે છે.

પરંતુ નારકીના જે જીવો શ્રેણિક મહારાજા આદિની જેમ ભાવિમાં તીર્થંકર થવાના હોય છે તે જ નારકીના જીવો તીર્થંકર નામકર્મ સાથે મનુષ્ય ભવ પ્રાયોગ્ય (૩૦) ત્રીસ કર્મપ્રકૃતિઓ નામકર્મની બાંધે છે.

(૪) દેવગતિમાં વર્તતા દેવના જીવો (૨૫-૨૬-૨૯-૩૦) પચ્ચીસ છવ્વીસ ઓગણત્રીસ અને ત્રીસ એમ ચાર બંધસ્થાનકોનો બંધ કરે છે. ત્યાં બાદર પર્યાપ્તા પૃથ્વીકાય અપ્કાય અને વનસ્પતિકાયમાં ઉત્પન્ન થવાની તૈયારીવાળા દેવો પર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય (૨૫) પચ્ચીસનો બંધ કરે છે. તથા તે જ (૨૫) પચીસમાં આતપ નાખવાથી જે (૨૬)

છવ્વીસ થાય છે તેનો બંધ ખર અને બાદર એવા પૃથ્વીકાયમાં ઉત્પન્ન થવાની તૈયારીવાળા જીવો બાંધે છે. (૨૯-૩૦) ઓગણત્રીસ અને ત્રીસના બંધની ભાવના નરકગતિની જેમ જાણવી.

તે આ પ્રમાણે નામકર્મનાં બંધસ્થાનકોમાં ગતિના ભેદથી બંધક જીવો સમજાવ્યા. હવે કઈ કઈ ગતિને પ્રાયોગ્ય બંધ કરતાં કેટલાં કેટલાં બન્ધસ્થાનકો તેઓને પ્રાયોગ્ય બંધાય છે આ વાતનું નિરૂપણ કરે છે.

(૧) નરકગતિ પ્રાયોગ્ય બંધ કરતા જીવોને એક જ માત્ર અઠ્યાવીસ કર્મપ્રકૃતિઓનું બંધસ્થાનક બંધાય છે. (૨) દેવગતિ પ્રાયોગ્ય બંધ કરતા જીવોને (૨૮-૨૯-૩૦-૩૧) અઠ્યાવીસ-ઓગણત્રીસ-ત્રીસ અને એકત્રીસ એમ કુલ ચાર બંધ સ્થાનકો બંધાય છે. (૩) એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરતા જીવોને (૨૩-૨૫-૨૬) ત્રેવીસ પચીસ અને છવ્વીસ એમ ત્રણ બંધસ્થાનક બંધાય છે. (૪) બેઇન્દ્રિય તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય એમ વિકલેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરતા તથા પંચેન્દ્રિય તિર્યંચ ગતિ પ્રાયોગ્ય બંધ કરતા અને મનુષ્ય પ્રાયોગ્ય બંધ કરતા જીવોને (૨૫-૨૯-૩૦) પચીસ ઓગણત્રીસ અને ત્રીસ એમ ત્રણ બંધસ્થાનકો બંધમાં પ્રાપ્ત થાય છે. આ સર્વે બંધસ્થાનકોનું સ્વરૂપ હમણાં જ આગળ ઉપર સમજાવાશે.

હવે ચૌદ ગુણસ્થાનકોમાં નામકર્મનાં બંધસ્થાનકો વિચારાય છે. ત્યાં મિથ્યા દૃષ્ટિ નામના પ્રથમ ગુણસ્થાનકે નામકર્મનાં (૨૩-૨૫-૨૬-૨૮-૨૯-૩૦) ત્રેવીસ, પચ્ચીસ, છવ્વીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ અને ત્રીસ એમ કુલ છ બંધસ્થાનકો બંધાય છે ત્યાં ચારે ગતિ પ્રાયોગ્ય બંધ સંભવે છે.

સાસ્વાદન નામના બીજા ગુણસ્થાનકે (૨૮-૨૯-૩૦) અઠ્યાવીસ ઓગણત્રીસ અને ત્રીસ એમ ત્રણ બંધસ્થાનકો હોય છે ત્યાં સાસ્વાદને વર્તતા તિર્યંચ અને મનુષ્યના જીવોને દેવ પ્રાયોગ્ય બંધ કરતાં અઠ્યાવીસનું બંધસ્થાનક હોય છે અને તિર્યંચ તથા મનુષ્ય પ્રાયોગ્ય બંધ કરતા જીવોને સામાન્યથી (૨૯) ઓગણત્રીસનું બંધસ્થાનક હોય છે. તથા તિર્યંચ પંચેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરતા સાસ્વાદનવાળા જીવોને (૩૦) ત્રીસનું પણ બંધસ્થાનક હોય છે. મનુષ્ય પ્રાયોગ્ય ૩૦નું બંધસ્થાનક ત્યાં સંભવતું નથી.

મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનકે (૨૮-૨૯) અઠ્યાવીસ અને ઓગણત્રીસ એમ બે જ બંધસ્થાનક હોય છે. ત્યાં મિશ્રદૃષ્ટિ એવા તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્યના જીવોને દેવગતિ પ્રાયોગ્ય (૨૮) અઠ્યાવીસનો બંધ થાય છે તથા દેવો અને નારકીના જીવોને મનુષ્ય ગતિ પ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસનો બંધ હોય છે.

હવે અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે (૨૮-૨૯ અને ૩૦) એમ કુલ ત્રણ બંધસ્થાનકો હોય છે. ત્યાં દેવગતિ પ્રાયોગ્ય બંધ કરતા પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યોને (૨૮) અઠ્યાવીસનો બંધ થાય છે તથા તીર્થંકર નામકર્મ સાથે દેવગતિ પ્રાયોગ્ય બંધ કરતા સમ્યગ્દષ્ટિ મનુષ્યને (૨૯) ઓગણત્રીસનો બંધ હોય છે. તથા સમ્યગ્દષ્ટિ એવા દેવો અને નારકીના જીવોને મનુષ્યપ્રાયોગ્ય બંધ કરતાં (૨૯) ઓગણત્રીસનો બંધ થાય છે (તથા તીર્થંકર નામકર્મ સાથે મનુષ્ય પ્રાયોગ્યનો બંધ કરતા દેવ-નારકીના જીવોને ૩૦ નું પણ બંધસ્થાનક હોય છે.) આ પ્રમાણે ચોથા ગુણસ્થાનકે કુલ (૨૮-૨૯-૩૦ એમ) ત્રણ બંધસ્થાનકો હોય છે.

તથા દેશવિરતિ નામના પાંચમા ગુણસ્થાનકે તથા પ્રમત્ત નામના છઠ્ઠા ગુણસ્થાનકે બંધ કરતા જીવોને દેવગતિ પ્રાયોગ્ય (૨૮-૨૯) અઠ્યાવીસ અને ઓગણત્રીસ એમ બે બંધસ્થાનકો હોય છે. ત્યાં આ બન્ને બંધસ્થાનકો દેવગતિ પ્રાયોગ્ય જ માત્ર બંધાય છે તેમ જાણવું. ત્યાં પણ દેશવિરતિધર તિર્યંચના જીવો હોય તો માત્ર (૨૮) અઠ્યાવીસ જ બાંધે છે. અને દેશવિરતિધર જો મનુષ્યો હોય તથા પ્રમત્ત ગુણસ્થાનકવર્તી મનુષ્યો હોય તો તીર્થંકર નામકર્મ ન બાંધતા જીવોને આશ્રયી (૨૮) અઠ્યાવીસ અને તીર્થંકર નામકર્મ બાંધતા જીવોને આશ્રયી (૨૯) ઓગણત્રીસનું બંધસ્થાનક હોય છે એમ મનુષ્યોને (૨૮-૨૯) બન્ને બંધસ્થાનકો સંભવે છે.

**પ્રશ્ન :** દેવપ્રાયોગ્ય બંધ કરતા પ્રમત્ત ગુણસ્થાનકવર્તી મનુષ્યોને આહારકદ્વિકનો બંધ કેમ કહેતા નથી ? કારણકે આહારકદ્વિકનો બંધ તો સંયમના નિમિત્તવાળો છે અને સંયમ તો પ્રમત્તે છે જ, માટે ત્યાં તેનો બંધ કહેવો જોઈએ ?

**ઉત્તર : નૈવં** - આવો પ્રશ્ન કરવો નહીં. તે આહારકદ્વિકનો બંધ સામાન્ય સંયમપ્રત્યયિક નથી. પરંતુ વિશિષ્ટ એવા અપ્રમત્ત સંયમ પ્રત્યયિક જ છે અને તેવું વિશિષ્ટ અપ્રમત્ત સંયમસ્થાનક અપ્રમત્તાદિ ગુણસ્થાનકે જ હોય છે તેથી પ્રમત્તસંયત નામના છઠ્ઠા ગુણસ્થાનકે આહારકદ્વિકનો બંધ નથી.

હવે અપ્રમત્ત સંયત નામના સાતમા ગુણઠાણે (૨૮-૨૯-૩૦-૩૧) દેવગતિ પ્રાયોગ્ય અઠ્યાવીસ, ઓગણત્રીસ, ત્રીસ અને એકત્રીસ એમ ચાર બંધસ્થાનક હોય છે.

અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનકે (૨૮-૨૯-૩૦-૩૧ અને ૧ એમ) અઠ્યાવીસ ઓગણત્રીસ, ત્રીસ, એકત્રીસ અને એક એમ કુલ પાંચ બંધસ્થાનકો હોય છે. ત્યાં ચાર

બંધસ્થાનકો તો પૂર્વે કહ્યા તે જ દેવગતિપ્રાયોગ્ય ૨૮-૨૯-૩૦-અને ૩૧ હોય છે. તથા પાંચમું યશઃ કીર્તિ સ્વરૂપ નામકર્મની એકપ્રકૃતિ વાળું બંધસ્થાનક આઠમાના સાતમા ભાગે હોય છે.

નવમા-દસમા ગુણસ્થાનકે યશઃ કીર્તિના બંધ સ્વરૂપ એકનું એક જ બંધસ્થાનક હોય છે. આ પ્રમાણે ગુણસ્થાનકોમાં નામકર્મનાં બંધસ્થાનકો કહ્યાં.

હવે એકેન્દ્રિય પ્રાયોગ્ય નામકર્મનાં (૨૩-૨૫-૨૬) ત્રેવીસ - પચ્ચીસ અને છવ્વીસ એમ ત્રણ બંધસ્થાનકો પૂર્વે કહ્યાં છે તે હવે સમજાવાય છે.

ત્યાં તિર્યંચગતિ, તિર્યંચની આનુપૂર્વી, એકેન્દ્રિયજાતિ, ઔદારિક શરીર, હુંડક સંસ્થાન, દુઃસ્વર વિના સ્થાવર દશક, (તૈજસ - કાર્મણ, વર્ણાદિ ચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ, નામવાળી) નામ કર્મની ધ્રુવબંધિની નવ પ્રકૃતિઓ એમ કુલ (૨૩) ત્રેવીસ કર્મપ્રકૃતિઓ નામકર્મની જે છે તે અપર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધને યોગ્ય જાણવી.

અહીં અપર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય સામાન્યથી (૨૫) પચીસ પ્રકૃતિઓ બંધને યોગ્ય છે એમ પૂર્વે કહ્યું છે તેમાં બાદર અને સૂક્ષ્મ એ બન્ને પરસ્પર વિરોધી હોવાથી ગમે તે એક બંધાય છે બીજી બંધાતી નથી. તેવી જ રીતે પ્રત્યેક અને સાધારણ આ બન્નેમાંથી પણ એક જ બંધાય છે. બન્ને સાથે બંધાતી નથી. તેથી બંધને યોગ્ય ભલે (૨૫) પચીસ છે પરંતુ બંધસ્થાનક (૨૩) ત્રેવીસનું જ થાય છે. આ બે જોડકાં પ્રતિપક્ષી હોવાથી (૨૩) ત્રેવીસના બંધમાં કુલ ચાર બંધભાંગા થાય છે. તે આ પ્રમાણે :-

બાદર નામકર્મ બંધાયે છતે ૨૩ ના બંધસ્થાનકનો એક પ્રકાર પ્રત્યેક નામકર્મના બંધની સાથે થાય છે. બીજો પ્રકાર સાધારણના બંધની સાથે થાય છે એ જ પ્રમાણે સૂક્ષ્મ નામકર્મ બંધાયે છતે પણ પ્રત્યેક સાથે તથા સાધારણની સાથે ત્રેવીસનો બંધ બે પ્રકારે થાય છે. આ પ્રમાણે અપર્યાપ્તા એકેન્દ્રિયપ્રાયોગ્ય (૨૩) ત્રેવીસના બંધે કુલ ચાર બંધભાંગા થાય છે.

પર્યાપ્તા એકેન્દ્રિયપ્રાયોગ્ય બન્ધસ્થાનકની ચર્ચામાં અપર્યાપ્ત નામકર્મને દૂર કરીને પર્યાપ્ત નામકર્મ જાણવું તેથી તે જ (૨૩) ત્રેવીસ કર્મપ્રકૃતિઓ પરાઘાત અને ઉચ્છ્વાસની સાથે કરતાં (૨૫) પચીસનું બંધસ્થાનક થાય છે. તે પર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ નું બંધસ્થાનક એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરતા મિથ્યાદૃષ્ટિ જીવને આશ્રયી જાણવું.

પર્યાપ્તા એકેન્દ્રિયપ્રાયોગ્ય પૂર્વે સંભવથી આતપની સાથે (૩૨) બત્રીસ પ્રકૃતિઓ કહી હતી. તેમાં એકેન્દ્રિયપ્રાયોગ્ય (૨૫) પચીસના બંધમાં આતપ કે ઉદ્યોતનો બંધ

સંભવતો નથી. પણ ઉચ્છવાસ અને પરાઘાત સાથે બંધાય છે તે માટે તે બે પ્રક્ષિપ્ત કરવાની છે અને સ્થિર - શુભ અને યશઃ કીર્તિ આ ત્રણ પ્રકૃતિઓ શેષ રહે છે. તે અસ્થિર - અશુભ અને અયશઃકીર્તિની સાથે વિકલ્પે વિચારવાની છે પ્રતિપક્ષભૂત છે. માટે સાથે બંધાતી નથી. તેથી શુભના સ્થાને અશુભ પ્રકૃતિઓ વિકલ્પે બંધયોગ્ય જાણવી. તેમ હોતે છતે (૨૫) પચીસ પ્રકૃતિઓનાં નામો આ પ્રમાણે જાણવાં :-

તિર્યંચગતિ, તિર્યંચની આનુપૂર્વી, એકેન્દ્રિયજાતિ, ઔદારિક શરીર, તૈજસ-કાર્મણ-હુંડકસંસ્થાન, વર્ણાદિ ચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, ઉચ્છવાસ, સ્થાવર, પરાઘાતનામકર્મ, પર્યાપ્ત, બાદર-સૂક્ષ્મ આ બન્નેમાંથી એક, પ્રત્યેક સાધારણ આ બન્નેમાંથી એક, સ્થિર-અસ્થિરમાંથી એક, શુભ અશુભમાંથી એક, યશઃ કીર્તિ અને અપયશઃકીર્તિ આ બન્નેમાંથી પણ એક, દૌર્ભાગ્ય, અનાદેય અને નિર્માણ એમ કુલ (૨૫) પચીસનું બંધસ્થાનક થાય છે.

આ પચીસનો બંધ પર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય હોય ત્યારે (૨૦) વીસ ભાંગા થાય છે. તે આ પ્રમાણે :- ત્યાં બાદર - પર્યાપ્તા - પ્રત્યેક - સ્થિર અને શુભ આ પાંચે પુણ્ય પ્રકૃતિઓ બંધાતી હોય ત્યારે યશઃ કીર્તિની સાથે એકભાંગો, તથા અયશઃકીર્તિની સાથે બીજો ભાંગો, તથા આ જ બન્ને ભાંગા અશુભ ની સાથે પણ જાણવા. તેથી કુલ ચાર ભાંગા થયા. આ ચારે ભાંગા સ્થિરની સાથે થયા. એ જ પ્રમાણે અસ્થિરની સાથે પણ ચાર ભાંગા એમ કુલ આઠ ભાંગા થયા.

તે આઠ ભાંગા બાદર-પર્યાપ્તા-પ્રત્યેકની સાથે થયા. પરંતુ જ્યારે પ્રત્યેકને બદલે સાધારણ લેવાય ત્યારે સ્થિર-અસ્થિર તથા શુભ-અશુભની સાથે અયશઃ કીર્તિની જોડતાં માત્ર ચાર જ ભાંગા થાય છે કારણ કે સાધારણની સાથે યશઃ કીર્તિના બંધનો પ્રતિષેધ હોવાથી તે યશઃનામકર્મ સંબંધી ભાંગાઓની અપ્રાપ્તિ થાય છે.

સૂક્ષ્મનામકર્મ તથા પર્યાપ્તનામકર્મની સાથે પ્રત્યેક-સાધારણ, સ્થિર અસ્થિર, શુભ-અશુભની સાથે અયશઃકીર્તિની જોડતાં આઠ ભાંગા થઇ શકે છે. પરંતુ સૂક્ષ્મનામકર્મની સાથે પણ યશઃકીર્તિનો બંધ ન હોવાથી અહીં પણ તદાશ્રિત ભાંગાની પ્રાપ્તિ થતી નથી. તે કારણથી પચીસના બંધે પર્યાપ્તા એકેન્દ્રિયપ્રાયોગ્ય બંધના કુલ (૨૦) વીસ બંધભાંગા થાય છે. બાદર-પર્યાપ્તા-પ્રત્યેકની સાથે ૮, બાદર-સાધારણની સાથે ૪, સૂક્ષ્મ-પ્રત્યેકની સાથે ૪ અને સૂક્ષ્મ-સાધારણની સાથે ૪ એમ કુલ ૨૦ બંધભાંગા થાય છે.

તે જ (૨૫) પચીસનો બંધ આતપનામકર્મના બંધની સાથે વિચારીએ તો છવીસનો બંધ થાય છે. પરંતુ અહીં છવીસના બંધમાં આતપની સાથે ઉદ્યોતનો બંધ પણ વિકલ્પે સમજી

લેવો. પર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય બન્ધની સાથે ઉદ્યોતનો પણ બન્ધ સંભવે છે. અહીં છવીસના બન્ધમાં કુલ (૧૬) સોળ ભાંગા થાય છે. તે આતપ-ઉદ્યોત, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, યશઃકીર્તિ-અયશઃકીર્તિની સાથે સોળ ભાંગા જાણવા. આતમ તથા ઉદ્યોતની સાથે સૂક્ષ્મ તથા સાધારણનો બંધ થતો નથી. તેથી તદાશ્રિત બન્ધભાંગા થતા નથી. તે આ પ્રમાણે એકેન્દ્રિય પ્રાયોગ્ય ત્રણે બંધસ્થાનકમાં થઈને સર્વસંખ્યાએ મળીને (૪+૨૦+૧૬=૪૦) ચાલીસ બંધભાંગા થાય છે.

હવે બેઇન્દ્રિયપ્રાયોગ્ય બન્ધસ્થાનકનું સ્વરૂપ કહેવાય છે. અપર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય જે (૨૩) ત્રેવીસ પ્રકૃતિઓનો બંધ છે તેમાંથી એક સ્થાવર નામકર્મ દૂર કરવું. જેથી ૨૨ થાય. તેમાં સૂક્ષ્મ અને સાધારણ નામકર્મ બાદરઅને પ્રત્યેકની સાથે જે જોડીને લેવાતું હતું તે બાદ કરીને માત્ર બાદર અને પ્રત્યેક જ લેવું. પણ પ્રતિપક્ષી ન લેવી. તથા સેવાર્ત સંઘયણ, ત્રસનામકર્મ, અને ઔદારિક અંગોપાંગ નામકર્મ એમ ત્રણ ઉમેરવાથી (૨૨-૩-૨૫) બેઇન્દ્રિય પ્રાયોગ્ય (૨૫) પચીસનું બંધસ્થાનક થાય છે તે (૨૫) પચીસનાં નામો આ પ્રમાણે છે.

તિર્યંચગતિ, તિર્યંચની આનુપૂર્વી, બેઇન્દ્રિયજાતિ, ઔદારિક શરીર તૈજસ અને કાર્મણ એમ ત્રણ શરીર, ઔદારિકાંગોપાંગ, હુંડકસંસ્થાન, સેવાર્ત (છેવઠ્ઠુ) સંઘયણ, વર્ણાદિ ચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, ત્રસ, બાદર, અપર્યાપ્ત, પ્રત્યેક, અસ્થિર, અશુભ, દૌર્ભાગ્ય, અનાદેય, અયશઃકીર્તિ અને નિર્માણનામકર્મ.

ઉપરોક્ત આ પચીસ પ્રકૃતિઓ અપર્યાપ્તા બેઇન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરતા મિથ્યાદષ્ટિને જાણવી. આ બંધસ્થાનક અપર્યાપ્તા બેઇન્દ્રિય પ્રાયોગ્ય છે. ત્યાં એક પણ પ્રકૃતિ પ્રતિપક્ષે બંધમાં આવતી નથી. બધી અશુભ જ બંધાય છે તેથી પચીસના બંધે એક બંધભાંગો થાય છે.

આ જ (૨૫) પચીસ પ્રકૃતિઓમાં દુસ્વર-પરાઘાત-ઉચ્છ્વાસ અને અશુભવિહાયોગતિ આ ચારથીયુક્ત કરતાં (૨૫ + ૪ = ૨૯) કુલ ઓગણત્રીસ કર્મ પ્રકૃતિઓ થાય છે આ ૨૯ પર્યાપ્તા બેઇન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરતા એવા મિથ્યાદષ્ટિ જીવોને જાણવી.

આ ૨૯ નું બંધસ્થાનક પર્યાપ્તા બેઇન્દ્રિય પ્રાયોગ્ય હોવાથી અપર્યાપ્ત નામકર્મને બદલે પર્યાપ્ત નામકર્મ જાણવું. અને પર્યાપ્ત નામકર્મ બંધાયે છતે સ્થિર, શુભ અને યશઃ નામકર્મ પણ પ્રતિપક્ષે બંધમાં આવે છે તેથી ત્રણ પ્રકૃતિઓ પ્રતિપક્ષી થવાથી આઠ બંધભાંગા થાય છે અહીં સ્થિરાદિ ત્રણ શુભપ્રકૃતિઓ અસ્થિરાદિ ત્રણની સાથે પ્રતિપક્ષે

બંધાય છે અહીં સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, યશઃકીર્તિ તથા અયશઃકીર્તિ પ્રકૃતિઓની સાથે, કુલ આઠ બંધભાંગા થાય છે.

આ જ (૨૯) ઓગણત્રીસ કર્મપ્રકૃતિઓને ઉદ્યોતની સાથે જોડતાં (૩૦) ત્રીસ પ્રકૃતિઓનું બંધસ્થાનક થાય છે. અહીં પણ સ્થિર-અસ્થિર, શુભ-અશુભ તથા યશઃકીર્તિ-અયશઃકીર્તિની સાથે પૂર્વની જેમ (૮) આઠ ભાંગા થાય છે. સર્વ મળીને બેઇન્દ્રિય પ્રાયોગ્ય (૨૫-૨૯-૩૦) કુલ ૩ બંધસ્થાનક અને તેના અનુક્રમે (૧+૮+૮=૧૭) સત્તર બંધભાંગા થાય છે.

આ જ પ્રમાણે બેઇન્દ્રિયની જેમ જ તેઇન્દ્રિય પ્રાયોગ્ય અને ચઉરિન્દ્રિય પ્રાયોગ્ય પણ આ જ ત્રણ (૨૫-૨૯-૩૦) બંધસ્થાનક તથા આ જ પ્રમાણે સત્તર - સત્તર બંધભાંગા જાણવા. પરંતુ બંધમાં બેઇન્દ્રિય જાતિના સ્થાને તેઇન્દ્રિય જાતિ અથવા ચઉરિન્દ્રિય જાતિ જાણવી. આ પ્રમાણે વિકલેન્દ્રિય પ્રાયોગ્ય કુલ બંધભાંગા (૧૭x૩=૫૧) એકાવન જાણવા.

પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય પણ આ જ ત્રણ (૨૫-૨૯-અને ૩૦) પચીસ-ઓગણત્રીસ તથા ત્રીસનું એમ કુલ ત્રણ બંધસ્થાનકો જાણવાં. ત્યાં પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય (૨૫) પચીસ પ્રકૃતિઓ અપર્યાપ્તા બેઇન્દ્રિય પ્રાયોગ્યની જેમ જ જાણવી. ફક્ત એટલી જ વિશેષતા છે કે બેઇન્દ્રિય જાતિના સ્થાને પંચેન્દ્રિય જાતિ કહેવી.

હવે ૨૯ નું બંધસ્થાનક સમજાવે છે. જે અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૫ છે. તેમાં પરાઘાત - ઉચ્છ્વાસ, દુઃસ્વર, અને અશુભવિહાયોગતિ એમ ચાર પ્રકૃતિઓ સાથે ગણતાં (૨૯) ઓગણત્રીસનું બંધસ્થાનક થાય છે. તે પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય બંધ કરતા જીવને હોય છે.

પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય બંધ જ્યારે થાય ત્યારે સુસ્વર, સૌભાગ્ય, આદેય, પ્રશસ્તવિહાયગતિ, પ્રથમનાં પાંચ સંઘયણ તથા પ્રથમનાં પાંચ સંસ્થાન એમ કુલ (૧૪) ચૌદ પ્રકૃતિઓ બીજી પણ પરાવર્તે પરાવર્તે બંધમાં આવે છે. આ ચૌદે પ્રકૃતિઓ દુસ્વરાદિ (દુઃસ્વર, દૌર્ભાગ્ય, અનાદેય, અશુભ વિદાયોગતિ, છ સંઘયણ અને છ સંસ્થાન)ની સાથે પ્રતિપક્ષભૂત પણે બંધાય છે. તે કારણથી દુઃસ્વર દૌર્ભાગ્ય અને અનાદેયના સ્થાને સુસ્વર, સૌભાગ્ય અને આદેય નામકર્મ પણ પ્રતિપક્ષે બંધાય છે. તથા અશુભવિહાયોગતિના સ્થાને શુભવિહાયોગતિ, હુંડક સંસ્થાનના સ્થાને બાકીનાં પાંચ સંસ્થાનોનો પણ બંધ થાય છે. તેવી જ રીતે સેવાર્ત સંઘયણના સ્થાને શેષ પાંચ સંઘયણ નામકર્મ પણ બંધાય છે તે રીતે પ્રતિપક્ષી પ્રકૃતિઓ સાથે લેતે છતે નીચે મુજબ બંધભાંગા થાય છે.

છ સંસ્થાઓના બંધની સાથે છ સંઘયણનો બંધ થાય છે તેની સાથે પ્રશસ્ત અને અપ્રશસ્ત વિહાયોગતિ પણ પ્રતિપક્ષે બંધાય છે તેની સાથે સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, સૌભાગ્ય-દૌર્ભાગ્ય, સુસ્વર-દુઃસ્વર, આદેય-અનાદેય, તથા યશઃકીર્તિ અને અયશઃકીર્તિની સાથે જોડતાં અનુક્રમે (૬ X ૬ X ૨ X ૨ X ૨ X ૨ X ૨ X ૨ X ૨ = ૪૬૦૮) ગુણાકાર કરતાં કુલ છેંતાલીસસો અને આઠ બંધભાંગા થાય છે.

આ જ (૨૯) ઓગણત્રીસના બંધમાં એક ઉદ્યોત ઉમેરતાં ત્રીશનું બંધસ્થાનક થાય છે ત્યાં પણ પૂર્વોક્ત પ્રકૃતિઓ સર્વે પ્રતિપક્ષે બંધાય છે. તેથી ત્યાં પણ (૪૬૦૮) છેંતાલીસસો અને આઠ બંધભાંગા થાય છે. સર્વમળીને પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય (૨૫-૨૯-૩૦) એમ ત્રણે બંધસ્થાનકે (૧ + ૪૬૦૮ + ૪૬૦૮ = ૯૨૧૭) નવહજાર બસોહ અને સત્તર બંધ ભાંગા થાય છે.

એકેન્દ્રિય-વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય એમ સર્વ તિર્યંચ પ્રાયોગ્ય બંધસ્થાનક (૨૩-૨૫-૨૬-૨૮-૨૯-૩૦ = ૬) છ થાય છે. અને બંધભાંગા અનુક્રમે (એકેન્દ્રિય પ્રાયોગ્ય ૪૦, વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૫૧ અને પંચેન્દ્રિય તિર્યંચપ્રાયોગ્ય ૯૨૧૭) એમ સર્વ મળીને કુલ ૯૩૦૮ નવહજાર ત્રણસોહ અને આઠ બંધભાંગા થાય છે. તે આ પ્રમાણે તિર્યંચગતિ પ્રાયોગ્ય બંધસ્થાનક તથા બંધભાંગા સમજાવ્યા.

હવે મનુષ્યપ્રાયોગ્ય બંધસ્થાનક તથા બંધભાંગા કહેવાય છે :- ત્યાં પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય જે બંધસ્થાનક ૨૫-૨૯-૩૦ છે. તે જ ત્રણ બંધસ્થાનક મનુષ્યપ્રાયોગ્ય પણ જાણવાં. પરંતુ તિર્યંચગતિના સ્થાને મનુષ્યગતિ, તિર્યંચાનુપૂર્વીના સ્થાને મનુષ્યાનુપૂર્વી જાણવી. તથા તિર્યંચપ્રાયોગ્ય ૨૯ ના બંધમાં ઉદ્યોત ઉમેરવાથી જેમ તિર્યંચપ્રાયોગ્ય ૩૦ નું બંધસ્થાનક થાય છે તેવી જ રીતે મનુષ્યપ્રાયોગ્ય ૨૯ ના બંધમાં તીર્થંકર નામકર્મ ઉમેરવાથી મનુષ્યપ્રાયોગ્ય ૩૦ નું બંધસ્થાનક પણ થાય છે.

મનુષ્ય પ્રાયોગ્ય આ ૨૫-૨૯-અને ૩૦ એમ ત્રણે બંધસ્થાનકોમાં અનુક્રમે પચ્ચીસના બંધે પૂર્વની જેમ (૧) એક જ બંધભાંગો, ઓગણત્રીસના બંધસ્થાનકમાં ૪૬૦૮, અને આ જ (૨૯) ઓગણત્રીસને તીર્થંકર નામકર્મ સહિત કરતાં (૩૦) ત્રીસનું બંધસ્થાનક થાય છે પરંતુ આ ત્રીસના બંધસ્થાનકમાં તીર્થંકર નામકર્મનો બંધ હોવાથી સંસ્થાન સમચતુરસ્રજ, સંઘયણ પણ વજ્રઋષભ નારાચ, અને વિહાયોગતિ પણ પ્રશસ્ત જ બંધમાં લેવી બાકીનાં પાંચ સંસ્થાન પાંચ સંઘયણ અને અશુભ વિહાયોગતિનો બંધ તીર્થંકરનામકર્મની સાથે થતો નથી. તેથી પ્રકૃતિઓ આ પ્રમાણે કહેવી.

મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક, પંચેન્દ્રિય જાતિ, તૈજસ-કાર્મણ શરીર, પ્રથમ સંઘયણ, પ્રથમ સંસ્થાન, વર્ણાદિ ચતુષ્ટય, અગુરુલઘુ, પરાઘાત, ઉપઘાત, ઉચ્છ્વાસ, પ્રશસ્ત વિહાયોગતિ, ત્રસ ચતુષ્ક, સ્થિર-અસ્થિરમાંથી એક, શુભ અને અશુભમાંથી એક, સૌભાગ્ય, સુસ્વર, આદેય, યશઃકીર્તિ અને અયશઃ કીર્તિમાંથી એક, તીર્થંકર નામકર્મ અને નિર્માણ નામકર્મ એમ કુલ આ ૩૦ મનુષ્યપ્રાયોગ્ય પ્રકૃતિઓ સમ્યગ્દૃષ્ટિ દેવો અને નારકીના જીવો બાંધે છે.

આ બંધસ્થાનકમાં સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, અને યશઃકીર્તિ તથા અયશઃકીર્તિની સાથે પરસ્પર મળીને આઠ (૮) બંધભાંગા થાય છે. સર્વ મળીને મનુષ્યગતિ પ્રાયોગ્ય (૨૫-૨૯-૩૦) એમ ત્રણ બંધસ્થાનકોમાં સાથે મળીને મનુષ્ય પ્રાયોગ્ય (૧+૪૬૦૮+૮=૪૬૧૭) ચાર હજાર છસોહ અને સત્તર બંધભાંગા થાય છે.

હવે નરકગતિ પ્રાયોગ્ય બંધ કરતા જીવોમાં એક (૨૮) અઠ્ઠાવીસનું જ બંધસ્થાનક હોય છે તે અઠ્ઠાવીસ પ્રકૃતિઓ આ પ્રમાણે જાણવી. નરકદ્વિક, પંચેન્દ્રિય નીતિ, વૈક્રિયદ્વિક, તૈજસ-કાર્મણ, હુંડક, વર્ણચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, અશુભ વિહાયોગતિ, ત્રસ ચતુષ્ક, અસ્થિર ષટ્ક, અને નિર્માણનામકર્મ આ નરક પ્રાયોગ્ય (૨૮) અઠ્ઠાવીસનું બંધસ્થાનક મિથ્યાદૃષ્ટિ જીવોને જાણવું. ત્યાં સર્વ અશુભ પ્રકૃતિઓ હોવાથી ફક્ત એક જ બંધભાંગો થાય છે.

હવે દેવપ્રાયોગ્ય બંધસ્થાનક કહેવાય છે તે (૨૮-૨૯-૩૦-૩૧) અઠ્ઠાવીસ, ઓગણત્રીસ, ત્રીસ અને એકત્રીસ એમ કુલ ચાર હોય છે. ત્યાં (૨૮) અઠ્ઠાવીસના બંધસ્થાનકમાં ૨૮ પ્રકૃતિઓ આ પ્રમાણે જાણવી. દેવગતિ, દેવાનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ, વૈક્રિયદ્વિક, તૈજસ-કાર્મણ, સમચતુરસ્ર સંસ્થાન, વર્ણચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ નામકર્મ, પ્રશસ્ત વિહાયોગતિ, ત્રસ ચતુષ્ક, સ્થિરઅસ્થિરમાંથી એક, શુભ-અશુભમાંથી એક, સૌભાગ્યત્રિક, યશઃકીર્તિ અને અયશઃકીર્તિમાંથી એક અને નિર્માણ નામકર્મ આ પ્રમાણે દેવપ્રાયોગ્ય ૨૮ નો બંધ જાણવો.

આ બંધસ્થાનક મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદનગુણસ્થાનકવર્તી જીવો,મિશ્રદૃષ્ટિ જીવો, અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો, દેશવિરતિધર તિર્યંચો અને મનુષ્યો, તથા સર્વવિરતિધર મનુષ્યોને દેવગતિ પ્રાયોગ્ય બંધ કરતી વેળાએ જાણવું. આ બંધસ્થાનકમાં સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, અને યશઃ કીર્તિ તથા અયશઃ કીર્તિની સાથે આઠ બંધભાંગા થાય છે.

આ જ અઠ્યાવીસના બંધમાં તીર્થંકરનામકર્મ સહિત બંધ કરતાં (૨૯) ઓગણત્રીસનું દેવપ્રાયગ્ય બંધસ્થાનક થાય છે. અહીં પણ તે જ આઠ બંધભાંગા જાણવા. પરંતુ આ બંધસ્થાનક તીર્થંકર નામકર્મ સહિત હોવાથી અવિરત સમ્યગ્દષ્ટિ આદિ ગુણસ્થાનકવર્તી મનુષ્યોને જ માત્ર હોય છે. એકેન્દ્રિયાદિ તિર્યંચોને આ બંધસ્થાનક હોતું નથી.

તથા વળી દેવપ્રાયોગ્ય (૩૦) ત્રીસનું બંધસ્થાનક આ પ્રમાણે જાણવું. (૨૮) અઠ્યાવીસમાં તીર્થંકર નામકર્મ ન ઉમેરતાં અને આહારકદ્વિકનો બંધ ઉમેરતાં ૩૦નું બંધસ્થાનક થાય છે. તે (૩૦) ત્રીસ પ્રકૃતિઓ આ પ્રમાણે છે. દેવદ્વિક, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, તૈજસ-કાર્મણ, સમચતુરસ્ર સંસ્થાન, વર્ણચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, શુભવિહાયોગતિ, ત્રસદશક અને નિર્માણનામકર્મ આ ૩૦ ના બંધમાં સર્વ પણ પ્રકૃતિઓ શુભ હોવાથી એક જ બંધભાંગો થાય છે.

આ જ દેવપ્રાયોગ્ય જે ૩૦ નું બંધસ્થાનક છે તેમાં જિનનામકર્મ સાથે જો બંધ વિચારીએ તો ૩૧ નું બંધસ્થાનક થાય છે આ ૩૧નું બંધ સ્થાનક પણ ૩૦ ના બંધની જેમ જ એકાન્તે સર્વ પણ પ્રકૃતિઓ શુભ જ બંધાય છે. તેથી એક જ બંધભાંગો થાય છે. સર્વ સંખ્યાએ મળીને દેવગતિપ્રાયોગ્ય ચારે બંધસ્થાનકોમાં અનુક્રમે (૮+૮+૧+૧=૧૮)અઢાર બંધભાંગા થાય છે.

આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગથી આગળ દેવગતિપ્રાયોગ્ય બંધ વિચ્છેદ થાય છે ત્યારે યશઃ કીર્તિનામકર્મ નામનું એકનું એક જ બંધસ્થાનક હોય છે આ બંધસ્થાનક આઠમા ગુણઠાણાના સાતમા ભાગે, તથા અનિવૃત્તિ બાદર સંપરાય નામના નવમા ગુણસ્થાનકે તથા સૂક્ષ્મસંપરાય નામના દસમા ગુણસ્થાનકે એમ કુલ ત્રણ ગુણસ્થાનકે હોય છે.

ચારે ગતિનાં સાથે મળીને કુલ બંધસ્થાનકો (૨૩-૨૫-૨૬-૨૮-૨૯-૩૦-૩૧-૧ એમ) આઠ છે. તથા બંધભાંગા કુલ (૧૩૯૪૫) તેરહજાર નવસોહ પિસ્તાલીસ બંધભાંગા થાય છે ત્યાં તિર્યંચપ્રાયોગ્યમાં ૯૩૦૮, મનુષ્યપ્રાયોગ્યમાં ૪૬૧૭, દેવપ્રાયોગ્યમાં ૧૮, નરક પ્રાયોગ્યમાં ૧, અને ચારે ગતિને અપ્રાયોગ્ય ૧, એમકુલ ૧૩૯૪૫ બંધભાંગા જાણવા.

હવે નામકર્મની પ્રકૃતિઓનો ગુણસ્થાનકોને આશ્રયી ક્યાં ક્યાં બંધ વિચ્છેદ થાય છે. તે બીજા કર્મગ્રંથ પ્રમાણે સમજાવાય છે.

(૧) સાધારણ-સૂક્ષ્મ-આતપ-સ્થાવર, નરકદ્વિક, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય,

અને ચઉરિન્દ્રિયજાતિ એમ ચાર જાતિનામકર્મ, હુંડક સંસ્થાન, અપર્યાપ્ત નામકર્મ, સેવાર્ત સંઘયણ એમ કુલ (૧૩) તેર કર્મપ્રકૃતિઓનો મિથ્યાદૃષ્ટિગુણસ્થાનકના અંતે બંધવિચ્છેદ થાય છે એટલે કે મિથ્યાદૃષ્ટિ જીવો આ તેર પ્રકૃતિઓનો બંધ કરે છે પણ સાસ્વાદનાદિ ઉપરના ગુણસ્થાનકવાળા જીવો આ તેરનો બંધ કરતા નથી. આ જ પ્રમાણે બંધવિચ્છેદમાં સર્વઠેકાણે આ પ્રમાણે જ ભાવાર્થ જાણવો.

(૨) અશુભવિહાયોગતિ, દુસ્વર, દૌર્ભાગ્ય, ઉદ્યોત, અનાદેય, તિર્યંચદ્વિક અને મધ્યનાં ચાર સંઘયણ અને મધ્યનાં ચાર સંસ્થાન એમ કુલ પન્નર પ્રકૃતિઓનો બન્ધ વિચ્છેદ સાસ્વાદન ગુણસ્થાનકના અન્તે જાણવો.

(૩) ઔદારિકદ્વિક, મનુષ્યદ્વિક, પ્રથમ સંઘયણ એમ પાંચ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ અવિરતસમ્યગ્દૃષ્ટિ નામના ચોથા ગુણસ્થાનકના ચરમ સમયે થાય છે એટલે કે મિથ્યાદૃષ્ટિ જીવોથી પ્રારંભીને અવિરત સમ્યગ્દૃષ્ટિ સુધીના જીવો આ પ્રકૃતિઓને બાંધનારા છે. પરંતુ દેશવિરતિધર વિગેરે ઉપરના ગુણસ્થાનકવર્તી જીવો આ પ્રકૃતિઓ બાંધતા નથી.

(૫) અસ્થિર-અશુભ અને અયશઃ કીર્તિનામકર્મ આ ત્રણ કર્મ પ્રકૃતિઓનો પ્રમત્ત નામના છઠ્ઠા ગુણસ્થાનકના ચરમસમયે બંધવિચ્છેદ થાય છે એટલે કે છઠ્ઠા ગુણસ્થાનક સુધી બંધાય છે. પણ સાતમાથી આ પ્રકૃતિઓ બંધાતી નથી.

દેવદ્વિક, વૈક્રિયદ્વિક, તૈજસ-કાર્મણ, વર્ણ ચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ, પરાઘાત, ઉચ્છ્વાસ, પ્રશસ્ત વિહાયોગતિ, ત્રસ નવક, સમચતુરસ્ર સંસ્થાન, પંચેન્દ્રિય જાતિ, સ્વરૂપ કુલ અઠ્યાવીસ કર્મપ્રકૃતિઓનો બંધવિચ્છેદ આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનકે (ગુણ-સ્થાનકના છઠ્ઠા ભાગે) થાય છે અને યશઃનામકર્મનો બંધવિચ્છેદ દશમા ગુણઠાણે થાય છે.

હવે આહારકદ્વિકનો ઉદય પ્રમત્ત તથા અપ્રમત્ત એમ બન્ને ગુણસ્થાનકે હોય છે. પરંતુ તે બે પ્રકૃતિઓનો બંધ અપ્રમત્તે તથા અપૂર્વકરણ એમ બે ગુણસ્થાનકે હોય છે.

તીર્થંકર નામકર્મનો ઉદય સયોગિ કેવલિ તથા અયોગિકેવલિ એમ બે ગુણસ્થાનકોમાં જ હોય છે. પરંતુ તે જિનનામનો બંધ અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકથી આરંભીને અપૂર્વકરણ ગુણસ્થાનકના (મધ્યભાગ સુધી) અર્થાત્ છઠ્ઠા ભાગ સુધી હોય છે.

યશઃકીર્તિ નામકર્મનો બંધ મિથ્યાદૃષ્ટિગુણસ્થાનકથી આરંભીને સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક સુધી હોય છે તે આ પ્રમાણે નામકર્મના બંધમાં જે જે કહેવાનું હતું તે કહ્યું - હવે નામકર્મના ઉદયમાં જે કહેવાનું છે તે હવે કહીએ છીએ -

(૧) એકેન્દ્રિય જીવોને આશ્રયી ઉચ્છ્વાસના ઉદયથી આગળ અને પાછળ એમ બન્ને રીતે આતપનો ઉદય તથા ઉદ્યોતનો ઉદય થાય છે. તેથી ઉદયભાંગા કરતી વેળાએ ધ્યાન રાખવું.

(૨) બેઈન્દ્રિયાદિ જીવોને આશ્રયી ઉચ્છ્વાસના અને સ્વરના ઉદયથી આગળ અને પાછળ એમ બન્ને રીતે ઉદ્યોતનો ઉદય થાય છે આ જ રીતે આ વિષય આગળ ઉપર પણ સમજાવવામાં આવશે.

(૩) તથા સૂક્ષ્મનામકર્મ, અપર્યાપ્ત નામકર્મ, સાધારણનામકર્મ તથા ઉદ્યોત નામકર્મ એમ આ ચાર કર્મોમાંના કોઈપણ કર્મના ઉદયની સાથે આતપ નામકર્મનો ઉદય થતો નથી.

(૪) જેમ પ્રત્યેક નામકર્મના ઉદયની સાથે ઉદ્યોત અને યશઃ નામકર્મનો ઉદય હોય છે. તેમ સાધારણ નામકર્મના ઉદયની સાથે પણ ઉદ્યોત અને યશનામકર્મનો ઉદય હોઇ શકે છે.

(૫) દૌર્ભાગ્ય અનાદેય અને અયશકીર્તિનો ઉદય હોતે છતે બાદર પર્યાપ્તા વાઉકાય જીવો વૈક્રિયશરીરને આશ્રયી વૈક્રિયનામકર્મના ઉદયવાળા હોય છે. અહીં બાદરપર્યાપ્તા વાઉકાય ગ્રહણ કર્યા હોવાથી સૂક્ષ્મ પર્યાપ્તા, સૂક્ષ્મઅપર્યાપ્તા તથા બાદર અપર્યાપ્તા એમ ત્રણ પ્રકારના વાઉકાયનો અહીં ત્યાગ થાય છે. આ ત્રણ પ્રકારના વાઉકાયને વૈક્રિયશરીર નામકર્મનો ઉદય હોતો નથી. કારણ કે તે ત્રણ પ્રકારના વાઉકાયજીવોમાં વૈક્રિયલબ્ધિનો જ અભાવ હોય છે.

પ્રજ્ઞાપનાસૂત્રની ચૂર્ણિમાં કહ્યું છે કે "तिण्हं रासीणं वेउव्वियलद्धी चेव णत्थि, बायरपज्जत्ताणं संखेज्जइमे भागे तस्सत्ति" આ પાઠનો અર્થ આ પ્રમાણે કરવો કે વાઉકાય જીવોની ત્રણ રાશિમાં તો વૈક્રિયલબ્ધિ જ નથી. અને બાદરપર્યાપ્તમાં પણ સંખ્યાતમા ભાગ પ્રમાણ જીવોને જ તે વૈક્રિયલબ્ધિ હોય છે."

(૬) તથા દૌર્ભાગ્ય અને અનાદેયનો ઉદય હોય ત્યારે પણ દેવગતિનો ઉદય હોઈ શકે છે. દેવગતિનો ઉદય માનવામાં કોઈ વિરોધ નથી.

(૭) તથા આહારક શરીર અને આહારક અંગોપાંગ આ બન્ને કર્મોના ઉદયકાળે દૌર્ભાગ્ય અનાદેય અને અયશઃ કીર્તિનો ઉદય વિરોધી છે. અર્થાત્ આહારકના ઉદયની સાથે આ ત્રણ કર્મોનો ઉદય હોતો નથી. પરંતુ અસ્થિર અને અશુભનો ઉદય અવિરૂદ્ધ છે. એટલે કે આહારકના ઉદયની સાથે અસ્થિર અને અશુભનો ઉદય હોય છે કારણ કે અસ્થિર અને અશુભ આ બન્ને નામકર્મો ધ્રુવોદયી છે.

(૮) તથા બેઇન્દ્રિયાદિ ત્રણે પ્રકારના વિકલેન્દ્રિય જીવોમાં સુસ્વરનો ઉદય હોવામાં કંઈ વિરોધ નથી. અર્થાત્ સુસ્વરનો ઉદય હોઈ શકે છે શંખાદિના જીવોને સુસ્વરનો ઉદય હોય છે. જેનો સ્વર લોકોને મધુર લાગે છે.

(૯) તથા જે મનુષ્યો દેશવિરતિધર હોય અથવા સર્વવિરતિધર હોય તેવા મનુષ્યો જ્યારે જ્યારે વૈક્રિયશરીર અથવા યથોયોગપણે આહારક શરીર બનાવે ત્યારે શરીરની રચનાને કરવામાં વર્તતા હોય ત્યારે ઉદ્યોતનામકર્મનો ઉદય હોઈ શકે છે ઉદ્યોતનો ઉદય માનવામાં કંઈ વિરોધ નથી, પરંતુ બીજા મનુષ્યોને ઉદ્યોતનો ઉદય સંભવતો નથી.

આ પ્રમાણે ઉદયના વિષયમાં સંભવતી વિચારણા કરીને હવે નામકર્મનાં ઉદયસ્થાનક (તથા તેના ઉદય ભાંગા) સમજાવાય છે.

ચારે ગતિના જીવોને આશ્રયી સામાન્યથી નામકર્મના કુલ (૧૨) બાર ઉદયસ્થાનક છે. તે આ પ્રમાણે :- (૨૦-૨૧-૨૪-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧-૯-૮) વીસ, એકવીસ, ચોવીસ, પચ્ચીસ, છવ્વીસ, સત્યાવીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ, ત્રીસ, એકત્રીસ, નવ અને આઠ એમ કુલ (૧૨) બાર ઉદયસ્થાનકો છે. તે આ બારે ઉદય સ્થાનકો ચાર ગતિમાં વિચારાય છે.

(૧) મનુષ્યની ગતિમાં (૨૪) ચોવીસનું એક ઉદયસ્થાનક વર્જીને શેષ બાકીનાં (૧૧) અગીયાર ઉદયસ્થાનકો હોય છે. પરંતુ ચોવીશનું ઉદયસ્થાનક મનુષ્યગતિમાં સંભવતું નથી. કારણ કે તે ચોવીશનું ઉદયસ્થાનક એકેન્દ્રિયમાં જ માત્ર હોય છે.

(૨) તિર્યંચગતિના જીવોમાં (૨૦-૮-અને ૯) વીશ, આઠ અને નવ એમ ત્રણ ઉદયસ્થાનકને વર્જીને શેષ નવ ઉદયસ્થાનકો હોય છે. આ ત્રણ ઉદયસ્થાનક તિર્યંચગતિમાં ન હોવાનું કારણ આ પ્રમાણે છે. નવ અને આઠનો ઉદય અયોગિકેવલી ભગવંતોને જ હોય છે અને વીશનું ઉદયસ્થાનક પણ સયોગિ કેવલી ભગવન્તોને કેવલી સમુદ્ઘાતના કાળે જ હોય છે તિર્યંચગતિમાં અયોગિ કે સયોગિ એમ બન્ને પ્રકારની પણ કેવલી અવસ્થા સંભવતી નથી. તે માટે આઠ-નવ અને વીશનો ઉદય સંભવતો નથી.

(૩) નરકગતિના જીવોમાં નામકર્મનાં પાંચ ઉદયસ્થાનક હોય છે (૨૧-૨૫-૨૭-૨૮-૨૯) એકવીસ, પચ્ચીસ, સત્યાવીસ, અઠ્યાવીસ અને ઓગણત્રીસ અહીં બધી અશુભ જ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે.

(૪) દેવગતિના જીવોમાં છ ઉદયસ્થાનક હોય છે. નરકમાં કહેલાં પાંચ તથા

વધારામાં ફક્ત ત્રીસનું એક ઉદયસ્થાનક વધારે છે. જેથી ૨૧-૨૫-૨૭-૨૮-૨૯-૩૦ એમ કુલ છ ઉદયસ્થાનક હોય છે.

હવે ચૌદ ગુણસ્થાનકોમાં નામકર્મનાં ઉદયસ્થાનક વિચારાય છે. (૧) મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે (૨૧-૨૪-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧) એકવીસ તથા ચોવીસથી આરંભીને એકત્રીસ સુધીનાં એમ કુલ નવ ઉદયસ્થાનકો હોય છે કારણ કે મિથ્યાદૃષ્ટિપણું સર્વ જીવયોનિમાં સંભવે છે. માટે લગભગ સર્વ ઉદયસ્થાનકો ઘટે છે ફક્ત (૨૦-૯-૮) વીશ-નવ અને આઠ એમ આ ત્રણ ઉદયસ્થાનક ત્યાં સંભવતાં નથી. કારણ કે આ ત્રણે ઉદયસ્થાનકો કેવલી અવસ્થામાં જ આવે છે. માટે મિથ્યાત્વે સંભવતાં નથી.

(૨) સાસ્વાદનગુણસ્થાનકે પણ આ (૨૦-૯ અને ૮ એમ ત્રણ ઉદયસ્થાનક વિના બાકીનાં) જે નવ ઉદયસ્થાનકો છે તેમાંથી પણ સત્યાવીસ અને અઠ્યાવીસ એમ બે ઉદયસ્થાનક વર્જીને બાકીનાં સાત ઉદયસ્થાનકો સાસ્વાદને હોય છે ગયા ભવથી સાસ્વાદન લઈને આવનારા જીવોને ૨૧-૨૪-૨૫-૨૬ આ ચાર ઉદયસ્થાનકો હોય છે. સાસ્વાદન લઈને એકેન્દ્રિયમાં જનારા જીવોને ૨૧-૨૪, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યમાં જનારા જીવોને ૨૧, ૨૬ અને સાસ્વાદન લઈને દેવોમાં જનારા જીવોને આશ્રયી ૨૧-૨૫ એમ પારભવિક સાસ્વાદન લઈને આવનારા જીવોમાં કુલ (૨૧-૨૪-૨૫-૨૬) ચાર ઉદયસ્થાનક હોય છે.

પરંતુ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા થયા બાદ આ ચાલું ભવમાં નવું સમ્યક્ત્વપ્રાપ્ત કરીને ત્યાંથી પડીને સાસ્વાદને આવનારા જીવોને આશ્રયી દેવ-નારકીને ૨૯, પંચેન્દ્રિય તિર્યંચને ૩૦-૩૧, અને મનુષ્યોને આશ્રયી ૩૦ એમ પર્યાપ્તાને આશ્રયી ૨૯-૩૦-૩૧ કુલ બન્ને મળીને (૪+૩=૭) સાત ઉદયસ્થાનક સાસ્વાદને હોઈ શકે છે.

ત્યાં ૨૧ નું ઉદયસ્થાનક ભવાન્તરમાં જતા સાસ્વાદનવર્તી જીવોમાં, ૨૪ નું ઉદયસ્થાનક પર્યાપ્તા પ્રત્યેક બાદર એકેન્દ્રિય જીવોને જન્મના પ્રથમાદિ સમયોમાં (કેટલોક કાળે). ૨૬નું ઉદયસ્થાનક બેઇન્દ્રિયાદિ જીવોમાં ઉત્પન્ન થતા જીવને કેટલોક કાળ, ૨૫ નું ઉદયસ્થાનક ઉત્તરવૈક્રિય શરીરની રચના કરે તે કાળે (અથવા દેવભવમાં સાસ્વાદન લઈને ઉત્પન્ન થનારા જીવને).

ઓગણત્રીસનું ઉદયસ્થાનક પર્યાપ્તા નારકીના જીવોને, ત્રીસનું ઉદયસ્થાનક પર્યાપ્તા મનુષ્યોને તથા દેવોને, અને એકત્રીસનું ઉદયસ્થાનક ઉદ્યોતના ઉદયવાળા પંચેન્દ્રિય તિર્યંચોને હોય છે.

**પ્રશ્ન :** (૨૭-૨૮) સત્યાવીસ અને અઠ્યાવીસ આ બે ઉદયસ્થાનકો સાસ્વાદને કેમ ત્યજવામાં આવે છે ? સાસ્વાદને ૨૭-૨૮ નું ઉદયસ્થાનક કેમ ગ્રહણ કરતા નથી.

**ઉત્તર :** સત્યાવીસ અને અઠ્યાવીસનો ઉદય પર્યાપ્તાવસ્થા કંઈક અધુરી હોય ત્યારે જ આવે છે અને સાસ્વાદન ગુણસ્થાનક સમ્યક્ત્વ પામ્યા પછી પડતાં જ આવે છે. પર્યાપ્તાવસ્થા સમાપ્ત ન થઈ હોય ત્યારે આ જીવ નવું સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકતો નથી. અને તેના વિના સાસ્વાદને આવતો નથી.

ગયા ભવથી સાસ્વાદન લઈને આવે તો તેનો કાળ છ આવલિકા માત્ર જ હોવાથી બે ઉદયસ્થાનક સુધી જ સાસ્વાદન ટકે છે તેથી અધિકકાળ સાસ્વાદન ટકતું નથી માટે ૨૧-૨૪, ૨૧-૨૫, અથવા ૨૧-૨૬ નાં ઉદયસ્થાનકો જ હોય છે પરંતુ છ આવલિકા પછી આવનારાં ૨૭-૨૮ ના ઉદયસ્થાનકો સાસ્વાદને હોતાં નથી. તે માટે ૨૭-૨૮ આ બે ઉદયસ્થાનકો સાસ્વાદને સંભવતાં નથી.

(૪) ઉપર કહેલાં નવ ઉદયસ્થાનકોમાંથી માત્ર એક ચોવીસના ઉદય સ્થાનકને બાદ કરીને શેષ (૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧) એમ કુલ આઠ ઉદયસ્થાનકો ચોથા ગુણઠાણે હોય છે. કારણ કે ચોથુ ગુણસ્થાનક ચારે ગતિમાં ઉત્પન્ન થતા જીવોમાં અને ઉત્પન્ન થયેલા જીવોમાં હોઈ શકે છે માત્ર એકેન્દ્રિય વિકલેન્દ્રિયમાં આ ગુણસ્થાનક સંભવતું નથી. તેથી આ ચોથુ ગુણસ્થાનક ઉત્પત્તિવાળી અવસ્થામાં અથવા પર્યાપ્તાવસ્થામાં પણ પ્રાપ્ત થાય છે. તે કારણે આઠ ઉદયસ્થાનક હોઇ શકે છે.

તે ચોથા ગુણઠાણાવાળા જીવોને ચોવીસનો ઉદય સંભવતો નથી. કારણ કે ચોવીસનો ઉદય એકેન્દ્રિયમાં જ હોય છે અને એકેન્દ્રિય જીવોને ચોથુ ગુણસ્થાનક સંભવતું જ નથી. આ પ્રમાણે ચોથે ગુણઠાણે (૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦અને ૩૧ એમ કુલ) આઠ ઉદયસ્થાનકો અવિરત સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે.

ચોથા ગુણઠાણે જે આઠ ઉદયસ્થાનકો કહ્યાં છે તેમાંથી ૨૫નું એક ઉદયસ્થાનક બાદ કરીને તથા ૨૦નું એક ઉદયસ્થાનક ઉમેરીએ તો (૨૦-૨૧-૨૬-૨૭-૨૮-૨૯-૩૦ અને ૩૧) એમ કુલ (૮) આઠ ઉદયસ્થાનકો સંયોગી કેવલી ભગવાનને તેરમા ગુણઠાણે હોય છે.

ત્યાં (૨૦-૨૧-૨૬-૨૭) વીસ, એકવીસ, છવ્વીસ અને સત્યાવીસ આ ચાર ઉદયસ્થાનકો કેવલી ભગવાનને કેવલી સમુદ્‌ઘાતાવસ્થામાં હોય છે. (૨૮-૨૯) અઠ્યાવીસ અને ઓગણત્રીસ આ બન્ને ઉદયસ્થાનકો કેવલી ભગવાનને યોગનિરોધ કરતી વેળાએ હોય છે.

ત્રીસ પ્રકૃતિનું ઉદયસ્થાનક સામાન્ય કેવલીને સદાકાળ હોય છે. પરંતુ તીર્થંકર કેવલી ભગવાનને તેરમાના છેડે વચનયોગનો નિરોધ કરે ત્યારે સ્વરના ઉદય વિના ૩૦નું ઉદયસ્થાનક હોય છે અને એકત્રીસનો ઉદય તીર્થંકર કેવલી ભગવાનને સયોગી કેવલી ગુણઠાણે હોય છે.

(૫) પાંચમા દેશવિરતિ ગુણઠાણે ૨૫ વિગેરે (૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧) એમ જે સાત ઉદયસ્થાનકો છે તેમાંથી ૨૬ નું એક ઉદયસ્થાનક વર્જીને શેષ (૬) છ ઉદયસ્થાનકો હોય છે.

ત્યાં ઉત્તરવૈક્રિય કરતા પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યો જે દેશવિરતિધર હોય છે તેવા જીવોને વૈક્રિય શરીરની રચના કરતી વેળાએ (૨૫-૨૭-૨૮ અને ૨૯ એમ) ચાર ઉદયસ્થાનકો હોય. છે અને ૩૦ નું ઉદયસ્થાનક દેશવિરતિધર સામાન્ય તિર્યંચોને તથા સામાન્ય મનુષ્યોને હોય છે અને વૈક્રિય શરીરની રચના કરનારા તિર્યંચ અને મનુષ્યોને પણ હોય છે તથા ૩૧ નો ઉદય ઉદ્યોતના ઉદયવાળા પંચેન્દ્રિય તિર્યંચોને પાંચમે ગુણઠાણે હોય છે.

(૬) છઠ્ઠા પ્રમત્ત સંયત ગુણસ્થાનકે પચ્ચીસથી ત્રીસ સુધીનાં તેમાં છવીસનું ઉદયસ્થાનક વર્જીને બાકીનાં પાંચ ઉદયસ્થાનકો હોય છે ત્યાં (૨૫-૨૭-૨૮-૨૯)પચ્ચીસ-સત્યાવીસ-અઠ્યાવીસ અને ઓગણત્રીસ આ ચાર ઉદયસ્થાનકો આહારકશરીર અથવા વૈક્રિય શરીરની રચના કરતા મુનિને હોય છે અને જે ત્રીસનો ઉદય છે તે સામાન્ય ઔદારિક શરીરધારી સાધુમહાત્માને હોય છે. તથા જે એકત્રીસનું ઉદયસ્થાનક છે તે ફક્ત તિર્યંચોને જ હોય છે. અને તિર્યંચોને છઠ્ઠુ ગુણસ્થાનક હોતું નથી. માટે છઠ્ઠે ગુણઠાણે (૨૫-૨૭-૨૮-૨૯ અને ૩૦ એમ) પાંચ જ ઉદયસ્થાનક હોય છે.

(૭) તથા અપ્રમત્ત નામના સાતમા ગુણઠાણે (૨૯-૩૦) ઓગણત્રીસ અને ત્રીસ એમ બે ઉદયસ્થાનક હોય છે. ત્યાં ૨૯ નું ઉદયસ્થાનક વૈક્રિય અને આહારક શરીરની રચના છઠ્ઠા ગુણઠાણે કરીને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા અને સાતમા ગુણઠાણે આવેલા એવા વૈક્રિય અને આહારકની રચના કરનારા મુનિ મહાત્માઓને હોય છે તથા ૩૦ નું ઉદયસ્થાનક સામાન્ય મનુષ્ય જે સાધુપણામાં વર્તતા હોય તેવા જીવોને પણ હોય છે.

(૮ થી ૧૨) અપૂર્વકરણ-અનિવૃત્તિકરણ-સૂક્ષ્મસંપરાય-ઉપશાન્તમોહ અને ક્ષીણમોહ આ (૮થી ૧૨) પાંચ ગુણસ્થાનકોમાં વૈક્રિય અને આહારકની રચના ન હોવાથી સામાન્ય મનુષ્યોને આશ્રયી માત્ર ત્રીસનું એક જ ઉદયસ્થાનક હોય છે.

(૧૪) ચૌદમા અયોગિકેવલી ગુણસ્થાનકમાં (૮-૯ નું) આઠનું અને નવનું એમ બે ઉદયસ્થાનકો હોય છે ત્યાં આઠનો ઉદય સામાન્યકેવલીને અને નવનો ઉદય તીર્થંકર કેવલી ભગવાનને હોય છે. આ પ્રમાણે ચૌદે ગુણસ્થાનકોમાં ઉદયસ્થાનો તથા ઉદયભોગા વિચાર્યા.

હવે એકેન્દ્રિયાદિ જીવોને વિષે ઉદયસ્થાનકો વિચારાય છે. ત્યાં એકેન્દ્રિય જીવોને નામકર્મનાં પાંચ ઉદયસ્થાનકો હોય છે. (૨૧-૨૪-૨૫-૨૬-૨૭) એકવીસ, ચોવીસ, પચ્ચીસ, છવ્વીસ અને સત્યાવીસ, ત્યાં ૨૧ પ્રકૃતિઓનો ઉદય આ પ્રમાણે જાણવો.

ત્યાં તૈજસ-કાર્મણ, અગુરુલઘુ, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, વર્ણચતુષ્ક અને નિર્માણ એમ કુલ (૧૨) બાર પ્રકૃતિઓ કે જે ઉદયને આશ્રયી ધ્રુવ છે અર્થાત્ ધ્રુવોદયી છે. તથા તિર્યંચદ્વિક, સ્થાવર, એકેન્દ્રિયજાતિ, સૂક્ષ્મ-બાદરમાંથી એક, પર્યાપ્ત-અપર્યાપ્તામાંથી એક, દૌર્ભાગ્ય, અનાદેય, તથા યશઃકીર્તિ અને અયશઃકીર્તિમાંથી એક, એમ નવ અધ્રુવોદય તથા ઉપરોક્ત ધ્રુવોદયી ૧૨ અને આ નવપ્રકૃતિઓ સાથે કરીએ તો (૧૨+૯-૨૧) એકવીસ પ્રકૃતિઓનો ઉદય એકેન્દ્રિય જીવોને વિગ્રહગતિમાં હોય છે. તેમાં ભાંગા પાંચ થાય છે. ત્યાં બાદર અને સૂક્ષ્મની સાથે પર્યાપ્ત અને અપર્યાપ્ત જોડતાં અયશનામકર્મની સાથે ચારભાંગા થાય તથા બાદર - પર્યાપ્તાની સાથે યશનામકર્મવાળો એક ભાંગો વધારે થાય જેથી કુલ પાંચ ભાગાં થાય છે. સૂક્ષ્મ અને અપર્યાપ્તાની સાથે યશનો ઉદય હોતો નથી. આ રીતે ૨૧ ના ઉદયે કુલ પાંચ ઉદયભાંગા થાય છે.

(૧) બાદર - પર્યાપ્ત - યશ.

(૨) બાદર પર્યાપ્ત અયશ

(૩) બાદર અપર્યાપ્ત અયશ

(૪) સૂક્ષ્મ પર્યાપ્ત અયશ

(૫) સૂક્ષ્મ અપર્યાપ્ત અયશ

**પ્રશ્ન :** ૨૧ નો ઉદય તો વિગ્રહગતિમાં વર્તતા જીવને જ હોય છે ત્યાં હજુ પર્યાપ્તિઓ શરૂ જ કરી નથી. તો પર્યાપ્ત નામકર્મનો ઉદય કેમ ઘટે ?

**ઉત્તર :** પ્રશ્ન સાચો છે પરંતુ વિગ્રહગતિમાં વર્તતા જે જીવો ભાવિમાં પોતાની પર્યાપ્તિઓ અવશ્ય પુર્ણ કરવાના જ છે એવી લબ્ધિ અર્થાત્ શક્તિ જેની પાસે છે. એવા પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા લબ્ધિ પર્યાપ્તા એકેન્દ્રિય જીવોને આશ્રયી આ પર્યાપ્ત નામકર્મનો ઉદય કહેલ છે. પરંતુ કરણ પર્યાપ્તાને આશ્રયી કહેલ નથી. જે જીવ ભાવિમાં પર્યાપ્તિઓ

પૂર્ણ કરવાના જ છે. તેવા જીવોને અંતરાલગતિમાં પણ બાદર-પર્યાપ્ત અને યશઃકીર્તિનામ કર્મ આવી પ્રકૃતિઓનો ઉદય સંભવી શકે છે.

વિગ્રહગતિમાં ૨૧ નો ઉદય સમાપ્ત કરીને ઉત્પત્તિસ્થાને પહોંચેલા અને શરીરરચનાની શરૂઆત કરનારા શરીરસ્થ એવા એકેન્દ્રિય જીવને ઔદારિક શરીર, હુંડક સંસ્થાન, ઉપઘાતનામકર્મ, પ્રત્યેક-સાધારણમાંથી એક, એમ કુલ (૪) ચાર પ્રકૃતિઓનો ઉદય વધે છે અને આનુપૂર્વીનો ઉદય ઘટે છે તેથી પૂર્વે કહેલી ૨૧માં ૪ ઉમેરાય છે અને એક તિર્યંચાનુપૂર્વી દૂર કરાય છે. ત્યારે શરીરસ્થ એવા એકેન્દ્રિયને ૨૪ નો ઉદય હોય છે.

અહીં ચોવીશના ઉદયે (૧૦) દશ ઉદય ભાંગા થાય છે. (૨૧) એકવીસના ઉદયમાં ઉપર જે પાંચ ભાંગા કરવામાં આવ્યા છે તે જ પાંચ ભાંગા પ્રત્યેકની સાથે તથા સાધારણની સાથે વિચારતાં કુલ (૧૦) દશ ભાંગા થાય છે. બાદર-પર્યાપ્તાના પ્રત્યેક તથા સાધારણની સાથે તથા યશઃકીર્તિ અને અયશઃકીર્તિની સાથે જોડતાં કુલ ચાર ભાંગા થાય છે. તથા બાદર અપર્યાપ્તાના પ્રત્યેક અને સાધારણની સાથે કેવળ એકલા અયશઃ નામકર્મ જોડતાં બીજા બે ભાંગા, તથા સૂક્ષ્મ નામકર્મની સાથે પર્યાપ્ત અને અપર્યાપ્ત તથા પ્રત્યેક-સાધારણની સાથે અયશને જોડતાં બીજા ચાર ભાંગા. એમ કુલ (૪+૨+૪=૧૦) દશ ભાંગા થાય છે.

તથા વૈક્રિયશરીરની રચના કરનારા બાદર પર્યાપ્તા વાઉકાયને આશ્રયી ૨૪ નો ઉદય સંભવે છે. ત્યાં ઔદારિક શરીરને બદલે વૈક્રિય શરીર લેવું બાકી બધી અશુભ પ્રકૃતિઓ સમજવી. જેથી આ એક ભાંગો ઉમેરતાં એકેન્દ્રિય જીવને આશ્રયી ૨૪ ના ઉદયે કુલ (૧૦+૧=૧૧) અગિયાર ઉદયભાંગા થાય છે.

તથા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા એકેન્દ્રિય જીવોને પરાઘાત નામકર્મનો ઉદય વધતાં ૨૪+૧-૨૫ પચીસનું ઉદયસ્થાનક થાય છે આ ૨૫ નો ઉદય પર્યાપ્તાને જ હોય છે. તેથી અપર્યાપ્ત નામકર્મ દૂર કરાય છે. અહીં કુલ ભાંગા સાત થાય છે બાદર-પર્યાપ્તાને પ્રત્યેક-સાધારણ તથા યશઃ કીર્તિ અને અયશઃકીર્તિની સાથે ચાર ભાંગા, અને સૂક્ષ્મની સાથે પ્રત્યેક સાધારણ જોડતાં અયશઃ કીર્તિની સાથે બે ભાંગા એમ કુલ ૪+૨=૬ ભાંગા અને વૈક્રિય શરીરની રચના કરનારા બાદર વાઉકાયને આશ્રયી સર્વ અશુભ પ્રકૃતિનો એક ભાંગો એમ કુલ ૨૫ ના ઉદયે સાત ઉદયભાંગા એકેન્દ્રિય જીવોના થાય છે.

તથા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા જીવને ઉચ્છ્વાસનો ઉદય થયે છતે ઉચ્છ્વાસની સાથે ૨૫+૧=૨૬ નો ઉદય થાય છે ત્યાં પણ ૨૫ ના ઉદયની જેમ જ ઉચ્છ્વાસ સાથેના ૬ ભાંગા થાય છે. તથા ઉચ્છ્વાસના અનુદયે આતપ અથવા ઉદ્યોતનો ઉદય થયે છતે પણ

૨૬ નો ઉદય થાય છે ત્યાં ઉચ્છ્વાસ સાથે બાદર એકેન્દ્રિય જીવને પ્રત્યેક-સાધારણની સાથે યશઃ કીર્તિ અને અયશઃકીર્તિ વડે ચાર ભાંગા થાય છે પરંતુ જ્યારે આતપ ભેળવીએ ત્યારે આતમની સાથે પ્રત્યેક જ ઉદયમાં હોય છે. પણ સાધારણ નહીં. તેથી પ્રત્યેકની સાથે યશઃ કીર્તિ અને અયશઃ કીર્તિની દ્વારા બે ભાંગા થાય છે. એમ કુલ ઉચ્છ્વાસ સાથે ૬, ઉદ્યોત સાથે ૪, અને આતપ સાથે બે સર્વ મળીને ૬ + ૪ + ૨ = ૧૨ ઉદય ભાંગા ૨૬ના ઉદયે થાય છે.

તથા વૈક્રિયશરીર બનાવતા વાઉકાયના જીવને આશ્રયી પૂર્વની જેમ સર્વ અશુભવાળો એક ભાંગો થાય છે તેથી ૨૬ ના ઉદયે એકેન્દ્રિય જીવોના કુલ ૧૨+૧=૧૩ તેર ઉદયભાંગા જાણવા.

હવે શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા જીવને ઉચ્છ્વાસ સાથે ૨૬ ના ઉદયની અંદર આતપ અથવા ઉદ્યોતનો ઉદય ભેળવતાં ૨૭ નો ઉદય થાય છે ત્યાં ઉદ્યોત ભેળવીએ ત્યારે ચાર અને આતપ મેળવીએ ત્યારે બે એમ કુલ છ ઉદયભાંગા સત્યાવીસના ઉદયે થાય છે. સર્વ સાથે કરતાં ૨૧ ના ઉદયે ૫, ૨૪ ના ઉદયે ૧૧, ૨૫ ના ઉદયે ૭, ૨૬ ના ઉદયે ૧૩, અને ૨૭ ના ઉદયે ૬. એમ કુલ ૪૨ ઉદય ભાંગા એકેન્દ્રિય જીવોના થાય છે.

હવે બેઇન્દ્રિયાદિ જીવોનાં ઉદયસ્થાનકો વિચારાય છે. બેઇન્દ્રિય જીવોને ઉદયસ્થાનકો છ હોય છે. તે આ પ્રમાણે :- (૨૧, ૨૬, ૨૮, ૨૯, ૩૦ અને ૩૧) એકવીસ, છવ્વીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ, ત્રીસ અને એકત્રીસ.

ત્યાં બેઇન્દ્રિય જાતિ, તિર્યંચદ્વિક, ત્રસનામકર્મ, બાદરનામકર્મ, પર્યાપ્ત અને અપર્યાપ્તમાંથી એક, દૌર્ભાગ્ય, અનાદેય, યશઃકીર્તિ અને અયશઃકીર્તિ આ બેમાંથી એક, એમ આ નવ કર્મપ્રકૃતિઓ તથા પૂર્વે કહેલી (૧૨) ધ્રુવોદયી સાથે ભેળવતાં કુલ (૨૧) એકવીસનો ઉદય થાય છે. આ (૨૧) એકવીસનું ઉદયસ્થાનક વિગ્રહગતિમાં વર્તતા બેઇન્દ્રિય જીવોને હોય છે. ત્યાં (૨૧) ના ઉદયે ત્રણ ભાંગા થાય છે.

અપર્યાપ્તનામકર્મનો ઉદય લઈએ ત્યારે અયશઃકીર્તિની સાથે એક ભાંગો. તથા પર્યાપ્ત નામકર્મનો ઉદય લઈએ ત્યારે યશઃનામકર્મ અને અયશઃનામકર્મની સાથે બે ભાંગા એમ કુલ (૩) ત્રણ ઉદયભાંગા એકવીસના ઉદયે બેઈન્દ્રિય જીવોના થાય છે.

તે જ બેઇન્દ્રિયના જીવો જ્યારે શરીરસ્થ થાય ત્યારે ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ, હુંડક સંસ્થાન, સેવાર્ત સંઘયણ. ઉપઘાત, અને પ્રત્યેકનામકર્મ એમ કુલ છ

પ્રકૃતિઓ ઉદયમાં વધારાય છે. અને તિર્યંચાનુપૂર્વી દૂર કરાય છે જેથી ૨૬ નો ઉદય થાય છે. અહીં પણ પર્યાપ્તાના યશ અને અયશ સાથે બે, અને અપર્યાપ્તાનો અયશ સાથે એક એમ કુલ ત્રણ ભાંગા છવીસના ઉદયે બેઇન્દ્રિય જીવોમાં થાય છે.

ત્યારબાદ શરીર પર્યાપ્તિએ સંપૂર્ણ પર્યાપ્તા થયેલા જીવને પરાઘાત. અપ્રશસ્ત વિહાયોગતિ, એમ બે પ્રકૃતિઓ ઉદયમાં વધારવાથી (૨૮) અઠ્ઠાવીસનું ઉદયસ્થાનક થાય છે. અહીં યશઃકીર્તિ અને અયશઃકીર્તિની સાથે પર્યાપ્ત નામકર્મ જોડતાં બે ભાંગા જ થાય છે કારણ કે અપર્યાપ્ત નામ કર્મ નીકળી જાય છે અહીં અપર્યાપ્ત નામકર્મ અને પ્રશસ્ત વિહાયોગતિના ઉદયનો અભાવ જ છે. અપર્યાપ્ત નામકર્મનો ઉદય પ્રારંભનાં બે ઉદયસ્થાનક સુધી જ હોય છે. ત્યારપછી જીવપર્યાપ્ત જ હોય છે.

તથા આ ૨૮ ના ઉદય પછી શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસનો ઉદય ઉમેરાયે છતે (૨૯) ઓગણત્રીસનું ઉદયસ્થાન થાય છે ત્યાં પણ તે જ બે ભાંગા થાય છે અથવા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા બેઇન્દ્રિયના જીવને ઉચ્છ્વાસનો હજુ અનુદય હોય ત્યારે જો ઉદ્યોતનો ઉદય શરૂ થાય તો પણ (૨૯) ઓગણત્રીશનો ઉદય થાય. અહીં પણ પૂર્વની જેમ જ બે ઉદયભાંગા થાય. સર્વ મળીને ઓગણત્રીસના ઉદયમાં કુલ ચાર ઉદયભાંગા થાય છે.

ત્યારબાદ ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને ઉચ્છ્વાસ સહિત જે (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓનો ઉદય છે તેમાં સુસ્વર અને દુઃસ્વરમાંથી કોઈ પણ એક પ્રકૃતિનો ઉદય વધતે છતે (૩૦) ત્રીસનું ઉદયસ્થાનક થાય છે. અહીં જ્યારે સ્વર ઉમેરીએ ત્યારે સુસ્વર-દુસ્વર યશઃ કીર્તિ તથા અયશઃકીર્તિની સાથે કુલ ચાર ઉદયભાંગા થાય છે. અથવા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને ભાષા પર્યાપ્તિ થયેલી ન હોવાથી સ્વરનો અનુદય હોતે છતે જો ઉદ્યોત નામકર્મનો ઉદય થાય તો પણ (૩૦) ત્રીસ પ્રકૃતિનું ઉદયસ્થાનક થાય. ત્યાં સ્વર ન હોવાથી માત્ર યશઃકીર્તિ અને અયશઃકીર્તિની સાથે બે ભાંગા થાય છે. બન્ને મળીને (૩૦) ત્રીસના ઉદયમાં કુલ (૪+૨=૬) છ ઉદયભાંગા બેઇન્દ્રિય જીવના થાય છે.

ત્યારબાદ ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને સ્વર સાથે (૩૦) ત્રીસનો ઉદય હોતે છતે તેમાં ઉદ્યોત નામકર્મનો ઉદય અધિક થાય ત્યારે (૩૧) એકત્રીસનું ઉદયસ્થાનક થાય છે. ત્યાં સુસ્વર-દુઃસ્વરની સાથે યશઃકીર્તિ અને અયશઃ કીર્તિને જોડતાં કુલ ચાર ઉદયભાંગા થાય છે.

આ રીતે સર્વ મળીને બેઇન્દ્રિય જીવોના ૨૧ ના ઉદયે ૩, ૨૬ ના ઉદયે પણ ૩, ૨૮ ના ઉદયે ૨, ૨૯ ના ઉદયે ૪, ૩૦ ના ઉદયે ૬, અને ૩૧ ના ઉદયે ૪, સર્વ મળીને બેઇન્દ્રિયના ૨૨ ઉદયભાંગા થાય છે.

બેઇન્દ્રિય જીવોની જેમ જ તેઇન્દ્રિય જીવોના તથા ચઉરિન્દ્રિય જીવોના પણ ૨૨-૨૨ ઉદયભાંગા થાય છે. પરંતુ પ્રકૃતિઓના ઉદયમાં બેઇન્દ્રિય જાતિને સ્થાને પોતપોતાની તેઇન્દ્રિય જાતિ અથવા ચઉરિન્દ્રિય જાતિનો ઉદય કહેવો. બેઇન્દ્રિય-તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય એમ ત્રણે વિકલેન્દ્રિયના મળીને કુલ (૨૨X૩=૬૬) છાસઠ ઉદયભાંગા થાય છે.

હવે પંચેન્દ્રિય તિર્યંચનાં ઉદયસ્થાનકો તથા ઉદયભાંગા કહેવાય છે ત્યાં સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચનાં ઉદયસ્થાનકો કુલ છ (૬) છે. (૨૧-૨૬-૨૮-૨૯-૩૦-૩૧) એકવીસ, છવ્વીસ, અઠ્ઠાવીસ, ઓગણત્રીસ, ત્રીસ અને એકત્રીસ એમ ૬ ઉદયસ્થાનક જાણવાં.

ત્યાં તિર્યંચદ્વિક, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત આ બેમાંથી એક, સૌભાગ્ય-દૌર્ભાગ્યમાંથી એક, આદેય અને અનાદેયમાંથી એક, યશઃકીર્તિ અને અયશઃકીર્તિ આ બેમાંથી એક આ (૯) નવ પ્રકૃતિઓ તથા બાર ધ્રુવોદયીની સાથે આ નવ ઉમેરતાં (૧૨+૯-૨૧) એમ (૨૧) એકવીસ કર્મપ્રકૃતિઓનું ઉદયસ્થાનક વિગ્રહગતિમાં વર્તતા પંચેન્દ્રિય તિર્યંચગતિના જીવોને હોય છે. આ ૨૧ ના ઉદયમાં (૯) નવ ઉદયભાંગા થાય છે.

જ્યારે પર્યાપ્ત નામકર્મનો ઉદય હોય છે ત્યારે સૌભાગ્ય-દૌર્ભાગ્ય, આદેય-અનાદેય, તથા યશઃકીર્તિ અને અયશઃકીર્તિની સાથે મેળવતાં આઠ ભાંગા થાય છે. પરંતુ જ્યારે અપર્યાપ્ત નામકર્મનો ઉદય હોય છે ત્યારે અપર્યાપ્ત નામકર્મના ઉદયમાં વર્તતા જીવને દૌર્ભાગ્ય અનાદેય અને અપયશ જ ઉદયમાં હોય છે તેથી પ્રતિપક્ષી પ્રકૃતિઓનો ઉદય ન હોવાથી એક જ ઉદયભાંગો થાય છે. સર્વ મળીને પર્યાપ્તા અને અપર્યાપ્તાના (૮+૧=૯) નવ ઉદયભાંગા થાય છે.

આ બાબતમાં બીજા કેટલાક આચાર્યો એમ કહે છે કે સૌભાગ્ય અને આદેય આ બન્ને સાથે જ ઉદયમાં આવે છે તથા એવી જ રીતે દૌર્ભાગ્ય અને અનાદેય પણ સાથે જ ઉદયમાં આવે છે, પરંતુ વારાફરતી ક્રમશઃ બન્ને ઉદયમાં આવતી નથી. આ કારણે પર્યાપ્તા *જીવને સૌભાગ્ય આદેયનું યુગલ સાથે જ ઉદયમાં આવે છે એવી જ રીતે દૌર્ભાગ્ય અને* અનાદેયનું યુગલ પણ સાથે જ ઉદયમાં આવે છે તે કારણથી પર્યાપ્તા જીવને સૌભાગ્ય અને

આદેયના યુગલની સાથે દૌર્ભાગ્ય અને અનાદેયના યુગલ સાથે જોડતાં તથા તેની સાથે યશઃ કીર્તિ અને અયશઃકીર્તિને જોડતાં કુલ (૪) ચાર જ ભાંગા થાય છે. પણ આઠ ભાંગા થતા નથી. તથા અપર્યાપ્તાજીવોને સર્વ અશુભ પ્રકૃતિના ઉદયવાળો એક ભાંગો થાય છે સર્વ મળીને આ મતાન્તરે પાંચ ઉદયભાંગા થાય છે. આ પ્રમાણે આગળ આગળ પણ મતાન્તરે ભાંગાઓની સંખ્યાનું વિષમપણું પોતાની બુદ્ધિથી સ્વયં સમજી લેવું.

ત્યારબાદ વિગ્રહગતિ સમાપ્ત કરીને ઉત્પત્તિસ્થાને પહોચેલા અને આહારગ્રહણ કરીને શરીરની રચના કરતા એવા શરીરસ્થ પંચેન્દ્રિય તિર્યંચને આનુપૂર્વીનો ઉદય ન હોવાથી તેને દૂર કરીને ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ, કોઈપણ એક સંસ્થાન, કોઈપણ એક સંઘયણ, ઉપઘાત, અને પ્રત્યેક નામકર્મરૂપ કુલ છ પ્રકૃતિઓ ઉમેરે છતે (૨૬) છવ્વીસનું ઉદયસ્થાનક પંચેન્દ્રિય તિર્યંચોને હોય છે.

ત્યાં બસોહ નેવ્યાસી (૨૮૯) ભાંગા થાય છે. તે આ પ્રમાણે :-

પંચેન્દ્રિય તિર્યંચના જીવોને છએ સંઘયણ અને છએ સંસ્થાન નામકર્મના ઉદયનો સંભવ હોવાથી છ સંસ્થાનની સાથે છ સંઘયણ વડે ગુણવાથી ૩૬ થાય, તેને સૌભાગ્ય-દૌર્ભાગ્ય વડે ગુણવાથી ૭૨ થાય, તેને આદેવ-અનાદેય સાથે ગુણવાથી ૧૪૪ થાય, તેને યશઃકીર્તિ તથા અયશઃકીર્તિની સાથે ગુણતાં ૨૮૮ ભાંગા પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચના થાય છે. પરંતુ જે અપર્યાપ્તા પં. તિર્યંચ છે તેને સઘળી-સર્વ અશુભ જ પ્રકૃતિનો ઉદય હોવાથી સંસ્થાનમાં હુંડક, સંઘયણ છેવટ્ઠું (સેવાર્ત), સૌભાગ્ય-દૌર્ભાગ્યને બદલે માત્ર દૌર્ભાગ્ય જ, એ જ રીતે માત્ર અનાદેય અને માત્ર અયશઃ કીર્તિ એમ સર્વ અશુભ હોવાથી એક ઉદયભાંગો થાય છે. સર્વ મળીને ૨૬ ના ઉદયે (૨૮૯) બસોહ નેવ્યાસી ઉદયભાંગા થાય છે.

તથા તે ૨૬માં શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને પરાઘાત નામકર્મ તથા શુભાશુભ વિહાયોગતિમાંથી કોઈપણ એક વિહાયોગતિ નામકર્મનો ઉદય થવાથી (૨૬+૨=૨૮) અઠ્યાવીસનું ઉદયસ્થાનક પંચેન્દ્રિય તિર્યંચોને હોય છે ત્યાં ૨૬ ના ઉદયસ્થાનકમાં પર્યાપ્તાના જે (૨૮૮) ઉદય ભાંગા હતા. તેને જ બે વિહાયોગતિ વડે ગુણતાં કુલ (૫૭૬) પાંચસોહ અને છોતેર ઉદય ભાંગા ૨૮ ના ઉદયે જાણવા.

ત્યારબાદ શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને ઉપરોક્ત (૨૮) અઠ્યાવીસમાં ઉચ્છ્વાસનો ઉદય થયે છતે (૨૯) ઓગણત્રીસનો ઉદય થાય છે. અહીં પણ બીજી કોઈ પ્રકૃતિ વધારે પ્રતિપક્ષી ન હોવાથી પૂર્વની જેમ જ (૫૭૬) પાંચસોહ છોંતેર ઉદયભાંગા ૨૯નાં ઉદયમાં થાય છે.

અથવા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને હજુ ઉચ્છ્વાસનો અનુદય હોતે છતે જો ઉદ્યોતનો ઉદય થાય તો ઉદ્યોતની સાથે પણ (૨૯) ઓગણત્રીસનું ઉદયસ્થાનક થાય છે. અહીં પણ પૂર્વની જેમ જ (૫૭૬) પાંચસોહ અને છોંતેર ઉદયભાંગા થાય છે બન્ને વિકલ્પોના મળીને ૨૯ ના ઉદયમાં કુલ ઉદયભાંગા (૧૧૫૨) અગિયારસો અને બાવન ઉદય ભાંગા થાય છે.

ત્યારબાદ ઉચ્છ્વાસ સાથેની ૨૯માં ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા પંચેન્દ્રિય તિર્યંચને સુસ્વર અથવા દુઃસ્વરમાંથી એક સ્વરનો ઉદય થયે છતે (૨૯+૧=૩૦) ત્રીસ કર્મપ્રકૃતિઓનું ઉદયસ્થાનક થાય છે. ત્યાં પૂર્વે ૨૯ ના ઉદયમાં ઉચ્છ્વાસ સાથે જે (૫૭૬) પાંચસોહ છોંતેર ઉદયભાંગા કહેલા હતા તેને બન્ને સ્વર વડે ગુણાય છે. જેથી (૧૧૫૨) અગિયારસો અને બાવન ઉદયભાંગા ૩૦ના ઉદયે સ્વરસાથે થાય છે. અથવા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા બનેલા જીવને સ્વરનો હજુ ઉદય થયો ન હોય ત્યારે ઉદ્યોતનો ઉદય શરૂ થયે છતે (૩૦) ત્રીસનું ઉદયસ્થાનક થાય છે. ત્યાં ભાંગા પૂર્વની જેમ પાંચસોહ છોંતેર થાય છે. બન્ને મળીને કુલ ઉદયભાંગા ત્રીસના ઉદયમાં સત્તરસોહ અને અઠ્યાવીસ (૧૭૨૮) થાય છે.

તથા સ્વરસહિત જે (૩૦) ત્રીસનો ઉદય છે તેમાં ઉદ્યોતનો ઉદય થયે છતે (૩૧) એકત્રીસનો ઉદય થાય છે. ત્યાં સ્વરસહિત (૩૦) ત્રીસ ના ઉદયમાં જે રીતે (૧૧૫૨) અગિયારસોહ અને બાવન ઉદયભાંગા થાય છે. તે જ અહીં પણ (૧૧૫૨) અગિયારસોહ અને બાવન ઉદયભાંગા થાય છે. આ રીતે છએ ઉદયસ્થાનકે સાથે મળીને પંચેન્દ્રિય તિર્યંચના ઉદયભાંગા કુલ ૪૯૦૬ થાય છે.

| | | | |
|---|---|---|---|
| ૨૧ ના ઉદયે | ૯ | ૨૯ ના ઉદયે | ૧૧૫૨ |
| ૨૬ ના ઉદયે | ૨૮૯ | ૩૦ ના ઉદયે | ૧૭૨૮ |
| ૨૮ ના ઉદયે | ૫૭૬ | ૩૧ ના ઉદયે | ૧૧૫૨ |
| | | | ૪૯૦૬ |

હવે વૈક્રિય શરીરની વિકુર્વણા કરનારા પંચેન્દ્રિય તિર્યંચના જીવોને શરીર અને અંગોપાંગ ઔદારિકને બદલે વૈક્રિય હોવાથી પ્રકૃતિ ભિન્ન ભિન્ન થવાથી તેનાં ઉદયસ્થાનક અને ઉદયભાંગા સમજાવાય છે.

વૈક્રિય શરીર કરતા એવા સંજ્ઞીપંચેન્દ્રિય તિર્યંચોને કુલ પાંચ ઉદયસ્થાનક હોય છે (૨૫-૨૭-૨૮-૨૯-૩૦) ત્યાં વૈક્રિય શરીર, વૈક્રિય અંગોપાંગ, સમચતુરસ્ર સંસ્થાન, ઉપઘાત, અને પ્રત્યેક નામકર્મ આ પાંચ પ્રકૃતિઓ પૂર્વે કહેલી પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયગ્ય (૨૧) એકવીસમાં ઉમેરાય છે અને તિર્યંચાનુપૂર્વી દૂર કરાય છે. તેથી ૨૫ નું ઉદયસ્થાનક થાય છે. અહીં સૌભાગ્ય-દૌર્ભાગ્ય, આદેય-અનાદેય તથા યશઃકીર્તિ અને અયશઃકીર્તિ સાથે મળીને પ્રતિપક્ષી એવી આ ત્રણના પરસ્પર ગુણાકારથી આઠ ઉદયભાંગા થાય છે.

તથા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા બનેલા જીવને પરાઘાતનામકર્મ તથા શુભ વિહાયોગતિ નામકર્મનો ઉદય થયે છતે સત્યાવીસનું ઉદયસ્થાનક થાય છે. અહીં પણ ભાંગા પૂર્વની જેમ (૨૫ ના ઉદયની જેમ) આઠ થાય છે. તથા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા બનેલા જીવને ઉચ્છ્વાસનો ઉદય થયે છતે અઠ્યાવીસનું ઉદયસ્થાનક થાય છે અહીં પણ ભાંગા પૂર્વની જેમ આઠ થાય છે અથવા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને હજુ શ્વાસોશ્વાસ પર્યાપ્તિ સમાપ્ત થઈ ન હોય ત્યારે શ્વાસોશ્વાસના અનુદયે ઉદ્યોતનો ઉદય શરૂ થઈ જાય છે ત્યારે પણ અઠ્યાવીસનું જ ઉદયસ્થાનક અને તેના આઠ ઉદયભાંગા હોય છે. આ બન્નેના મળીને ૨૮ ના ઉદયસ્થાનકમાં કુલ ઉદયભાંગા ૮ + ૮ = ૧૬ થાય છે.

તથા ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને ઉચ્છ્વાસ સહિત જે (૨૮) અઠ્યાવીસ છે તેમાં સ્વર નાખે છતે (૨૯) ઓગણત્રીસનું ઉદય સ્થાનક થાય છે. અહીં પણ પૂર્વની જેમ આઠ (૮) ઉદયભાંગા થાય છે. અથવા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને સ્વરના અનુદયે ઉદ્યોતનો ઉદય થયે છતે પણ (૨૯) ઓગણત્રીસનું જ ઉદયસ્થાનક થાય છે. ત્યાં પણ પૂર્વની જેમ (૮) આઠ ઉદયભાંગા થાય છે. બન્ને મળીને (૨૯) ઓગણત્રીસના ઉદયે કુલ (૮+૮=૧૬) સોળ ઉદયભાંગા થાય છે.

તથા સ્વર સહિત જે (૨૯) ઓગણત્રીસનો ઉદય છે તેમાં ઉદ્યોત નામકર્મનો ઉદય થયે છતે તેનો પ્રક્ષેપ કરતાં (૩૦) ત્રીસનું ઉદયસ્થાનક થાય છે. અહીં પણ ભાંગા સૌભાગ્ય દૌર્ભાગ્ય, આદેય-અનાદેય અને યશઃકીર્તિ તથા અયશઃકીર્તિના મળીને આઠ થાય છે. વૈક્રિય શરીરની રચના કરનારા સંજ્ઞીપંચેન્દ્રિય તિર્યંચોના સર્વ મળીને (૮+૮+૧૬+૧૬+૮=૫૬) કુલ છપ્પન ઉદયભાંગા થાય છે.

હવે મનુષ્યોનાં ઉદયસ્થાનક તથા ઉદયભાંગા કહેવાય છે. મનુષ્યોનાં ઉદયસ્થાનક અને ઉદયભાંગા ચાર રીતે થાય છે તે સમજાવવામાં આવશે. (૧) સામાન્ય મનુષ્ય, (૨)

વૈક્રિય મનુષ્ય, (૩) આહારક મનુષ્ય, અને (૪) કેવલી મનુષ્ય. ત્યાં પ્રથમ સામાન્ય મનુષ્યના ભાંગા સમજાવાય છે.

(૧) સામાન્ય મનુષ્યોનાં ઉદયસ્થાનક પાંચ છે. (૨૧-૨૬-૨૮-૨૯-૩૦) એકવીસ, છવ્વીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ, અને ત્રીસ ત્યાં મનુષ્યોનાં ઉદયસ્થાનક તથા ઉદયભાંગા પૂર્વે કહેલા સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચની જેમ જ જાણવા. પરંતુ (૨૯ અને ૩૦) ઓગણત્રીસ અને ત્રીસના ઉદયમાં ઉદ્યોતના ઉદયવાળા ભાંગા ત્યાં જે કહ્યા છે. તે અહીં ન કહેવા કારણ કે સામાન્ય તિર્યંચોમાં ઉદ્યોતનો ઉદય હોય છે. પરંતુ મનુષ્યોની બાબતમાં વૈક્રિયમનુષ્ય અને આહારકમનુષ્ય વિના શેષ સામાન્ય મનુષ્યોને ઉદ્યોતના ઉદયનો અભાવ છે.

આ કારણથી (૨૯) ઓગણત્રીસના ઉદયમાં ભાંગા ૫૭૬ જ માત્ર થાય છે. પણ ૧૧૫૨ થતા નથી. તથા ત્રીસના ઉદયમાં પણ અગિયારસો અને બાવન જ ભાંગા થાય છે પણ સત્તરસો અઠ્યાવીસ થતા નથી. ૨૧ ના ઉદયે ૯, ૨૬ ના ઉદયે ૨૮૯, ૨૮ ના ઉદયે ૫૭૬, ૨૯ ના ઉદયે ૫૭૬, અને ૩૦ ના ઉદયે ૧૧૫૨, સર્વ મળીને કુલ ૨૬૦૨ ઉદયભાંગા સામાન્ય મનુષ્યોના થાય છે.

હવે વૈક્રિય મનુષ્યોનાં ઉદયસ્થાનક તથા ઉદયભાંગા કહેવાય છે વૈક્રિય મનુષ્યોને ઉદયસ્થાનક પાંચ હોય છે (૨૫-૨૭-૨૮-૨૯-૩૦) પચ્ચીસ, સત્યાવીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ અને ત્રીસ.

ત્યાં મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયદ્વિક, સમચતુરસ્ર સંસ્થાન, ઉપઘાત, ત્રસ, બાદર, પર્યાપ્તા, પ્રત્યેક, સૌભાગ્ય અને દૌર્ભાગ્ય આ બેમાંથી એક, આદેય અને અનાદેયમાંથી એક, યશઃ કીર્તિ અને અયશઃ કીર્તિ આ બેમાંથી પણ એક, આ તેર કર્મપ્રકૃતિઓ તથા બાર ધ્રુવોદયી એમ મળીને ૨૫ નો ઉદય વૈક્રિય કરતા મનુષ્યોને હોય છે.

ત્યાં સૌભાગ્ય-દૌર્ભાગ્ય, આદેય-અનાદેય, યશઃકીર્તિ અને અયશઃકીર્તિના આઠ ઉદયભાંગા થાય છે. જો આ વૈક્રિય શરીર કરનારા મિથ્યાદૃષ્ટિ જીવો હોય તો આઠ ભાંગા જાણવા. પરંતુ જો દેશવિરતિધર હોય અથવા સર્વવિરતિધર હોય અને વૈક્રિયશરીરની રચના કરતા હોય તો ગુણસ્થાનકના પ્રતાપે સર્વ શુભપ્રકૃતિના ઉદયવાળો એક જ ભાંગો હોય છે.

વૈક્રિયશરીરની રચના શરૂ કર્યા પછી શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને પરાઘાત તથા પ્રશસ્ત વિહાયોગતિનો ઉદય ભળે છતે (૨૭) સત્યાવીસનું ઉદયસ્થાનક થાય છે. ત્યાં પણ મિથ્યાદૃષ્ટિ આદિ મનુષ્યોને આશ્રયી ઉપર સમજાવ્યા પ્રમાણે સૌભાગ્ય-દૌર્ભાગ્ય, આદેય-અનાદેય અને યશઃકીર્તિ તથા અયશઃકીર્તિના આઠ ભાંગા થાય છે.

તથા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્ત થયેલા જીવને ઉચ્છ્વાસનો ઉદય ભેળવ્યે છતે (૨૮) અઠ્યાવીસનો ઉદય થાય છે. અહીં પણ ઉદયભાંગા પૂર્વની જેમ આઠ જ થાય છે. અથવા સંયમધારી સાધુસંતો જો વૈક્રિયશરીરની રચના કરતા હોય તો શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસનો અનુદય હોતે છતે જો ઉદ્યોતનો ઉદય લઈએ તો પણ (૨૮) અઠ્યાવીસનું ઉદયસ્થાન થાય છે પણ ત્યાં સાધુ મહાત્મા હોવાથી સર્વ શુભ જ પ્રકૃતિઓનો ઉદય હોવાના કારણે એક જ ભાંગો થાય છે. કારણ કે આ ઉદ્યોતનો ઉદય મનુષ્યોમાં સંયત જીવોને જ હોય છે અને તે સંયત જીવોને દૌર્ભાગ્ય, અનાદેય અને અયશઃકીર્તિનો ઉદય સંભવતો નથી. સર્વ સંખ્યાએ અઠ્યાવીસના ઉદયે (૮+૧=૯) નવ ઉદયભાંગા થાય છે.

ત્યાર પછી ભાષા પર્યાપ્તિએ પર્યાપ્ત થયેલા વૈક્રિય મનુષ્યોને ઉચ્છ્વાસ સહિત અઠ્યાવીસમાં સુસ્વરનો ઉદય પ્રક્ષિપ્ત કરાયે છતે (૨૯) ઓગણત્રીસનો ઉદય થાય છે. અહીં પણ પૂર્વની જેમ ઉદયભાંગા આઠ થાય છે અથવા વૈક્રિય શરીર બનાવનાર જો સાધુસંત હોય તો સ્વરના અનુદયે ઉદ્યોતનો ઉદય થયે છતે પણ (૨૯) ઓગણત્રીસનો ઉદય થાય છે પરંતુ ત્યાં બધી જ શુભ પ્રકૃતિઓ હોવાથી એક જ ભાંગો થાય છે એમ ૨૯ ના ઉદયે કુલ (૮+૧=૯) નવ ઉદયભાંગા થાય છે.

સુસ્વર સહિત જે (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓ ઉદયમાં છે તેમાં સાધુસંતોને આશ્રયી ઉદ્યોતનો ઉદય ભળે છતે (૩૦) ત્રીસ પ્રકૃતિઓનો ઉદય થાય છે. આ ઉદયસ્થાનક ઉદ્યોતવાળું હોવાથી સાધુને જ હોય છે ત્યાં સર્વ પ્રકૃતિઓ શુભ જ હોવાથી એક જ ભાંગો થાય છે. સર્વ મળીને વૈક્રિયમનુષ્યોના (૮ + ૮ + ૯ + ૯ + ૧ = ૩૫) પાંત્રીસ ઉદયભાંગા થાય છે.

હવે આહારક શરીર બનાવતા આહારક મુનિનાં ઉદયસ્થાનક અને ઉદયભાંગા કહેવાય છે. આહારક બનાવતા મુનિને પાંચ ઉદયસ્થાનક હોય છે. (૨૫-૨૭-૨૮-૨૯-૩૦) પચ્ચીસ, સત્યાવીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ અને ત્રીસ. ત્યાં આહારક શરીરનામકર્મ, આહારક અંગોપાંગ નામકર્મ, સમચતુરસ્ર સંસ્થાન ઉપઘાત અને પ્રત્યેક નામકર્મ આ પાંચ પૂર્વે કહેલી મનુષ્યગતિ પ્રાયોગ્ય વિગ્રહગતિમાં સંભવતી ૨૧ પ્રકૃતિઓમા ભેળવાય છે અને મનુષ્યની આનુપૂર્વી દૂર કરાય છે જેથી (૫ + ૨૧ = ૨૬ બાદ ૧ = ૨૫) પચીસનું ઉદયસ્થાનક થાય છે. ફક્ત એટલી જ વિશેષતા છે કે આ આહારક શરીર બનાવનારા મુનિમહાત્માઓ છે તે માટે સર્વે પણ પ્રકૃતિઓ શુભ જ લેવી. કારણ કે સંયમીમુનિઓને દૌર્ભાગ્ય અનાદેય અને અયશઃ નામકર્મનો ઉદય સંભવતો જ નથી. તે કારણથી આહારક-શરીરીને (૨૫) પચીસના ઉદયે એક ઉદયભાંગો થાય છે.

ત્યારબાદ શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને પરાઘાત અને પ્રશસ્ત વિહાયોગતિ ઉમેરાયે છતે (૨૭) સત્યાવીસનો ઉદય થાય છે ત્યાં પણ સર્વ પ્રકૃતિઓ શુભ જ હોવાથી એક ઉદયભાંગો જાણવો.

ત્યારબાદ શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને ઉચ્છ્વાસ નાખે છતે અઠ્યાવીસનો ઉદય થાય છે ત્યાં પણ એક ભાંગો થાય છે અથવા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને ઉચ્છ્વાસનો હજુ અનુદય હોતે છતે જો ઉદ્યોતનો ઉદય શરૂ થાય તો પણ અઠ્યાવીસનો ઉદય થાય. ત્યાં પણ એક જ ઉદય ભાંગો થાય છે. સર્વ સંખ્યાએ સાથે મળીને અઠ્યાવીસના ઉદયમાં આહારકશરીરના કુલ (૨) બે ઉદયભાંગા થાય છે.

તથા ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા મુનિને ઉચ્છ્વાસના ઉદય સહિત જે (૨૮) અઠ્યાવીસનો ઉદય છે તેમાં સુસ્વરનો ઉદય પ્રક્ષિપ્ત કરાયે છતે (૨૯) ઓગણત્રીસનો ઉદય થાય છે. અહીં પણ સર્વ પ્રકૃતિઓ શુભ હોવાથી એક ઉદયભાંગો જાણવો. અથવા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા મનુષ્યને સ્વરના અનુદયે ઉદ્યોતનો ઉદય થયે છતે પણ (૨૯) ઓગણત્રીસનો ઉદય થાય છે ત્યાં પણ સર્વ શુભનો જ ઉદય હોવાથી એક ઉદયભાંગો થાય છે સાથે મળીને ૨૯ ના ઉદયમાં આહારકમનુષ્યને કુલ (૨) બે ઉદયભાંગા થાય છે.

તથા આહારક શરીર બનાવતાં ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા સાધુસંતને સુસ્વર સહિત (૨૯) ઓગણત્રીસમાં ઉદ્યોતનો ઉદય પ્રક્ષિપ્ત કરાયે છતે (૩૦) ત્રીસનો ઉદય થાય છે. અહીં પણ સર્વ પ્રકૃતિનો શુભ હોવાથી એક જ ઉદયભાંગો થાય છે. સર્વ મળીને આહારકશરીરી જીવોના (૧+૧+૨+૨+૧=૭) સાત ઉદયભાંગા થાય છે.

હવે કેવલિ મનુષ્યોનાં ઉદયસ્થાનક તથા ઉદયભાંગા કહેવાય છે. કેવલી ભગવંતોને ઉદયસ્થાનકો કુલ (૧૦) દસ હોય છે. (૨૦-૨૧-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧-૯-૮ એમ કુલ ૧૦) વીસ, એકવીસ, છવ્વીસ, સત્યાવીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ, ત્રીસ, એકત્રીસ, નવ અને આઠ એમ કુલ દસ ઉદયસ્થાનક જાણવાં.

ત્યાં મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સૌભાગ્ય, આદેય, અને યશઃ કીર્તિ આ આઠ પ્રકૃતિઓ તથા ધ્રુવોદયી (૧૨) બાર પ્રકૃતિઓ આ બન્ને મળીને (૮+૧૨-૨૦) વીસનું ઉદયસ્થાનક સામાન્ય કેવલી ભગવંતોને કેવલી સમુદ્‌ઘાતાવસ્થામાં ત્રીજા-ચોથા અને પાંચમા સમયે હોય છે અહીં પ્રતિપક્ષી પ્રકૃતિઓ ન હોવાથી એક જ ઉદયભાંગો થાય છે અને આ ૨૦ નો ઉદય તથા તેનો ઉદયભાંગો સામાન્યકેવલી ભગવંતોને હોય છે. કેવલિસમુદ્‌ઘાતવસ્થામાં કાર્મણકાયયોગમાં વર્તતા સામાન્ય કેવલી ભગવાનને હોય છે.

તથા આ જ (૨૦) વીસ કર્મપ્રકૃતિઓમાં એક તીર્થંકરનામકર્મનો ઉદય ઉમેરતાં (૨૧) એકવીસનું ઉદયસ્થાનક થાય છે અહીં પણ સર્વ શુભ પ્રકૃતિઓ હોવાથી એક જ ઉદયભાંગો થાય છે આ ઉદયસ્થાનક તથા ઉદયભાંગો કેવલિસમુદ્‌ઘાતમાં વર્તતા તીર્થંકરભગવંતને કાર્મણ કાયયોગે વર્તતા હોય ત્યારે હોય છે.

તે જ (૨૦ અને ૨૧માં) વીસ અને એકવીસમાં (૧) ઔદારિક શરીર (૨) ઔદારિક અંગોપાંગ, (૩) છ માંથી ગમે તે એક સંસ્થાન, (૪) પ્રથમ સંઘયણ (૫) પ્રત્યેક નામકર્મ અને (૬) ઉપઘાત નામકર્મ એમ છ નો ઉદય ઉમેરતાં સામાન્ય કેવલી ભગવાનને (૨૬), છવીસ, અને તીર્થંકરભગવાનને સત્યાવીસ,નું ઉદયસ્થાનક હોય છે અને આ ઉદયસ્થાનક ઔદારિકમિશ્રકાયયોગે વર્તતા કેવલિભગવંતને કેવલી સમુદ્ઘાતાવસ્થામાં બીજા-છઠ્ઠા અને સાતમા સમયે હોય છે.

અહીં (૨૬) છવ્વીસના ઉદયમાં સામાન્ય કેવલી ભગવંતોને છએ સંસ્થાનનો સંભવ હોવાથી છ ઉદયભાંગા થાય છે. પરંતુ તે સામાન્ય મનુષ્યના જે (૨૬૦૨) છવ્વીસોહ અને બે ઉદય ભાંગા પૂર્વે કહ્યા છે તેમાં જ અંતર્ગત થઈ જાય છે કારણ કે, કોઇ પ્રકૃતિ ભિન્ન નથી. તેથી જુદા ગણાતા નથી.

પરંતુ (૨૭) સત્યાવીસના ઉદયે તીર્થંકર ભગવાનનો એક ભાંગો જુદો ગણાય છે કારણ કે તેમાં તીર્થંકર નામકર્મનો ઉદય અધિકરૂપે છે પણ આ ઉદયસ્થાનક અને ઉદયભાંગો તીર્થંકર ભગવાનને કેવલી સમુદ્‌ઘાતાવસ્થામાં બીજા-છઠ્ઠા અને સાતમા સમયે ઔદારિક મિશ્ર કાયયોગે વર્તતા ભગવાનને હોય છે.

સામાન્ય કેવલી પરમાત્માને જે (૨૬) છવ્વીસનો ઉદય છે તેમાં (૧) પરાઘાત, (૨) ઉચ્છ્વાસ, (૩) કોઈ પણ એક વિહાયોગતિ, તથા (૪) કોઈ પણ એક સ્વર એમ ચાર પ્રકૃતિઓનો ઉદય ઉમેરતાં ૩૦ નું ઉદયસ્થાનક થાય છે. અને તે સામાન્યકેવલી પરમાત્માને ઔદારિકકાયયોગે વર્તતાને સામાન્યપણે સદાકાળ હોય છે ત્યાં છ સંસ્થાન, બે વિહાયોગતિ અને સુસ્વર-દુસ્વર ના ઉદયનો સંભવ હોવાથી (૬ X ૨ X ૨ = ૨૪) ચોવીસ ઉદયભાંગા થાય છે. પરંતુ તે ઉદયસ્થાનક તથા ઉદયભાંગા સામાન્ય મનુષ્યમાં આવી જાય છે બીજી કોઈ હીનાધિક પ્રકૃતિઓ નથી. માટે ભિન્નપણે અર્થાત્ પૃથક્‌પણે ગણાતા નથી.

ઉપર કહેલી જે (૩૦) ત્રીસ કર્મપ્રકૃતિઓ છે તે જ તીર્થંકર નામકર્મ સહિત કરતાં (૩૧) એકત્રીસનો ઉદય તીર્થંકર કેવલી ભગવાનને ઔદારિક કાયયોગ કાળે સદા હોય છે ત્યાં સર્વ શુભ પ્રકૃતિઓ હોવાથી એક ઉદયભાંગો જાણવો.

સામાન્ય કેવલી પરમાત્માને જે ૩૦ નો ઉદય પૂર્વે કહ્યો છે તેમાંથી વચનયોગનો નિરોધ કરે ત્યારે સ્વરનો ઉદય ન હોવાથી ૨૯ નો ઉદય થાય છે. ત્યાં છ સંસ્થાન અને બે વિહાયોગતિ પ્રતિપક્ષી હોવાથી (૬x૨=૧૨) બાર ઉદય ભાંગા થાય છે પરંતુ સામાન્યમનુષ્યના ભાંગાની સાથે સમાન પ્રકૃતિઓ હોવાથી આ ઉદયભાંગા ભિન્ન ગણાતા નથી. તથા તેમાંથી ઉચ્છ્વાસનો નિરોધ કરે છતે (૨૮) અઠ્યાવીસનો ઉદય થાય છે, ત્યાં પણ બાર ઉદયભાંગા થાય છે પરંતુ (૨૮-૨૯માં) અઠ્યાવીસ અને ઓગણત્રીસમાં જે બાર બાર ઉદયભાંગા થાય છે તે સામાન્ય મનુષ્યના જે ૨૬૦૨ ઉદયભાંગા છે તેમાં આવી જતા હોવાથી જુદા ગણાતા નથી.

પરંતુ તીર્થંકર ભગવાનને તીર્થંકર નામકર્મનો ઉદય અધિક હોવાથી તે ભાંગા સામાન્ય મનુષ્યના ઉદયભાંગામાં સમાતા નથી. માટે ૩૧ ના ઉદયે એક, સ્વરનો નિરોધ કરે ત્યારે ૩૦ ના ઉદયે ૧, અને ઉચ્છ્વાસનો નિરોધ કરે ત્યારે ૨૯ ના ઉદયે એક એમ ત્રણ ભાંગા ભિન્ન રીતે ગણવા.

તથા ચૌદમા ગુણસ્થાનકે સામાન્ય કેવલીને આઠનો અને તીર્થંકર કેવલી ભગવાનને નવનો ઉદય હોય છે (૧) મનુષ્યગતિ, (૨) પંચેન્દ્રિય જાતિ, (૩) ત્રસ નામકર્મ, (૪) બાદર નામકર્મ, (૫) પર્યાપ્ત નામકર્મ, (૬) સૌભાગ્ય (૭) આદેય અને (૮) યશઃ નામકર્મ તથા (૯) તીર્થંકરનામકર્મ એમ કુલ નવ પ્રકૃતિઓનો ઉદય તીર્થંકર ભગવાનના જીવને ચૌદમે ગુણઠાણે હોય છે તે જ કાલે અતીર્થંકર કેવલી ભગવાનને તીર્થંકર નામકર્મ રહિત બાકીની આઠ પ્રકૃતિઓનો ઉદય હોય છે.

સર્વ મળીને કેવલી ભગવાનના ૬૨ ઉદયભાંગા થાય છે.

| | | | |
|---|---|---|---|
| ૨૦ ના ઉદયે | ૧ | ૨૯ ના ઉદયે ૧૨+૧= | ૧૩ |
| ૨૧ ના ઉદયે | ૧ | ૩૦ ના ઉદયે ૨૪+૧= | ૨૫ |
| ૨૬ ના ઉદયે | ૬ | ૩૧ ના ઉદયે | ૧ |
| ૨૭ ના ઉદયે | ૧ | ૯ ના ઉદયે | ૧ |
| ૨૮ ના ઉદયે | ૧૨ | ૮ ના ઉદયે | ૧ |
| | ૨૧ | + | ૪૧=૬૨ ઉદયભાંગા |

આ પ્રમાણે કેવલી પરમાત્માના ૬૨ ઉદયભાંગા થાય છે.

પરંતુ ૨૬-૨૮-૨૯ અને ૩૦ ના ઉદયમાં સામાન્ય કેવલી ભગવાનના અનુક્રમે ૬+૧૨+૧૨+૨૪=૫૪ ઉદયભાંગા જે થાય છે તે ભાંગા સામાન્ય મનુષ્યના ૨૬૦૨ ઉદયભાંગામાં સમાઇ જાય છે તેથી તે બાદ કરતાં કેવલી ભગવાનના ૮ ભાંગા જ ગણાય છે.

આ પ્રમાણે કેવલી ભગવન્તના ૬૨ ઉદયભાંગા થતા હોવા છતાં ઉપરોક્ત ૫૪ ઉદયભાંગા સામાન્ય મનુષ્યમાં અંતર્ગત થઈ જ જાય છે તેથી તે જુદા ન ગણતાં કેવલી મનુષ્યના આઠ ઉદયભાંગા લેવાય છે તેમાં ૨૦ અને ૮ ના ઉદયમાં સામાન્ય કેવલી ભગવાનનો ૧+૧=૨, અને ૨૧, ૯, ૨૭, ૨૯, ૩૦, ૩૧ ના ઉદયના તીર્થંકરભગવાનના એક એક એમ કુલ ૬, એમ કુલ કેવલી ભગવાનના ૮ ઉદયભાંગા લેવાય છે એમ વિવેક કરવો.

આ પ્રમાણે સામાન્ય મનુષ્યના (૨૬૦૨), બે હજાર છસોહ અને બે, વૈક્રિય મનુષ્યના (૩૫) પાંત્રીસ, આહારક મનુષ્યના (૭) સાત તથા કેવલી મનુષ્યના (૮) આઠ એમ ચારે પ્રકારના મનુષ્યોના સાથે મળીને કુલ (૨૬૫૨) બે હજાર છસોહ બાવન ઉદયભાંગા થાય છે. આ પ્રમાણે મનુષ્યોનાં ઉદયસ્થાનો અને ઉદયભાંગા સમજાવ્યા.

હવે દેવોનાં ઉદયસ્થાનો તથા ઉદયભાંગા સમજાવાય છે. ત્યાં દેવોનાં ઉદયસ્થાનો છ (૬) છે. તે આ પ્રમાણે (૨૧-૨૫-૨૭-૨૮-૨૯-૩૦) એકવીસ, પચ્ચીસ, સત્યાવીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ અને ત્રીસ.

ત્યાં દેવદ્વિક, પંચેન્દ્રિય જાતિ, ત્રસનામકર્મ, બાદરનામકર્મ, પર્યાપ્ત નામકર્મ, સૌભાગ્ય અને દૌર્ભાગ્યમાંથી એક, આદેય અને અનાદેયમાંથી એક, યશઃકીર્તિ અને અયશઃકીર્તિમાંથી એક એમ કુલ (૯) નવ પ્રકૃતિઓ, તથા બાર ધ્રુવોદયી પ્રકૃતિઓ મળીને કુલ (૨૧) એકવીસ પ્રકૃતિઓ થાય છે. દેવભવમાં ઉત્પન્ન થવા માટે ત્યાં જતા જીવને વિગ્રહગતિમાં આ (૨૧) એકવીસનો ઉદય હોય છે.

ત્યાં સૌભાગ્ય - દૌર્ભાગ્ય, આદેય-અનાદેય, યશઃ કીર્તિ, અયશઃકીર્તિ દ્વારા કુલ (૮) આઠ ઉદયભાંગા થાય છે. આ દેવોમાં દૌર્ભાગ્ય, અનાદેય, અને અયશઃકીર્તિ જેવી અશુભ પ્રકૃતિઓનો ઉદય પિશાચાદિ દેવોને જાણવો.

દેવગતિમાં ઉત્પન્ન થયા પછી શરીરસ્થ થયેલાને વૈક્રિયશરીર, વૈક્રિયાંગોપાંગ, ઉપઘાત, પ્રત્યેક, સમચતુરસ્ર સંસ્થાન, પાંચ પ્રકૃતિઓનો ઉદય ઉમેરાય છે અને દેવાનુપૂર્વી દૂર કરાય છે તેથી (૨૧+૫-૨૬ બાદ ૧=૨૫) પચીસનો ઉદય થયો ત્યાં પણ સૌભાગ્યાદિ ત્રિકના પ્રતિપક્ષપણે આઠ ઉદયભાંગા થાય છે.

ત્યારબાદ શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા દેવને પરાઘાત તથા પ્રશસ્ત વિહાયોગતિ એમ બે પ્રકૃતિનો ઉદય પ્રક્ષિપ્ત કરાયે છતે (૨૭) સત્યાવીસનો ઉદય થાય છે. ત્યાં પણ સૌભાગ્ય-દૌર્ભાગ્યાદિ ત્રણ પ્રતિપક્ષીના કુલ (૮) આઠ ઉદયભાંગા થાય છે. દેવોને અશુભ વિહાયોગતિનો ઉદય હોતો નથી. તેથી તેના સંબંધી ઉદયભાંગા થતા નથી.

તથા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસનો ઉદય ઉમેરાયે છતે (૨૮) અઠ્યાવીસનું ઉદયસ્થાન થાય છે. ત્યાં પણ પૂર્વની જેમ આઠ ભાંગા થાય છે અથવા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા બનેલા જીવને ઉચ્છ્વાસનો અનુદય હોતે છતે તથા ઉદ્યોતનો ઉદય થયે છતે પણ (૨૮) અઠ્યાવીસનું ઉદયસ્થાન થાય છે. ત્યાં પણ પૂર્વની જેમ આઠ ઉદયભાંગા થાય છે બન્ને મળીને સર્વ સંખ્યાએ ૨૮ ના ઉદયમાં કુલ (૧૬) સોળ ઉદયભાંગા થાય છે.

ત્યારબાદ ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તા બનેલા દેવના જીવને સુસ્વરનો ઉદય પ્રક્ષિપ્ત કરાયે છતે (૨૯) ઓગણત્રીસનો ઉદય થાય છે અહીં પણ આઠ ઉદયભાંગા સૌભાગ્યાદિ ત્રણ પ્રતિપક્ષીના થાય છે. તથા દેવોને દુસ્વરનો ઉદય હોતો નથી. તેથી તેના સંબંધી ભાંગા દેવગતિમાં થતા નથી. આ એક પ્રકારે ૨૯ નો ઉદય સમજાવ્યો.

અથવા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા બનેલા જીવને સ્વરનો અનુદય હોતે છતે ઉદ્યોતનો ઉદય થાય ત્યારે પણ (૨૯) નું ઉદયસ્થાનક હોય છે ઉત્તરવૈક્રિય શરીર રચના કરનારા દેવોને પણ ઉદ્યોતનો ઉદય હોય છે પ્રથમ કર્મગ્રંથ ગાથા નં. ૪૬ માં કહ્યું છે કે

जइदेवुत्तरविक्रिय जोइसखज्जोअमाइव्व ગાથા-૪૬.

એમ (૨૯) ઓગણત્રીસના ઉદયમાં કુલ (૧૬) સોળ ઉદયભાંગા થાય છે.

તથા ત્યારબાદ ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા દેવના જીવને સુસ્વર સાથે જે (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓ છે તેમાં ઉદ્યોતનો ઉદય ઉમેરાયે છતે (૩૦) ત્રીસનું ઉદયસ્થાનક થાય છે. ત્યાં પણ પૂર્વની જેમ આઠ ઉદયભાંગા થાય છે,

સર્વસંખ્યાએ મેળવતાં દેવોના (૮+૮+૮+૧૬+૧૬+૮=૬૪) કુલ ચોસઠ ઉદયભાંગા થાય છે. આ પ્રમાણે દેવોનાં ઉદયસ્થાનો તથા ઉદયભાંગા કહ્યા. હવે નારકીનાં ઉદયસ્થાનકો તથા ઉદયભાંગા કહેવાય છે.

નારકીના જીવોને પાંચ ઉદયસ્થાનક અને પાંચ ઉદયભાંગા હોય છે તે આ પ્રમાણે (૨૧-૨૫-૨૭-૨૮-૨૯) એકવીસ, પચ્ચીસ, સત્યાવીસ, અઠ્યાવીસ અને ઓગણત્રીસ એમ પાંચ ઉદયસ્થાનકો છે.

ત્યાં નરકદ્વિક, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, દૌર્ભાગ્ય, અનાદેય, અયશઃકીર્તિ, આ નવ તથા બાર ધ્રુવોદયી બન્ને સાથે મળીને ૨૧નું ઉદયસ્થાનક થાય છે. અહીં સર્વે પણ પ્રકૃતિઓ અશુભ છે. તેથી એક જ ઉદય ભાંગો થાય છે. આ પ્રમાણે નારકીના બીજા ઉદયસ્થાનોમાં પણ જાણવું.

ત્યારબાદ શરીરસ્થ બનેલા નારકીના જીવને વૈક્રિયદ્વિક, પ્રત્યેક નામકર્મ, હુંડકસંસ્થાન અને ઉપઘાત નામકર્મ આ પાંચ પ્રકૃતિઓ ઉમેરાય છે અને નરકાનુપૂર્વી દૂર કરાય છે તેથી ૨૫ નું ઉદયસ્થાનક થાય છે ત્યાં પણ સર્વ પ્રકૃતિઓ અશુભ જ ઉદયમાં હોવાથી એક ઉદયભાંગો જાણવો.

ત્યારબાદ શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા બનેલા નારકીના તે જીવને પરાઘાત અને અશુભ વિહાયોગતિ એમ બેનો ઉદય પ્રક્ષેપ કરાયે છતે (૨૭) સત્યાવીસનો ઉદય થાય છે ત્યાં પણ એક ઉદયભાંગો જાણવો તથા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા જીવને ઉચ્છ્વાસનો ઉદય થતાં (૨૮) અઠ્યાવીસનું ઉદયસ્થાન થાય છે. તથા ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા નારકીના જીવને દુઃસ્વરનો ઉદય થતાં (૨૯) ઓગણત્રીસનું ઉદયસ્થાનક આવે છે ત્યાં પણ બન્ને ઉદય સ્થાનોમાં સર્વ અશુભ હોવાથી એક એક ઉદયભાંગો થાય છે સર્વ મળીને નારકીના પાંચ ઉદયભાંગા થાય છે.

ચારે ગતિના સર્વ ભાંગા સાથે મળીને કુલ (૭૭૯૧) સાતહજાર સાતસોહ અને એકાણુ ઉદયભાંગા થાય છે. (એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૪૯૦૬, વૈક્રિય તિર્યંચના ૫૬, સામાન્ય મનુષ્યના ૨૬૦૨, વૈક્રિય મનુષ્યના ૩૫, આહારક મનુષ્યના ૭, કેવલી મનુષ્યના ૮, દેવોના ૬૪ અને નારકીના ૫, સર્વ મળીને ૭૭૯૧ ઉદય ભાંગા થાય છે.)

હવે પ્રસંગના વશથી ચૌદે ગુણસ્થાનકોમાં નામકર્મની પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ (કયા ગુણસ્થાનકે કેટલી પ્રકૃતિઓ ઉદયમાંથી નીકળી જાય તે વિષય) સમજાવાય છે :-

અહીં મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે સર્વ જીવોની અપેક્ષાએ તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિક એમ (૩) ત્રણ પ્રકૃતિઓ વિના બાકીની સર્વે પણ નામકર્મની પ્રકૃતિઓનો ઉદય (અર્થાત્ નામકર્મની ૬૪ પ્રકૃતિઓનો ઉદય) સંભવે છે. મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે કેવલજ્ઞાન અને સંયમના અભાવે તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિક ઉદયમાં સંભવતું નથી.

સાધારણ, સૂક્ષ્મ, અપર્યાપ્ત અને આતપનામકર્મ આ ચારનો મિથ્યાત્વ ગુણઠાણે ઉદયવિચ્છેદ થાય છે. અહીં ઉદયવિચ્છેદનો અર્થ એવો કરવો કે તે ગુણઠાણે ઉદય હોય પરંતુ તેનાથી આગલા ગુણઠાણાઓમાં ઉદય ન હોય. આ કારણે સાધારણાદિ ચારે નામકર્મની પ્રકૃતિઓનો પહેલા ગુણઠાણે ઉદય હોય પરંતુ બીજા આદિ ગુણઠાણાઓમાં ઉદય ન હોય. આવો અર્થ આગળ પણ સર્વત્ર કરવો. તે કારણે સાસ્વાદન ગુણઠાણે (૬૭માંથી ૩+૪=૭ બાદ કરવાથી) કુલ ૬૦ સાએઠ પ્રકૃતિઓનો ઉદય હોય છે. (તથા સાસ્વાદન ગુણસ્થાનકે નરકાનુપૂર્વીનો પણ અનુદય હોય છે કારણ કે સાસ્વાદનમાં વર્તતા જીવો મૃત્યુ પામીને નરકમાં જતા નથી. તેથી તેનો પણ અનુદય હોય છે. પરંતુ આગળ ચોથા ગુણઠાણે નરકાનુપૂર્વીનો ઉદય હોય છે એટલે આ વિવક્ષા ન કરી હોય એમ લાગે છે).

હવે મિશ્રગુણસ્થાનકે ૫૧ નો ઉદય હોય છે. તે સમજાવે છે. (૧) સ્થાવર નામકર્મ, એકેન્દ્રિય જાતિ નામકર્મ, અને વિકલેન્દ્રિય જાતિ નામકર્મ એમ પાંચ કર્મપ્રકૃતિઓનો ઉદય કે જે સાસ્વાદને હોય છે. પરંતુ સાસ્વાદના અંતે ઉદયવિચ્છેદ થાય છે તે પાંચનો ઉદય મિશ્રગુણઠાણે સંભવતો નથી.

તથા મિશ્રગુણસ્થાનકે મૃત્યુ થતું ન હોવાથી પરભવમાં ગમન થતું નથી. તેથી ચાર આનુપૂર્વીનો ઉદય પણ ત્યાં સંભવતો નથી. તેથી ૬૦ માંથી ૫+૪=૯ નો ઉદય ન્યૂન કરવાથી બાકીની ૫૧ (એકાવન કર્મપ્રકૃતિઓનો) ઉદય હોય છે.

અવિરતસમ્યગ્દષ્ટિ નામના ચોથા ગુણઠાણે મૃત્યુ થતું હોવાથી અને પૂર્વે આયુષ્ય બાંધ્યું હોય તેવા જીવોનું ચારે ગતિમાં ગમન સંભવતું હોવાથી ચારે આનુપૂર્વનીનો ઉદય હોઈ શકે છે તે કારણથી ત્યાં પંચાવન (૫૫) પ્રકૃતિઓનો ઉદય હોય છે.

ચોથા ગુણસ્થાનકના અંતે દેવદ્વિક, નરકદ્વિક, વૈક્રિયદ્વિક, દૌર્ભાગ્ય, અનાદેય, અયશઃકીર્તિ તથા તિર્યંચાનુપૂર્વી અને મનુષ્યાનુપૂર્વી એમ કુલ (૧૧) અગિયાર કર્મપ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થાય છે તેથી દેશવિરતિગુણઠાણે (૫૫ બાદ ૧૧ = ૪૪) ચુમ્માલીસ પ્રકૃતિઓનો ઉદય હોય છે.

અહીં પાંચમા ગુણઠાણે વૈક્રિયદ્વિકના ઉદયનો જે નિષેધ કીધો તે કર્મસ્તવ નામના બીજા કર્મગ્રંથના અભિપ્રાય પ્રમાણે જાણવો. કારણ કે ભવપ્રત્યયિક વૈક્રિય દેવ-નારકીને જ હોય છે અને દેવ નારકીને ચાર જ ગુણસ્થાનક હોય છે તે માટે વૈક્રિયદ્વિકનો ઉદય પાંચમે નિષેધ્યો છે. પરંતુ પંચસંગ્રહના અભિપ્રાય પ્રમાણે પાંચમે-છઠ્ઠે ગુણઠાણે વૈક્રિયદ્વિકના ઉદયનો નિષેધ નથી. કારણ કે લબ્ધિપ્રત્યયિક વૈક્રિય શરીર અંબડ શ્રાવકાદિની જેમ પાંચમે

છઠ્ઠે પણ હોઈ શકે છે તેથી પંચસંગ્રહના મત પ્રમાણે દેશવિરતિધર, તથા સર્વવિરતિધર પ્રમત્ત અને અપ્રમત્ત મુનિઓને પણ વૈક્રિયનો ઉદય હોવાથી ત્યાં વૈક્રિયદ્વિકના ઉદયનો નિષેધ ન જાણવો. પરંતુ ભવપ્રત્યયિક વૈક્રિયનો નિષેધ જાણવો.

તથા દેશવિરતિ ગુણઠાણે જે (૪૪) ચુમ્માલીસનો ઉદય છે તેમાંથી તિર્યંચગતિ અને ઉદ્યોત નામકર્મ આ બેનો ઉદય પાંચમાના અંતે વિચ્છેદ પામે છે તેથી પ્રમત્ત અને અપ્રમત્ત આ બન્ને ગુણઠાણે (૪૨) બેતાલીસ કર્મપ્રકૃતિઓનો ઉદય હોય છે. તથા આહારકશરીરની લબ્ધિવાળા મહાત્માઓ પ્રમત્તે આહારક બનાવે છે અને બનાવ્યા પછી અપ્રમત્તે પણ જાય છે. તેથી આહારકદ્વિકનો ઉદય વધારે સંભવતો હોવાથી પ્રમત્તે તથા અપ્રમત્તે નામકર્મની (૪૪) ચુમ્માલીસ પ્રકૃતિઓનો ઉદય જાણવો.

સાતમા ગુણસ્થાનકથી ઉપર અપૂર્વકરણાદિમાં શ્રેણિનો પ્રારંભ થાય છે અને અન્તિમ ત્રણ સંઘયણના ઉદયવાળા જીવો શ્રેણિનો પ્રારંભ કરતા ન હોવાથી અન્તિમ ત્રણ સંઘયણનો ઉદય શ્રેણિમાં નથી. તથા આહારકદ્વિક પણ શ્રેણિમાં ઉદયમાં પ્રાપ્ત થતું નથી. તે માટે આ પાંચ પ્રકૃતિઓનો ઉદય સાતમા ગુણઠાણા સુધી હોય છે પણ અપૂર્વકરણાદિમાં સંભવતો નથી. તે માટે (૪૪ બાદ ૫ = ૩૯) અપૂર્વકરણાદિ ચાર ગુણસ્થાનકોમાં (૮-૯-૧૦-૧૧ એમ ચાર ગુણસ્થાનકોમાં ઓગણચાલીસનો ઉદય હોય છે. ઉપશાન્તમોહ ગુણસ્થાનકે બીજા અને ત્રીજા સંઘયણનો ઉદવિચ્છેદ થાય છે કારણ કે બારમા ગુણઠાણે ક્ષપકશ્રેણિ જ હોવાથી માત્ર પ્રથમ સંઘયણનો જ ઉદય હોય છે તેથી (૩૯ બાદ ૨ = ૩૭) સાડત્રીસ પ્રકૃતિઓનો ઉદય બારમા ક્ષીણમોહ ગુણઠાણે હોય છે.

તથા સયોગિકેવલી નામના તેરમા ગુણઠાણે પણ નામકર્મની આ જ ૩૭ પ્રકૃતિઓનો ઉદય હોય છે તથા તીર્થંકર ભગવાનને ૩૮ નો ઉદય હોય છે. ત્યાં સયોગિકેવલી નામના તેરમા ગુણઠાણાના ચરમ સમયે નામકર્મની ધ્રુવોદયી (૧૨) બાર પ્રકૃતિઓ, તથા સ્વરદ્વિક (સુસ્વર-દુઃસ્વર), શુભાશુભ વિહગાયોગતિદ્વિક, ઔદારિકદ્વિક, પ્રત્યેકનામકર્મ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, સંસ્થાનષટ્ક, પ્રથમસંઘયણ, એમ પ્રતિપક્ષી સાથે ગણતાં કુલ (૨૯) ઓગણત્રીસ કર્મપ્રકૃતિઓના ઉદયનો વિચ્છેદ થાય છે તેથી ચૌદમા અયોગિ ગુણઠાણે (૩૭ બાદ ૨૯ = ૮) આઠ કર્મપ્રકૃતિઓનો ઉદય સામાન્ય કેવલી ભગવંતોને હોય છે અને તીર્થંકર ભગવાન લઈએ તો જિન નામકર્મ સાથે (૯) નવ કર્મપ્રકૃતિઓનો ઉદય હોય છે.

તે આ પ્રમાણે ચૌદે ગુણસ્થાનકોમાં નામકર્મમાં ક્યાં ક્યાં કઈ કઈ પ્રકૃતિઓના ઉદયનો વિચ્છેદ થાય છે તે વિષય સમજાવ્યો તે વિચારવાથી વિસ્તારપૂર્વક ઉદયનો અધિકાર સમાપ્ત થયો.

હવે નામકર્મનાં સત્તાસ્થાનકો કહેવાય છે તે સત્તાસ્થાનકો કુલ (૧૨) બાર છે. ત્યાં નામકર્મની સર્વ પ્રકૃતિઓ જેને સત્તામાં છે તેવા જીવને આશ્રયી (૯૩) ત્રાણુની સત્તા છે અહીં પન્નર બન્ધનની વિવક્ષા ન કરતાં માત્ર પાંચ જ બંધનની વિવક્ષા કરીને (૯૩) ત્રાણુની સત્તાનો અધિકાર લેવાય છે. ગ્રંથકારશ્રીની તેવી જ વિવક્ષા હોવાથી તે (૯૩) ત્રાણું પ્રકૃતિઓનું પ્રથમ સત્તાસ્થાનક થાય છે.

તે ત્રાણુંમાંથી ફક્ત એક તીર્થંકર નામકર્મની સત્તા ન્યૂન કરે છતે (જે આત્માઓએ તીર્થંકર નામકર્મ બાંધ્યું નથી. તેઓને આશ્રયી) (૯૨) બાણુંનું સત્તાસ્થાન થાય છે. તથા જે આત્માઓએ આહારક શરીર, આહારક અંગોપાંગ, આહારકબંધન, આહારકસંઘાતન, સ્વરૂપ આહારક શરીર સંબંધી (૪) ચાર કર્મપ્રકૃતિઓ બાંધી નથી. અને તેના કારણે આ ચારની સત્તા નથી. પરંતુ તીર્થંકર નામકર્મ બાંધ્યું છે અને તેની સત્તા છે તેવા જીવને આશ્રયી નામકર્મનું (૮૯) નેવ્યાસીનું સત્તાસ્થાનક થાય છે.

તથા જે જીવોએ આહારકચતુષ્ક અને તીર્થંકર નામકર્મ એમ આ પાંચે કર્મપ્રકૃતિઓ બાંધી જ નથી. અને તેના કારણે સત્તામાં નથી. તેવા જીવને આશ્રયી (૮૮) અઠ્યાસીની સત્તા હોય છે આ (૯૩-૯૨-૮૯ અને ૮૮) ત્રાણું, બાણું, નેવ્યાસી અને અઠ્યાસી એમ ચાર સત્તાસ્થાનકને પ્રથમ સત્તાસ્થાન ચતુષ્ક કહેવાય છે.

તે (૯૩-૯૨-૮૯ અને ૮૮) એમ પ્રથમ સત્તાસ્થાનક ચતુષ્કમાંથી ક્ષપકશ્રેણિમાં નવમા ગુણઠાણે તેર કર્મપ્રકૃતિઓનો ક્ષય થયે છતે (૮૦-૭૯-૭૬ અને ૭૫) એંશી, અગણ્યાએંશી, છોંતેર, અને પંચોતેર એમ બીજાં ચાર સત્તાસ્થાનકો થાય છે તે ચારને બીજું સત્તાસ્થાનચતુષ્ક કહેવાય છે.

તથા આહારકચતુષ્ક અને તીર્થંકર નામકર્મની સત્તા વિનાનો (૮૮) નામકર્મની અઠ્યાસીની સત્તાવાળો જીવ એકેન્દ્રિયમાં જાય અને દેવદ્વિક અથવા નરકદ્વિકની ઉદ્વલના કરે ત્યારે એક દ્વિક વિના (૮૬) છ્યાસીની સત્તા હોય છે.

તથા અઠ્યાસીની સત્તામાંથી વૈક્રિય ચતુષ્ક દેવદ્વિક તથા નરકદ્વિક એમ કુલ આઠ કર્મપ્રકૃતિઓની ઉદ્વલના કરાયે છતે (૮૦) એંશીનું સત્તાસ્થાનક થાય છે. તેમાંથી તેઉકાય અને વાઉકાયના ભવમાં જવા વડે મનુષ્યદ્વિકની ઉદ્વલના કરવા દ્વારા તેની સત્તા બાદ કરતાં (૭૮) અઠ્યોતેરની સત્તા થાય છે. આ (૮૬-૮૦-૭૮) છ્યાંસી, એંશી અને અઠ્યોતેર આ ત્રણ સત્તાસ્થાનકોને અધ્રુવસત્તાસ્થાનક એવી સંજ્ઞા આપવામાં આવે છે.

તથા ચૌદમા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમયે (૮૫) પંચ્યાસી પ્રકૃતિઓની સત્તાનો ક્ષય થતાં ચૌદમાના ચરમ સમયે નવની અને આઠની સત્તા રહે છે. આ પ્રમાણે ગણના કરતાં (૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૦, ૭૯, ૭૬, ૭૫, ૮૬, ૮૦, ૭૮, અને ૯ તથા ૮) ત્રાણું, બાણું, નેવ્યાસી, અઠ્યાસી, એંશી, અણ્યાએંશી, છોત્તેર, પંચોતેર, છયાંસી, એંશી, અઠ્યોતેર, નવ અને આઠ એમ કુલ તેર સત્તાસ્થાનકો થાય છે તો પણ તેમાં (૮૦ એંશીનું સત્તાસ્થાનક બે વાર આવતું હોવાથી એકવાર ગણવાથી નામકર્મનાં કુલ સત્તાસ્થાનકો (૧૨) બાર થાય છે. તેથી બાર સત્તાસ્થાનક કહેવામાં કોઈ દોષ નથી.

આ પ્રમાણે આ બારે પણ સત્તાસ્થાનકો સપ્તતિકા નામના ગ્રન્થના આધારે સમજાવ્યાં છે. પ્રસ્તુત ગ્રન્થાદિના અભિપ્રાય પ્રમાણે તો ૧૦૩ વિગેરે સત્તાસ્થાનકો જાણવાં એટલે કે પાંચ બંધનને બદલે પન્નર બંધન ગણીને સત્તાસ્થાનકો કહેવાં.

અહીં ૯૩, ૯૨, ૮૯ અને ૮૮ આ ચાર જે સત્તાસ્થાનકો છે. તેમાંથી (૧૩) તેર પ્રકૃતિઓનો ક્ષય થયે છતે જે ૮૦, ૭૯, ૭૬ અને ૭૫ એમ બીજુ સત્તાસ્થાનક ચતુષ્ક બને છે ત્યાં તે તેર પ્રકૃતિઓ કઈ કઈ લેવી આવો પ્રશ્ન કદાચ થાય તો ગ્રંથકારશ્રી કહે છે કે તે તેર કર્મપ્રકૃતિઓ આ પ્રમાણે જાણવી.

સ્થાવરદ્વિક, તિર્યંચદ્વિક, આતપનામકર્મ, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય જાતિ, સાધારણ નામકર્મ, નરકદ્વિક, અને ઉદ્યોત નામકર્મ આ તેર પ્રકૃતિઓ ક્ષપકશ્રેણિમાં નવમા ગુણઠાણનો કેટલોક ભાગ જાય ત્યાં સુધી જ સત્તામાં હોય છે. આ તેરમાં પ્રારંભની દશ પ્રકૃતિઓ એકાન્તે તિર્યંચ યોગ્ય છે. પરંતુ તે દશ પ્રકૃતિઓ ઉદય અને ઉદીરણાને આશ્રયી જ એકાન્તે તિર્યંચ પ્રાયોગ્ય જાણવી. પરંતુ બંધ અને સત્તાને આશ્રયી આ દશ પ્રકૃતિઓ અન્ય ગતિના જીવોમાં પણ હોય છે. દેવ-નરક અને મનુષ્યગતિમાં વર્તતા જીવો પણ આ પ્રકૃતિઓ બાંધે છે અને તેઓને સત્તામાં પણ આ તેર હોય છે.

નામકર્મનાં આ ૧૨ સત્તાસ્થાન પૈકી જે ત્રણ અધ્રુવ સત્તાસ્થાનો છે. તેના સ્વામી જણાવે છે. પૃથ્વીકાય, અપ્કાય, અને વનસ્પતિકાય આ ત્રણ પ્રકારના જીવોમાં (૮૬ અને ૮૦) છયાંસી અને એંશી એમ બે સત્તાસ્થાનક હોય છે ત્રીજું (૭૮) અઠ્યોતેરનું સત્તા સ્થાનક તેઉકાય અને વાઉકાયમાં હોય છે. અન્ય જીવોમાં આ ૭૮નું સત્તાસ્થાનક હોતું નથી. કારણ કે તેઉકાય અને વાઉકાય આ બે પ્રકારના જીવો જ મનુષ્યદ્વિકની ઉદ્વલના કરે છે.

અથવા (૭૮) અઠ્યોતેરની સત્તાવાળા થયા પછી તેઉકાય અને વાઉકાયના ભવમાંથી નીકળીને પૃથ્વીકાય-અપ્કાય, વનસ્પતિકાયના ભવોમાં અથવા વિકલેન્દ્રિયના ભવોમાં અથવા

તિર્યંચપંચેન્દ્રિયના ભવમાં આવેલા જીવને કેટલોકકાળ (શરીર પર્યાપ્તિ સમાપ્ત ન કરે ત્યાં સુધી) અર્થાત્ નવું મનુષ્યદ્વિક ન બાંધે ત્યાં સુધી ૭૮ ની સત્તા હોય છે તેઉકાય અને વાઉકાયમાંથી નીકળેલા જીવો મનુષ્યભવમાં ગમન ન કરતા હોવાથી પંચેન્દ્રિય તિર્યંચ ભવ સુધી જ ગમન થાય છે. આમ જાણવું.

હવે ચાર ગતિમાંથી કઈ કઈ ગતિમાં નામકર્મનાં કેટલાં કેટલાં સત્તાસ્થાનક હોય છે તે સમજાવે છે. ત્યાં નરકગતિમાં ત્રણ સત્તાસ્થાનકો છે. (૯૨-૮૯-૮૮) બાણું, નેવ્યાસી અને અઠ્યાસી, ત્રાણુની સત્તા નરકગતિમાં સંભવતી નથી. કારણ કે તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિક સહિત કરીએ તો જ તે ત્રાણુની સત્તા થાય છે અને આમ ઉભયની સત્તાવાળા જીવનો નરકના ભવમાં ઉત્પાદ થતો નથી.

દેવગતિમાં (૯૩, ૯૨, ૮૯, ૮૮) એમ કુલ પ્રથમનાં ચાર સત્તા સ્થાનકો હોય છે. બાકીનાં સત્તાસ્થાનકો દેવભવમાં સંભવતાં નથી. કારણ કે બાકીનાં સત્તાસ્થાનકો એકેન્દ્રિયના ભવમાં અથવા ક્ષપકશ્રેણિમાં જ આવે છે તે કારણથી દેવભવમાં સંભવતાં નથી.

તિર્યંચગતિમાં મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે જે જે સત્તાસ્થાનકો કહ્યાં છે. તેમાંથી તિર્થંકર નામકર્મ સહિતનું જે ૮૯નું સત્તાસ્થાનક છે તેના વિના બાકીનાં (૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮ એમ) કુલ પાંચ સત્તાસ્થાનો હોય છે.

મનુષ્યગતિમાં (૭૮) અઠ્ઠોત્તેરનું એક જ સત્તાસ્થાનક વર્જીને બાકીનાં સર્વે પણ (અર્થાત્ ૧૧) અગિયાર સત્તાસ્થાનકો હોય છે.

હવે ચૌદ ગુણસ્થાનકોમાં તે સત્તાસ્થાનકો સમજાવાય છે મિથ્યાદૃષ્ટિ નામના પ્રથમ ગુણસ્થાનકે પ્રથમનું (૯૩ નું) ત્રાણુંનું સત્તા સ્થાનક બાદ કરીને બાકીનું પ્રથમ ચતુષ્ક (૯૨-૮૯-૮૮), તથા અધ્રુવ સંજ્ઞાવાળાં ત્રણ એમ કુલ (૯૨-૮૯-૮૮-૮૬-૮૦-૭૮) છ સત્તાસ્થાનો હોય છે.

તીર્થંકરનામકર્મ અને આહારકચતુષ્ક એમ ઉભયની સત્તાવાળા જીવનું મિથ્યાત્વે *ગમન નિષેધેલું હોવાથી (૯૩) ત્રાણુનું સત્તાસ્થાનક સંભવતું નથી. બીજે સાસ્વાદન ગુણઠાણે તથા ત્રીજા મિશ્રદૃષ્ટિ ગુણઠાણે જિનનામકર્મની સત્તા ન હોવાથી (૯૨-૮૮) બાણું અને અઠ્યાસી એમ બે સત્તાસ્થાનકો જ હોય છે.*

અવિરત સમ્યગ્દૃષ્ટિ નામના ચોથા ગુણઠાણે તથા દેશવિરતિધર, પ્રમત્ત, અપ્રમત્ત અને અપૂર્વકરણ એમ કુલ પાંચ ગુણઠાણે (૯૩-૯૨-૮૯-૮૮) ત્રાણું, બાણું, નેવ્યાસી અને અઠ્યાસી એમ કુલ ચાર સત્તા સ્થાનકો હોય છે.

અનિવૃત્તિ બાદર સંપરાય અને સૂક્ષ્મસંપરાય આ બન્ને ગુણસ્થાનકોમાં (૯૩-૯૨-૮૯-૮૮) પ્રથમ સત્તાસ્થાન ચતુષ્ક તથા તેરના ક્ષય પછી ક્ષપકશ્રેણિમાં (૮૦-૭૯-૭૬-૭૫) એંશી, અગણ્યાએંશી, છોંતેર, અને પંચોતેર એમ બીજુ સત્તાસ્થાન ચતુષ્ક મળીને આઠ-આઠ સત્તાસ્થાનકો હોય છે ત્યાં પ્રથમનાં ચાર ઉપશમશ્રેણિમાં અને ક્ષપકશ્રેણિમાં તેર ક્ષય ન થાય ત્યાં સુધી હોય છે. પરંતુ ક્ષપકશ્રેણિમાં તેરનો ક્ષય થયા પછી પછીનાં ચાર ચાર સત્તાસ્થાનક હોય છે.

ઉપશાન્તમોહ ગુણઠાણે પ્રથમનાં ચાર સત્તાસ્થાનકો હોય છે. ક્ષીણમોહમાં તથા સયોગિકેવલિમાં પાછલાં ચાર સત્તાસ્થાનક હોય છે. અયોગિકેવલી નામના ચૌદમા ગુણસ્થાનકે કુલ છ સત્તા સ્થાનકો હોય છે. બીજુ સત્તાસ્થાન ચતુષ્ક તથા નવ અને આઠ ત્યાં બીજુ સત્તાસ્થાન ચતુષ્ક જુદા જુદા જીવને આશ્રયી ચૌદમાના દ્વિચરમ સમય સુધી સત્તામાં હોય છે., પરંતુ ચૌદમાના ચરમ સમયે તીર્થંકર ભગવાન અને અતીર્થંકર કેવલીને આશ્રયી નવ અને આઠની સત્તા હોય છે.

તે આ પ્રમાણે ચૌદે ગુણસ્થાનકોમાં સત્તાસ્થાનકો સમજાવ્યાં.

હવે આ જ નામકર્મનાં બંધ ઉદય અને સત્તા આ ત્રણેનો પરસ્પર સંબંધ કહેવાય છે.

નામકર્મના (૨૩-૨૫ અને ૨૬) ત્રેવીસ-પચ્ચીસ અને છવ્વીસના બંધે એમ ત્રણે બંધસ્થાનકોમાં નવ નવ ઉદયસ્થાનકો અને પાંચ પાંચ સત્તાસ્થાનો હોય છે. ત્યાં (૨૩) ત્રેવીસનો બંધ તો માત્ર અપર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય જ છે. આ (૨૩) ત્રેવીસનો બંધ કરનારા જીવો એકેન્દ્રિય બેઇન્દ્રિય તેઇન્દ્રિય ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચ જીવો તથા મનુષ્યના જીવો જાણવા.

ત્રેવીસનો બંધ કરનારા ઉપરોક્ત જીવોને સામાન્યથી નવ ઉદયસ્થાનકો હોય છે. તે આ પ્રમાણે (૨૧-૨૪-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧) એકવીસ, ચોવીસ, પચ્ચીસ, છવ્વીસ, સત્યાવીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ, ત્રીસ અને એકત્રીસ.

ત્યાં (૨૧) એકવીસનો ઉદય અપાન્તરાલ ગતિમાં વર્તતા એકેન્દ્રિય વિકલેન્દ્રિય જીવો તથા તિર્યંચ પંચેન્દ્રિયના જીવો અને મનુષ્યોને જાણવો. તે જીવોને અપાન્તરાલ ગતિમાં વર્તતા હોય ત્યારે એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ થવાનો સંભવ છે ચોવીશનો ઉદયલબ્ધિ અપર્યાપ્તા તથા લબ્ધિ પર્યાપ્તા એકેન્દ્રિય જીવોને જાણવો. તે જીવો સિવાઈ બીજે અન્ય સ્થાને નામકર્મના (૨૪) ચોવીશના ઉદયની અપ્રાપ્તિ છે.

પચીસ પ્રકૃતિઓનો ઉદય પર્યાપ્તા એકેન્દ્રિય જીવોને તથા વૈક્રિય શરીર કરનારા મિથ્યાદષ્ટિ પંચેન્દ્રિય તિર્યંચોને તથા મનુષ્યોને હોય છે. છવ્વીસનો ઉદય પર્યાપ્તા એકેન્દ્રિયને તથા પર્યાપ્તા અને અપર્યાપ્તા વિકલેન્દ્રિયજીવોને તથા સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચોને તથા મિથ્યાદષ્ટિ સામાન્ય મનુષ્યોને હોય છે.

સત્યાવીસનો ઉદય પર્યાપ્તા એકેન્દ્રિય જીવોને તથા વૈક્રિય શરીરની રચના કરનારા મિથ્યાદષ્ટિ તિર્યંચ અને મનુષ્યોને હોય છે તથા અઠ્યાવીસનો ઉદય, ઓગણત્રીસનો ઉદય, અને ત્રીસનો ઉદયલબ્ધિ પર્યાપ્તા બેઇન્દ્રિય તેઇન્દ્રિય ચઉરિન્દ્રિય જીવોને હોય છે તથા મિથ્યાદષ્ટિ પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યના જીવોને હોય છે. જ્યારે એકત્રીસનો ઉદય વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયના જીવોને હોય છે.

ઉપર કહેલા જીવો વિનાના શેષ જીવો ૨૩ ના બંધક સંભવતા નથી. (૨૩) ત્રેવીસ પ્રકૃતિ બાંધતા ઉપરોક્ત જીવોને સામાન્યથી (૯૨, ૮૮-૮૬-૮૦-૭૮) બાણું, અઠ્યાસી, છ્યાંસી, એંશી અને અઠ્યોતેર એમ પાંચ સત્તાસ્થાનક હોય છે.

વિશેષ વિચાર કરીએ તો (૨૩) ત્રેવીસનો બંધ કરનારા જીવોને (૨૧) એકવીસના ઉદયે (૯૨-૮૮-૮૬-૮૦- અને ૭૮) એમ પાંચે સત્તાસ્થાનો હોય છે. ફક્ત એટલી વિશેષતા છે કે એકવીસના ઉદયમાં મનુષ્યના જે નવ ઉદયભાંગા છે. તેમાં (૭૮) અઠ્યોતેર વિના ચાર જ સત્તાસ્થાન હોય છે કારણ કે અઠ્યોતેરની સત્તા મનુષ્યદ્વિકની ઉદ્વલના કરે છતે થાય છે. અને આ નવ ઉદયભાંગામાં વર્તતા મનુષ્યોને મનુષ્યદ્વિકની સત્તા અવશ્ય હોય જ છે.

ચોવીશના ઉદયે પણ (૯૨-૮૮-૮૬-૮૦-૭૮) આ પાંચે સત્તાસ્થાનકો હોય છે. ફક્ત એટલી વિશેષતા છે કે વૈક્રિય શરીરની રચના કરતા એવા વાઉકાયના જીવોને (૨૪) ચોવીશના ઉદયે (૮૦-૭૮) એંશી અને અઠ્યોતેર આ બે વર્જીને શેષ ૯૨-૮૮-અને ૮૬ એમ ત્રણ જ સત્તાસ્થાનક હોય છે. કારણ કે તે જીવો વૈક્રિય શરીરની રચના કરે છે તે માટે મનુષ્યદ્વિક અને વૈક્રિયષટ્કની સત્તા અવશ્ય હોય જ છે કારણ કે વૈક્રિયની રચના કરનારા હોવાથી વૈક્રિયને તો સાક્ષાત્ અનુભવે જ છે. માટે તેની ઉદ્વલના તેઓને થઇ નથી. અને વૈક્રિયની ઉદ્વલના ન થવાથી તેની સાથે રહેનારાં એવાં દેવદ્વિક અથવા નરકદ્વિકની પણ ઉદ્વલના થતી નથી. કારણ કે વૈક્રિયષટ્કની સમકાલે જ ઉદ્વલના થાય છે.

તથા વૈક્રિયષટ્કની ઉદ્વલના થયે છતે તેની પછી જ મનુષ્યદ્વિકની ઉદ્વલના થાય છે પરંતુ તેની પૂર્વે મનુષ્યદ્વિકની ઉદ્વલના થતી નથી. તે કારણથી (૮૦ અને ૭૮) એંશી અને *અઠ્યોતેર આ બે સત્તાસ્થાનકનો સંભવ નથી.*

પચીસના ઉદયે પણ પાંચે પાંચ સત્તાસ્થાનકો હોય છે. ત્યાં (૭૮) અઠ્યોતેરનું સત્તાસ્થાનક અવૈક્રિય તેઉકાય અને વાઉકાયના જીવોને આશ્રયી પ્રાપ્ત થાય છે. બીજા જીવોને આશ્રયી પ્રાપ્ત થતું નથી. કારણ કે તેઉકાય અને વાઉકાય આ બે કાયના જીવોને વર્જીને શેષ તમામ જીવો નિયમા મનુષ્યગતિ અને મનુષ્યાનુપૂર્વી આ બે કર્મો પરાવૃત્તિએ બાંધે છે. તે કારણથી તેઉકાય અને વાઉકાય વિના અન્ય કોઈ પણ સ્થાનમાં ૨૫ આદિ ઉદયસ્થાનોમાં શરીરપર્યાપ્તિ સમાપ્ત થયેલી હોવાથી ૭૮ ની સત્તા પ્રાપ્ત થતી નથી.

છવ્વીસના ઉદયે પણ પાંચ સત્તાસ્થાનક હોય છે ત્યાં (૭૮) અઠ્યોતેરની સત્તા અવૈક્રિય વાઉકાય અને તેઉકાયના જીવોને જાણવી. તથા તેઉકાય અને વાઉકાયના ભવમાંથી ૭૮ ની સત્તાવાળા થઈને આવેલા એવા લબ્ધિ પર્યાપ્તા તથા લબ્ધિ અપર્યાપ્તા એવા બેઇન્દ્રિય તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચગતિના જીવોને હોય છે. કારણ કે તે જીવો જ્યાં સુધી મનુષ્યપ્રાયોગ્ય બંધ (એટલે કે મનુષ્યગતિ તથા મનુષ્યની આનુપૂર્વીનો બંધ) ન કરે ત્યાં સુધી તે જીવોને (૭૮) અઠ્યોતેરની સત્તા હોય છે અન્ય જીવોમાં આ (૭૮) અઠ્યોતેરની સત્તા સંભવતી નથી.

સત્યાવીસના ઉદયે (૭૮) અઠ્યોતેર વર્જીને શેષ ચાર સત્તા સ્થાનક (૯૨-૮૮-૮૬-૮૦) હોય છે. કારણ કે ૨૭ નો ઉદય તેઉકાય અને વાઉકાય વર્જીને પર્યાપ્ત બાદર એકેન્દ્રિય જીવોને તથા વૈક્રિય શરીરની રચના કરનારા પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને હોય છે તે સર્વ જીવોને અવશ્ય મનુષ્યદ્વિકના બંધનો સંભવ હોવાથી (૭૮) અઠ્યોતરની સત્તા સંભવતી નથી.

**પ્રશ્ન :** તેઉકાય અને વાઉકાયને (૨૭) સત્યાવીસનો ઉદય કેમ હોતો નથી ? કે જેથી ૨૭ ના ઉદયે તેનો (૭૮ ની સત્તાનો) નિષેધ કેમ કરાય છે ? જો તેઉકાય અને વાઉકાયને ૨૭ નો ઉદય હોય તો ત્યાં ૭૮ ની સત્તા ઘટી શકે છે.

**ઉત્તર :** આ (૨૭) સત્યાવીસનો ઉદય એકેન્દ્રિય જીવોને હોય છે. અને આતપ અથવા ઉદ્યોત આ બેમાંથી કોઈપણ એકનો ઉદય હોય ત્યારે જ ૨૭ નો ઉદય સંભવે છે તેઉકાય અને વાઉકાયને આતપ અને ઉદ્યોતનો ઉદય હોતો નથી. તેથી ૨૭ ના ઉદયમાં તેઉકાય અને વાયુકાય ન હોવાથી ૭૮ ની સત્તા સંભવતી નથી.

(૨૮-૨૯-૩૦-૩૧) અઠ્યાવીસ, ઓગણત્રીસ, ત્રીસ અને એકત્રીસ આ ચારે ઉદયસ્થાનકોમાં નિયમા (૭૮) અઠ્યોતેર વર્જીને બાકીનાં ચાર જ સત્તાસ્થાનકો હોય છે. કારણ કે આ અઠ્યાવીસ વિગેરે ચારે ઉદયસ્થાનકો પર્યાપ્તા વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ

અને મનુષ્ય પ્રાયોગ્ય છે. અને એકત્રીસનો ઉદય પર્યાપ્તા વિકલેન્દ્રિય પ્રાયોગ્ય તથા પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય છે. તે જીવો અવશ્ય મનુષ્યદ્વિકની સત્તાવાળા જ છે તેથી ત્યાં (૭૮) અઠ્યોતેરની સત્તા સંભવતી નથી.

તે આ પ્રમાણે ૨૩-૨૫ અને ૨૬ આ ત્રણે બંધસ્થાનકોમાં ૨૧-૨૪-૨૫-અને ૨૬ આ ચાર ઉદયસ્થાનકોમાં ૭૮ સાથે પાંચ પાંચ સત્તાસ્થાનક અને શેષ ૨૭-૨૮-૨૯-૩૦ અને ૩૧ આ પાંચ ઉદય સ્થાનકોમાં ૭૮ વિના ચાર ચાર સત્તાસ્થાનક હોય છે તેથી ૪ x ૫=૨૦ + ૫x૪ = ૨૦ એમ નવે ઉદયસ્થાનકને આશ્રયી કુલ ૪૦ ચાલીસ ચાલીસ સત્તાસ્થાનક હોય છે.

ત્રેવીસના બંધની જેમ પચીસ અને છવીસના બંધમાં પણ આ જ રીતે ચાલીસ ચાલીસ સત્તાસ્થાનક જાણવાં. પરંતુ પર્યાપ્તા એકેન્દ્રિયપ્રાયોગ્ય પચ્ચીસ અને છવીસના બંધક એવા દેવના જીવોમાં (૨૧-૨૫-૨૭-૨૮-૨૯-૩૦) એકવીસ, પચીસ, સત્યાવીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ અને ત્રીસ એમ છએ ઉદયસ્થાનકોમાં (૯૨-૮૮) બાણું અને અઠ્યાસી એ બે જ સત્તાસ્થાનકો હોય છે.

અપર્યાપ્તા વિકલેન્દ્રિય પ્રાયોગ્ય, પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય અને મનુષ્યપ્રાયોગ્ય પચ્ચીસ પ્રકૃતિઓ તો દેવો બાંધતા જ નથી. કારણ કે અપર્યાપ્તા એકેન્દ્રિય જીવોમાં તથા વિકલેન્દ્રિય જીવોમાં દેવોની ઉત્પત્તિ જ નથી.

ઉપરોક્ત વિચારણા કરતાં પચીસના બન્ધમાં તથા છવીસના બંધમાં નવે ઉદયસ્થાનકોને આશ્રયી (૪૦-૪૦) ચાલીસ ચાલીસ સત્તાસ્થાનકો થાય છે.

તથા અઠ્યાવીસનો બંધ બંધાતો હોય ત્યારે આઠ ઉદયસ્થાનક હોય છે. (૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧) એક્વીસ, પચ્ચીસ, છવ્વીસ, સત્યાવીસ, અઠ્યાવીશ, ઓગણત્રીસ, ત્રીસ અને એકત્રીસ. ત્યાં અઠ્યાવીસનો બંધ બે પ્રકારે છે એક દેવગતિ પ્રાયોગ્ય અને બીજો નરકગતિ પ્રાયોગ્ય.

ત્યાં દેવગતિ પ્રાયોગ્ય ૨૮ નો બંધ કરનારા જીવોમાં એકવીશનો ઉદય ક્ષાયિક સમ્યગ્દષ્ટિ અથવા ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિ એવા પંચેન્દ્રિય તિર્યંચોને તથા મનુષ્યોને વિગ્રહગતિમાં વર્તતા હોય ત્યારે જાણવો. પરંતુ મિથ્યાદષ્ટિ જીવોને આશ્રયી આ ૨૧ નો ઉદય ન જાણવો. કારણ કે જો મિથ્યાદષ્ટિ હોય તો સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા જીવો જ દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધક થાય છે ત્યાં ૨૧ નો ઉદય સંભવતો નથી. મિથ્યાદષ્ટિજીવોને અપર્યાપ્ત અવસ્થામાં દેવપ્રાયોગ્ય બંધ થતો નથી.

૨૧-૨૫-૨૬-૨૭-૨૮ અને ૨૯ ના ઉદયસ્થાનકોમાં વર્તતો જીવ અપર્યાપ્તો જ હોય છે તેથી મિથ્યાદષ્ટિ હોય તો દેવપ્રાયોગ્ય બંધ કરતો નથી. વૈક્રિય શરીરની રચના કરનારા પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને (૨૫-૨૭) પચીસ-સત્યાવીસ આદિના ઉદયસ્થાનોમાં વર્તતા મિથ્યાદષ્ટિ જીવોમાં જે દેવગતિ પ્રાયોગ્ય ૨૮ ના બંધકપણું જે કહેવાય છે તે સંસારિક ભવસંબંધી પર્યાપ્તિઓ જેણે સમાપ્ત કરી લીધી છે તેવા જીવને પણ નવા જે વૈક્રિય શરીરની રચના કરે છે ત્યારે ભલે વૈક્રિય શરીરસંબંધી પર્યાપ્તિઓ સમાપ્ત થઈ નથી. તો પણ ઔદારિક શરીરની ઉત્પત્તિમાં ઔદારિક શરીર સંબંધી પર્યાપ્તિઓની નિવૃત્તિ થયેલી છે તેની અપેક્ષાએ પર્યાપ્તાપણું કહેલું છે. તેવી જ રીતે આહારકશરીરમાં પણ આહારક સંબંધી પર્યાપ્તિઓની અપેક્ષાએ અપર્યાપ્તા પણું જાણવું. તેથી આ વાતમાં કંઈ દોષ આવતો નથી.

પચ્ચીસનો ઉદય આહારક શરીર બનાવનાર સાધુ મહાત્માને તથા વૈક્રિયશરીર કરનારા તિર્યંચ અને મનુષ્યોને હોય છે ત્યાં વૈક્રિયશરીર કરનારા જીવો સમ્યગ્દષ્ટિ હોય કે મિથ્યાદષ્ટિ હોય એમ બન્ને જાતના જીવો હોય છે.

દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધે (૨૬) છવ્વીસનો ઉદય ક્ષાયિક સમ્યગ્દષ્ટિ અથવા ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિ એવા પંચેન્દ્રિયતિર્યંચ તથા મનુષ્યના જીવોને હોય છે કે જે જીવો વિગ્રહગતિ સમાપ્ત કરીને ઉત્પત્તિસ્થાને આવેલા હોય અને ઔદારિકશરીરની રચના કરતા હોય એવા શરીરસ્થ જીવોને હોય છે.

તથા આ દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધે ૨૭ નો ઉદય આહારક શરીરની રચના કરનારા સાધુને તથા વૈક્રિય શરીરની રચના કરનારા સમ્યગ્દષ્ટિ અથવા મિથ્યાદષ્ટિ તિર્યંચ મનુષ્યોને હોય છે તેવી જ રીતે (૨૮-૨૯) અઠ્ઠાવીસ અને ઓગણત્રીસનો ઉદય પણ અનુક્રમે શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા તિર્યંચ તથા મનુષ્યો કે જે જીવો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ છે અથવા ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ છે તેવા જીવોને હોય છે.

દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધે ૩૦ નો ઉદય સમ્યગ્દષ્ટિ અથવા મિથ્યાદષ્ટિ અથવા મિશ્રદષ્ટિ એવા પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને હોય છે તથા આહારક શરીર બનાવનાર સાધુ મહારાજને અને વૈક્રિય શરીર બનાવનાર ઉદ્યોતના ઉદયવાળા સાધુ મહાત્માને હોય છે.

એકત્રીસનો ઉદય પંચેન્દ્રિય તિર્યંચ સમ્યગ્દષ્ટિ અથવા મિથ્યાદષ્ટિ જીવોને હોય છે. આ પ્રમાણે દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધ કરતા જીવોનાં ઉદયસ્થાનક સમજાવ્યાં.

હવે નરકગતિ પ્રાયોગ્ય ૨૮ નો બંધ કરતા જીવોને ૩૦ અને ૩૧ એમ બે ઉદયસ્થાનક હોય છે. ત્યાં ૩૦ નો ઉદય પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્ય એમ બન્ને મિથ્યાદૃષ્ટિ હોય તેને હોય છે પરંતુ ૩૧ નો ઉદય માત્ર પંચેન્દ્રિય તિર્યંચ મિથ્યાદૃષ્ટિ જીવોને જ હોય છે. ઉપર સમજાવ્યા પ્રમાણે ઉદયભાંગા સમજી લેવા.

૨૮ નો બંધ કરતા તિર્યંચ તથા મનુષ્યોને સામાન્યથી (૯૨-૮૯-૮૮-અને ૮૬) બાણું નેવ્યાસી, અઠ્યાસી અને છ્યાંસી એમ કુલ ચાર સત્તાસ્થાનક હોય છે. ત્યાં (૨૧) એકવીસના ઉદયે વર્તતા અને દેવગતિપ્રાયોગ્ય ૨૮ નો બંધ કરતા જીવોને (૯૨-૮૮) બાણું અને અઠ્યાસી એમ બે સત્તાસ્થાનક હોય છે. (૨૧) ના ઉદયમાં વર્તતા જીવો જો તીર્થંકર નામકર્મની સત્તાવાળા એટલે કે ૯૩-૮૯ની સત્તા વાળા હોય છે આમ લઈએ તો તે જીવોને તીર્થંકરનામકર્મનો બંધ પણ અવશ્ય હોય જ છે. એટલે (૨૯) ઓગણત્રીસનો બંધ આવી જાય છે. આ વિચારણા હમણાં ૨૮ ના બંધની ચાલે છે તે માટે દેવગતિ પ્રાયોગ્ય (૨૮) અઠ્યાવીસનો બંધ કરનારા જીવોને (૨૧) એકવીસના ઉદયે ૯૩ અને ૮૯ ની સત્તા હોતી નથી. માત્ર ૯૨-૮૮ ની જ સત્તા હોય છે.

દેવપ્રાયોગ્ય અઠ્યાવીસનો બંધ કરનારા જીવોને (૨૫) નો ઉદય આહારક શરીરવાળા સાધુમહાત્માને તથા વૈક્રિય શરીરધારી તિર્યંચ અને મનુષ્યોને હોય છે તે જીવોને સામાન્યથી બે સત્તાસ્થાનક હોય છે (૯૨ અને ૮૮) બાણું અને અઠ્યાસી, ત્યાં આહારક શરીરની રચના કરનારા સંયતને આહારકની સત્તા અવશ્ય હોય જ છે. તેથી તેને ૯૨ ની જ સત્તા હોય છે. બાકીના તિર્યંચ તથા મનુષ્યના જીવો આહારકની સત્તાવાળા પણ હોઈ શકે છે અને આહારકની સત્તા વિનાના પણ હોઈ શકે છે તેથી શેષ જીવોને ૯૨ અને ૮૮ એમ બે સત્તાસ્થાનક હોય છે.

દેવપ્રાયોગ્ય ૨૮ નો બંધ કરનારા જીવોને (૨૬-૨૭-૨૮-અને ૨૯ ના ઉદયે) છવ્વીસ, સત્યાવીસ, અઠ્યાવીસ અને ઓગણત્રીસ ના ઉદયે પણ આ જ બે (૯૨-૮૮) સત્તાસ્થાનકો હોય છે પરંતુ (૩૦) ત્રીસના ઉદયે દેવગતિ પ્રાયોગ્ય તથા નકકગતિ પ્રાયોગ્ય ૨૮ નો બંધ કરનારા જીવોને સામાન્યથી ચાર સત્તાસ્થાનકો હોય છે તે આ પ્રમાણે (૯૨-૮૯-૮૮ અને ૮૬) બાણું નેવ્યાસી અઠ્યાસી અને છ્યાંસી ત્યાં બાણું અને અઠ્યાસીની સત્તા તો સામાન્યથી પૂર્વની જેમ જ હોય છે તે સમજી લેવું. (૮૯ની) નેવ્યાસીની જિનનામકર્મ સાથેની સત્તા આ પ્રમાણે હોય છે કોઈક મનુષ્ય કે જેણે પહેલાં નરકનું આયુષ્ય બાંધ્યું હોય તેવો જીવ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે.

ત્યારબાદ તીર્થંકરનામકર્મ બાંધે તેથી તીર્થંકરનામકર્મની સત્તા વાળો થાય. હવે જ્યારે મનુષ્યભવનું આયુષ્ય સમાપ્ત થવા આવે અને નરકમાં જવા માટે નરકાભિમુખ થાય ત્યારે ક્ષયોપશમ સમ્યક્ત્વથી વમીને મિથ્યાત્વે જાય, તેવા તે જીવને તે કાળે મિથ્યાત્વ હોવાથી તીર્થંકરનામકર્મનો બંધ ન હોવાથી નરકગતિ પ્રાયોગ્ય ૨૮ નો બંધ હોય છે અને (૨૮) બાંધતા તે જીવને (૮૯) નેવ્યાસીની સત્તા ઘટી શકે છે.

(૮૬) છ્યાંસીની સત્તા આ પ્રમાણે જાણવી. અહીં તીર્થંકર નામકર્મ, આહારક ચતુષ્ક, અને વૈક્રિયાષ્ટક એમ કુલ ૧૩ પ્રકૃતિઓ સત્તામાંથી ઓછી કરતાં ૮૦ ની સત્તા થાય છે તેથી તે (૮૦ ની) એંશીની સત્તાવાળો એકેન્દ્રિયનો જીવ, ત્યાંથી નીકળીને પંચેન્દ્રિય તિર્યંચ અથવા મનુષ્ય થયો છતો સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તો થાય ત્યારે જો ઘણી વિશુદ્ધિવાળો હોય તો દેવ પ્રાયોગ્ય ૨૮ બાંધે અને જો ઘણો સંક્લિષ્ટ પરિણામવાળો થાય તો નરક પ્રાયોગ્ય ૨૮ બાંધે છે. ત્યાં દેવપ્રાયોગ્ય ૨૮ બાંધતાં દેવદ્વિક અને વૈક્રિયચતુષ્ક એમ છ ની સત્તા વધતાં ૮૬ ની સત્તા થાય છે.

તથા જો નરકપ્રાયોગ્ય ૨૮ બાંધે તો નરકદ્વિક અને વૈક્રિય ચતુષ્ક એમ છની સત્તા વધતાં પણ ૮૬ ની સત્તા થાય છે આ પ્રમાણે ૩૦ ના ઉદયે ૯૨-૮૯-૮૮ અને ૮૬ એમ કુલ ચાર સત્તાસ્થાનક હોય છે.

એકત્રીસના ઉદયે ૯૩-૮૮ અને ૮૬ એમ ત્રણ જ સત્તાસ્થાનક હોય છે. (૮૯) નેવ્યાસીનું સત્તાસ્થાનક આ એકત્રીસના ઉદયમાં સંભવતું નથી. કારણ કે એકત્રીસનો ઉદય પંચેન્દ્રિય તિર્યંચમાં જ હોય છે અને ત્યાં તીર્થંકર નામકર્મની સત્તાનો નિષેધ છે માટે ૮૯ ની સત્તા સંભવતી નથી. પરંતુ ૮૬ ની સત્તા હોય છે અને તેની ભાવના ઉપર ૩૦ ના ઉદયે સમજાવી તેમ જાણી લેવી.

આ પ્રમાણે (૨૮) નો બંધ કરનારા જીવોમાં (૨૧-૨૫-૨૬-૨૭-૨૮ અને ૨૯ એમ કુલ) છ ઉદયસ્થાનોમાં ૯૨-૮૮ એમ બે બે સત્તાસ્થાનો એટલે ૬ x ૨ = ૧૨, તથા ત્રીસના ઉદયે ૪ સત્તાસ્થાનો અને એકત્રીસના ઉદયે ત્રણ સત્તાસ્થાનો સર્વ મળીને ૧૨ + ૪ + ૩ = ૧૯ કુલ ઉદયસ્થાનકવાર (૧૯) ઓગણીસ સત્તાસ્થાનો થાય છે.

હવે ઓગણત્રીસ અને ત્રીસના બંધસ્થાનકમાં (૨૧ થી ૩૧ સુધીનાં) નવ નવ ઉદયસ્થાનકો અને (૯૩-૯૨-૮૯-૮૮-૮૬-૮૦ અને ૭૮ એમ) સાત સાત સત્તાસ્થાનકો હોય છે. *ત્યાં ઉદયસ્થાનકો એકવીસ-ચોવીસ-પચ્ચીસ, છવ્વીસ, સત્યાવીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ ત્રીસ અને એકત્રીસ એમ કુલ નવ ઉદયસ્થાનકો હોય છે ત્યાં તિર્યંચ પ્રાયોગ્ય*

તથા મનુષ્ય પ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓ બાંધતા પર્યાપ્તા અને અપર્યાપ્તા એકેન્દ્રિય વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યના જીવોને વિગ્રહગતિમાં (૨૧) એકવીસનો ઉદય હોય છે.

(૨૪) ચોવીસનો ઉદય પર્યાપ્તા - અપર્યાપ્તા એકેન્દ્રિયના જીવોને હોય છે. પચ્ચીસનો ઉદય પર્યાપ્તા એકેન્દ્રિયને તથા દેવ અને નારકીના જીવોને હોય છે તથા વૈક્રિય શરીરની રચના કરનારા તિર્યંચ અને મનુષ્યોને હોય છે. (૨૬) છવ્વીસનો ઉદય પર્યાપ્તા એકેન્દ્રિય તથા પર્યાપ્તા અને અપર્યાપ્તામાં તિર્યંચ તથા મનુષ્યોને હોય છે.

સત્યાવીસનો ઉદય પર્યાપ્તા એકેન્દ્રિય જીવોને, દેવ અને નારકીને તથા વૈક્રિય શરીરની રચના કરનારા મિથ્યાદૃષ્ટિ તિર્યંચ અને મનુષ્યને હોય છે. અઠ્ઠાવીસનો ઉદય અને ઓગણત્રીસનો ઉદય વિકલેન્દ્રિય જીવોને સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચોને મનુષ્યોને તથા વૈક્રિય શરીરની રચના કરનારા તિર્યંચોને અને મનુષ્યોને હોય છે તથા દેવ અને નારકીને પણ હોય છે.

ત્રીસનો ઉદય વિકલેન્દ્રિયજીવોને, સામાન્ય પંચેન્દ્રિયતિર્યંચોને મનુષ્યના જીવોને, તથા ઉદ્યોતના ઉદયવાળા દેવોને હોય છે અને છેલ્લે એકત્રીસનો ઉદય પર્યાપ્તા વિકલેન્દ્રિય જીવો તથા ઉદ્યોતના ઉદયવાળા સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચોને હોય છે. આ પ્રમાણે તિર્યંચપ્રાયોગ્ય તથા મનુષ્યપ્રાયોગ્ય ૨૯ ના બંધે સમજવું.

તથા દેવપ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિ બાંધતા અવિરત સમ્યગ્દૃષ્ટિ મનુષ્યને ઉદયસ્થાનકો કુલ સાત હોય છે તે આ પ્રમાણે :- (૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯ અને ૩૦) એકવીસ, પચીસ, છવ્વીસ, સત્યાવીસ, અઠ્ઠાવીસ, ઓગણત્રીસ, અને ત્રીસ. દેવ પ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિ બાંધતા આહારક શરીરી સાધુને અને વૈક્રિય શરીરની રચના કરનારા સાધુને પાંચ ઉદયસ્થાનક હોય છે. (૨૫-૨૭-૨૮-૨૯ અને ૩૦) પચીસ, સત્યાવીસ, અઠ્ઠાવીસ, ઓગણત્રીસ અને ત્રીસ.

તે પાંચમાંથી (૩૦) ત્રીસનું એક ઉદયસ્થાનક વર્જીને શેષ બાકીનાં ચાર ઉદયસ્થાનક, વૈક્રિય શરીરની રચના કરનારા અવિરત સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિધર એવા મનુષ્યોને હોય છે. (૩૦) ત્રીસના ઉદયસ્થાનકનું વર્જન એટલા માટે કરેલ છે કે સંયતાત્માને છોડીને અન્ય મનુષ્યના જીવો વૈક્રિય શરીરની રચના ભલે કરતા હોય તો પણ તેઓને ઉદ્યોતના ઉદયનો અભાવ હોય છે તેથી ૩૦ નો ઉદય સામાન્ય લબ્ધિધારી જીવોમાં સંભવતો નથી. પણ સંયમી આત્માને જ સંભવે છે.

સામાન્યથી ૨૯ ના બંધમાં સાત સત્તાસ્થાનકો હોય છે. (૯૩-૯૨-૮૯-૮૮-૮૬-૮૦ અને ૭૮) ત્રાણું, બાણું, નેવ્યાસી, અઠ્યાસી, છ્યાંસી, એંશી, અઠ્યોતેર, ત્યાં વિકલેન્દ્રિય પ્રાયોગ્ય અને પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓનો બંધ કરતા એવા પર્યાપ્તા - અપર્યાપ્તા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચના જીવોને એકવીસના ઉદયે વર્તતા હોય ત્યારે પાંચ પાંચ સત્તાસ્થાનક હોય છે. (૯૨-૮૮-૮૬-૮૦-૭૮) બાણું-અઠ્યાસી, છ્યાંસી, એંશી અને અઠ્યોતેર.

આ જ પ્રમાણે ૨૪-૨૫-૨૬ ના ઉદયમાં પણ સમજવું. (૨૭-૨૮-૨૯-૩૦ અને ૩૧) સત્યાવીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ, ત્રીસ અને એકત્રીસ આ પાંચ ઉદયસ્થાનકોમાં (૭૮) અઠ્યોતેર વર્જીને બાકીનાં ચાર ચાર સત્તાસ્થાનકો હોય છે. તેની વિચારણા પૂર્વે (૨૩) ત્રેવીસના બંધકાળે જે રીતે કરી છે તે રીતે જાણવી.

હવે મનુષ્યગતિ પ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓનો બંધ કરતા એવા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચના જીવોને તથા તિર્યંચગતિ પ્રાયોગ્ય અને મનુષ્યગતિ પ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓને બાંધતા મનુષ્યોને પોતપોતાના ઉદયસ્થાનકોમાં યથાયોગ પણે વર્તતા હોય ત્યારે (૭૮) અઠ્યોતેર વર્જીને શેષ તે જ ચાર સત્તાસ્થાનક હોય છે.

પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય તથા મનુષ્યગતિ પ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓ બાંધતા એવા દેવ અને નારકીના જીવોને પોતપોતાના ઉદયસ્થાનકોમાં વર્તતા એવા તે જીવોને (૯૨ અને ૮૮) બાણું અને અઠ્યાસી એમ બે બે સત્તાસ્થાનકો હોય છે. ફક્ત એટલી વિશેષતા છે કે તીર્થંકર નામકર્મની સત્તાવાળા મિથ્યાદષ્ટિ એવા નારકીના જીવને મનુષ્યગતિ પ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓ બાંધતા હોય ત્યારે પોતાના પાંચે ઉદયસ્થાનકોમાં યથાયોગપણે જ્યાં વર્તતા હોય ત્યાં (૮૯) નેવ્યાસીનું એક જ સત્તાસ્થાનક હોય છે.

**પ્રશ્ન** : જેમ નેવ્યાસીની સત્તા મિથ્યાદષ્ટિ નારકીના જીવોને સમજાવો છો તેમ તે જીવોને ત્રાણુંની સત્તા પણ હોય છે આમ કેમ કહેતા નથી ?

**ઉત્તર** : તીર્થંકરનામકર્મ સહિત અને આહારકચતુષ્કની સત્તા વિનાના જ જીવોનું મિથ્યાત્વે ગમન સંભવે છે માટે ૯૩ ની સત્તામાંથી આહારકચતુષ્ક દૂર કરાયે છતે (૮૯) નેવ્યાસીની જ સત્તા હોય છે. ઉભયની સત્તાવાળો મિથ્યાત્વે જતો જ નથી. **नोभयसंते मिच्छो** આવા પાઠનું વિધાન છે તે માટે.

દેવગતિપ્રાયોગ્ય તીર્થંકરનામકર્મ સહિત (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિ બાંધતા અવિરત

સમ્યગ્દષ્ટિ મનુષ્યના જીવને એકવીસના ઉદયે વર્તતા હોય ત્યારે (૯૩ અને ૮૯) ત્રાણું અને નેવ્યાસી એમ બે સત્તાસ્થાનકો હોય છે. એ જ પ્રમાણે આ દેવપ્રાયોગ્ય ૨૯ ના બંધે પચ્ચીસ-છવ્વીસ સત્યાવીસ અઠ્યાવીસ ઓગણત્રીસ અને ત્રીસના (૨૫-૨૬-૨૭-૨૮-૨૯ અને ૩૦ના) ઉદયમાં પણ આ જ બે સત્તાસ્થાનક જાણવાં.

આહારક શરીર બનાવનારા સંયમી જીવોને પોતપોતાના ઉદયસ્થાનકમાં વર્તતા જીવને (૯૩ નું) ત્રાણુંનું એક જ માત્ર સત્તા સ્થાનક હોય છે. તે આ પ્રમાણે સામાન્યથી ૨૯ ના બંધે એકવીસના ઉદયે સાત સત્તાસ્થાનક, ચોવીસના ઉદયે પાંચ, પચીસના ઉદયે સાત, છવ્વીસના ઉદયે સાત, સત્યાવીસના ઉદયે છ, અઠ્યાવીસના ઉદયે છ, ઓગણત્રીસના ઉદયે પણ છ, અને ત્રીસના ઉદયે પણ છ તથા એકત્રીસના ઉદયે ચાર, એમ સર્વસંખ્યાએ મળીને (૫૪) ચોપન સત્તાસ્થાનકો (૨૯) ના બંધે થાય છે.

હવે ૩૦ ના બંધનો સંવેધ સમજાવતાં કહે છે કે "જેમ તિર્યંચગતિ પ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓ બાંધતાં એવા એકેન્દ્રિય વિકલેન્દ્રિય પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય દેવ તથા નારકીના જીવોને જે રીતે ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક કહ્યાં છે તે જ રીતે બરાબર ઉદ્યોતનામકર્મ સહિત એવી (૩૦) ત્રીસ પ્રકૃતિઓ તિર્યંચ પ્રાયોગ્ય બાંધતા એવા એકેન્દ્રિય આદિ જીવોને ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક સમજી લેવાં.

તથા મનુષ્યગતિ પ્રાયોગ્ય તીર્થંકર નામકર્મ સહિત (૩૦) ત્રીસ કર્મ પ્રકૃતિઓનો બંધ કરતા એવા દેવ તથા નારકીના જીવોને ઉદયસ્થાનક તથા સત્તાસ્થાનક કહેવાય છે ત્યાં યથોક્ત એવી મનુષ્યપ્રાયોગ્ય તીર્થંકર નામકર્મ સાથે (૩૦) ત્રીસ પ્રકૃતિઓ બાંધતા એવા દેવોને એકવીસના ઉદયમાં વર્તતા હોય ત્યારે (૯૩ અને ૮૯) ત્રાણું અને નેવ્યાસી એમ બે સત્તાસ્થાનક હોય છે તથા મનુષ્યપ્રાયોગ્ય ૨૯ નો બંધ કરતા વિગ્રહ ગતિમાં વર્તતા નારકીના જીવને એક નેવ્યાસીનું જ સત્તાસ્થાનક હોય છે ત્રાણુંનું સત્તાસ્થાનક નારકીને હોતું નથી. કારણ કે ઉભયની સત્તા વાળા જીવોનો નરકમાં ઉત્પાત થતો નથી.

સપ્તતિકાની ચૂર્ણિમાં કહ્યું છે કે :- "जस्स तित्थगराहारगाणि जुगवं सन्ति, सो नरएसु न उववज्जइ त्ति" "જે આત્માને તીર્થંકર નામકર્મ તથા આહારક ચતુષ્ક એમ બન્ને સત્તામાં છે તે જીવો નરકગતિમાં ઉત્પન્ન થતા નથી."

આ જ પ્રમાણે (૨૫-૨૭-૨૮-૨૯ અને ૩૦) પચ્ચીસ, સત્યાવીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ અને ત્રીસના ઉદયસ્થાનકોમાં પણ આ જ પ્રમાણે સત્તાસ્થાનકો વિચારવાં.

પરંતુ નારકીના જીવોને ૩૦ નો ઉદય સંભવતો જ નથી, કારણ કે ૩૦ નો ઉદય ઉદ્યોત નામકર્મ સહિત છે અને નારકીના જીવોને ઉદ્યોતનો ઉદય સંભવતો જ નથી. તે આ પ્રમાણે સામાન્યથી સર્વમળીને (૩૦) ત્રીસના બંધક જીવોમાં એકવીસના ઉદયે સાત, ચોવીસના ઉદયે પાંચ, પચ્ચીસના ઉદયે સાત, છવ્વીસના ઉદયે સાત, સત્યાવીસના ઉદયે છ, અઠ્યાવીસ ઉદયે પણ છ, ઓગણત્રીસના ઉદયે પણ છ, ત્રીસના ઉદયે પણ છ, અને એકત્રીસના ઉદયે ચાર એમ સર્વસંખ્યાએ સાથે મળીને (૭ + ૫ + ૭ + ૭ + ૬ + ૬ + ૬ + ૬ + ૪ = ૫૪) ચોપન સત્તાસ્થાનક થાય છે.

હવે (૩૧) એકત્રીસનું બંધસ્થાનક બંધાયે છતે (૩૦) ત્રીસનું ફક્ત એક જ ઉદયસ્થાનક હોય છે કારણ કે આ એકત્રીસનું બંધસ્થાનક દેવગતિ પ્રાયોગ્ય છે. તથા તીર્થંકરનામકર્મ અને આહારક ચતુષ્ક નામકર્મ સહિત છે. તેનો બંધ અપ્રમત્ત મુનિને તથા અપૂર્વકરણ ગુણઠાણે પ્રાપ્ત થાય છે.

આવા આત્માઓ વૈક્રિય કે આહારકશરીરની વિકુર્વણા કરતા નથી તેથી ૨૫ આદિ ઉદયસ્થાનકો ઘટતાં નથી. સત્તાસ્થાનક માત્ર એક (૯૩) નું જ હોય છે. કારણ કે આવા જીવને તીર્થંકરનામકર્મ અને આહારક ચતુષ્કની સત્તા અવશ્ય હોય જ છે.

યશઃકીર્તિ રૂપ એક જ પ્રકૃતિવાળું બંધસ્થાનક બંધાયે છતે ત્રીસ પ્રકૃતિવાળું એક જ ઉદયસ્થાનક હોય છે કારણ કે એક પ્રકૃતિનો બંધ અપૂર્વકરણ ગુણસ્થાનકના સાતમા ભાગથી સૂક્ષ્મસંપરાય સુધીની શ્રેણિમાં વર્તનારા જીવો કરે છે. તેઓ અતિ વિશુદ્ધ હોવાથી વૈક્રિય કે આહારકની વિકુર્વણા કરતા નથી. તેથી ૨૫-૨૭ વિગેરે ઉદયસ્થાનકો સંભવતાં નથી.

તથા આ એકના બંધે ૩૦ ના ઉદયે આઠ સત્તાસ્થાનક હોય છે. (૯૩-૯૨-૮૯-૮૮-૮૦-૭૯-૭૬-૭૫) ત્રાણું, બાણું, નેવ્યાસી, અઠ્યાસી, એંશી, અગણ્યાએંશી, છોતેર, અને પંચોતેર, ત્યાં ૯૩ વિગેરે પ્રથમનાં ચાર સત્તાસ્થાનકો ઉપશમ શ્રેણિમાં સંભવે છે તથા ક્ષપકશ્રેણિમાં પણ જ્યાં સુધી અનિવૃત્તિ બાદર સંપરાયે જઈને તેર કર્મપ્રકૃતિઓનો ક્ષય ન કરે ત્યાં સુધી આ (૯૩ વિગેરે) પ્રથમનાં ચાર સત્તાસ્થાનકો હોય છે.

ક્ષપકશ્રેણિમાં અનિવૃત્તિ બાદરસંપરાય ગુણઠાણે નામકર્મની તેર પ્રકૃતિઓનો ક્ષય થયે છતે નાના જીવોની અપેક્ષાએ ઉપરનાં (૮૦-૭૯-૭૬-૭૫) ચાર સત્તાસ્થાનકો પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે એકના બંધે કુલ (૮) આઠ સત્તા સ્થાનક હોય છે.

દસમા ગુણસ્થાનકથી આગળ (૧૧-૧૨-૧૩-૧૪) આ ચારે ગુણસ્થાનકોમાં સાથે

વિચારીએ તો બંધનો અભાવ, પણ ઉદયસ્થાનક દશ હોય છે. તે આ પ્રમાણે :- (૨૦-૨૧-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧-૯-૮) વીસ, એકવીસ, છવ્વીસ, સત્યાવીસ, અઠ્ઠાવીસ, ઓગણત્રીસ, ત્રીસ, એકત્રીસ, નવ અને આઠ એમ કુલ (૧૦) દસ ઉદયસ્થાનક હોય છે.

ત્યાં (૨૦-૨૧) વીસનો અને એકવીસનો ઉદય અનુક્રમે તીર્થંકર અને અતીર્થંકર સયોગિકેવલી પરમાત્માને કેવલી સમુદ્ઘાતમાં કાર્મણ કાયયોગે વર્તતા હોય ત્યારે હોય છે. તથા (૨૬-૨૭) છવ્વીસ અને સત્યાવીશનો ઉદય તે જ સયોગિકેવલી પરમાત્માને કેવલી સમુદ્ઘાત અવસ્થામાં ઔદારિક મિશ્ર કાયયોગે વર્તતા હોય ત્યારે બીજા છઠ્ઠા અને સાતમા સમયે હોય છે.

તથા અતીર્થંકર ભગવાન એટલે કે સામાન્ય કેવલી ભગવાન જ્યારે ઔદારિક શરીરસ્થપણે વિચરતા હોય છે ત્યારે સ્વભાવસ્થને (૩૦) ત્રીસનો ઉદય હોય છે તે જ સામાન્ય કેવલી ભગવાનને સ્વરનો નિરોધ કરાયે છતે સ્વરના ઉદય વિના (૨૯) ઓગણત્રીસનો ઉદય હોય છે. તથા તે જ સામાન્ય કેવલી ભગવાનને ઉચ્છ્વાસનો નિરોધ કરાયે છતે અઠ્ઠાવીસનો ઉદય હોય છે.

ઉપર પ્રમાણે જ તીર્થંકરભાગવાનના આત્માને સામાન્ય પણે શરીરસ્થ હોય અને ગામાનુગામ વિચરતા હોય ત્યારે (૩૧) એકત્રીસનો ઉદય હોય છે. તેઓને સ્વરનો નિરોધ કરે છતે ત્રીસનો અને ઉચ્છ્વાસનો નિરોધ કરે છતે ઓગણત્રીસનો ઉદય હોય છે.

તથા અયોગિ કેવલી પરમાત્માને સામાન્ય કેવલી હોય તો આઠનો અને તીર્થંકર ભગવાન હોય તો નવનો ઉદય હોય છે.

આ પ્રમાણે અબંધે (૧૧-૧૨-૧૩-૧૪) ચારે ગુણઠાણે સાથે મળીને (૯૩-૯૨-૮૯-૮૮-૮૦-૭૯-૭૬-૭૫-૯ અને ૮ એમ કુલ) દસ સત્તાસ્થાનક હોય છે. ત્રાણું બાણું નેવ્યાસી અઠ્ઠાસી એંશી અગણ્યાએંશી છોંતેર પંચોતેર નવ અને આઠ એમ કુલ દસ સત્તાસ્થાનકો હોય છે.

ત્યાં વીસના ઉદયે (૭૯ અને ૭૫) અગણ્યાએંશી અને પંચોતેર એમ બે સત્તાસ્થાનક સામાન્ય કેવલીને આશ્રયી હોય છે. આ જ પ્રમાણે (૨૬ અને ૨૮) છવ્વીસ અને અઠ્ઠાવીસના ઉદયે પણ (૭૯ અને ૭૫) આ બે જ સત્તાસ્થાનક સામાન્ય કેવલી ભગવાનને આશ્રયી જાણવાં.

(૨૧) એકવીસના ઉદયે તીર્થંકર ભગવાનને આશ્રયી કેવલી સમુદ્ઘાતમાં ત્રીજા ચોથા અને પાંચમા સમયે કાર્મણ કાયયોગે (૮૦-૭૬) એંશી અને છોંતેર એમ બે સત્તાસ્થાનક હોય છે. એ જ પ્રમાણે સત્યાવીસના ઉદયે પણ ઔદારિકમિશ્ર કાયયોગે વર્તતા તીર્થંકર ભગવાનને (૮૦-૭૬) એંશી અને છોંતેર આ બે સત્તાસ્થાનક હોય છે.

ઓગણત્રીસ (૨૯) ના ઉદયે કુલ ચાર સત્તાસ્થાનક હોય છે ત્યાં (૮૦-૭૯-૭૬-૭૫) એંશી, અગણ્યાએંશી, છોંતેર અને પંચોતેર એમ ચાર જાણવાં કારણ કે આ (૨૯) ઓગણત્રીસનો ઉદય તીર્થંકર ભગવાન અને અતીર્થંકર ભગવાન અર્થાત્ સામાન્ય કેવલી ભગવાન એમ બન્નેને હોય છે ત્યાં (૮૦-૭૬) આ બન્ને સત્તાસ્થાનો તીર્થંકર ભગવાનને હોય છે અને (૭૯-૭૫) આ બન્ને સત્તાસ્થાનો અતીર્થંકર ભગવાન અર્થાત્ સામાન્ય કેવલી ભગવાનને હોય છે.

(૩૦) ત્રીસના ઉદયે કુલ આઠ સત્તાસ્થાનક હોય છે તે આ પ્રમાણે (૯૩-૯૨-૮૯-૮૮-૮૦-૭૯-૭૬-૭૫) ત્રાણું, બાણું, નેવ્યાસી, અઠ્યાસી, એંશી, અગણ્યાએંશી, છોંતેર, અને પંચોતેર ત્યાં પ્રથમનાં ચાર (૯૩-૯૨-૮૯ અને ૮૮) સત્તાસ્થાનકો ઉપશમ શ્રેણિમાં ઉપશાન્તમોહ ગુણસ્થાનક વર્તી જીવોને હોય છે.

ક્ષીણકષાય ગુણઠાણાવાળા જીવોને તથા સયોગી કેવલી પરમાત્માને આહારક ચારની સત્તાવાળા એવા તીર્થંર ભગવાનના જીવને (૮૦) એંશીની સત્તા હોય છે. પરંતુ આ જ બન્ને ગુણઠાણે જો અતીર્થંકરભગવાન એટલે કે સામાન્ય કેવલી ભગવાન લઈએ તો તેઓને તીર્થંકરનામકર્મ વિના (૭૯) અગણ્યાએંશીની સત્તા હોય છે.

તથા આહારકચતુષ્કની સત્તા વિનાના અતીર્થંકરભગવાન અર્થાત્ સામાન્ય કેવલી ભગવાનને (૭૫) પંચોતેરની સત્તા અને તીર્થંકર ભગવાનને (૭૬) છોંતેરની સત્તા હોય છે. આ સત્તાસ્થાનક ક્ષીણમોહે તથા સયોગી કેવલી ગુણઠાણે વર્તતા જીવોને હોય છે.

(૩૧) એકત્રીસના ઉદયે (૮૦ અને ૭૬) એંશી અને છોંતેર એમ બે સત્તાસ્થાનકો તીર્થંકર ભગવાનને જ હોય છે. કારણ કે જે અતીર્થંકર ભગવાન છે અર્થાત્ સામાન્ય કેવલી ભગવાન છે તેઓને (૩૧નો) એકત્રીસનો ઉદય જ સંભવતો નથી.

નવના ઉદયે તીર્થંકરભગવાનને ચૌદમા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધી (૮૦-૭૬) એંશી અને છોંતેર, તથા ચૌદમાના ચરમ સમયે નવ એમ કુલ (૮૦-૭૬-૯) ત્રણ સત્તાસ્થાનકો હોય છે.

આઠના ઉદયે ચૌદમા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધી અતીર્થંકર ભગવાનને એટલે કે સામાન્ય કેવલી ભગવાનને (૭૯-૭૫) અગણ્યાએંશી અને પંચોતેર એમ બે સત્તાસ્થાનક હોય છે તથા તે જ સામાન્ય કેવલી પરમાત્માને ચૌદમાના ચરમ સમયે (૮) આઠની સત્તા હોય છે.

આ પ્રમાણે અબન્ધક (નામકર્મની એકપણ પ્રકૃતિ ન બાંધતા એવા (૧૧-૧૨-૧૩-૧૪) આ ચાર ગુણસ્થાનકવર્તી જીવોને દસ ઉદયસ્થાનક હોય છે. અને તે દસ ઉદયસ્થાનોમાં સર્વ મળીને ૩૦ સત્તાસ્થાનકો થાય છે (વીસના ઉદયે ૨, એકવીસના ઉદયે ૨, છવ્વીસના ઉદયે ૨, સત્યાવીસના ઉદયે ૨, અઠ્યાવીસના ઉદયે પણ ૨, ઓગણત્રીસના ઉદયે ચાર, ત્રીસના ઉદયે આઠ, અને એકત્રીસના ઉદયે ૨, નવના ઉદયે ત્રણ, અને આઠના ઉદયે પણ ૩ એમ કુલ (૨-૨-૨-૨-૨-૪-૮-૨-૩-૩=૩૦) ત્રીસ સત્તાસ્થાનો થાય છે.

આ પ્રમાણે નામકર્મનો સંવેધ કહીને હવે આઠે કર્મોનાં ચૌદ ગુણસ્થાનકો ઉપર બન્ધ-ઉદય અને સત્તા સ્વરૂપે સંવેધથી સમજાવાય છે ત્યાં જ્ઞાનાવરણીય અને અંતરાય આ બન્ને કર્મોનાં મિથ્યાત્વ ગુણસ્થાનકથી આરંભીને યાવત્ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી બન્ધમાં - ઉદયમાં અને સત્તામાં પાંચ પ્રકૃતિઓ હોય છે તેથી પાંચનો બંધ પાંચનો ઉદય અને પાંચની સત્તા આ ભાંગો ૧ થી ૧૦ ગુણઠાણા સુધી હોય છે.

ઉપશાન્તમોહ અને ક્ષીણમોહ આ બન્ને ગુણઠાણે આ બન્ને કર્મોના બંધનો અભાવ છે પણ પાંચનો ઉદય અને પાંચની સત્તા હોય છે. ક્ષીણ મોહવાળાં એવાં સયોગી કેવલી અને અયોગી કેવલી આ બન્ને ગુણઠાણામાં આ બન્ને કર્મોમાંથી એક પણ કર્મનો બંધ, કે એક પણ કર્મનો ઉદય, કે એક પણ કર્મની સત્તા હોતી નથી. આ પ્રમાણે જ્ઞાનાવરણીય અને અંતરાય આ બે કર્મોનો સંવેધ કહ્યો.

દર્શનાવરણીય કર્મમાં મિથ્યાત્વ ગુણઠાણે તથા સાસ્વાદન ગુણઠાણે બે ભાંગા હોય છે. (૧) નવનો બંધ, ચારનો ઉદય અને નવની સત્તા આ પ્રથમ વિકલ્પ નિદ્રાનો ઉદય ન હોય ત્યારે હોય છે. તથા (૨) નવનો બંધ પાંચનો ઉદય અને નવની સત્તા આ ભાંગો નિદ્રાના ઉદયકાલે હોય છે. ભિન્ન ભિન્ન નિદ્રાના ઉદયના કારણે તેના પાંચ વિકલ્પો થાય છે.

હવે મિશ્ર નામના ત્રીજા ગુણસ્થાનકથી આરંભીને અપૂર્વીકરણ નામના આઠમા ગુણસ્થાનકના પ્રથમભાગ સુધી હવે સમજાવાતા બે ભાંગા હોય છે. (૧) છનો બંધ, ચારનો ઉદય અને નવની સત્તા, તથા (૨) છનો બંધ, પાંચનો ઉદય અને નવની સત્તા આ બન્ને ભાંગા છના બંધના જાણવા. અહીં પણ નિદ્રાના ઉદયના પાંચ વિકલ્પના કારણે પાંચ ભાંગા થાય છે.

તથા અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનકના પ્રથમ ભાગે નિદ્રા અને પ્રચલાનો બંધવિચ્છેદ થયા પછીથી આરંભીને ઉપશમશ્રેણિમાં સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક સુધી, અને ક્ષપક શ્રેણિમાં નવમાના પ્રથમ ભાગ સુધી (૧) ચારનો બંધ, ચારનો ઉદય અને નવની સત્તા તથા (૨) ચારનો બંધ પાંચનો ઉદય તથા નવની સત્તા આ બે ભાંગા હોય છે. અહીં નિદ્રા અને પ્રચલાના કારણે બે વિકલ્પ થાય છે.

ઉપશાન્તમોહ ગુણસ્થાનકે બંધના અભાવમાં બંધવાળો અભિલાપ ત્યજીને, એટલે કે અબંધે આ જ બે ભાંગા હોય છે. (૧) અબંધ ચારનો ઉદય અને નવની સત્તા તથા (૨) અબંધ પાંચનો ઉદય અને નવની સત્તા. અહીં પણ નિદ્રા અને પ્રચલાના કારણે બે વિકલ્પ થાય છે.

તથા ક્ષપકશ્રેણિમાં નવમા ગુણઠાણાના બીજા ભાગથી થિણદ્ધિત્રિકનો તથા નામકર્મની તેરપ્રકૃતિઓનો સાથે ક્ષય થવાથી (૧) ચારનો બંધ ચારનો ઉદય અને છ ની સત્તા અહીં આ એક જ ભાંગો હોય છે. નિદ્રાના ઉદયવાળો ભાંગો સંભવતો નથી. કારણ કે ક્ષપકશ્રેણિમાં જીવ અત્યન્ત વિશુદ્ધ હોવાથી તથા સતત જાગરૂક હોવાથી નિદ્રાના ઉદયનો અભાવ છે માટે ચારનો જ એક ઉદય હોય છે પણ નિદ્રા સાથે પાંચનો ઉદય હોતો નથી. માટે એક જ ભાંગો થાય છે.

હવે ક્ષીણમોહ ગુણઠાણે દર્શનાવરણીય કર્મના બંધનો અભાવ છે. ત્યાં બંધના અભાવમાં બે ભાંગા હોય છે. (૧) ચારનો ઉદય અને છની સત્તા આ ભાંગો ક્ષીણમોહ ગુણસ્થાનકના દ્વિચરમ સમય સુધી જાણવો તથા ક્ષીણમોહના ચરમ સમયે (૨) ચારનો ઉદય અને ચારની સત્તા જાણવી.

આ પ્રમાણે ચૌદે ગુણસ્થાનકોમાં દર્શનાવરણીય કર્મનાં ભાંગા સમજાવ્યા. હવે વેદનીય કર્મના ભાંગા કહેવાય છે.

વેદનીયકર્મના પ્રારંભના ચાર ભાંગા (૧) અસાતાનો બંધ અસાતાનો ઉદય અને બન્નેની સત્તા, (૨) અસાતાનો બંધ, સાતાનો ઉદય અને સાતાસાતા બન્નેની સત્તા, તથા (૩) સાતાનો બંધ અસાતાનો ઉદય અને બન્નેની સત્તા, તથા (૪) સાતાનો બંધ, સાતાનો ઉદય અને સાતા સાતા એમ બન્નેની સત્તા. આ ચારે ભાંગા મિથ્યાત્વ ગુણસ્થાનકથી પ્રમત્ત ગુણસ્થાનક સુધી એક કાળે ભિન્ન ભિન્ન જીવોની અપેક્ષાએ હોય છે અથવા ભિન્ન ભિન્ન કાલની અપેક્ષાએ એક જીવને પણ હોય છે.

ઉપરના ચાર ભાંગામાંથી સાતાના બંધવાળા જે બે ભાંગા છે તે (૧) સાતાનો બંધ, અસાતાનો ઉદય અને બન્નેની સત્તા, તથા (૨) સાતાનો બંધ, સાતાનો ઉદય, અને બન્નેની સત્તા આ બે ભાંગા પ્રમત્ત ગુણસ્થાનકથી ઉપરનાં ગુણસ્થાનકોમાં યાવત્ સયોગી કેવલી સુધી સાતાના બંધવાળા બે ભાંગા હોય છે.

હવે બન્ધના અભાવમાં અયોગિકેવલી ગુણઠાણે બીજા ચાર ભાંગા થાય છે. તે આ પ્રમાણે :- (૧) બંધનો અભાવ, અસાતાનો ઉદય અને બન્નેની સત્તા, (૨) બંધનો અભાવ, સાતાનો ઉદય અને બન્નેની સત્તા આ બે ભાંગા ચૌદમા ગુણસ્થાનકના પ્રથમ સમયથી ચૌદમાના દ્વિચરમ સમય સુધી જાણવા. ચરમ સમયે તો (૩) બંધનો અભાવ અસાતાનો ઉદય અને અસાતાની જ સત્તા, (૪) બંધનો અભાવ, સાતાનો ઉદય અને સાતાની જ સત્તા. આ છેલ્લા ત્રણ નંબર અને ચાર નંબરવાળા ભાંગા ચૌદમાના ચરમસમયે હોય છે. ત્યાં જે આત્માને દ્વિચરમ સમયે સાતાનો ક્ષય થયો છે તે જીવને ચરમ સમયે ત્રીજો ભાંગો હોય છે અને જે આત્માને દ્વિચરમસમયે અસાતાનો ક્ષય થયો હોય છે તે જીવને ચરમ સમયે ચોથો ભાંગો હોય છે. ચૌદ ગુણસ્થાનકો ઉપર વેદનીય કર્મના ભાંગા સમજાવ્યા.

હવે આયુષ્યકર્મના ભાંગા સમજાવાય છે. (૧) મિથ્યાદષ્ટિ ગુણઠાણે આયુષ્યકર્મના (૫-૯-૯-૫=૨૮ કુલ) અઠ્યાવીસે ભાંગા હોય છે ત્યાં નારકીના જીવો તથા દેવોના જીવોને આશ્રયી પાંચ - પાંચ કુલ દશ, અને તિર્યંચ તથા મનુષ્યના જીવોને આશ્રયી નવ નવ એમ ૨૮ ભાંગા હોય છે. આમ જાણવું.

સાસ્વાદને આયુષ્યકર્મના (૨૬) છવ્વીસ ભાંગા હોય છે કારણ કે નરકાયુષ્યનો બંધ સાસ્વાદને થતો નથી. તેથી તિર્યંચગતિમાં અને મનુષ્યગતિમાં જે નવ નવ ભાંગા છે. તેમાંથી એક એક ભાંગો ઓછો કરતાં તિર્યંચ મનુષ્યના આઠ - આઠ અને દેવ-નારકીના પાંચ - પાંચ કુલ ૨૬ ભાંગા સાસ્વાદને હોય છે. નરકાયુષ્યના બંધવાળા બે ભાંગા બાદ કરવાના છે. જેથી શેષ ૨૬ ભાંગા હોય છે.

મિશ્રદષ્ટિ નામના ત્રીજા ગુણસ્થાનકે (૧૬) સોળ ભાંગા આયુષ્ય કર્મના હોય છે. મિશ્રગુણસ્થાનકે કોઈપણ ગતિનું આયુષ્ય બંધાતું નથી. તેથી દેવ અને નરકના ભવમાં આયુષ્યના બંધવાળા બે બે ભાંગા તથા મનુષ્ય-તિર્યંચના ભવમાં આયુષ્યકર્મના બંધ વખતના ચાર ચાર ભાંગા એમ કુલ ૨ + ૪ + ૪ + ૨ = ૧૨ ભાંગા બાદ કરતાં બાકીના ૧૬ સોળ ભાંગા ત્રીજા ગુણઠાણે હોય છે.

અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે કુલ ૨૦ ભાંગા હોય છે ત્યાં મિશ્ર ગુણઠાણે જે ૧૬ કહ્યા તે ૧૬, તથા ચારે ગતિના જીવો શુભ આયુષ્ય બાંધે છે તેથી ચારે ગતિમાં બંધકાલ વાળો શુભ આયુષ્યના બંધવાળો એક એક ભાંગો એમ ૧૬ + ૪ = ૨૦ ભાંગા હોય છે.

સમ્યગ્દષ્ટિ જે તિર્યંચ અને મનુષ્યો છે તે નિયમા દેવનું જ આયુષ્ય બાંધે છે. તેથી બંધકાલના ચાર ચાર ભાંગામાંથી દેવાયુષ્યના બંધવાળો એક ભાંગો તિર્યંચગતિમાં અને ૧ ભાંગો મનુષ્યગતિમાં એમ બે ભાંગા. તથા દેવ અને નારકીના સમ્યગ્દષ્ટિ જીવો, નિયમા મનુષ્યાયુષ્ય જ બાંધે છે તેથી દેવના અને નરકના ભવમાં આયુષ્યના બંધ કાળે મનુષ્યાયુષ્યના બંધવાળો એક એક ભાંગો એમ કુલ ૪ ભાંગા વધારે લેતાં (૨૦) વીસ ભાંગા ચોથા ગુણઠાણે હોય છે.

દેશવિરતિ નામના પાંચમા ગુણઠાણે બાર ભાંગા હોય છે દેવોને અને નારકીના જીવોને તો ચાર ગુણઠાણાં જ હોય છે તેથી તેમના એક પણ ભાંગા પાંચમા ગુણઠાણે સંભવતા નથી. પરંતુ તિર્યંચ અને મનુષ્યના ભવમાં જે નવ નવ ભાંગા છે. તેમાંથી આયુષ્યના બંધ વાળા ચાર ચાર ભાંગામાંથી દેવાયુષ્યના બંધવાળો જ ભાંગો હોય છે પરંતુ નરકાયુષ્ય તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્યના બંધવાળા ત્રણ ત્રણ ભાંગા ઘટતા નથી. તેથી ૬ ભાંગા આ ઓછા થાય છે તથા દેવોને અને નારકીને દેશવિરતિનો સંભવ જ નથી. તે માટે તદાશ્રિત એવા (૧૦) દસ બાંગા સંભવતા નથી. દેશવિરતિધર તિર્યંચ અને મનુષ્યો નિયમા દેવાયુષ્ય જ બાંધે છે. નરક-તિર્યંચ અને મનુષ્યાયુષ્ય બાંધતા નથી. તેથી તિર્યંચ અને મનુષ્યોને આયુષ્યના બંધકાલવાળા ત્રણ ત્રણ ભાંગા પ્રાપ્ત થતા નથી. એટલે આ છ ભાંગા દૂર કરાય છે. એમ આયુષ્યકર્મના ૨૮ ભાંગામાંથી કુલ ૧૬ ભાંગા દૂર કરાયે છતે છ તિર્યંચગતિના અને ૬ મનુષ્યગતિના એમ કુલ (૧૨) બાર ભાંગા હોય છે.

પ્રમત્ત અને અપ્રમત્ત ગુણઠાણે મનુષ્યગતિના જે આયુષ્ય કર્મના નવ ભાંગા છે. તે જ ઘટે છે. અન્ય કોઈ ગતિમાં પ્રમત્ત અને અપ્રમત્ત ગુણઠાણું સંભવતું નથી. તેથી અન્યગતિના આયુષ્ય કર્મના ભાંગા છઠ્ઠે - સાતમે ગુણઠાણે સંભવતા નથી. પણ મનુષ્યગતિના જે નવ ભાંગા છે તેમાંથી આયુષ્યના બંધકાલ વખતના નરકાયુષ્ય તિર્યંચાયુષ્ય તથા મનુષ્યાયુષ્યના બંધવાળા એમ ત્રણ ભાંગા વિના શેષ છ ભાંગા હોય છે.

પ્રમત્ત - અપ્રમત્ત ગુણસ્થાનકવર્તી જીવો એક દેવાયુષ્ય જ માત્ર બાંધે છે. બીજાં આયુષ્ય બાંધતા નથી. આયુષ્યનો બંધ કર્યા પછી ચારિત્રની પ્રાપ્તિ થઈ શકે છે તેથી સત્તા ચારે પણ આયુષ્યકર્મની હોય છે.

અપૂર્વકરણ - અનિવૃત્તિકરણ - સૂક્ષ્મસંપરાય અને ઉપશાન્તમોહ આ ચાર ગુણસ્થાનકોમાં ઉપશમશ્રેણિમાં બે બાંગા હોય છે. મનુષ્યભવના આયુષ્યકર્મના જે નવ ભાંગા છે તેમાંથી પહેલો અને છેલ્લો એમ બે બાંગા હોય છે. (૧) મનુષ્યાયુષ્યનો ઉદયઅને મનુષ્યાયુષ્યની સત્તા આ ભાંગો પરભવાયુષ્યના બંધની પૂર્વકાલમાં હોય છે તથા મનુષ્યાયુષ્યનો ઉદય અને દેવ-મનુષ્યાયુષ્યની સત્તા આ ભાંગો પરભવના આયુષ્યના બંધ પછીના કાલે હોય છે. પૂર્વકાલમાં જેણે દેવનું આયુષ્ય બાંધ્યું હોય છે તેવા જીવોમાં ઉપશમશ્રેણિની પ્રાપ્તિ થવાનો સંભવ છે.

અપૂર્વકરણ અનિવૃત્તિકરણ અને સૂક્ષ્મસંપરાય આ ત્રણે ગુણઠાણામાં ક્ષપકશ્રેણિવાળા જીવોનો જો વિચાર કરીએ તો મનુષ્યાયુષ્યનો ઉદય અને મનુષ્યાયુષ્યની સત્તા આ એક જ પ્રથમ ભાંગો જ સંભવે છે. કારણ કે જે જીવોએ આવતા ભવનું આયુષ્ય બાંધ્યું હોય છે તેવા પૂર્વબદ્ધાયુષ્યવાળા જીવોમાં ક્ષપકશ્રેણિની અપ્રાપ્તિ જ હોય છે.

ક્ષીણમોહ-સયોગીકેવલી તથા અયોગી કેવલી આ ત્રણે ગુણસ્થાનકોમાં આ જ એક બાંગો મનુષ્યાયુષ્યનો ઉદય અને મનુષ્ય આયુષ્યની સત્તા સ્વરૂપ ભાંગો હોય છે. આ પ્રમાણે ચૌદે ગુણસ્થાનકોમાં આયુષ્યકર્મના ભાંગા સમજાવ્યા. હવે ગોત્રકર્મના ભાંગા કહેવાય છે.

ગોત્રકર્મના સંવેધ ભાંગા હવે સમજાવાય છે. મિથ્યાદષ્ટિ ગુણઠાણે ગોત્રકર્મના આદિમા પાંચ ભાંગા હોય છે. તે આ પ્રમાણે

(૧) નીચગોત્રનો બંધ, નીચગોત્રનો ઉદય અને નીચગોત્રની સત્તા

(૨) નીચગોત્રનો બંધ નીચગોત્રનો ઉદય અને બન્ને ગોત્રની સત્તા.

(૩) નીચગોત્રનો બંધ, ઉચ્ચગોત્રનો ઉદય અને બન્ને ગોત્રની સત્તા.

(૪) ઉચ્ચગોત્રનો બંધ નીચગોત્રનો ઉદય અને બન્ને ગોત્રની સત્તા .

(૫) ઉચ્ચગોત્રનો બંધ ઉચ્ચગોત્રનો ઉદય અને બન્ને ગોત્રની સત્તા.

પહેલા ગુણઠાણે ઉપર કહેલા પાંચ ભાંગા હોય છે. મિથ્યાત્વ ગુણઠાણે નીચગોત્ર અને ઉચ્ચગોત્ર એમ બન્ને ગોત્રકર્મનો બંધ પણ છે તથા બન્નેનો ઉદય પણ છે તથા બન્ને ગોત્રકર્મની સત્તા પણ છે તથા તેઉકાય અને વાઉકાયના ભવમાં ઉચ્ચગોત્રની ઉદ્વલના કર્યા પછી કેવળ એકલા નીચગોત્રની સત્તા પણ મિથ્યાત્વે હોઈ શકે છે.

બીજા ગુણઠાણે ગોત્રકર્મના ઉપર કહેલા પાંચ ભાંગામાંથી પ્રથમ ભાંગાને છોડીને બાકીના ચાર ભાંગા બીજા ગુણઠાણે હોય છે નીચગોત્રનો બંધ, નીચગોત્રનો ઉદય અને એકલા નીચગોત્રની સત્તા આ પ્રથમ ભાંગો સાસ્વાદને સંભવતો નથી. કારણ કે તેઉકાય અને વાઉકાયના ભવમાં ઉચ્ચગોત્રની ઉદ્વલના કર્યા પછી આ ભાંગો સંભવે છે. તે કાળે નિયમા તે જીવ મિથ્યાત્વી જ હોય છે તે કારણે પ્રથમ ભાંગા વિના બાકીના ચાર ભાંગા સાસ્વાદને હોય છે.

મિશ્રગુણઠાણે, તથા અવિરતસમ્યગ્દષ્ટિ ગુણઠાણે તથા દેશવિરતિ નામના પાંચમા ગુણઠાણે આ ત્રણે ગુણઠાણે નીચ ગોત્ર કર્મનો બંધ ન હોવાથી ઉપરોક્ત પાંચ ભાંગામાંથી પ્રથમના ત્રણ ભાંગા છોડીને ચોથો અને પાંચમો એમ બે જ ભાંગા હોય છે.

(૧) ઉચ્ચગોત્રનો બંધ નીચગોત્રનો ઉદય અને બન્ને ગોત્રની સત્તા,

(૨) ઉચ્ચગોત્રનો બંધ, ઉચ્ચગોત્રનો ઉદય અને બન્ને ગોત્રની સત્તા.

આમ બે જ ભાંગા હોય છે. ત્રીજે - ચોથે અને પાંચમે ગુણઠાણે ઉપર સમજાવેલા ઉચ્ચગોત્રના બંધવાળા બે જ ભાંગા સંભવે છે.

પ્રમત્ત નામના છઠ્ઠા ગુણસ્થાનકથી સૂક્ષ્મસંપરાય નામના દસમા ગુણસ્થાનક સુધી માત્ર ઉચ્ચગોત્રનો જ બંધ હોવાથી અને વિરતિના પ્રતાપે ઉચ્ચગોત્રનો જ ઉદય હોવાથી ઉપરોક્ત પાંચ ભાંગામાંથી માત્ર પાંચમો એક જ ભાંગો હોય છે (૧) ઉચ્ચગોત્રનો બંધ, ઉચ્ચગોત્રનો ઉદય અને બન્ને ગોત્રની સત્તા આ પાંચમો ભાંગો એક જ આ પાંચ ગુણસ્થાનકોમાં હોય છે.

ઉપશાન્તમોહ, ક્ષીણમોહ, સયોગી કેવલી તથા અયોગીકેવલી ગુણસ્થાનકના દ્વિચરમ સમય સુધી ગોત્રકર્મના સાતભાંગામાંથી છઠ્ઠો એક બાંગો હોય છે. (૧) અબંધ, ઉચ્ચગોત્રનો ઉદય, અને બે ગોત્રની સત્તા આ છઠ્ઠો એક જ ભાંગો હોય છે.

અયોગિના ચરમસમયમાં ''અબંધ, ઉચ્ચગોત્રનો ઉદય અને ઉચ્ચગોત્રની સત્તા એમ છેલ્લો સાતમો ભાંગો એક જ હોય છે આ પ્રમાણે ગુણસ્થાનકોમાં ગોત્રકર્મના ભાંગા કહ્યા.

મોહનીય કર્મમાં ચૌદે ગુણસ્થાનકો ઉપર બંધસ્થાનક, ઉદય સ્થાનક અને સત્તાસ્થાનક પૂર્વે કહેલાં જ છે તેથી ફરીથી કહેતા નથી. પરંતુ બાકી રહેલું પદના સમૂહના વિષયવાળું જે જે વક્તવ્ય છે તે હવે કહેવાય છે :- ત્યાં પદસમૂહ (એટલે કે પ્રકૃતિઓનો સમૂહ) બે પ્રકારનો છે. (૧) અવક્તવ્ય ઉદય સંબંધી અને (૨) ગુણસ્થાનકવાર ઉદય સંબંધી. ત્યાં

પ્રથમ જે અવક્તવ્ય ઉદયસંબંધી પદસમૂહ છે. તે ગુણસ્થાનકોની વિવક્ષા વિના સામાન્યપણે જે ઉદયસ્થાનકો છે તેના સંબંધી પદસમૂહનું પરિમાણ પ્રથમ કહેવાય છે.

ત્યાં મોહનીયકર્મના દશના ઉદયે ૧ ચોવીશી ઉદયભાંગા થાય છે. અને તે મિથ્યાત્વ ગુણઠાણે થાય છે તથા નવના ઉદયે છ ચોવિશી ઉદયભાંગા થાય છે ત્રણ ચોવિશી મિથ્યાત્વ ગુણઠાણે, તથા સાસ્વાદને, મિશ્રે અને અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે એક એક એમ ત્રણ ચોવિશી ઉદયભાંગા બીજા પણ થાય છે. તેથી કુલ છ ચોવિશી ઉદયભાંગા થાય છે.

આઠના ઉદયે (૧૧) અગિયાર ચોવિશી ઉદયભાંગા થાય છે. મિથ્યાત્વ ગુણઠાણે ત્રણ, સાસ્વાદને બે, તથા મિશ્રે પણ બે, અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે ત્રણ ચોવિશી, તથા દેશવિરતિ નામના પાંચમા ગુણઠાણે એક ચોવિશી એમ કુલ (૩+૨+૨+૩+૧=૧૧) અગિયાર ચોવિશી ઉદયભાંગા થાય છે.

સાતના ઉદયે (૧૦) દશ ચોવિસી ઉદયભાંગા થાય છે મિથ્યાદષ્ટિ ગુણઠાણે એક, સાસ્વાદને એક, મિશ્ર ગુણઠાણે એક, અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે ત્રણ તથા દેશવિરતિ ગુણઠાણે પણ ત્રણ ચોવિશી, તથા પ્રમત્ત અને અપ્રમત્ત ગુણઠાણે સાથે મળીને સ્વરૂપથી ભિન્ન ભિન્ન ન હોવાથી એક જ ચોવિશી થાય છે. આ પ્રમાણે કુલ ચોવિશી (૧ + ૧ + ૧ + ૩ + ૩ + ૧ = ૧૦) કુલ ૧૦ ચોવિશી થાય છે.

છના ઉદયે સાત ચોવિશી ઉદયભાંગા થાય છે અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે એક, દેશવિરતિએ ત્રણ, પ્રમત્ત અને અપ્રમત્તે સમાન એવી ત્રણ એમ કુલ (૧+૩+૩+૭) સાત ચોવિશી ઉદયભાંગા છના ઉદયે થાય છે. જોકે અપૂર્વકરણ સંબંધી છ વિગેરે ઉદયસ્થાનો તથા તેની ચોવિશીઓ હોય છે. પરંતુ તે સર્વ ઉદયસ્થાનો અને ચોવિશીઓ પ્રમત્ત અને અપ્રમત્ત ગુણસ્થાનક થકી કોઈ પણ જાતના સ્વરૂપનો ભેદ ન હોવાથી પૃથક્ ગણાતી નથી. તેથી સાત જ ચોવિશી કહી છે.

પાંચના ઉદયે ચાર ચોવિશી થાય છે એક દેશવિરતિ ગુણઠાણે અને ત્રણ ચોવિશી પ્રમત્ત તથા અપ્રમત્તે એમ કુલ (૧+૩=૪) ચાર ચોવિશી ઉદયભાંગા થાય છે. તથા ચારના ઉદયે એક ચોવિશી ઉદયભાંગા થાય છે અને તે પ્રમત્ત અપ્રમત્ત ગુણઠાણે થાય છે. આ પ્રમાણે કુલ (૧ + ૬ + ૧૧ + ૧૦ + ૭ + ૪ + ૧ = ૪૦) ચાલીસ ચોવીશી ઉદયભાંગા થાય છે.

તે ૪૦ ચોવિશીને તે તે ઉદયસ્થાનક જે (૧૦) દસ આદિ છે તેના વડે ગુણાય છે

તે આ પ્રમાણે :- દશના ઉદયે એક ચોવિશી છે તેથી દશને એક વડે ગુણાય છે તેથી ૧૦ ઉદયપદ થાય છે નવના ઉદયે છ ચોવિશી થાય છે તેથી નવને છ વડે ગુણાય છે તેથી ૫૪ ઉદયપદ થાય છે આઠના ઉદયે અગિયાર ચોવિશી છે. તેથી ૮x૧૧-આઠ વડે અગિયારને ગુણાય છે જેથી ૮૮ ઉદયપદ થાય છે. તથા સાતના ઉદયે દશ ચોવિશી થાય છે તેથી સાત વડે દશને ગુણાય છે. આ પ્રમાણે (૧૦ + ૫૪ + ૮૮ + ૭૦ + ૪૨ + ૨૦ + ૪ = ૨૮૮) આ પ્રમાણે ગુણાકાર કરાયેલી આ ઉદયચોવિશી કુલ બસોહ અને અઠ્યાસી થાય છે.

૧ X ૧૦ = ૧૦ દશના ઉદયે ૧૦ ઉદયપદ

૬ X ૯ = ૫૪ નવના ઉદયે ૫૪ ઉદયપદ

૧૧ X ૮ = ૮૮ આઠના ઉદયે ૮૮ ઉદયપદ

*૧૦ X ૭ = ૭૦ સાતના ઉદયે ૭૦ ઉદયપદ*

૭ X ૬ = ૪૨ છના ઉદયે ૪૨ ઉદયપદ

૪ X ૫ = ૨૦ પાંચના ઉદયે ૨૦ ઉદયપદ

૧ X ૪ = ૪ ચારના ઉદયે ૪ ઉદયપદ

૨૮૮ આ પ્રમાણે કુલ ૨૮૮ ઉદયપદ થાય છે.

આ ૨૮૮ ઉદયપદને ચોવિશ વડે ગુણાય છે. કારણ કે ચોવિશે ભાંગામાં આ પ્રમાણે ઉદયમાં આવેલી પ્રકૃતિઓ છે. તેથી (૨૮૮ x ૨૪ = ૬૯૧૨) છ હજાર નવસોહ અને બાર ઉદયગત પ્રકૃતિઓ એટલે કે ઉદયપદ થાય છે.

તથા બેના ઉદયના (૧૨) બાર ભાંગા છે તે બાર ભાંગાને બેની સંજ્ઞાવાળા ઉદયવડે ગુણાય છે. તેથી (૧૨x૨=૨૪) કુલ ચોવિશ ઉદયપદ બેના ઉદયે થાય છે. તથા એકના ઉદયવાળાં ચાર ઉદયભાંગા થાય છે તે ચારને એક વડે ગુણતાં ઉદયપદ પણ ચાર જ થાય છે. સર્વ સંખ્યાએ મળીને દ્વિકોદયના ૨૪ તથા એકના ઉદય ૪ એમ કુલ ૨૮ ઉદયભાંગા પૂર્વની સંખ્યામાં ઉમેરાય છે સર્વ મળીને (૬૯૧૨x૨૮=૬૯૪૦) સાત હજારમાં સાએઠ ન્યૂન અર્થાત્ છ હજાર નવસોહ અને ચાલીસ ઉદયપદો થાય છે.

અથવા પાંચના બંધે ચોવીસ ઉદયપદો, ચારના બંધે ચાર ઉદય પદો, ત્રણના બંધે ત્રણ ઉદયપદો, બેના બંધે બે ઉદયપદો તથા એકના બંધે એક ઉદયપદ, તથા દસમા

ગુણઠાણે મોહનીયનો બંધ ન હોવાથી અબંધે એકના ઉદયનું એક ઉદયપદ આ પ્રમાણે બંધસ્થાનકના ભેદથી ઉદયપદ ભિન્ન ભિન્ન ગણીએ તો (૨૪+૪+૩+૨+૧+૧=૩૫) ઉદયભાંગા થાય છે જેથી સર્વ મળીને (૬૯૧૨ + ૩૫ = ૬૯૪૭) છ હજાર નવસોહ અને સુડતાલીસ ઉદયપદ થાય છે.

અથવા મતાન્તરે ચારના બંધે પણ પ્રારંભમાં વેદનો ઉદય ચાલુ હોવાથી બે ના ઉદયના બાર ઉદયભાંગા થાય છે તે બેના ઉદયવાળા હોવાથી (૧૨x૨=૨૪) ચોવીશ ઉદયપદ થાય છે તે સઘળાં પૂર્વરાશિમાં ઉમેરતાં કુલ (૬૯૭૧) છ હજાર નવસોહ અને એકોતેર ઉદયપદો થાય છે આ ઉદયપદનું જે વર્ણન કર્યું છે તે અવ્યક્તોદયપદની સંખ્યામાં જુદા જુદા ત્રણ મતો પ્રવર્તે છે.

હવે ગુણસ્થાનકવાર ઉદયપદની સંખ્યા કહેવાય છે. ત્યાં મિથ્યાદષ્ટિ નામના પ્રથમ ગુણઠાણે (૬૮) અડસઠ ઉદયપદો થાય છે દશના ઉદયે એક ચોવિશી, નવના ઉદયે ત્રણ ચોવિશી, આઠના ઉદયે પણ ત્રણ ચોવિશી અને સાતના ઉદયની એક ચોવિશી છે. તે કારણથી (૧૦X૧=૧૦, ૯X૩=૨૭, ૮X૩=૨૪, અને ૭X૧=૭ આ ચારે સાથે કરતાં કુલ (૬૮) અડસઠ ઉદયપદ થાય છે.

આ પ્રમાણે વિચારતાં સાસ્વાદન ગુણઠાણે (૯ X ૧ = ૯, ૮ X ૨ = ૧૬, ૭ X ૧ = ૭ કુલ ૩૨) બત્રીસ ઉદયપદો થાય છે મિશ્ર ગુણઠાણે પણ આ જ પ્રમાણે (૩૨) બત્રીસ ઉદયપદ થાય છે. અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે (૯ + ૨૪ + ૨૧ + ૬ = ૬૦) સાહેઠ ઉદયપદ થાય છે તથા દેશવિરતિ નામના પાંચમા ગુણઠાણે (૮ + ૨૧ + ૧૮ + ૫ = ૫૨) બાવન ઉદયપદ થાય છે તથા પ્રમત્ત નામના છઠ્ઠા ગુણઠાણે (૭-૧૮-૧૫-૪ = ૪૪) ચુમ્માલીસ ઉદયપદ જાણવા. અપ્રમત્ત નામના સાતમા ગુણઠાણે પણ (૪૪) ચુમ્માલીસ ઉદયપદ જાણવાં. અપૂર્વકરણ નામના આઠમા ગુણઠાણે (૬ + ૧૦ + ૪ = ૨૦) વીસ ઉદયપદ જાણવાં સર્વ મળીને (૬૮ + ૩૨ + ૩૨ + ૬૦ + ૫૨ + ૪૪ + ૪૪ + ૨૦ = ૩૫૨) ત્રણસોહ બાવન ઉદયપદ થાય છે.

આ બધાં ઉદયપદો ચોવિશીમાં થાય છે તેથી તેને ચોવીશ વડે ગુણાય છે. તેથી (૩૫૨X૨૪=૮૪૪૮) ચોર્યાશીસો અને અડતાલીસ થાય છે. ત્યારબાદ અનિવૃત્તિ બાદર સંપરાય નામના નવમા ગુણઠાણે થયેલાં જે પૂર્વે હમણાં જ સમજાવ્યાં છે તે અઠ્યાવીસ પદવૃંદો આ સંખ્યામાં પ્રક્ષિપ્ત કરાય છે તેથી ૮૪૪૮+૨૪=૮૪૭૨ પદવૃદ થાય છે તેમાં સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સંબંધી અબંધવાળું ૧ ઉદયપદ ઉમેરાય છે તેનાથી સહિત કરતાં

પુરેપુરી પદસંખ્યા થાય છે અને તે (૮૪૭૩) પંચાસીસોમાં ત્રેવીસન્યૂન અર્થાત્ ચોર્યાસીસો અને તોંતેર એટલાં પદવૃંદો થાય છે.

અથવા પાંચના બન્ધે બેના ઉદયનાં ૨૪ પદવૃંદ, તથા ચારના બધે ચાર, ત્રણના બંધે ૩, બેના બંધે બે, અને એકના બંધે એક તથા અબન્ધે સૂક્ષ્મસંપરાયે પણ એક એમ નવમા ગુણઠાણે કુલ પાંત્રીસ પદવૃંદ થાય છે તે પૂર્વરાશિમાં ઉમેરાય છે જેથી (૮૪૮૩) ચોર્યાસીસો અને ત્ર્યાંસી પદવૃંદો થાય છે.

અથવા મતાન્તરે ચારના બંધે પણ પ્રારંભકાળમાં વેદનો ઉદય સ્વીકારવાથી બેના ઉદયના બાર ભાંગા એટલે (૨૪) ચોવીસ ઉદયપદ વધારે થાય છે તેથી તે અધિક ગણતાં (૮૫૦૭) પંચાસીસો અને સાત પદવૃંદો થાય છે.

## યોગ - ઉપયોગ અને લેશ્યા ગુણિત મોહનીય કર્મના ભાંગા

ઉપર મોહનીય કર્મના ઉદયભાંગા અને ઉદયપદો તથા પદવૃંદો જે રીતે સમજાવવામાં આવ્યાં છે. તેને યોગ સાથે, ઉપયોગસાથે અને લેશ્યા સાથે જોડવાથી મોહનીયકર્મના ભાંગાઓના અનેક ભેદો થાય છે. ગ્રંથકારશ્રી તે વિષય સમજાવવા ઇચ્છે છે. ત્યાં યોગની સાથે ભાંગાઓનું કથન કરવામાં ઘણી વાત સમજાવવાની છે. તેથી તે વાતને બાજુમાં રાખીને ઉપયોગ અને લેશ્યાની સાથેના જોડાણવાળા ઉદયભાંગા - અને ઉદયપદ વિગેરે પ્રથમ સમજાવાય છે. ત્યાં ઉપયોગની સાથે ઉદયભાંગા અને ઉદયપદની ગણના આ રીતે છે.

મિથ્યાદૃષ્ટિ ગુણઠાણે (૮) આઠ ચોવિશી, સાસ્વાદન ગુણ ઠાણે (૪) ચાર ચોવિશી, મિશ્ર ગુણઠાણે (૪) ચાર ચોવિશી, અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે (૮) આઠ ચોવિશી, દેશવિરતિ ગુણઠાણે (૮) ચોવિશી, પ્રમત્તસંયત ગુણઠાણે પણ આઠ ચોવિશી, અને અપ્રમત્ત સંયત ગુણઠાણે પણ (૮) આઠ ચોવિશી, થાય છે. તથા અપૂર્વકરણ નામના આઠમા ગુણઠાણે (૪) ચાર ચોવિશી થાય છે. આ વાત તમને બરાબર યાદ હશે જ.

ત્યાં મિથ્યાત્વ ગુણઠાણે, સાસ્વાદને તથા મિશ્ર નામના ત્રીજા ગુણઠાણે આ ત્રણે ગુણસ્થાનકોમાં (૧) મતિ અજ્ઞાન, (૨) શ્રુત અજ્ઞાન, (૩) વિભંગજ્ઞાન, (૪) ચક્ષુ દર્શન અને (૫) અચક્ષુદર્શન એમ પાંચ ઉપયોગો હોય છે. અવિરત સમ્યગ્દષ્ટિ અને દેશવિરતિ નામના ચોથા અને પાંચમા ગુણઠાણે (૧) મતિ જ્ઞાન, (૨) શ્રુત જ્ઞાન, (૩) અવધિ જ્ઞાન, (૪) ચક્ષુ દર્શન, (૫) અચક્ષુ દર્શન અને (૬) અવધિ દર્શન એમ છ ઉપયોગો હોય છે.

પ્રમત્ત નામના છઠ્ઠા ગુણસ્થાનકથી સુક્ષ્મસંપરાય નામના દસમા ગુણઠાણા સુધીના કુલ (૬-૭-૮-૯-૧૦) આ પાંચ ગુણસ્થાનકોમાં મનઃપર્યવજ્ઞાન સહિત ઉપરોક્ત છ એટલે કુલ સાત ઉપયોગો અર્થાત્ ચાર જ્ઞાન અને ત્રણ દર્શન એમ સાત ઉપયોગો હોય છે.

મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનકોમાં આઠ વિગેરે જે ચોવિશીઓ તથા તેમાં થતા ઉદયભાંગા વિગેરે જે છે તેને આ પાંચ આદિ ઉપયોગની સાથે ગુણાય છે તે ગુણાકાર આ પ્રમાણે જાણવો.

મિથ્યાદૃષ્ટિ ગુણઠાણે (૮) આઠ ચોવિશી, સાસ્વાદને (૪) ચાર ચોવિશી, અને મિશ્ર ગુણઠાણે પણ (૪) ચાર ચોવિશીઓ થાય છે કુલ (૮+૪+૪=૧૬) સોળ ચોવિશીઓ થાય છે ત્યાં ૩ અજ્ઞાન અને બે દર્શન એમ પાંચ ઉપયોગ હોય છે તે (૧૬) સોળ ચોવિશીને પાંચ ઉપયોગ વડે ગુણાય છે. જેથી (૧૬X૫=૮૦) એંશી ચોવિશીઓ આ ત્રણ ગુણસ્થાનકમાં થાય છે.

તથા અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે (૮) આઠ ચોવિશીઓ અને દેશવિરતિ ગુણઠાણે પણ આઠ ચોવિશીઓ બન્ને સાથે મળીને કુલ (૧૬) સોળ ચોવિશીઓ થાય છે. તે સોળ ચોવિશીને છ ઉપયોગ સાથે ગુણાય છે. (૧૬X૬=૯૬) છન્નું ચોવિશીઓ થાય છે.

તથા પ્રમત્ત નામના છઠ્ઠા ગુણઠાણે કુલ આઠ ચોવિશીઓ થાય છે. તથા અપ્રમત્તે પણ આઠ ચોવિશીઓ અને અપૂર્વકરણ નામના આઠમા ગુણઠાણે (૪) ચાર ચોવિશીઓ થાય છે સર્વ મળીને કુલ (૮+૮+૪=૨૦) વીસ ચોવિશીઓ થાય છે ત્યાં મનઃ પર્યવજ્ઞાન સાથે સાત ઉપયોગ છે તેથી ૨૦ ચોવિશીને સાત ઉપયોગ વડે ગુણતાં (૨૦X૭=૧૪૦) એકસોહ ચાલીસ ચોવિશીઓ થાય છે. આ સર્વ મળીને (૮૦+૯૬+૧૪૦=૩૧૬) ત્રણસોહ અને સોળ ચોવિશીઓ થાય છે આ ત્રણસોહ અને સોળ ચોવિશીઓ હોવાથી ચોવિશ વડે ગુણાય છે તેથી ૩૧૬X૨૪=૭૫૮૪ સાત હજાર પાંચસોહ અને ચોર્યાસી ઉદયભાંગા થાય છે. ત્યારબાદ બેના ઉદયના (૧૨) બાર ઉદયભાંગા અને એકના ઉદયના પાંચ ઉદયભાંગા બન્ને મળીને ૧૭ ઉદય ભાંગા જે છે તેને સાત ઉપયોગ વડે ગુણાય છે (૧૭X૭=૧૧૯) ઉદય ભાંગા થાય છે તે પૂર્વ રાશિમાં નખાય છે. તેથી ૭૫૮૪ + ૧૧૯ = ૭૭૦૩ સાત હજાર સાતસોહ અને ત્રણ ઉદયભાંગા ઉપયોગ ગુણિત થાય છે.

હવે ઉદયપદ તથા પદવૃંદ સમજાવાય છે. મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે ૬૮, સાસ્વાદને૩૨, અને મિશ્રે પણ ૩૨, એમ આ ત્રણ ગુણસ્થાનકોનાં સર્વ મળીને (૧૩૨) એકસોહ બત્રીસ

ઉદયપદ થાય છે તેને પાંચ ઉપયોગ વડે ગુણાય છે. (૧૩૨x૫=૬૬૦) છસોહ સાએઠ ઉદયપદો થાય છે.

તથા અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે (૬૦) સાએઠ ઉદયપદો છે. દેશવિરતિ ગુણઠાણે (૫૨) બાવન ઉદયપદો છે બન્ને મળીને (૧૧૨) એકસોહ બાર ઉદયપદો છે તેને છ ઉપયોગ વડે ગુણાય છે તેથી (૧૧૨x૬=૬૭૨) કુલ છસોહ બોંતેર ઉદયપદો થાય છે.

તથા પ્રમત્ત ગુણઠાણે (૪૪) અપ્રમત્તે પણ (૪૪) અને અપૂર્વ કરણ ગુણઠાણે (૨૦) સર્વ મળીને ૧૦૮ ઉદયપદો થાય છે ત્યાં ઉપયોગ મનઃ પર્યવજ્ઞાન સાથે સાત હોય છે તેથી ૧૦૮ ને સાત વડે ગુણાય છે (૧૦૮x૭=૭૫૬) સાતસોહ અને છપ્પન્ન ઉદયપદો થાય છે આ સર્વ મળીને ૬૬૦+૬૭૨+૭૫૬=૨૦૮૮ ઉદયપદ થાય છે આ સર્વ ઉદયપદોને ચોવિશી વડે ગુણાય છે. (૨૦૮૮-૨૪-૫૦૧૧૨) સર્વ મળીને પચાસ હજાર એકસોહ અને બાર પદવૃંદો થાય છે.

તથા બેના ઉદયે બાર ભાંગા હોવાથી પદવૃંદો (પ્રકૃતિઓ) ચોવીસ હોય છે. (૨x૧૨=૨૪) અને એકના ઉદયનાં પાંચ પદો હોય છે. સર્વ મળીને (૨૯) પદો થાય છે. તેને સાત ઉપયોગ વડે ગુણાય છે. તેથી (૨૯x૭=૨૦૩) બસોહ અને ત્રણ પદવૃંદો થાય છે. તે પૂર્વરાશિમાં પ્રક્ષિપ્ત કરાય છે તેથી (૫૦૧૧૨+૨૦૩=૫૦૩૧૫) પચાસ હજાર ત્રણસોહ અને પુન્નર પદવૃંદો થાય છે.

**આ પ્રમાણે ઉપયોગ ગુણિત ઉદયપદ વિગેરે સમજાવ્યાં.**

●●●

હવે લેશ્યા ગુણિત ઉદયભાંગા અને ઉદયપદો વિગેરે સમજાવાય છે (૧) મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી આરંભીને અવિરત સમ્યગદષ્ટિ નામના ચોથા ગુણઠાણા સુધી કૃષ્ણાદિ છએ લેશ્યાઓ હોય છે. (૨) દેશવિરત પ્રમત્ત અને અપ્રમત્ત આ ત્રણ ગુણસ્થાનકોમાં તેજો-પદ્મ અને શુક્લ આ ત્રણ ત્રણ લેશ્યા હોય છે.

કારણ કે કૃષ્ણાદિ પ્રથમની ત્રણ લેશ્યા હોતે છતે દેશવિરતિ કે સર્વ વિરતિ લેવાના પરિણામ સંભવતા નથી. તથા (૩) અપૂર્વકરણાદિ ઉપરનાં સર્વ ગુણસ્થાનકોમાં ફક્ત એક શુક્લ લેશ્યા જ હોય છે. મિથ્યાદષ્ટિ આદિ ગુણસ્થાનકોમાં આઠ-ચાર વિગેરે જે ચોવિશિઓ થાય છે તે યથાયોગ પ્રમાણે તે તે ગુણઠાણે સંભવતી તે તે લેશ્યાની સાથે ગુણાય છે.

તે આ પ્રમાણે :- મિથ્યાત્વ ગુણઠાણે આઠ ચોવિશી, સાસ્વાદને અને મિશ્રે ચાર-ચાર ચોવિશી તથા અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે આઠ ચોવિશી થાય છે આ ચાર ગુણસ્થાનકોની સર્વ મળીને (૨૪) ચોવીશ ચોવીશીઓ થાય છે તે છ લેશ્યા વડે ગુણાય છે તેથી (૨૪ x ૬ = ૧૪૪) એમ કુલ એકસોહ ચુમ્માલીસ ચોવિશીઓ થાય છે.

તથા દેશવિરત-પ્રમત્ત અને અપ્રમત્ત આ ત્રણે ગુણઠાણે આઠ આઠ ચોવિશીઓ થાય છે સર્વ મળીને આ ત્રણે ગુણઠાણાની કુલ (૨૪) ચોવીશ ચોવીશીઓ થાય છે. તેને ત્રણ લેશ્યા વડે ગુણાય છે (૨૪ x ૩ = ૭૨) કુલ બોંતેર ચોવિશઓ થાય છે.

અપૂર્વકરણ ગુણઠાણે ચાર ચોવિશી થાય છે તેને એક શુક્લલેશ્યા વડે ગુણાય છે તેથી ચાર જ ચોવિશી થાય છે સર્વ મળીને મિથ્યાદષ્ટિ ગુણઠાણાથી અપૂર્વકરણ સુધીની કુલ (૧૪૪ + ૭૨ + ૪ = ૨૨૦) બસોહ વીસ ચોવિશી થાય છે. તે સર્વ ચોવિશી હોવાથી ચોવિશ વડે ગુણાય છે (૨૨૦ x ૨૪ = ૫૨૮૦) આ પ્રમાણે લેશ્યા ગુણિત આઠ ગુણ ઠાણાની ચોવિશીઓ કુલ બસોહ વીસ અને ઉદયભાંગા બાવનસોહ અને એંશી થાય છે.

ત્યારબાદ નવમા અનિવૃત્તિ બાદર સંપરાય ગુણઠાણે બેના ઉદયના ૧૨ ભાંગા અને એકના ઉદયના પાંચ ભાંગા થાય છે તેને પૂર્વની રાશિમાં નખાય છે તેથી (૫૨૮૦-૧૭) - ૫૨૯૭ કુલ બાવનસો અને સત્તાણુ લેશ્યા વડે ગુણાયેલા ઉદયભાંગા થાય છે.

પંચસંગ્રહાદિ શાસ્ત્રોમાં કહ્યું છે કે "तिगहीणा तेवन्ना, सया य उदयाण हुंति लेसाणं" લેશ્યા ગુણિત ઉદયભાંગા ત્રેપનસોમાં ફક્ત ત્રણ ઓછા એટલે કે (૫૨૯૭) બાવનસોહ અને સત્તાણું થાય છે.

હવે લેશ્યાગુણિત પદવૃંદોની સંખ્યા કહેવાય છે મિથ્યાદષ્ટિ ગુણઠાણે ૬૮, સાસ્વાદને ૩૨, મિશ્રે પણ ૩૨, અવિરતસમ્યગ્દષ્ટિ ગુણઠાણે (૬૦) એમ આ ચાર ગુણસ્થાનકનાં ૧૯૨ એકસોહ અને બાણું ઉદયપદો થાય છે તેને છ લેશ્યા વડે ગુણાય છે (૧૯૨x૬=૧૧૫૨) કુલ એકહજાર એકસોહ અને બાવન પદો થાય છે.

તથા દેશવિરતિ ગુણઠાણે ૫૨, પ્રમત્તે અને અપ્રમત્તે ૪૪ -૪૪, સર્વ મળીને ૧૪૦ ઉદયપદો થાય છે તેને ત્રણ લેશ્યા વડે ગુણાય છે. તેથી ૧૪૦x૩=૪૨૦ ચારસોહ અને વીસ ઉદયપદો લેશ્યાગુણિત આ ત્રણ ગુણઠાણામાં હોય છે.

અપૂર્વકરણ ગુણઠાણે ૨૦ ઉદયપદો છે તે એક લેશ્યા વડે ગુણાય છે. જેથી ૨૦ જ ઉદયપદ થાય છે એમ સર્વ મળીને (૧૧૫૨+૪૨૦+૨૦=૧૫૯૨) કુલ પન્નરસો અને બાણું

ઉદયપદો થાય છે. આ સર્વ ચોવિશી રૂપ છે તેથી તેને ચોવિશ વડે ગુણાય છે (૧૫૯૨ x ૨૪ = ૩૮૨૦૮) આડત્રીસ હજાર બસોહ અને આઠ ઉદયપદો થાય છે તેમાં બેના ઉદયના બાર ભાંગા હોવાથી (૨ x ૧૨ = ૨૪) ચોવીશ પદો અને એકના ઉદયનાં પાંચ પદો મળીને ૨૪ + ૫ = ૨૯ પદો ઉમેરાય છે જેથી સર્વ મળીને લેશ્યા ગુણિત ઉદયપદો ૩૮૨૩૭ પદો થાય છે શાસ્ત્રમાં જ કહ્યું છે કે अडतीससहस्साइं पयाण सय, दो य सगत्तीसा – આડત્રીસ હજાર બસોહ અને સાડત્રીસ પદો થાય છે. આ પ્રમાણે લેશ્યા ગુણિત ઉદયભાંગા અને ઉદય પદો અને પદવૃંદ વિગેરે સમજાવ્યાં.

હવે યોગગુણિત ઉદયભાંગા અને ઉદયપદો કહેવાય છે ત્યાં મિથ્યાદૃષ્ટિ ગુણઠાણેથી પ્રારંભીને અપૂર્વકરણ ગુણસ્થાનક સુધી (૮-૪-૪-૮-૮-૮-૮-૪ ચોવિશીઓ એમ કુલ) ૫૨ ચોવિશીઓ તથા બેના ઉદયના બાર (૧૨) ઉદયભાંગા તથા એકના ઉદયના પાંચ ઉદયભાંગા થાય છે. સર્વ મળીને કુલ (૫૨ x ૨૪ = ૧૨૪૮) ઉદયભાંગા તથા બેના ઉદયના ૧૨, અને એકના ઉદયના પાંચ મળીને કુલ (૧૨૬૫) બારસોહ પાંસઠ ઉદયભાંગા મોહનીય કર્મના થાય છે.

તથા આ જ દશ ગુણસ્થાનકોમાં મનના ચાર યોગ, વચનના ચાર યોગ, તથા ઔદારિક કાયયોગ આ નવ યોગ તો સર્વે પણ ગુણસ્થાનકોમાં સંભવે છે તેથી ઉપરોક્ત ૧૨૬૫ ભાંગાને નવ યોગ વડે ગુણાય છે તેથી અગિયાર હજાર ત્રણસોહ અને પંચાસી (૧૨૬૫ x ૯ = ૧૧૩૮૫) ઉદયભાંગા થાય છે.

આટલા ભાંગા ઉપરાન્ત બાકીના યોગના જે બીજા વધારે ભાંગા પણ થાય છે. તે હવે સમજાવે છે (૧) મિથ્યાદૃષ્ટિ ગુણઠાણે વૈક્રિય કાયયોગે પણ ઉપરોક્ત આઠે ચોવિશીઓ પ્રાપ્ત થાય છે તથા (૨) વૈક્રિયમિશ્ર, (૩) ઔદારિક મિશ્ર અને (૪) કાર્મણ કાયયોગ આ ત્રણ યોગમાં અનંતાનુબંધીના ઉદયવાળી ચાર ચાર ચોવિશીઓ જ પ્રાપ્ત થાય છે કારણ કે સાતના ઉદયે એક, આઠના ઉદયે બે, અને નવના ઉદયે એક એમ આ ચાર ચોવિશીઓ અનંતાનુબંધીના ઉદય વિનાની છે તે આ ત્રણ યોગમાં સંભવતી નથી. કારણ કે ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવ હોતે છતે ચાર અનંતાનુબંધીની વિસંયોજના કરીને પરિણામની ધારા બદલાવાથી જે જીવ મિથ્યાત્વે ગયો છે ત્યાં જઈને ફરીથી ચાર અનંતાનુબંધી કષાય બાંધવાનો આરંભ કર્યો છે તેવા તે મિથ્યાદૃષ્ટિ જીવને બન્ધાવલિકા જેટલા માત્ર કાળમાં અનંતાનુબંધી ચાર કષાયનો ઉદય હોતો નથી.

જો કે અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કરીને મિથ્યાત્વે આવે ત્યારે પ્રથમ સમયથી જ મિથ્યાત્વનો ઉદય હોવાના કારણે અનંતાનુબંધી ચાર કષાય નવા અવશ્ય બંધાય જ છે અને સત્તામાં પણ હોય જ છે પરંતુ અનંતાનુબંધીનો ઉદય એક આવલિકા સુધી ન હોય તેવું બને છે.

જઘન્યથી પણ અન્તર્મુહૂર્તનું આયુષ્ય બાકી હોય ત્યારે અનંતાનુબંધી ચાર કષાયના ઉદય રહિત જીવને મૃત્યુ થવાનો નિષેધ હોવાથી વિગ્રહગતિમાં આવતા અથવા ભવાન્તરને પામીને પ્રથમાદિ સમયોમાં ઉત્પન્ન થતા જીવને આવતા ઔદારિકમિશ્ર કાયયોગ, વૈક્રિયમિશ્ર કાયયોગ તથા કાર્મણ કાયયોગ આ ત્રણ યોગો આ ચાર ચોવિશીમાં ઘટી શકતા નથી. અનંતાનુબંધી ચાર કષાયના ઉદય રહિત જીવને આ ત્રણ યોગો હોતા નથી.

અહીં કાર્મણ કાયયોગ વિગ્રહગતિમાં અને ઔદારિક મિશ્ર કાયયોગ તથા વૈક્રિયમિશ્ર કાયયોગ પરભવમાં ઉત્પન્ન થતા જીવને હોય છે. એમ જે કહ્યું છે તે બહુલતાને આશ્રયી જાણવું કારણ કે વિગ્રહગતિ વિના પણ તિર્યંચપંચેન્દ્રિય અને મનુષ્યના જીવોને પણ મિથ્યાત્વ ગુણઠાણે વૈક્રિય શરીર કરે ત્યારે વૈક્રિય મિશ્ર કાયયોગ પ્રાપ્ત થાય જ છે. પરંતુ ચૂર્ણિકારે તેની વિવક્ષા અહીં કરી નથી તે કારણથી કાર્મણ કાયયોગાદિ આ ત્રણ યોગોમાં અનંતાનુબંધી ચાર કષાયના ઉદય વિનાની ચાર ચોવિશીઓ પ્રાપ્ત થતી નથી.

તથા સાસ્વાદન ગુણઠાણે કાર્મણ કાયયોગમાં વૈક્રિયકાય યોગમાં તથા ઔદારિક મિશ્ર કાયયોગમાં એમ દરેકમાં ચાર ચાર ચાર ચોવિશીઓ પ્રાપ્ત થાય છે. તથા મિશ્ર ગુણઠાણે પણ વૈક્રિયકાયયોગે ચાર ચોવિશીઓ પ્રાપ્ત થાય છે. અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે વૈક્રિયકાયયોગમાં આઠ, દેશવિરતિ ગુણઠાણે વૈક્રિય કાયયોગમાં અને વૈક્રિયમિશ્ર કાયયોગમાં એમ બન્ને યોગમાં આઠ-આઠ ચોવિશીઓ થાય છે. પ્રમત્ત સંયત નામના છટ્ઠા ગુણઠાણે પણ વૈક્રિય કાયયોગમાં તથા વૈક્રિય મિશ્ર કાયયોગમાં એમ દરેકમાં આઠ આઠ ચોવિશીઓ થાય છે.

અપ્રમત્ત સંયત ગુણઠાણે વૈક્રિય કાયયોગમાં આઠ ચોવિશી થાય છે. સર્વ મળીને (૮૪) ચોર્યાસી ચોવિશીઓ થાય છે. આ ચોવિશીઓને ચોવિશ વડે ગુણાય છે ગુણાયે છતે બે હજાર અને સોળ ઉદયભાંગા થાય છે તે પૂર્વ રાશિમાં પ્રક્ષિપ્ત કરાય છે.

તથા સાસ્વાદને વૈક્રિયમિશ્ર કાયયોગે વર્તતા જીવોને જે ચાર ઉદયસ્થાનના વિકલ્પો છે. સાતના ઉદયે એક પ્રકાર, આઠના ઉદયે બે પ્રકાર અને નવના ઉદયે એક પ્રકાર આ ચારે ભેદોમાં નપુંસકવેદનો ઉદય સંભવતો નથી. કારણ કે વૈક્રિયમિશ્રકાયયોગે નપુંસકવેદ નારકીની અંદર જ પ્રાપ્ત થાય. પરંતુ સાસ્વાદન લઈને નરકમાં જવાનો નિષેધ છે સાસ્વાદને

વર્તતા જીવોનો નરકમાં ઉત્પાદ થવાનો અભાવ છે તેથી જ ત્યાં નરકાનુપૂર્વીનો અનુદય કહ્યો છે તે માટે સાસ્વાદને વૈક્રિયમિશ્રકાયયોગે નપુંસકવેદ સંભવતો નથી.

તથા અવિરતસમ્યગ્દષ્ટિ ગુણઠાણે વૈક્રિયમિશ્રકાયોગે તથા કાર્મણકાયયોગે દરેકમાં આઠ આઠ ઉદયવિકલ્પોમાં સ્ત્રીવેદ પ્રાપ્ત થતો નથી. કારણ કે વૈક્રિયમિશ્રકાયયોગવાળા સ્ત્રીવેદી જીવોમાં અવિરતસમ્યગ્દષ્ટિ જીવોનો ઉત્પાદ થતો નથી. આ વાત ઘણું કરીને સમજવી. અન્યથા કદાચિત સ્ત્રીવેદી જીવોમાં પણ અવિરતસમ્યગ્દષ્ટિનો ઉત્પાદ થાય છે આવું કથન સંભળાય છે. સપ્તતિકાની ચૂર્ણિમાં કહ્યું છે કે ''कयाइ होज्ज इत्थिवेयगेसु वित्ति''

આ કારણે ચોથે ગુણઠાણે આઠે ચોવિશીમાં એક સ્ત્રીવેદ ન સંભવતો હોવાથી ૮ ચોવિશીના ૮X૨૪=૧૯૨ જે ઉદયભાંગા થાય. તેમાંથી પુરુષવેદના ૬૪, નપુંસકવેદના ૬૪ આ ૧૨૮ સંભવે છે પરંતુ સ્ત્રીવેદના ઉદયવાળા ૬૪ ઉદયભાંગા સંભવતા નથી. પરંતુ બાકીના બે વેદવાળા ૧૨૮ ભાંગા ત્યાં ચોથે ગુણઠાણે વૈક્રિયમિશ્રકાયયોગમાં સંભવે છે.

તથા ચોથા ગુણઠાણે ઔદારિક મિશ્ર કાયયોગમાં વર્તતા જીવોને માત્ર પુરુષવેદ જ હોય છે પરંતુ સ્ત્રીવેદ તથા નપુંસકવેદ એમ બન્નેં વેદો સંભવતા નથી. કારણ કે સ્ત્રીવેદ અને નપુંસકવેદના ઉદયવાળા તિર્યંચ અને મનુષ્યગતિના જીવોમાં અવિરત સમ્યગ્દષ્ટિ જીવોની ઉત્પત્તિનો અભાવ છે. આ વચન પણ બહુલતાએ જાણવું તે કારણથી મલ્લિનાથ પરમાત્મા (તથા બ્રાહ્મી-સુંદરી આદિ જીવો) સ્ત્રીવેદે પણ જન્મ્યા છે. બહુલતા લેવાથી તેઓની સાથે વ્યભિચાર દોષ આવતો નથી.

તથા પ્રમત્ત સંયત જીવને આહારક કાયયોગમાં અને આહારક મિશ્ર કાયયોગમાં, તથા અપ્રમત્ત મુનિને આહારક કાયયોગમાં જે જે ઉદયના વિકલ્પો કહ્યા છે તેમાં સ્ત્રીવેદનો ઉદય સંભવતો નથી. કારણ કે સ્ત્રીવેદી જીવો ચૌદપૂર્વી થતા નથી. તેના વિના આહારક શરીરની રચના સંભવતી નથી.

આ સર્વે મળીને ઉદયવિકલ્પો છટ્ઠે સાતમે ગુણઠાણે (ચારના ઉદયે ૪, પાંચના ઉદયે ૫X૩=૧૫, છ ના ઉદયે ૬X૩=૧૮, અને સાતના ઉદયે ૭X૧=૭ એમ કુલ ૪+૧૫+૧૮+૭=૪૪ ઉદયપાદ થાય છે તે ચુમ્માલીસે ઉદયપદોમાં આહારક કાયયોગમાં પુરુષવેદ અને નપુંસકવેદ એમ બે જ વેદનો ઉદય સંભવે છે તેથી ચોવીશીને બદલે ઉપરોક્ત સર્વે ષોડશક થાય છે આ કારણે ૪૪ X ૧૬ = ૭૦૪ સાતસોહ અને ચાર ઉદયપદ પ્રમત્તે થાય છે તે પૂર્વરાશિમાં નખાય છે.

તથા અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવને ઔદારિક મિશ્રકાયયોગે જે આઠ ઉદયસ્થાનના વિકલ્પો છે તે પુરુષવેદના ઉદયવાળા જ સંભવે છે કારણ કે સ્ત્રીવેદના ઉદયવાળા અને નપુંસકવેદના ઉદયવાળા તિર્યંચ અને મનુષ્યોમાં અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોનો ઉત્પાદ થતો નથી તે કારણે ફક્ત એક જ વેદ હોય છે ચોવિશી ત્રણવેદ વાળી થાય છે તેમાંથી બે વેદ નીકળી જતાં બાકી રહેલા એક પુરુષવેદના કારણે ચોવિશીને બદલે અષ્ટક થાય છે આ આઠ અષ્ટકને આઠ વડે ગુણતાં જે ૬૪ થાય છે તે પૂર્વરાશિમાં નખાય છે. આ રીતે ચોથે ગુણઠાણે કુલ (૧૪૧૬૯) ચૌદ હજાર એકસોહ અને ઓગણસીત્તેર ઉદય ભાંગા થાય છે મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી પ્રારંભીને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધીમાં યોગગુણિત એવા ઉદયભાંગા (૧૪૧૬૯) ચૌદહજાર એકસોહ અને ઓગણસીત્તેર થાય છે.

એક એક ગુણસ્થાનકવાર જુદા જુદા આ યોગગુણિત બાંગા જાણવા હોય તો તે આ રીતે થાય છે. મિથ્યાદૃષ્ટિ ગુણઠાણે ઉદયસ્થાનની આઠ ચોવિશી થાય છે. ૮ X ૨૪ = ૧૯૨ ઉદયભાંગા થાય છે ત્યાં (૪ મનના ૪ વચનના અને ૧ ઔદારિક કાયયોગ એમ નવયોગો તો પૂર્વની જેમ જ હોય છે તથા દશમો વૈક્રિય કાયયોગ પણ હોય છે. એમ કુલ દશ યોગો સાથે આ ભાંગા ગુણાય છે (૧૯૨ X ૧૦ = ૧૯૨૦) ઓગણીસો અને વીસ થાય છે. તથા ઔદારિકમિશ્ર-વૈક્રિયમિશ્ર અને કાર્મણકાયયોગ આ ત્રણ યોગમાં અનંતાનુબંધીના ઉદયવાળી ચાર જ ચોવિશી હોય છે તે કારણથી ૪ X ૨૪ = ૯૬ ઉદયભાંગા આ ત્રણ યોગ સાથે ગુણાય છે. તેથી ૯૬ X ૩ = ૨૮૮ બસોહ અઠ્યાસી થાય છે આ પ્રમાણે મિથ્યાત્વ ગુણઠાણે ૧૯૨૦ + ૨૮૮ = ૨૨૦૮ બાવીસસો અને આઠ ઉદયભાંગા મિથ્યાત્વ ગુણઠાણે થાય છે.

સાસ્વાદન ગુણઠાણે ૪ ચોવિશી છે. તેથી ૪ X ૨૪ = ૯૬ ઉદયભાંગા થાય છે. તે ૯૬ ને બાર યોગવડે ગુણાય છે. ૯૬ X ૧૨ = ૧૧૫૨ અગિયારસો અને બાવન થાય છે તથા વૈક્રિયમિશ્ર કાયયોગમાં જે આ ચાર ચોવિશીઓ છે ત્યાં નપુંસકવેદ સંભવતો નથી. તે માટે બાકીના બે વેદની સાથે ચાર ષોડશક થાય છે. ૪ X ૧૬ = ૬૪ ઉદયભાંગા થાય છે તે પૂર્વરાશિમાં ઉમેરાય છે તેથી ૧૧૫૨+૬૪=૧૨૧૬ ઉદયભાંગા કુલ બીજા ગુણઠાણે થાય છે.

આ જ પ્રમાણે મિશ્રાદિ ગુણસ્થાનકોમાં પણ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું.

હવે ચૌદે ગુણસ્થાનકોમાં યોગગુણિત ઉદયપદ તથા પદવૃંદ કહેવાય છે.

મિથ્યાત્વ ગુણસ્થાનકે (૬૮) અડસઠ ઉદય પદ છે તેને ૧૩ યોગવડે ગુણાય છે. (૬૮ X ૧૩ = ૮૮૪) આઠસોહ અને ચોર્યાસી ઉદયપદ યોગગુણિત થાય છે સાસ્વદને (૩૨) બત્રીસ ઉદયપદ છે. ત્યાં પણ યોગ (૧૩) તેર છે તેથી (૧૩) તેર વડે ગુણાય છે. ૩૨ X ૧૩ = ૪૧૬ ચારસોહ અને સોળ ઉદયપદ થાય છે.

મિશ્ર ગુણઠાણે પણ (૩૨) બત્રીસ ઉદયપદ છે. ત્યાં યોગ (૧૦) દસ જ છે. એટલે બત્રીસને દસ વડે ગુણાય છે. ૩૨ X ૧૦ = ૩૨૦ કુલ (૩૨૦) ત્રણસોહ અને વીસ ઉદયપદ થાય છે. અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે ૬૦ ઉદયપદ છે અને યોગ ૧૩ છે તેથી ૬૦ ને ૧૩ યોગ વડે ગુણાય છે. ૬૦ X ૧૩ = કુલ (૭૮૦) સાતસોહ અને એંશી ઉદયપાદ યોગગુણિત થાય છે.

પાંચમા દેશવિરતિ ગુણઠાણે (૫૨) બાવન ઉદયપદ છે અને ત્યાં અગિયાર ઉપયોગ છે તેથી બાવનને અગિયાર યોગવડે ગુણાય છે (૫૨ X ૧૧ = ૫૭૨) પાંચસોહ અને બોંતેર ઉદયપદ થાય છે પ્રમત્તસંયત નામના છઠ્ઠા ગુણઠાણે (૪૪) ચુમ્માલીસ ઉદયપદ છે અને યોગો (૧૩) તેર ત્યાં છે તેથી ચુમ્માલીસને તેર ચોગવડે ગુણાય છે (૪૪ X ૧૩ = ૫૭૨) પાંચસોહ અને બોંતેર ઉદયપદ થાય છે.

અપ્રમત્ત નામના સાતમા ગુણઠાણે પણ (૪૪) ચુમ્માલીસ ઉદયપદ છે. પરંતુ યોગો ત્યાં (૧૧) અગિયાર છે તેથી ચુમ્માલીસને અગિયાર વડે ગુણાય છે. (૪૪ X ૧૧ = ૪૮૪) ચારસોહ અને ચોર્યાસી ઉદયપદ અપ્રમત્તે થાય છે અપૂર્વકરણ નામના આઠમા ગુણઠાણે (૨૦) વીસ ઉદયપદ છે અને યોગ (૯) નવ છે. તેથી (૨૦ X ૯ = ૧૮૦) વીસને નવવડે ગુણતાં એકસોહ એંશી થાય છે. યોગગુણિત ઉદયપદ થાય છે.

મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી અપૂર્વકરણ ગુણસ્થાનક સુધીમાં કુલ ઉદયપદો (૮૮૪-૪૧૬-૩૨૦-૭૮૦-૫૭૨-૫૭૨-૪૮૪-૧૮૦ = ૪૨૦૮) ચારહજાર બસોહ અને આઠ ઉદયપદ થાય છે.

ઉદયપદો ઉપરથી પદવૃંદ કરવા માટે આ ઉદયપદને ૨૪ વડે ગુણાય છે. (૪૨૦૮ X ૨૪ = ૧૦૦૯૯૨) જેથી એકલાખ નવસોહ અને બાણું પદવૃંદ થાય છે તેમાં બેના ઉદયનાં બાર ભાંગા હોવાથી (૨ X ૧૨ = ૨૪) ચોવીશ ઉદયપદ અને એકના ઉદયના પાંચ ઉદયપદ આ બન્ને મળીને (૨૪ + ૫ = ૨૯) ઓગણત્રીસ ઉદયપદ તે ૨૯ ને નવ યોગવડે ગુણાય છે જેથી (૨૯ X ૯ = ૨૬૧) આ સંખ્યા પૂર્વરાશિમાં ઉમેરાય છે. તેથી સર્વ મળીને (૧૦૧૨૫૩) એક લાખ બાર હજાર અને ત્રેપન ચોગગુણિત પદવૃંદ થાય છે.

હવે ઉપરોક્ત રાશિમાં જે જે ઉદયપદો સંભવતાં નથી તે આ રાશિમાંથી બાદ કરાય છે. મિથ્યાત્વ ગુણઠાણે સાતના ઉદયે એક, આઠના ઉદયે બે અને નવના ઉદયે એક આ ચાર ચોવિશીઓ અનંતાનુબંધી ચાર કષાયના ઉદયથી રહિત છે આ ત્રણેનાં (૭ + ૧૬ + ૯ = ૩૨) બત્રીસ ઉદયપદ થાય છે ત્યાં વૈક્રિયમિશ્ર ઔદારિકમિશ્ર અને કાર્મણ કાયયોગ

સંભવતા નથી. તેનું કારણ પહેલાં કહેલું જ છે. બત્રીસ પદને ત્રણ યોગવડે ગુણીએ તો (૯૬) છન્નું થાય છે. તેને ચોવીશ વડે ગુણાય છે તેથી (૯૬ X ૨૪ = ૨૩૦૪) ત્રેવીસસો અને ચાર થાય છે. આટલાં ઉદયપદો મિથ્યાત્વે અસંભવિત છે.

તથા સાસ્વાદને વૈક્રિયમિશ્ર કાયયોગે વર્તતા જીવને નપુંસક વેદનો ઉદય સંભવતો નથી. તેનું કારણ પૂર્વે સમજાવ્યું જ છે. ચોવિશીમાં નપુંસકવેદના ઉદયની સાથે આઠ ભાંગા થાય છે તેને બત્રીસ વડે ગુણાય છે (૩૨ X ૮ = ૨૫૬) બસોહ અને છપ્પન થાય છે આટલાં ઉદયપદો સાસ્વાદને વૈક્રિયમિશ્રકાયયોગે સંભવતાં નથી.

તથા અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે કાર્મણ કાયયોગી જીવને તથા વૈક્રિયમિશ્ર કાયયોગી જીવને સ્ત્રીવેદનો ઉદય સંભવતો નથી. માટે ૬૦ ને આઠ વડે ગુણાય છે. (૬૦ X ૮ = ૪૮૦) ચારસોહએંશી પદો અસંભવિત છે એવી જ રીતે ચારસોહ એંશી પદો કાર્મણ કાયયોગમાં તથા ઔદારિક મિશ્ર કાયયોગમાં સંભવતા નથી તેથી ૪૮૦ X ૨ = ૯૬૦ કુલ નવસોહ સાએઠ ઉદયપદો સંભવતાં નથી.

તથા અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે ઔદારિક મિશ્ર કાયયોગમાં વર્તતા જીવને સ્ત્રીવેદ તથા નપુંસકવેદ એમ બન્ને વેદો સંભવતા નથી. તે બન્ને વેદોની સાથે (૧૬) સોળ ભાંગા થાય છે તેથી ૬૦ ને ૧૬ ની સાથે ગુણાય છે. (૬૦ X૧ ૬ = ૯૬૦) કુલ આ નવસોહ સાએઠ ઉદયપદ થયાં. ઉપર કહેલાં અને આ, એમ બન્ને મળીને અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે અસંભવિત એવાં ૧૯૨૦ ઉદયપદ જાણવાં.

તથા પ્રમત્તસંયત નામના છઠ્ઠા ગુણઠાણે આહારક કાયયોગમાં તથા આહારકમિશ્ર કાયયોગમાં સ્ત્રીવેદ હોતો નથી. પ્રમત્ત સંયત ગુણઠાણે (૪૪) ચુમ્માલીસ ઉદયપદ છે સ્ત્રીવેદની સાથે એક ચોવિશીમાંથી આઠ ભાંગા હોય છે. તેથી ચુમ્માલીસને આઠ વડે ગુણાય છે ૪૪ X ૮ = ૩૫૨ બન્ને યોગના મળીને ૩૫૨ + ૩૫૨ = ૭૦૪ સાતસોહ ચાર ઉદયપદ પ્રમત્ત ગુણઠાણે અસંભવિત છે.

અપ્રમત્તસંયત નામના સાતમા ગુણઠાણે ઉપર કહેલી નીતિ મુજબ આહારક કાયયોગમાં ત્રણસોહ અને બાવન (૩૫૨) પદો અસંભવિત છે. સર્વ મળીને અસંભવિત ઉદયપદો મિથ્યાત્વે ૨૩૦૪, સાસ્વાદને ૨૫૬, અવિરતે ૧૯૨૦, પ્રમત્તે ૭૦૪, અપ્રમત્તે ૩૫૨ એમ કુલ અસંભવિત (૫૫૩૬) પંચાવનસોહ છત્રીસ ઉદયપદ જાણવાં.

આટલાં અસંભવિત ઉદયપદો પૂર્વે કહેલી રાશિમાંથી બાદ કરાય છે (૧૦૧૨૫૩ ૭— ૫૫૩૬ = ૯૫૭૧૭) પંચાણું હજાર સાતસોહ અને સત્તર પદવૃંદ થાય છે. આટલાં યોગગુણિત ઉદયપદો મોહનીયકર્મનાં સર્વ ગુણસ્થાનકોમાં મળીને થાય છે મોહનીય કર્મનું

સમસ્ત વક્તવ્ય સમાપ્ત થયું. મોહનીય કર્મમાં પૂર્વે ન કહેલી યોગગુણિત જે વિશેષતા હતી તે પણ કહી આપી. આ પ્રમાણે આ કર્મ સમાપ્ત થયું.

હવે નામકર્મની વિશેષતા કહેવાય છે :- પૂર્વે અવ્યક્તપણે નામકર્મનાં બંધસ્થાનક-ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક કહેવાના પ્રસંગે ચૌદ ગુણસ્થાનકો ઉપર અને ચાર ગતિને વિષે બન્ધસ્થાનક, ઉદયસ્થાનક અને સત્તાસ્થાનકો જોકે સામાન્યથી કહ્યાં જ છે તો પણ વિસ્તારથી જાણવાની તમન્નાવાળા જીવો વડે સામાન્યથી કહે છતે વધારે સ્પષ્ટ અને વધારે સૂક્ષ્મ બોધ થવો શક્ય નથી. આ કારણે તેવા વિશેષજ્ઞ જીવોના અવબોધને માટે તે બન્ધસ્થાનક ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક વિસ્તારથી કહેવાય છે.

ત્યાં મિથ્યાદષ્ટિગુણસ્થાનકે છ બન્ધસ્થાનકો છે (૨૩-૨૫-૨૬-૨૮-૨૯-૩૦) ત્રેવીસ, પચ્ચીસ, છવ્વીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ અને ત્રીસ. ત્યાં અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરતા જીવોને (૨૩) ત્રેવીશ બંધાય છે, તે ત્રેવીસમાં બાદર-સૂક્ષ્મ અને પ્રત્યેક-સાધારણ આ બે પ્રતિપક્ષી બંધાતી હોવાથી ચાર બંધભાંગા થાય છે.

પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય તથા અપર્યાપ્ત બેઇન્દ્રિય-તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય પ્રાયોગ્ય, તથા અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય અને અપર્યાપ્ત મનુષ્યપ્રાયોગ્ય બંધ કરતા જીવને (૨૫) પચ્ચીસનો બંધ થાય છે. તેમાં પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય (૨૫) પચીસ બંધાય ત્યારે ભાંગા (૨૦) વીસ થાય છે. બાદર-પર્યાપ્તાની સાથે સ્થિર-અસ્થિર, શુભ-અશુભ અને યશ-અયશની સાથે આઠ (૮) બંધ ભાંગા થાય છે. પરંતુ બાદર-અપર્યાપ્તાની સાથે, સૂક્ષ્મ-પર્યાપ્તાની સાથે, તથા સૂક્ષ્મ-અપર્યાપ્તાની સાથે યશ ન બંધાતું હોવાથી સ્થિર-અસ્થિર, અને શુભ-અશુભની સાથે ચાર ચાર ભાંગા થાય છે. એમ કુલ (૮+૪+૪+૪+૨૦) વીસ બંધભાંગા થાય છે.

અપર્યાપ્ત બેઇન્દ્રિયાદિ પ્રાયોગ્ય (૨૫) પચીસ બંધાય ત્યારે દરેકમાં એક એક ભાંગો જાણવો. સર્વ અશુભ પ્રકૃતિઓ બંધાતી હોવાથી એક એક જ બાંગો થાય છે આ પ્રમાણે ૨૫ ના બંધે (૨૦+૫=૨૫) કુલ પચીસ બંધ ભાંગા જાણવા.

પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરતા જીવોને પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય (૨૬) છવીસ પ્રકૃતિઓ પણ બંધાય છે. ત્યાં આતપ નામકર્મ સાથે (૨૬) અથવા ઉદ્યોત નામકર્મ સાથે (૨૬) છવીસ બંધાય છે ત્યાં બન્ને સ્થાને સ્થિર-અસ્થિર, શુભ-અશુભ અને યશઃઅયશના સંચારણથી આઠ આઠ એમ કુલ (૧૬) સોળ બંધ ભાંગા છવીસના બંધે થાય છે.

તથા દેવગતિ પ્રાયોગ્ય અથવા નરકગતિ પ્રાયોગ્ય (૨૮) અઠ્યાવીસ બંધાય છે. ત્યાં જ્યારે દેવગતિ પ્રાયોગ્ય (૨૮) અઠ્યાવીસ બંધાય ત્યારે સ્થિર-અસ્થિર, શુભ-અશુભ

અને યશ-અયશની સાથે આઠ બંધભાંગા થાય છે પરંતુ નરકગતિ પ્રાયોગ્ય (૨૮) અઠ્યાવીસ બંધાય છે. ત્યારે સર્વે પણ પ્રકૃતિઓ અશુભ જ બંધાતી હોવાથી એક બંધ બાંગો થાય છે આ પ્રમાણે ૨૮ ના બંધે દેવપ્રાયોગ્યના આઠ અને નરક પ્રાયોગ્ય બંધનો એક એમ કુલ (૯) નવ બંધ ભાંગા જાણવા.

હવે નામકર્મનો (૨૯) ઓગણત્રીસનો બંધ મિથ્યાત્વ ગુણઠાણે વિકલેન્દ્રિય પ્રાયોગ્ય, પંચેન્દ્રિય તિર્યંચપ્રાયોગ્ય, અને પર્યાપ્તા મનુષ્યપ્રાયોગ્ય એમ ત્રણ પ્રકારનો થાય છે. ત્યાં પર્યાપ્તા બેઇન્દ્રિય તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય પ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ બંધાયે છતે સ્થિર-અસ્થિર, શુભ-અશુભ અને યશ અયશના પ્રતિપક્ષપણે આઠ આઠ બંધભાંગા થાય છે કુલ વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૯ ના બંધના (૨૪) ચોવીશ બંધભાંગા થાય છે.

પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસના બંધે છ સંઘયણ, છ સંસ્થાન, બે વિહાયોગતિ, અને સ્થિરષટ્ક તથા અસ્થિરષટ્ક એમ કુલ નવ પ્રકૃતિઓ પ્રતિપક્ષી બંધાતાં (૪૬૦૮) છેંતાલીસો અને આઠ બંધ બાંગા થાય છે.

એવી જ રીતે મનુષ્યપ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસના બંધે પણ છ સંઘયણ, છ સંસ્થાન, બે વિહાયોગતિ, સ્થિરષટ્ક-અસ્થિરષટ્ક એમ (૯) નવ પ્રતિપક્ષી બંધાતી હોવાથી ૪૬૦૮ બંધ ભાંગા થય છે સર્વ મળીને મિથ્યાત્વ ગુણઠાણે (૨૯ ના બંધે) ઓગણત્રીસના બંધે (૨૪ + ૪૬૦૮ + ૪૬૦૮ = ૯૨૪૦) બાણુસોહ અને ચાલીસ બંધભાંગા થાય છે.

જો કે દેવગતિપ્રાયોગ્ય પણ (૨૯) ઓગણત્રીસનો બંધ છે પરંતુ તે તીર્થંકર નામકર્મ સહિત બંધ હોવાથી મિથ્યાત્વે બંધ થતો નથી. એટલે તે (૨૯ નો) ઓગણત્રીસનો બંધ અહીં કહ્યો નથી.

હવે મિથ્યાત્વ ગુણઠાણે (૩૦) ત્રીસના બંધના ભાંગા સમજાવાય છે પર્યાપ્તા બેઇઉન્દ્રિય તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય પ્રાયોગ્ય ઉદ્યોત સાથે નામકર્મની (૩૦) ત્રીસ પ્રકૃતિઓ બાંધતા જીવોને સ્થિર અસ્થિર શુભ અશુભ અને યશ અયશના (૨૪) બંધભાંગા વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૩૦ ના બંધે થાય છે.

તથા પર્યાપ્તાપંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ઉદ્યોત સાથે (૩૦) ત્રીસ પ્રકૃતિઓ બાંધતા જીવોને ઉપર કહેલી (૯) નવ પ્રકૃતિઓ પ્રતિપક્ષીપણે બંધાતી હોવાથી ઉપર કહ્યા પ્રમાણે જ (૪૬૦૮) છેંતાલીસસો અને આઠ બંધભાંગા થાય છે. (૩૦) ત્રીસના બંધે કુલ બંધભાંગા (૨૪+૪૬૦૮=૪૬૩૨) છેંતાલીસસો અને બત્રીસભાંગા થાય છે.

આ પ્રમાણે મિથ્યાત્વ ગુણઠાણે છએ બંધસ્થાનકોના સાથે મળીને ૪ + ૨૫ + ૧૬ + ૯ + ૯૨૪૦ + ૪૬૩૨ = ૧૩૯૨૬ બંધભાંગા મિથ્યાત્વે હોય છે મનુષ્યગતિ પ્રાયોગ્ય

જે ૩૦ બંધાય છે તે તીર્થંકરનામકર્મ સહિત છે માટે મિથ્યાત્વે બંધાતી નથી. તથા દેવપ્રાયોગ્ય જે ૩૦-૩૧ નો બંધ છે તે આહારકદ્વિક સહિત છે તે માટે પહેલા ગુણઠાણે તે બંધ થતો નથી. તથા એક યશનામકર્મનો જે બંધ છે તે શ્રેણિમાં જ થતો હોવાથી મિથ્યાત્વે સંભવતો નથી. આ પ્રમાણે બંધસ્થાનક તથા બંધભાંગા કહ્યા.

તથા મિથ્યાદૃષ્ટિને નામકર્મનાં ઉદયસ્થાનકો (૯) નવ હોય છે તે આ પ્રમાણે (૨૧-૨૪-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦ અને ૩૧) એકવીસ, ચોવીસ, પચીસ, છવ્વીસ, સત્યાવીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ, ત્રીસ અને એકત્રીસ એમ નવ ઉદયસ્થાનક પહેલા ગુણઠાણે હોય છે આ સર્વે ઉદયસ્થાનકો જુદા જુદા જીવોની અપેક્ષાએ જે રીતે હમણાં જ પૂર્વે સમજાવ્યાં છે તેમ અહીં પણ કહી દેવાં. ફક્ત આહારક શરીરી જીવો વૈક્રિય શરીરધારી સાધુસંતો, અને કેવલજ્ઞાની ભગવંતો આ ત્રણને આશ્રયી જે જે ઉદયસ્થાનક અને ઉદયભાંગા હોય છે. તે ન લેવા. કારણ કે તેઓને મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક હોતું નથી. સર્વ મળીને મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે (૭૭૭૩) સાત હજાર, સાતસોહ અને તોંતેર ઉદયભાંગા હોય છે.

| કયા જીવો | ૨૧ નો ઉદય | ૨૪ નો ઉદય | ૨૫ નો ઉદય | ૨૬ નો ઉદય | ૨૭ નો ઉદય | ૨૮ નો ઉદય | ૨૯ નો ઉદય | ૩૦ નો ઉદય | ૩૧ નો ઉદય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| એકેન્દ્રિય | ૫ | ૧૧ | ૭ | ૧૩ | ૬ | | | | | ૪૨ |
| વિકલેન્દ્રિય | ૯ | | | ૯ | | ૬ | ૧૨ | ૧૮ | ૧૨ | ૬૬ |
| પંચેન્દ્રિય તિર્યંચ | ૯ | | | ૨૮૯ | | ૫૭૬ | ૧૧૫૨ | ૧૭૨૮ | ૧૧૫૨ | ૪૯૦૬ |
| વૈક્રિય તિર્યંચ | | | ૮ | | ૮ | ૧૬ | ૧૬ | ૮ | | ૫૬ |
| સામાન્ય મનુષ્ય | ૯ | | | ૨૮૯ | | ૫૭૬ | ૫૭૬ | ૧૧૫૨ | | ૨૬૦૨ |
| વૈક્રિય મનુષ્ય | | | ૮ | | ૮ | ૮ | ૮ | | | ૩૨ |
| દેવો અને | ૮ | | ૮ | | ૮ | ૧૬ | ૧૬ | ૮ | | ૬૪ |
| નારકી | ૧ | | ૧ | | ૧ | ૧ | ૧ | | | ૫ |
| કુલ | ૪૧ | ૧૧ | ૩૨ | ૬૦૦ | ૩૧ | ૧૧૯૯ | ૧૭૮૧ | ૨૯૧૪ | ૧૧૬૪ | ૭૭૭૩ |

આ પ્રમાણે મિથ્યાત્વ ગુણઠાણે નામકર્મનાં બંધસ્થાનક તથા ઉદયસ્થાનક સમજાવ્યાં. હવે સત્તાસ્થાનક સમજાવાય છે ત્યાં મિથ્યાત્વ ગુણઠાણે નામકર્મનાં કુલ છ સત્તાસ્થાનક હોય છે. (૯૨-૮૯-૮૮-૮૬-૮૦-૭૮) બાણું નેવ્યાસી, અઠયાસી, છયાંસી, એંશી, અને અઠ્યોતેર.

ત્યાં (૯૨) બાણુંની સત્તા ચારે પણ ગતિના મિથ્યાદૃષ્ટિ જીવોને હોય છે (૮૯) નેવ્યાસીની સત્તા પૂર્વે બાંધ્યું છે નરકનું આયુષ્ય જેણે એવો ક્ષયોપશમ સમ્યક્ત્વી જીવ તીર્થંકરનામકર્મ બાંધીને પરિણામ પડી જવાથી મિથ્યાત્વે જાય અને નરકમાં ઉત્પન્ન થવાનો અર્થી જ્યારે બને ત્યારે મૃત્યુ પૂર્વે અન્તર્મુહૂર્ત સુધી અને મૃત્યુ પામીને નરકમાં જાય ત્યાં પણ એટલે કે અંતર્મુહૂર્ત સુધી મિથ્યાત્વે નેવ્યાસીની સત્તા હોય છે. ત્યારબાદ તે જીવ સમ્યક્ત્વ પામે છે.

(૮૮) અઠયાસીની સત્તા ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ જીવોને હોય છે. જે જીવોએ આહારકચતુષ્ક અને તીર્થંકર નામકર્મ બાંધ્યું નથી તેવા જીવોને આ ૮૮ની સત્તા હોય છે. (૮૬-૮૦) છયાંસી અને એંશી આ બે સત્તાસ્થાનક એકેન્દ્રિય જીવોમાં દેવપ્રાયોગ્ય અને નરક પ્રાયોગ્ય પ્રકૃતિઓની ઉદ્વલના કરાયે છતે હોય છે. તથા એકેન્દ્રિયના ભવમાંથી નીકળીને વિકલેન્દ્રિય - પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યના ભવમાં ઉત્પન્ન થયેલા અને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા ન થાય ત્યાં સુધી અર્થાત્ અંતર્મુહૂર્ત સુધી આ ૮૦-૮૬ ની સત્તા હોય છે.

(૭૮) અઠ્યોતેરની સત્તા તેઉકાય અને વાઉકાયના જીવોને મનુષ્યદ્વિકની ઉદ્વલના કરાયે છતે જાણવી. તથા તેઉકાય અને વાઉકાયના ભવમાંથી નીકળીને અન્ય ભવમાં ઉત્પન્ન થયેલા એવા તે જીવને અંતર્મુહૂર્ત સુધી યાવત્ હોય છે કારણ કે આગળ ઉપર નિયમા મનુષ્યદ્વિક બાંધવાનો સંભવ હોવાથી આગળ પછી (૮૦) એંશીની સત્તા થઈ જાય છે.

તે આ પ્રમાણે સામાન્યથી મિથ્યાત્વી જીવને નામકર્મનાં બંધસ્થાનક ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક કહ્યાં. હવે સંવેધ કહેવાય છે.

ત્યાં (૨૩) ત્રેવીસનો બંધ કરતા મિથ્યાદૃષ્ટિને પૂર્વે કહેલાં (૨૧ થી ૩૧ સુધીનાં) નવ ઉદયસ્થાનક હોય છે. પરંતુ (૨૧-૨૫-૨૭-૨૮-૨૯-અને ૩૦) એકવીસ-પચીસ-સત્યાવીસ-અઠ્યાવીસ-ઓગણત્રીસ-અને ત્રીસ આ છ ઉદયસ્થાનોમાં દેવ અને નારકીના જે ઉદયભાંગા છે તે આ ૨૩ ના બંધે સંભવતા નથી. કારણ કે દેવ અને નારકીના જીવો અપર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરતા નથી. કારણ કે (૨૩) તે ત્રેવીસનો બંધ અપર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય જ છે. તેથી દેવ અને નરક સંબંધી ૬૪+૫=૬૯ ઉદયભાંગા ન લેવા.

સત્તાસ્થાનક પાંચ હોય છે. (૯૨-૮૮-૮૬-૮૦-૭૮) બાણું, અઠ્યાસી, છ્યાંસી, ઍંશી અને અઠ્યોતેર ત્યાં (૨૧-૨૪-૨૫-અને ૨૬) એકવીસ, ચોવીસ, પચ્ચીસ અને છવ્વીસ આ ચાર ઉદયસ્થાનકોમાં પાંચ પાંચ સત્તાસ્થાનકો હોય છે. પરંતુ પચ્ચીસના ઉદયે અવૈક્રિયતેઉકાય અને વાઉકાયના જીવોને આશ્રયીને જ (૭૮) અઠ્યોતેરની સત્તા હોય છે તથા (૨૬) છવ્વીસનો ઉદય પણ તેઉકાય અને વાઉકાયના જીવોને તથા તે ભવમાંથી નીકળીને વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થયેલા જીવોને આશ્રયી હોય છે.

(૨૭-૨૮-૨૯-૩૦ અને ૩૧) સત્યાવીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ, ત્રીસ અને એકત્રીસ આ પાંચ ઉદયસ્થાનકોમાં (૭૮) અઠ્યોતેર વર્જીને શેષ (૯૨-૮૮-૮૬-૮૦) એમ ચાર સત્તાસ્થાનક હોય છે સર્વ સંખ્યાએ મળીને (૨૩) ત્રેવીસના બંધે (૪૦) ચાલીસ સત્તાસ્થાનક થાય છે. (૨૧ થી ૨૬ સુધીનાં ચાર ઉદયસ્થાનકોમાં પાંચ પાંચ, અને ૨૭ થી ૩૧ સુધીના પાંચ ઉદયસ્થાનકોમાં ચાર ચાર એમ કુલ ૪૦ સત્તા સ્થાનકો ઉદયસ્થાનવાર થાય છે.)

(૨૫ અને ૨૬) આ જ પ્રમાણે પચીસના બંધે તથા છવ્વીસના બંધે પણ તેના બંધક જીવોને આશ્રયી નવ ઉદયસ્થાનક, સાતહજાર સાતસોહ તોંતેર ઉદયભાંગા, સામાન્યથી પાંચ સત્તાસ્થાનક અને ઉદયસ્થાનકવાર (૪૦+૪૦) ચાલીસ + ચાલીસ સત્તાસ્થાનક થાય છે. ફક્ત એટલી જ વિશેષતા છે કે આ ૨૫-૨૬ ના બંધમાં બંધ કરનારા જીવોમાં પોતપોતાના સર્વે પણ ઉદયસ્થાનકોમાં વર્તતા છતા દેવના જીવો પણ પર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય (૨૫ અને ૨૬) પચ્ચીસ અને છવ્વીસનો બંધ કરવામાં લઈ લેવા તેઓ પણ બાદરપર્યાપ્તા એકેન્દ્રિયપ્રાયોગ્ય આ બંધ કરે છે.

પરંતુ એટલી વિશેષતા છે કે બાદર-પર્યાપ્તા પ્રત્યેકની સાથે સ્થિર-અસ્થિર, શુભ-અશુભ અને યશ-અયશના જે આઠ બંધભાંગા થાય છે તે જ ભાંગા આ દેવના જીવો બાંધે છે. ૨૫ ના બંધે જે બાકીના ભાંગા છે તે આ દેવો બાંધતા નથી. કારણ કે બાકીના સૂક્ષ્મ-અપર્યાપ્તા અને સાધારણ નામકર્મના ઉદયવાળા ભાંગામાં દેવોની ઉત્પત્તિ થતી ન હોવાથી બીજા ભાંગા દેવો બાંધતા નથી માટે તે ભાંગા ન લેવા.

સત્તાસ્થાનકની ભાવના જેવી ત્રેવીસના બંધે કરી છે તેવી જ પચ્ચીસના બંધે તથા છવ્વીસના બંધે પણ જાણવી. એટલે કે પચ્ચીસ તથા છવ્વીસના બંધે પણ ૨૧ થી ૨૬ સુધીનાં ચાર ઉદયસ્થાનોમાં પાંચ પાંચ સત્તાસ્થાનકો અને ૨૭ થી ૩૧ સુધીનાં પાંચ ઉદયસ્થાનોમાં ચાર ચાર સત્તાસ્થાનકો હોય છે. કુલ ચાલીસ ચાલીસ સત્તાસ્થાનો પચીસ અને છવ્વીસના બંધે હોય છે.

મિથ્યાત્વ ગુણઠાણે (૨૮) અઠ્યાવીસના બંધક એવા મિથ્યાદૃષ્ટિને બે જ ઉદયસ્થાનક હોય છે. (૩૦ તથા ૩૧) ત્રીસ અને એકત્રીસ કારણ કે મિથ્યાત્વ અવસ્થા હોય ત્યારે સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થામાં જ દેવપ્રાયોગ્ય બંધ થાય છે. તે કારણથી સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચને આશ્રયી (૩૦-૩૧) ત્રીસ અને એકત્રીસ એમ બે, અને મનુષ્યને આશ્રયી માત્ર (૩૦ નું) એક જ ઉદયસ્થાનક હોય છે.

સત્તાસ્થાનક (૯૨-૮૯-૮૮-અને ૮૬) બાણું, નેવ્યાસી, અઠ્યાસી અને છ્યાંસી એમ ચાર હોય છે. ત્યાં ત્રીસના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચોને ત્રણ અને મનુષ્યોને ચાર સત્તાસ્થાનક હોય છે. એટલે સામાન્યથી ચારે હોય છે આમ કહેવાય છે. ત્યાં ૮૯નું સત્તાસ્થાનક કોને કહેવાય ? તે સમજાવે છે કે બાંધ્યું છે તીર્થંકર નામકર્મ જેણે એવો ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવ પરિણામની ધારા બદલાવાથી મિથ્યાત્વે ગયો હોય અને નરકાભિમુખ થયો હોય તથા નરકને યોગ્ય (૨૮) અઠ્યાવીસ પ્રકૃતિઓ બાંધતો હોય એવા જીવને આ (૮૯) નેવ્યાસીની સત્તા મિથ્યાત્વે હોય છે. બાકીના તિર્યંચ અને મનુષ્યના જીવોને ૯૨-૮૮ અને ૮૬ એમ ત્રણ જ સત્તાસ્થાનક હોય છે.

એકત્રીસના ઉદયે (૮૯) નેવ્યાસી વર્જીને બાકીની (૯૨-૮૮-૮૬) એમ ત્રણ જ સત્તા હોય છે. નેવ્યાસીની સત્તા તીર્થંકરનામકર્મની સત્તાવાળી છે. આ ૩૧ના ઉદયસ્થાને કેવલ એકલા તિર્યંચ પંચેન્દ્રિયના જ જીવો છે તેને આ સત્તા હોતી નથી. સર્વસંખ્યાએ વિચારીએ તો (૨૮ ના બંધે) અઠ્યાવીસના બંધે કુલ (૪+૩=૭) સાત સત્તાસ્થાનક હોય છે.

૨૯ ના બંધે મિથ્યાત્વગુણઠાણે હવે સત્તાસ્થાનક કહેવાય છે. દેવગતિ પ્રાયોગ્ય તીર્થંર નામકર્મ સાથે બંધાતી જે ૨૯ પ્રકૃતિનું બંધસ્થાનક છે.તેને છોડીને બાકીના વિકલેન્દ્રિય, પચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય પ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓ બાંધતા મિથ્યાદૃષ્ટિ જીવને સામાન્યથી પૂર્વે કહેલાં (૨૧ થી ૩૧) સુધીનાં નવે પણ ઉદયસ્થાનકો હોય છે તથા છ સત્તાસ્થાનક હોય છે. (૯૨-૮૯-૮૮-૮૬-૮૦-૭૮).

ત્યાં (૨૧) એકવીસના ઉદયે આ છએ સત્તાસ્થાનો સામાન્યથી હોય છે. પરંતુ વિશેષથી વિચારીએ તો ૮૯ ની સત્તા બાંધ્યું છે તીર્થંકરં નામકર્મ જેણે એવા મિથ્યાત્વ ગુણઠાણે ગયેલા નરકના જીવોને આશ્રયી જાણવું. (૯૨ અને ૮૮) બાણું અને અઠ્યાસીની સત્તા દેવ-નારકી-મનુષ્ય-વિકલેન્દ્રિય-પંચેન્દ્રિય તિર્યંચના જીવોને આશ્રયી હોય છે.

(૨૪) ચોવીસના ઉદયે ૮૯ નેવ્યાસી વર્જીને શેષ પાંચ સત્તાસ્થાનકો હોય છે. અને તે એકેન્દ્રિય જીવોને આશ્રયી જાણવાં. કારણ કે એકેન્દ્રિય જીવો વિના બીજા જીવોમાં (૨૪) ચોવીસના ઉદયનો અભાવ છે.

(૨૫) પચ્ચીસના ઉદયે છએ પણ સત્તાસ્થાનકો હોય છે તે જેમ એકવીસના ઉદયમાં સમજાવ્યાં તેમ સમજી લેવાં.

(૨૬) છવ્વીસના ઉદયે (૮૯) નેવ્યાસી વર્જીને પૂર્વની જેમ પાંચ સત્તાસ્થાનક હોય છે. આ (૮૯) નેવ્યાસીની સત્તા નરકમાં ઉત્પન્ન થવાવાળા તીર્થંકરનામકર્મની સત્તાવાળા મનુષ્યને હોય છે. પરંતુ નરકમાં ઉત્પન્ન થવાની તૈયારીવાળા મનુષ્યને ૨૬ નો ઉદય હોતો નથી. તેથી ત્યાં છવ્વીસના ઉદયે ૮૯ની સત્તાનું વર્જન કરેલું છે.

સત્યાવીસના ઉદયે (૭૮) અઠ્યોતેર વર્જીને બાકીનાં પાંચ સત્તાસ્થાનક હોય છે. ત્યાં ૮૯ ની સત્તા પૂર્વે કહ્યા પ્રમાણે નારકીને આશ્રયી જાણવી. તથા ૯૨ અને ૮૮ ની સત્તા દેવ-નારકી-વિકલેન્દ્રિય-પંચેન્દ્રિયતિર્યંચ, તથા મનુષ્યને આશ્રયી જાણવી.

છ્યાંસી અને ઍંશીની સત્તા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય સામાન્ય તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોને આશ્રયી હોય છે. અઠ્યોતેરની સત્તા હોતી જ નથી. કારણ કે આતપ અથવા ઉદ્યોતના ઉદયવાળા એવા તથા તેઉકાય અને વાઉકાય વિનાના શેષ એકેન્દ્રિય જીવોને જ આ સત્તાવીસનો ઉદય હોય છે. તથા નારકીના જીવોને સત્તાવીસનો ઉદય હોય છે તેઓને કોઈને અઠ્યોતેરની સત્તા હોતી નથી. કારણ કે ઉપરોક્ત સર્વે પણ જીવો અવશ્ય મનુષ્યદ્વિકનો બંધ કરનારા છે તેથી મનુષ્યદ્વિકની સત્તાવાળા જ હોય છે.

અઠ્યાવીસના ઉદયમાં પણ આ જ પાંચ સત્તાસ્થાન હોય છે. ત્યાં (૮૯, ૯૨ અને ૮૮) નેવ્યાસી, બાણું અને અઠ્યાસીની ભાવના પૂર્વની જેમ જ જાણવી તથા (૮૬ અને ૮૦) છ્યાંસી અને ઍંશીની સત્તા વિકલેન્દ્રિય પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યને આશ્રયી જાણવી.

આ જ પ્રમાણે ઓગણત્રીસના ઉદયમાં પણ આ જ પાંચ સત્તા સ્થાનક હોય છે તથા ત્રીસના ઉદયમાં (૯૨-૮૮-૮૬-૮૦) બાણું, અઠ્યાસી, છ્યાંસી અને ઍંશી એમ ચાર સત્તાસ્થાનક જાણવાં અને તે વિકલેન્દ્રિય પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યોને આશ્રયી જાણવાં.

એકત્રીસના ઉદયમાં પણ આ જ ચાર સત્તાસ્થાનક હોય છે. અને તે વિકલેન્દ્રિય તથા તિર્યંચપંચેન્દ્રિયને આશ્રયી જાણવાં સર્વ મળીને મિથ્યાદષ્ટિ જીવને (૨૯) ઓગણત્રીસની બંધ કતા હોય ત્યારે (૬+૫+૬+૫+૫+૫+૫+૪+૪ = ૪૫) પિસ્તાલીસ સત્તાસ્થાનો હોય છે.

જે (૨૯) ઓગણત્રીસનું દેવગતિ પ્રાયોગ્ય નામકર્મનું બંધસ્થાનક છે તે તો તીર્થંકર નામકર્મ સહિત હોવાથી મિથ્યાદષ્ટિ જીવોને બંધમાં સંભવતું જ નથી. તેનું કારણ પહેલાં કહેવાઈ જ ગયું છે.

ઓગણત્રીસના બંધની વાત સમાપ્ત કરીને હવે ત્રીસના બંધની વાત મિથ્યાત્વે સમજાવે છે. મનુષ્યગતિ પ્રાયોગ્ય ૩૦ નો બંધ તીર્થંકર નામકર્મવાળો હોવાથી અને દેવગતિ પ્રાયોગ્ય ૩૦ નો બંધ આહારકદ્વિકના બંધ વાળો હોવાથી મિથ્યાત્વે તે બન્ને પ્રકારના બંધ થતા નથી. તે માટે તે બન્ને પ્રકારના બંધને વર્જીને શેષ વિકલેન્દ્રિય પ્રાયોગ્ય તથા પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય (૩૦) ત્રીસ પ્રકૃતિ બાંધતા જીવોને સામાન્યથી પૂર્વે કહેલાં (૨૧ થી ૩૧) એકવીસથી એકત્રીસ સુધીનાં નવ ઉદયસ્થાનો હોય છે. અને (૮૯) નેવ્યાસીને વર્જીને બાકીનાં (૯૨-૮૮-૮૬-૮૦-અને ૭૮) બાણું, અઠ્યાસી, છ્યાંસી, એંશી અને અઠ્યોતેર એમ પાંચ સત્તાસ્થાનક હોય છે.

(૮૯) નેવ્યાસીની સત્તાવાળા જીવોને તીર્થંકરનામકર્મની સત્તા હોવાથી તિર્યંચગતિ પ્રાયોગ્ય બંધનો સંભવ હોતો નથી. તેથી ત્રીસના બંધે નેવ્યાસીની સત્તા મિથ્યાત્વે સંભવતી નથી.

એકવીસ-ચોવીસ-પચીસ અને છવ્વીસ એમ ચાર ઉદયસ્થાનકોમાં (૯૨-૮૮-૮૬-૮૦-૭૮) આ પાંચે પાંચ સત્તાસ્થાનો પૂર્વે ૨૯ ના બંધમાં સમજાવ્યાં તેમ સમજી લેવાં તથા (૨૭-૨૮-૨૯-૩૦ અને ૩૧) સત્યાવીસ-અઠ્યાવીસ-ઓગણત્રીસ ત્રીસ, અને એકત્રીસ આ પાંચે ઉદયસ્થાનકોમાં ૭૮ વિનાનાં ચાર ચાર સત્તાસ્થાનકો હોય છે ૭૮ની સત્તાના નિષેધનું કારણ પહેલાં કહેવાઈ જ ગયું છે તે જ જાણવું.

સર્વ સંખ્યાએ મિથ્યાદષ્ટિ જીવને ત્રીસ બાંધતા હોય ત્યારે ચાલીસ સત્તાસ્થાનકો થાય છે. મનુષ્યગતિ પ્રાયોગ્ય અને દેવગતિ પ્રાયોગ્ય ૩૦ નો બંધ અનુક્રમે તીર્થંકરનામકર્મ અને આહારક દ્વિકના બંધવાળો હોવાથી મિથ્યાદષ્ટિને બંધમાં સંભવતો જ નથી. મનુષ્યગતિ પ્રાયોગ્ય જે ૩૦ નો બંધ છે તે તીર્થંકર નામકર્મવાળો છે અને દેવગતિ પ્રાયોગ્ય જે ૩૦ નો બંધ છે. તે આહારકદ્વિક યુક્ત છે અને મિથ્યાદષ્ટિ જીવને જિનનામ અને આહારકદ્વિકનો બંધ સંભવતો નથી.

આ પ્રમાણે મિથ્યાદષ્ટિ ગુણઠાણે બંધ ઉદય અને સત્તાસંબંધી નામકર્મનો સંવેધ સમજાવ્યો.

હવે સાસ્વાદન નામના બીજા ગુણઠાણે નામકર્મના બંધ ઉદય અને સત્તાનો સંવેધ કહેવાય છે.

સાસ્વાદન ગુણઠાણે (૨૮-૨૯-૩૦) અઠ્ઠાવીસ, ઓગણત્રીસ અને ત્રીસ એમ કુલ ત્રણ બંધસ્થાનક હોય છે. ત્યાં પ્રથમ જે (૨૮) અઠ્ઠાવીસનો બંધ છે તે બે ગતિ પ્રાયોગ્ય છે એક દેવગતિપ્રાયોગ્ય અને બીજો નરકગતિ પ્રાયોગ્ય. ત્યાં જે બીજા નંબરનો નરકગતિપ્રાયોગ્ય (૨૮નો) બંધ છે તે સાસ્વાદને બન્ધને માટે અયોગ્ય છે. અર્થાત્ તે નરક પ્રાયોગ્ય (૨૮) બીજા ગુણઠાણે બંધાતી નથી. નરકગતિપ્રાયોગ્ય બંધ મિથ્યાત્વે જ થાય છે તે માટે જે દેવગતિ પ્રાયોગ્ય આદ્યબંધ ૨૮ નો કહ્યો. તેને બાંધનારા પંચેન્દ્રિય તિર્યંચો તથા મનુષ્યો જાણવા. તે (૨૮) દેવપ્રાયોગ્ય બંધાય ત્યારે સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, અને યશ-અયશ સાથેના આઠ બંધભાંગા હોય છે.

(૨૯) ઓગણત્રીસનો જે બંધ છે તેમાં પંચેન્દ્રિય તિર્યંચપ્રાયોગ્ય અને મનુષ્ય પ્રાયોગ્ય જે છે તે જ સાસ્વાદને બંધાય છે. પરંતુ વિકલેન્દ્રિયપ્રાયોગ્ય બંધ મિથ્યાત્વે જ થતો હોવાથી સાસ્વાદને નથી. તથા દેવપ્રાયોગ્ય ૨૯ નો બંધ તીર્થંકર નામકર્મવાળો હોવાથી સાસ્વાદને નથી.

પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય અને મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ નો બંધ કરનારા, અર્થાત્ તે બંધના સ્વામી એકેન્દ્રિયજીવો, વિકલેન્દ્રિય જીવો, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ, વૈક્રિય તિર્યંચ, સામાન્ય મનુષ્ય, વૈક્રિય મનુષ્ય, દેવો અને નારકીના જીવો હોય છે પરંતુ તે વિનાના બીજા જીવો આ બંધ કરતા નથી. અહીં બંધના ભાંગા (૪૬૦૮ ને બદલે) ૩૨૦૦ થાય છે. તિર્યંચ પંચેન્દ્રિય પ્રાયોગ્ય બંધના ૩૨૦૦ અને મનુષ્ય પ્રાયોગ્ય બંધના ૩૨૦૦ એમ બન્ને મળીને ૨૯ ના બંધે કુલ ૬૪૦૦ ચોસઠસો બંધ ભાંગા થાય છે તે આ પ્રમાણે જાણવા :-

તિર્યંચ પંચેન્દ્રિય પ્રાયોગ્ય અને મનુષ્યપ્રાયોગ્ય એમ બન્ને પ્રકારની પણ (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓ બાંધતા સાસ્વાદન ગુણસ્થાનકવર્તી જીવો હુંડક સંસ્થાન અને સેવાર્ત સંઘયણ આ બે પ્રકૃતિઓ બાંધતા નથી. કારણ કે આ બન્નેનો બંધ મિથ્યાત્વના નિમિત્તે છે અને સાસ્વાદને મિથ્યાત્વના ઉદયનો અભાવ છે તે કારણથી પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓ બાંધતાં ૫ સંસ્થાન, ૫ સંઘયણ ૨ શુભાશુભવિહાયોગતિ, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, સૌભાગ્ય-દૌર્ભાગ્ય, સુસ્વર-દુઃસ્વર, આદેય અનાદેય, યશઃ કીર્તિ અને અયશઃ કીર્તિ વડે પ્રતિપક્ષી બંધાતી હોવાથી (૫-૫-૨-૨-૨-૨-૨-૨-૨=૩૨૦૦) કુલ બત્રીસસો બંધભાંગા થાય છે.

મનુષ્યગતિ પ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ બાંધતાં પણ આજ નવ પ્રકૃતિઓ પ્રતિપક્ષપણે બંધાતી હોવાથી અને હુંડક સંસ્થાન તથા સેવાર્તસંઘયણ ન બંધાતું હોવાથી ઉપર મુજબ જ (૩૨૦૦) ત્રણ હજાર અને બસોહ ભાંગા થાય છે પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય અને મનુષ્યપ્રાયોગ્ય એમ બન્ને પ્રકારના બંધના સાથે મળીને (૩૨૦૦ + ૩૨૦૦ = ૬૪૦૦) છ હજાર અને ચારસોહ બંધ ભાંગા થાય છે.

હવે ત્રીસના બંધે તો ફક્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય જ બંધ હોય છે. તેના (૩૨૦૦) ત્રણ હજાર અને બસોહ ભાંગા જ હોય છે. મનુષ્યપ્રાયોગ્ય બંધ તો તીર્થંકર નામકર્મવાળો હોવાથી સાસ્વાદને સંભવતો નથી.

પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ઉદ્યોત સાથેની આ (૩૦) પ્રકૃતિને બાંધનારા (૧) એકેન્દ્રિય જીવો, (૨) વિકલેન્દ્રિયજીવો, (૩) પંચેન્દ્રિય તિર્યંચના જીવો, (૪) વૈક્રિય તિર્યંચના જીવો, (૫) મનુષ્યો, (૬) વૈક્રિય મનુષ્યો, (૭) દેવો અને (૮) નારકીના જીવો હોય છે પરંતુ બીજા જીવો બંધક તરીકે હોતા નથી. આટલા જીવો જે પં.તિર્યંચપ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિઓ બાંધે છે તેના બંધના બત્રીસો ભાંગા પૂર્વની જેમ હોય છે. ત્રણે બંધસ્થાનકના મળીને (૮-૬૪૦૦-૩૨૦૦) કુલ (૯૬૦૮) નવ હજાર છસોહ અને આઠ બંધભાંગા હોય છે.

સાસ્વાદન ગુણઠાણે ઉદયસ્તાનકો સાત હોય છે. (૨૧-૨૪-૨૫-૨૬-૨૯-૩૦ અને ૩૧) એકવીસ-ચોવીસ-પચ્ચીસ-છવ્વીસ, ઓગણત્રીસ, ત્રીસ અને એકત્રીસ એમ કુલ સાત્ત ઉદયસ્થાનકો હોય છે.

આ સાસ્વાદન ગુણસ્થાનક બે પ્રકારે આવે છે (૧) કોઈ પણ ભવમાં અન્તિમકાલે સમ્યક્ત્વથી પડીને સાસ્વાદને જાય અને તેમાં મૃત્યુ પામીને સાસ્વાદન લઈને બીજા ભવમાં જાય તેવા જીવોને પરભવમાં ગયા પછી બે ઉદયસ્થાનક સુધી ગયા ભવથી લઇને આવેલું સાસ્વાદન રહે છે. આ પારભવિક સાસ્વાદનને આશ્રયી એકેન્દ્રિય જીવોમાં ૨૧-૨૪, વિકલેન્દ્રિય જીવોમાં ૨૧-૨૬, સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યના જીવોને પણ ૨૧-૨૬ તથા દેવોને ૨૧-૨૫, નરકમાં સાસ્વાદન લઈને જવાતું નથી. આ રીતે પારભવિક સાસ્વાદનને આશ્રયી ૨૧-૨૪-૨૫ અને ૨૬ એમ ચાર ઉદજયસ્થાનકો સંભવે છે.

(૨) હવે આ ચાલુ ભવમાં ઉપશમ સમ્યક્ત્વ પામીને પતન થતાં સાસ્વાદને આવે તો પર્યાપ્તાવસ્થામાં જ ઉપશમ સમ્યક્ત્વ અને સાસ્વાદન પમાય. તે માટે મનુષ્યોને ૩૦ નો

ઉદય, તિર્યંચપંચેન્દ્રિયને ૩૦-૩૧ નો ઉદય અને દેવોને ૨૯-૩૦ નો ઉદય તથા નારકીને ૨૯ નો ઉદય આ રીતે પર્યાપ્તાવસ્થા સંબંધી ૨૯-૩૦ અને ૩૧ એમ ત્રણ ઉદયસ્થાનક હોય છે. આ રીતે સાસ્વાદને ૪ + ૩ = કુલ સાત ઉદયસ્થાનક હોય છે.

ટીકાકારશ્રી લખે છે કે (૨૧) એકવીશનો ઉદય એકેન્દ્રિય, વિકલેન્દ્રિય-પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય અને દેવોને આશ્રયી હોય છે નારકીમાં સાસ્વાદનવાળાની ઉત્પત્તિ ન થતી હોવાથી નારકીના વિષયવાળો ૨૧ નો ઉદય સંભવતો નથી. એકેન્દ્રિયમાં સાસ્વાદન લઈને જવાય છે એટલે એકેન્દ્રિયનો ભવ સંભવે છે પરંતુ ત્યાં બાદર-પર્યાપ્તાની સાથે યશ અને અયશવાળા બે ભાંગામાં જ સાસ્વાદન સંભવે છે પરંતુ શેષ એકેન્દ્રિયના ભાંગામાં સાસ્વાદન સંભવતું નથી, કારણ કે સૂક્ષ્મ અને અપર્યાપ્તામાં સાસ્વાદનની ઉત્પત્તિનો નિષેધ છે તે માટે.

ઉપરના જ કારણથી વિકલેન્દ્રિયના ભવમાં, પંચેન્દ્રિય તિર્યંચના ભવમાં; તથા મનુષ્યના ભવમાં પણ અપર્યાપ્તાની સાથે જે જે એક એક ઉદયભાંગો થાય છે તે એક ભાંગામાં સાસ્વાદન ન હોવાથી પર્યાપ્તાના જ ભાંગા લેવાય છે. તેથી ૨૧ ના ઉદયમાં વિકલેન્દ્રિયના દરેકના બે બે ઉદયભાંગા, કુલ છ ઉદયભાંગા, પંચેન્દ્રિયતિર્યંચના ૮ ઉદયભાંગા, મનુષ્યના પણ (૮) આઠ ઉદયભાંગા, દેવોના પણ (૮) આઠ ઉદયભાંગા સર્વ સંખ્યાએ મળીને ૨૧ ના ઉદયે એકેન્દ્રિયના ૨, વિકલેન્દ્રિયના ૬ તથા તિર્યંચ મનુષ્ય અને દેવના ૮-૮-૮-કુલ ૩૨ ઉદયભાંગા સાસ્વાદને ૨૧ના ઉદયમાં હોય છે.

(૨૪) ચોવીશની સંખ્યાવાળું બીજું ઉદયસ્થાનક એકેન્દ્રિયમાં જ માત્ર ઉત્પન્ન થયેલા જીવને હોય છે. અહીં પણ બાદર પર્યાપ્તાની સાથે યશઃ કીર્તિ અને અયશઃકીર્તિની સાથે બે ભાંગા સંભવે છે. પરંતુ બીજા ભાંગા સાસ્વાદને સંભવતા નથી. કારણ કે સૂક્ષ્મમાં સાધારણમાં અને તેઉકાય-વાઉકાયમાં સાસ્વાદન ગુણઠાણાવાળા જીવોની ઉત્પત્તિ થતી નથી. તે માટે ત્યાં સાસ્વાદન સંભવતું નથી.

(૨૫) પચ્ચીસનું ઉદયસ્થાનક સાસ્વાદને દેવોમાં ઉત્પન્ન થનારા જીવને હોય છે ત્યાં આઠ ભાંગા હોય છે. તે સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, યશઃ અને અયશઃ ની સાથે જાણવા.

(૨૬) છવ્વીસનો ઉદય વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યના ભવમાં ઉત્પન્ન થતા જીવોને હોય છે અહીં પણ અપર્યાપ્ત નામકર્મના ઉદયવાળો એક એક ભાંગો અસંભવિત છે કારણ કે લબ્ધિ અપર્યાપ્તામાં સાસ્વાદનવાળાની ઉત્પત્તિ થતી નથી. બાકીના ભાંગા સાસ્વાદને સંભવે છે તેથી વિકલેન્દ્રિયના દરેકના બે બે એમ કુલ (૩×૨=૬) છ ભાંગા, પંચેન્દ્રિય તિર્યંચના બસોહ અઠ્યાસી (૨૮૮), તથા મનુષ્યના પણ (૨૮૮) બસોહ

અઠ્યાસી સર્વ મળીને (૬ + ૨૮૮ + ૨૮૮ = ૫૮૨) પાંચસોહ અને બ્યાંસી ભાંગા સાસ્વાદને છવ્વીસના ઉદયે સંભવે છે.

(૨૭-૨૮) સત્યાવીસ અને અઠ્યાવીસના આ બન્ને ઉદયસ્થાનો વિવક્ષિત ભવમાં જીવની ઉત્પત્તિ થયા પછી એક અંતર્મુહૂર્ત કાળ પછી આવે છે અને આ સાસ્વાદન તો કંઈક ન્યૂન છ આવલિકા કાળ જ રહેનારૂ છે. તેથી ૨૭-૨૮ નો ઉદય થતાં સુધીમાં તો સાસ્વાદન સમાપ્ત થઈ જાય છે તેથી આ બન્ને ઉદયસ્થાનો સાસ્વાદને સંભવતાં નથી.

(૨૯) ઓગણત્રીસનો ઉદય સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા એવા દેવ અને નારકીના જીવોને પોતાના ભવમાં નવું ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને ત્યાંથી પડતા જીવોને સાસ્વાદન હોઈ શકે છે ત્યાં દેવના આઠ અને નરકનો એક એમ કુલ નવ ઉદયભાંગા હોય છે.

(૩૦) ત્રીસનો ઉદય પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચોને તથા મનુષ્યોને હોય છે. અનાદિ કાળના મિથ્યાત્વમાંથી પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને પતન પામતા એવા પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો તથા ઉત્તરવૈક્રિય કરનારા દેવોને સાસ્વાદન ગુણઠાણે આ (૩૦) નો ત્રીસનો ઉદય હોય છે ત્યાં પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨, તથા મનુષ્યના ૧૧૫૨ અને દેવના આઠ એમ સર્વ મળીને ૨૩૧૨ ઉદયભાંગા હોય છે.

(૩૧) એકત્રીસનો ઉદય ફક્ત પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચોને જ હોય છે જે તિર્યંચપંચેન્દ્રિયના જીવો પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને પડતાં સાસ્વાદને આવ્યા હોય તેના ઉદયભાંગા ૧૧૫૨ હોય છે. સર્વ મળીને ૨૧ ના ઉદયે ૩૨, ૨૪ ના ઉદયે ૨, ૨૫ ના ઉદયે ૮, ૨૬ ના ઉદયે ૫૮૨, ૨૯ ના ઉદયે ૯, ૩૦ ના ઉદયે ૨૩૧૨, અને ૩૧ના ઉદયે ૧૧૫૨ આ પ્રમાણે સાસ્વાદને કુલ ઉદયભાંગા (૩૨-૨-૮-૫૮૨-૯-૨૩૧૨-૧૧૫૨=૪૦૯૭) ચાર હજાર અને સત્તાણું ઉદયભાંગા હોય છે.

સત્તાસ્થાનક ફક્ત બે જ હોય છે (૯૨-૮૮) બાણું અને અઠ્યાસી. ત્યાં બાણુની સત્તા તે જીવને હોય છે કે જે જીવે સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને સંયમ મેળવીને આહારક ચતુષ્કનો બંધ કરીને ત્યારબાદ ઉપસમ શ્રેણિ ઉપર આરૂઢ થઈને ત્યાંથી પડતાં સાસ્વાદન ભાવને જે જીવ પામ્યો છે. તેવા સાસ્વાનવર્તી જીવને ૯૨ ની સત્તા હોય છે બીજા જીવને આ સત્તા સંભવતી નથી તથા અઠ્યાસીની સત્તા ચારે ગતિમાં વર્તતા જીવો જ્યારે ઉપશમ સમ્યક્ત્વ પામીને પડતાં સાસ્વાદને આવે છે ત્યારે સામાન્યથી હોય છે. આ પ્રમાણે સાસ્વાદને બંધસ્થાનક ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક કહીને હવે સંવેધ કહેવાય છે.

ત્યાં દેવ પ્રાયોગ્ય (૨૮) અઠ્યાવીસનો બંધ કરતા સાસ્વાદન ગુણસ્થાનકવર્તી જીવોને બે ઉદયસ્થાન હય છે. (૩૦-૩૧) ત્રીસ અને એકત્રીસ, કારણ કે સાસ્વાદન ગુણઠાણે જે (૨૮) અઠ્યાવીસનો બંધ છે તે નિયમા દેવપ્રાયોગ્ય જ હોય છે પરંતુ નરકપ્રાયોગ્ય અઠ્યાવીસનો બંધ હોતો નથી. કારણ કે નરક પ્રાયોગ્ય બંધ મિથ્યાત્વે જ થાય છે તેથી સાસ્વાદન ગુણઠાણે નિયમા દેવગતિ પ્રાયોગ્ય જ (૨૮) બંધાય છે.

કરણઅપર્યાપ્ત જીવો સાસ્વાદને હોય તો પણ અપર્યાપ્તા હોવાથી દેવગતિ પ્રાયોગ્ય બંધ કરતા નથી તેથી (૩૦-૩૧) ત્રીસ અને એકત્રીસ વિનાના બાકીના (૨૧-૨૬) એકવીસ-છવ્વીસ વિગેરે ઉદયસ્થાનો દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધે સંભવતાં નથી.

મનુષ્યના જીવોને જે (૩૦) ત્રીસનો ઉદય છે તેને આશ્રયી બે સત્તાસ્થાનક (૯૨-૮૮) હોય છે પંચેન્દ્રિયતિર્યંચને આશ્રયી કેવળ એકલું (૮૮) અઠ્યાસીનું જ સત્તાસ્થાન હોય છે. કારણ કે (૯૨) બાણુંનું સત્તાસ્થાનક ઉપશમશ્રેણિથી પડતાં સાસ્વાદને આવે છે તેને જ હોય છે અને તિર્યંચોમાં ઉપશમશ્રેણિનો અભાવ છે માટે કેવળ એકલું (૮૮) નું જ સત્તાસ્થાન હોય છે.

એકત્રીશના ઉદયે કેવળ એકલું અઠ્યાસીનું જ સત્તાસ્થાનક હોય છે કારણ કે આ (૩૧) એકત્રીસનું ઉદયસ્થાનક કેવળ એકલા પંચેન્દ્રિયતિર્યંચોને જ હોય છે અને તે તિર્યંચોને (૯૨) બાણુંની સત્તા સંભવતી નથી.

પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય અને મનુષ્યપ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસનો બંધ કરે ત્યારે સાસ્વાદને ૨૧ થી ૩૧ સુધીનાં સાતે પણ ઉદયસ્થાનો હોય છે ત્યાં સાસ્વાદન ગુણઠાણે વર્તતા એકેન્દ્રિય વિકલેન્દ્રિય પંચેન્દ્રિયતિર્યંચ મનુષ્ય દેવ અને નારકીના જીવોને પોતપોતાના ઉદયસ્થાનકોમાં વર્તતા હોય ત્યારે (૮૮) અઠ્યાસીનું એક જ સત્તાસ્થાનક હોય છે ફક્ત ઉપશમ શ્રેણિથી પડતા મનુષ્યને જ સાસ્વાદને ત્રીસના ઉદયે (૯૨) બાણુંની સત્તા પણ હોય છે. આ જ પ્રમાણે ત્રીસના બંધકમાં પણ સમજવું. સાસ્વાદન સમાપ્ત થયું.

હવે મિશ્રદૃષ્ટિ ગુણઠાણે બન્ધસ્થાનક ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક કહેવાય છે. મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનકે નામકર્મનાં બે બન્ધસ્થાનક છે. (૨૮-૨૯) અઠ્યાવીસ અને ઓગણત્રીસ. ત્યાં મિશ્રદૃષ્ટિ એવા તિર્યંચ અને મનુષ્યો હોય તો નિયમા દેવપ્રાયોગ્ય જ બંધ કરે છે અને તે દેવપ્રાયોગ્ય (૨૮) અઠ્યાવીસ બાંધે છે. ત્યાં સ્થિર-અસ્થિર આદિના આઠ ભાંગા થાય છે. તથા મનુષ્યપ્રાયોગ્ય ૨૯ નો બંધ દેવો અને નારકીના જીવો

મિશ્રગુણઠાણે હોય ત્યારે કરે છે ત્યાં પણ સ્થિર-અસ્થિર આદિના આઠ ભાંગા પડે છે. મિશ્ર ગુણઠાણે બીજી અશુભ પ્રકૃતિઓ ન બંધાતી હોવાથી વધારે બંધ ભાંગા સંભવિત નથી.

ઉદયસ્થાનક (૨૯-૩૦-૩૧) ઓગણત્રીસ, ત્રીસ અને એકત્રીસ એમ ત્રણ હોય છે. ત્યાં (૨૯) ઓગણત્રીસના ઉદયમાં દેવોને આશ્રયી આઠ ઉદયભાંગા, નારકીને આશ્રયી એક ઉદયભાંગો એમ સર્વ સંખ્યાએ નવ ઉદયભાંગા ૨૯ ના ઉદયમાં મિશ્રગુણઠાણે હોય છે તથા (૩૦) ત્રીસના ઉદયમાં પંચેન્દ્રિય તિર્યંચને આશ્રયીને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તાને સ્વર સાથેના (૧૧૫૨) અગિયારસો અને બાવન ઉદયભાંગા, તથા મનુષ્યોને આશ્રયી પણ (૧૧૫૨) અગિયારસો અને બાવન ઉદયભાંગા એમ કુલ (૨૩૦૪) બે હજાર ત્રણસોહ અને ચાર ઉદયભાંગા હોય છે તથા એકત્રીસના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગિયારસો અને બાવન ઉદયભાંગા હોય છે. સર્વ મળીને (૯+૨૩૦૪+૧૧૫૨=૩૪૬૫) ચોત્રીસસો અને પાંસઠ ઉદયભાંગા મિશ્રગુણઠાણે હોય છે.

સત્તાસ્થાનક (૯૨-૮૮) બાણું અને અઠ્યાસી એમ બે જ હોય છે. તીર્થંકર નામકર્મની સત્તાવાળા જીવો બીજે ત્રીજે ગુણઠાણે જતા નથી. તે માટે ૯૩-૮૯ ની સત્તા સંભવતી નથી.

હવે સંવેધ કહેવાય છે. દેવપ્રાયોગ્ય (૨૮) અઠ્યાવીસ પ્રકૃતિના બંધક મિશ્રદૃષ્ટિ જીવોને સામાન્યથી (૯૨-૮૮) એમ બે સત્તાસ્થાનક અને (૩૦-૩૧) ત્રીસ અને એકત્રીસ એમ બે ઉદયસ્થાનક હોય છે. (૩૦ અને ૩૧) આ બન્ને ઉદયસ્થાનકોમાં (૯૨-૮૮) બન્ને સત્તાસ્થાનો હોય છે. તથા મનુષ્યપ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓ બાંધતા દેવ અને નારકીને (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઆત્મક એક જ ઉદય સ્થાનક હોય છે. ત્યાં પણ બે જ સત્તાસ્થાનક (૯૨-૮૮) હોય છે આ પ્રમાણે દેવ-નરકપ્રાયોગ્ય ૨૮ ના બંધે ૩૦-૩૧ માં અને મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધે દેવ-નારકીને ૨૯ ના ઉદયમાં બે બે સત્તાસ્થાનક હોવાથી કુલ છ સત્તાસ્થાનકો ઉદયસ્થાનવાર ગણવાથી થાય છે. મિશ્ર ગુણસ્થાનક સમાપ્ત થયું.

હવે અવિરત સમ્યગ્દષ્ટિને આશ્રયી બન્ધસ્થાનક ઉદય સ્થાનક અને સત્તાસ્થાનક કહેવાય છે ત્યાં અવિરત સમ્યગ્દષ્ટિ જીવને (૨૮-૨૯-૩૦) અઠ્યાવીસ-ઓગણત્રીસ અને ત્રીસ એમ ત્રણ બંધસ્થાનક હોય છે.

ત્યાં અવિરત સમ્યગ્દષ્ટિ એવા તિર્યંચ અને મનુષ્યોને દેવપ્રાયોગ્ય ૨૮ નો બંધ હોય છે ત્યાં આઠ બંધભાંગા હોય છે તે મનુષ્ય અને તિર્યંચો ચોથે ગુણઠાણે હોય છે. ત્યારે શેષગતિ પ્રાયોગ્ય બંધ કરતા નથી. નરકગતિ પ્રાયોગ્ય ૨૮ નો બંધ છે પરંતુ ચોથે ગુણઠાણે તે સંભવતો નથી. નરકપ્રાયોગ્ય બંધ મિથ્યાત્વે જ થાય છે તે માટે, તથા તીર્થંકર નામકર્મ

સહિત દેવપ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસનો બંધ મનુષ્યોને જ માત્ર હોય છે ત્યાં બંધભાંગા આઠ જ હોય છે કારણ કે દેવપ્રાયોગ્ય બંધ મનુષ્યો અને તિર્યંચો જ કરે. પરંતુ આ બંધ તીર્થંકર નામકર્મવાળો છે એટલે મનુષ્યો જ માત્ર આ બંધ કરે છે.

તથા દેવ અને નારકીના જીવો મનુષ્યપ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓનો બંધ કરે છે ત્યાં પણ સમ્યક્ત્વ હોવાથી બીજી બધી પ્રકૃતિઓ શુભ જ બંધાય છે માત્ર સ્થિર-અસ્થિર, શુભ-અશુભ અને યશઃ કીર્તિ અને અયશઃકતીર્તિના આઠ બંધભાંગા થાય છે.

તથા તે જ દેવો અને નારકીના જીવો તીર્થંકરનામકર્મ સાથે મનુષ્યપ્રાયોગ્ય (૩૦) ત્રીસ પ્રકૃતિઓ બાંધે ત્યારે પણ દેવ અને નારકીના જ ઉદયભાંગા હોય છે કુલ ૨૮-૨૯ અને ૩૦ એમ ત્રણ બંધસ્થાનક અને ૮+૧૬+૮=૩૨) બંધભાંગા જાણવા.

હવે અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે ઉદયસ્થાનક અને ઉદયભાંગા સમજાવાય છે. (૨૧ અને ૨૫ થી ૩૧) એકવીસ, તથા પચ્ચીસથી એકત્રીસ સુધીનાં કુલ આઠ ઉદયસ્થાનક હોય છે.

ત્યાં (૨૧) એકવીસનો ઉદય નારકી, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય તથા દેવોને આશ્રયી જાણવો. તે પણ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ, ક્ષાયિક પામતાં પૂર્વે બાંધ્યું છે આયુષ્ય જેણે એવા જીવો ઉપરોક્ત ચારે ગતિમાં ઉત્પન્ન થાય છે તે જીવોને આશ્રયી કરણઅપર્યાપ્તા અવસ્થાવાળાં ઉદયસ્થાનકો હોય છે અવિરતસમ્યગ્દષ્ટિ જીવલબ્ધિ અપર્યાપ્તા જીવોમાં ઉત્પન્ન થતા નથી. તેથી લબ્ધિ અપર્યાપ્તાવાળાં ઉદયસ્થાનકો અને ઉદયભાંગા સંભવતા નથી.

ત્યાં (૨૧) એકવીસના ઉદયે પંચેન્દ્રિયતિર્યંચ, મનુષ્ય તથા દેવોને આશ્રયી આઠ આઠ ભાંગા અને નારકીને આશ્રયી એક ભાંગો એમ એકવીસના ઉદયે (૮+૮+૮+૧=૨૫) પચીસ ઉદયભાંગા હોય છે.

તથા (૨૫) પચીસનો ઉદય દેવ-નારકીના જીવોને તથા વૈક્રિય કરનારા તિર્યંચ-મનુષ્યને આશ્રયી હોય છે ત્યાં નારકીના જીવો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ અથવા ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ એમ બે પ્રકારના હોઈ શકે છે તથા દેવો ત્રણે સમ્યક્ત્વવાળા હોય છે સપ્તતિકાની ચૂર્ણિમાં કહ્યું છે કે ''पणवीससत्तावीसोदया देवनेरइए वेउव्वियतिरिमणुए य पडुच्च णेरइगा खइयवेयगसम्मद्दिट्ठी वि''

ઉદયભાંગા પણ પોતપોતાના સ્વયં સમજી લેવા (દેવોના આઠ, નારકીનો એક, વૈક્રિય તિર્યંચના આઠ અને વૈક્રિયમનુષ્યના પણ આઠ એમ કુલ ૮+૧+૮+૮=૨૫) પચીસ ઉદયભાંગા જાણવા.

શતકની બૃહદ્ચૂર્ણિને અનુસારે દેવો પણ ક્ષાયિક અને ક્ષાયોપશમિક એમ બે જ પ્રકારના સમ્યક્ત્વવાળા હોય એમ ત્યાં કહ્યું છે તે શતકની બૃહદ્ચૂર્ણિકારના મતે ૨૫-૨૭નો ઉદય દેવગતિમાં કરણ અપર્યાપ્ત અવસ્થામાં, ગયા ભવથી સમ્યક્ત્વ લઈને આવ્યા હોય તો જ હોય છે ત્યાં અપર્યાપ્ત અવસ્થામાં ઔપશમિક સમ્યક્ત્વનો નિષેધ કહેલ છે તેનો પાઠ આ પ્રમાણે છે -

"जो उवसमसम्मद्दिट्ठी उवसमसेढीए कालं करेइ, सो पढमसमये चेव सम्मत्तपुंजं उदयावलियाए छोढूणं सम्मत्त पोग्गले वेएइ, तेण न उवसमसम्मद्दिट्ठी अपज्जत्तगो लब्भइ त्ति" અર્થ :- જે ઉપશમસમ્યગ્દષ્ટિ જીવ ઉપશમશ્રેણિમાં કાલ કરે છે. તે જીવ પહેલા સમયે જ સમ્યક્ત્વ-મોહનીયના પુંજને ઉદયાવલિકામાં નાખીને સમ્યક્ત્વ મોહનીયનાં પુદ્ગલનોને ઉદયથી ભોગવે છે. તે કારણથી ઉપસમસમ્યગ્દષ્ટિકરણ અપર્યાપ્તો સંભવતો નથી. માટે ૨૫-૨૭ ના ઉદયે ક્ષાયિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વી જ હોય છે પણ ત્રિવિધ સમ્યક્ત્વી જીવ હોતા નથી.

ઉપરોક્ત બન્ને પાઠોમાં તફાવત હોવાથી આ બાબતમાં સાચું તત્ત્વ કેવલી પરમાત્મા જાણે. આ પ્રમાણે પચીસના ઉદયની વાત કહી.

હવે (૨૬) છવ્વીસનો ઉદય ક્ષાયિક સમ્યગ્દષ્ટિ અને ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ એવા પંચેન્દ્રિય તિર્યંચોને તથા મનુષ્યોને હોય છે. ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવો તિર્યંચ મનુષ્યમાં ઉત્પન્ન થતા નથી. એટલે ચોથે ગુણઠાણે ૨૬ ના ઉદયે ત્રિવિધ સમ્યગ્દષ્ટિ જીવો લીધા નથી. ક્ષાયોપશમસમ્યગ્દષ્ટિ પણ તિર્યંચો મોહનીય કર્મની (૨૨) ની બાવીસની સત્તાવાળા ક્ષાયિક પામતા મૃત્યુ પામીને તિર્યંચમાં ઉત્પન્ન થયા હોય તેવા જીવો લેવા મુખ્યત્વે તો ક્ષાયિક સમ્યક્ત્વી જીવો જ હોય છે.

(૨૮-૨૯) અઠ્યાવીસ અને ઓગણત્રીસનો ઉદય નારકી, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય તથા દેવોને આશ્રયી હોય છે તથા (૩૦) ત્રીસનો ઉદય પંચેન્દ્રિય તિર્યંચ મનુષ્ય અને દેવને હોય છે. તથા (૩૧) એકત્રીસનો ઉદય ફક્ત પંચેન્દ્રિય તિર્યંચોને જ હોય છે ઉપર કહેલા સર્વે પણ ઉદયસ્થાનોમાં પોતપોતાના ઉદય ભાંગા જાણવા.

સત્તાસ્થાનક (૯૩-૯૨-૮૯-૮૮) ત્રાણું, બાણું, નેવ્યાસી અને અઠ્યાસી એમ ચાર હોય છે ત્યાં જે અપ્રમત્ત મુનિ હોય અથવા અપૂર્વકરણ ગુણસ્થાનકવર્તી જીવ હોય તે બન્ને ગુણસ્થાનકવર્તી જીવો તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિક સહિત નામકર્મની (૩૧) એકત્રીસ પ્રકૃતિઓ બાંધીને પછીથી અવિરતસમ્યગ્દષ્ટિ થયા છે. અથવા મૃત્યુ પામીને દેવગતિ પામ્યા છે તેવા જીવને (૯૩) ત્રાણુંની સત્તા જાણવી.

તથા જે આત્માએ અપ્રમત્તે અને અપૂર્વકરણે માત્ર આહારક ચતુષ્ક બાંધ્યું છે પરંતુ તીર્થંકર નામકર્મ બાંધ્યું નથી. તેવા જીવને પરિણામની ધારા પરિવર્તન પામવાથી મિથ્યાત્વે જઈને ચારે ગતિમાંથી કોઈપણ ગતિમાં ઉત્પન્ન થયો હોય ત્યાં જઈને ફરીથી સમ્યક્ત્વ પામેલા જીવને અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે (૯૨) બાણુંની સત્તા હોય છે.

તથા (૮૯) નેવ્યાસીની સત્તા દેવ-નારકી અને મનુષ્યના જીવો જે અવિરત સમ્યગ્દષ્ટિ હોય તેવાને હોય છે. આ ત્રણે ગતિ વાળા જીવો તીર્થંકર નામકર્મ બાંધે છે. પરંતુ તિર્યંચગતિવાળા જીવો તીર્થંકર નામકર્મ બાંધતા પણ નથી અને તીર્થંકર નામકર્મની સત્તાવાળા જીવો ત્યાં ઉત્પન્ન પણ થતા નથી. તેથી ૮૯ની સત્તાવાળામાં તિર્યંચના જીવોનું અગ્રહણ કર્યું છે અર્થાત્ ગ્રહણ કર્યું નથી.

(૮૮) અઠ્યાસીની સત્તા તો ચારે ગતિવાળા અવિરત સમ્યગ્ દષ્ટિ જીવોને હોય છે. હવે ચોથા ગુણઠાણે સંવેધ સમજાવાય છે.

દેવપ્રાયોગ્ય (૨૮) અઠ્યાવીસનો બંધ કરનારા અવિરત સમ્યગ્ દષ્ટિ જીવોને ૨૧ થી ૩૧ સુધીનાં (૨૪ વિના) બાકીનાં આઠે પણ ઉદય સ્થાનકો હોય છે અને તે સમ્યગ્દષ્ટિ તિર્યંચ તથા મનુષ્યોને આશ્રયી જાણવા. ત્યાં પણ (૨૫-૨૭) પચ્ચીસ અને સત્યાવીસનો ઉદય વૈક્રિયતિર્યંચ તથા વૈક્રિયમનુષ્યને આશ્રયી જાણવો. એકેક ઉદયસ્થાનકમાં (૯૨-૮૮) બાણું અને અઠ્યાસી એમ બે બે સત્તાસ્થાનકો જાણવાં.

(૨૯) ઓગણત્રીસનો બંધ બે પ્રકારનો હોય છે. (૧) દેવ ગતિ પ્રાયોગ્ય, (૨) તથા મનુષ્યગતિ પ્રાયોગ્ય, ત્યાં જે દેવગતિપ્રાયોગ્ય ૨૯નો બંધ છે તે તીર્થંકર નામકર્મ સહિત બંધ છે તેથી મનુષ્યો જ તેને બાંધે છે. તે મનુષ્યોને આ (૨૯) પ્રકૃતિ બાંધતાં સાત ઉદયસ્થાનક હોય છે. તે આ પ્રમાણે (૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦) એકવીસ તથા પચ્ચીસથી ત્રીસ સુધીનાં જ ઉદયસ્થાનકો હોય છે એકત્રીસનું ઉદયસ્થાનક મનુષ્યોને હોતું નથી.

આ દેવપ્રાયોગ્ય તીર્થંકરનામકર્મ સહિત ૨૯ બાંધતા મનુષ્યોને પોતાના સાતે ઉદયસ્થાનકોમાં (૯૩-૮૯) ત્રાણું અને નેવ્યાસી એમ બે બે સત્તાસ્થાનક હોય છે તથા મનુષ્યગતિ પ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓને દેવો અને નારકીના જીવો બાંધે છે ત્યાં નારકીના જીવોને પોતાનાં પાંચ ઉદયસ્થાનો (૨૧-૨૫-૨૭-૨૮-૨૯) એકવીસ પચીસ સત્યાવીસ અઠ્યાવીસ અને ઓગણત્રીસ એમ પાંચ હોય છે તથા આ (૨૯) પ્રકૃતિ બાંધતા

એવા દેવોને પાંચ ઉદયસ્થાનક તો આ જ (૨૧-૨૫-૨૭-૨૮-૨૯) હોય છે તદુપરાન્ત ત્રીસનું છઠ્ઠું એક ઉદયસ્થાનક વધારે હોય છે અને તે ૩૦ નું ઉદયસ્થાનક ઉદ્યોતના ઉદયવાળા દેવોને જાણવું.

ઉપરોક્ત સર્વ ઉદયસ્થાનોમાં (૯૨-૮૮) બાણું અને અઠ્યાસી એમ બે બે સત્તાસ્તાનકો હોય છે.

તથા મનુષ્ય પ્રાયોગ્ય (૩૦) ત્રીસ પ્રકૃતિઓ તીર્થંકરનામકર્મ સહિત બંધાય છે. તેથી તેને બાંધનારા અવિરત સમ્યગ્દષ્ટિ દેવો તથા નારકીના જીવો છે. ત્યાં દેવોને ઉદયસ્થાનક (૨૧-૨૫-૨૭-૨૮-૨૯-૩૦) એમ કુલ છ ઉદયસ્થાનકો છે. તે છએ ઉદયસ્થાનકોમાં ૯૩ અને ૮૯ એમ બે બે સત્તાસ્થાનક હોય છે.

તથા આ જ મનુષ્યપ્રાયોગ્ય તીર્થંકરનામકર્મ સહિત (૩૦) નો બંધ કર્તા એવા નારકીના જીવોને (૨૧-૨૫-૨૭-૨૮-૨૯) એમ કુલ પાંચ ઉદયસ્થાનક હોય છે. ત્યાં પાંચે ઉદયસ્થાનકે ફક્ત એક (૮૯) નેવ્યાસીનું જ સત્તાસ્થાનક હોય છે કારણ કે તીર્થંકર નામકર્મ અને આહારક ચતુષ્ક આ બન્નેની સત્તાવાળા (એટલે કે ૯૩ ની સત્તાવાળા) જીવની નરકમાં ઉત્પત્તિ થવાનો અસંભવ છે. અર્થાત્ ઉભયની સત્તાવાળા નરકમાં જતા નથી.

આ પ્રમાણે ૨૧ થી પ્રારંભીને ૩૦ સુધીના સર્વ ઉદય સ્થાનોમાં સત્તાસ્થાનક (૯૩-૯૨-૮૯-૮૮) એમ ચાર ચાર હોય છે પરંતુ (૩૧ના ઉદયે) એકત્રીસના ઉદયે તિર્યંચો જ માત્ર હોવાથી (૯૨-૮૮) બાણું અને અઠ્યાસી એમ બે જ સત્તાસ્થાનક હોય છે.

હવે દેશવિરતિ નામના પાંચમા ગુણસ્થાનકે બંધસ્થાનક ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક સમજાવાય છે દેશવિરતિ ગુણસ્થાનક મનુષ્ય અને તિર્યંચોને હોય છે તેઓ નિયમા દેવપ્રાયોગ્ય જ બંધ કરે છે તેથી નિયમા દેવપ્રાયોગ્ય (૨૮-૨૯) અઠ્યાવીસ અને ઓગણત્રીસ એમ બે બંધસ્થાનક બંધાય છે ત્યાં દેવપ્રાયોગ્ય (૨૮) અઠ્યાવીસનો બંધ દેશવિરતિધર એવા પંચેન્દ્રિય તિર્યંચોને તથા મનુષ્યોને હોય છે. ત્યાં દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધના (૮) બંધ ભાંગા હોય છે.

તે જ (૨૮) અઠ્યાવીસ પ્રકૃતિઓ તીર્થંકર નામકર્મ સહિત કરીએ તો (૨૯) ઓગણત્રીસનો દેવપ્રાયોગ્ય બંધ જાણવો. પરંતુ તે બંધ તીર્થંકર નામકર્મ સહિત હોવાથી મનુષ્ય જ માત્ર બાંધે છે કારણ કે તિર્યંચોને તીર્થંકર નામકર્મના બંધનો અભાવ છે તે માટે, અહીં પણ સ્થિર અસ્થિર આદિ ત્રણ પ્રકૃતિઓ પ્રતિપક્ષી હોવાથી આઠ બંધભાંગા થાય છે.

છ ઉદયસ્થાનકો હોય છે તે આ પ્રમાણે (૨૫-૨૭-૨૮-૨૯-૩૦ અને ૩૧) પચ્ચીસ, સત્યાવીસ, અઠ્ઠાવીસ, ઓગણત્રીસ, ત્રીસ અને એકત્રીસ. ત્યાં ૨૫ થી ૨૯ સુધીનાં પ્રથમનાં ચાર ઉદયસ્થાનક વૈક્રિય શરીર કરનારા તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્યને હોય છે. અહીં દેશવિરતિ ગુણસ્થાનક હોવાથી ઉદયમાં સૌભાગ્ય આદેય અને યશ જ હોવાથી સર્વ શુભ પ્રકૃતિઓનો ઉદય હોવાથી એક એક જ ઉદયભાંગો થાય છે.

(૩૦) ત્રીસનો ઉદય વૈક્રિયવાળાને તો હોય જ છે પરંતુ અવૈક્રિય એવા સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ તથા સામાન્ય મનુષ્યોને પણ હોય છે. અહીં ભાંગા ૧૪૪-૧૪૪ થાય છે તે છ સંસ્થાન, છ સંઘયણ, સુસ્વર-દુઃસ્વર, પ્રશસ્ત-અપ્રશસ્ત વિહાયોગતિ, ના સંચારણથી (૬X૬X૨X૨=૧૪૪) થાય છે. બાકીની બધી પ્રકૃતિઓ શુભ હોય છે તેથી તેના સંબંધી ભાંગા થતા નથી. દેશવિરતિ નામના ગુણના નિમિત્તે દૌર્ભાગ્ય અનાદેય અને અયશનો ઉદય સંભવતો નથી. તેથી તેના વિકલ્પવાળા ઉદયભાંગા થતા નથી.

(૩૧) એકત્રીસનો ઉદય પંચેન્દ્રિય તિર્યંચોને હોય છે ત્યાં તે જ (૧૪૪) એકસોહ ચુમ્માલીસ ઉદયભાંગા થાય છે. સત્તાસ્થાનક ચાર હોય છે. (૯૩-૯૨-૮૯-૮૮) ત્રાણું, બાણું, નેવ્યાસી અને અઠ્યાસી. ત્યાં જે આત્મા અપ્રમત્ત ગુણઠાણે તથા અપૂર્વકરણ ગુણઠાણે વર્તે છે અને તીર્થંકર નામકર્મ તથા આહારક ચતુષ્કનો બંધ કરીને પરિણામના પતનથી દેશવિરતિધર થયા છે તેને ૯૩ ની સત્તા જાણવી. બાકીનાં સત્તાસ્થાનકની ભાવના અવિરત સમ્યગ્દષ્ટિ ગુણ સ્થાનકની જેમ જ જાણવી.

હવે સંવેધ કહેવાય છે ત્યાં દેવપ્રાયોગ્ય (૨૮) અઠ્યાવીસના બંધક એવા મનુષ્યને પાંચ ઉદયસ્થાનક હોય છે. (૨૫-૨૭-૨૮-૨૯-૩૦) પચ્ચીસ-સત્યાવીસ-અઠ્યાવીસ-ઓગણત્રીસ અને ત્રીસ. આ પાંચે ઉદયસ્થાનકોમાં (૯૨-૮૮) બાણું અને અઠ્યાસી એમ બે બે સત્તાસ્થાનકો હોય છે એજ પ્રમાણે દેવપ્રાયોગ્ય (૨૮) અઠ્યાવીસનો બંધ કરતા દેશવિરતિધર પંચેન્દ્રિય તિર્યંચોને પણ (૯૨-૮૮) બાણું અને અઠ્યાસી એમ બે-બે સત્તાસ્થાનક હોય છે પરંતુ તે તિર્યંચોને (૩૧) એકત્રીસનો એક ઉદય વધારે હોય છે અને ત્યાં પણ આ જ બે સત્તાસ્થાનક હોય છે. કારણ કે તે ઉદયસ્થાનક ફક્ત પંચેન્દ્રિયતિર્યંચોને જ હોય છે.

તીર્થંકરનામકર્મ સાથે દેવપ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસનો બંધ માત્ર દેશવિરતિધર મનુષ્યને જ હોય છે તે મનુષ્યને ઉદયસ્થાનક હમણાં કહેલાં તે જ પાંચ હોય છે તેમાં દરેકમાં બે બે સત્તાસ્થાનકો હોય છે. (૯૩-૮૯) ત્રાણું અને નેવ્યાસી, તેથી આ પ્રમાણે દેશવિરતિ નામના પાંચમા ગુણઠાણે (૨૫ થી ૩૦) પચ્ચીસથી ત્રીસ સુધીનાં પાંચે ઉદયસ્થાનકોમાં કુલ

(૯૩-૯૨-૮૯-૮૮) એમ ચાર ચાર સત્તાસ્થાનકો હોય છે અને એકત્રીસના એક ઉદયસ્થાનકે ૨૮ નો બંધ કરે ત્યારે (૯૨-૮૮) એમ બે જ સત્તાસ્થાનક હોય છે.

હવે પ્રમત્તસંયત નામના છઠ્ઠા ગુણઠાણે બંધસ્થાનક આદિ કહેવાય છે. ત્યાં પ્રમત્ત સંયત જીવને બે બંધસ્થાનક દેવપ્રાયોગ્ય (૨૮-૨૯) અઠ્યાવીસ અને ઓગણત્રીસ એમ બે છે. અને તે બન્ને બન્ધસ્થાનક દેશવિરતિ ગુણઠાણાવાળા તિર્યંચ અને મનુષ્યોની જેમ પ્રમત્ત ગુણઠાણે વર્તતા મનુષ્ય માત્ર જ બાંધે છે એમ જાણવું.

ઉદયસ્થાનક માત્ર પાંચ જ હોય છે (૨૫-૨૭-૨૮-૨૯-૩૦) પચ્ચીસ-સત્યાવીસ-અઠ્યાવીસ-ઓગણત્રીસ, અને ત્રીસ. આ પાંચ ઉદય સ્થાનક જાણવાં આ સર્વ ઉદયસ્થાનકો આહારક શરીરની રચના કરનારા અને વૈક્રિય શરીરની રચના કરનારા મુનિ મહાત્માઓને આ ઉદયસ્થાનકો જાણવાં. છેલ્લું ત્રીસનું જે ઉદયસ્થાનક છે તે સ્વભાવસ્થ એવા સાધુસંતોને પણ હોય છે.

ત્યાં વૈક્રિય શરીરની રચનાવાળા તથા આહારક શરીરની રચનાવાળા સાધુસંતોને ૨૫-૨૭ ના ઉદયમાં દરેકને સર્વ શુભ પ્રકૃતિઓના ઉદયવાળો એક એક ભાંગો જ હોય છે. અઠ્યાવીસ અને ઓગણત્રીસના ઉદયમાં ઉદ્યોતનો ઉદય વિકલ્પે હોવાથી તેનો એક-એક ભાંગો થવાથી કુલ બે બે ઉદય ભાંગા હોય છે અને ત્રીસના ઉદયમાં સર્વ શુભ પ્રકૃતિવાળો ઉદ્યોત સાથેનો એક એક ઉદયભાંગો હોય છે. સર્વ મળીને સાત વૈક્રિય મનુષ્યના અને સાત આહારક મનુષ્યના એમ કુલ ૧૪ ઉદયભાંગા હોય છે.

(૩૦) ત્રીસનો ઉદય સ્વભાવસ્થ એવા સામાન્ય મુનિને પણ હોય છે. ત્યાં (૧૪૪) ઉદયભાંગા પૂર્વે કહ્યા તેમ (સંઘયણ - સંસ્થાન - વિહાયોગતિ અને સુસ્વર - દુસ્વરના પ્રતિપક્ષે) હોય છે. ત્યાં ભાંગા દેશવિરતિની જેમ જ જાણવા. સર્વ મળીને ઉદયભાંગા (૭+૭+૧૪૪=૧૫૮) એકસોહ અઠ્ઠાવન જાણવા.

સત્તાસ્થાનક કુલ ચાર હોય છે. (૯૩-૯૨-૮૯-૮૮) ત્રાણું બાંણું, નેવ્યાસી અને અઠ્યાસી હવે સંવેધ કહેવાય છે.

ત્યાં દેવપ્રાયોગ્ય (૨૮) અઠ્યાવીસના બંધે પાંચે પણ ઉદય સ્થાનકોમાં દરેકમાં (૯૨-૮૮) બાણું અને અઠ્યાસી એમ બે બે સત્તા સ્થાનક હોય છે ત્યાં આહારક મુનિને કેવળ એકલું ૯૨ નું જ સત્તાસ્થાનક હોય છે કારણ કે આહારક શરીરની વિકુર્વણા તે જ કરે છે જેને આહારકની સત્તા હોય છે.

વૈક્રિયશરીરવાળા મુનિને બન્ને પણ (૯૨-૮૮) સત્તાસ્થાનક હોય છે. કારણ કે તીર્થંકર નામકર્મની સત્તાવાળાને દેવપ્રાયોગ્ય (૨૮) અઠ્યાવીસનો બંધ થતો નથી. તેથી (૯૩-૮૯) ત્રાણું અને નેવ્યાસીની સત્તા ત્યાં ૨૮ ના બંધે સંભવતી નથી.

દેવપ્રાયોગ્ય તીર્થંકરનામકર્મની સાથે (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓ બાંધતા એવા માત્ર મનુષ્યો જ હોય છે અને તેઓને પોતાના (૨૫-૨૭-૨૮-૨૯-૩૦) એમ પાંચ ઉદયસ્થાનક હોય છે. તે પાંચે ઉદય સ્થાનકોમાં (૯૩-૮૯) ત્રાણું અને નેવ્યાસી એમ બે બે સત્તાસ્થાનકો હોય છે. ત્યાં આહારક શરીરી મનુષ્યોને તો માત્ર ત્રાણું (૯૩) ની જ સત્તા હોય છે. કારણ કે આ જીવને (૨૯) નો બંધ થતો હોય ત્યારે આહારક શરીરની રચના કરેલી છે તે માટે આહારકની અને જિનનામની એમ બન્નેની સત્તા અવશ્ય આવા આહારકશરીરી સાધુને સત્તામાં હોય છે. પરંતુ વૈક્રિય શરીરની રચના કરનારા મુનિને (૯૩-૮૯) ત્રાણું અને નેવ્યાસી એમ બન્ને સત્તાસ્થાનો હોય છે.

તે આ પ્રમાણે પ્રમત્ત સંયત મુનિને પોતાના સર્વ ઉદયસ્થાનોમાં દરેકમાં ચાર ચાર સત્તાસ્થાનકો હોય છે સર્વ મળીને (૫ ઉદયસ્થાનક x ૪ સત્તા સ્થાનક) સર્વ મળીને (૨૦) વીસ સત્તાસ્થાનક ઉદયસ્થાન વાર થાય છે.

હવે અપ્રમત્ત સંયત ગુણસ્થાનકે બન્ધ સ્થાનક ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક સમજાવે છે. આ સાતમા ગુણઠાણે (૨૮-૨૯-૩૦-૩૧) અઠ્યાવીસ, ઓગણત્રીસ, ત્રીસ અને એકત્રીસ એમ કુલ ચાર બંધસ્થાનક હોય છે. ત્યાં (૨૮-૨૯) પ્રથમનાં બે બંધસ્થાનક તો પ્રમત્ત નામના છઠ્ઠા ગુણઠાણાની જેમ જ જાણવાં. તથા તે જ (૨૮) અઠ્યાવીસના બંધમાં આહારકદ્વિકનો બંધ ઉમેરીએ તો (૩૦) ત્રીસનું બંધસ્થાનક થાય છે અને જો તીર્થંકર નામકર્મ તથા આહારકદ્વિક એમ બન્નેનો બંધ સાથે ઉમેરીએ તો (૩૧) એકત્રીસનું બંધસ્થાનક થાય છે આ ચારે પણ બંધસ્થાનકમાં સાતમું ગુણસ્થાનક હોવાથી સર્વ શુભ જ પ્રકૃતિઓ બંધાય છે તેથી બંધ ભાંગો સર્વ ટેકાણે એક એક જ થાય છે કારણ કે અસ્થિર-અશુભ અને અયશઃકીર્તિનો બંધ સંભવતો નથી. તેથી ચારે બંધસ્થાનકના થઈને ચાર બંધભાંગા હોય છે.

ઉદયસ્થાનક ફક્ત બે જ હોય છે (૨૯-૩૦) ઓગણત્રીસ અને ત્રીસ ત્યાં (૨૯) ઓગણત્રીસનો ઉદય તેને પ્રાપ્ત થાય છે કે જેણે પહેલાં સાધુપણું લીધું હોય અને પછી આહારક અથવા વૈક્રિય શરીર બનાવીને પછીથી અપ્રમત્તભાવને પામ્યા હોય. ત્યાં સર્વ શુભપ્રકૃતિના ઉદયવાળા બે ભાંગા પ્રાપ્ત થાય છે ત્યાં એક વૈક્રિય મનુષ્યનો અને બીજો આહારક મનુષ્યનો.

તથા (૩૦) ત્રીસના ઉદયે પણ વૈક્રિય મનુષ્યનો અને આહારકમનુષ્યનો એક એક એમ બે ભાંગા જાણવા. તથા વૈક્રિયાદિ શરીરની રચના ન કરી હોય તેવા સ્વભાવસ્થ ઔદારિક શરીરધારી એવા મુનિમહારાજને અપ્રમત્ત ગુણઠાણે ત્રીસનો ઉદય હોય છે ત્યાં પૂર્વે કહ્યા પ્રમાણે (સંઘયણ-સંસ્થાન-સ્વર અને વિહાયોગતિના સંચારણથી) ૧૪૪ (એકસોહ અને ચુમ્માલીસ) ઉદયભાંગા થાય છે સર્વ મળીને કુલ ઉદયભાંગા (૧૪૮) એકસોહ અડતાલીસ જાણવા.

સત્તાસ્થાનક ચાર હોય છે. (૯૩-૯૨-૮૯-૮૮) ત્રાણું બાણું નેવ્યાસી અને અઠ્યાસી હવે અપ્રમત ગુણસ્થાનકે સંવેધ કહેવાય છે.

દેવપ્રાયોગ્ય (૨૮) અઠ્યાવીસ પ્રકૃતિઓ બાંધતા એવા અપ્રમત્ત મુનિને (૨૯-૩૦) ઓગણત્રીસ અને ત્રીસ એમ બન્ને ઉદયસ્થાને (૮૮) અઠ્યાસીનું એક જ સત્તાસ્થાનક હોય છે તથા (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિના બન્ધક એવા અપ્રમત્ત મુનિને બન્ને ઉદયસ્થાને (૮૯) નેવ્યાસીનું એક જ સત્તાસ્થાનક હોય છે જે આત્માને તીર્થંકર નામકર્મ તથા આહારક ચતુષ્ક સત્તામાં હોય છે તે આત્મા અપ્રમત્ત ગુણઠાણે અવશ્ય તેનો બંધ કરે જ છે. તેથી એક એક જ સત્તાસ્થાનક હોય છે આ જ પ્રમાણે ૩૦ ના બંધે (૯૨) ની અને (૩૧) એકત્રીસના બંધે (૯૩) ની સત્તા બન્ને ઉદયસ્થાનકે હોય છે. તેથી ચારે બંધસ્થાનકે બન્ને ઉદયસ્થાનકે એક એક સત્તાસ્થાનક હોવાથી કુલ ૪x૨=૮ આઠ સત્તાસ્થાનક અપ્રમત્તે હોય છે.

હવે અપૂર્વકરણ ગુણસ્થાનકે નામકર્મનાં બન્ધસ્થાનકાદિ કહેવાય છે. આ ગુણસ્થાનકે કુલ પાંચ બંધસ્થાનકો હોય છે. (૨૮-૨૯-૩૦-૩૧-૧) અઠ્યાવીસ, ઓગણત્રીસ, ત્રીસ, એકત્રીસ અને એક એમ કુલ પાંચ બંધસ્થાનક છે. દરેક બંધસ્થાનકનો એક એક પ્રકાર હોવાથી કુલ પાંચ બંધભાંગા થાય છે. ચાર બંધસ્થાનકો (૨૮-૨૯-૩૦-૩૧) અપ્રમત્ત ગુણસ્થાનકની જેમ જ જાણવાં. તથા એકનું બંધસ્થાનક આઠમા ગુણસ્થાનકના સાતમા ભાગથી થાય છે અને તે યશઃ કીર્તિના બંધરૂપ છે. જ્યારે દેવગતિ પ્રાયોગ્ય બંધનો વિચ્છેદ થાય ત્યારે ૧ નો બંધ શરૂ થાય છે.

ઉદયસ્થાનક ફક્ત એક જ હોય છે અને તે પણ (૩૦) ત્રીસ પ્રકૃતિનું ઉદયસ્થાનક અપૂર્વકરણે હોય છે. આ ગુણસ્થાનકે આવેલા જીવો વૈક્રિય અને આહારક શરીરની રચના કરતા નથી. તેથી અન્ય કોઈ ઉદયસ્થાનક હોતાં નથી. ૩૦ ના ઉદયમાં પ્રથમ સંઘયણ, છ સંસ્થાન, શુભ-અશુભ વિહાયોગતિ, સુસ્વર-દુસ્વર આટલી પ્રતિપક્ષી હોવાથી પરસ્પરના મીલનથી (૧-૬-૨-૨-૨૪) ચોવીસ ઉદયભાંગા હોય છે.

અન્ય આચાર્યો એમ કહે છે કે આઠમા ગુણસ્થાનકથી બે શ્રેણિ શરૂ થાય છે. ત્યાં ક્ષપકશ્રેણિમાં ભલે પ્રથમ જ સંઘયણ હોય પરંતુ બીજી જે ઉપસમશ્રેણિ છે ત્યાં પ્રથમનાં ત્રણ સંઘયણનો ઉદય હોય છે કારણ કે આદ્ય ત્રણ સંઘયણમાંથી કોઈ પણ એક સંઘયણ વડે ઉપશમ શ્રેણિ પ્રારંભી શકાય છે. તેથી તેમના મતે (૩-૬-૨-૨-૭૨) બોંતેર ઉદય ભાંગા હોય છે.

આ જ પ્રમાણે અનિવૃત્તિબાદર સંપરાય અને સૂક્ષ્મસંપરાય નામના નવમા તથા દસમા ગુણસ્થાનકે પણ એકનો બંધ, એક બંધ બાંગો, (૩૦) ત્રીસનો જ ફક્ત ઉદય, પોતાના મતે (૨૪) ચોવીશ ઉદયભાંગા અન્ય આચાર્યોના મતે (૭૨) ઉદયભાંગા પણ સમજી લેવા. સત્તાસ્થાનક (૯૩-૯૨-૮૯-૮૮) ત્રાણું, બાણું, નેવ્યાસી અને અઠ્યાસી એમ ચાર હોય છે.

હવે સંવેધ સમજાવાય છે. અપૂર્વકરણ ગુણસ્થાનકે (૨૮-૨૯-૩૦ અને ૩૧) અઠ્યાવીસ, ઓગણત્રીસ, ત્રીસ અને એકત્રીસ એમ ચારે બંધસ્થાનકે એક એક બંધભાંગો, ત્રીસનું ફક્ત એક જ ઉદયસ્થાનક અને સ્વમતે ૨૪ અને મતાન્તરે ૭૨ ઉદયભાંગા હોય છે ત્યાં ૩૦ ના ઉદયે ૨૮ ના બંધકને ૮૮, ૨૯ ના બંધકને ૮૯, તથા ૩૦ ના બંધકને ૯૨, અને એકત્રીસના બંધકને ત્રાણું એમ એક એક સત્તાસ્થાનક હોય છે.

પરંતુ એકના બંધે ચારે ચાર સત્તાસ્થાનક હોય છે કારણ કે ૨૮-૨૯-૩૦ અને ૩૧ ના બંધવાળા જીવોને આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ પછી ઉપરોક્ત ચારે બંધસ્થાનકોનો વિચ્છેદ થયે છતે માત્ર એક યશઃકીર્તિ નામકર્મ જ બંધાય છે તેથી ૨૮ આદિ ચારે બંધસ્થાનકે જે ૮૮ વિગેરે ચાર સત્તાસ્થાનકો હતાં તે સર્વ સત્તા સ્થાનક એકના બંધે આઠમાના સાતમા ભાગે પ્રાપ્ત થઈ શકે છે.

હવે નવમા અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનકે યશઃકીર્તિ નામકર્મનું એક જ બંધસ્થાનક, એક જ બંધભાંગો હોય છે. ઉદયસ્થાનક પણ ત્રીસ પ્રકૃતિઆત્મક એક જ હોય છે ત્યાં ક્ષપકશ્રેણિમાં પ્રથમ સંઘયણ હોવાથી (૨૪) ચોવીસ અને ઉપશમ શ્રેણિમાં ત્રણ સંઘયણ હોવાથી (૭૨) બોંતેર ઉદયભાંગા હોય છે.

તથા સત્તાસ્થાનક કુલ (૮) આઠ હોય છે. (૯૩-૯૨-૮૯-૮૮-૮૦-૭૯-૭૬-૭૫) ત્રાણું, બાણું, નેવ્યાસી, અઠ્યાસી, એંશી, અગણ્યાએંશી, છોંતેર, પંચોતેર, ત્યાં પ્રથમનાં ચાર સત્તાસ્થાનક ઉપશમ શ્રેણિમાં હોય છે તથા ક્ષપકશ્રેણિમાં જ્યાં સુધી તેર પ્રકૃતિઓનો ક્ષય ન થાય ત્યાં સુધી પ્રથમનાં ચાર સત્તાસ્થાનક હોય છે.

પરંતુ ક્ષપકશ્રેણિમાં તેર પ્રકૃતિઓનો ક્ષય થયે છતે તેના ઉપરનાં (૮૦-૭૯-૭૬-૭૫) એંશી, અગણ્યાએંશી, છોંતેર અને પંચોતેર આ ચાર સત્તાસ્થાનકો હોય છે. આ નવમા ગુણસ્થાનકે બન્ધસ્થાનક તથા ઉદયસ્થાનકમાં ભિન્ન ભિન્ન ન હોવાથી જુદો જુદો સંવેધ હોતો નથી.

દશમા સૂક્ષ્મસંપરાય નામના ગુણસ્થાનકે પણ નવમા અનિવૃત્તિ બાદર સંપરાયની જેમ જ જાણવું. ફક્ત એક યશઃ નામકર્મનું બંધસ્થાનક, એક જ બંધ ભાંગો, ફક્ત ત્રીસ પ્રકૃતિવાળુ મનુષ્યોનું એક જ ઉદયસ્થાનક ઉપસમશ્રેણિમાં ત્રણે સંઘયણનો સંભવ હોવાથી (૭૨) બોંતેર ઉદયભાંગા અને ક્ષપકશ્રેણિમાં માત્ર પ્રથમ જ સંઘયણ હોવાથી (૨૪) ચોવિશ જ ઉદયભાંગા હોય છે. સત્તાસ્થાનક ઉપશમ શ્રેણિમાં પ્રથમનાં ચાર, અને ક્ષપકશ્રેણિમાં પાછલાં ચાર એમ કુલ આઠ સત્તાસ્થાનક હોય છે.

ઉપશાન્તમોહ નામના અગિયારમા ગુણસ્થાનકે બંધનો અભાવ છે ત્યાં નામકર્મનો બંધ જ થતો નથી. ઉદયસ્થાનક ફક્ત એક જ છે અને તે (૩૦) પ્રકૃતિવાળું ત્યાં પ્રથમનાં ત્રણે સંઘયણ હોવાથી (૭૨) બોંતેર ઉદયભાંગા થાય છે અને (૯૩-૯૨-૮૯-૮૮) આ ચાર સત્તાસ્થાનક હોય છે.

બારમા ક્ષીણમોહ ગુણસ્થાનકે પણ બંધનો અભાવ, ઉદયસ્થાનક ફક્ત એક જ અને તે પણ ત્રીસ પ્રકૃતિવાળું, ત્યાં પ્રથમ જ સંઘયણ હોવાથી માત્ર (૨૪) ચોવીશ જ ઉદયભાંગા અને ૮૦-૭૯-૭૬-૭૫ આ ચાર સત્તાસ્થાનક હોય છે. ક્ષપકશ્રેણિ પ્રથમ સંઘયણથી જ પ્રારંભી શકાય છે તે માટે (૨૪) ચોવીશ જ ઉદયભાંગા હોય છે. સત્તાસ્થાનકમાં ૭૯ અને ૭૫ આ બન્ને અતીર્થંકર કેવલી થનારાને હોય છે અને ૮૦ તથા ૭૬ તીર્થંકર કેવલી થનારા જીવને હોય છે.

હવે સયોગી કેવલી ભગવાનને તેરમા ગુણઠાણે નામકર્મની વિધિ સમજાવાય છે. ત્યાં તેરમા ગુણઠાણે બંધસ્થાનક હોતાં નથી. પરંતુ ઉદય સ્થાનક આઠ હોય છે. (૨૦-૨૧-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧) વીસ, એકવીસ, છવ્વીસ, સત્યાવીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ, ત્રીસ અને એકત્રીસ એમ કુલ આઠ ઉદયસ્થાનક જાણવાં.

આ આઠે ઉદયસ્થાનકો જ્યારે સામાન્યપણે ઉદયસ્થાનકો સમજાવ્યાં છે. ત્યાં જ વિસ્તારથી સમજાવ્યાં છે એટલે ફરીથી તેનો વિસ્તાર કરાતો નથી. સત્તાસ્થાનક કેવલી પરમાત્માને તેરમા ગુણઠાણે ચાર હોય છે. (૮૦-૭૯-૭૬-૭૫) એંશી, અગણ્યાએંશી,

છોંતેર અને પંચોતેર હવે સંવેધ કહેવાય છે. તે પૂર્વે સામાન્ય સંવેધ સમજાવ્યો. તે પ્રમાણે અહીં સમજી લેવો. એટલે અહીં ફરી લખાતો નથી.

અયોગિકેવલી નામના ચૌદમા ગુણઠાણે બે ઉદયસ્થાનક હોય છે. (૯-૮) નવનું અને આઠનું, ત્યાં નવનું ઉદયસ્થાનક તીર્થંકર કેવલી પરમાત્માને હોય છે અને આઠનું ઉદયસ્થાનક સામાન્ય કેવલી પરમાત્માને હોય છે.

સત્તાસ્થાનક છ હોય છે. (૮૦-૭૯-૭૬-૭૫-૯-૮) એંશી અગણ્યાએંશી, છોત્તેર, પંચોતેર, નવ અને આઠ, ત્યાં આઠનો ઉદય સામાન્ય કેવલી પરમાત્માને હોવાથી ત્યાં (૭૯-૭૫-૮) અગણ્યાએંશી, પંચોતેર અને આઠ એમ ત્રણ સત્તાસ્થાનક હોય છે. ત્યાં (૭૯-૭૫) આ બે સત્તાસ્થાનક ચૌદમા ગુણસ્થાનકના પ્રથમ સમયથી દ્વિચરમ સમય સુધી હોય છે. ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે આઠની સત્તા હોય છે.

તીર્થંકર કેવલી પરમાત્માને નવના ઉદયે (૮૦-૭૬ અને ૯) એંશી, છોંતેર અને નવ એમ ત્રણ સત્તાસ્થાનક હોય છે. ત્યાં પ્રથમનાં બે (૮૦-૭૬) એંશી અને છોંતેર ચૌદમા ગુણસ્થાનકના પ્રથમ સમયથી ઉપાન્ત્ય સમય સુધી હોય છે અને ચૌદમાના ચરમ સમયે નવની (૯ ની) સત્તા હોય છે.

આ પ્રમાણે ચૌદે ગુણસ્થાનકોમાં સવિસ્તરપણે બંધ ઉદય અને સત્તાનાં સ્થાનો જણાવ્યાં.

**આ પ્રમાણે ગુણસ્થાનકો ઉપરનો સંવેધ સમાપ્ત થયો.**



હવે ચાર ગતિ ઉપર આ સંવેધ સમજાવાય છે. ત્યાં પ્રથમ નરકગતિ ઉપર સંવેધ સમજાવાય છે.

(૧) નરકગતિ - નરકગતિના જીવોને બે બન્ધસ્થાનક હોય છે. (૨૯-૩૦) ઓગણત્રીસ અને ત્રીસ ત્યાં ઓગણત્રીસનું જે બંધસ્થાનક છે. તે પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય તથા મનુષ્યપ્રાયોગ્ય એમ બે પ્રકારે હોય છે અને ત્રીસ પ્રકૃતિવાળું જે બંધસ્થાનક છે તે તિર્યંચપ્રાયોગ્ય ઉદ્યોતની સાથે જાણવું. અને મનુષ્યપ્રાયોગ્ય તીર્થંકર નામકર્મ સાથે જાણવું.

બંધભાંગા પૂર્વે કહ્યા તે પ્રમાણે સમજવા. ૨૯ના બંધે પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય બંધના ૪૬૦૮, તથા મનુષ્ય પ્રાયોગ્યબંધના પણ ૪૬૦૮ એમ ઓગણત્રીસના બંધે કુલ ૯૨૧૬, તથા ૩૦ બંધે પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય બંધના ૪૬૦૮ પરંતુ મનુષ્ય પ્રાયોગ્ય ત્રીસના બંધના માત્ર આઠ (૮) એમ કુલ સર્વ મળીને (૯૨૧૬-૪૬૧૬-૧૩૮૩૨) તેર હજાર આઠસોહ અને બત્રીસ બંધભાંગા હોય છે.

ઉદયસ્થાનક પાંચ હોય છે. (૨૧-૨૫-૨૭-૨૮-૨૯) એકવીસ, પચીસ, સત્યાવીસ, અઠ્ઠાવીસ અને ઓગણત્રીસ આ પાંચે ઉદયસ્થાનકે એક એક ઉદયભાંગો જાણવો. જેથી કુલ પાંચ ઉદયભાંગા હોય છે. સત્તાસ્થાનક (૯૨-૮૯-૮૮) બાણું, નેવ્યાસી અને અઠ્યાસી એમ ત્રણ હોય છે. ઉભયની સત્તાવાળો જીવ નરકમાં જતો નથી. તેથી ૯૩ ની સત્તા સંભવતી નથી.

જે આત્માએ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને જિનનામ કર્મ બાંધ્યું છે અને પતન પામીને મિથ્યાત્વે ગયો છે તથા નરકાભિમુખ થયો છે. તેવા જીવને નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધે ૮૯ની સત્તા હોઈ શકે છે.

હવે સંવેધ કહેવાય છે. પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિ બાંધતા નારકીના જીવોને (૨૧-૨૫-૨૭-૨૮-૨૯ એમ) પાંચ ઉદયસ્થાનક તથા પાંચે ઉદયસ્થાનકે (૯૨-૮૮) એમ બે બે સત્તાસ્થાનક હોય છે. તથા તીર્થંકર નામકર્મની સત્તાવાળા જીવને તિર્યંચ ગતિ પ્રાયોગ્ય બંધ થતો નથી. તેથી ૮૯ ની સત્તા ત્યાં તિર્યંચ પ્રાયોગ્યબંધે સંભવતી નથી.

પરંતુ મનુષ્યપ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓ બાંધતા નારકીના જીવોને પોતાના પાંચે ઉદયસ્થાનકોમાં પાંચે ભાંગે પણ (૯૨-૮૯-૮૮) બાણું - નેવ્યાસી અને *અઠ્યાસી એમ ત્રણ ત્રણ સત્તાસ્થાનક હોય છે. જિનનામકર્મની સત્તાવાળા નરકમાં ઉત્પન્ન* થયેલા હોય તે જીવો જ્યાં સુધી મિથ્યાદષ્ટિ રહે છે ત્યાં સુધી મનુષ્ય પ્રાયોગ્ય (૨૯)

ઓગણત્રીસ પ્રકૃતિઓ બાંધે છે પરંતુ સમ્યક્ત્વને તે જીવ જ્યારે પામે છે ત્યારે (૩૦) ત્રીસ પ્રકૃતિ બાંધે છે. કારણ કે સમ્યક્ત્વ આવવાથી જિનનામકર્મનો પણ બંધ ચાલુ થાય છે.

પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ઉદ્યોત સાથે (૩૦) ત્રીસ પ્રકૃતિઓ બાંધતા નારકીના જીવોને પોતાના પાંચે ઉદયસ્થાનકોમાં પાંચે ભાંગામાં (૯૨-૮૮) બાણું અને અઠ્યાસી એમ બે જ સત્તા સ્થાનક હોય છે. (૮૯) નેવ્યાસીની સત્તા ન હોવાનું કારણ આ તિર્યંચ પ્રાયોગ્ય બંધ છે આ જ કારણ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું.

જિનનામકર્મ સાથે મનુષ્ય પ્રાયોગ્ય (૩૦) ત્રીસ કર્મપ્રકૃતિઓને બાંધતા નારકીના જીવોને પોતાના પાંચે ઉદયસ્થાનકોના પાંચે ભાંગામાં ફક્ત એક (૮૯) નેવ્યાસીની જ સત્તા હોય છે. સર્વ મળીને બન્ને બંધસ્થાનકોમાં (૧૫+૧૫=૩૦) ત્રીસ સત્તાસ્થાનકો થાય છે.

(૨) હવે તિર્યંચગતિમાં બન્ધસ્થાનક ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક સમજાવાય છેઃ- ત્યાં તિર્યંચગતિમાં (૨૩-૨૫-૨૬-૨૮-૨૯-૩૦) એમ કુલ છ બંધસ્થાનક હોય છે. આ છએ બંધસ્થાનકો પોતપોતાના ભેદ પ્રભેદ સહિત સમજી લેવાં. તેમાં જિનનામકર્મ અને આહારકદ્વિકના બંધ સાથેના (૨૯ અને ૩૦ના) બંધ ન કહેવા, કારણ કે તિર્યંચોને તેના બંધનો અભાવ છે. તેથી એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધના ૪૦, વિકલેન્દ્રિય પ્રાયોગ્ય બંધના ૫૧, પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય બંધના ૯૨૧૭, મનુષ્ય પ્રાયોગ્ય બંધના ૪૬૧૭ એમ કુલ ૧૩૯૨૫ તેર હજાર નવસોહ પચીસ બંધ ભાંગા હોય છે.

ઉદયસ્થાનક નવ (૯) હોય છે. (૨૧ તથા ૨૪-થી ૩૧ સુધીનાં) એકવીસ, ચોવીસ, પચ્ચીસ, છવ્વીસ, સત્યાવીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ, ત્રીસ અને એકત્રીસ આ સર્વ ઉદયસ્થાનક એકેન્દ્રિય વિકલેન્દ્રિય પંચેન્દ્રિય તિર્યંચ તથા વૈક્રિય તિર્યંચને આશ્રયી જાણવાં. ઉદયભાંગા એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના ૪૯૦૬, અને વૈક્રિય તિર્યંચના ૫૬ સર્વ મળીને ૫૦૭૦ ઉદયભાંગા હોય છે.

સત્તાસ્થાનક તિર્યંચગતિના જીવોને સામાન્યથી (૯૨-૮૮-૮૬-૮૦-૭૮) બાણું, અઠ્યસી, છ્યાંસી, એંશી અને અઠ્યોતેર એમ કુલ પાંચ હોય છે. તીર્થંકર નામકર્મની સત્તાવાળાં તથા ક્ષપકશ્રેમિાં જ સંભવતાં સત્તાસ્થાનો આ તિર્યંચગતિના જીવોને સંભવતાં નથી. કારણ કે તિર્યંચ ગતિના જીવોમાં તીર્થંકરનામકર્મની સત્તા તથા ક્ષપકશ્રેણિનો અભાવ જ હોય છે. હવે સંવેધ કહેવાય છે.

(૨૩) ત્રેવીસના બંધક એવા તિર્યંચગતિના જીવોને ૨૧ થી ૩૧) એકવીસથી

એકત્રીસ સુધીનાં કુલ નવ ઉદયસ્થાનક હોય છે તે હમણાં જ સમજાવ્યાં છે. ત્યાં (૨૧-૨૪-૨૫-૨૬) એકવીસ, ચોવીસ, પચ્ચીસ અને છવ્વીસ એમ પ્રથમનાં ચાર ઉદયસ્થાનકમાં (૨૩ના બંધની જેમ જ) પાંચ પાંચ સત્તા સ્થાનક (૯૨-૮૮-૮૬-૮૦-૭૮) હોય છે. આ ચારે ઉદયસ્થાનકોમાં જે ૭૮ ની સત્તા કહી છે તે તેઉકાય અને વાઉકાયના જીવોને તથા ત્યાંથી નીકળીને એકેન્દ્રિય-વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચના ભવમાં આવેલા જીવને શરીર પર્યાપ્તિ સુધી અર્થાત્ બે ઉદયસ્થાનક સુધી ૭૮ ની સત્તા સંભવી શકે છે.

તથા (૨૭-૨૮-૨૯-૩૦ અને ૩૧) સત્યાવીસ આદિ પાંચ ઉદયસ્થાનકોમાં (૭૮ ને વર્જીને) શેષ ચાર ચાર સત્તાસ્થાનક હોય છે. કારણ કે સત્યાવીસ આદિ શેષ પાંચ ઉદયસ્થાનકોમાં વર્તતા જીવોને નિયમા મનુષ્યદ્વિકની સત્તા હોવાથી ૭૮ ની સત્તા પ્રાપ્ત થતી નથી. આ પ્રમાણે ૪x૫=૨૦, તથા ૫x૪=૨૦ એમ બન્ને મળીને ૪૦ સત્તાસ્થાનક ૨૩ ના બંધે હોય છે.

આ જ પ્રમાણે (૨૫-૨૬-૨૯ અને ૩૦) પચ્ચીસ, છવ્વીસ, ઓગણત્રીસ તથા ત્રીસ એમ ચારે બંધસ્થાનકોમાં ૨૩ ના બંધની જેમ જ સંવેધ કહેવો. પરંતુ મનુષ્યગતિ પ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓ બાંધતા તિર્યંચોને સર્વ ઉદયસ્થાનકોમાં (૭૮) અઠ્યોતેર વિના ચાર ચાર જ સત્તા સ્થાનક કહેવાં. કારણ કે મનુષ્ય પ્રાયોગ્ય બંધે મનુષ્યદ્વિકની સત્તા અવશ્ય હોય જ છે.

હવે આ તિર્યંચગતિમાં અઠ્યાવીસના બંધે આઠ ઉદયસ્થાનક છે તે આ પ્રમાણે :- (૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧) એકવીસ તથા પચીસથી એકત્રીસ સુધીનાં એમ કુલ આઠ ઉદયસ્થાનક હોય છે ત્યાં (૨૧-૨૬-૨૮-૨૯-૩૦) એકવીસ, છવ્વીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ અને ત્રીસ આ પાંચ ઉદયસ્થાનકો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ તથા મોહનીયની બાવીસની સત્તાવાળા એવા ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવોને કે જે જીવોએ સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં પૂર્વે આયુષ્યનો બંધ કરેલો છે તેવા જીવોને તિર્યંચ ગતિમાં આ પાંચ ઉદયસ્થાનકો હોય છે. ઉપરોક્ત પાંચે ઉદયસ્થાનકે (૯૨-૮૮) બાણું અને અઠ્યાસી એમ બે બે સત્તાસ્થાનકો હોય છે.

પચ્ચીસ તથા સત્યાવીસનો ઉદય વૈક્રિય પંચેન્દ્રિય તિર્યંચોને આશ્રયી જાણવો. ત્યાં પણ (૯૨-૮૮) બાણું અને અઠ્યાસી એમ બે બે સત્તાસ્થાનક જાણવાં. (૩૦-૩૧) ત્રીસ તથા એકત્રીસનો ઉદય સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા એવા સમ્યગ્દષ્ટિ અથવા મિથ્યાદષ્ટિ પંચેન્દ્રિય તિર્યંચોને આશ્રયી જાણવા. ત્યાં સમ્યગ્દષ્ટિ તિર્યંચોને (૯૨.૮૮) બાણું અને અઠ્યાસી એમ

બે, તથા મિથ્યાદૃષ્ટિ તિર્યંચોને (૯૨-૮૮-૮૬) બાણું, અઠ્યાસી તથા છ્યાંસી એમ ત્રણ ત્રણ સત્તાસ્થાનક હોય છે. આ ૮૬ની સત્તા મિથ્યાદૃષ્ટિ જીવોને જ જાણવી. કારણ કે સમ્યગ્દૃષ્ટિ આત્માઓને અવશ્ય દેવદ્વિકાદિના બંધનો સંભવ હોવાથી (૮૬) છ્યાંસીની સત્તા હોતી નથી.

આ પ્રમાણે સર્વ બન્ધસ્થાનકોમાં સંભવતાં ઉદય સ્થાનકોમાં મળીને (૨૩ ના બંધે, ૨૫ ના બંધે, ૨૬ ના બંધે તથા ૨૯ ના બંધે અને ૩૦ ના બંધે એમ) પાંચ બંધસ્થાનકોમાં (૪૦-૪૦) ચાલીસ - ચાલીસ, અને ૨૮ ના બંધે (૧૮) અઢાર એમ મળીને કુલ (૨૧૮) બસોહ અને અઢાર સત્તાસ્થાનક તિર્યંચગતિના જીવોને આશ્રયી જાણવાં.

(૩) હવે મનુષ્યગતિના જીવોમાં બંધસ્થાનકાદિ સમજાવાય છે મનુષ્ય ગતિમાં નામકર્મનાં આઠ બંધસ્થાનક હોય છે. (૨૩-૨૫-૨૬-૨૮-૨૯-૩૦-૩૧-૧) અર્થાત્ ત્રેવીસ, પચ્ચીસ, છવ્વીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ, ત્રીસ, એકત્રીસ અને એકનું બંધસ્થાનક હોય છે. આ સર્વે પણ બંધસ્થાનક પૂર્વે કહ્યા પ્રમાણે ભેદ પ્રભેદ સહિત સમજી લેવાં એમ કુલ ૮ બંધસ્થાનક મનુષ્યગતિમાં હોય છે.

૩૦ના બંધના મનુષ્યપ્રાયોગ્ય (૮) આઠ બંધભાંગા વિના બાકીના સર્વ બંધભાંગા હોય છે અને મનુષ્યપ્રાયગ્ય તીર્થંકર નામકર્મવાળા ૩૦ના બંધના જે (૮) આઠ બંધભાંગા છે તે સમ્યગ્દૃષ્ટિ દેવ નારકી જ બાંધે છે મનુષ્યો બાંધતા નથી. તે માટે તેનું વર્જન કરેલું છે. મનુષ્યોને ચારે ગતિ પ્રાયોગ્ય બંધ થાય છે. તેથી બાકીના ૧૩૯૪૫ બાદ ૮ બરાબર ૧૩૯૩૭ બંધ ભાંગા હોય છે.

ઉદયસ્થાનક (૨૪) ચોવીશના ઉદયસ્થાનક વિના બાકીનાં બધાં જ ઉદયસ્થાનક હોય છે. તેથી (૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧-૨૦-૯-૮) એકવીસ, પચ્ચીસ, છવ્વીસ, સત્યાવીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ, ત્રીસ, એકત્રીસ, વીસ, નવ અને આઠ એમ કુલ અગિયાર ઉદયસ્થાનક હોય છે.

આ સર્વ ઉદયસ્થાનકો સામાન્ય મનુષ્ય, વૈક્રિય મનુષ્ય, આહારક મનુષ્ય, તીર્થંકર-અતીર્થંકર મનુષ્ય સયોગી અયોગી કેવલી મનુષ્યોને આશ્રયી પૂર્વે કહ્યા પ્રમાણે સમજી લેવાં ઉદયભાંગા સામાન્ય મનુષ્યના ૨૬૦૨, વૈક્રિય મનુષ્યના ૩૫, આહારક મનુષ્યના સાત, તથા કેવલી મનુષ્યના આઠ એમ સર્વ મળીને (૨૬૫૨) છવ્વીસસો અને બાવન ઉદય ભાંગા હોય છે.

સત્તાસ્થાનક (૭૮) વિના શેષ (૧૧) અગિયાર હોય છે. ત્રાણું, બાણું, નેવ્યાસી, અઠ્યાસી, છ્યાંસી, એંશી, અગણ્યાએંશી, છોંતેર, પંચોતેર, નવ અને આઠ એમ કુલ અગિયાર સત્તાસ્થાનક હોય છે.

હવે સંવેધ કહેવાય છે. ત્યાં એકેદ્રિય પ્રાયોગ્ય (૨૩) ત્રેવીસનો બંધ કરનારા મનુષ્યોને સાત ઉદયસ્થાનક હોય છે. (૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦) એકવીસ, પચ્ચીસ, છવ્વીસ, સત્યાવીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ, અને ત્રીસ.બાકીનાં ૨૪-૨૦-૯-૮ અને ૩૧ આ પાંચ ઉદયસ્થાનકો ૨૩ ના બંધે મનુષ્યોને સંભવતાં નથી. (૨૪ નું ઉદયસ્થાનક તો મનુષ્યોને હોતું જ નથી. શેષ ત્રણ કેવલી મનુષ્યોને હોય છે. પરંતુ તેઓ એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩ નો બંધ કરતા નથી. માટે ૨૩ ના બંધે સંભવતાં નથી. તથા ૩૧ નું ઉદયસ્થાનક તિર્યંચોને જ હોય છે. મનુષ્યોને સંભવતું નથી. જો કે કેવલી મનુષ્યોને ૩૧ નું ઉદયસ્થાનક હોય છે પરંતુ ત્યાં (૨૩) ત્રેવીસનો બંધ સંભવતો જ નથી. માટે ૨૩ ના બંધે કુલ સાત જ ઉદયસ્થાનક હોય છે.

તથા (૨૩) ત્રેવીસના બંધે સાતે ઉદયસ્થાનકે મળીને કુલ ઉદયભાંગા સામાન્ય મનુષ્યના ૨૬૦૨, અને વૈક્રિય મનુષ્યના ૩૫ માંથી ઉદ્યોતના ઉદયવાળા ત્રણ ભાંગા વિના શેષ (૩૨) બત્રીસ એમ બન્ને મળીને (૨૬૦૨+૩૨=૨૬૩૪) છવ્વીસસો અને ચોત્રીસ ઉદયભાંગા હોય છે. ત્યાં પચીસ અને સત્યાવીસ એમ બે ઉદયસ્થાનકો વૈક્રિય મનુષ્યોને આશ્રયી જાણવા. શેષ ઉદયસ્થાનક સામાન્ય મનુષ્યોને તથા વૈક્રિયમનુષ્યોને આશ્રયી જાણવા.

એક એક ઉદયસ્થાનકમાં (૯૨-૮૮-૮૬-૮૦) બાણું, અઠ્યાસી, છ્યાંસી, એંશી એમ ચાર ચાર સત્તાસ્થાનક જાણવાં પરંતુ પચ્ચીસ અને સત્યાવીસ આ બે ઉદયસ્થાનકો વૈક્રિય મનુષ્યોને જ હોય છે તેથી ત્યાં (૯૨-૮૮) બાણું અને અઠ્યાસી એમ બે જ સત્તાસ્થાનક કહેવાં. વૈક્રિયની રચના હોવાથી તેની સત્તા છે જ. શેષ સત્તાસ્થાનો તીર્થંકર કેવલી ભગવાનને યોગ્ય છે. ક્ષપકશ્રેણિમાં જ આવે તેવાં છે. તથા સામાન્ય કેવલી પરમાત્માને જ હોય તેવાં છે માટે સામાન્ય મનુષ્યોને (૨૩ ના બંધે) ચાર જ સત્તાસ્થાનક હોય છે.

આ જ પ્રમાણે પચ્ચીસ અને છવ્વીસ પ્રકૃતિના બંધક મનુષ્યોને પણ ચાર-ચાર સત્તાસ્થાનક અને ઉદયસ્થાનક વાર ગણીએ તો ચોવીસ ચોવીસ સત્તાસ્થાનક હોય છે. (૨૧-૨૬-૨૮-૨૯ અને ૩૦) આ પાંચ ઉદયસ્થાનકમાં ચાર ચાર, તથા ૨૫ અને ૨૭ આ બે ઉદયસ્થાનકમાં બે બે એમ ચોવીસ સત્તા સ્થાનક હોય છે.

તથા મનુષ્યગતિ પ્રાયોગ્ય અને તિર્યંચગતિ પ્રાયોગ્ય (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓ બાંધતાં. તથા પંચેન્દ્રિય તિર્યંચપ્રાયોગ્ય અને વિકલેન્દ્રિય પ્રાયોગ્ય (૩૦) ત્રીસ પ્રકૃતિઓ બાંધતાં પણ આ જ પ્રમાણે ચાર ચાર સત્તાસ્થાનક હોય છે. તથા ઉદયસ્થાનવાર ગણીએ તો ચોવીસ ચોવીસ સત્તાસ્થાનકો જાણવાં.

હવે (૨૮) અઠ્યાવીસના બંધે (૨૧ અને ૨૫ થી ૩૦ સુધીનાં કુલ) સાત ઉદયસ્થાનકો હોય છે. ત્યાં (૨૧-૨૬) એકવીસ અને છવ્વીસના ઉદયસ્થાનકો અવિરત સમ્યગ્દષ્ટિ કરણ અપર્યાપ્તા પરંતુ લબ્ધિપર્યાપ્તા મનુષ્યોને આશ્રયી જાણવા. તથા (૨૫-૨૭) પચ્ચીસ અને સત્યાવીસના ઉદયો વૈક્રિય મનુષ્ય તથા આહારક મનુષ્યોને આશ્રયી પણ જાણવા. (૨૮-૨૯) અઠ્યાવીસ અને ઓગણત્રીસ આ બન્ને ઉદયસ્થાનકો અવિરત સમ્યગ્દષ્ટિ મનુષ્યોને, વૈક્રિય મનુષ્યોને તથા આહારક મનુષ્યોને હોય છે તથા (૩૦) ત્રીસનું ઉદયસ્થાનક સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ એમ બન્ને પ્રકારના મનુષ્યોને હોય છે.

એક એક ઉદયસ્થાનકમાં બે બે (૯૨-૮૮) સત્તાસ્થાનક છે તેમાં આહારક મનુષ્યોને કેવળ એકલું (૯૨) બાણુંનું જ સત્તાસ્થાનક હોય છે ત્રીસના ઉદયમાં (૯૨-૮૯-૮૮-૮૬) બાણું, નેવ્યાસી, અઠ્યાસી તથા છ્યાંસી એમ કુલ ચાર સત્તાસ્થાનકો હોય છે.

સર્વ સંખ્યાએ (૨૮) અઠ્યાવીસના બંધે ઉદયસ્થાનકવાર ગણીએ તો કુલ (૧૬) સત્તાસ્થાનક થાય છે ત્યાં (૨૧-૨૫-૨૬-૨૭-૨૮ અને ૨૯) આ છ ઉદયસ્થાનકમાં બે બે સત્તાસ્થાનક તથા ૩૦ ના ઉદયે ચાર સત્તા સ્થાનક એટલે (૬X૨=૧૨ તથા ૧X૪=૪ કુલ ૧૬) સોળ સત્તાસ્થાનક હય છે.

દેવગતિ પ્રાયોગ્ય તીર્થંકરનામકર્મ સાથે (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓ બાંધતા મનુષ્યોને (૭) સાત ઉદયસ્થાનક હોય છે. તે (૨૮) અઠછ્યાવીસના બંધકની જેમ જ જાણવાં. પરંતુ આ બંધ તીર્થકરનામકર્મવાળો છે. તેટલે તેના બંધક મનુષ્યોને જે છેલ્લો ૩૦ નો ઉદય છે તે સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ એમ બન્નેને ન કહેતાં માત્ર સમ્યગ્દષ્ટિ મનુષ્યોને જ કહેવો.

સાતે પણ ઉદયસ્થાનકોમાં (૯૩-૮૯) ત્રાણું અને નેવ્યાસી એમ બે બે જ સત્તાસ્થાનક કહેવાં. તેમાં આહારક મનુષ્યોને તો માત્ર ત્રાણુંનું એક જ સત્તાસ્તાનક કહેવું. સર્વ મળીને (૭ ઉદયસ્થાનકે બે સત્તાસ્થાનક હોવાથી ૭X૨=૧૪ સત્તાસ્થાનક જાણવાં.

આહારકદ્વિકના બંધ સાથે દેવપ્રાયોગ્ય (૩૦) ત્રીસ પ્રકૃતિઓ બાંધતા મનુષ્યોને (૨૯ અને ૩૦) ઓગણત્રીસ અને ત્રીસ એમ માત્ર બે જ ઉદયસ્થાનક જાણવાં. ત્યાં જે

સાધુ મહાત્માએ આહારકશરીરની રચના કરી છે ત્યારે તો પ્રારંભમાં છઠ્ઠુ ગુણસ્થાનક હોવાથી આહારકદ્વિક બંધાતું નથી. પરંતુ નવા બનાવેલા આહારક શરીર સંબંધી સર્વ પર્યાપ્તિઓ સમાપ્ત થઈ જાય અને ત્યારબાદ અપ્રમત્ત ગુણઠાણે જાય ત્યારે આહારકદ્વિક બંધાય છે જેથી ૩૦ નું બંધસ્થાનક આવે છે પરંતુ તે કાળે (૨૯) ઓગણત્રીસનું અથવા (૩૦) ત્રીસ પ્રકૃતિનું ઉદયસ્થાનક તે આહારકશરીરી જીવને હોય છે. આ સ્થાન વિના બીજે ક્યાંય ૨૯ ના ઉદયમાં કે ૩૦ના ઉદયમાં આહારકના બંધમાં કારણ બને તેવા વિશિષ્ટ સંયમનો અભાવ છે.

બન્ને પણ ઉદયસ્થાનકમાં એક (૯૨) બાણુંનું જ સત્તા સ્થાનક હોય છે.

તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિક એમ બન્નેનો બંધ જ્યારે સાથે હોય ત્યારે (૩૧) એકત્રીસના બંધક મનુષ્યને એક જ ઉદયસ્થાનક હોય છે અને તે (૩૦) નું જ હોય છે ત્યાં ૯૩ નું એક જ સત્તાસ્થાનક હોય છે તથા આઠમા ગુણસ્થાનકના સાતમા ભાગથી આગળ એકનું જ એક બંધસ્થાનક અને એક જ બંધભાંગો હોય છે.

ત્યાં એટલે આ એકના બંધે સામાન્ય મનુષ્યનું (૩૦) ત્રીસનું એક જ ઉદયસ્થાનક હોય છે અને શ્રેણિ હોવાથી પ્રથમનાં ત્રણ જ સંઘયણનો ઉદય સંભવતો હોવાથી મનુષ્યના ૩૦ ના ઉદયના ઉપશમશ્રેણિને આશ્રયી (૩ સંઘયણ, ૬ સંસ્થાન, ૨ વિહાયોગતિ અને ૨ સ્વરના (૩x૬x૨x૨=૭૨) બોંતેર ઉદયભાંગા અને ક્ષપકશ્રેણિને આશ્રયી પ્રથમ જ સંઘયણ હોવાથી (૧x૬x૨x૨=૨૪) ચોવીશ ઉદયભાંગા સંભવે છે.

સત્તાસ્થાનક એકના બંધે કુલ આઠ હોય છે. ત્યાં (૯૩-૯૨-૮૯ અને ૮૮) ત્રાણું, બાણું, નેવ્યાસી અને અઠ્યાસી આ ચાર ઉપશમ શ્રેણિમાં દસમા ગુણઠાણા સુધી (જો કે અગિયારમાં ગુણઠાણે પણ આ જ ચાર સત્તાસ્થાનક હોય છે. પરંતુ ત્યાં એકનો બંધ નથી. તેથી દસમા સુધી એમ લખ્યું છે.)

તથા ક્ષપકશ્રેણિમાં પણ જ્યાં સુધી નવમા ગુણઠાણે નામકર્મની (૧૩) તેર પ્રકૃતિઓનો ક્ષય ન કરે ત્યાં સુધી આ જ (૯૩-૯૨-૮૯-૮૮) ચાર સત્તાસ્થાનક હોય છે. પરંતુ ક્ષપકશ્રેણિમાં નવમા ગુણઠાણે (૧૩) નામકર્મની તેર પ્રકૃતિઓનો ક્ષય કર્યા પછી એકના બંધે દસમા ગુણઠાણા સુધી (૮૦-૭૯-૭૬-૭૫) એંશી, અગણ્યાએંશી, છોંતેર અને પંચોતેર આ ચાર સત્તાસ્થાનક હોય છે.

સર્વ બંધસ્થાનકમાં મળીને ઉદયસ્થાનની અપેક્ષાએ ૨૩-૨૫-૨૬ આ ત્રણ બંધસ્થાનકમાં (૨૪-૨૪-૨૪) સત્તાસ્થાનક હોય છે તથા ૨૮ ના બંધે (૧૬), તથા ૨૯

ના બંધે ૨૪+૧૪=૩૮, અને ૩૦ ના બંધે ૨૪ + ૧ = ૨૫, તથા ૩૧ના બંધે ૧, અને એકના બંધે ૮ સર્વ મળીને (૨૪ + ૨૪ + ૨૪ + ૧૬ + ૩૮ + ૨૫ + ૧ + ૮=૧૬૦) સત્તાસ્થાનકો ઉદયસ્થાનક વાર ગણીએ તો થાય છે.

દસમા ગુણસ્થાનકથી આગળ અગિયારમા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનક સુધી અબન્ધમાં ઉદયસ્થાનક તથા સત્તાસ્થાનકોનો પરસ્પર સંવેધ સામાન્ય સંવેધની જેમ જ જાણવો.

(૪) હવે દેવગતિમાં નામકર્મનાં બંધસ્થાનક ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક તથા તેનો સંવેધ કહેવાય છે દેવોના જીવોને (૨૫-૨૬-૨૯ અને ૩૦) પચ્ચીસ-છવ્વીસ-ઓગણત્રીસ અને ત્રીસ એમ કુલ ચાર બંધસ્થાનકો હોય છે ઈશાન દેવલોક સુધીના દેવો મૃત્યુ પામ્યા પછી એકેન્દ્રિયમાં પૃથ્વીકાય અપ્‌કાય અને વનસ્પતિકાયમાં પણ ઉત્પન્ન થાય છે તેથી બાદર-પર્યાપ્ત પ્રાયોગ્ય ૨૫-૨૬ નો બંધ પણ કરે છે. તેથી તે દેવોને અનુક્રમે ૨૫ ના બંધે ૮ બંધભાંગા, ૨૬ ના બંધે ૧૬ બંધભાંગા, તથા ૨૯ ના બંધે પંચેન્દ્રિય તિર્યંચના ૪૬૦૮ અને મનુષ્યના ૪૬૦૮ એમ કુલ ૯૨૧૬ બંધભાંગા. તથા ૩૦ ના બંધે પંચેન્દ્રિય તિર્યંચના ૪૬૦૮, તથા મનુષ્ય પ્રાયોગ્ય બંધના તીર્થંકર નામકર્મના બંધ સાથેના ૮ એમ કુલ ૩૦ ના બંધે ૪૬૧૬ બંધભાંગા આ પ્રમાણે ૨૩-૨૫-૨૯ અને ૩૦ ના બંધે અનુક્રમે ૮-૧૬-૯૨૧૬-૪૬૧૬-કુલ ૧૩૮૫૬ તેરહજાર આઠસોહ અને છપ્પન બંધભાંગા હોય છે.

દેવોને (૨૧-૨૫-૨૭-૨૮-૨૯ અને ૩૦) એમ કુલ છ ઉદયસ્થાનકો હોય છે. અને ત્યાં (૬૪) ચોસઠ ઉદયભાંગા હોય છે.

આ ઉદયસ્થાનક તથા ઉદયભાંગા પૂર્વે સમજાવ્યા છે એટલે ફરીથી અહીં સમજાવતા નથી. તથા સત્તાસ્થાનક (૯૩-૯૨-૮૯-૮૮) એમ સામાન્યથી ચાર સત્તાસ્થાનક હોય છે. બાકીનાં સત્તાસ્થાનક એકેન્દ્રિય પ્રાયોગ્ય છે અને બીજા કેટલાંક ક્ષપકશ્રેણિમાં સંભવિત છે. તેથી દેવોને હોતાં નથી.

હવે સંવેધ સમજાવાય છે. એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિ બાંધતા દેવોને પોતાના (૨૧-૨૫-૨૭-૨૮-૨૯ અને ૩૦ એમ કુલ) છ ઉદયસ્થાનકો હોય છે અને સર્વત્ર (૯૨-૮૮) એમ બે સત્તાસ્થાનક હોય છે. છએ ઉદયસ્થાનકોમાં બે બે સત્તાસ્થાનક હોવાથી ઉદયસ્થાનકવાર ગણીએ તો ૬x૨=૧૨ કુલ ૧૨ સત્તાસ્થાનક થાય છે.

આ જ પ્રમાણે એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૬ ના બંધે પણ ઉપરોક્ત છ ઉદયસ્થાનક, ૬૪

ઉદયભાંગા, સામાન્યથી બે સત્તાસ્થાનક અને ઉદયસ્થાનકવાર ગણીએ તો ૧૨ સત્તાસ્થાનક હોય છે.

હવે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ અને ૩૦ ના બંધે ૪૬૦૮, બંધભાંગા દેવો બાંધે છે. ઉદયસ્થાનક ૨૧ થી ૩૦ સુધીમાં કુલ છ હોય છે. ઉદયભાંગા દેવોના ચોસઠે ચોસઠ હોય છે તથા સત્તાસ્થાનક સર્વત્ર ૯૨-૮૮ એમ બે બે હોય છે. ઉદયસ્થાનકવાર સત્તાસ્થાનક ગણીએ તો છએ ઉદયસ્થાનકે બે બે સત્તાસ્થાનક હોવાથી ૬X૨=૧૨ સત્તાસ્થાનક હોય છે.

તથા મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધે પણ બંધભાંગા ૪૬૦૮, તથા ઉદયસ્થાનક છ ઉદયભાંગા ૬૪, સત્તાસ્થાનક સામાન્યથી ૯૨-૮૮ એમ બે, ઉદયસ્થાનકવાર ગણીએ તો ૬X૨=૧૨ બાર સત્તાસ્થાનક હોય છે.

તથા મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધે તીર્થંકર નામ સહિત બંધ હોવાથી બંધભાંગા ૮, ઉદયસ્થાનક ૬, ઉદયભાંગા ૬૪, સત્તાસ્થાનક ૯૩ અને ૮૯ એમ બે, ઉદય સ્થાનકવાર ૬X૨=૧૨ બાર સત્તાસ્થાનક હોય છે. આ પ્રમાણે ચાર ગતિ આશ્રયી નામકર્મનો સંવેધ સમજાવ્યો.

• • •

હવે પાંચ જાતિ માર્ગણામાં નામકર્મનો સંવેધ કહેવાય છે. એકેન્દ્રિયમાર્ગણામાં (૨૩-૨૫-૨૬-૨૯ અને ૩૦) ત્રેવીસ, પચીસ, છવ્વીસ, ઓગણત્રીસ અને ત્રીસ એમ કુલ પાંચ બંધસ્થાનક છે. તથા બંધભાંગા એકેન્દ્રિયના ૪૦, વિકલેન્દ્રિય પ્રાયોગ્યના ૫૧, પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્યના (૧ + ૪૬૦૮ + ૪૬૦૮ = ૯૨૧૭) બાણુંસોને સત્તર, તથા મનુષ્યપ્રાયોગ્ય બંધના (૧ + ૪૬૦૮ = ૪૬૦૯) છેંતાલીસસો અને નવ એમ કુલ બંધભાંગા ૪૦+૫૧+૯૨૧૭+૪૬૦૯=૧૩૯૧૭) બંધભાંગા હોય છે.

દેવગતિપ્રત્યોગ્ય બંધના (૮ + ૮ + ૧ + ૧ = ૧૮), નરકગતિ પ્રાયોગ્ય ૨૮ ના બંધનો ૧, મનુષ્યગતિ પ્રાયોગ્ય ૩૦ ના બંધના ૮, તથા ગતિને અપ્રાયોગ્ય ૧ ના બંધનો ૧, એમ કુલ ૧૮-૧-૮-૧ = ૨૮ બંધભાંગા એકેન્દ્રિયમાં સંભવતા નથી. ૧૩૯૪૫ માંથી ૨૮ બાદ કરતાં શેષ ૧૩૯૧૭ બંધભાંગા હોય છે. ઉપરના ૨૮ ભાંગા ન હોવાનું કારણ ઉપરોક્ત ૨૮ ભાંગા દેવ-નરકપ્રાયોગ્ય છે તથા જિનનામ અને આહારકના બંધવાળા છે તે એકેન્દ્રિયમાં હોતા નથી.

ઉદયસ્થાનક ૨૧-૨૪-૨૫-૨૬-૨૭ એમ કુલ પાંચ હોય છે તેના ઉદયભાંગા અનુક્રમે ૫+૧૧+૭+૧૩+૬=૪૨ બેંતાલીસ ઉદયભાંગા હોય છે.

સત્તાસ્થાનક (૯૨-૮૮-૮૬-૮૦ અને ૭૮) બાણું, અઠ્યાસી, છયાંસી, એંશી અને અઠ્યોતેર એમ કુલ પાંચ હોય છે. જિનનામની સત્તાવાળા જીવો ત્યાં સંભવતાં નથી.

૨૩ નું બંધસ્થાનક બાંધતા એવા એકેન્દ્રિય જીવોના ૪ બંધભાંગા જાણવા, તથા ૨૧-૨૪-૨૫-૨૬-૨૭ એમ પાંચ ઉદયસ્થાનક જાણવાં તથા અનુક્રમે ૫-૧૧-૭-૧૩-૬-૪૨ ઉદયભાંગા જાણવાં. સત્તાસ્થાનક સામાન્યથી ૯૨-૮૮-૮૬-૮૦-૭૮ એમ પાંચ સમજવાં. વિશેષ વિચાર કરીએ તો ૨૧-૨૪-૨૫ અને ૨૬ આ ચાર ઉદયસ્થાનકોમાં પાંચ પાંચ સત્તાસ્થાનકો હોય છે તેથી ૪X૫=૨૦ સત્તાસ્થાનકો થાય છે અને ૨૭ ના ઉદયે ૭૮ વિના શેષ ચાર જ સત્તાસ્થાનક હોય છે. ૨૭ ના ઉદયે તેઉકાય વાઉકાયના જીવો ન હોવાથી તથા પૃથ્વીકાય અપ્કાય અને વનસ્પતિકાયના જીવોને શરીર પર્યાપ્તિ સમાપ્ત થયેલી હોવાથી પરભવથી લાવેલું ૭૮નું સત્તાસ્થાનક રહેતું નથી. મનુષ્યદ્વિક બંધાવાથી અવશ્ય ૮૦ નું સત્તાસ્થાન થઈ જાય છે. તેથી ૨૭ ના ઉદયે ચાર જ સત્તાસ્થાનક હોય છે. આ પ્રમાણે ૨૦+૪=૨૪ સત્તાસ્થાનક ઉદયસ્થાન વાર થાય છે.

૨૫ અને ૨૬ ના બંધે પણ જ્યારે એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ હોય ત્યારે તથા ૨૫ ના બંધે અપર્યાપ્તા વિકલેન્દ્રિય પ્રાયોગ્ય અને અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચપ્રાયોગ્ય બંધ હોય ત્યારે કુલ ૮ + ૧૨ + ૩ + ૧ = ૨૪ બંધ ભાંગે ૨૧ થી ૨૭ સુધીનાં પાંચ ઉદયસ્થાનક, ૪૨ ઉદયભાંગા, તથા સામાન્યથી પાંચ સત્તાસ્થાનક હોય છે.

વિશેષથી વિચાર કરીએ તો ૨૩ ના બંધની જેમ ૨૫-૨૬ ના બંધે પણ એકેન્દ્રિય જીવોનાં ૨૧-૨૪-૨૫-૨૬ આ ચાર ઉદય સ્થાનકોમાં પાંચ પાંચ સત્તાસ્થાનક હોય છે અને ૨૭ ના ઉદયમાં ૭૮ વિના ચાર સત્તાસ્થાનક હોય છે આ રીતે ૪X૫=૨૦ તથા ૧X૪=૪ એમ કુલ ૨૪ સત્તાસ્થાનક હોય છે.

એકેન્દ્રિયના જીવોને ૨૯ ના બંધે વિકલેન્દ્રિય પ્રાયોગ્ય બાંધે ત્યારે તથા પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય બાંધે ત્યારે ૨૧-૨૪-૨૫-૨૬-૨૭ એમ પાંચ ઉદયસ્થાનક અને તેના અર્થાત્ એકેન્દ્રિયના ૪૨ ઉદયભાંગા હોય છે અને સામાન્યથી ૯૨-૮૮-૮૬-૮૦-૭૮ એમ પાંચ સત્તાસ્થાનક હોય છે. ઉદયસ્થાનવાર સત્તાસ્થાનક વિચારીએ તો ૨૧-૨૪-૨૫ અને ૨૬ આ ચાર ઉદયસ્થાનકોમાં પાંચ પાંચ સત્તાસ્થાનક અને ૨૭ ના ઉદયસ્થાનકે ૭૮ વિના શેષ ચાર સત્તાસ્થાનક હોય છે. એટલે ઉપર સમજાવ્યું તેમ ૨૦ + ૪ = ૨૪ ચોવીશ સત્તાસ્થાનક હોય છે.

૨૯ ના બંધે જ્યારે મનુષ્યપ્રાયોગ્ય ૨૯ નો બંધ વિચારીએ ત્યારે બંધભાંગા ૪૬૦૮ ઉદયસ્થાનક ૨૧ થી ૨૭ કુલ પાંચ, ઉદય ભાંગા એકેન્દ્રિય જીવોના જે ૪૨ ઉદયભાંગા છે. તેમાંથી વૈક્રિય વાઉકાયના ૩ ભાંગા બાદ કરીને શેષ ૩૯ ઉદયભાંગા હોય છે. કારણ કે તેઉકાય અને વાઉકાયના જીવો મનુષ્યપ્રાયોગ્ય બંધ કરતા નથી. સત્તા સ્થાનક ૯૨-૮૮-૮૬-૮૦ એમ ચાર જ હોય છે. અને એકેન્દ્રિયના સર્વ ભાંગાઓમાં આ ચાર જ સત્તાસ્થાનક સંભવે છે તેથી ઉદયસ્થાનક વાર વિચારીએ તો ૫ X ૪ સત્તાસ્થાનક - ૨૦ સત્તાસ્થાનક થાય છે.

૩૦ ના બંધે વિકલેન્દ્રિયપ્રાયોગ્ય અને પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય બાંધે ત્યારે બંધભાંગા ૨૪+૪૬૦૮ = ૪૬૩૨ બંધભાંગા હોય છે. ૨૯ માં સમજાવ્યું તેમ ૨૦+૪=૨૪ સત્તાસ્થાનક ઉદયસ્થાનકવાર થાય છે. મનુષ્ય પ્રાયોગ્ય અને દેવ પ્રાયોગ્ય ૩૦ નો બંધ એકેન્દ્રિય જીવોમાં સંભવતો જ નથી.

**આ પ્રમાણે એકેન્દ્રિય માર્ગણામાં બંધ સમજાવ્યો.**

હવે બેઈન્દ્રિય તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય આ ત્રણ માર્ગણાઓમાં (૨૩-૨૫-૨૬-૨૯-૩૦) ત્રેવીસ, પચ્ચીસ, છવ્વીસ, ઓગણત્રીસ અને ત્રીસ એમ કુલ પાંચ બંધસ્થાનક અને દેવપ્રાયોગ્ય બંધના ૮ + ૮ + ૧ + ૧ એમ ૧૮ બંધભાંગા, નરકપ્રાયોગ્ય ૨૮ ના બંધનો ૧ બંધ બાંગો, અપ્રાયોગ્ય બંધનો ૧ ભાંગો, તથા મનુષ્ય પ્રાયોગ્ય તીર્થંકર નામકર્મની સાથે ૩૦ ના બંધના ૮ ભાંગા એમ કુલ ૧૮ + ૧ + ૧ + ૮ = ૨૮ બંધભાંગા વિના શેષ ૧૩૯૧૭ બંધભાંગા હોય છે. એકેન્દ્રિયના ૪૦, વિકલેન્દ્રિય પ્રાયોગ્યના ૧૭ X ૩ = ૫૧, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય બંધના ૧ + ૪૬૦૮ + ૪૬૦૮ = ૯૨૧૭ તથા મનુષ્ય પ્રાયોગ્ય બંધના ૧-૪૬૦૮-૪૬૦૯ એમ સર્વ મળીને ૪૦ + ૫૧ + ૯૨૧૭ + ૪૬૦૯ = ૧૩૯૧૭ બંધભાંગા હોય છે.

ઉદયસ્થાનક વિકલેન્દ્રિય જીવોમાં ૨૧-૨૬-૨૮-૨૯-૩૦-૩૧ એમ છ હોય છે. ઉદયભાંગા અનુક્રમે ૯ + ૯ + ૬ + ૧૨ + ૧૮ + ૧૨ = ૬૬ કુલ હોય છે. સત્તાસ્થાનક ૯૨-૮૮-૮૬-૮૦ અને ૭૮ એમ પાંચ હોય છે હવે સંવેધ આ પ્રમાણે છે :-

૨૩ ના બંધે ૪ બંધભાંગા, (૨૧-૨૬-૨૮-૨૯-૩૦ અને ૩૧) એકવીસ, છવ્વીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ, ત્રીસ અને એકત્રીસ એમ કુલ છ ઉદયસ્થાનક, તથા અનુક્રમે ૯-૯-૬-૧૨-૧૮-૨૧=૬૬ ઉદય ભાંગા હોય છે. સત્તાસ્થાનક સામાન્યથી ૯૨-૮૮-૮૬-

૮૦-૭૮ એમ પાંચ હોય છે. ઉદયસ્થાનકવાર સત્તાસ્થાનક વિચારીએ તો ૨૧ અને ૨૬ એમ બે ઉદયસ્થાનકમાં પાંચ પાંચ અને બાકીનાં ૨૮-૨૯-૩૦ અને ૩૧ આ ચાર ઉદયસ્થાનકમાં ૭૮ વિના ચાર ચાર સત્તાસ્થાનક હોય છે કારણ કે તેઉકાય અને વાઉકાયમાં મનુષ્યદ્વિકની ઉદ્વલના કરીને વિકલેન્દ્રિયમાં આવે ત્યારે પ્રથમનાં બે ઉદયસ્થાનક સુધી જ ૭૮ ની સત્તા રહે છે પછી અવશ્ય મનુષ્યદ્વિક બંધાય જ છે.જેથી સત્તા ૮૦ ની થાય છે તેથી ૨૧-૨૬ માં પાંચ પાંચ સત્તાસ્થાનક અને બાકીનાં ચાર ઉદય સ્થાનકમાં ૭૮ વિના ચાર ચાર સત્તાસ્થાનક હોય છે તેથી ૨ X ૫ = ૧૦ તથા ૪ X ૪ = ૧૬ એમ બન્ને મળીને ૨૬ છવ્વીસ  સત્તાસ્થાનક હોય છે.

૨૫ ના બંધે ૨૫ બંધભાંગા છે. તેમાંથી અપર્યાપ્ત મનુષ્યપ્રાયોગ્યનો ૧ બંધભાંગો છોડીને શેષ બાકીના ૨૪ બંધભાંગે ઉપર કહ્યા પ્રમાણે જ છ ઉદયસ્થાનક, ૬૬ ઉદયભાંગા, સામાન્યથી પાંચ સત્તાસ્થાનક અને ઉદયસ્થાનક વાર સત્તાસ્થાનક ગણીએ તો છવીસ છવીસ સત્તાસ્થાનક હોય છે.

પરંતુ અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૨૫ ના બંધે ૧ બંધ ભાંગો (૨૧-૨૬-૨૮-૨૯-૩૦-૩૧) એમ છ ઉદયસ્થાનક તથા તેના ૬૬ ઉદયભાંગા, સામાન્યથી ૭૮ વિના ચાર જ સત્તાસ્થાનક અને ઉદય સ્થાનકવાર ગણીએ તો છએ ઉદયસ્થાનકમાં ચાર ચાર સત્તાસ્થાનક હોવાથી ૬X૪=૨૪ સત્તાસ્થાનક બેઇન્દ્રિયાદિ જીવોમાં ૨૫ ના બંધે અપર્યાપ્ત મનુષ્યપ્રાયોગ્ય ૧ બંધભાંગે ૨૪ સત્તાસ્થાનક હોય છે.

છવીસના બંધે ૧૬ બંધભાંગા (૨૧-૨૬-૨૮-૨૯-૩૦ અને ૩૧) એમ છ ઉદયસ્થાનક, ૬૬ ઉદયભાંગા, સામાન્યથી ૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮ પાંચ સત્તાસ્થાનક, ઉદયસ્થાનકવાર વિચારીએ તો ૨૧ અને ૨૬ આ બે ઉદયસ્થાને પાંચ પાંચ, અને બાકીનાં ચાર ઉદયસ્થાનોમાં ૭૮ વિના ચાર સત્તાસ્થાનક હોય છે તેથી ૨ X ૫ = ૧૦ તથા ૪ X ૪ = ૧૬ એમ બન્ને મળીને કુલ ૧૦+૧૬=૨૬ છવીસ છવીસ સત્તાસ્થાનક હોય છે.

વિકલેન્દ્રિય જીવોની આ ૩ માર્ગણામાં ૨૯ ના બંધે વિકલેન્દ્રિય પ્રાયોગ્ય બંધના ૨૪ બંધભાંગા તથા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય બંધના ૪૬૦૮ બંધભાંગા, તથા મનુષ્ય પ્રાયોગ્ય બંધના ૪૬૦૮ બંધભાંગા એમ કુલ ૨૪-૪૬૦૮-૪૬૦૮-૯૨૪૦ બંધભાંગા હોય છે તથા ૨૧-૨૬-૨૮-૨૯-૩૦-૩૧ એમ કુલ છ ઉદયસ્થાનક તથા ૨૨ X ૩=૬૬ ઉદયભાંગા, સત્તાસ્થાનક ૯૨-૮૮-૮૬-૮૦-૭૮ એમ પાંચ હોય છે.

ત્યાં વિકલેન્દ્રિય પ્રાયોગ્ય અને પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય એમ આ બન્ને પ્રાયોગ્ય ૨૯ ના બંધે ૨૪-૪૬૦૮-૪૬૩૨ બંધભાંગા. ૨૧ થી ૩૧ સુધીનાં કુલ છ ઉદયસ્થાનક, ૬૬ ઉદયભાંગા, સત્તાસ્થાનક સામાન્યથી પાંચ, પરંતુ ઉદયસ્થાનકવાર વિચારીએ તો ૨૧ તથા ૨૬ માં પાંચ પાંચ અને ૨૮-૨૯-૩૦ અને ૩૧ આ ચાર ઉદયસ્થાનકમાં ચાર ચાર એટલે ૨X૫=૧૦, તથા ૪X૪=૧૬ એમ છવીસ છવીસ સત્તાસ્થાનક હોય છે.

પરંતુ મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધે ૪૬૦૮ બંધભાંગા, ૨૧ થી ૩૧ એમ કુલ ૬ ઉદયસ્થાનક ૬૬ ઉદયભાંગા, અને છએ ઉદયસ્થાનકે ૯૨-૮૮-૮૬ અને ૮૦ એમ ચાર ચાર જ સત્તાસ્થાનક હોય છે તેથી ૬X૪=૨૪ ચોવીસ ચોવીસ સત્તાસ્થાનક થાય છે.

હવે ૩૦ ના બંધે વિકલેન્દ્રિય પ્રાયોગ્ય અને પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય જ બંધ હોય છે. મનુષ્યપ્રાયોગ્ય બંધ જિનનામ સહિત છે અને દેવીપ્રાયોગ્ય બંધ આહારકદ્વિક સહિત છે તેથી વિકલેન્દ્રિય જીવો આ બંધ કરતા નથી. માટે ૩૦ના બંધે બંધભાંગા ૨૪+૪૬૦૮=૪૬૩૨ જ હોય છે. ઉદયસ્થાનક વિકલેન્દ્રિય જીવોનાં છ઼, ઉદયભાંગા ૬૬, સત્તાસ્થાનક સામાન્યથી પાંચ, પરંતુ ઉદયસ્થાનકવાર વિચારીએ તો ૨૧ અને ૨૬ ના ઉદયે પાંચ પાંચ અને બાકીનાં ચારે ઉદયસ્થાનકે ચાર ચાર સત્તાસ્થાનક હોય છે તેથી ૧૦+૧૬=૨૬ છવીસ છવીસ સત્તાસ્થાનક હોય છે.

આ પ્રમાણે ૨૩-૨૫-૨૬-૨૯-૩૦ એમ પાંચે બંધસ્થાનકે (૨૬-૨૬) છવીસ છવીસ સત્તાસ્થાનક હોય છે. માત્ર મનુષ્યપ્રાયોગ્ય બંધમાં ચોવીસ ચોવીસ સત્તાસ્થાનક જાણવાં.

• • •

હવે પંચેન્દ્રિય માર્ગણામાં સંવેધ કહેવાય છે નામકર્મનાં ૨૩-૨૫ વિગેરે આઠે આઠ બંધસ્થાનક હોય છે. ૧૩૯૪૫ સર્વે પણ બંધભાંગા હોય છે તથા ૨૪ વિના બાકીનાં અગિયાર ઉદયસ્થાનક હોય છે અને એકેન્દ્રિયના ૪૨ તથા વિકલેન્દ્રિયના ૬૬ એમ ૧૦૮ ઉદયભાંગા વિના બાકીના ૭૬૮૩ ઉદયભાંગા હોય છે.

સત્તાસ્થાનક સામાન્યથી ૯૩ આદિ બાર હોય છે. હવે સંવેધ વિચારાય છે.

૨૩ ના બંધે ૪ બંધભાંગા, ૨૧ અને ૨૫ થી ૩૧ સુધીનાં કુલ આઠ ઉદયસ્થાનક હોય છે. ઉદયભાંગા ઉપર હમણાં સમજાવ્યા તે પ્રમાણે ૪૨+૬૬=૧૦૮ વિના ૭૬૮૩ ઉદયભાંગા જે કહેલા છે. તેમાંથી દેવતાના ૬૪, નારકીના ૫, વૈક્રિય મનુષ્યના ઉદ્યોતવાળા

૩, આહારક મનુષ્યના ૭ અને કેવલી મનુષ્યના ૮ એમ કુલ ૮૭ ઉદયભાંગા ૨૩ના બંધે બાદ કરવા. જેથી બાકીના ૭૬૮૩ બાદ ૮૭ કરતાં શેષ ૭૫૯૬ ઉદયભાંગા હોય છે. કારણ કે આ ૨૩ નો બંધ છે. ત્યાં ૨૩ ના બંધે દેવ-નરક આહારક અને કેવલી ભગવાન વિગેરેના કહેલા ૮૭ ઉદયભાંગા સંભવતા નથી. તેથી બાકીના ૭૫૯૬ ઉદયભાંગા હોય છે.

ઉપર કહેલા ૭૫૯૬ ઉદયભાંગાઓમાં ૨૧ ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના ૯, પંચેન્દ્રિય મનુષ્યના ૯, એમ ૧૮ ઉદયભાંગા હોય છે. ૨૫ ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૮, તથા વૈક્રિય મનુષ્યના ૮, એમ કુલ ૧૬ ઉદયભાંગા હોય છે. ૨૬ ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના ૨૮૯, સામાન્ય મનુષ્યના ૨૮૯, એમ ૫૭૮ ઉદયભાંગા હોય છે. ૨૭ ના ઉદયે ૨૫ ના ઉદયની જેમ જ વૈક્રિય તિર્યંચના ૮ અને વૈક્રિય મનુષ્યના ૮ એમ કુલ ૧૬ ઉદયભાંગા હોય છે.

તથા ૨૮ ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬, સામાન્ય મનુષ્યના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬, વૈક્રિય મનુષ્યના ઉદ્યોતના ઉદયવાળા ભાંગા વિના શેષ ૮, એમ કુલ ૧૧૭૬ ઉદયભાંગા હોય છે તથા ૨૯ ના ઉદયે સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨, વૈક્રિય તિર્યંચના ૧૬, સામાન્ય મનુષ્યના ૫૭૬, વૈક્રિય મનુષ્યના ઉદ્યોત વિનાના ૮, એમ સર્વ મળીને ૧૭૫૨ ઉદયભાંગા હોય છે. તથા ૩૦ ના ઉદયે સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૭૨૮, સામાન્ય મનુષ્યના ૧૧૫૨, વૈક્રિય તિર્યંચના ૮, એમ કુલ ૨૮૮૮ ઉદયભાંગા હોય છે. તથા ૩૧ ના ઉદયે સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨ ઉદયભાંગા હોય છે. સર્વ મળીને અનુક્રમે ૧૮ + ૧૬ + ૫૭૮ + ૧૬ + ૧૧૭૬ + ૧૭૫૨ + ૨૮૮૮ + ૧૧૫૨ = ૭૫૯૬ કુલ ઉદયભાંગા હોય છે.

હવે સત્તાસ્થાનક સામાન્યથી ૯૨, ૮૮, ૮૬, ૮૦ અને ૭૮ એમ પાંચ હોય છે. વિશેષ વિચાર કરીએ તો ૨૧ અને ૨૬ ના ઉદયે પાંચ પાંચ સત્તાસ્થાનક હોય છે અને ૨૫ તથા ૨૭ ના ઉદયે ૯૨ તથા ૮૮ એમ બે બે સત્તાસ્થાનક હોય છે. બાકીનાં ૨૮-૨૯-૩૦ અને ૩૧ એમ ચાર ઉદયસ્થાનકોમાં ૭૮ વિના ચાર ચાર સત્તાસ્થાનક હોય છે.

આ રીતે વિચારતાં ૨ x ૫ = ૧૦, તથા ૨ + ૨ = ૪, અને ૪ x ૪ = ૧૬ એમ સર્વ મળીને ૧૦ + ૪ + ૧૬ = ૩૦ સત્તાસ્થાનક હોય છે. આ સઘળો ૨૩ ના બંધનો સંવેધ સમજાવ્યો.

હવે ૨૫ તથા ૨૬ ના બંધનો સંવેધ કહેવાય છે જો કે ૨૫ અને ૨૬ ના બંધે ૨૩ ના બંધની જેમ જ સત્તાસ્થાનક તથા સંવેધ છે. માત્ર એટલી જ વિશેષતા છે કે ઈશાન

દેવલોક સુધીના દેવો પણ આ ૨૫-૨૬ નો બંધ કરે છે તેથી દેવોના ૬૪ ઉદયભાંગા તથા તે દેવોનાં ૨૧-૨૫-૨૭-૨૮-૨૯ અને ૩૦ એમ ૬ ઉદયસ્થાનક હોય છે. તેથી ઉદયભાંગા ૭૫૯૬+૬૪ એમ કુલ ૭૬૬૦ ઉદયભાંગા હોય છે. સત્તાસ્થાનક પણ દેવોના છએ ઉદયસ્થાનકોમાં ૯૨-૮૮ એમ બે બે સત્તાસ્થાનકો હોય છે. તેથી ૬ x ૨ = ૧૨ સત્તા-સ્થાનકો વધારે જાણવાં તેથી ૩૦ + ૧૨ = ૪૨ સત્તાસ્થાનક જાણવાં.

પંચેન્દ્રિય માર્ગણામાં ૨૮ નો બંધ બે પ્રકારનો છે. દેવપ્રાયોગ્ય અને નરકપ્રાયોગ્ય, ત્યાં દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધના ૮ બંધભાંગા, તથા નરકપ્રાયોગ્ય બંધનો ૧ બંધભાંગો એમ કુલ ૯ બંધભાંગા જાણવા. તથા ૮ ઉદયસ્થાનક અને ૪ સત્તાસ્થાનક સામાન્યથી હોય છે.

વિશેષથી વિચાર કરીએ તો ૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧ એમ કુલ ૮ ઉદયસ્થાનક હોય છે. ત્યાં આ પંચેન્દ્રિય માર્ગણા ચાલતી હોવાથી એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, ઉદયભાંગા તો સંભવતા જ નથી. તથા અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચ અને અપર્યાપ્તા મનુષ્યના ૨૧-૨૬ ના ઉદયના બે બે, તથા દેવોના ૬૪, નારકીના ૫, અને કેવલિ પરમાત્માના ૮ એમ કુલ ૨ + ૨ + ૬૪ + ૫ + ૮ = ૮૧ ઉદયભાંગા, ૨૮ ના બંધે આ પણ સંભવતા નથી. તેથી કુલ ૪૨ + ૬૬ + ૮૧ = ૧૮૯ ઉદયભાંગા ૨૮ ના બંધે સંભવતા નથી. બાકીના ૭૬૦૨ ઉદયભાંગા હોય છે.

ત્યાં સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૪૯૦૪, સામાન્ય મનુષ્યના ૨૬૦૦, વૈક્રિય તિર્યંચના ૫૬, વૈક્રિય મનુષ્યના ૩૫, તથા આહારક મનુષ્યના ૭ એમ કુલ ૭૬૦૨ ઉદયભાંગા હોય છે. સત્તાસ્તાનક આ ૨૮ના બંધે ૯૨, ૮૮, ૮૬ અને ૮૯ એમ કુલ ચાર હોય છે.

હવે તેનો સંવેધ વિચારાય છે. દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધે ૮ બંધ ભાંગા, તથા ૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦ અને ૩૧ એમ કુલ ૮ ઉદયસ્થાનક હોય છે. તથા તે ૨૮ ને બાંધનારા સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૪૯૦૪, વૈક્રિય તિર્યંચના ૫૬, સામાન્ય મનુષ્યના ૨૬૦૦ વૈક્રિય મનુષ્યના ૩૫, અને આહારક મનુષ્યના ૭ એમ કુલ ૭૬૦૨ ઉદયભાંગા હોય છે.

ત્યાં આહારક્ના ૭ ભાંગામાં કેવલ એકલી ૯૨ ની જ સત્તા હોય છે. તથા સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા એવા તિર્યંચના ૩૦ ના ઉદયના સ્વરવાળા ૧૧૫૨ અને ૩૧ ના ઉદયના ૧૧૫૨ તથા સામાન્ય મનુષ્યના ૩૦ ના ઉદયના ૧૧૫૨ એમ કુલ ૩૪૫૬ ઉદયભાંગાના

કાળે ૯૨-૮૮ અને ૮૬ એમ ત્રણ સત્તાસ્થાનક હોય છે. બાકીના સર્વે પણ ઉદયભાંગામાં ૯૨ અને ૮૮ એમ બે બે સત્તાસ્થાનક હોય છે. આ પ્રમાણે ચિત્ર હોવાથી દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધે નીચે મુજબ સત્તાસ્થાનકો થાય છે.

| | | |
|---|---|---|
| (૧) | સામાન્ય તિર્યંચના ૩૦ અને ૩૧ ના ઉદયના ઉદયભાંગા ૧૧૫૨ + ૧૧૫૨ એમ ૨૩૦૪માં ૯૨-૮૮-૮૬ એમ ત્રણ સત્તાસ્થાન | ૨૩૦૪ X ૩ |
| (૨) | સામાન્ય મનુષ્યના ૩૦ ના ઉદયના ૧૧૫૨માં | ૧૧૫૨ X ૩ |
| (૩) | સમાન્ય પંચેન્દ્રિય તિર્યંચના બાકીના ઉદયભાંગા | ૨૬૦૦ X ૨ |
| (૪) | સામાન્ય મનુષ્યના બાકીના ભાંગા ૧૪૪૮માં | ૧૪૪૮ X ૨ |
| (૫) | વૈક્રિય તિર્યંચના ૫૬, વૈક્રિય મનુષ્યના ૩૫ એમં | ૯૧ X ૨ |
| (૬) | આહારક મનુષ્યના સાત ઉદયભાંગામાં | ૭ X ૧ |
| | કુલ ઉદયભાંગા | ૭૬૦૨ |

ઉપર મુજબ સત્તાસ્થાનક વિચારતાં દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધે ૨૧-૨૫-૨૬-૨૭-૨૮ અને ૨૯ ના ઉદયે એમ છ ઉદયસ્થાનકોમાં ૯૨ અને ૮૮ એમ બે બે સત્તાસ્થાનક હોય છે તથા ૩૦-૩૧ એમ બે ઉદયસ્થાનકોમાં ૯૨-૮૮ અને ૮૬ એમ ત્રણ ત્રણ સત્તા સ્થાનકો હોય છે બાકીનાં ૬ ઉદયસ્થાનકમાં બે બે ૬X૨=૧૨, તથા ૩૦ અને ૩૧ આ બે ઉદયસ્થાનકે ૩+૩=૬ એમ બન્ને મળીને દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધે ઉદયસ્થાનક વાર સત્તાસ્થાનકો કુલ ૧૮ સત્તાસ્થાનકો થાય છે.

તથા નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધે ૧ બંધભાંગો અને તથા તે બંધ કરનારા જીવોને ઉદયસ્થાનક ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦ અને ૩૧ એમ છ જ હોય છે. ઉદયભાંગા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના ૩૦-૩૧ ના ઉદયના ૧૧૫૨+૧૧૫૨ કુલ ૨૩૦૪, ગર્ભજ મનુષ્યના ૩૦ ના ઉદયના ૧૧૫૨, એમ કુલ ૩૪૫૬ ઉદયભાંગા હોઈ શકે છે. ત્યાં પંચેન્દ્રિય તિર્યંચના ૩૦-૩૧ ના ઉદયમાં ૯૨-૮૮ અને ૮૬ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાન હોઈ શકે છે પરંતુ ગર્ભજ મનુષ્યના જીવો જો નરકપ્રાયોગ્ય ૨૮ બાંધે તો ૯૨, ૮૮, ૮૬ આ ત્રણ ઉપરાંત ૮૯નું સત્તાસ્થાન પણ હોઈ શકે છે જે આત્માએ પ્રથમ નરકાયુષ્ય બાંધ્યું હોય અને પછી સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું હોય અને પછી તીર્થંકર નામકર્મ બાંધ્યું હોય

તેવા જીવો મિથ્યાત્વે આવે ત્યારે નરકપ્રાયોગ્ય ૨૮ ના બંધે ૮૯ની સત્તા હોય છે આ રીતે વિચારતાં નરકપ્રાયોગ્ય ૨૮ ના બંધે ૩૦ ના ઉદયસ્થાને ૯૨, ૮૮, ૮૬ અને ૮૯ એમ ૪ સત્તાસ્થાનક અને ૩૧ ના ઉદયસ્થાને માત્ર તિર્યંચો જ હોવાથી ૯૨-૮૮ અને ૮૬ એમ ત્રણ જ સત્તાસ્થાનકો હોય છે પરંતુ દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધમાં અને નરક પ્રાયોગ્ય ૨૮ના બંધમાં જે સમાન સત્તાસ્થાનો છે તે જુદાં ન ગણીએ તો નરક પ્રાયોગ્ય ૨૮ના બંધે માત્ર ૩૦ ના ઉદયમાં ૧ સત્તાસ્થાન ૮૯નું જ વધારે ગણવું જઈએ જેથી દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધમાં ૧૮ અને નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધમાં ૩૦ ના ઉદયે ૪ અને ૩૧ ના ઉદયે ૩ એમ સાત હોવા છતાં ૩૦ ના ઉદયનું માત્ર એક ૮૯ નું જ ગણીએ તો કુલ ૧૯ સત્તાસ્થાનો થાય છે.

નરકપ્રાયોગ્ય ૨૮ ના બંધે વૈક્રિય તિર્યંચ અને વૈક્રિય મનુષ્યના ઉદયભાંગા અનુક્રમે ૫૬ અને (ઉદ્યોત વિનાના) ૩૨ ભાંગા સંભવી શકે છે. પરંતુ સપ્તતિકાચૂર્ણિ અને પંચસંગ્રહની વૃત્તિ આદિમાં ક્યાંય લીધા નથી. એટલે અમે પણ ક્યાંય લેતા નથી. (જુઓ છટ્ઠો કર્મગ્રંથ અમારા વિવેચનવાળો પાના નંબર ૧૦૮).

આ પ્રમાણે ૨૮ ના બંધે કુલ ૧૯ સત્તાસ્થાનો થાય છે.

હવે પંચેન્દ્રિય માર્ગણામાં ૨૯ ના બંધનો સંવેધ સમજાવાય છે. વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૧, પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨, સામાન્ય મનુષ્યપ્રાયોગ્ય ૩, અને તીર્થંકર નામકર્મ સાથે દેવપ્રાયોગ્ય ૪, એમ કુલ ચાર પ્રકારનો બંધ હોય છે. આ ચારે પ્રકારના બંધના અનુક્રમે ૨૪, ૪૬૦૮, ૪૬૦૮ અને ૮ એમ કુલ ૯૨૪૮ બંધભાંગા પંચેન્દ્રિયમાં હોય છે.

તથા વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૯ નો બંધ કરતા એવા પંચેન્દ્રિય તિર્યંચોને અને મનુષ્યોને ૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦ અને ૩૧ એમ ૮ ઉદયસ્થાનક અને પંચેન્દ્રિય તિર્યંચોના ૪૯૦૬, અને મનુષ્યોના ૨૬૦૨, વૈક્રિય તિર્યંચોના ૫૬, વૈક્રિય મનુષ્યોના ૩૫માંથી ઉદ્યોતવાળા ૩ છોડીને શેષ ૩૨, એમ કુલ ૭૫૯૬ ઉદયભાંગા હોય છે. આ પંચેન્દ્રિય માર્ગણા ચાલતી હોવાથી એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬ ઉદયભાંગા લીધા નથી. તથા આહારક મનુષ્યના ૭, કેવલી ભગવાનના ૮, દેવોના ૬૪ અને નારકીના ૫ તથા વૈક્રિય મનુષ્યના ઉદ્યોતવાળા ૩ આ ૮૭ ભાંગા છે પંચેન્દ્રિયના, પરંતુ તેઓ વિકલેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરતા નથી. તેથી આ ઉદયભાંગા વિકલેન્દ્રિય પ્રાયોગ્ય બંધે સંભવતા નથી. એમ કુલ ૪૨+૬૬+૮૭=૧૯૫ ઉદયભાંગા વિના બાકીના ૭૫૯૬ ઉદયભાંગા હોય છે. સત્તાસ્થાનક ૯૨,૮૮,૮૬,૮૦ અને ૭૮ એમ કુલ પાંચ હોય છે.

પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ ના બંધે બંધભાંગા ૪૬૦૮, આ બંધને કરનારા પંચેન્દ્રિય જીવોમાં પંચેન્દ્રિય તિર્યંચના ૪૯૦૬, વૈક્રિય તિર્યંચના ૫૬, સામાન્ય મનુષ્યના ૨૬૦૨, વૈક્રિય મનુષ્યના ૩૫ માંથી ૩૨, દેવોના ૬૪ અને નારકીના ૫ એમ કુલ ૭૬૬૫ ઉદયબાંગા હોય છે. પરંતુ એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, આહારક મનુષ્યના ૭, કેવલી ભગવાનના ૮ ઉદ્યોતવાળા વૈક્રિય મનુષ્યના ૩ એમ કુલ ૧૨૬ ઉદયભાંગા સંભવતા નથી. સત્તાસ્થાનક ૯૨, ૮૮, ૮૬, ૮૦ અને ૭૮ એમ પાંચ હોય છે કારણ કે પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય આ બંધ છે તેથી તીર્થંકર નામકર્મવાળાં સત્તાસ્થાનક તથા શ્રેણિ સંબંધી સત્તાસ્થાનકો સંભવતાં નથી.

મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધે ૪૬૦૮ બંધભાંગા હોય છે તથા આ બંધ કરનારા જીવોનાં ઉદયસ્થાનકોમાં પંચેન્દ્રિય માર્ગણામાં ૨૧ થી ૩૧ સુધીનાં ૨૪ વિના ૮ ઉદયસ્થાનકો હોય છે.

ત્યાં સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૪૯૦૬, વૈક્રિય તિર્યંચના ૫૬, સામાન્ય મનુષ્યના ૨૬૦૨, વૈક્રિય મનુષ્યના ઉદ્યોતવાળા ૩ વર્જીને બાકીના ૩૨, દેવોના ૬૪ અને નારકીના ૫ એમ કુલ ૭૬૬૫ ઉદયભાંગા હોય છે. પરંતુ આ પંચેન્દ્રિય માર્ગણા હોવાથી એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, તથા આહારક મનુષ્યના ૭, ઉદ્યોતવાળા વૈક્રિય મનુષ્યના ૩, કેવલીમનુષ્યના ૮ એમ કુલ ૧૨૬ ઉદયભાંગા આ બંધે સંભવતા નથી.

સત્તાસ્થાનક ૯૨, ૮૮, ૮૬, ૮૯ અને ૮૦ એમ કુલ પાંચ સત્તાસ્થાનક હોય છે. ૨૯ ના આ બંધમાં તીર્થંકરનામકર્મનો બંધ ન હોવાથી ૯૩ ની સત્તા હોતી નથી. પરંતુ પ્રથમ નરકાયુષ્ય જે જીવે બાંધ્યું હોય અને પછી સમ્યક્ત્વ પામી તીર્થંકરનામકર્મ બાંધ્યું હોય તેવો જીવ જ્યારે નરકમાં જવા અભિમુખ થાય છે. ત્યારે મિથ્યાત્વે ૮૯ ની સત્તા હોય છે અને તે જ જીવ મૃત્યુ પામી નરકમાં જાય ત્યારે ત્યાં મનુષ્ય પ્રાયોગ્ય આ ૨૯ નો બંધ હોઈ શકે છે અને ત્યાં ૮૯ની સત્તા ઘટી શકે છે. આમ કુલ પાંચ સત્તાસ્થાનક હોય છે.

દેવપ્રાયોગ્ય ૨૯ નો બંધ તીર્થંકર નામકર્મના બંધવાળો છે. તેથી આ બંધ કરનારા જીવો સમ્યગ્દષ્ટિ જ હોય અને તે પણ મનુષ્ય જ માત્ર હોય છે. આ કારણે ઉદયસ્થાનક ૨૧, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ એમ છ જ હોય છે ઉદય બાંગા અપર્યાપ્તા મનુષ્યના ૨ છોડીને બાકીના સામાન્ય મનુષ્યના ૨૬૦૦, વૈક્રિય મનુષ્યના ૩૫, તથા આહારક મનુષ્યના ૭ એમ કુલ ૨૬૪૨ ઉદયભાંગા હોય છે. આ દેવપ્રાયોગ્ય ૨૯ નો બંધ તીર્થંકર નામકર્મવાળો છે તે માટે બીજા ઉદયભાંગા સંભવતા નથી. અહીં સત્તાસ્થાનક

૯૩ અને ૮૯ એમ બે હોય છે પરંતુ આહારકના સાત ઉદયભાંગામાં માત્ર એક ૯૩ નું જ સત્તા સ્થાનક હોય છે.

આ પ્રમાણે ચારે પ્રકારના ૨૯ ના બંધની વાત સમાપ્ત કરીને હવે ૩૦ ના બંધની પંચેન્દ્રિય માર્ગણામાં વિચારણા કરીશું.

નામકર્મનો ૩૦ નો બંધ વિકલેન્દ્રિયપ્રાયોગ્ય, પંચેન્દ્રિયતિર્યંચપ્રાયોગ્ય, તીર્થંકર નામકર્મ સાથે મનુષ્ય પ્રાયોગ્ય અને આહારકદ્વિક સાથે દેવપ્રાયોગ્ય એમ ચાર પ્રકારનો હોય છે.

ત્યાં વિકલેન્દ્રિય પ્રાયોગ્યના ૨૪, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્યના ૪૬૦૮, મનુષ્ય પ્રાયોગ્યના ૮, અને દેવ પ્રાયોગ્ય બંધનો ૧, એમ કુલ ૪૬૪૧ બંધભાંગા જાણવા.

ઉદયસ્થાનક ૨૦, ૨૪, ૯ અને ૮ એમ ચાર વિનાનાં કુલ ૮ ઉદયસ્થાનક હોય છે. ઉદયભાંગા એકેન્દ્રિય ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, એમ કુલ ૧૦૮ ભાંગા વિના બાકીના ૭૬૮૩ ઉદયભાંગા હોય છે. સત્તાસ્થાનક સમાન્યથી ૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦ અને ૭૮ એમ કુલ સાત હોય છે.

વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૩૦ ના બંધે બંધભાંગા ૨૪, ઉદયસ્થાનક ૨૧, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦ અને ૩૧ એમ ૮ હોય છે. તથા ઉદયભાંગા સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૪૯૦૬, વૈક્રિય તિર્યંચના ૫૬, સામાન્ય મનુષ્યના ૨૬૦૨, અને વૈક્રિય મનુષ્યના ઉદ્યોતના ૩ ભાંગા વિના ૩૨, એમ કુલ ૭૫૯૬, ઉદયભાંગા હોય છે. સામાન્યપણે ઉપર જે ૭૬૬૫, ઉદયભાંગા કહ્યા, તેમાંથી દેવ-નારકીના ૬૪+૫=૬૯ ભાંગા વર્જીને શેષ ૭૫૯૬ ઉદયભાંગા હોય છે.

પંચેન્દ્રિય તિર્યંચના ૪૯૦૬ જે ઉદયભાંગા કહ્યા. તેમાંથી ૨૧ અને ૨૬ ના ઉદયના અનુક્રમે જે ૯ અને ૨૮૯ ઉદયભાંગા હોય છે. તેમાં ૯૨, ૮૮, ૮૬, ૮૦ અને ૭૮ એમ પાંચ પાંચ સત્તાસ્થાનક હોય છે. બાકીના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના (૨૧-૨૬ ના ઉદય વિના) ૪૬૦૮ તથા સામાન્ય મનુષ્યના ૨૬૦૨ ઉદયભાંગામાં ૭૮ વિના ચાર ચાર સત્તાસ્થાનક હોય છે. વૈક્રિય તિર્યંચ અને વૈક્રિય મનુષ્યના ૫૬ તથા ૩૨ ભાંગામાં ૯૨ અને ૮૮ એમ બે સત્તાસ્થાનક હોય છે. આ વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૩૦નો બંધ સમજાવ્યો.

સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ ના બંધે બંધભાંગા ૪૬૦૮, તેને બાંધનારા પંચેન્દ્રિય જીવોમાં મનુષ્યના ૨૬૦૨, પંચેન્દ્રિય તિર્યંચના ૪૯૦૬, વૈક્રિય તિર્યંચના ૫૬ વૈક્રિય મનુષ્યના ૩૨, દેવોના ૬૪ અને નારકીના ૫ એમ કુલ ૭૬૬૫, ઉદયબાંગા હોય છે. સત્તાસ્થાનક સામાન્યથી ૯૨, ૮૮, ૮૬, ૮૦ અને ૭૮ એમ પાંચ હોય છે.

વિશેષ વિચાર કરીએ તો પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૪૬૦૮ બંધભાંગા બાંધનારા જીવોમાં પંચેન્દ્રિય તિર્યંચના ૨૧ અને ૨૬ ના ઉદયના અનુક્રમે ૯ અને ૨૮૯ ઉદયભાંગામાં ૭૮ ની સાથે ૯૨, ૮૮, ૮૬, ૮૦ અને ૭૮ એમ પાંચ પાંચ સત્તાસ્થાનકો હોય છે. પરંતુ તે જ પંચેન્દ્રિય તિર્યંચના બાકીના ૪૬૦૮ ઉદયભાંગા તથા સામાન્ય મનુષ્યના ૨૬૦૨ ઉદયભાંગા આ બન્નેમાં ૭૮ વિના ચાર ચાર સત્તાસ્થાનક તથા વૈક્રિય તિર્યંચના ૫૬ ઉદય ભાંગા અને વૈક્રિય મનુષ્યના ૩૨ ઉદયભાંગામાં ૯૨ અને ૮૮ એમ બે બે સત્તાસ્થાનકો હોય છે.

મનુષ્યપ્રાયોગ્ય ૩૦ નો બંધ તીર્થંકર નામકર્મવાળો છે. તેથી તેને બાંધનારા જીવોમાં દેવો અને નારકી એમ બે જ પ્રકારના જીવો હોય છે. તેના અનુક્રમે ૬૪ અને ૫ એમ ૬૯ ઉદયભાંગા હોય છે તથા દેવ-નારકીનાં ૨૫-૨૭-૨૮-૨૯ અને ૩૦ એમ સંભવતાં ઉદયસ્થાનોમાં ૯૩ અને ૮૯ એમ બે બે સત્તાસ્થાનકો હોય છે.

તથા દેવપ્રાયોગ્ય ૩૦ નો બંધ આહારકદ્વિક સહિત છે. તેથી તેને બાંધનારા મનુષ્યમાત્ર જ હોય છે. ત્યાં પણ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા ૮-૯ વર્ષથી ઉપરની વયવાળા અપ્રમત્ત મુનિઓ જ આ બંધ કરે છે તેથી સામાન્ય મનુષ્યનો ૩૦ નો ઉદય હોય છે અને ત્યાં દૌર્ભાગ્ય અનાદેય અને અયશનો ઉદય ન હોવાથી ૬ સંઘયણ, ૬ સંસ્થાન, શુભ-અશુભ વિહાયોગતિ અને સુસ્વર-દુઃસ્વરના ૬X૬X૨X૨=૧૪૪ ઉદયભાંગા હોય છે. તથા વૈક્રિય મનુષ્યના સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તાના અને આહારક શરીર બનાવનારા મુનિ મહાત્માના પણ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તાના ૨૯ તથા ૩૦ ના ઉદયનો સર્વ શુભ પ્રકૃતિવાળો ૧-૧ ઉદયબાંગો હોય છે તેથી કુલ ૧૪૪+૨+૨=૧૪૮ ઉદયભાંગા હોય છે. ત્યાં સર્વ ઉદયભાંગામાં માત્ર ૯૨ ની જ સત્તા હોય છે. આ પ્રમાણે વિકલેન્દ્રિય પ્રાયોગ્ય, પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય, મનુષ્ય પ્રાયોગ્ય અને દેવપ્રાયોગ્ય એમ ૪ પ્રકારના ૩૦ ના બંધનો સંબોધ પંચેન્દ્રિયમાં સમજાવ્યો.

૩૧ નો બંધ, ૧ નો બંધ, અને અબંધ આ ત્રણેના બંધ ભાંગા, ઉદયસ્થાનક, ઉદયભાંગા, તથા સત્તાસ્થાનક સામાન્ય સંવેધમાં કહ્યા છે તેમ ત્યાંથી જ જાણી લેવા. આ પ્રમાણે પંચેન્દ્રિય માર્ગણામાં નામકર્મની વિધિ સમજાવી. ૪ ગતિ અને પાંચ જાતિ માર્ગણા સમજાવી તેને અનુસારે બાકીની ૬૨ માર્ગણાઓમાંની શેષ માર્ગણાઓ પણ સ્વયં સમજી લેવી.

•••

હવે પ્રસંગના વશથી ચૌદ જીવસ્થાનકો ઉપર બન્ધ ઉદય અને સત્તાસ્થાનો કહેવાય છે. ત્યાં જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય અને અંતરાયકર્મ આ ત્રણ કર્મોમાં બન્ધ ઉદય અને સત્તાસ્થાનકોમાં જે ભાંગા મિથ્યાદષ્ટિમાં કહ્યા છે તે જ ભાંગા પર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિય નામના એક જીવસ્થાનકને વર્જીને બાકીનાં તેર જીવનસ્થાનકોમાં જાણવા. જ્ઞાનાવરણીય કર્મનો પાંચનો બંધ પાંચનો ઉદય અને પાંચની સત્તા તથા અંતરાય કર્મનો પણ પાંચનો બંધ, પાંચનો ઉદય અને પાંચની જ સત્તા એમ એક એક ભાંગો જ તેર જીવસ્થાનકોમાં હોય છે.

તથા દર્શનાવરણીયકર્મમાં નવનો બંધ, ચારનો ઉદય અને ૯ ની સત્તા, અથવા નવનો બંધ, પાંચનો ઉદય અને નવની સત્તા એમ બે જ ભાંગા આ તેર જીવસ્થાનકોમાં માત્ર મિથ્યાત્વગુણસ્થાનક એક જ હોવાથી હોય છે.

સંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્ત જીવસ્થાનકમાં ચૌદ ગુણસ્થાનકોમાં જે જે ભાંગા કહ્યા છે તે તે સઘળા ભાંગા અવિશેષપણે જાણવા. હવે વેદનીય કર્મ કહીશું.

ત્રીજા વેદનીયકર્મના કુલ ૮ સંવેધભાંગા છે. તેમાંથી પ્રથમના ચાર ભાંગા તેર જીવસ્થાનકોમાં હોય છે. તે આ પ્રમાણે (૧) અસાતાનો બંધ, અસાતાનો ઉદય અને બન્નેની સત્તા, (૨) અસાતાનો બંધ સાતાનો ઉદય અને બન્નેની સત્તા, (૩) સાતાનો બંધ, અસાતાનો ઉદય અને બન્નેની સત્તા, (૪) સાતાનો બંધ, સાતાનો ઉદય અને બન્નેની સત્તા, આ ચાર જ ભાંગા તેર જીવસ્થાનકોમાં હોય છે બાકીના ચાર ભાંગા અબંધવાળા હોવાથી આ તેર જીવસ્થાનકોમાં સંભવતા નથી. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત જીવભેદમાં વેદનીયકર્મના આઠે ભાંગા હોય છે.

તથા સંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્ત જીવસ્થાનકમાં ગોત્રકર્મના સાતે સાત આઠે આઠ ભાંગા હોય છે. તથા ગોત્ર કર્મના પ્રથમના ત્રણ ભાંગા જ તેર જીવ સ્થાનકમાં હોય છે. (૧) નીચગોત્રનો બંધ, નીચગોત્રનો ઉદય, અને માત્ર નીચગોત્રની જ સત્તા, (૨) નીચગોત્રનો બંધ, નીચગોત્રનો ઉદય તથા ઉચ્ચ નીચ એમ ઉભયની સત્તા, (૩) ઉચ્ચગોત્રનો બંધ, નીચગોત્રનો ઉદય અને બે ગોત્રની સત્તા.

આ ત્રણ ભાંગામાંથી પ્રથમનો નીચનો બંધ, નીચનો ઉદય અને નીચ ગોત્રની જ સત્તા આ ભાંગો તેઉકાય વાઉકાયમાં હોય છે તથા ત્યાંથી નીકળીને બાકીના જીવસ્થાનકોમાં આવેલા તે જીવને કેટલોક કાળ અર્થાત્ શરીર પર્યાપ્તિ સમાપ્ત કરે ત્યાં સુધી આ ભાંગો હોય છે. આ તેર જીવસ્થાનકોમાં ગોત્રકર્મના બાકીના ભાંગા સંભવતા નથી. કારણ કે આ તેર જીવસ્થાનોમાં ઉચ્ચગોત્રનો ઉદય જ નથી.

હવે આયુષ્યકર્મના ભાંગાઓનો જીવસ્થાનકમાં વિચાર કરાય છે. તિર્યંચગતિમાં જે આયુષ્ય કર્મના નવ ભાંગા છે. તે સર્વે નવે પણ ભાંગા અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં ઘટે છે. કારણ કે અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો મૃત્યુ પામીને ચારે ગતિમાં જાય છે. એટલે ચારે ગતિના આયુષ્યના બંધનો સંભવ છે તે માટે નવે ભાંગા સંભવે છે.

એકેન્દ્રિયપર્યાપ્તા અપર્યાપ્તાસૂક્ષ્મ અને બાદરનાં ચાર જીવસ્થાનકો તથા વિકલેન્દ્રિય ત્રણ પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ છ જીવસ્થાનક એમ કુલ ૧૦ જીવસ્થાનકોમાં તિર્યંચગતિના આયુષ્યકર્મના જે ૯ ભાંગા છે. તેમાંથી દેવાયુષ્ય અને નરકાયુષ્યના બંધવાળા તથા બંધ વિના સત્તાવાળા એમ જે ૨ + ૨ = ૪ ભાંગા છે. તે ચાર ભાંગા વિના શેષ પાંચ ભાંગા હોય છે. આ પાંચે ભાંગા અન્યૂનપણે અને અનધિકપણે ત્યાં ૧૦ જીવસ્થાનકોમાં સંભવે છે.

અસંજ્ઞી અપર્યાપ્તા નામના અગિયારમા જીવસ્થાનકમાં પણ આ જ તિર્યંચગતિના પાંચ ભાંગા હોય છે. કારણ કે તેઓને દેવ-નરકના આયુષ્યના બંધનો સંભવ નથી.

તથા મનઃપર્યાપ્તિ વડે પર્યાપ્તા એવા સંજ્ઞી પંચેન્દ્રિય જીવમાં આયુષ્યકર્મના અઠ્ઠાવીસે અઠ્ઠાવીસ ભાંગા અન્યૂનાધિક પણે સંભવે છે. ચારે ગતિના જીવો તેમાં હોવાથી.

મનઃપર્યાપ્તિ વડે અપર્યાપ્તા એવા સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તામાં પાંચ તિર્યંચગતિના અને પાંચ મનુષ્યગતિના એમ કુલ ૧૦ ભાંગા આયુષ્યકર્મના હોય છે. આ દશ ભાંગા લબ્ધિઅપર્યાપ્તા સંજ્ઞીપંચેન્દ્રિયમાં જાણવા. જો કરણ અપર્યાપ્તાવાળો સંજ્ઞી અપર્યાપ્તો જીવભેદ લેવામાં આવે તો દેવ અને નારકીનો પણ આયુષ્યના બંધ પૂર્વેનો એક એક ભાંગો વધારે સંભવતો હોવાથી સંજ્ઞી અપર્યાપ્તા જીવભેદમાં ૧૦ ને બદલે ૧૨ ભાંગા આયુષ્ય કર્મના હોય છે. આ પ્રમાણે તેર જીવસ્થાનકોમાં મોહનીય અને નામકર્મ વિના શેષ છ કર્મોના ભાંગા સમજાવ્યા.

હવે મોહનીયકર્મના ભાંગા કહેવાય છે. મોહનીયકર્મનાં બંધસ્થાનક, ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક સંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તામાં સર્વે પણ ભેદ પ્રભેદ સાથે જેમ પૂર્વે કહ્યાં છે તેમ સમજી લેવાં.

બાદર એકેન્દ્રિય પર્યાપ્તા, વિકલેન્દ્રિય પર્યાપ્તા, તથા અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા આ પાંચ જીવભેદ લબ્ધિ પર્યાપ્તા અને કરણ અપર્યાપ્તા હોય ત્યારે બે ગુણસ્થાનક હોય છે. મિથ્યાત્વ અને સાસ્વાદન, તેથી ૨૨ અને ૨૧ એમ મોહનીય કર્મનાં બે બંધસ્થાનકો જાણવાં. તેમાં ૨૧ નું બંધસ્થાનક સાસ્વાદને હોવાથી કરણાપર્યાપ્તાવસ્થામાં જ પ્રથમની ૬ આવલિકા કાળમાં જ જાણવું.

પર્યાપ્તા તથા અપર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિય, લબ્ધિ અપર્યાપ્તા બાદર એકેન્દ્રિય, તથા લબ્ધિ અપર્યાપ્તા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને લબ્ધિ અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય એમ કુલ ૮ જીવસ્થાનકોમાં માત્ર મિથ્યાત્વ ગુણસ્થાનક જ હોય છે. તેથી ૨૨ નું એક જ બંધસ્થાનક જાણવું. ભેદ-પ્રભેદ સહિત બંધનો આ વિષય પૂર્વે જેમ કહ્યો છે તેમ જાણવો.

આ આઠે જીવસ્થાનકોમાં પ્રથમ જ ગુણસ્થાનક હોવાથી ૨૨ નો બંધ, અને મોહનીયકર્મનાં ત્રણ જ ઉદયસ્થાનો હોય છે. ૮-૯ અને ૧૦ એમ ત્રણ ઉદયસ્થાનક જાણવાં. જે અનંતાનુબંધી કષાયના ઉદય રહિત ૭ નું ઉદયસ્થાનક છે. જે આ આઠ જીવ સ્થાનકોમાં સંભવતું નથી. કારણ કે તે આઠે જીવ સ્થાનકોમાં વર્તતા જીવોને અવશ્ય અનંતાનુબંધી ચાર કષાયો ઉદયમાં વર્તે જ છે. તથા વેદ પણ તેઓને નપુંસકવેદ જ ઉદયમાં આવેલો હોય છે. પરંતુ અન્ય એવા સ્ત્રીવેદ અને પુરુષ વેદ ઉદયમાં હોતા નથી. તેથી આઠના ઉદયે ૧ ચોવિશીના બદલે આઠ જ ઉદય ભાંગા થાય છે. ચાર કષાય અને બે યુગલના પરસ્પર ગુણાકારથી આઠ ઉદયભાંગા થાય છે નવના ઉદયમાં બે અષ્ટક અને દશના ઉદયમાં ૧ અષ્ટક એમ કુલ ૪ અષ્ટક થાય છે જેથી ૩૨ ઉદયભાંગા કહેવાય છે.

આ જ ત્રણ ઉદયસ્થાનકોમાં સાતનું એક ઉદયસ્થાનક ઉમેરતાં કુલ ૪ ઉદયસ્થાનક લબ્ધિ પર્યાપ્તા બાદર એકેન્દ્રિય લબ્ધિ પર્યાપ્તા ત્રણ વિકલેન્દ્રિય તથા લબ્ધિ પર્યાપ્તા એક અસંજ્ઞિ પંચેન્દ્રિય પર્યાપ્તા એમ કુલ પાંચ જીવસ્થાનકોમાં (૭-૮-૯-૧૦) ઉદયસ્થાનકો હોય છે. કારણ કે આ પાંચ જીવભેદમાં (૧-૨) પહેલું અને બીજું એમ બે ગુણસ્થાનક છે.

ઉપરોક્ત પાંચે જીવસ્થાનકોમાં મિથ્યાત્વ અને સાસ્વાદન એમ બે ગુણસ્થાનક હોવાથી મિથ્યાત્વે ૮-૯-૧૦ અને સાસ્વાદને ૭-૮-૯ એમ ત્રણ ત્રણ ઉદયસ્થાનક હોય છે. આ સર્વે પણ જીવ ભેદોમાં વેદ માત્ર નપુંસકવેદ જ હોય છે. તેથી જ્યાં જ્યાં ચોવીશી થતી હતી. ત્યાં સર્વત્ર અષ્ટકજી સમજવું.

તે કારણથી સાસ્વાદને ચાર અષ્ટક અને મિથ્યાત્વે ચાર અષ્ટક એમ કુલ આઠ અષ્ટક થાય છે. તેના ૬૪ ઉદય ભાંગા જાણવા. આ પ્રમાણે પાંચ અને આઠ એમ તેર જીવસ્થાનકોમાં ૨૮-૨૭-૨૬ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાનકો મોહનીય કર્મનાં જાણવાં. ત્યાં બાદર એકેન્દ્રિય પર્યાપ્તા આદિ પાંચ જીવસ્થાનકોમાં સાસ્વાદન ભાવ જ્યારે હોય ત્યારે ૨૮ નું એક જ સત્તાસ્થાનક હોય છે. પણ ૩ સત્તાસ્થાનક હોતાં નથી. આ પ્રમાણે તેર જીવ સ્થાનકોમાં મોહનીયનાં બંધસ્થાનકાદિ કહીને હવે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા નામના ચૌદમા જીવસ્થાનકમાં બંધસ્થાનકાદિ સમજાવે છે.

કરણઅપર્યાપ્ત અને લબ્ધિપર્યાપ્ત એવા સંજ્ઞી પંચેન્દ્રિયમાં ૧-૨ અને ૪ એમ ત્રણ ગુણસ્થાનકો હોય છે. ચોથુ ગુણસ્થાનક હોય ત્યારે ૧૭ નો બંધ તથા ૬-૭-૮ અને ૯ એમ ચાર ઉદયસ્થાનક તથા ૨૪ અને ૨૧ એમ બે સત્તાસ્થાનક હોય છે. તથા પહેલુ ગુણસ્થાનક તથા બીજુ ગુણસ્થાનક પણ આ સંજ્ઞી અપર્યાપ્તામાં હોય છે. સંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તામાં સામાન્ય સંવેધ જાણવો. આ પ્રમાણે મોહનીય કર્મનાં બંધસ્થાનક ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક જીવભેદોમાં સમજાવ્યાં.

હવે ૧૪ જીવભેદોમાં નામકર્મનો સંવેધ કહેવાય છે. ત્યાં સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં આઠે પણ બન્ધસ્થાનકો હોય છે. તે પૂર્વે સમજાવ્યાં તેમ જાણી લેવાં. ૧૩૯૪૫ બંધભાંગા પણ જાણવા. અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત જીવભેદમાં પ્રારંભનાં છ ૨૩-૨૫-૨૬-૨૮-૨૯ અને ૩૦ એમ છ બંધસ્થાનકો જાણવાં. આ અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત જીવો નરકગતિ અને દેવગતિ પ્રાયોગ્ય પણ બંધ કરે છે. તેથી અઠ્ઠાવીસનું પણ બંધસ્થાનક હોય છે. બંધભાંગા ૧૩૯૨૬ હોય છે. તે છ માંથી એક અઠ્ઠાવીસનું બંધસ્થાનક ત્યજીને શેષ ૨૩-૨૫-૨૬-૨૯ અને ૩૦ એમ પાંચ બંધસ્થાનક પર્યાપ્ત અને અપર્યાપ્ત ૩ વિકલેન્દ્રિય, બાદર એકેન્દ્રિય અને સૂક્ષ્મ એકેન્દ્રિય એમ ૧૦ જીવસ્થાનકોમાં હોય છે. અને ત્યાં ૧૩૯૧૭ બંધભાંગા બંધાય છે.

અસંજ્ઞી અને સંજ્ઞી અપર્યાપ્ત જીવભેદ જો લબ્ધિ અપર્યાપ્ત વિચારીએ તો ઉપરોક્ત જ ૨૩-૨૫-૨૬-૨૯ અને ૩૦ એમ પાંચ જ બંધસ્થાનક અને ૧૩૯૧૭ બંધભાંગા જ હોય છે. કારણ કે લબ્ધિ અપર્યાપ્ત સર્વે પણ જીવોને તિર્યંચ અને મનુષ્ય પ્રાયોગ્ય જ બંધ થાય છે દેવ અને નરક પ્રાયોગ્ય બંધ અતિશય વિશુદ્ધિએ અને અતિશય સંકિલષ્ટતાએ થાય તેવી અતિશય વિશુદ્ધિ અને અતિશય સંક્લિષ્ટતા આ જીવોમાં સંભવતી નથી.

તે પાંચે બંધસ્થાનકો તથા તેના બંધભાંગા તિર્યંચ અને મનુષ્યપ્રાયોગ્ય પૂર્વે કહ્યા પ્રમાણે જાણવા.

હવે ઉદયસ્થાનક સમજાવાય છે. સૂક્ષ્મ અને બાદર અપર્યાપ્ત એકેન્દ્રિય અર્થાત્ લબ્ધિ અપર્યાપ્ત આ બન્ને એકેન્દ્રિય જીવભેદમાં ૨૧ અને ૨૪ એમ બે જ ઉદયસ્થાનકો હોય છે. ત્યાં સૂક્ષ્મ અપર્યાપ્તાને તિર્યંચદ્વિક, તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, વર્ણચતુષ્ક, એકેન્દ્રિય જાતિ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સ્થિર-અસ્થિર, શુભ અશુભ, દૌર્ભાગ્ય અનાદેય, અયશઃકીર્તિ અને અનાદેય આ પ્રમાણે આ ૨૧ કર્મપ્રકૃતિઓ વિગ્રહગતિમાં ઉદયમાં હોય છે. આ ૨૧માં એક જ ઉદયભાંગો હોય છે. કારણ કે પરાવર્તમાન એવી પુણ્ય પ્રકૃતિઓનો ઉદય સંભવતો નથી. માત્ર પાપ પ્રકૃતિઓનો જ ઉદય હોય છે.

બાદરઅપર્યાપ્તા એકેન્દ્રિય જીવોને પણ આ જ ૨૧ કર્મપ્રકૃતિઓનું ઉદયસ્થાનક જાણવું. પરંતુ સૂક્ષ્મના બદલે બાદરનામકર્મનો ઉદય સમજવો. ત્યાં પણ એક જ ઉદય ભાંગો જાણવો.

તથા આ બન્ને જીવસ્થાનકોમાં (સૂક્ષ્મ અપર્યાપ્ત અને બાદર અપર્યાપ્તા એમ ઉભય જીવભેદોમાં) ઔદારિક શરીર, હુંડક સંસ્થાન, ઉપઘાત, પ્રત્યેક અને સાધારણમાંથી એક, એમ કુલ ચાર પ્રકૃતિનો પ્રક્ષેપ કરે છતે અને તિર્યંચાનુપૂર્વી દૂર કરે છતે ૨૪ નું ઉદયસ્થાનક થાય છે.

અહીં પ્રત્યેક તથા સાધારણની સાથે સૂક્ષ્મઅપર્યાપ્તામાં અને બાદર અપર્યાપ્તામાં એમ બન્નેમાં બે બે ભાંગા થાય છે. આ પ્રમાણે સૂક્ષ્મ અપર્યાપ્તા અને બાદર અપર્યાપ્તાનાં બે ઉદયસ્થાનક સમજાવ્યાં. તથા તેના ત્રણ-ત્રણ ભાંગા કુલ હોય છે.

ત્રણ વિકલેન્દ્રિય અસંજ્ઞી અપર્યાપ્તા તથા સંજ્ઞી અપર્યાપ્તા (આ લબ્ધિ અપર્યાપ્તા સમજવા) એમ કુલ પાંચ જીવસ્થાનકોમાં ૨૧ અને ૨૬ એમ બે ઉદયસ્તાનક જાણવાં ત્યાં અપર્યાપ્તા બેઇન્દ્રિય જીવોમાં આ પ્રમાણે ૨૧ પ્રકૃતિઓ જાણવી.

તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, વર્ણાદિ ચતુષ્ટય, નિર્માણ, તિર્યંચદ્વિક, બેઇન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, અપર્યાપ્ત, દૌર્ભાગ્ય, અનાદેય અને અયશઃકીર્તિ એમ કુલ ૨૧ પ્રકૃતિઓનો ઉદય વિગ્રહગતિમાં જાણવો. આ સર્વ પણ પ્રકૃતિઓ અશુભ હોવાથી ૧ જ ઉદયભાંગો જાણવો.

ત્યારબાદ શરીરસ્થ જીવને એટલે કે વિગ્રહગતિ સમાપ્ત થાય અને ઉત્પત્તિસ્થાનમાં આવે તથા શરીર ચાલુ કરે ત્યારથી ઔરિકદ્વિક, હુંડક સંસ્થાન, સેવાર્તસંઘયણ, ઉપઘાત અને પ્રત્યેક એમ છ પ્રકૃતિઓનો ઉદય પ્રક્ષિપ્ત કરાયે છતે અને તિર્યંચાનુપૂર્વી દૂર કરાયે છતે ૨૬ નું ઉદયસ્થાનક થાય છે. અહીં પણ સર્વ પ્રકતિઓ અશુભ હોવાથી એક જ ઉદયભાંગો થાય છે. આ પ્રમાણે બેઇન્દ્રિય અપર્યાપ્તાનાં બે ઉદયસ્થાનક અને બે ઉદયભાંગા જાણવા. આ જ પ્રમાણે તેઇન્દ્રિય - ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તામાં પણ બે બે ઉદયસ્થાનક અને બે બે ઉદયભાંગા જાણવા.

પરંતુ અપર્યાપ્તાસંજ્ઞી પંચેન્દ્રિયમાં ચાર ઉદયભાંગા જાણવા. બે તિર્યંચગતિના જીવોને, અને બે મનુષ્યગતિના જીવોને આશ્રયી.

તથા પર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોને ૨૧-૨૪-૨૫ અને ૨૬ એમ પ્રથમનાં ચાર ઉદયસ્થાનક જાણવાં. ત્યાં ૨૧ આ પ્રમાણે છે :- તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, સ્થિર-અસ્થિર,

શુભ-અશુભ, વર્ણાદિ ચતુષ્ક, નિર્માણ, તિર્યંચદ્વિક, એકેન્દ્રિય જાતિ, સ્થાવર, સૂક્ષ્મ, પર્યાપ્ત, દૌર્ભાગ્ય અનાદેય અને અયશઃ કીર્તિ એમ ૨૧ પ્રકૃતિઓનો ઉદય વિગ્રહગતિમાં સૂક્ષ્મ પર્યાપ્તા જીવને જાણવો. અહીં પ્રતિપક્ષી કોઈ પ્રકૃતિ ન હોવાથી એક જ ભાંગો થાય છે. અહીં પ્રયાપ્તો જે કહ્યો તે લબ્ધિ પર્યાપ્તો સમજવો.

આ ૨૧ માં (૧) હુંડક, (૨) ઉપઘાત, (૩) ઔદારિક શરીર, (૪) પ્રત્યેક અને સાધારણમાંથી કોઈ પણ એક, એમ ચાર પ્રકૃતિનો પ્રક્ષેપ કરે છતે અને તિર્યંચાનુપૂર્વી દૂર કરે છતે ૨૪ નું ઉદયસ્થાનક થાય છે. અને તે ૨૪ નો ઉદય વિગ્રહગતિ સમાપ્ત કરીને ઉત્પત્તિસ્થાને આવેલા શરીરસ્થ જીવને હોય છે. અહીં પ્રત્યેક તથા સાધારણ સાથે બે ભાંગા થાય છે.

ત્યારબાદ શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને પરાઘાતનો ઉદય થાય છે તેથી તેનો પ્રક્ષેપ કરાયે છતે ૨૫ નો ઉદય થાય છે. ત્યાં પણ પ્રત્યેક સાધારણ સાથે બે જ ભાંગા થાય છે. ત્યારબાદ શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસ નાખે છતે ૨૬ નો ઉદય થાય છે. અહીં પણ ઉપર મુજબ જ બે ઉદયભાંગા થાય છે. સર્વ સંખ્યાએ સૂક્ષ્મ પર્યાપ્તાને ૧+૨+૨+૨=૭ ઉદયભાંગા થાય છે.

હવે બાદર પર્યાપ્તા એકેન્દ્રિય જીવોને ઉદયસ્થાનક ૨૧ વિગેરે ક્રમસર પાંચ હોય છે તે આ પ્રમાણે :- ૨૧, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭. ત્યાં ૨૧ પ્રકૃતિઓ આ પ્રમાણે જાણવી.

તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, સ્થિર-અસ્થિર, શુભ અને અશુભ, વર્ણાદિ ચતુષ્ક, અને નિર્માણનામકર્મ, આ બાર ધ્રુવોદયી તથા તિર્યંચદ્વિક, એકેન્દ્રિયજાતિ, સ્થાવર, બાદર, પર્યાપ્તા, દૌર્ભાગ્ય, અનાદેય, તથા યશઃકીર્તિ અને અયશઃકીર્તિ આ બેમાંથી એક એમ કુલ ૨૧ પ્રકૃતિઓનો ઉદય વિગ્રહગતિમાં હોય છે. અહીં યશ અને અયશની સાથે બે ઉદયભાંગા જાણવા.

ત્યારબાદ શરીરસ્થ જીવને (એટલે કે વિગ્રહગતિ સમાપ્ત કરીને ઉત્પત્તિસ્થાને આવે ત્યારે ઉત્પત્તિના પ્રથમ સમયે શરીરમાં પ્રવેશ પામે ત્યારે) ઔદારિક શરીર, હુંડકસંસ્થાન, ઉપઘાતનામકર્મ, તથા પ્રત્યેક અને સાધારણમાંથી એક એમ ચાર પ્રકૃતિઓનો ઉદય ઉમેરતાં અને આનુપૂર્વીને દૂર કરતાં ૨૪ નું ઉદયસ્થાનક થાય છે.

અહીં પણ પ્રત્યેક તથા સાધારણ નામકર્મની સાથે યશઃ કીર્તિ અને અયશઃ કીર્તિને જોડતાં ચાર ઉદયભાંગા થાય છે. તથા વૈક્રિય શરીરની રચના કરતા એવા વાઉકાય બાદરનો

એક ઉદયભાંગો સર્વ અશુભ પ્રકૃતિનો થાય છે. કારણ કે તે વાઉકાય જીવોને સાધારણ અને યશઃકીર્તિ જેવી પુણ્યપ્રકૃતિઓનો ઉદય હોતો નથી.

તથા આ જ વૈક્રિય વાઉકાયના એકેન્દ્રિય જીવોને ચોવીસના ઉદયમાં ઔદારિક જે શરીર છે. તેના સ્થાને વૈક્રિય શરીર લેવું. બાકીની પ્રકૃતિ ઉપર મુજબ જ છે. સર્વ સંખ્યા સાથે કરતાં ૨૪ ના ઉદયમાં કુલ ૪ + ૧ = ૫ પાંચ ઉદયભાંગા થાય છે.

ત્યારબાદ શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત થયેલા જીવને પરાઘાત નામકર્મનો ઉદય થયે છતે તે એક પ્રકૃતિનો પ્રક્ષેપ કરતાં ૨૫ નું ઉદયસ્થાનક થાય છે. અહીં પણ ૨૪ માં જણાવ્યા પ્રમાણે પાંચ જ ઉદયભાંગા થાય છે. ત્યારબાદ શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્ત થયેલા જીવને ઉચ્છ્વાસનો પ્રક્ષેપ કરાયે છતે ૨૬ નો ઉદય થાય છે. ત્યાં પણ પાંચ જ ઉદયભાંગા પૂર્વની જેમ થાય છે.

અથવા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસના અનુદયે આતપ અથવા ઉદ્યોતમાંથી કોઈપણ એકનો ઉદય થયે છતે પણ ૨૬ નું ઉદયસ્થાનક જ હોય છે. ત્યાં પણ આતપ જ્યારે ઉમેરો ત્યારે યશઃ કીર્તિ અને અયશઃકીર્તિ ની સાથે બે ઉદયભાંગા થાય છે. કારણ કે સાધારણ વનસ્પતિકાય જીવોને આતપનો ઉદય ન હોવાથી તદાશ્રિત ભાંગાઓ થતા નથી.

અથવા આતપને બદલે ઉદ્યોતનો ઉદય સાથે લઈએ ત્યારે પ્રત્યેક અને સાધારણની સાથે યશઃ કીર્તિ તથા અયશઃકીર્તિનો પ્રક્ષેપ કરવાથી ૪ ઉદયભાંગા થાય છે. આ પ્રમાણે ૨૬ ના ઉદયસ્થાનકમાં ઉચ્છ્વાસ સાથે ૫, ઉદ્યોત સાથે ૪, અને આતપ સાથે ૨ એમ મળીને સર્વ ભાંગાઓ ૨૬ ના ઉદયે ૧૧ ઉદયભાંગા થાય છે.

તથા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્ત જીવને ઉચ્છ્વાસ સહિત જે ૨૬ નો ઉદય છે. તેમાં આતપ અથવા ઉદ્યોત આ બેમાંથી એકનો પ્રક્ષેપ કરાયે છતે ૨૭ નું ઉદયસ્થાનક થાય છે અહીં પણ ઉદ્યોતની સાથે (૪) ચાર ઉદયભાંગા અને આતપની સાથે (૨) ઉદય ભાંગા થાય છે. સર્વ સંખ્યાએ ૨૭ ના ઉદયમાં ૪+૨=૬ ઉદયભાંગા થાય છે.

બાદર પર્યાપ્ત એકેન્દ્રિય જીવોને સર્વ મળીને અનુક્રમે ૨+૫+૫+૧૧+૬=૨૯ કુલ ઓગણત્રીસ ઉદયભાંગા થાય છે.

હવે સંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તાને ૨૪ વિનાનાં સર્વે પણ ઉદયસ્થાનો હોય છે. ૨૪ નું ઉદયસ્થાનક એકેન્દ્રિય જીવોને જ માત્ર છે. તેથી સંજ્ઞી પંચેન્દ્રિયમાં તે નથી. ઉદયભાંગા *દેવ-નારક-તિર્યંચ અને મનુષ્યને આશ્રયી સ્વયં સમજી લેવા.* દેવોના ૬૪, નારકીના ૫,

પર્યાપ્ત તિર્યંચના ૪૯૦૪, વૈક્રિયતિર્યંચના ૫૬, સામાન્ય મનુષ્યના ૨૬૦૦, આહારક મનુષ્યના ૭, વૈક્રિયમનુષ્યના ૩૫, કેવલી મનુષ્યના ૮ એમ કુલ ૭૬૭૯ ઉદયભાંગા હોય છે. એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, અપર્યાપ્ત તિર્યંચના ૨૧-૨૬ ના ૧-૧, અપર્યાપ્ત મનુષ્યના ૧-૧, એમ કુલ ૧૧૨ ઉદયભાંગા આ જીવભેદમાં સંભવતા નથી તથા સત્તાસ્થાનક બારે બાર સંભવે છે.

લબ્ધિપર્યાપ્ત બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિય આ ચાર જીવભેદોમાં ૨૧-૨૬-૨૮-૨૯-૩૦ અને ૩૧ એમ કુલ ૬ ઉદયસ્થાનકો હોય છે. ત્યાં બેઇન્દ્રિય તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયના ઉદયસ્થાનકો તથા ઉદયભાંગા પૂર્વે જેમ સમજાવ્યા છે તેમ સમજી લેવા.

તથા સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચોમાં જેમ ઉદયસ્થાનક અને ઉદયભાંગા કહ્યા છે તે જ પ્રમાણે અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં ઉદયસ્થાનક અને ઉદયભાંગા કહેવા. પરંતુ સર્વે પણ તિર્યંચોમાં ૨૧-૨૬ ના ઉદયમાં અપર્યાપ્તાને આશ્રયી જે ૧-૧ ભાંગો આવે છે તે ન લેવો. કારણ કે તે અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચને આશ્રયી છે. અને આ જીવભેદ પર્યાપ્તાને આશ્રયી ચાલે છે.

ચૌદે જીવસ્થાનકોમાં સત્તાસ્થાનો આ પ્રમાણે જાણવાં. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત વિના બાકીનાં ૧૩ જીવસ્થાનકોમાં ૯૨, ૮૮, ૮૬, ૮૦ અને ૭૮ એમ કુલ પાંચ પાંચ સત્તાસ્થાનક જાણવાં. આ પાંચમાં ૮૬-૮૦-૭૮ આ ત્રણ અધ્રુવસંજ્ઞાવાળાં છે. અને વધારામાં ૯૨-૮૮ પણ હોય છે.

ત્યાં ૭૮ ની સત્તા સૂક્ષ્મ - બાદર એકેન્દ્રિય એવા તેઉકાય અને વાઉકાયના જીવોને પ્રથમનાં (૨૧-૨૪-૨૫-૨૬) આ ચાર ઉદયસ્થાનકોમાં હોય છે. તથા તેઉકાય અને વાઉકાયના ભવથી નીકળીને અન્ય ભવમાં ઉત્પન્ન થયા હોય ત્યારે ૨૧-૨૪ એમ બે ઉદયસ્થાનકોમાં અથવા ૨૧-૨૬ એમ બે ઉદયસ્થાનકોમાં આ ૭૮ ની સત્તા હોય છે.

તથા તેઉકાય અને વાઉકાયમાંથી નીકળીને બેઇન્દ્રિયાદિના ભવમાં ઉત્પન્ન થયેલા જીવોને ૨૧-૨૬ ના ઉદયમાં અથવા એકેન્દ્રિયમાં ૨૧-૨૪ ના ઉદયમાં ૭૮ ની સત્તા પ્રાપ્ત થાય છે. પરંતુ બાકીનાં શેષ ઉદયસ્થાનોમાં ૭૮ ની સત્તા પ્રાપ્ત થતી નથી.

સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત જીવને પૂર્વે કહેલી દિશા પ્રમાણે બારે બાર સત્તાસ્થાનક સમજી લેવાં.

હવે ગતિ આદિ માર્ગણાઓમાં બન્ધસ્થાનક આદિના વિષય વાળી સત્પદપ્રરૂપણા કરાય છે. ત્યાં નારકી-તિર્યંચ અને દેવ આ ત્રણ ગતિમાં વર્તતા જીવો મૂલકર્મો સાત અથવા

આઠ (૭-૮) બાંધે છે. ત્યાં આયુષ્યના બન્ધકાલે આઠ અને શેષકાલે સાત બંધાય છે. આ ત્રણે ગતિના જીવોમાં ઉદયમાં આઠે કર્મો હોય છે ઉદીરણામાં સાત અથવા આઠ હોય છે પોતાના ભવની છેલ્લી આવલિકા આવે ત્યારે ૭ ની અને શેષ કાલે આયુષ્ય સાથે ૮ કર્મોની ઉદીરણા હોય છે.

સત્તા આ ત્રણે ગતિમાં નિયમા મૂલ આઠે કર્મોની અવશ્ય હોય જ છે. પરંતુ ક્યારેય સાત કે ચારની સત્તા સંભવતી નથી. કારણ કે તે ભવોમાં શ્રેણિ આદિના આરોહણ કાલ નથી.

હવે ચાર ગતિમાંથી મનુષ્યગતિમાં, અને ઇન્દ્રિય દ્વારમાં પંચેન્દ્રિય માર્ગણામાં, અને કાયદ્વારમાં ત્રસકાયમાં, ગુણસ્થાનકોના પ્રસંગે જેમ કહ્યું છે તેમ જ સમજવું. તે આ પ્રમાણે :- મિશ્ર ગુણસ્થાનકને ત્યજીને બાકીનાં ગુણસ્થાનકોમાં અપ્રમત્ત નામના સાતમા ગુણસ્થાનક સુધી મૂલકર્મ સાત અથવા આઠનો બંધ છે આયુષ્ય બંધાતું હોય ત્યારે આઠનો બંધ અને શેષકાલે સાતનો બંધ હોય છે.

મિશ્ર, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એમ (૩-૮-૯) આ ત્રણ ગુણસ્થાનકોમાં આયુષ્ય વિના સાત જ મૂલકર્મ બંધાય છે મિશ્ર ગુણઠાણે ઘોલમાન પરિણામ હોવાથી તથા ૮-૯ ગુણસ્થાનકોમાં અતિશય વિશુદ્ધ પરિણામ હોવાથી આયુષ્યનો બંધ થતો નથી. સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે છ નો (૬નો) બંધ થાય છે. ત્યાં મોહનીય તથા આયુષ્યના બંધનો અભાવ છે.

ત્યારબાદનાં ત્રણ ગુણસ્થાનકોમાં (એટલે કે ૧૧-૧૨-૧૩) આ ત્રણ ગુણસ્થાનકોમાં માત્ર એક વેદનીય કર્મનો જ બંધ હોય છે.

હવે ઉદય સમજાવાય છે. ત્યાં મિથ્યાત્વ ગુણસ્થાનકથી સૂક્ષ્મ સંપરાય નામના દસમા ગુણસ્થાનક સુધી ઉદય અને સત્તા બન્ને મૂલ આઠે કર્મોની હોય છે. ઉપશાન્તમોહ નામના અગિયારમા ગુણસ્થાનકે ઉદય (મોહનીય વિના) સાતનો અને સત્તા આઠ કર્મોની હોય છે. ક્ષીણમોહ ગુણઠાણે સાતનો જ ઉદય અને સાત કર્મોની જ સત્તા હોય છે. સયોગી અને અયોગી નામના તેરમા અને ચૌદમા ગુણઠાણે ઉદય અને સત્તા આ બન્ને મૂલ ચાર કર્મોની જ હોય છે.

ઉદીરણા વળી છઠ્ઠા ગુણઠાણા સુધી સાત અથવા આઠ કર્મોની હોય છે. જ્યારે જે જે ભવમાં આયુષ્યકર્મની અન્તિમ આવલિકા આવે છે ત્યારે ત્યારે તે તે આયુષ્યકર્મની

ઉદીરણા ન હોવાથી મૂલ સાત કર્મોની જ ઉદીરણા થાય છે શેષકાલે આયુષ્યકર્મ સાથે મૂલ આઠ કર્મોની ઉદીરણા થાય છે.

મિશ્રગુણઠાણે નિયમા સદા કાલ આઠ મૂલકર્મોની જ ઉદીરણા થાય છે. આયુષ્યની અન્તિમ આવલિકામાં વર્તતા જીવને મિશ્રગુણસ્થાનક આવતું નથી. કારણ કે મિશ્રગુણસ્થાનકે કોઈ જીવનું મૃત્યું થતું જ નથી.

અપ્રમત્ત-અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ આ ત્રણ ગુણશ્થાનકોમાં વેદનીય અને આયુષ્યકર્મ વિના ૬ કર્મોની જ ઉદીરણા થાય છે. કારણ કે આ ત્રણે ગુણસ્થાનકોમાં વેદનીય અને આયુષ્યકર્મની ઉદીરણાનો અભાવ છે કારણ કે આ બન્ને કર્મોની ઉદીરણા કરે તેવા તેને યોગ્ય અધ્યવસાય સ્થાનોનો અસંભવ છે.

સૂક્ષ્મસંપરાય નામના દશમા ગુણઠાણે છ અથવા મોહનીય વિના પાંચની ઉદીરણા થાય છે. દશમા ગુણઠાણાની છેલ્લી એક આવલિકા ન આવે ત્યાં સુધી છ કર્મોની અને છેલ્લી આવલિકા આવે ત્યારે મોહનીય વિના પાંચ કર્મોની ઉદીરણા થાય છે. ઉપશાન્તમોહ નામના અગિયારમા ગુણસ્થાનકે પાંચની જ ઉદીરણા થાય છે.

ક્ષીણમોહ નામના બારમા ગુણઠાણે પણ પ્રથમસમયથી મોહનીય - વેદનીય અને આયુષ્ય એમ ત્રણ કર્મો વિના પાંચની જ ઉદીરણા થાય છે. છેલ્લી આવલિકા ન આવે ત્યાં સુધી પાંચની ઉદીરણા થાય છે છેલ્લી એક આવલિકા બાકી રહે ત્યારે જ્ઞાનાવરણીય - દર્શનાવરણીય અને અંતરાય આ ત્રણે કર્મો છેલ્લી એક આવલિકા જેટલાં જ બાકી છે. તે માટે તે ત્રણની ઉદીરણા સંભવતી નથી. માટે નામ અને ગોત્ર એમ બે કર્મોની જ ઉદીરણા ચાલે છે.

સયોગી કેવલી નામના તેરમા ગુણસ્થાનકે નામ અને ગોત્ર એમ બે કર્મોની જ ઉદીરણા થાય છે. અયોગી કેવલી ભગવાનને યોગ ન હોવાથી કોઈ પણ કર્મની ઉદીરણા થતી નથી.

ઇન્દ્રિય માર્ગણામાં એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય આ ચાર માર્ગણામાં, તથા કાયમાર્ગણામાં પાંચે સ્થાવર કાયોમાં એમ કુલ નવ માર્ગણામાં સાત અને આઠ કર્મનો બંધ તથા સાત અને આઠની ઉદીરણા હોય છે. આયુષ્યના બંધકાલે આઠનો બંધ, શેષકાલે સાતનો બંધ, મૃત્યુની છેલ્લી આવલિકામાં સાતની ઉદીરણા અને પૂર્વકાલમાં આઠની ઉદીરણા હોય છે. તથા ઉદય અને સત્તા સદાકાળ આઠનાં જ હોય છે.

હવે યોગ દ્વારમાં મનોયોગ નામની માર્ગણામાં વીતરાગ છદ્મસ્થ નામના બારમા ગુણસ્થાનક સુધીનાં બારે ગુણસ્થાનકોની જેમ બંધસ્થાનકાદિ સમજવાં. કારણ કે મનોયોગવાળા જીવોને ક્ષીણમોહ ગુણસ્થાનક સુધીનાં યાવત્ ગુણસ્થાનકો હોય છે. કાયયોગ માર્ગણા અને વચનયોગ માર્ગણામાં સંયોગી કેવલી ગુણસ્થાનક સુધીની જેમ બંધસ્થાનકાદિ જાણવાં. કારણ કે વચનયોગ અને કાયયોગ સયોગિકેવલી ગુણસ્થાનક સુધી યાવત્ હોય છે. કેવલજ્ઞાની ભગવંતોને ચિંતન-મનન કરવા સ્વરૂપ ભાવમન હોતું નથી. તેથી ૧૨ ગુણસ્થાનક જ કહ્યાં છે. પરંતુ મનથી ઉત્તર આપવારૂપ દ્રવ્યમન હોય છે.

વેદ દ્વારમાં ત્રણે વેદો, કષાય દ્વારમાં ક્રોધ - માન અને માયા એમ ત્રણ કષાયોમાં નવમા ગુણસ્થાનક સુધીની જેમ બંધસ્થાનકાદિ જાણવાં. કારણ કે ત્રણ વેદ અને ત્રણ કષાય નવમા ગુણસ્થાનક સુધી હોય છે. લોભ માર્ગણામાં સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધીની જેમ જ સંવેધ જાણવો. કારણ કે લોભ સૂક્ષ્મસંપરાય સુધી હોય છે. તે માટે. જ્ઞાનદ્વારમાં મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને વિભંગ જ્ઞાન આ ત્રણ માર્ગમામાં મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી મિશ્ર દૃષ્ટિ ગુણસ્થાનકની જેમ બંધસ્થાનકાદિ સમજવાં. કારણ કે આ માર્ગણાઓને પ્રથમનાં ત્રણ જ ગુણસ્થાનકો છે.

મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન આ ત્રણ માર્ગણાઓમાં અવિરત સમ્યગદૃષ્ટિથી ક્ષીણમોહ ગુણસ્થાનકની જેમ બંધસ્થાનકાદિ જાણવાં કારણ કે આ ત્રણ માર્ગણાઓને ત્યાં સુધીનાં ગુણસ્થાનકો છે તથા મનઃપર્યવજ્ઞાન માર્ગણામાં છઠ્ઠા પ્રમત્તગુણસ્થાનકથી ક્ષીણમોહગુણસ્થાનક સુધી જેમ પૂર્વે કહ્યું છે તેમ જાણવું. કેવલજ્ઞાન માર્ગણામાં સયોગિ-અયોગિ કેવલીની જેમ સમજવું.

સંયમમાર્ગણામાં સામાયિક ચારિત્ર અને છેદોપસ્થાપનીય ચારિત્ર માર્ગણામાં પ્રમત્તથી અનિવૃત્તિબાદર સંપરાયની જેમ જાણવું. પરિહારવિશુદ્ધિમાં પ્રમત્ત અને અપ્રમત્તની જેમ તથા સૂક્ષ્મસંપરાય ચારિત્ર માર્ગણામાં સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકની જેમ, યથાખ્યાત ચારિત્રમાં ઉપશાન્તમોહ, ક્ષીણમોહ, સયોગી તથા અયોગી ગુણસ્થાનકની જેમ બંધસ્થાનકાદિ કહેવાં. દેશવિરતિ માર્ગણામાં પાંચમા ગુણસ્થાનકની જેમ અને અવિરતિ માર્ગણામાં પ્રથમનાં ચાર ગુણસ્થાનકોની જેમ બંધનસ્થાનકાદિ જાણવાં.

દર્શનદ્વારમાં ચક્ષુદર્શન તથા અચક્ષુદર્શન આ બે માર્ગણામાં મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી ક્ષીણમોહ નામના બારમા ગુણસ્થાનક સધીની જેમ, અવધિદર્શનમાં અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકથી ક્ષીણમોહ ગુણસ્થાનકની જેમ, અને કેવલદર્શનમાં સંયોગી-અયોગી આ બે ગુણસ્થાનકોની જેમ બંધસ્થાનકાદિ જાણવાં.

લેશ્યાદ્વારમાં કૃષ્ણલેશ્યા આદિ પ્રથમની પાંચ લેશ્યાઓમાં મિથ્યાત્વથી પ્રમત્ત સુધીના ગુણસ્થાનકોની જેમ, તથા શુક્લલેશ્યામાં મિથ્યાત્વથી સયોગી કેવલી ગુણસ્થાનક સુધીની જેમ બંધસ્થાનક આદિ જાણવાં.

ભવ્યમાર્ગણામાં ભવ્યજીવોમાં સર્વ ગુણસ્થાનકોની જેમ ઓઘબંધ અને અભવ્ય જીવોમાં મિથ્યાદષ્ટિની જેમ બંધસ્થાનકાદિ જાણવાં તો પણ અભવ્ય જીવોમાં સમ્યક્ત્વથી પતનવાળું મિથ્યાત્વ ન હોવાથી અનંતાનુંબંધી ચાર કષાયના ઉદય રહિત ચાર ચોવીશી તથા તેના ઉદયભાંગા વિગેરે ન કહેવું.

સમ્યક્ત્વ દ્વારમાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં અવિરત સમ્યગ્દષ્ટિ નામના ચોથા ગુણસ્થાનકથી અપ્રમત્ત ગુણસ્થાનક સુધીનાં ચાર ગુણ સ્થાનકની જેમ બંધસ્થાનક ઉદયસ્થાનક તથા સત્તાસ્થાનક આદિ જાણવાં. ઔપશમિક સમ્યક્ત્વ માર્ગણામાં અવિરત સમ્યગ્દષ્ટિથી પ્રારંભીને ઉપશાન્ત મોહ નામના અગિયારમા ગુણસ્થાનકની જેમ આ વિષય જાણવો. તથા ક્ષાયિક સમ્યક્ત્વમાં અવિરત સમ્યગ્દષ્ટિથી અયોગી નામના ચૌદમા ગુણસ્થાનકની જેમ જાણવું. મિથ્યાત્વ માર્ગણામાં મિથ્યાદષ્ટિની જેમ, સાસ્વાદન સમ્યક્ત્વમાં સાસ્વાદનની જેમ અને મિશ્રમાં મિશ્રદષ્ટિની જેમ આ વિષય જાણવો.

તથા સંજ્ઞીમાર્ગણામાં, સંજ્ઞી જીવોમાં મનુષ્યગતિની જેમ, અને અસંજ્ઞી માર્ગણામાં મિથ્યાદષ્ટિ અને સાસ્વાદનની જેમ તથા આહારી માર્ગણામાં જે અણાહારી માર્ગણા છે તેમાં મિથ્યાદષ્ટિ, સાસ્વાદન, અવિરતસમ્યગ્દષ્ટિ, સયોગીકેવલીની કેવલીસમુદ્ઘાત અવસ્થા અને અયોગી કેવલી પરમાત્માની જેમ આ વિષય જાણવો. તથા આહારી માર્ગણામાં મિથ્યાદષ્ટિથી પ્રારંભી સયોગી કેવલી ગુણસ્થાનકની જેમ જ બંધ સ્થાનકાદિ આ વિષય જાણવો. એટલે કે આ રીતે સત્પદપ્રરૂપણા કરવી.

તે આ પ્રમાણે સપ્તતિકા નામના ગ્રંથનો આ વિષય પણ આ સંબંધના અધિકારમાં પ્રાસંગિક તથા અનુપ્રાસંગિક જે કોઈ વિષય જણાવવા જેવો હતો. તે જણાવ્યો.

તે આ પ્રમાણે ગ્રંથકર્તા વડે પૂર્વે જે પ્રતિજ્ઞા કરાઈ હતી કે આઠે કર્મોમાં આઠ કરણો અને ઉદય તથા સત્તા આ વિષય હું તમને આ ગ્રંથમાં સમજાવીશ. તે વાતનું સમર્થન અહીં સમાપ્ત થાય છે.

*અવતરણ : હવે આ કર્મપ્રકૃતિ નામના પ્રકરણને જાણવાથી શું ફળ વિશેષ પ્રાપ્ત થાય ? તથા તેનું પરિજ્ઞાન (સૂક્ષ્મ વિશિષ્ટ જ્ઞાન) પ્રાપ્ત કરવાનું ખાસ ફળવિશેષ શું છે ? તે ગ્રંથકારશ્રી જણાવે છે :-*

**करणोदयसंतविऊ, तन्निज्जर करणसंजमुज्जोगा ।**
**कम्मट्ठगुदयनिट्ठाजणियमणिट्ठं सुहमुवेंति ॥ ५५ ॥**

**ગાથાર્થ :** આઠ કરણ, ઉદય તથા સત્તાને જાણનારો આત્મા તે કર્મોની નિર્જરા કરવામાં તથા સંયમ પાળવામાં ઉદ્યમ શીલ થયો છતો આઠે કર્મોની સત્તાનો અને તેના ઉદયનો નિષ્ટા (અંત) થવાથી ઉત્પન્ન થયેલું **अनिष्टं** – (અંત વિનાનું અર્થાત્) અનંત એવું મુક્તિસુખ પ્રાપ્ત કરે છે. ॥ ૫૫ ॥

**વિવેચન :** ઉપર વિસ્તારથી સમજાવેલાં બંધનકરણ, સંક્રમકરણ વિગેરે આઠે કરણોને સૂક્ષ્મરીતે જાણનારો આત્મા તે તે કર્મોની નિર્જરા કરવામાં - સત્તામાં રહેલાં કર્મોનો નાશ કરવા માટે પવિત્ર અને શ્રેષ્ઠ એવા સંયમનું પાલન કરવામાં જ ઉદ્યમશીલ અર્થાત્ સતત પ્રયત્નવાળો થયો છતો ઉપર સમજાવેલાં બંધન સંક્રમણ આદિ આઠે આઠ કરણોની નિષ્ઠા (અંત) કરીને અન્તે અનિષ્ટ એવું (અર્થાત્ નિષ્ઠા-અંત, તે વિનાનું એવું) મુક્તિ સુખ અવશ્ય પ્રાપ્ત કરે છે.

આઠ કરણો બંધનકરણાદિ જે કર્મપ્રકૃતિમાં સમજાવવામાં આવ્યાં છે તેનું તથા તેની સાથે કહેલાં ઉદય અને સત્તાના અધિકારનું શાસ્ત્રને અનુસારે પરિજ્ઞાન (વિશિષ્ટ એવા સૂક્ષ્મ જ્ઞાન)થી યુક્ત બનેલા એવા મહાત્માઓ કર્મપ્રકૃતિનું જ્ઞાન પ્રાપ્ત કરવા પૂર્વક તે તે કર્મોની નિર્જરા કરવામાં તથા નિર્જરા કરાવનારા એવા સંયમ માર્ગમાં અતિશય ઉદ્યમવાળા થયા છતા તે આઠે કરણોની તથા ઉદય અને સત્તાની જે નિર્જરા, તે નિર્જરા જ કરવા માટે સંયમ વિશેષમાં ઉદ્યમ છે જેઓનો તેવા આ જીવો તે આઠે કરણો અને ઉદય તથા સત્તાનો અંત કરવાના ઉદ્યમવાળા કહેવાય છે.

અહીં મૂલ ગાથાના ત્રીજા પદમાં करणट्ठगुदयनिट्ठा આ પદમાં જે उदय શબ્દનું ગ્રહણ કર્યું છે. તે બન્ધ અને સત્તાનું ઉપલક્ષણરૂપ છે. અર્થાત્ ઉદય શબ્દથી બન્ધ-ઉદય અને સત્તા એમ ત્રણેનું ગ્રહણ કરવાનું છે તે ત્રણેનો અન્ત કરવા વડે ઉત્પન્ન થયેલું એવું જે मणिट्ठं – મનને ઈષ્ટ અર્થાત્ મનને ગમતું એવું મોક્ષફળ અથવા अणिट्ठं – अ-निष्ठा-निष्टा એટલે કે પર્યવસાન અર્થાત્ છેડો, તે નથી જેને એટલે કે અન્ત વિનાનું એવું અનંતુ છે સુખ જેમાં એવું પરમપદની પ્રાપ્તિ કાલે પ્રાપ્ત થતું જે અવ્યાબાધ અર્થાત્ કોઈ પણ જાતની પીડાઓ વિનાનું એવું સુખ આ જીવો પ્રાપ્ત કરે છે તે આ પ્રમાણે સમજવું :-

બંધન આદિ કરણોનું જ્ઞાન મેળવીને તે જ્ઞાનના પ્રતાપે તેવા તેવા ઉચ્ચકોટિના પરિણામોથી મનમાં આવા પ્રકારનો આ જીવો નિશ્ચય કરે છે કે આ કર્મોની જાલ જ દુરન્ત એવા દુ:ખો રૂપી અગ્નિની જ્વાલાઓથી વ્યાપ્ત છે. તેથી સંસારભ્રમણનું કારણ છે. આવો મનમાં પાકો નિર્ણય કરીને તે કર્મોના ક્ષયને માટે વીતરાગ પરમાત્માની આજ્ઞાને સ્વીકારીને સમ્યક્ પ્રકારે ધર્મમાં પ્રયત્ન કરતા છતા ઈચ્છાયોગ અને શાસ્ત્ર યોગના પરિપાકથી પ્રાપ્ત થયો છે શુદ્ધ એવો આત્મસ્વભાવનો લાભ જેને એવા આ જીવો ત્યારબાદ શુદ્ધભાવમાં વૃદ્ધિ પામતા એવા સામર્થ્યયોગના બળથી સામર્થ્યના અતિશય બળરૂપી અગ્નિથી બાળી નાખ્યાં છે બાકીનાં બધાં જ વિઘ્નો જેઓએ એવા આ જીવો પરમપ્રકૃષ્ટ એવા ધર્મસન્યાસ નામના પદની પ્રાપ્તિથી પવિત્ર બનેલા તે મહાત્મા પુરુષો હવે ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરે છે. તે ક્ષપકશ્રેણિનો પ્રારંભ આ પ્રમાણે કરે છે :- હવે અહીં ક્ષપકશ્રેણિ સમજાવાય છે.

અહીં ક્ષપકશ્રેણિનો પ્રસ્થાપક (પ્રારંભ કરનારો) આત્મા અવસ્ય મનુષ્ય જ હોય છે અને તે પણ આઠ વર્ષથી વધારે ઉંમરવાળો જ હોય છે તથા પ્રથમ સંઘયણવાળો, શુભ ધ્યાનવાળો, અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર, પ્રમત્તસંયત તથા અપ્રમત્તસંયત એમ આ ચાર ગુણસ્થાનકવર્તી જીવોમાંથી કોઈ પણ જીવ પણ મનુષ્ય જ માત્ર આ ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરે છે. અન્ય ગતિના જીવો ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરતા નથી.

હવે તેમાં જો અપ્રમત્ત સંયતાત્મા ચૌદપૂર્વધર હોય તો અવશ્ય શુક્લધ્યાનથી યુક્ત, અને તે વિનાના અન્ય સર્વે પણ આત્માઓ ધર્મધ્યાનથી યુક્ત હોય છે. એવો જીવ ક્ષપકશ્રેણિનો પ્રસ્થાપક હોય છે. ત્યાં ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરતો એવો જીવ સૌથી પ્રથમ અનંતાનુબંધી ચાર કષાયોને ખપાવે છે આ ચાર અનંતાનુબંધીની ક્ષપણાની વાત પૂર્વે સંપૂર્ણપણે ઉપશમના કરણના અધિકારમાં કહેવાયેલી જ છે. તેથી તેના માટે અહીં વધારે ફરીથી કહેવાતું નથી. ત્યાંથી જ જાણી લેવું. ત્યારબાદ ત્રણ દર્શન મોહનીયકર્મ ખપાવે છે.

ચાર અનંતાનુબંધી તથા ત્રણ દર્શનમોહનીય કર્મ જેણે ખપાવ્યા છે એવો આત્મા વળી આવતા ભવનું આયુષ્ય જે જીવે બાંધ્યું નથી એવો અબદ્ધાયુષ્ક જીવ ચારિત્રમોહનીય કર્મને ખપાવવા માટે પ્રયત્ન કરતો છતો સૌથી પ્રથમ યથાપ્રવૃત્ત આદિ ત્રણ કરણો કરે છે. ત્યાં યથાપ્રવૃત્તકરણ અપ્રમત્ત ગુણઠાણે, અપૂર્વકરણ અપૂર્વકરણ ગુણઠાણે, અને અનિવૃત્તિકરણ અનિવૃત્તિબાદર સંપરાય ગુણઠાણે કરે છે. બદ્ધાયુષ્ક જો હોય તો અહીં જ વિરામ પામે છે.

તેમાં જ્યારે અપૂર્વકરણ કરે ત્યારે સ્થિતિઘાતાદિ વડે મધ્યમ આઠ કષાયને તેવા ખપાવે છે કે તે જીવ જ્યારે અનિવૃત્તિબાદર સંપરાય ગુણઠાણે ચઢે ત્યારે અનિવૃત્તિકરણ

ગુણઠાણાના પ્રથમ સમયે તે મધ્યમ આઠ કષાયો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર સ્થિતિ વાળા રહે, વધારે સ્થિતિવાળા ન હોય. અર્થાત્ ઘણી સ્થિતિનો ઘાત કરેલો હોય.

હવે અનિવૃત્તિબાદર સંપરાયના સંખ્યાતા ભાગ પસાર થયે છતે અને એક સંખ્યાતમો ભાગ શેષ રહે છતે થિણદ્ધિત્રિક, નરકદ્વિક, તિર્યંચદ્વિક, આદ્યજાતિ ચતુષ્ટય, સ્થાવર, આતમ, ઉદ્યોત, સૂક્ષ્મ અને સાધારણ નામકર્મ એમ કુલ (૧૬) સોળ કર્મપ્રકૃતિઓની ઉદ્વલના સંક્રમવડે ઉદ્વલના કરતાં કરતાં પદયોપમના અસંખ્યાતમા ભાગ માત્ર જેટલી સ્થિતિ થાય ત્યાં સુધી ઉદ્વલના કરે છે.

પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિ રહે ત્યારથી તે સોળે પણ કર્મોનો ગુણસંક્રમ વડે બંધાતી પ્રકૃતિઓમાં પ્રતિસમયે પ્રક્ષેપ કરે છે એમ પ્રક્ષેપ કરતાં તે સોળે પણ કર્મપ્રકૃતિઓની સંપૂર્ણપણે સત્તાનો ક્ષય કરે છે અહીં આ સોળ પ્રકૃતિઓનો ક્ષય કરવાનો જ્યારે પ્રારંભ કર્યો તેની પૂર્વે થોડા કાળથી મધ્યમ આઠ કષાયોનો ક્ષય કરવાનો આરંભ કર્યો હતો. પરંતુ હજુ તે આઠ કષાયો સંપૂર્ણપણે ક્ષય થયા નથી. ત્યાં વચ્ચે જ આ ૧૬ પ્રકૃતિઓની સત્તાનો ક્ષય કરે છે.

તેથી આ સોળ પ્રકૃતિઓ ખપાવ્યા પછી બાકી સત્તામાં રહેલા તે આઠ કષાયોને એક મુહૂર્તમાત્ર કાલવડે હવે ક્ષય કરે છે આવો સૂત્રકાર મહાત્મા પુરુષોનો આદેશ છે.

પરંતુ અન્ય આચાર્યો એમ માને છે કે આ ૧૬ પ્રકૃતિઓને ખપાવવાનો પ્રથમ આરંભ કરે છે ફક્ત તે ૧૬ ખપાવતાં ખપાવતાં વચ્ચે જ આ આઠ કષાયોનો આ જીવ ક્ષય કરે છે. ત્યારબાદ શેષ રહેલ ૧૬ પ્રકૃતિઓનો ક્ષય કરે છે તત્ત્વ કેવલિગમ્ય જાણવું.

ત્યારબાદ એટલે કે ૧૬ તથા આઠ કષાયોનો ક્ષય થયા પછી નવ નોકષાયો તથા ચાર સંજ્વલન કષાયોનું આ જીવ અંતરકરણ કરે છે. અંતરકરણ કર્યા પછી નપુંસકવેદનું ઉપરની સ્થિતિમાં રહેલું કર્મદલિક ઉદ્વલના સંક્રમની વિધિ વડે ખપાવવાનો આ જીવ પ્રારંભ કરે છે. ઉદ્વલના કરતાં કરતાં એક અંતર્મુહૂર્ત કાળમાં તે નપુંસકવેદ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિ સત્તા વાળો થાય છે.

ત્યારબાદ તે જ શેષીભૂત નપુંસકવેદને ગુણસંક્રમ વડે તેના દલિકને અસંખ્યાતગુણાકારે તે કાલે બંધાતી મોહનીય કર્મની પાંચ પ્રકૃતિમાં સંક્રમાવે છે આ પ્રમાણે નપુંસકવેદની અંતરકરણની ઉપરની બીજી સ્થિતિને પરમાં સંક્રમ કરતાં કરતાં અંતર્મુહૂર્ત કાલે સંપૂર્ણપણે ક્ષય કરે છે. આ પ્રમાણે નપુંસકવેદની ઉપરની બીજી સ્થિતિ, બંધાતી એવી પરપ્રકૃતિમાં સંક્રમિત કરે છે અને સંપૂર્ણપણે ક્ષય કરે છે.

તે જ કાલે સાથે સાથે નીચેની નપુંસકવેદની જે પ્રથમા સ્થિતિ છે. તે જો નપુંસક વેદે જ ક્ષપકશ્રેણિ પ્રારંભી હોય તો તેને ઉદયથી ભોગવવા વડે જ સમાપ્ત કરે છે અને અન્ય વેદના ઉદયે ક્ષપકશ્રેણિ પ્રારંભી હોય તો તે પ્રથમ સ્થિતિ આવલિકા માત્ર જ હોય છે. અને તે એક આવલિકાનું નપુંસકવેદનું કર્મદલિક વેદાતી એવી અર્થાત્ ઉદયમાં વર્તતી એવી અન્ય મોહનીયકર્મની પ્રકૃતિઓમાં પ્રતિસમયે સ્થિતિબુક સંક્રમ વડે સંક્રમાવે છે.

આ પ્રમાણે નપુંસકવેદની પ્રથમસ્થિતિ કાં તો ઉદયથી ભોગવવા વડે અથવા સ્તિબુક સંક્રમ વડે ઉદયવતી અન્ય પ્રકૃતિમાં સંક્રમાવવા વડે, સમાપ્ત કરે છે. અંતરકરણમાં રહેલું દલિક પરમાં સંક્રમાવવા વડે ખાલી કરે છે અને બીજી સ્થિતિનું કર્મદલિક પહેલાં ઉદ્વલના સંક્રમ વડે અને પછી ગુણસંક્રમ વડે પરમાં સંક્રમાવતાં સંક્રમાવતાં ક્ષય કરે છે આ પ્રમાણે નપુંસકવેદની પ્રથમ સ્થિતિ અંતરકરણ અને બીજી સ્થિતિ એમ સંપૂર્ણપણે ક્ષય થાય છે.

ત્યારબાદ આ જ ક્રમવડે એક અંતર્મુહૂર્ત કાળ દ્વારા સ્ત્રીવેદનો પણ આ જીવ ક્ષય કરે છે ત્યારબાદ છ નોકષાયોને એકી સાથે ખપાવવાની શરૂઆત કરે છે જ્યારથી આ છ નોકષાયોને ખપાવવાની શરૂઆત કરે છે ત્યારથી તે છ કષાયોનું ઉપરની સ્થિતિનું દલિક પુરુષવેદમાં સંક્રમાવતો નથી. પરંતુ સંજવલન ક્રોધમાં સંક્રમાવે છે. અર્થાત્ પુરુષવેદ અપતદ્ગ્રહી બને છે.

આમ કરતાં કરતાં એક અંતર્મુહૂર્ત કાળે હાસ્યાદિ છ નોકષાયોનું કર્મદલિક સંપૂર્ણપણે ક્ષય પામે છે. જે સમયે હાસ્યાદિ ષટ્કનું કર્મદલિક સર્વથા ક્ષય પામે છે તે જ સમયે પુરુષવેદના બંધ ઉદય અને ઉદીરણા આ ત્રણેનો વિચ્છેદ થાય છે અને સમયન્યૂન બે આવલિકામાં બાંધેલું જ પુરુષવેદનું કર્મદલિક સત્તામાં બાકી રહે છે શેષ બધું પુરુષવેદનું પણ કર્મદલિક ક્ષય થયેલું હોય છે.

આ સઘળી વિધિ પુરુષવેદના ઉદયે ક્ષપકશ્રેણિ પ્રારંભક જીવને આશ્રયી વિધાન જાણવું.

જ્યારે નપુંસકવેદી જીવ જો પ્રારંભક હોય તો સૌથી પ્રથમ સ્ત્રીવેદ અને નપુંસકવેદ આ બન્નેનો એકી સાથે ક્ષય કરે છે અને તે બન્ને વેદના ક્ષયની સાથે જ પુરુષવેદના બંધાદિનો વિચ્છેદ થાય છે ત્યારબાદ પુરુષવેદ અને હાસ્યાદિષટ્ક આ સાતનો એકી સાથે આ જીવ સત્તામાંથી ક્ષય કરે છે.

જ્યારે સ્ત્રીવેદી જીવ ક્ષપકશ્રેણીનો પ્રારંભક હોય તો પ્રથમ કેવળ નપુંસકવેદનો ક્ષય કરે છે ત્યારબાદ સ્ત્રીવેદનો ક્ષય કરે છે તે સ્ત્રીવેદના ક્ષયની સાથે જ પુરુષવેદના બંધાદિનો

વિચ્છેદ થાય છે ત્યારબાદ પુરુષવેદ અને હાસ્યાદિ ષટ્ક આ સાતની સત્તાનો એકી સાથે ક્ષય કરે છે.

આ રીતે વિચારતાં નપુંસકવેદી જો પ્રારંભક હોય તો પાંચના બંધે ૨૧ અને ૧૩ ની સત્તા તથા ચારના બંધે ૧૧ ની અને ચારની સત્તા આવે છે તથા જો સ્ત્રીવેદી જીવ ક્ષપકશ્રેણિ પ્રારંભે તો પાંચના બંધે ૨૧ ની, આઠ કષાયના ક્ષય પછી ૧૩ ની, નપુંસકવેદના ક્ષય પછી ૧૨ ની એમ ૨૧-૧૩-૧૨ ની સત્તા હોય છે તથા ચારના બંધે ૧૧ ની અને ૪ ની સત્તા થાય છે.

હવે પુરુષવેદના ઉદયે ક્ષપકશ્રેણિનો પ્રારંભક જીવ હોય તો તેને આશ્રયી પ્રસ્તુત વિચાર સમજાવાય છે પાંચના બંધે ૨૧, ૧૩, ૧૨, ૧૧ ની સત્તા હોય છે તથા ચારના બંધે ૫ અને ૪ ની સત્તા થાય છે.

ત્યારબાદ સંજ્વલન ક્રોધને વેદતા એવા તે પુરુષવેદી તે જીવ ક્રોધને વેદવાના ત્રણ ભાગ કરે છે. અર્થાત્ ક્રોધની પ્રથમ સ્થિતિના બુદ્ધિથી ત્રણ ભાગ કલ્પાય છે. (૧) અશ્વકર્મ કરણાદ્ધા, (૨) કિટ્ટિકરણાદ્ધા, અને (૩) કિટ્ટીવેદનાદ્ધા,

ત્યાં અશ્વકર્ણકરણાદ્ધામાં વર્તતો તે જીવ અંતરકરણની ઉપરની બીજી સ્થિતિમાં જે કર્મદલિક સર્વજીવ કરતાં અનંતગુણ અધિક રસથી ભરેલાં છે. તેને હણી હણીને પ્રતિસમયે અનન્તગુણહીન અનંતગુણહીન રસવાળાં કરીને પૂર્વની જેમ જ હીનરસવાળાં અપૂર્વ સ્પર્ધકો કરે છે જે કર્મદલિકોમાં ૧૦૦૦-૧૦૦૧-૧૦૦૨ ઇત્યાદિ રસ હતો તે હણીને ૧૦૦-૧૦૧-૧૦૨ ઇત્યાદિ ક્રમે રસ રાખીને આ રીતે અનંતગુણહીનહીન રસવાળાં અપૂર્વસ્પર્ધકો કરે છે.

તથા વળી આ અશ્વકર્ણકરણાદ્ધામાં વર્તતો જીવ પૂર્વકાળમાં બાંધેલા પુરુષવેદને એક સમયન્યૂન એવી બે આવલિકા કાળમાં પ્રથમ ગુણસંક્રમ વડે અને ચરમસમયે સર્વસંક્રમવડે સંજ્વલન ક્રોધમાં સંક્રમાવે છે આ પ્રમાણે ક્ષીણ થયો છે પુરુષવેદ જેનો એવો તે જીવ અશ્વકર્ણકરણાદ્ધાનો કાળ સમાપ્ત કરીને કિટ્ટિકરણાદ્ધામાં પ્રવેશ કરે છે.

આ રીતે કિટ્ટીકરણાદ્ધામાં પ્રવેશેલો તે જીવ ચારે પણ સંજ્વલન કષાયોની ઉપરની સ્થિતિમાં રહેલા કર્મદલિકોનો રસ ઘટાડી ઘટાડીને કિટ્ટિઓ કરે છે રસઘાત કરીને રસને એકદમ ઓછો કરી નાખવો તેને જ કિટ્ટિ કહેવાય છે જેમ એક લાડવો હોય. તેના ભાંગીને નાના નાના ટુકડા કરીએ તેમ આ જીવ આ કામ કરે છે.

ચારે કષાયોની કરાયેલી તે કિટ્ટિઓ પરમાર્થથી તો અનંતી હોય છે. તો પણ સ્થૂલ જાતિ ભેદની અપેક્ષાએ ચારે કષાયોની મળીને ૧૨ કિટ્ટિઓ કલ્પાય છે એક એક કષાયની ત્રણ ત્રણ કિટ્ટિઓ કલ્પાય છે. તેનાં નામ અનુક્રમે પ્રથમા કિટ્ટિ, દ્વિતીયા કિટ્ટિ અને તૃતીયા

કિટ્ટિ આવાં રખાય છે આ જે કંઈ સમજાવાયું તે સંજ્વલન ક્રોધના ઉદયે ક્ષપકશ્રેણિ પ્રારંભકને આશ્રયીને જાણવું.

પરંતુ જો માનના ઉદયે શ્રેણિ પ્રારંભી હોય તો પૂર્વે કહેલી ઉદ્વર્તના કરવાની વિધિવડે ક્રોધને સંપૂર્ણપણે ખપાવીને બાકીના ત્રણ કષાયોની જ નવ કિટ્ટિ આ જીવ કરે છે અને જો માયાના ઉદયે શ્રેણી પ્રારંભી હોય તો ક્રોધ અને માન આ બન્ને કષાયોનો ઉદ્વલના વિધિએ નાશ કર્યા પછી જ બાકીના બે કષાયોની છ જ કિટ્ટીઓ કરે છે.

તથા આ જ પ્રમાણે જો લોભના ઉદયે ક્ષપકશ્રેણિ પ્રારંભી હોય તો ઉદ્વલના વિધિવડે ક્રોધાદિ ત્રિકનો ક્ષય કરીને માત્ર સંજ્વલન લોભની જ ત્રણ કિટ્ટિઓ કરે છે. આ સઘળી પણ વાત કિટ્ટિકરણાદ્ધાની સમજાવી હવે તે જીવ કિટ્ટિ વેદનાદ્ધામાં પ્રવેશ કરે છે.

હવે ક્રોધના ઉદયે ક્ષપકશ્રેણિ પ્રારંભ કરનારા જીવને આશ્રયી વધારે વિધિ સમજાવાય છે. સંજ્વલન ક્રોધનું બીજી સ્થિતિમાં રહેલું પ્રથમ કિટ્ટિકૃત કર્મદલિક ઉપરથી આકર્ષીને પ્રથમસ્થિતિરૂપે કરાય છે અને ઉદયથી વેદાય છે તે ત્યાં સુધી વેદે છે કે યાવત્ સમયાધિક એક આવલિકા જેટલું બાકી રહે ત્યાં સુધી પ્રથમસ્થિતિ રૂપે કરાય છે અને ઉદયથી ભોગવાય છે.

ત્યારપછી એટલે કે પ્રથમકિટ્ટિનું દલિક સમયાધિક એક આવલિકા બાકી રહે તેના પછીના બીજા સમયે બીજી સ્થિતિમાં રહેલું બીજી કિટ્ટિકૃત કર્મદલિક ઉપરથી આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરાય છે અને ઉદયથી વેદાય છે. તે ત્યાં સુધી કે તેની પણ યાવત્ સમયાધિક એક આવલિકા જેટલું બાકી રહે, ત્યાં સુધી પ્રથમ સ્થિતિરૂપે કરાય છે અને વેદાય છે.

ત્યારબાદ તેના પછીના સમયથી ક્રોધની બીજી સ્થિતિમાં રહેલું ત્રીજી કિટ્ટિનું કર્મદલિક ઉપરથી ઉતારીને પ્રથમ સ્થિતિરૂપે કરાય છે અને ઉદયથી વેદાય છે તે ત્યાં સુધી કે તે ત્રીજી કિટ્ટિનું પણ કર્મદલિક યાવત્ એક સમયાધિક એક આવલિકા જેટલું બાકી રહે ત્યાં સુધી પ્રથમ સ્થિતિરૂપે કરાય છે અને ઉદયથી વેદાય છે.

આ ત્રણે પ્રકારની ચાલતી સંજ્વલન ક્રોધની કિટ્ટિવેદનાદ્ધાના કાળે ઉપરની બીજી સ્થિતિમાં રહેલા કર્મદલિકને ગુણસંક્રમ વડે પ્રત્યેક સમયમાં અસંખ્યાત ગુણવૃદ્ધિના માપે સંજ્વલનમાનમાં સંક્રમાવે પણ છે તૃતીય કિટ્ટિવેદનાદ્ધાના ચરમ સમયમાં સંજ્વલન ક્રોધનાં બંધ ઉદય અને ઉદીરણા વિચ્છેદ પામે છે તથા તે સંજ્વલન ક્રોધની સત્તા પણ બીજી સ્થિતિમાં એક સમયન્યૂન બે આવલિકા કાળમાં બાંધેલા કર્મદલિકની જ હોય છે અને પ્રથમ સ્થિતિમાં સમયાધિક એક આવલિકા માત્ર જ બાકી રહે છે આટલા કર્મદલિકને મુકીને બીજું કોઈ પણ જાતનું સંજ્વલન ક્રોધનું કર્મદલિક સત્તામાં રહેતું નથી. કારણ કે શેષ તમામ કર્મદલિક માનમાં સંક્રમિત થઈ ગયું છે.

ત્યારપછીના અનંતર સમયમાં સંજ્વલન માનની બીજી સ્થિતિમાં રહેલું પ્રથમ કિટ્ટિકૃત કર્મદલિક આકર્ષીને માનની પ્રથમ સ્થિતિરૂપે કરે છે અને તે દલિકને વેદે છે યાવત્ અન્તર્મુહૂર્ત કાળ સુધી. તથા સંજ્વલન ક્રોધનાં બંધ ઉદય અને ઉદીરણા વિચ્છેદ પામે છતે તે ક્રોધ સંબંધી બીજી સ્થિતિમાં શેષ રહેલ એક સમય ન્યૂન બે આવલિકા માત્ર પ્રમાણવાળું જે કર્મદલિક છે તે સમયન્યૂન બે આવલિકાના કાળ વડે જ ગુણસંક્રમ દ્વારા માનાદિમાં સંક્રમાવતાં સંક્રમાવતાં ચરમસમયે સર્વદલિકને સર્વસંક્રમ વડે સંક્રમાવે છે ત્યારે ક્રોધની સત્તા સર્વથા નાશ પામે છે. સાથે સાથે પ્રથમ સ્થિતિમાં રહેલું સમયધિક એક આવલિકાનું કર્મદલિક સ્તિબુક સંક્રમ વડે તેટલા જ કાળમાં માનની પ્રથમ સ્થિતિમાં સંક્રમાવે છે.

સંજ્વલન માનની દ્વિતીય સ્થિતિગત પ્રથમકિટ્ટિકૃત કર્મદલિક આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરે છે અને વેદે છે એમ તેનું વેદન કરતાં કરતાં સમયાધિક એક આવલિકા શેષ રહે ત્યાં સુધી કરે છે ત્યારપછીના અનન્તર સમયે સંજ્વલન માનની દ્વિતીય સ્થિતિગત દ્વિતીય કિટ્ટિકૃત કર્મદલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરે છે અને પ્રથમ સ્થિતિરૂપે વેદે છે તે ત્યાં સુધી વેદે છે કે યાવત્ તેની પણ સમયાધિક એક આવલિકા બાકી રહે.

ત્યારબાદ તેના પછીના અનંતરસમયમાં સંજ્વલન માનની દ્વિતીયસ્થિતિગત તૃતીય કિટ્ટિકૃત કર્મદલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરે છે અને પ્રથમ સ્થિતિરૂપે વેદે છે તે ત્યાં સુધી વેદે છે કે યાવત્ તેની પણ સમયાધિક એક આવલિકા સ્થિતિ બાકી રહે. તે જ સમયે સંજ્વલન માનનાં બન્ધ-ઉદય અને ઉદીરણા આ ત્રણેનો એકીસાથે વિચ્છેદ થાય છે તથા તે માનની સત્તા પણ એક સમયન્યૂન બે આવલિકા કાળમાં બાંધેલા કર્મદલિકની જ હોય છે માનનું શેષ તમામ કર્મદલિક માયામાં સંક્રમિત થઈ ગયેલું છે.

ત્યારબાદ આ જ નીતીરિતી પ્રમાણે સંજ્વલન માયાનું દ્વિતીયસ્થિતિગત પ્રથમકિટ્ટિકૃત કર્મદલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરે છે અને વેદે છે. વેદતાં વેદતાં યાવત્ અંતર્મુહૂર્તકાળ જાય છે સંજ્વલન માનનાં બન્ધાદિ વિચ્છેદ પામે છતે તે માનસંબંધી જે કર્મદલિક સમયન્યૂન બે આવલિકા કાળમાં બાંધેલું શેષ રહે છે તેને ગુણસંક્રમ દ્વારા તેટલા જ કાળે માયામાં સર્વદલિક સંક્રમાવે છે એમ કરતાં માનની સત્તા નાશ પામે છે.

સંજ્વલનમાયાની દ્વિતીયસ્થિતિગત પ્રથમકિટ્ટિરૂપે રહેલા કર્મદલિકને આકર્ષીને પ્રથમસ્થિતિરૂપે કરે છે અને વેદે છે તે ત્યાં સુધી વેદે છે કે યાવત્ તેની પણ સ્થિતિ સમયાધિક એક આવલિકા માત્ર બાકી રહે ત્યાં સુધી આમ કરે છે.

ત્યારપછીના સમયે સંજ્વલન માયાની દ્વિતીયસ્થિતિગત દ્વિતીય કિટ્ટિકૃત કર્મદલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરે છે અને પ્રથમ સ્થિતિરૂપે વેદે છે તે ત્યાં સુધી વેદે છે કે તેની પણ સમયાધિક એક આવલિકા શેષ રહે.

ત્યારબાદ તેના પછીના અનન્તર સમયમાં સંજ્વલન માયાની દ્વિતીયસ્થિતિગત તૃતીયકિટ્ટિકૃત કર્મદલિકને આકર્ષીને પ્રથમસ્થિતિ રૂપે કરે છે અને પ્રથમ સ્થિતિરૂપે વેદે છે તે ત્યાં સુધી વેદે છે કે યાવત્ તેની પણ સમયાધિક એક આવલિકા કાળ પ્રમાણ શેષ રહે. તે જ સમયમાં સંજ્વલન માયાના બંધ ઉદય અને ઉદીરણા આ ત્રણે એકી સાથે વિચ્છેદ પામે છે તથા તે કાળે સંજ્વલન માયાની સત્તા પણ એક સમય ન્યૂન બે આવલિકા કાળમાં બાંધેલા કર્મદલિકની જ સત્તા હોય છે. સંજ્વલન માયાનું શેષ તમામ કર્મદલિક સંજ્વલન લોભમાં સંક્રમિત થઈ ગયું છે.

ત્યારબાદ આ જ પ્રમાણે સંજ્વલન લોભનું દ્વિતીય સ્થિતિગત પ્રથમ કિટ્ટિકૃત કર્મદલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરે છે અને વેદે છે તે વેદતાં વેદતાં યાવત્ અંતર્મુહૂર્ત કાળ લાગે છે. સંજ્વલન માયાનાં બંધાદિ વિચ્છેદ પામે છતે તે માયા સંબંધી જે કર્મદલિક સમય ન્યૂન બે આવલિકા કાળમાં બાંધેલું શેષ રહે છે તેને ગુણસંક્રમ દ્વારા તેટલા જ કાળે લોભમાં સર્વ દલિક સંક્રમાવે છે તથા પ્રથમ સ્થિતિમાં વધેલું સમયાધિક એક આવલિકાનું દલિક સ્તિબુક સંક્રમ વડે તેટલા જ કાળે લોભમાં સંક્રમાવે છે બન્ને સ્થિતિનું દલિક સંક્રમી જાય છે. તે કાળે માયાની સત્તા પણ નાશ પામે છે.

સંજ્વલન લોભની દ્વિતીયસ્થિતિગત પ્રથમકિટ્ટિરૂપે રહેલા કર્મદલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિ રૂપે કરે છે અને વેદે છે તે ત્યાં સુધી વેદે છે કે યાવત્ તેની પણ સ્થિતિ સમયાધિક એક આવલિકા માત્ર બાકી રહે ત્યાં સુધી કરે છે અને વેદે છે.

ત્યારબાદ તેના પછીના અનન્તર સમયમાં સંજ્વલન લોભની દ્વિતીયસ્થિતિગત દ્વિતીયકિટ્ટિનું કર્મદલિક આકર્ષીને પ્રથમસ્થિતિ કરે છે અને વેદે છે.

જ્યારે દ્વિતીયસ્થિતિગત દ્વિતીયકિટ્ટિકૃત કર્મદલિકને નીચે લાવીને પ્રથમ સ્થિતિ રૂપે કરીને આ જીવ તે દલિકનું વેદન કરતો હોય છે ત્યારે જ તે જ સંજ્વલન લોભની દ્વિતીયસ્થિતિગત તૃતીયકિટ્ટિકૃત જે કર્મદલિક છે તેના દલિકને ગ્રહણ કરીને તેની સૂક્ષ્મ સૂક્ષ્મ કિટ્ટિઓ કરે છે ઘણા જ રસની હાનિ કરે છે એમ કરતાં કરતાં સંજ્વલન લોભની બીજી સ્થિતિમાં રહેલું બીજી કિટ્ટિકૃત દલિક જે પ્રથમસ્થિતિ રૂપે કરાયું છે અને વેદાય છે તેની સમયાધિક એક આવલિકા માત્ર શેષ રહે.

તે સમયે જ એટલે કે બીજી કિટ્ટિનું પ્રથમસ્થિતિરૂપે કરાયેલું કર્મદલિક સમયાધિક એક આવલિકા બાકી રહે ત્યારે જ સંજ્વલન લોભનો બંધ, બાદર લોભનો ઉદય અને બાદર લોભની ઉદીરણા, અને નવમું ગુણસ્થાનક આ સર્વે પણ વસ્તુઓ એકીસાથે વિચ્છેદ પામે છે. અર્થાત્ સમાપ્ત થાય છે.

તેના પછીના અનન્તર સમયમાં સૂક્ષ્મકિટ્ટિકૃત જે કર્મ દલિક બીજી સ્થિતિમાં રહેલું છે અને સૂક્ષ્મ-સૂક્ષ્મ કિટ્ટિરૂપે કરાયેલું છે તેને આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરે છે અને તે સૂક્ષ્મ કિટ્ટિકૃત લોભને આ જીવ વેદે છે તે કાળે આ જીવ ''સૂક્ષ્મસંપરાય'' કહેવાય છે.

સંજ્વલન ક્રોધ-માન-માયા અને બાદરલોભની એમ ચારે કષાયોની ત્રીજી ત્રીજી કિટ્ટિકૃત જે દલિક આકર્ષીને પ્રથમસ્થિતિરૂપે કરીને તેનું વેદન કરતાં કરતાં જે એક આવલિકા શેષ પડતી હતી. તે એક આવલિકાનું કર્મદલિક વેદાતી અર્થાત્ ઉદયમાં વર્તતી એવી પરપ્રકૃતિમાં અર્થાત્ ક્રોધની આવલિકા જે શેષ રહી તે માનમાં, માનની જે આવલિકા શેષ રહી તે માયામાં, માયાની જે આવલિકા બાકી રહી તે લોભમાં અને બાદર લોભની જે આવલિકા બાકી રહી તે સૂક્ષ્મલોભમાં સંક્રમાવે છે સ્તિબુકસંક્રમથી સંક્રમાવે છે.

તથા આ ચારે કષાયોની પ્રથમ કિટ્ટિકૃત જે આવલિકા બાકી રહી છે તે દ્વિતીયકિટ્ટિમાં, અને દ્વિતીયકિટ્ટિમાં જે એક આવલિકા બાકી રહી છે તે ત્રીજી કિટ્ટિમાં સ્તિબુક સંક્રમવડે સંક્રમાવીને વેદે છે.

સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે આવેલો આ જીવ સૂક્ષ્મ કિટ્ટિકૃત લોભને વેદતો છતો સૂક્ષ્મકિટ્ટિકૃત કર્મદલિકને તથા એક સમયન્યૂન બે આવલિકા કાળમાં છેલ્લા કાળે બાંધેલું લોભનું જે કર્મદલિક ક્ષય કર્યા વિનાનું બાકી છે તે બન્નેને પ્રતિસમયે સ્થિતિ ઘાતાદિ વડે નાશ કરતો કરતો આ જીવ ત્યાં સુધી આગળ જાય છે કે યાવત્ સૂક્ષ્મસંપરાયનો જે કાળ છે તેના સંખ્યાતા ભાગ જાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે.

જ્યારે સૂક્ષ્મસંપરાયાદ્ધાનો એક સંખ્યાતમો ભાગ બાકી રહે છે ત્યારે સંજ્વલન લોભને સર્વ અપવર્તના વડે અપવર્તાવીને સૂક્ષ્મસંપરાયના કાળ સમાન કરે છે. હજુ તે કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ બાકી છે. ત્યારથી પ્રારંભીને મોહનીયકર્મના સ્થિતિઘાત રસઘાત વિગેરે વિરામ પામે છે પરંતુ જ્ઞાનાવરણીયાદિ શેષ કર્મોના સ્થિતિઘાતાદિ ચાલુ જ રહે છે.

સંજ્વલન લોભની અપવર્તના કરાયેલી તે દસમા ગુણઠાણાના સંખ્યાતમા ભાગ તુલ્ય સ્થિતિને ઉદય અને ઉદીરણા વડે વેદતો વેદતો આ જીવ ત્યાં સુધી આગળ જાય છે કે દસમા ગુણઠાણાનો સમયાધિક એક આવલિકા જેટલો કાળ શેષ રહે.

તેના પછીના સમયે અર્થાત્ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકની જ્યારે માત્ર એક જ આવલિકા કાળ બાકી રહે ત્યારે સંજ્વલન લોભની ઉદીરણા વિચ્છેદ પામે છે ત્યાર પછી તે એક આવલિકામાં સંજ્વલન લોભનો ઉદય જ માત્ર હોય છે. અને ઉદયથી લોભને અનુભવીને આ જીવ ત્યાં સુધી આગળ જાય છે કે યાવત્ દશમા ગુણઠાણાનો ચરમ સમય આવે.

દસમા ગુણઠાણાના તે ચરમ સમયમાં જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચાર, યશઃ કીર્તિ, ઉચ્ચગોત્ર, અને અંતરાયકર્મની પાંચ એમ સોળ કર્મપ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય છે તથા મોહનીયકર્મનો ઉદય તથા મોહનીયકર્મની સત્તા એમ બન્નેનો વિચ્છેદ થાય છે ત્યારબાદ આ જીવ ક્ષીણકષાય નામના બારમા ગુણઠાણે આરૂઢ થાય છે.

ત્યાં બારમા ગુણઠાણે જ્ઞાનાવરણીયાદિ શેષકર્મોના સ્થિતિઘાત રસઘાત આદિ પૂર્વની જેમ જ પ્રવર્તે છે એમ કરતાં કરતાં બારમા ગુણઠાણાના સંખ્યાતા ભાગ જાય છે અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે છે. તે સમયે જ્ઞાનાવરણીય પાંચ, અંતરાયકર્મની પાંચ, દર્શનાવરણીયની ચાર, તથા નિદ્રાદ્વિક એમ કુલ (૧૬) સોળ કર્મપ્રકૃતિઓની સ્થિતિસત્તા સર્વ અપવર્તના વડે અપવર્તાવીને બારમા ગુણસ્થાનકના કાલ પ્રમાણ કરે છે. ફક્ત નિદ્રાદ્વિકની સત્તા સ્વરૂપ અપેક્ષાએ (પોતાના રૂપે) એક સમયન્યૂન અને સામાન્યથી કર્મસ્વરૂપે બારમા ગુણસ્થાનકના શેષ રહેલા કાળ તુલ્ય સ્થિતિસત્તા કરે છે.

ત્યાંથી આગળ વધતાં વધતાં ક્ષીણકષાય નામના બારમા ગુણસ્થાનકના દ્વિચરમસમયે નિદ્રાદ્વિકની સ્વરૂપ અપેક્ષાએ સત્તાનો વિનાશ થાય છે અને બાકીની (૧૪) ચૌદ કર્મપ્રકૃતિઓની સત્તાનો બારમાના ચરમસમયે વિનાશ થાય છે ત્યાર પછીના સમયે આ જીવ કેવલજ્ઞાની કેવલદર્શની બને છે તેરમા ગુણઠાણા ઉપર આરૂઢ થાય છે.

તેરમા ગુણઠાણે પહોંચેલા તે ભગવાન્ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડ વર્ષ સુધી યાવત્ ભૂમિતલ ઉપર વિહાર કરી સર્વે પણ કેવલજ્ઞાની ભગવંતો સમુદ્ઘાત કરતાં પહેલાં આયોજિકા કરણ અવશ્ય કરે જ છે આયોજિકાકરણ કર્યા પછી આયુષ્ય વિનાનાં ત્રણ અઘાતીકર્મો વિષમ હોય તો તેને આયુષ્યની સાથે સમાન કરવા માટે કોઈક કેવલજ્ઞાની ભગવંતો કેવલિ સમુદ્ઘાત કરે છે જે કેવલીભગવાનને વેદનીયાદિ ત્રણ કર્મો પોતાના આયુષ્યકર્મથી અધિક અધિકતર હોય છે તે જ કેવલી ભગવાન સમુદ્ઘાત કરે છે પરંતુ અન્ય કેવલજ્ઞાની ભગવંતો કે જેઓને ત્રણ કર્મો આયુષ્યથી અધિક નથી. પણ સમાન છે. તે કેવલી ભગવંતો કેવલીસમુદ્ઘાત કરતા નથી.

**પ્રશ્ન :** વેદનીયાદિ ત્રણ કર્મો જ આયુષ્યથી અધિક સ્થિતિવાળાં હોય પરંતુ ક્યારેય વેદનીયાદિ ત્રણ કર્મોથી આયુષ્યકર્મ અધિક ન જ હોય આવો નિયમ કેમ કહો છો ? આવો નિયમ ક્યાંથી આવ્યો ? આવું પણ કેમ ન બને કે ત્રણ કર્મો કરતાં ક્યારેક આયુષ્યકર્મ વધારે હોય ?

**ઉત્તર :** તેવા પ્રકારનો જીવના પરિણામનો સ્વભાવ હોવાથી, સારાંશ કે જીવનો આવા પ્રકારનો પરિણામ જ છે કે જેના કારણે આ કેવલી પરમાત્માના જીવને આયુષ્યકર્મ, વેદનીયાદિ ત્રણ કર્મોની સાથે સમાન હોય છે અથવા ત્રણ કર્મોથી ન્યૂન હોય છે પરંતુ ક્યારેય અધિક આયુષ્યકર્મ હોતું નથી.

તથા વળી આયુષ્યકર્મ ભવમાં એક જ વાર બંધાય છે પ્રતિદિન બંધાતું નથી. તેથી તે જ આયુષ્યકર્મનો અધ્રુવબંધ પણાનો સ્વભાવ છે. જ્યારે બાકીનાં ત્રણે કર્મો હંમેશાં પ્રતિસમયે બંધાય જ છે આયુષ્યકર્મ તો પોતપોતાના ભવના ત્રીજા ભાગે અથવા છ માસનો કાળ મૃત્યુનો બાકી હોય ત્યારે એક જ વાર બંધાય છે.

આવા પ્રકારના બંધની વિચિત્રતામાં સ્વભાવ વિના બીજો કોઈ હેતુ સંભવી શકતો નથી. આ જ પ્રમાણે વેદનીયાદિ કર્મોથી આયુષ્યકર્મ અધિક ન હોવામાં પણ સ્વભાવવિશેષ જ નિયામક છે અર્થાત્ કારણવિશેષ છે.

હવે અહીં કોઈ કદાચ આવો પ્રશ્ન કરે કે "સમુદ્ઘાત" એટલે શું ? તેનો શબ્દાર્થ શું ? તો તે સમજાવાય છે.

"समुद्घात" શબ્દમાં सम् - उद् - घात એમ કુલ ત્રણ શબ્દો છે. सम् એટલે કે સારી રીતે અર્થાત્ ફરીથી ઘાત ન કરવો પડે તેવો ઘાત સારાંશ કે અપુનર્ભાવિ ઘાત કરવો. તથા उद् એટલે પ્રબળપણે અર્થાત્ જોરદાર રીતે ઘણા જ બળપૂર્વક ઘાત કરવો. તથા घात એટલે કે વેદનીયાદિ કર્મોનો વિનાશ કરવાની પ્રક્રિયા છે. આવી જે ક્રિયાવિશેષમાં તે સમુદ્ઘાત કહેવાય છે.

તે સમુદ્ઘાતને કરતા એવા કેવલી ભગવાન્ સમુદ્ઘાતના પ્રથમ સમયમાં જ બાહલ્યથી (જાડાઈ - પહોળાઈથી) પોતાના શરીર પ્રમાણ, અને ઉર્ધ્વદિશામાં તથા અધોદિશામાં લોકાકાશના છેડા સુધી પોતાના આત્મપ્રદેશોનો લાકડીના જેવો લાંબો દંડ બનાવે છે.

બીજા સમયે પૂર્વ અને પશ્ચિમ દિશામાં, અથવા ઉત્તર અને દક્ષિણ દિશામાં આત્મપ્રદેશોનો કપાટ (કમાડ જેવો આકાર) બનાવે છે ત્રીજા સમયે બાકીની બે દિશામાં આત્મપ્રદેશો લંબાવે છે. જેથી ચારે દિશામાં આત્મપ્રદેશો લંબાયા હોવાથી રવૈયા જેવો આકાર બને છે તેથી તેને મન્થાન કહેવાય છે.

ચોથા સમયે ચારે ખુણામાં આત્મપ્રદેશો લંબાવે છે જેથી વચ્ચે વચ્ચેનાં આંતરાનું પુરણ થાય છે. પાંચમા સમયે આંતરામાંથી આત્મપ્રદેશો સંહરી લે છે અર્થાત્ પાછા ખેંચી લે છે એવી જ રીતે છઠ્ઠા સમયે મન્થાનમાંથી અને સાતમા સમયે કપાટમાંથી અને આઠમા સમયે દંડમાંથી આત્મપ્રદેશોને સંકોચી લે છે અને પોતાના શરીરમાં જ વ્યાપ્ત આત્મા બને છે. પૂર્વની જેવો શરીરસ્થ આ આત્મા થાય છે.

ત્યાં પ્રથમ સમયે જે દંડ કરે છે તેના તેના પૂર્વસમયમાં એટલે કે કેવલી સમુદ્ઘાત ચાલુ કરે તેના પૂર્વસમયમાં વેદનીય કર્મ, નામકર્મ અને ગોત્રકર્મ આ ત્રણ કર્મોની સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ માત્ર હતી. તેના બુદ્ધિથી (કલ્પનામાત્ર વડે) અસંખ્યાતા ભાગો કરે છે.

ત્યારબાદ દંડને કરતા આ કેવલી ભગવાન્ દંડવાળા કાળમાં જ તે સ્થિતિના અસંખ્યાતા ભાગોનો નાશ કરે છે માત્ર અસંખ્યાતમો એક ભાગ બાકી રાખે છે.

તથા આ જ ત્રણ કર્મોનો જે રસ સત્તામાં છે તેના બુદ્ધિથી અનંતા ભાગો આ જીવ કરે છે. તેમાંથી ૨૫ અશુભ પ્રકૃતિઓના અનંતા ભાગોનો નાશ કરે છે અને અનંતમો એક ભાગ રસનો બાકી રાખે છે. અસાતાવેદનીય, પહેલા વિનાનાં પાંચ સંસ્થાન, પહેલા વિનાના પાંચ સંઘયણ, અશુભ વર્ણાદિ ચતુષ્ક, ઉપઘાતનામકર્મ, અશુભવિહાયોગતિ, અપર્યાપ્તનામકર્મ, અસ્થિર-અશુભ નામકર્મ, દૌર્ભાગ્ય દુઃસ્વર, અનાદેય અયશઃ કીર્તિ, અને નીચગોત્ર આ પ્રમાણે ૨૫ પાપપ્રકૃતિઓના અનંતા ભાગોનો નાશ કરે છે એક અનન્તમો ભાગ માત્ર બાકી રાખે છે. તથા તે જ સમયમાં સાતાવેદનીય, દેવદ્વિક, મનુષ્યદ્વિક, પંચેન્દ્રિય જાતિ, શરીરપંચક, અંગોપાંગત્રય, પ્રથમ સંસ્થાન, પ્રથમ સંઘયણ, પ્રશસ્ત વર્ણાદિ ચતુષ્ક, અગુરુલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, પ્રશસ્તવિહાયોગતિ ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, આતપ, ઉદ્યોત, સ્થિર, શુભ, સૌભાગ્ય, સુસ્વર, આદેય, યશઃકીર્તિ, નિર્માણ, તીર્થંકરનામકર્મ, અને ઉચ્ચગોત્ર આ (૩૯) ઓગણચાલીસ પુણ્યપ્રકૃતિઓનો જે રસ છે તેને અશુભપ્રકૃતિઓમાં પ્રવેશ કરાવવા વડે વિનાશ કરે છે સમુદ્‌ઘાતનું આ જ માહાત્મ્ય છે. તેના પ્રતાપે આવું કામ થાય છે. અશુભ પ્રકૃતિઓનો જે રસ છે તેનો પોતાના રૂપે જ નાશ કરે, પરંતુ પુણ્યપ્રકૃતિઓના રસને અશુભમાં સંક્રમાવવા દ્વારા નાશ કરે છે.

હવે બાકી રાખેલા સ્થિતિના તે અસંખ્યાતમા ભાગના અને રસના અનંતમા ભાગના ફરીથી બુદ્ધિવડે અનુક્રમે સ્થિતિના અસંખ્યાતા ભાગ અને રસના અનંતા ભાગો કરાય છે ત્યારબાદ બીજા સમયે તે સ્થિતિના અસંખ્યાતા ભાગ કરવા દ્વારા અસંખ્યાતના ભાગોનો નાશ કરે છે એક ભાગ બાકી રાખે છે. તથા રસના અનંતા ભાંગોનો નાશ કરે છે. અને એક ભાગ બાકી રાખે છે. અહીં પણ પ્રશસ્તપ્રકૃતિઓના રસનો ઘાત અપ્રશસ્ત પ્રકૃતિઓના અનુભાગના મધ્યે પ્રવેશ કરાવવા દ્વારા જ નાશ કરે છે તથા બાકી રાખેલો સ્થિતિનો જે એક ભાગ છે તેના ફરીથી અસંખ્યાતા ભાગો આ જીવ કરે છે તથા રસનો બાકી રાખેલો જે અનંતમો ભાગ છે. તેના પણ પુનઃ બુદ્ધિથી અનંતા ભાગો આ જીવ કરે છે.

ત્યારબાદ ત્રીજા સમયે સ્થિતિના અસંખ્યાતા ભાગોનો અને રસના અનંતા ભાગોનો આ જીવ નાશ કરે છે તથા સ્થિતિનો એક અસંખ્યાતમો ભાગ અને રસનો એક અનંતમોં ભાગ બાકી રાખે છે. તથા પ્રશસ્ત પ્રકૃતિઓના રસનો ઘાત અપ્રશસ્ત પ્રકૃતિઓમાં સંક્રમાવવા વડે જ કરે છે.

ત્યારબાદ ચોથા સમયે પણ સ્થિતિના એક અસંખ્યાતમા ભાગના બુદ્ધિથી અસંખ્યાત ભાગ કલ્પે છે તેમાંથી એક ભાગ રાખીને શેષ અસંખ્યાતા ભાગોનો નાશ કરે છે તથા રસના પણ બુદ્ધિથી અનંતા ભાગો કલ્પીને એક ભાગ બાકી રાખીને અનંતા ભાગોનો આ જીવ નાશ કરે છે તથા પ્રશસ્ત પ્રકૃતિઓના રસનો નાશ અપ્રશસ્ત પ્રકૃતિઓમાં સંક્રમાવવા વડે જ નાશ કરે છે.

આ પ્રમાણે સ્થિતિઘાત અને રસઘાતને કરતો આ જીવ પોતાના આત્મપ્રદેશો વડે વ્યાપ્ત કર્યો છે સમસ્ત લોક જેણે એવા આ કેવલી પરમાત્માનાં વેદનીયાદિ ત્રણ અઘાતી કર્મોની સ્થિતિ આયુષ્યકર્મ કરતાં જે અસંખ્યાત ગુણી અધિક હતી તે સંખ્યાતગુણી થઈ જાય છે પરંતુ રસ તો પહેલાં પણ અનંતગુણો જ હતો અને આટલો હણ્યો તો પણ અનંતગુણો જ રહે છે. પરંતુ માત્રામાં તે અલ્પ થાય છે.

ચોથા સમયે બાકી રાખેલા સ્થિતિના એક ભાગના બુદ્ધિથી સંખ્યાતા જ ભાગો કરાય છે, પરંતુ હવે અસંખ્યાતા ભાગો કરતા નથી પણ રસના એક ભાગના અનંતા ભાગો કરાય છે. ત્યારબાદ અવકાશનાં આંતરાં પુરવાના સમયે એટલે કે પાંચમા સમયે સ્થિતિના સંખ્યાતા ભાગ કરે છે અને એક સંખ્યાતમો ભાગ રાખીને શેષ સંખ્યાતા ભાગોનો નાશ કરે છે પરંતુ રસના તો હજુ પણ અનંતા જ ભાગ કરે છે એક અનંતમો ભાગ રાખીને બીજા અનંતા ભાગોનો આ ભગવાન નાશ કરે છે.

આ પ્રમાણે દંડ, કપાટ, મન્થાન આંતરાં પુરવાનો સમય અને આંતરાં સંહરવાનો સમય એમ કુલ પાંચ સમયમાં જે જે સ્થિતિ અને રસનો ઘાત કરાય છે તેને એક સામયિક (એક સમયના કાળવાળું) કંડક કહેવાય છે કારણ કે આ પાંચે સમયોમાં સમયે સમયે સ્થિતિ કંડક અને અનુભાગ કંડકનો નાશ કરે છે.

અહીંથી આગળ અર્થાત્ કેવલિ સમુદ્ઘાતના છઠ્ઠા સમયથી આરંભીને અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્ત કાળે સ્થિતિકંડક અને અનુભાગ કંડક થાય છે. છઠ્ઠાદિ સમયોમાં કંડકનો એક એક ભાગ ઉકેરે છે અને તે અંતર્મુહૂર્ત કાળના અન્તિમ સમયમાં સંપૂર્ણ એવું તે કંડક ઉકેરાઈ જ જાય છે. આ પ્રમાણે છઠ્ઠા સમયથી અંતર્મુહૂર્તના કાળવાળાં સ્થિતિ કંડકો અને અનુભાગ કંડકોનો આ જીવ વિનાશ કરે છે એમ કરતાં કરતાં સયોગિ કેવલિ ગુણસ્થાનકનો ચરમ સમય આવે ત્યાં સુધી જાણવું.

આ થયેલા સ્થિતિ કંડકો અને અનુભાગ કંડકો અસંખ્યાતાં જાણવાં. કેવલિ સમુદ્ઘાતની આ વિધિ આવશ્યક ચૂર્ણિના આધારે કહી છે. જે કેવલી પરમાત્માને વેદનીયાદિ ત્રણ કર્મો આયુષ્ય કર્મની સાથે સમાન સ્થિતિવાળાં હોય છે તે કેવલી પરમાત્મા સમુદ્ઘાત કરતા નથી.

આ પ્રમાણે કોઈક કેવલજ્ઞાની પરમાત્મા સમુદ્ઘાત કરીને અને કોઈક કેવલજ્ઞાની પરમાત્મા સમુદ્ઘાત કર્યા વિના જ લેશ્યાનો નિરોધ કરવા માટે તથા યોગના નિમિત્તે થતો સાતા વેદનીયકર્મનો બંધ અટકાવવા માટે યોગનિરોધ સર્વે પણ કેવલીભગવંતો અવશ્ય કરે જ છે. શાસ્ત્રમાં જ કહ્યું છે કે :-

स ततो योगनिरोधं करोति लेश्यानिरोधमभिकाङ्क्षन् ।
समयस्थितिं च बन्धं, योगनिमित्तं विनिरुरुत्सन् ॥ १ ॥

समये समये कर्मादाने सति, संततेर्न मोक्षः स्यात् ।
यद्यपि हि विमुच्यन्ते, स्थितिक्षयात् पूर्वकर्माणि ॥ २ ॥

नोकर्मणा हि वीर्यं, योगद्रव्येण भवति जीवस्य ।
तस्यावस्थानेन तु सिद्धः, समयस्थितिर्बन्धः ॥ ३ ॥

ત્યારબાદ તે કેવલી પરમાત્મા લેશ્યાનો નિરોધ કરવાને ઇચ્છતા છતા તથા યોગના નિમિત્તે એકસમયની સ્થિતિવાળા સાતાવેદનીયના બંધને અટકાવવાની ઇચ્છાવાળા જો કે પોત પોતાની સ્થિતિનો ક્ષય થયે છતે આ જીવ પૂર્વે બાંધેલાં તે તે કર્મોથી મુક્ત બને જ છે. તો પણ આ કર્મોની પરંપરા ચાલતી હોવાથી નવો નવો બંધ થવાના કારણે આ જીવ સર્વથા કર્મબંધથી મુક્ત બનતો નથી અને ત્યાં સુધી મોક્ષ થતો નથી.

કારણ કે નોકર્મ વડે યોગદ્રવ્ય દ્વારા આ જીવને પ્રવૃત્યાત્મક વીર્ય પ્રગટ થાય છે આ યોગાત્મક વીર્ય જ્યાં સુધી હોય છે ત્યાં સુધી એક સમયની સ્થિતિવાળો સાતાવેદનીયનો બંધ ચાલુ જ રહે છે. ॥ ૧-૨-૩ ॥

અહીં જે એક સમયની સ્થિતિ બંધાય છે એમ જે કહ્યું છે તે બન્ધાતા સમય પછીનો અર્થાત્ ઉદયવાળો એક સમય પ્રધાન કરીને કહ્યો છે સારાંશ કે પ્રથમ સમયે બંધાય છે બીજા સમયે ઉદયમાં આવે છે અને ત્રીજા સમયે નિર્જરી જાય છે આ રીતે બધ્યમાન સમય પછીના એક સમયની અપેક્ષાએ આ કથન જાણવું.

હવે યોગ નિરોધને કરતો આ આત્મા સૌથી પ્રથમ બાદર કાયયોગના બળથી અન્તર્મુહૂર્ત માત્ર કાળ વડે બાદર વચનયોગનો નિરોધ કરે છે. તેનો નિરોધ કર્યા પછી અંતર્મુહૂર્ત સ્થિર રહીને બાદર કાયયોગના બળથી બાદર મનોયોગનો નિરોધ કરે છે શાસ્ત્રમાં કહ્યું છે કે :-

**बादरतन्वा पूर्वं, वाङमनसे बादरे स निरुणद्धि ।**
**आलम्बनाय करणं, तदिष्यते तत्र वीर्यवतः ॥ १ ॥**

**અર્થ :** બાદર કાયયોગના બળથી પહેલાં બાદર વચનયોગ તથા તેની પછી બાદર મનયોગનો નિરોધ કરે છે. આલંબન માટે ત્યાં વીર્યવાળા જીવને જે કાયયોગ છે તેનું આલંબન ઈચ્છાય છે.

આ પ્રમાણે બાદર મનોયોગનો નિરોધ થયા પછી વળી એક અંતર્મુહૂર્ત રહીને ઉચ્છ્વાસ અને નિચ્છ્વાસને એક અંતર્મુહૂર્તના કાળ વડે અટકાવે છે. અર્થાત્ તે બન્નેનો નિરોધ કરે છે ત્યારબાદ ફરીથી અંતર્મુહૂર્ત રહીને સૂક્ષ્મ કાયયોગના બલથી બાદર કાયયોગનો નિરોધ કરે છે કારણ કે બાદર યોગ હોતે છતે સૂક્ષ્મયોગનો નિરોધ કરવો અશક્ય છે તે માટે પ્રથમ બાદર કાયયોગનો નિરોધ કરે છે.

શાસ્ત્રોમાં જ કહ્યું છે કે :-

**बादरतनुमपि निरुणद्धि, ततः सूक्ष्मेण काययोगेन ।**
**न निरुध्यते हि सूक्ष्मो योगः सति बादरे योगे ॥**

**ગાથાર્થ :** ત્યારબાદ સૂક્ષ્મ કાયયોગના બળથી આ જીવ બાદર કાયયોગનો પણ નિરોધ કરે છે. કારણ કે બાદર યોગ હોતે છતે સૂક્ષ્મ યોગનો નિરોધ થઈ શકતો નથી. ॥ ૧ ॥

અહીં બીજા કેટલાક આચાર્ય મહાપુરુષો આ પ્રમાણે પણ કહે છે કે :- બાદર કાયયોગના બળથી જ બાદર કાયયોગનો આ પરમાત્મા નિરોધ કરે છે. જેમ સુથાર મોટા થાંભલા ઉપર બેઠો છતો જ તે લાકડાના થાંભલાને છેદે છે. તેમ અહીં જાણવું.

આ બન્ને પ્રકારના વિચારોમાં સાચું તત્ત્વ કહ્યું તે તો કેવલી પરમાત્મા જ જાણે.

બાદરકાયયોગનો નિરોધ કરતો આ આત્મા યોગનાં પૂર્વસ્પર્ધકોમાંથી જ અપૂર્વ સ્પર્ધકો કરે છે. સંસારમાં પર્યાપ્ત નામકર્મના ઉદયથી પર્યાપ્તાપણે પરિણામ પામેલા જીવવડે ઉત્પત્તિ કાલે કાયાદિની ચેષ્ટા બનાવવા માટે જે સ્પર્ધકો યોગનાં કરાયાં હતાં તે પૂર્વસ્પર્ધકો કહેવાય છે. તે સ્પર્ધકો સ્થૂલ હતાં ઘણા યોગથી ભરપૂર ભરેલાં હતાં, અને અત્યારે જે નવાં યોગનાં સ્પર્ધકો કરાય છે તે સૂક્ષ્મ સ્પર્ધકો છે. આવા પ્રકારનાં સૂક્ષ્મયોગનાં સ્પર્ધકો અનાદિ એવા આ સંસારમાં આ જીવે ક્યારેય પણ કર્યાં નથી. તેથી તેને અપૂર્વ સ્પર્ધક કહેવાય છે.

ત્યાં પૂર્વસ્પર્ધકોની નીચે જે પ્રથમાદિ વર્ગણાઓ છે તે વર્ગણાઓમાં જે વીર્યાવિભાગના પલિચ્છેદો છે. તેઓના અસંખ્યાતા ભાગોને આ જીવ આકર્ષે છે અને એક અસંખ્યાતમા ભાગને છોડી દે છે. સારાંશ કે યોગના અસંખ્યાત ટુકડા કલ્પીને અસંખ્યાતા ભાગોને છેદીને સૂક્ષ્મ યોગનાં સ્પર્ધકો બનાવે છે. આત્મપ્રદેશોમાં પણ અસંખ્યાતમો એકભાગ આકર્ષે છે શેષ સર્વભાગ એમને એમ રાખે છે.

આ પ્રમાણે બાદર કાયયોગના નિરોધકાળના પ્રથમ સમયનો વ્યાપાર છે. કર્મપ્રકૃતિ પ્રાભૃત નામના ગ્રંથમાં કહ્યું છે કે :-

''पढमसमये अपुव्वकड्डुगाणि करेइ, पूव्वकड्डगाणं हेट्ठा आइवग्गणाणं अविभागपलिच्छेयाणम-संखेज्जे भागे ओकड्डइ जीवपएसाणं च असंखेज्जइमं भागमोकड्डइ त्ति''

ત્યારબાદ પ્રથમ સમયે અપૂર્વસ્પર્ધકો આ કેવલી પરમાત્મા કરે છે. પ્રથમ સ્પર્ધકની પ્રથમ વર્ગણા ગ્રહણ કરીને તેના અવિભાગ પલિચ્છેદોના અસંખ્યાતા ભાગોને આકર્ષે છે, અને જીવપ્રદેશોના અસંખ્યાતમા ભાગને આકર્ષે છે.

તથા વીર્યાવિભાગના પલિચ્છેદોના પ્રથમ સમયે આકર્ષેલા ભાગ કરતાં સંખ્યાતગુણ હીન ભાગને આકર્ષે છે આ પ્રમાણે પ્રતિસમયે આકર્ષી આકર્ષીને આ પરમાત્મા અપૂર્વસ્પર્ધકો કરે છે. યાવત્ અન્તર્મુહૂર્ત કાળનો ચરમ સમય આવે ત્યાં સુધી કરે છે.

**પ્રશ્ન :** આવા પ્રકારનાં અપૂર્વસ્કર્ધકો કેટલાં થતાં હશે ?

**ઉત્તર :** સાતરાજ લાંબી અને એક આકાશપ્રદેશ પહોળી અને જાડી એવી એક સૂચિશ્રેણિ લઈએ તેના વર્ગમૂલના અસંખ્યાતમા ભાગમાત્ર પ્રમાણ આ અપૂર્વસ્પર્ધકો થાય છે.

અપૂર્વસ્પર્ધકો કરવાનો જે એક અંતર્મુહૂર્ત કાળ છે. તેના પછીના અનંતર સમયમાં જ આ કેવલી પરમાત્મા અપૂર્વસ્પર્ધકોની કિટ્ટિઓ કરવાનું કામકાજ કરે છે. અર્થાત્ કિટ્ટિઓ કરવાનો આરંભ કરે છે. આવા પ્રકારની હીનશક્તિવાળી કિટ્ટિઓ અંતર્મુહૂર્ત સુધી યાવત્ કરે છે શાસ્ત્રમાં જ કહ્યું છે કે :-

**नाशयति काययोगं, स्थूलं सोऽपूर्वफड्डकीकृत्य ।**
**शेषस्य काययोगस्य, तथा किट्टीश्च स करोति ॥ १ ॥**

**ગાથાર્થ :** તે કેવલી પરમાત્મા યોગનાં અપૂર્વ સ્પર્ધકો કરીને કાયયોગનો નાશ કરે છે અને શેષ રહેલા કાયયોગની તે પરમાત્મા કિટ્ટિઓ કરે છે.

**પ્રશ્ન :** किट्टिः આ શબ્દનો અર્થ શું ? કિટ્ટિ કોને કહેવાય ?

**ઉત્તર :** એકોત્તરવૃદ્ધિનો ત્યાગ કરવા પૂર્વક અનંતગુણહીન અનંતગુણહીન શક્તિવાળી એક એક વર્ગણા થાપવા વડે યોગનું અલ્પીકરણ કરવું તેનું નામ કિટ્ટિ કહેવાય છે.

ત્યાં પૂર્વસ્પર્ધકો તથા અપૂર્વસ્પર્ધકોની જે પ્રથમાદિવર્ગણા છે તે વર્ગણાઓના જે અવિભાગ પલિચ્છેદો છે. તે અવિભાગ પલિચ્છેદોના આ કેવલી પરમાત્મા અસંખ્યાતા ભાગોને આકર્ષે છે એક અસંખ્યાતમા ભાગને બાકી રાખે છે આત્મપ્રદેશોના પણ એક અસંખ્યાતમા બાગને આકર્ષે છે શેષ સર્વ આત્મપ્રદેશોને એમને એમ સ્થાપે છે. આ પ્રમાણે કિટ્ટિકરણાદ્ધાના પ્રથમ સમયનો વ્યાપાર (વ્યવહાર) થાય છે.

ત્યારબાદ બીજા સમયે પ્રથમ સમયે આકર્ષેલા વીર્યાવિભાગ પલિચ્છેદના ભાગ કરતાં અસંખ્યાતગુણ હીન વીર્યાવિભાગના પલિચ્છેદના ભાગને આકર્ષે છે પરંતુ આત્મપ્રદેશોના પ્રથમ સમયે આકર્ષેલા જીવપ્રદેશોના અસંખ્યાતમા ભાગથી અસંખ્યાત ગુણા ભાગોને અર્થાત્ અસંખ્યાતા ભાગોને આકર્ષે છે આ પ્રમાણે પ્રતિસમયે આ આત્મા યોગની કિટ્ટિઓ કરે છે તેને સૂક્ષ્મ યોગ કહેવાય છે આ પ્રમાણે અંતર્મૂહૂર્તના ચરમ સમય સુધી કિટ્ટિઓ કરે છે.

ત્યાં પ્રથમ સમયમાં કરાયેલી કિટ્ટિઓ કરતાં બીજા સમયમાં કરાયેલી કિટ્ટિઓ અસંખ્યાતગુણી હીન હોય છે અહીં આ ગુણાકાર પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમયતુલ્ય જાણવો. આ જ પ્રમાણે બાકીના સમયોમાં પણ વિચારી લેવું. કર્મપ્રકૃતિ પ્રાભૃત નામના ગ્રંથમાં આ પ્રમાણે કહ્યું છે. તે પાઠ આ પ્રમાણે છે :-

इत्थं अंतोमुहुत्तं किट्टीओ करेइ असंखगुणहीणाए । सेढीए जीवपएसे य असंखेज्जगुणाए सेढीए ओकट्ढइ, किट्टिगुणकारो पलिओवमस्स असंखेज्जइ भागोत्ति ।

**અર્થ :** અહીં એક અંતર્મુહૂર્ત સુધી આ આત્મા કિટ્ટિઓ કરે છે. અસંખ્યાતગુણ હીન અસંખ્યાતગુણ હીનની શ્રેણિવડે આ કિટ્ટિઓ કરે છે અને આત્મપ્રદેશો અસંખ્યાતગુણની શ્રેણિ વડે આકર્ષે છે. કિટ્ટિઓમાં જે અસંખ્યાતનો ગુણાકાર છે તે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જાણવો.

પ્રથમ સમયમાં કરાયેલી કિટ્ટિઓ કુલ એક સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગ પ્રમાણ થાય છે. અને તે કિટ્ટિઓ પૂર્વસ્પર્ધકો તથા અપૂર્વસ્પર્ધકોના અસંખ્યાતમા ભાગ પ્રમાણ માત્ર હોય છે કિટ્ટિકરણાદ્ધાના અવસાન પછી અર્થાત્ તે કાલ સમાપ્ત થાય ત્યાર બાદ આ જીવ પૂર્વસ્પર્ધકોનો તથા અપૂર્વસ્પર્ધકોનો વિનાશ કરે છે તે સમયથી આરંભીને એક અંતર્મુહૂર્ત સુધી આ જીવ કિટ્ટિકૃતયોગ વાળો જ થાય છે. શાસ્ત્રમાં જ કહ્યું છે કે :-

किट्टिकरणे णिट्ठिए तओ से काले पुव्वफड्डगाणि अपुव्वकड्डगाणि च णासेइ अंतोमुहुत्तं किट्टिगयजोगो भवइत्ति ॥

**અર્થ :** કિટ્ટિકરણાદ્ધા સમાપ્ત થયે છતે ત્યારબાદ તે જીવ પૂર્વસ્પર્ધકો તથા અપૂર્વસ્પર્ધકોનો નાશ કરે છે ત્યારબાદ અંતર્મુહૂર્ત સુધી કિટ્ટિગતયોગ વાળો થાય છે.

પૂર્વ સ્પર્ધકો અને અપૂર્વ સ્પર્ધકોનો નાશ કર્યા પછી એક અંતર્મુહૂર્ત સુધી કંઈ પણ કરતો નથી. વિશ્રાન્તિમાં રહે છે ત્યારબાદ તેના પછીના અનન્તરસમયમાં સૂક્ષ્મકાયયોગના આલંબનથી અંતર્મુહૂર્ત માત્ર કાળ વડે સૂક્ષ્મ વચનયોગનો પ્રથમ નિરોધ કરે છે ત્યારબાદ નિરોધ કર્યો છે વચનયોગ જેણે એવા આ મહાત્મા અંતર્મુહુર્ત સુધી અન્ય કોઈ પણ સૂક્ષ્મ યોગનો નિરોધ કરવામાં પ્રયત્નવાળા થતા નથી.

ત્યારબાદ તેના પછીના અનન્તર સમયમાં સૂક્ષ્મકાયયોગના આલંબનથી અંતર્મુહૂર્તકાળે સૂક્ષ્મ મનોયગનો નિરોધ કરે છે ત્યારબાદ અંતર્મુહૂર્ત સુધી વિરામ કરે છે. ત્યારબાદ સૂક્ષ્મકાયયોગના બલથી સૂક્ષ્મ કાયયોગનો અંતર્મુહૂર્તકાળે નિરોધ કરે છે.

તે સૂક્ષ્મ કાયયોગનો નિરોધ કરતા કરતા આ ભગવાન્ સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી નામના શુક્લધ્યાન ઉપર આરૂઢ થાય છે તે શુક્લ ધ્યાનના સામર્થ્યથી વદન (મુખ) ઉદર (પેટ) આદિ શરીર ના ભાગોમાં જ્યાં જ્યાં પોલાણ છે તેને પૂરવા વડે સંકોચાયો છે શરીરના ત્રીજા ભાગવર્તી આત્મપ્રદેશો જેના એવા આ ભગવાન થાય છે અર્થાત્ બે તૃતીયાંશ અવગાહના વાળા થાય છે શાસ્ત્રમાં જ કહ્યું છે કે :-

सूक्ष्मेण काययोगेन ततो निरुणद्धि सूक्ष्मवाङमनसे ।
भवति ततोऽसौ सूक्ष्मक्रियस्तदा किट्टिगतयोगः ॥ १ ॥

तमपि स योगं सूक्ष्मं निरुरुत्सन् सर्वपर्यायानुगतम् ।
सूक्ष्मक्रियमप्रतियात्युपयाति ध्यानम मनस्कम् ॥ २ ॥ इत्यादि

સૂક્ષ્મ કાયયોગ વડે સૂક્ષ્મ વચનયોગ અને સૂક્ષ્મ મનયોગને રોકે છે.ત્યારબાદ આ ભગવાન સૂક્ષ્મકાયયોગવાળા, સૂક્ષ્મકિટ્ટિગત યોગવાળા બને છે તે સૂક્ષ્મ કાયયોગનો નિરોધ કરતા આ ભગવાન્ સર્વ પર્યાયોને અનુસરનારા એવા સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતી નામના ધ્યાનમાં આરૂઢ થાય છે જે ધ્યાન અમનસ્ક હોય છે ઇત્યાદિ ॥ ૧-૨ ॥

સૂક્ષ્મ કાયયોગનો નિરોધ કરતા આ ભગવાન પ્રથમ સમયે પહેલાં યોગની જે કિટ્ટિઓ કરી છે તેમાંથી અસંખ્યાતા ભાગોનો નાશ કરે છે. એક ભાગ બાકી રાખે છે બીજા સમયે બાકી રાખેલા તે એક ભાગ સંબંધી અસંખ્યાતા ભાગોનો નાશ કરે છે અને તેમાંથી એક ભાગ બાકી રાખે છે આ પ્રમાણે સમયે સમયે કિટ્ટિઓનો નાશ કરતો કરતો આ જીવ સયોગિ કેવલી અવસ્થાના ચરમ સમય સુધી જાય છે.

સયોગિ કેવલી અવસ્થાના ચરમ સમયે પહોંચેલો તે જીવ શેષ રહેલાં સર્વે પણ કર્મોને અયોગિગુણસ્થાનકના કાળ પ્રમાણ સ્થિતિવાળાં કરે છે સર્વ અપવર્તના વડે અપવર્તાવીને સ્થિતિ-રસ ઘટાડી નાખે છે. જે જે કર્મોનો અયોગી અવસ્થામાં ઉદય નથી. તે તે પ્રકૃતિઓની સ્થિતિ સ્વરૂપની અપેક્ષાએ એક સમય ન્યૂન કરે છે. પરંતુ સામાન્યથી કર્મપણે રહેવા સ્વરૂપે ચૌદમા ગુણસ્થાનક પ્રમાણ સ્થિતિ કરે છે ચૌદમાના ચરમ સમયે અનુદયવતી પ્રકૃતિઓનું કર્મદલિક ઉદયવતી રૂપે વિદ્યમાન હોય છે. માત્ર પોતાના રૂપે હોતું નથી.

તે સયોગિ અવસ્થાના ચરમ સમયે (૧) સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી નામનું શુક્લધ્યાન, ૯૨) સર્વે પણ કિટ્ટિઓ, (૩) સાતાવેદનીયનો બંધ, (૪) નામ અને ગોત્રકર્મની ઉદીરણા, (૫) મન-વચન-કાયાનો યોગ, (૬) શુક્લલેશ્યા, (૭) સ્થિતિઘાત અને રસદાત એમ કુલ સાત પદાર્થો એકી સાથે વિચ્છેદ પામે છે. ત્યારપછીના અનન્તસમયે આ ભગવાન્ અયોગી કેવલી ગુણઠાણા ઉપર આરૂઢ થાય છે.

તે અયોગી ભગવાન્ અઘાતી કર્મોને ખપાવવા માટે વ્યુપરતક્રિયા અનિવૃત્તિ નામના ચોથા શુક્લ ધ્યાન ઉપર આરૂઢ થાય છે આ અયોગી કેવલી ભગવાન્ સ્થિતિઘાતાદિથી રહિત છે. અને તે કાલે જે કર્મો ઉદયમાં વર્તે છે તે કર્મોને ઉદયથી અનુભવવા દ્વારા ખપાવે છે.

તથા જે કર્મો ઉદયમાં વર્તતાં નથી પરંતુ સત્તામાં છે તેવાં અનુદયવાળાં કર્મોને તે કાલે જે ઉદયવાળી કર્મપ્રકૃતિઓ છે તેમાં સ્તિબુક સંક્રમવડે સંક્રમાવવા દ્વારા તથા વેદાતી તે પ્રકૃતિરૂપે અનુભવ કરતો એવો તે જીવ ત્યાં સુધી જાય છે કે યાવત્ અયોગી કેવલી નામના આ ચૌદમા ગુણસ્થાનકનો દ્વિચરમ (અર્થાત્ ઉપાન્ત્ય) સમય આવે. ત્યાં સુધી આ જીવ આગળ જાય છે.

ચૌદમા ગુણસ્થાનકના તે દ્વિચરમ (ઉપાન્ત્ય) સમયમાં દેવદ્વિક, શરીર પંચક, બંધન પંચક, સંઘાતન પંચક, સંસ્થાનષટ્ક, અંગોપાંગ ત્રણ, સંઘયણષટ્ક, વર્ણાદિ વીસ, પરાઘાત,

ઉપઘાત, અગુરુલઘુ, ઉચ્છ્વાસ, વિહાયોગતિદ્વિક, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, સુસ્વર-દુસ્વર, દૌર્ભાગ્ય, પ્રત્યેક, અનાદેય, અયશઃકીર્તિ, નિર્માણ, અપર્યાપ્તક, નીચગોત્ર, સાતા-અસાતા આ બેમાંથી અનુદયવાળી એક વેદનીય, એમ કુલ (૭૨) બોંતેર કર્મપ્રકૃતિઓ સ્વરૂપ સત્તાને આશ્રયી (પોતાના રૂપે સત્તાને) આશ્રયી ક્ષય પામે છે. કારણ કે ચરમસમયમાં જે ઉદયવતી પ્રકૃતિઓ છે. તેમાં તેમાં સ્તિબુક સંક્રમવડે સંક્રમિત થઈ જાય છે.

ઉપાન્ત્યસમયે આ ૭૨ પ્રકૃતિઓની પોતાના રૂપે સત્તા નાશ થવાથી ચરમ સમયમાં અન્યતર વેદનીય એક, મનુષ્યત્રિક, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, સૌભાગ્ય, આદેય, યશઃ કીર્તિ, પર્યાપ્ત, બાદર, તીર્થંકરનામકર્મ અને ઉચ્ચગોત્ર એમ કુલ (૧૩) તેર કર્મપ્રકૃતિઓની સત્તા રહે છે તે સત્તાનો ચરમસમયે વિનાશ થાય છે.

અન્ય આચાર્યો મનુષ્યાનુપૂર્વીની સત્તાનો વિચ્છેદ દ્વિચરમ સમયમાં થાય એમ માને છે કારણ કે તેના ઉદયનો અભાવ છે. જેનો ઉદય ન હોય તેની સત્તા દ્વિચરમ સમય સુધી જ હોય છે. પરંતુ જે જે કર્મપ્રકૃતિઓ ઉદયવાળી હોય છે તેનો સ્તિબુકસંક્રમ થતો ન હોવાથી ચરમ સમયમાં તે પ્રકૃતિઓનું કર્મદલિક સ્વરૂપે સત્તામાં હોય છે. તે બરાબર યોગ્ય જ છે. તેથી ઉપાન્ત્ય સમયે તોંતેર અને શેષ બાર પ્રકૃતિઓની જ સત્તાવિચ્છેદ ચરમ સમયે થાય છે.

આનુપૂર્વી તો ચારે પણ ક્ષેત્રવિપાકી હોવાથી જ અપાન્તરાલ ગતિમાં જ (વિગ્રહગતિમાં જ) ઉદયમાં આવે છે. તેથી ભવસ્થ (સંસારી સ્થિર અવસ્થામાં) તેનો ઉદય સંભવતો નથી. તેથી તેની સત્તાનો વિચ્છેદ અયોગિ અવસ્થાના દ્વિચરમ સમયે જ જાણવો. તેમના મતે દ્વિચરમસમયે (૭૩) તોંતેર પ્રકૃતિઓની સત્તાનો અને ચરમસમયે (૧૨) બાર પ્રકૃતિઓની સત્તાનો વિચ્છેદ થાય છે.

તેના પછીના સમયે કર્મોના બન્ધનથી છુટકારો થવા સ્વરૂપ સહકારિ કારણવિશેષથી ઉત્પન્ન થયેલા સ્વભાવવિશેષથી જ અસ્પૃશત્ ગતિ વડે (આજુબાજુના બીજા આકાશપ્રદેશને સ્પર્શ્યા વિનાની જ ગતિ વડે) લોકના અન્તભાગ સુધી આ આત્મા જાય છે.

ત્યાં ગયા છતા પરમ આનંદમય એવા આ ભગવાન્ શાશ્વત કાલ સુધી અર્થાત્ અનંતકાલ સુધી ત્યાં જ રહે છે. આ પ્રમાણે ઉપરોક્ત નીતિ-રીતિ મુજબ આ શાસ્ત્ર મોક્ષજનક હોવાથી આ શાસ્ત્ર ભણવામાં સાંભળવામાં લખવામાં નિરન્તર ઉદ્યમ કરવો.

અભ્યાસમાં નિરંતર ઉદ્યમ કરીને યથાશક્તિ સંયમમાર્ગમાં વર્તવા ઉદ્યમ કરવો. ત્યાં જયણા રાખવાપૂર્વક સંયમી જીવન પાળવામાં ઉદ્યમ કરતા એવા જીવ વડે યથાયોગ્ય

ઉપાયોનો આશ્રય લઈને પણ સંક્લિષ્ટ અધ્યવસાયોનો પરિહાર કરવા અવશ્ય પ્રયત્ન કરવો. ગ્રંથકારશ્રીનું કહેવાનું તાત્પર્ય આમ છે. ॥ ૫૫ ॥

હવે ગ્રંથકાર મહર્ષિ પોતાનામાં ઉદ્ધતાઈ નથી. માત્ર સરળતા જ છે. એમ જણાવતા આ પ્રકરણના અર્થચિંતનમાં બહુશ્રુત પુરુષોને પ્રાર્થના કરતા તથા આ પ્રકરણમાં ઉપાદેયતા બુદ્ધિ લાવવા માટે પરંપરાએ આ વિષય સર્વજ્ઞમૂલક છે. એમ જણાવતાં કહે છે કે :-

**इय कम्मप्पयडीओ, जहासुयं णीयमप्पमइणा वि ।**
**सोहिय णाभोगकयं, कहंतु वरदिट्ठिवायन्नू ॥ ५६ ॥**

**ગાથાર્થ :** આ પ્રમાણે કર્મપ્રકૃતિ (કમ્મપયડિ) નામનો આ મહાગ્રંથ અલ્પમતિવાળા એવા મારા વડે વડીલો પાસેથી જેવું સંભળાયું છે તેવો રચાયો છે. તેમાં અનાભોગ પણે જે કંઈ અશુદ્ધ કહેવાઈ ગયું હોય તેને શ્રેષ્ઠ એવા દૃષ્ટિવાદના જાણકાર મહાપુરુષો સુધારીને (મારી ભૂલચુક દૂર કરીને) કહેજો. અર્થાત્ આ ગ્રંથ પ્રસારિત કરજો. ॥ ૫૬ ॥

**વિવેચન :** ઉપર કહ્યા પ્રમાણે અલ્પ મતિવાળા એવા પણ મારા વડે ગુરુજીના ચરણકમળની ઉપાસના કરતાં કરતાં જે કંઈ સંભળાયું છે પ્રાપ્ત કરાયું છે. તે રીતે દૃષ્ટિ વાદના એક અંશભૂત એવાં જે ચૌદ પૂર્વો છે. તેમાં રહેલું એવું, તથા અનેક વસ્તુઓના વર્ણનથી યુક્ત એવા અગ્રાયણી નામના બીજા પૂર્વમાં રહેલી વીશ પ્રાભૃતોના પરિમાણવાળી જે પાંચમી વસ્તુ છે. તેના એક અંશભૂત ચોવીશ અનુયોગ દ્વારમય એવું કર્મપ્રકૃતિ નામનું ચોથુ પ્રાભૃત જે છે. તેમાંથી આ પ્રકરણ લેવાયું છે. રચના કરાઈ છે.

તે રચનામાં જે કંઈ મારા વડે સ્ખલના થઈ હોય અનાભોગ દશાથી શાસ્ત્રથી વિરૂદ્ધ લખાઈ ગયું હોય. જોકે આ લખતી વખતે ઘણો ઉપયોગ રાખીને આ પ્રયત્ન કર્યો છે. છતાં છદ્મસ્થ આત્મામાં કર્મોનાં આવરણો હોવાથી અનાભોગ દશાનો સંભવ હોવાથી સ્ખલના થવાનો સંભવ છે. તો તે ક્ષતિઓને સુધારીને અર્થાત્ ક્ષતિઓને દૂર કરીને જે મહાત્માઓ વિકસેલી બુદ્ધિના અતિશયવાળા છે. તથા દૃષ્ટિવાદને જાણનારા છે. તે મહાત્માઓ મારા ઉપર કૃપા કરીને આગમશાસ્ત્રોને અનુસરનારૂં બીજું પદ પ્રક્ષિપ્ત કરીને (અર્થાત્ સુધારીને) જેમકે "અહીં આમ કહેવું તે સમ્યગ્ છે અને આમ કહેવું તે મિથ્યા છે" એમ સુધારજો.

પરંતુ સુધારવાની ઉપેક્ષા કરવા રૂપ અપ્રસાદ અપ્રસન્નતા અર્થાત્ નાખુશીભાવ તે મહાત્માઓએ કરવો નહીં. પરંતુ સુધારો કરવાનો પ્રયત્ન કરજો તો જ મારા ઉપર કરૂણા કરી કહેવાશે.

અહીં શાસ્ત્રની આદિમાં નિર્વિઘ્ને ગ્રંથની સમાપ્તિ થાય તેટલા માટે મંગલાચરણ અવશ્ય કરાય છે. તથા મધ્ય ભાગમાં શિષ્ય અને પ્રશિષ્ય આદિની પરંપરામાં આગમોના અભ્યાસની સ્થિરતા માટે અને કોઈક બીજા આચાર્યો કહે છે કે ભાવિમાં આવવાના સંભવવાળાં વિઘ્નો દૂર કરવા માટે મધ્યમાં મંગલ અવશ્ય કરાય છે.

તથા અન્તભાગમાં આ ગ્રંથ શિષ્ય-પ્રશિષ્યાદિ વડે આ ગ્રંથ નિરંતર અવધારણ કરાતો છતો તેમના ચિત્તમાં સારી રીતે સુપ્રતિષ્ઠિત થાય તેટલા માટે, તથા બીજા કેટલાક આચાર્યો કહે છે કે આ ગ્રંથ સતત અભ્યાસ કરાતો જ રહે ક્યારેય તેનો વિચ્છેદ ન થાય તેટલા માટે, અન્તિમ મંગલ અવશ્ય કરવું જોઈએ.

ત્યાં આદિમંગલ "सिद्धं सिद्धत्थसुयं" ઇત્યાદિ પદોથી કર્યું છે. તથા મધ્યમંગલ "अकरणअणुइन्नाऐ अणुयोगधरे पणिवयामि" આ પદ વડે કરવામાં આવ્યું છે. એટલે હવે અન્તિમમંગલ માત્ર બાકી છે. તે અન્તિમમંગલ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે :-

**जस्स वरसासणावयवफरिस, पविकसिय विमलमइकिरणा ।**
**विमलेंति कम्ममइले सो मे सरणं महावीरो ॥ ५७ ॥**

**ગાથાર્થ :** જે મહાવીરસ્વામીના શ્રેષ્ઠ શાસનના અંશોનો સ્પર્શ માત્ર થવાથી અત્યન્ત વિકસિત થયાં છે નિર્મળ બુદ્ધિનાં કિરણો જેનાં એવા મહાત્મા પુરુષો કર્મોથી મલીન થયેલા જીવોને નિર્મળ કરે છે. તે મહાવીરસ્વામી પરમાત્મા મને સદાકાળ શરણ રૂપે હોજો. ॥ ૫૭ ॥

**વિવેચન :** જે મહાવીરસ્વામી પરમાત્માનું અનુત્તર અર્થાત્ અનુપમ-સર્વોત્તમ એવું જે આ શાસન છે તે ઉદયાચલ પર્વતના શિખર તુલ્ય છે તેનો સ્પર્શ માત્ર થવાથી પ્રકર્ષે કરીને વિકસિત થયો છે સમ્યગ્બોધ જે મહાત્માઓને, તે સમ્યગ્ બોધ પામેલા નિર્મળ આત્માઓ, કે જે આત્માઓ મિથ્યાત્વ રૂપી અંધકારના મેલથી રહિત બન્યા છે.

ઉદ્‌બોધને પામેલાં અર્થાત્ વિકસ્વર થયેલાં, તથા નિર્મળ એવાં એટલે કે મિથ્યાત્વ મોહરૂપી અંધકારના મેલથી રહિત એવાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન રૂપી કિરણો છે જેનાં એવો જ્ઞાનરૂપી સૂર્ય, કર્મથી મલીન થયેલા જીવોને નિર્મળ કરે છે. અવિદ્યારૂપી રાત્રિનો વિનાશ કરવા દ્વારા સ્ફુટ એવા પ્રકાશને કરે છે તે ભગવાન્ મહાવીરસ્વામી પોતાના જણાવેલા શાસનના અવયવોના સ્પર્શમાત્રથી પણ લોકોમાં અનંતજ્ઞાન રૂપી સૂર્યોદયની ઉત્પાદકતા વડે અચિન્ત્ય અતિશયવાળા છે એવા પરમબ્રહ્મસ્વરૂપ આ પરમાત્મા સંસારસાગરથી ભયભીત થયેલા એવા મને રક્ષણ આપવામાં હેતુભૂત થજો, અર્થાત્ એવા તે ભગવાન મહાવીરસ્વામી શરણ સ્વરૂપ હોજો.

• • •

## હવે ટીકાકારશ્રીની બનાવેલી પ્રશસ્તિ

सात्वा कर्मप्रपञ्चं, निखिलतनुभृतां, दुःखसंदोहबीजं,
तद्विध्वंसाय, रत्नत्रयमयसमयं, यो हितार्थी दिदेश ।
अन्तः सङ्क्रान्तविश्वव्यतिकर, विलसत् केवलैकात्मदर्शः,
स श्रीमान् विश्वरूपः, प्रतिहतकुमतः, पातु वो वर्धमानः ॥ १ ॥

**અર્થ** :- સર્વે પણ સંસારી જીવોના દુઃખ સમૂહના બીજભૂત એવા કર્મપ્રપંચને સારી રીતે જાણીને તેનો વિનાશ કરવા માટે ત્રણ રત્નમય એવું શાસ્ત્ર જે હિતકારી મહાત્માએ જણાવ્યું છે એવા, તથા અંદર સંક્રમિત થયેલી એવી સમસ્ત વિશ્વની બાબતોને પ્રકાશિત કરતું એવું કેવળજ્ઞાનમય આત્મારૂપી દર્પણ છે જેને એવા તે વિશ્વમય (વિશ્વને જાણનારા) એવા તથા હણી નાખ્યા છે સર્વ કુમતો જેણે એવા તે મહાવીરસ્વામી પ્રભુ અમને તમને પવિત્ર કરો. (સર્વને શરણરૂપ હો.)

सूरिश्रीविजयादिदेवसुगुरोः पट्टाम्बराहर्मणौ,
सूरिश्रीविजयादिसिंहसुगुरौ शक्रासने भेजुषि ।
सूरिश्रीविजयप्रमे श्रितवति प्राज्यं च राज्यं कृतो,
ग्रन्थोऽयं वितनोतु कोविदकुले मोदं विनोदं तथा ॥२॥

**અર્થ** :- વિજય શબ્દ છે આદિમાં જેને એવા સૂરીશ્વરજી શ્રી દેવસૂરિજી સુગુરુની (અર્થાત્ સૂરીશ્વરજી શ્રી વિજયદેવસૂરિજી મહારાજ સાહેબ નામના સુગુરુની) પાટરૂપી આકાશમાં સૂર્ય સમાન એવા શ્રી વિજય સિંહસૂરીશ્વરજી સુગુરુજી સિંહાસન ઉપર શોભાયમાન હોતે છતે, તેમની પાટે શ્રી વિજયપ્રભસૂરીશ્વરજી મ.સાહેબ વિશાળ રાજ્ય ઉપર બીરાજમાન હોતે છતે આ ગ્રંથની (કર્મપ્રકૃતિ ઉપર સંસ્કૃત ટીકાગ્રંથની) રચના કરવામાં આવી છે. તે ટીકા પંડિતોના સમૂહમાં આનંદ પ્રમોદને કરનારી થાઓ.

सूरिश्रीगुरुहीरशिष्यपरिषत्कोटीरहीरप्रभाः,
कल्याणाद्विजयाभिधाः समभवँस्तेजस्विनो वाचकाः ।
तेषामन्तिषदश्चलाभविजयप्राज्ञोत्तमाः,
शाब्दिकश्रेणिकीर्तित कार्तिकी विधिरुचि प्रस्पर्द्धिकीर्ति प्रथाः ॥ ३ ॥

**અર્થ :-** આચાર્ય શ્રી હીરસૂરીશ્વરજી મહારાજ સાહેબની શિષ્ય પર્ષદામાં હીરાના જેવી કાન્તિવાળા, કલ્યાણવિજયજી છે નામ જેમનું એવા તેજસ્વી ઉપાધ્યાયજી મહારાજશ્રી થયા. તેઓશ્રીના શિષ્ય શ્રી લાભવિજયજી નામના મોટા પંડિત મહારાજશ્રી થયા. કે જેઓ વૈયાકરણીઓની પંક્તિ વડે ગવાઈ છે. બૃહસ્પતિની સાથે સ્પર્ધા કરતી યશોગાથા જેની એવા લાભવિજયજી મહારાજશ્રી થયા.

**तच्छिष्याः स्म भवन्ति जीतविजयाः सौभाग्यभाजो बुधा,**
**भ्राजन्ते सनया नयादिविजयास्तेषां सतीर्थ्या बुधाः ।**
**तत्पादाम्बुजभृङ्गपद्मविजयप्राज्ञानुजन्मा बुध,**
**स्तत्त्वं किञ्चिदिदं यशोविजय इत्याख्याभृदाख्यातवान् ॥ ४ ॥**

**ગાથાર્થ :-** તે લાભવિજયજીના શિષ્ય સૌભાગ્યશાળી અને પંડિત એવા શ્રી જિતવિજયજી મહારાજશ્રી થયા. તે જિતવિજયજી મહારાજશ્રીના સમાન અધિકારવાળા પંડિત એવા શ્રી નયવિજયજી મહારાજશ્રી થયા. તે પૂજ્ય નયવિજયજીના ચરણકમળમાં ભમરાતુલ્ય શ્રી પદ્મવિજયજી તથા તેઓશ્રીના લઘુબંધુ એવા શ્રી યશોવિજયજી આવા નામને ધારણ કરનારા મહારાજશ્રીએ આ કંઈક તત્ત્વ સમજાવ્યું છે. અર્થાત્ આ સંસ્કૃત ટીકા પૂજ્ય યશોવિજયજી વાચકની બનાવેલી છે.

**इदं हि शास्त्रं श्रुतकेवलि स्फुटाधिगम्य पूर्वोद्धृतभावपावनम् ।**
**ममेह धीर्वामनयष्टिवद् ययौ, तथापि शक्यैव विभोरियद्भुवम् ॥ ५ ॥**

**ગાથાર્થ :-** પૂર્વોમાંથી ઉદ્ધૃત કરાયેલા ભાવોથી પવિત્ર બનેલું **'કર્મપ્રકૃતિ'** નામનું આ શાસ્ત્ર શ્રુતકેવલિ ભગવંતો પાસેથી સ્પષ્ટ રીતે જાણીને મારી આ બુદ્ધિ આ શાસ્ત્રમાં ઘરડા પુરુષની લાકડીની જેમ (ઠપ-ઠપ થતી) ચાલી છે. તો પણ પરમાત્માની કૃપા વડે જ અહીં સુધી આ બુદ્ધિ પહોંચી છે.

**प्राक्तनार्थ लिखनाद् वितन्वतो ।**
**नेह कश्चिदधिको मम श्रमः ॥**
**वीतरागवचनानुरागतः ।**
**पुष्टमेव सुकृतं तथाप्यतः ॥ ६ ॥**

**ગાથાર્થ :-** પૂર્વના પુરુષોએ કહેલા એ અર્થનું આલેખન કરવાપૂર્વક વધારે વિસ્તાર કરતાં મને અહીં કોઈ અધિક પરિશ્રમ કરવો પડ્યો નથી તો પણ વીતરાગ પરમાત્માના વચનો ઉપરના અનુરાગથી આ ટીકા રચવાથી મેં મારા સુકૃતને જ પુષ્ટ કર્યું છે. ૬.

આ પ્રમાણે કાશીના વિદ્વાન પંડિતોમાં વિજય પ્રાપ્ત થવાથી મેળવ્યું છે
ન્યાય વિશારદનું પદ જેઓએ એવા, તથા અદ્‌ભુત–અપૂર્વ એવા
સો ગ્રંથોની રચના કરવાના પ્રભાવથી વિસ્તાર પામ્યું છે
ન્યાયાચાર્ય પદ જેમનું એવા પદને ધારણ કરનારા
શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય મુનિ વડે
રચાયેલી આ કર્મપ્રકૃતિની સંસ્કૃત
ટીકા સમાપ્ત થઈ.

વિક્રમ સંવત
૨૦૭૩

# ગ્રંથ સમાપ્ત

ઇસ્વીસન
૨૦૧૬-૨૦૧૭

વીર સંવત
૨૫૪૩





श्रीमद्पूज्यस्य वाचा, कथनगुणगणैः ।
सम्भृता दीप्यमाना ।
सूक्ष्मार्थैरुत्प्रगाढा, विविधनययुता ।
सर्वनिक्षेपदृप्ता ॥
अध्यात्मानन्दपूता, मुनिजनविधृता ।
नैकगम्भीरभावा ।
सैषा विद्वद्मनोज्ञा, नयविजयशिशोः ।
श्रीयशोदायिन्येषा ॥

ભાવાર્થ : પરમ પૂજ્ય શ્રી શિવશર્મસૂરીશ્વરજી કૃત "કમ્મપયડિ" નામના ગ્રંથ ઉપર બનાવેલી પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સાહેબની સંસ્કૃત ટીકા કેવી છે ? તેનું યત્કિંચિત્ વર્ણન આ શ્લોકમાં છે.

(૧) કથન કરવાના ઘણા ગુણોના સમૂહથી ભરપૂર ભરેલી, (૨) દેદીપ્યમાન, (૩) સૂક્ષ્મ-સૂક્ષ્મ અર્થોથી ઉંડા વિષયવાળી, (૪) અનેક પ્રકારના નયોથી ભરપૂર ભરેલી, (૫) અધ્યાત્મદશાના આનંદને આપવાથી અતિશય પવિત્ર બનેલી, (૬) મહાત્મા એવા મુનિપુરુષો વડે વારંવાર ધારણ કરાયેલી અર્થાત્ વાંચનમાં લેવાયેલી, અને (૭) વિદ્વાન પુરુષોના મનને હરણ કરનારી (મનને ખૂબ જ ગમી જનારી) એવી આ પૂજ્ય નયવિજયજી મહારાજશ્રીના શિષ્ય એવા શ્રીમદ્ અને પૂજ્ય એવા વિશેષણોવાળા ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજીની મહારાજશ્રીની બનાવેલી આ સંસ્કૃત ટીકાનું ખરેખર (પઠન-પાઠન કરવાથી) વાસ્તવિક યશને આપનારી બને તેવી છે. માટે હૃદય પરોવીને આ ગ્રંથનો ખૂબ જ અભ્યાસ કરજો એવી હાર્દિક-આશા સાથે આ ગુજરાતી વિવેચન શ્રી સંઘના કરકમલમાં ઘણાં જ અહોભાવ સાથે સમર્પિત કરું છું.

આવા ગ્રન્થો બનાવનારા મહાત્મા,
પુરુષોને વારંવાર નમસ્કાર

એ જ આશા
દ. ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

BHARAT GRAPHICS - Ahmedabad-1
Ph. : 079-22134176, M : 9925020106